Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# ગુરુકહાન-દૃષ્ટિમહાન



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

## ભાગ–૧

પ્રસ્તુતકર્તા :

શ્રીમતી મંછાબેન જયંતિભાઈ ભાયાણી
શ્રીમતી દિપ્તી ભાયાણી મેમોરિયલ ટ્રસ્ટ
સોનગઢ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

सर्वज्ञ वीतरागाय नमः।

# ગુરુ કહાન : દ્રષ્ટિ મહાન

## (ભાગ–૧)

**આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદ્રષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**

-: સંકલનકાર :-
જિતુભાઈ નાગરદાસ મોદી
(ગુજરાતી આત્મધર્મ–સંપાદક)
પ્રશમ જિતુભાઈ મોદી

-: પ્રકાશક :-
**શ્રીમતી મંછાબેન જયંતિભાઈ ભાયાણી**
**શ્રીમતી દિપ્તી ભાયાણી મેમોરીયલ ટ્રસ્ટ, સોનગઢ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

પ્રથમ આવૃત્તિ : પ્રત : ૧૦૦૦

વિ.સં. ૨૦૬૬ | વીર સં. ૨૫૩૬ | ઈ.સ. ૨૦૦૯

**–: પ્રકાશન તિથિ :–**

માગશર વદ-૮ : શ્રી કુંદકુંદાચાર્યદેવ આચાર્યપદવી દિન

માગશર વદ-૧૪ : સ્વ. શ્રી જયંતિલાલ મણિલાલ ભાયાણીનો જન્મદિન

## પ્રાપ્તિસ્થાન :

(૧) **શ્રી જયસુખ ભાયાણી**
ચાર બંગલા, દિગંબર મંદિરની બાજુમાં
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
**મો.નં. : ૦૯૩૨૮૨ ૮૨૮૮૦**

(૨) **શ્રી જિતુભાઈ મોદી**
'ક્રમબદ્ધ નિવાસ'
૪૫, કહાન નગર સોસાયટી
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
**મો. નં. : ૦૯૬૬૨૫૨૪૪૬૧**

(૩) **શ્રી સીમંધર કુંદકુંદકહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ, 'સ્વરુચિ', સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
**રાજકોટ-૩૬૦૦૦૫**
**ટે.નં. : ૦૨૮૧-૨૪૭૯૭૨૮**
**મો. નં. : ૦૯૩૭૪૦૦૫૦૮**

(૪) **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ,
વીલેપાર્લે (વેસ્ટ),
**મુંબઈ-૪૭૦૦૫૬**
**ટે.નં. : (૦૨૨)૨૬૧૩૦૮૨૦, ૬૧૦૪૯૧૨**

(૫) **શ્રી દિપેન ભાયાણી**
૪૦૨, યશ કમલ,
સ્ટેશન રોડ,
**વડોદરા-૫**
**ટે.નં. : ૦૨૬૫-૨૩૬૨૮૨૩**

(૬) **ઉર્વિર ભાયાણી**
૨nd ફ્લોર, ઓલ્ડ ચંદ્રોદય બિલ્ડીંગ,
ભાવેશ્વર લેન,
**ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ-૭૭**
**ટે.નં. : ૦૨૨-૨૫૧૬૪૨૭૮**


## મૂલ્ય : સ્વાધ્યાય

ટાઈપ સેટીંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪-બી, શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
**ભાવનગર**
**ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯**

મુદ્રક :
**સ્મૃતિ ઑફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**ફોન (૦૨૮૪૬) ૨૪૪૦૮૧**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ૐ

સહજ ચિદાનંદ.

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈન-
જગતપ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો
છે; જેઓની શીતળ છત્રછાયામાં જીવન
વીતાવવાનું પરમ સૌભાગ્ય અમારા
પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ
કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ચૂંટેલા ૨૫ પ્રવચનોનાં
સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'
ભાગ-૧ અર્પણ કરતાં અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

–પ્રકાશક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જો કોઈ થયા હોય તો તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી જ પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી---એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતા હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઈત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે. કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેનાં બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું ઘોલન, ચિંતન ને શ્રવણ કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૦૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં (જાન્યુઆરી ૨૦૧૦ સુધીમાં) પ્રસિદ્ધ કરીને મુમુક્ષુજગત ઉપર પરમ ઉપકાર કર્યો છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૦૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગૃત થતાં અમોએ ભાગ-૧ અને ભાગ-૨ પ્રસિદ્ધ કરી જેનું શ્રવણપાન કરતાં ગુરુભક્તોએ ધ્યાન દોર્યું કે સીડી-પ્રવચનનું શ્રવણ કરતી વખતે એ હાથમાં અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક હોય તો પ્રવચનોનો ભાવ વિશેષરૂપે સમજવા સરળ બને. તેથી અમોએ ગુરુભક્તોની ભાવના સાકાર કરવાનો નિર્ણય કર્યો અને તેને સફળ કરવા શ્રી જયસુખભાઈ ભાયાણીએ પ્રમોદ બતાવતાં આજે આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્યજીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણાં કરતાં અંદરથી ઉછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ.

**—સંકલનકાર**

❀

please inform us of any errors on rajesh@AtmaDharma.com


Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# અનુક્રમણિકા


| ક્રમ | શાસ્ત્ર | ગાથા | તારીખ | પાના નં. |
|---|---|---|---|---|
| ૧. | શ્રી નિયમસાર | ૧૧૦ | ૩-૨-૧૯૮૦ | ૧-૧૧ |
| ૨. | શ્રી પ્રવચનસાર | ૧૬ | ૧૮-૧-૧૯૭૯ | ૧૨-૨૫ |
| ૩. | શ્રી સમયસાર | ૧૮૧-૧૮૩ | ૨-૭-૧૯૬૭ | ૨૬-૪૦ |
| ૪. | શ્રી બોધપાહુડ | ૧૦-૧૩ | ૩-૮-૧૯૭૦ | ૪૧-૫૩ |
| ૫. | શ્રી સમયસાર | ૧૯ | ૨૦-૧૦-૧૯૬૬ | ૫૪-૫૮ |
| ૬. | શ્રી પરમાત્મપ્રકાશ | ૪૯-૫૧ | ૧૨-૭-૧૯૭૬ | ૬૯-૮૦ |
| ૭. | શ્રી પરમાત્મપ્રકાશ | ૬૮ | ૨૮-૭-૧૯૭૬ | ૮૧-૯૧ |
| ૮. | શ્રી નિયમસાર શ્લોક | ૭૧ | ૨૬-૮-૧૯૮૦ | ૯૨-૧૦૧ |
| ૯. | શ્રી નિયમસાર | ૫૦ | ૧-૯-૧૯૮૦ | ૧૦૨-૧૧૧ |
| ૧૦. | શ્રી નિયમસાર | ૪૧ | ૯-૯-૧૯૬૬ | ૧૧૨-૧૨૭ |
| ૧૧. | શ્રી નિયમસાર | ૪૧ | ૧૧-૯-૧૯૬૬ | ૧૨૮-૧૪૪ |
| ૧૨. | શ્રી વચનામૃત | ૧૦૫ | ૧૪-૭-૧૯૭૮ | ૧૪૫-૧૫૭ |
| ૧૩. | શ્રી પ્રવચનસાર | ૧૧૪ | ૧૦-૭-૧૯૭૯ | ૧૫૮-૧૬૮ |
| ૧૪. | શ્રી પ્રવચનસાર | ૧૧૪ | ૧૧-૭-૧૯૭૯ | ૧૬૯-૧૭૯ |
| ૧૫. | શ્રી કળશટીકા | ૧૯૨ | ૨૪-૧-૧૯૭૮ | ૧૮૦-૧૮૯ |
| ૧૬. | શ્રી સમયસાર શ્લોક | ૨૭૧ | ૨૫-૬-૧૯૬૮ | ૧૯૦-૨૦૩ |
| ૧૭. | શ્રી સમયસાર | ૭૫ | ૧-૮-૧૯૬૮ | ૨૦૪-૨૧૭ |
| ૧૮. | શ્રી સમયસાર | ૨૯૪ | ૬-૧૨-૧૯૭૯ | ૨૧૮-૨૨૮ |
| ૧૯. | શ્રી સમયસાર | ૩૨૦ | ૮-૨-૧૯૮૦ | ૨૨૯-૨૩૯ |
| ૨૦. | શ્રી સમયસાર | ૧૦૯-૧૧૨ | ૨-૩-૧૯૭૯ | ૨૪૦-૨૫૪ |
| ૨૧. | શ્રી સમયસાર | ૧૭-૧૮ | ૬-૯-૧૯૭૮ | ૨૫૫-૨૬૪ |
| ૨૨. | શ્રી સમયસાર | ૬ | ૩૦-૬-૧૯૭૮ | ૨૬૫-૨૭૬ |
| ૨૩. | શ્રી સમયસાર | ૬ | ૧-૭-૧૯૭૮ | ૨૭૭-૨૮૮ |
| ૨૪. | શ્રી સમયસાર | ૧૩ | ૨૭-૯-૬૬ | ૨૮૯-૩૦૪ |
| ૨૫. | શ્રી સમયસાર | ૭૨ | ૨૬-૯-૬૬ | ૩૦૫-૩૨૦ |


please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અધ્યાત્મમૂર્તિ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# શ્રી સમયસારજી–સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

શ્રી પરમાત્મને નમઃ

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

## ( અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો )

(ભાગ–૧)

### શ્રી નિયમસાર, ગાથા–૧૧૦, પ્રવચન નં. ૧૨૩

તા. ૦૩-૦૨-૧૯૮૦

[૧]

'નિયમસાર' ૧૧૦ ગાથા. અહીં સુધી આવ્યું છે. **'નિત્ય નિગોદના જીવોને પણ..'** શું કહે છે ? આ આત્માનો જે પંચમ પરમભાવ વસ્તુ તરીકે સત્તા તરીકે અસ્તિત્ત્વ તરીકે જે સત્ છે એ **'નિત્ય નિગોદના જીવોને પણ શુદ્ધનિશ્ચયનયથી તે પરમભાવ 'અભવ્યત્વપારિણામિક' એવા નામ સહિત નથી...'** એટલે એનો પરિણામ ન પરિણમી શકે શુદ્ધ સ્વભાવને ન પરિણમી શકે એવું એને નથી. અભવ્ય જીવને વસ્તુ છે પણ એને આશ્રય નથી તેથી તે તેને લાયક નથી. એમ અહીં નિગોદના જીવને લાયક નથી એમ નહિ, એમ કહે છે. નિગોદના જીવમાં પણ... આહા..હા..! એ લસણ ને ડુંગળી, એની એક રાય જેટલી કટકી લ્યો તો અસંખ્ય તો શરીર છે અને એક એક જીવને તૈજસ, કાર્મણ શરીર છે. એવા એક અંગૂલના અસંખ્ય ભાગમાં અનંત આત્માઓ (રહે છે) પણ એ આત્માનું જે સત્ત્વ દળ છે એ તો નિત્ય નિગોદના જીવને પણ શુદ્ધ જ છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'નિત્યનિગોદના જીવોને પણ...'** એમ. પ્રગટ થયું છે એને તો ઠીક પણ **'નિત્યનિગોદના જીવોને પણ શુદ્ધનિશ્ચયનયથી તે પરમભાવ 'અભવ્યત્વપારિણામિક' એવા નામ સહિત નથી...'** શુદ્ધ છે. આહા..હા..! એ આનંદ ને પરમાત્મ સ્વરૂપે શુદ્ધ જ છે અને તે પરમાત્મ સ્વરૂપે પરિણમી શકે એમ છે. નિત્યનિગોદના જીવમાં પણ એવી શક્તિ છે. એ અભવિ પરિણમી શકતા નથી એવા એ નથી, એમ કહે છે. આહા..હા..!

વસ્તુ છે ને ! અંતરમાં ચૈતન્ય સત્‌નું સત્ત્વ, એનું તત્ત્વ જે છે એ તો જ્ઞાયકપણાનું અનંત ગુણનું પૂર્ણ રૂપ છે. એ પોતે સ્વતઃ પણે સ્વયં અંતરમાં સ્વભાવપણે પરિણમી શકવાની નિત્ય નિગોદના જીવને પણ તાકાત છે. આહા..હા..! ભલે એ ટાણે ન કરી શકે પણ એનામાં તાકાત છે. નિત્યનિગોદનો જીવ (ત્યાંથી) નીકળીને પણ માણસ થઈને પરમ પારિણામિક સ્વભાવનો અનુભવ કરી અંતર્મુહૂર્તમાં મુક્તિને પામે. આહા..હા..!

**'અભવ્યત્વપારિણામિક - એવા નામ સહિત નથી..'** આહા..હા..! એથી આમ કહ્યું, અભવ્ય જીવનો તો જીવ શુદ્ધપણે વસ્તુ તો છે પણ એ પરિણમવાને યોગ્ય નથી. પૂર્ણ જેવું સ્વરૂપ છે તેવું થવાને લાયક એ નથી, એમ નિત્યનિગોદમાં નથી. આહા..હા..! ભલે નિત્યનિગોદમાં અત્યાર સુધી ત્રસ થયો નથી પણ એ જીવમાં એવી તાકાત છે કે પરિણમી શકે એવી તાકાત છે. વસ્તુ તો છે પણ તે શુદ્ધ પરિણમી શકે તેવી લાયકાતવાળા નિગોદના–નિત્યનિગોદના જીવો પણ છે. આહા..હા..! છે ?

**'શુદ્ધપણે જ છે.'** આહા..હા..હા..! જેનું સત્ત્વ ચૈતન્ય એ શુદ્ધ જ છે. ભલે નિત્યનિગોદમાં હોય, ત્રસપણું પામ્યા પણ ન હોય પણ એની વસ્તુ તો શુદ્ધ પવિત્ર આનંદકંદ અને પરિણમવાને યોગ્ય છે. આહા..હા..હા..! ત્યાંથી નીકળીને અંતર્મુહૂર્તે મનુષ્ય થાય, નિગોદથી (નીકળી) ભલે એકાદ ભવ કરે પછી મનુષ્ય થાય. એ આઠ વર્ષે શુદ્ધ સ્વરૂપનું પરિણમન કરીને મુક્તિ પણ પામે. આહા..હા..હા..! એવી એનામાં તાકાત છે. નિત્યનિગોદ જેમાં ત્રસપણું હજી પામ્યા નથી એવા જીવોમાં પણ એવી તાકાત છે કે એ મનુષ્ય એકાદ ભવ વચ્ચે કરે અને મનુષ્ય થાય તો આઠ વર્ષે, આહા..હા..હા..! નિગોદનો અનાદિ શાંત ભાવ કરી અને સિદ્ધનો સાદિ અનંત ભાવ પ્રગટ કરી શકે છે. આહા..હા..હા..!

ત્યાં ભાષા કામ ન કરે. ત્યાં ભાવની સામર્થ્યની બલિહારી છે. એ વાત અંદર બેસવી (જોઈએ). આહા..હા..! જ્ઞાનમાં એ વાત આવ્યા વિના બેસે નહિ. અહીંયા તો નિગોદના જીવની તાકાત એવી છે એટલી વાત કરે છે પણ ઇ બેસે કોને ? જેને એ ચૈતન્યમૂર્તિ ભગવાન પરમેશ્વર સ્વરૂપે બિરાજમાન (છે) એની અંદરની દૃષ્ટિ થઈ, સત્‌ના સત્ત્વને અનુભવ્યું, અનુભવમાં આવ્યું કે આ તો પૂર્ણ આનંદનો ઘન છે, એ જીવને પરિણમવાની જેમ તાકાત છે એમ નિગોદના જીવને પણ એ રીતે પરિણમવાની તાકાત છે. આહા..હા..!

**'જેમ...'** (કહીને) દૃષ્ટાંત આપે છે. આ પંચમ આરાના મુનિ પંચમ આરાના જીવને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સંબોધે છે. આહા..હા..! આવડી મોટી વાત પંચમ આરામાં કરાય કે નહિ ? કરાય નહિ શું કરી શકે છે. પંચમ આરાનો જીવ પણ નિગોદથી નીકળીને અંતર્મુહૂર્તમાં આઠ વર્ષે અંતર્મુહૂર્તે આત્મજ્ઞાન પામીને સર્વજ્ઞ થઈ શકે છે. ભરોસો જોઈએ ને ! વિશ્વાસે વહાણ ચાલે ને ?

વિશ્વાસ, રુચિ-દૃષ્ટિ પરિણમનમાં એને બેસવું જોઈએ કે આ તો પ્રભુ આખું શુદ્ધ સત્ત્વ છે, પૂર્ણ આનંદ છે. એમાં અશુદ્ધતા તો નથી પણ અપૂર્ણતા નથી ! અશુદ્ધતા તો નથી પણ અપૂર્ણતા પણ નથી. એવા નિગોદના, નિત્યનિગોદના જીવ છે. આહા..હા..હા..! તોપછી તું ત્યાંથી નીકળીને અહીંયા આવ્યો છો ને ! એમ કહે છે. આહા..! તું અહીં સુધી આવ્યો. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો એમ કહ્યું કે 'સબ અવસર આ ગયા હૈ.' આવ્યું છે ને ? મનુષ્યપણું પામ્યો, જૈન વાણી પંચમ પરમભાવની તને કાને પડી અને ક્રમબદ્ધ (અર્થાત્) દ્રવ્યનો પર્યાયસ્વભાવ ક્રમબદ્ધ (છે) તેનો નિર્ણય થવાનો જ્ઞાયકભાવ તરફનો આશ્રય થવાની લાયકાત તારામાં છે. ઇ પંચમ આરો એને કંઈ નડતો નથી. આહા..હા..!

**'જેમ મેરુના અધોભાગમાં રહેલા સુવર્ણરાશિને પણ...'** મેરુ પર્વતની નીચે એકલું સોનું ભરેલું છે. આહા..હા..! લાખ જોજનનો મેરુ પર્વત છે તેની નીચે અનાદિથી એકલું સોનું ભર્યું છે. મેરુ પર્વતનો જે અંદર નીચલો ભાગ એકલો સોનાથી ભરેલો છે. અનાદિથી, હોં ! આહા..! એ મેરુ પર્વતના અધોભાગમાં રહેલા સુવર્ણરાશિ (એટલે કે) શુદ્ધ સુવર્ણના ઢગલાને **'પણ સુવર્ણપણું છે.'** એને પણ **'સુવર્ણપણું છે, તેમ અભવ્યોને પણ પરમસ્વભાવપણું છે;...'** અભવ્યને પરમસ્વભાવપણું તો છે; **'તે વસ્તુનિષ્ઠ છે,...'** તે વસ્તુમાં રહેલી જ એની યોગ્યતા છે. મેરુ પર્વતનું સોનું બહાર લાવીને વેપારમાં કામ આવે કે ઉપયોગમાં કામ આવે એમ નથી. નીચે સોનાનો ઢગલો પડ્યો છે. મેરુ પર્વત લાખ જોજનનો ઊંચો (છે) એના પ્રમાણે એની પહોળાશ કેટલી ? ત્યાં તો નીચે એકલું સોનું ભર્યું છે. આહા..હા..!

શ્રોતાને એમ કહે છે (કે) તું પરિણમી શકે છો. અભવ્યના જીવ જેવો તું નથી. આહા..હા..! એ તો એવા કોઈક અલ્પ જીવ જ હોય છે. તું અહીંયા આવ્યો, અહીંયા સાંભળે છો, સાંભળવા આવ્યો. આ કાંઈ એકેન્દ્રિયને કહેતાં નથી. છે ? આહા..હા..! ભલે અપ્રતિબુદ્ધ હો, પણ છો તો ભગવાન ! અને ભગવાન થવાને પરિણમનને લાયક જ છો ! ભગવાનપણું પરિણમવાને લાયક જ છો ! આહા..હા..! (અભવ્યને પણ) ભગવાનપણું છે પણ ભગવાનપણું પરિણમાવે લાયક નથી. આંતરો પાડીને વાત કરે છે.

હું તને સંભળાવું છું એ તને હું એમ કહું છું કે નિત્યનિગોદના જીવ પણ અભવ્ય જીવ જેવા નથી. આહા..હા..હા..હા..! તો પ્રભુ તું તો અહીંયા આવ્યો, અહીં સુધી આવ્યો, સાંભળ્યું વીતરાગ સ્વરૂપની વાત તને કાને પડી-વાણી કાને પડી તો કહીએ છીએ કે તારો આત્મા શુદ્ધપણે પરિણમવાને લાયક છે ! આહા..હા..હા..હા..! પરમાત્મ થવાને લાયક છે ! આહા..! પરમાત્મપણું છે, એવું પરમાત્મપણું પ્રતીતમાં આવે એવો તું છો ! આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– મંગલ આશીર્વાદ આપ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવી વાત જ કરી. પેલી વાત જ નથી. આ પંચમ આરાના સાધુ છે અને પંચમ આરાના શ્રોતાને સંભળાવે છે. આહા..! તું મૂંઝાઈશ નહિ. અભવી જેમ પરિણમી શકે નહિ એમ તું ન પરિણમી શકે એમ છે નહિ. તું અહીં સુધી આવ્યો તે સાંભળ. આહા..હા..હા..હા..! એમ કહે છે, મુનિરાજ એમ કહે છે. ભગવાનને અનુસરીને મુનિરાજ કહે છે, ભગવાનની વાણી પણ એમ કહે છે. એને અનુસરીને એ પોતે કહે છે. અનુસરીને પરિણમ્યા છે, અનુસરીને તું પરિણમીશ એવો તું છો. આહા..હા..! પંચમ આરા ને આવું હલકું પુણ્ય ઓછા ને હલકે ઠેકાણે અવતાર થઈ ગયો ને... (એમ લઈશ) નહિ. આહા..હા..!

પૂર્ણાનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો રસકંદ અતીન્દ્રિય આનંદપણે પરિણમે શકે એવો તું છો. ૩૮ ગાથામાં તો એ કહ્યું છે ને ? (અપ્રતિબુદ્ધ જીવને) ગુરુએ વારંવાર કહ્યું, ન્યાં તો એમ લખેલું છે કે નિરંતર સમજાવતા. નિરંતર સમજાવતા તો ક્યાં નવરા હતા ગુરુ ? (એનો અર્થ) નિરંતર ઘોલન કરતા. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત (થયો) અને તે પણ પ્રાપ્ત થયો કેવું ? - ન પડે એવું. અપ્રતિબુદ્ધ હતો તે પણ પ્રતિબુદ્ધ પામ્યો અને (મોહનો અંકુરો હવે ઉત્પન્ન થવાનો) છે જ નહિ. આહા..હા..હા..હા..! (આ) પંચમ આરાના પ્રાણીનો પોકાર છે. કહેનારનો તો છે પણ શ્રોતા છે, જેણે સાંભળ્યું એનો એ પોકાર છે. આહા..હા..હા..હા..! સમજાય છે કાંઈ ? કહેનાર તો કહે છે પણ તું તેવો થઈ શકે એવો છો. કાળની રાહ ને વાહ જોવાની નથી. આહા..હા..હા..હા..! આવો તને ભગવાન પૂર્ણાનંદનો નાથ કાને પડ્યો પ્રભુ ! એ પરમાત્મા થવાને લાયક જ છો. અભવ્યની જેવો તું નથી. આહા..હા..હા..હા..! આટલું બધું કહી દીધું, અભવી જેવો તું નથી. એ નિત્યનિગોદના જીવો પણ અભવી જેવા નથી. આહા..હા..હા..હા..!

'તારી નજરને આળસે રે નયણે ન નિરખ્યા હરિ...' હરિ એવો જે અજ્ઞાન ને રાગ-દ્વેષ હરનાર પ્રભુ. તારી નજરને આળસે નિધાન રહી ગયું. નિધાન પડ્યું જ છે અને તે પરિણમવાને લાયક તું છો. આહા..હા..હા..! ગજબ વાત કરે છે ! દિગંબર સંતોની વાત ! 'શ્રીમદ્' કહે છે ને ? દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. આના રસનો એવો પોકાર છે, દિગંબર સંતોનો પોકાર છે. આહા..હા..! તું પરિણમવાને લાયક છો એમ કહીએ છીએ. આહા..હા..! પ્રભુ ! તમે સર્વજ્ઞ નથી ને ? અમે અભવ્ય છીએ કે નહિ એ તમને ખબર નથી (અને) તમે એકદમ આવો પોકાર કરો છો ? આહા..હા..! લાયક છો ! પરિણમવાને લાયક છો ! પરિણમી શકે છો ! આહા..હા..! છે ?

**'અભવ્ય જીવો પરમસ્વભાવનો આશ્રય કરવાને અયોગ્ય છે. પણ સુદૃષ્ટોઓને...'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! જેણે દૃષ્ટિમાં ગુંલાટ ખાધી છે, પર્યાયદૃષ્ટિ છૂટી અને ક્રમબદ્ધમાં નિર્ણય કરતાં જ્ઞાયકનો નિર્ણયનો અનુભવ થયો છે. ક્રમબદ્ધનો નિર્ણય કરતાં આ જ્ઞાયકભાવનો અનુભવ થયો છે. આહા..હા..હા..હા..! એવા **'સુદૃષ્ટિઓને-અતિ આસન્નભવ્ય જીવોને...'** લીટી કરીને સુદૃષ્ટિની વ્યાખ્યા કરી. સુદૃષ્ટિ એટલે અતિ આસન્નભવ્ય જીવ. એને અલ્પકાળમાં મુક્તિ છે. આહા..હા..! મોક્ષ તો એને હવે (હાથવેંતમાં) દેખાય. એમ કહે છે એને મોક્ષ તો દેખાય છે, અલ્પકાળમાં મોક્ષ થશે એમ પોકાર છે. આહા..!

'શ્રીમદ્દે' કહ્યું ને ? એ તો ગૃહસ્થાશ્રમમાં હતા, લાખોના વેપાર હતા. અંતરદૃષ્ટિમાંથી આવ્યું છે. 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે,' હજી એક રાગ બાકી લાગે છે. 'પણ તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ.' અમે એકાદ દેહ ધારીને અમારા દેશમાં ચાલ્યા જાશું. રાગના પરદેશમાં હવે અમે નહિ રહીએ. આહા..હા..હા..હા..! રાગના પરદેશમાં (હવે નહિ રહીએ). ઇ વાણી આવી ને ? બેનમાં (-'ચંપાબેન'માં) પણ આવ્યું અને આ (આવ્યું). 'જાશું સ્વરૂપ સ્વદેશ' એનો અર્થ આવ્યો કે પુણ્ય-પાપ છે એ પરદેશ છે, વિભાવ છે, સ્વભાવ નથી, એનો આત્માનો એ પરિવાર નથી. આહા..હા..! આત્માનો પરિવાર તો આનંદ, શાંતિ, સ્વચ્છતા ને પ્રભુતા ને પૂર્ણતા એ પ્રભુની સામગ્રી અથવા પરિવાર છે. એકાદ દેહ ધારણ કરીને એ સ્વદેશમાં (જઈ) અમે પૂર્ણ થવાના છીએ. આહા..હા..હા..હા..! સમજાય છે કાંઈ ? સર્વજ્ઞને મળ્યા નથી. 'કુંદકુંદાચાર્ય' તો સર્વજ્ઞને મળ્યા છે.

આ આત્માનો સર્વજ્ઞ સ્વભાવ (છે). સર્વજ્ઞ સ્વરૂપ જ આત્મા છે. જેને આત્મજ્ઞ કહ્યું. આત્માનો સર્વજ્ઞ સ્વભાવ (છે) તે આત્મજ્ઞ છે. સર્વને જાણવું એ તો અપેક્ષિત વાત થઈ. આહા..હા..! આત્માની પર્યાયમાં પૂર્ણપણે જાણવું એ આત્મજ્ઞપણું એ જ સર્વજ્ઞપણું છે. એવું અલ્પકાળમાં સર્વજ્ઞપણું થશે. એ અમારો સ્વદેશ છે, એમાં અમે જશું. પરદેશમાંથી ખસી જશું. અમારું એ વતન છે. આહા..હા..હા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ એ અમારું વતન છે, એ અમારો સ્વદેશ છે, એ અમને રહેવાનું સ્થાન છે. આહા..હા..! 'જાશું સ્વરૂપ સ્વદેશ'.

મુનિરાજ એમ કહે છે, તું અલ્પકાળમાં મુક્ત થઈશ, (સ્વદેશમાં) જઈશ એવો તું છો. આહા..હા..હા..! અભવ્ય (જીવરાશિ) જેવો નથી, એમ કીધું ને ? નિગોદના જીવને પણ એમ કીધું. પણ સંભળાવનારને તો પંચેન્દ્રિયપણું છે. આહા..હા..! સાંભળનારને તો પંચેન્દ્રિયપણું છે. આહા..! ઓછપનો આશ્રય ન કર. ઓછો રહીશ એવું ન માન, પૂર્ણ થઈ જઈશ એવું માન. આહા..હા..! (તું) પૂર્ણ છો અને પૂર્ણ (થવાને યોગ્ય છો). અભવી પૂર્ણ છે પણ પૂર્ણ થઈ શકવાને યોગ્ય નથી. પણ તને કહીએ છીએ કે તું પૂર્ણ છો અને પૂર્ણ થઈ શકવાને યોગ્ય છો. આહા..હા..હા..હા..! આવી વાત છે.

મુનિના હૃદયઓમાં પોકાર આ છે. પોતે પામ્યા એટલે કહે છે ! તું પામીશ જ કે તું પામવાને લાયક જ છો ! આહા..હા..હા..હા..! અભવ્ય જીવની પેઠે નથી ! નિત્યનિગોદના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જીવો પણ અભવ્ય જીવની પેઠે નથી, પ્રભુ ! ત્યારે પછી તું તો અહીંયા પંચેન્દ્રિયપણે જૈન વાણી સાંભળવા માટે આવ્યો. આહા..હા..! (હવે) અલ્પકાળમાં પરિણમીશ. એ જેવી જેટલી પ્રભુતા પડી છે જે સત્ત્વમાં પ્રભુતા છે તેવી જ પર્યાયમાં સત્ત્વ પ્રભુતા પ્રગટ થઈ જશે એવો લાયક તું છો. આહા..હા..હા..! વિશ્વાસ ક્યાંથી લાવવો ? કહે છે. એનો વિશ્વાસ (આવવો જોઈએ). વિશ્વાસે વહાણ ચાલે. એમ ચૈતન્યના આવા વિશ્વાસે એની પરિણતિ પૂરી થઈ જાય. આહા..હા..!

ભાષા જોઈ ? નિત્યનિગોદના જીવ અભવ્ય જીવની પેઠે નથી. આ પ્રભુ શું કહે છે ? આહા..! નિત્યનિગોદના જીવ એવા નથી. આહા..! તો પ્રભુ તું તો માણસ થયો અને તે પરમાત્માની વાણી સાંભળવાને માટે આવ્યો, સાંભળે છો, પરિણમવાને લાયક જ છો. સંદેહ ન કર. આહા..હા..!

શ્રોતા :– આજનું (આપનું) સંબોધન બહુ મીઠું લાગે છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવી વાત મુનિ પોતે કહે છે. નિત્યનિગોદના જીવમાં પણ અભવી તો પડ્યા છે પણ છતાં અભવ્યને લાયક તે પરિણમન નથી એમ તો અમે ના પાડીએ છીએ. આહા..હા..! તેમાં પણ એવા જીવો છે (કે) કેવળજ્ઞાનપણે પરિણમી જશે. ભલે ત્યાંથી નીકળીને (પરિણમશે). અને તું તો નીકળીને બહાર આવ્યો છો. આહા..હા..! અને કાને પરમાત્માની વાણી પડે છે. આ ત્રણલોકના નાથની વાણી છે. આહા..! આહા..હા..!

આ ફેર શું કર્યો કે નિત્યનિગોદના જીવ પણ પરિણમી શકે છે. અભવ્ય જીવ એવા નથી. ગજબ વાત કરી છે ! પ્રભુ ! તમે તો છદ્મસ્થ મનુષ્ય છો ! પંચમ આરા-ફારાના અમે મુનિ નથી. આહા..હા..! અમે તો જે છીએ તે છીએ. છીએ તે છીએ, ત્રિકાળ છીએ તે જ અમે છીએ. આહા..હા..! અને તું પણ તે થઈ શકીશ. વિશ્વાસ લાવ, સંદેહ છોડ, નિઃસંદેહ કર ! અમે તને કહીએ છીએ કે તું પરિણમી શકીશ પછી તને નિઃસંદેહ થતો નથી ! આહા..હા..! 'લાલચંદભાઈ' ! આહા..હા..! શું સંતોની વાણી ! આ દિગંબર(ના) તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. આહા..હા..! ફાટ.. ફાટ પ્યાલા અંદર છે. દિગંબર સંતોની વાણી, તીર્થંકરની જિનવાણી દિવ્યધ્વનિ (છે) એ વાણી છે. આહા..!

પ્રભુ ! તું પામર તરીકે માનતો હોય તો છોડી દેજે. આપણે ભવી હશું કે નહિ ? અરે..રે..! પ્રભુ ! એ શું કરે છે તું ? 'જ્ઞાનમતિ' આર્જીકા છે ને ? બહુ પ્રસિદ્ધ (છે). ૨૫ લાખનું જંબૂદ્વિપ (બનાવ્યું છે). બહુ પ્રસિદ્ધ થઈ ગઈ (છે). ઇ એમ કહે છે કે આપણે ભવી છીએ કે અભવી ? કાળલબ્ધિ પાકી છે કે નથી પાકી એ તો સર્વજ્ઞ જાણે. અર..ર..ર...! એ છાપામાં આવ્યું છે. 'જ્ઞાનમતિ' છે ને ? વાચાળ બહુ છે, માણસ બહુ ભેગું થાય. વસ્તુ પ્રતીતના ઠેકાણા ન મળે. આહા..! એવું ત્યાં સુધી લખ્યું હતું કે આપણે ભવી છીએ કે અભવી ? કાળલબ્ધિ પાકી છે કે નથી પાકી એ તો સર્વજ્ઞ જાણે અર..ર..ર...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં કહે છે કે તને (કાળલબ્ધિ અને ભવ્યતા) પાકી છે એમ અમે કહીએ છીએ ! આહા..હા..! અને દુનિયા પાછી પ્રશંસા કરે. ચારે અનુયોગોના જાણપણાના બોલ બોલે. 'સ્યાદ્વાદ અવલોકન' પુસ્તકનું નામ આપ્યું છે. 'સ્યાદ્વાદ અવલોકન' ચાર અનયોગનું જ્ઞાન છે એમ કહે. અને આમ પાછું લખે કે આપણે ભવી છીએ કે અભવી ? ઇ ભગવાન જાણે. અરે..! પ્રભુ ! શું કરે છે તું આ ? આહા..હા..!

અહીં મુનિરાજનો તો પોકાર છે કે નિત્યનિગોદના જીવ પણ અભવી જેવા નથી, અમે એમ કહીએ છીએ. આહા..હા..! અભવી જીવ ન પામી શકે એવા નથી. નિત્યનિગોદમાં એવા જીવો છે. એમ કહ્યું ને આમાં ? ભાઈ ! આહા..હા..! ગજબ કામ કર્યું છે ! આહા..હા..! રહેવા દે, આડની આડ મુકી દે. આડ રહેવા દે. પૂર્ણ પ્રભુ છો, પ્રભુ ! આહા..! ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી. એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય (છે). આહા..હા..!

***'સર્વવિશુદ્ધજ્ઞાન (અધિકારમાં)' નથી આવતું ? દીવો ઘટ-પટને પ્રકાશે છે એમ નહિ, દીવો દીવાના પ્રકાશને - દ્વિરૂપતાને પ્રકાશે છે. દીવો દીવાને પ્રકાશે છે અને દીવો ઘટ-પટનું જ્ઞાન (–પ્રકાશ) જે છે એને (પ્રકાશે છે), જ્ઞાન એટલે પ્રકાશ, એને પ્રકાશે છે. એમ આત્મા પરને પ્રકાશતો નથી. એની સ્વને અને પરને જાણવાનો જે પ્રકાશ પોતાનો છે તે દ્વિરૂપતાને પ્રકાશે છે, પરને નહિ. આહા..હા..! વાણી તો જુઓ ! દીવો ઘટ-પટને પ્રકાશતો નથી, દીવાની પ્રકાશની દ્વિરૂપતાને પ્રકાશે છે. દીવો દીવાને પ્રકાશે છે અને એનું જે સ્વરૂપ છે તેને દીવો પ્રકાશે છે, એને (–ઘટ-પટને) નહિ.***

***એમ ભગવાન આત્મા પરને જાણવામાં પરને પ્રકાશે છે એમ નહિ. સ્વ અને પરને પ્રકાશતા દ્વિરૂપતાને પ્રકાશે છે. જ્ઞાનની દ્વિરૂપતાને પ્રકાશે છે, પરને નહિ, લોકાલોકને નહિ. આહા..હા..!*** છે ને પાછળ ? આહા..હા..! પ્યાલો ફાટ અંદરથી કહે છે. ભગવાન ભરેલો છે. એ ભગવાન ભરેલાને જો ! ભરેલો છે, પૂર્ણ છે અને પૂર્ણ થઈ શકવાને લાયક છે એમ તને કહીએ છીએ. સંદેહ ન કર ! આહા..હા..હા..હા..! આ ઇ જ પોકાર કહે છે. બેસવું તો એને પોતાને છે ને ? મુનિરાજ તો બેસાડે છે, મુનિરાજ તો કહે છે. નિત્યનિગોદમાં પણ અભવી જેવા પરિણમી શકે નહિ એવી વાત છે નહિ. આહા..હા..! એ તો કોઈ અલ્પ (જીવ) છે. ઢગલા તો આ પડ્યા છે મોટા જીવના–આત્માના. પરિણમાવને લાયક (છે) એના ઢગલા પડ્યા છે. આહા..હા..! નહિ પરિણમાવને લાયક એવા જીવ તો કોઈ અલ્પ ને અલ્પ અનંતમાં ભાગે (છે) એની વાત રહેવા દે. એ વાતને ભૂલી જા, એ છે નહિ, તું એ છે નહિ. આહા..હા..! ટીકા કરીને ગજબ કર્યું છે ! ગજબ ટીકા છે !

શ્રોતા :– ટીકાની પણ ટીકા કેવી છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગજબ ટીકા છે.

**'સુદ્રષ્ટિઓને–અતિ આસન્નભવ્ય જીવોને...'** તૈયારી છે મુક્તિની, તૈયારી છે મુક્તિની.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! જેમાં અજંપા જાપ નહિ પણ જંપા જાપ થઈ ગયા છે. મુક્તિનો જાપ થઈ ગયો છે. આહા..હા..! એવા આસન્નભવ્ય જીવને.. આસન્ન એટલે નજીક, મુક્તિ જેને નજીક છે, સંસારના જેને છેડા આવી ગયા છે. આહા..હા..! એ વાતને લક્ષમાં લે ! સંસારના છેડા આવી ગયા છે, અંત આવ્યો છે અને મુક્તિની નજીક છે એવા **'અતિ આસન્નભવ્ય જીવોને–આ પરમભાવ...'** આ પરમભાવ–ત્રિકાળી પરમ સ્વભાવ સત્ત્વ **'સદા નિરંજનપણાને લીધે...'** આહા..હા..! સદા નિરંજનપણાને લીધે. અંજન-ફંજન – મેલ એને છે જ નહિ. એ તો નિરંજન છે. આહા..હા..!

(આ) (પરમ) આલોચનાનો અધિકાર છે. આજે આમ આલોચન કર, આમ અંદર આલોચન કર (એમ) કહે છે. આહા..હા..! એ છે એમ એ રીતે આલોચવું અને જોવાને લાયક જ તું છો. સંદેહ રહેવા દે. 'ભગવાને અભવી દીઠા હશે તો ?' અરે..! સાંભળને ! ભગવાનની પ્રતીતિ થઈ તેને ભગવાને ભવ દીઠા જ નથી. એ (સંવત) ૧૯૭૨ની સાલમાં કહ્યું હતું. પ્રશ્ન ઉઠ્યો હતો, મોટો પ્રશ્ન ઉઠ્યો હતો. ભગવાને દીઠા એટલા ભવ થાશે તેથી આપણે શું કરીએ ? ભગવાન એક સમયનું જ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી એક જ પર્યાય. અનંતી બીજી પર્યાય જુદી રહી. એક સમયની એક પર્યાય, એક ગુણની એક પર્યાય. આહા..હા..! લોકાલોકને જાણે પોતાના પૂર્ણ દ્રવ્ય, ગુણને જાણે. એવી પર્યાયની સત્તાનો સ્વીકાર જેને છે એને ભગવાને દીઠું એનો સાચો નિર્ણય છે. એને એ સત્તાનો સ્વીકાર થયો, એને સર્વજ્ઞ સત્તા મારી છે એનો સ્વીકાર થયો. એને ભવ હોય શકે નહિ, ભગવાને એના ભવ દીઠા નથી. ૧૯૭૨માં કહ્યું હતું. ભગવાને ભવ દીઠા નથી. ભગવાન જેને બેઠા, ભગવાન આ જગતમાં છે એક સમયની સ્થિતિની સત્તાવાળા અને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવું સત્ત્વ આ જગતમાં છે. આહા..હા..! એનો જેને સ્વીકાર છે, ભગવાને એને ભવ દીઠા નથી. એને એકાદ-બે ભવ હોય તો જ્ઞેય તરીકે છે, છૂટે છૂટક્યો. ભગવાને દીઠું છે એમ કરીને (વાત ન કર). એમ તો આમ પણ કીધું ને ? 'જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા' પણ કોને ? જેને ભગવાનની પ્રતીતિ થઈ છે તેને. જે જે વીતરાગે દેખી, 'જે જે દેખી વીતરાગે તે તે હોસી વીરા' પણ વીતરાગ જગતમાં છે એણે દીઠું (એ) પ્રશ્ન પછી. વીતરાગનું અસ્તિત્વ જગતમાં છે. એક સમયનું વીતરાગનું અસ્તિત્વ ! આહા..હા..! પૂર્ણ વીતરાગતા જગતમાં છે, એક સમયની પર્યાય પૂર્ણ છે એવી સત્તાનો જેને સ્વીકાર છે તેને ભગવાને ભવ દીઠા નથી. ભગવાને તેને ભગવાન થવાનું દીઠું છે. એ તો અલ્પકાળમાં ભગવાન થવાનો જ છે. આહા..હા..! આવી વાત છે, આહા..!

**'આસન્નભવ્ય જીવને...'** આહા..હા..! આસન્ન, અતિ આસન્ન ભવ્ય પાછું. ભવ્ય આસન અને અતિ આસન્ન. આહા..હા..! **'અતિ આસન્નભવ્ય જીવોને–આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે...'** આહા..હા..હા..! તે પરમભાવ નિરંજન છે, અંજનની ગંધ નથી જેમાં,

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રાગની ગંધ નથી, ઉદયને સ્પર્શતો નથી એવો જે પરમ સ્વભાવભાવ પરમાત્મા પડ્યો છે, આહા..હા..! તે પરમાત્મા થવાને લાયક છે. પરમાત્મા થવાને લાયક નથી – એ વાત અહીંયા સાંભળવા જેવી નથી. આહા..હા..! એમ કહે છે. તેથી 'શ્રીમદ્દે' કહ્યું ને ! દિગંબરના તીવ્ર વચનો, એના તીવ્ર વચનો. સંતોના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય (છે) કે આ શું કહેવા માગે છે અંદર. એવો શબ્દ છે ને ? શ્વેતાંબરની મોળાશને લઈને, વિપરીતતાને લઈને (રસ) ઠંડાતો ગયો. આ તો તીવ્ર વચનનો પોકાર છે.

**'અતિ આસન્નભવ્ય જીવોને–આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે,...'** સદા નિરંજનપણે, નિરંજનપણાને લીધે એટલે **'નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે...'** નિરંજનપણું છે પણ 'છે' એવું ભાસ્યા વિના 'છે' એવું ક્યાંથી આવ્યું ? જ્ઞાનમાં જ્ઞેય ભાસ્યા વિના 'આ છે' એ આવ્યું ક્યાંથી ? આહા..હા..! ગજબ ટીકા કરે છે !

'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ છે, આચાર્ય નથી. મુનિ તો તીર્થંકર થવાના છે એવું આવ્યું છે. એવો ધ્વનિ લાગે છે. તીર્થંકર થવાના, તીર્થંકર થઈને મોક્ષ જશે. આહા..હા..! એક ફેરી ઇ બતાવ્યું હતું નહિ ? સર્વજ્ઞની વાત આવી ત્યાં સર્વજ્ઞપણું ન મુક્યું, તીર્થંકરપણું મુક્યું, એ બતાવ્યું હતું ભાઈને. 'હિંમતભાઈ' ! જ્યાં સર્વજ્ઞની વ્યાખ્યા આવી છે ત્યાં સર્વજ્ઞપણું ન મૂકતાં તીર્થંકરને મૂક્યા છે. તીર્થંકર આવા સર્વ ભાવવાળા છે. એના ધ્વનિમાં, મગજમાં એમ આવતું હતું કે આ તીર્થંકર થવાના છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! ઇ છે ને ક્યાંક ?

જુઓ ! ૨૧૨ કળશ. જુઓ ! ઇ આવ્યું. જોયું ? દૃષ્ટિની વાત કરે છે. **'જો શુદ્ધદૃષ્ટિવંત (–સમ્યગ્દૃષ્ટિ) જીવ એમ સમજે છે કે પરમ મુનિને તપમાં, નિયમમાં, સંયમમાં અને સત્ચારિત્રમાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે (અર્થાત્ દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે) તો (એમ સિદ્ધ થયું કે) રાગના નાશને લીધે અભિરામ એવા તે ભવભયહર...'** સર્વજ્ઞ ન દીધા પણ **'ભવભયહર ભાવિ તીર્થાધિનાથ...'** છે ? નહિતર ન્યાં સર્વજ્ઞને લેવા જોઈએ. ભાવી સર્વજ્ઞ (નથી કહ્યું) પણ તીર્થાધિનાથ સર્વજ્ઞ લીધા છે. એ પોતાનો અંદરનો ધ્વનિ છે. છે ? 'ચંદુભાઈ' ! **'અભિરામ એવા તે ભવભયહર...'** ત્યાં 'સર્વજ્ઞ' શબ્દ જોઈએ. આહા..હા..! **'ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે.'** 'સર્વજ્ઞ' શબ્દ ન વાપરતા ભાવી તીર્થંકર નાથ શબ્દ વાપર્યો છે. એ પોતાનો અંતરનો ધ્વનિ છે. આહા..હા..! દિગંબર મુનિઓની તો બલિહારી છે ! આહા..હા..! સાક્ષાત્ તીર્થંકરના કામ કરે છે. એની વાણી અને એના ભાવ તીર્થંકરની હાજરી બતાવે છે. આહા..હા..!

(અહીંયા) કહે છે કે અતિ આસન્નભવ્ય (જીવ) **'નિરંજનપણાને લીધે (અર્થાત્ સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે)...'** એ ભલે નિરંજન છે પણ છે એવું પ્રતિભાસ (આવ્યા) વિના નિરંજન છે એમ ક્યાંથી આવ્યું ? શું કીધું ઇ ? ભગવાન આત્મા નિરંજન છે શુદ્ધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચૈતન્યમૂર્તિ પણ એ ભાસ્યા વિના, જ્ઞાનમાં એ ભાસ્યા વિના 'આ પરમ નિરંજન છે' એમ ક્યાંથી આવ્યું ? ભાસ્યું ત્યારે લાગ્યું કે આ પરમ નિરંજન છે. આહા..હા..! એમાં પણ પરમ નિરંજન નાથ ભાસ્યો છે. છે એટલું એમ નહિ. એ પરમસ્વભાવભાવ નિરંજન છે એમ નહિ, એ છે એવો ભાસ્યો છે માટે છે. ભાસ્યા વિના 'છે' એમ એને ક્યાંથી આવે ? આહા..હા..! સમજાણું કાંઈ ?

**'સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે'** પ્રતિભાસ્યો એટલે જ્ઞાનની પર્યાયમાં ભાસ્યો હોવાને લીધે, આહા..હા..! **'સફળ થયો છે;...'** કે નિરંજન છે પણ પ્રતિભાસ્યો છે તો એ સફળ થયો છે. પ્રતિભાસ થાય નહિ ત્યાં છે એ સફળ ક્યાં થયો ? શું કીધું ? ભગવાન સદા નિરંજન છે પણ ભાસ્યા વિના–જ્ઞાનમાં ભાસ્યા વિના પ્રતિભાસ (થયા વિના) સદા નિરંજન છે એ જાણે કોણ ? જાણ્યું કોણે ? એ પ્રતિભાસ્યો છે એણે જાણ્યું છે. એ કહે છે કે આહા..! એને સદા નિરંજન જે ભાવ પ્રતિભાસ્યો છે માટે તે નિરંજન ભાવ સફળ થયો છે. નિરંજન ભાવ છે તો ખરો પણ આસન્નભવ્ય જીવને સફળ થયો છે. આહા..હા..હા..! પર્યાયમાં દૃષ્ટિમાં ભાસ્યો છે. એથી તે છે તે ભાસ્યો છે. તેથી તેને તે સફળ થયો છે. છે તેવું ભાન થઈ ગયું છે, છે તેવી પ્રતીતિ અને જ્ઞાનમાં જ્ઞેય આવી ગયું છે. આખો પરમાત્મા જ્ઞાનની પર્યાયમાં ખ્યાલમાં આવ્યો છે. ***પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ પ્રતિભાસ છે.*** છે ને? પ્રતિભાસ્યો છે. પર્યાયમાં આખો નિરંજન નિરાકાર ભગવાન પ્રતિભાસ્યો છે, તેથી તે **'સફળ થયો છે;...'** નિરંજન સદા છે પણ પ્રતિભાસ્યો માટે સફળ થયો છે. પ્રતિભાસ્યા વિના 'આ છે' (એમ કહે) એટલે શું ? આહા..હા..! આ એવી વાત છે. આહા..!

સદા નિરંજનપણાને લીધે સફળ થયો છે. સફળ થયો છે એટલે એણે અર્થ કાઢ્યો. 'સદા નિરંજનપણું છે' એવું ભાસ્યું છે તેથી સફળ થયો છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! ત્રિલોકનાથ સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ નિરંજન નિરાકાર હોવા છતાં પ્રતિભાસ્યો ત્યારે તેને હોવું છે એમ બેઠું. તેથી તેને સફળ થયું છે. પ્રતિભાસ્યો છે તેથી તેને સફળ થયું છે. પ્રતિભાસતો નથી એને સફળ ક્યાંથી થાય ? આહા..હા..! જેના જ્ઞાનમાં પૂર્ણ સ્વરૂપ છે એવો ભાસ થયો અને ભાન થયું છે તેને તે સદા નિરંજનપણું તે સફળ છે. એનું ફળ એને આવ્યું કે સફળ છે. જેને એ માનવામાં આવ્યું નથી, અનુભવમાં આવ્યું નથી, દૃષ્ટિમાં આવ્યું નથી, જ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાણું નથી એને તો સફળ નથી. આહા..હા..! પણ જેવડું એ જ્ઞેય છે તેવડું જ્ઞાનમાં આવ્યું છે તેથી તે સદા નિરંજનપણું સફળ થઈ ગયું છે. આહા..હા..હા..હા..! ગજબ વાત કરી છે ને !

**'જેથી, આ પરમ પંચમભાવ વડે અતિ-આસન્નભવ્ય જીવને નિશ્ચય-પરમ-આલોચનાનાં ભેદરૂપે ઉત્પન્ન થતું 'આલુંછન' નામ સિદ્ધ થાય છે,...'** પ્રતિભાસ્યો છે માટે આલુંછન સિદ્ધ થાય છે. આહા..હા..! જ્ઞાનમાં ત્રિકાળી નિરંજન સદા પ્રતિભાસ્યો એટલે જ્ઞાનમાં ભાસ્યો છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયમાં પ્રતિભાસ્યો, છે તેવો ભાસ્યો, પ્રતિભાસ થયો છે, તેથી તે તેનું સફળપણું થયું છે. સફળપણું થયું છે તેથી **'તે પરમ-આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું 'આલુંછન' નામ સિદ્ધ થાય છે,...'** એ સફળપણું થયું એ જ આલુંછન છે, એ આલુંછન છે. આહા..હા..! **'કારણ કે તે પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ-વિષવૃક્ષના વિશાળ મૂળને ઉખેડી નાખવામાં સમર્થ છે.'** એટલે કે એનામાં છે નહિ. **'પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ-વિષવૃક્ષના વિશાળ મૂળને ઉખેડી નાખવામાં સમર્થ છે.'** એટલે કે એનામાં છે જ નહિ. સફળ થયો છે ને એમાં એ છે જ નહિ એટલે ઉખેડી નાખ્યો છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** ભૂતકાળની અનંતી પર્યાયો અને ભવિષ્યકાળની અનંતી પર્યાયો કે જે થઈ ગઈ છે અને જે હજુ થઈ નથી તે પર્યાયો ખરેખર પ્રગટ નથી, વિદ્યમાન નથી, અવિદ્યમાન છે, છતાં કેવળજ્ઞાન તેને પ્રત્યક્ષ જાણતું હોવાથી તે પર્યાયો વિદ્યમાન છે, ભૂતાર્થ છે એમ જાણે છે. આહાહા! ભૂત-ભાવિ પર્યાયો અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં સીધી જણાતી હોવાથી જ્ઞાનમાં વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે એમ જાણે છે–એ જ્ઞાનની દિવ્યતા છે ! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે ! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે, તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે ? વસ્તુ સત્ છે ને ! વિદ્યમાન છે ને ! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને ! આહાહા ! જેની હયાતી નથી તેની હયાતી જાણે તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે તેને જાણ ને ! ભાઈ ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં, જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ !**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પ્રવચનસાર, ગાથા–૧૬, પ્રવચન નં. ૧૨
## તા. ૧૮-૦૧-૧૯૭૯
## [૨]

પ્રવચનસાર - ૧૬મી ગાથા ચાલે છે. છેલ્લા શબ્દો જોઈએ. છ કારક થઈ ગયા છે. છેલ્લા થોડાક રહી ગયા છે. અહીંયા પહેલું શું કહ્યું ? ***જે આ આત્મા છે એ તો નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે. તેની પર્યાયમાં – પરિણતિમાં જે ક્રિયા થાય છે તે ક્રિયાના ષટ્કારકનું આ વર્ણન છે. વસ્તુ ત્રિકાળી આનંદ અને જ્ઞાયક નિત્યાનંદ પ્રભુ છે, તેમાં ષટ્કારક છે એ શક્તિરૂપે છે, સ્વભાવરૂપે છે, સત્‌ના સત્ત્વરૂપે છે અને આ જે મોક્ષના માર્ગની પરિણતિ (છે) એ પરિણતિની ક્રિયા છે, એમાં ષટ્કારક છે. કહેવાય એમ કે આત્મા કર્તા થઈને પરિણતિને કરે છે, પણ ખરેખર તો જે નિર્મળ પરિણતિ છે એ જ પોતે પોતાની પર્યાયની કર્તા થાય છે. આહા..હા..!*** અને બીજી રીતે કહીએ (તો) '**भूयत्थमस्सिदो खलु**' (સમયસાર ૧૧મી ગાથા) ત્રિકાળને આશ્રયે (નિર્મળ પરિણતિ થાય છે). એ પર્યાય (પોતે) કર્તા થઈને સ્વનું લક્ષ કરે છે.

એ '**भूयत्थमस्सिदो खलु**' છે (એટલે કે) ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ ને પૂર્ણ જ્ઞાનનો પિંડ જે ભગવાન (આત્મા) છે એ તો ધ્રુવ છે, પણ તેનું લક્ષ કરનાર જે છે એ પર્યાય છે. એ પર્યાય જે (દ્રવ્યનું) લક્ષ કરે છે તે દ્રવ્યને કારણે નહિ (પણ) તે પોતે કર્તા થઈને લક્ષ કરે છે. એટલે પર્યાયમાં જે ષટ્કારક છે (તેને લઈને લક્ષ કરે છે). તે શુદ્ધ પરિણતિની કર્તા પરિણતિ છે. આહા..હા..! આ માર્ગ બહુ જીણો, ભાઈ ! તેને વ્યવહાર રત્નત્રયનું કારણ (એવા) રાગનાં કર્તાપણાનાં સંબંધની (જરૂર) છે નહિ. આહા..હા..! દયા, દાન, વ્રતાદિ વ્યવહાર રત્નત્રયના પરિણામ - શુભરાગ થાય તો તેને કારણે શુદ્ધ પરિણતિ થાય એવું સ્વરૂપ નથી.

આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદનોનાથ વીતરાગમૂર્તિ પ્રભુ ! તેની જે પરિણતિ-શુદ્ધ વીતરાગ પરિણતિ થાય (છે તો) તેને (દ્રવ્યને) આશ્રયે પણ તે આશ્રય કરનારી પર્યાય પોતે સ્વતંત્ર કર્તા થઈને લક્ષ – આશ્રય કરે છે. આહા..હા..! 'શશીભાઈ' ! આવું જીણું છે. એ શુદ્ધ પરિણતિમાં (ષટ્કારક છે). ક્રિયાનું કહ્યું હતું ને ? 'પંચાસ્તિકાય'ની ૬૨મી ગાથામાં આવે છે. પુદ્‌ગલ પરિણામની ક્રિયા-પરિણામ - એવો શબ્દ આવે છે અને જીવને માટે ('સમયસાર'ની) ૭૩મી ગાથામાં 'શુદ્ધ'ના (બોલમાં એ) આવે છે. ***જે પર્યાયના ષટ્કારકો***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***છે તેનાથી તે (ધ્રુવ) ભિન્ન છે. એથી એને (ધ્રુવને) શુદ્ધ કહીએ.*** આહા..હા..! માળી વસ્તુ ! તત્ત્વ તો તત્ત્વ... ઘણું ગંભીર છે. આહા..હા..! એ નિર્મળ પર્યાયમાં ષટ્કારકની પરિણતિ જે અહીં કહેશે એ પરિણતિથી પાર ઉતરેલું ધ્રુવ (સ્વરૂપ) તેનાથી ભિન્ન છે. આહા..હા..! ત્યારે તેને શુદ્ધ કીધું છે ને ! આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ ! આહા..હા..!

એ પોતે અનંત શક્તિવાળું પર્યાયનું તત્ત્વ છે. સ્વભાવ તો છે જ પણ પરિણતિમાં પણ અનંત શક્તિવાળો છે. એ કર્તા થઈને શુદ્ધ પરિણતિને - ધર્મને ઉત્પન્ન કરે છે. (અર્થાત્) ધર્મની પરિણતિને ધર્મની પરિણતિ કર્તા થઈને ઉત્પન્ન કરે છે. એ ધર્મની પરિણતિ, તે પરિણતિને પ્રાપ્ત કરે છે - એ એનું કાર્ય છે. આહા..હા..! તે ધર્મની પરિણતિ સાધન હોવાથી તે પર્યાયનું તે સાધન છે. ધર્મની પરિણતિ (પ્રગટ) કરીને પોતે રાખે છે એ પોતાનું સંપ્રદાન - દાન છે. આહા..હા..! ધર્મની પરિણતિ (જે થઈ) તે પરિણતિથી થઈ છે, તે પરિણતિથી જ પરિણતિ થઈ છે - તે તેનું અપાદાન છે. ઝીણી વાત છે, ભાઈ ! અને એ ધર્મની પરિણતિ, પરિણતિને આધારે થઈ છે, માટે તેનો આધાર પરિણતિ છે. આહા..હા..! સમજાય છે ? ભાષા તો સાદી છે, પ્રભુ ! પણ માર્ગ તો બહુ ઝીણો (છે).

આહા..હા..! ત્રિલોકનાથ સર્વજ્ઞે જે તત્ત્વ જોયું... આહા..હા..! અને તેની (જે) પર્યાય જોઈ... આહાહા ! એવો જ આ ભગવાન (આત્મા) જોનારો છે. આહા..હા..! એ શુદ્ધ ષટ્કારકની પરિણતિ પોતાથી થાય છે. તેને પરકારકની અપેક્ષા નથી કે રાગની મંદતા હોય તો આ ધર્મની પરિણતિ થાય. કર્મ કાંઈક મારગ આપે તો આ ધર્મ પરિણતિ થાય એવી કોઈ અપેક્ષા નથી. આહા..હા..! ત્યાં સુધી આવી ગયું છે. ઉત્પત્તિનું આપણે ફરીને જરા વધારે લઈએ છીએ.

(અહીં કહે છે કે) **'શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવનો પોતે જ આધાર હોવાથી અધિકરણપણાને આત્મસાત્ કરતો (એ રીતે) સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી...'** લ્યો, છે (અંદર) ? ત્યાં સુધી આવી ગયું છે. ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ ! સચ્ચિદાનંદ ધ્રુવ પ્રભુ છે. તે તેની પરિણતિમાં ષટ્કારકરૂપે પોતે પરિણમે છે. છે ? **'છ કારકરૂપ થતો હોવાથી'** તે સ્વયંભૂ છે. આહાહા ! આકરું કામ બહુ ! **'અથવા ઉત્પત્તિ-અપેક્ષાએ...'** જે શુદ્ધ ધર્મની (કે) સર્વજ્ઞ આદિની પર્યાય ઉત્પન્ન થાય છે તે **'દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને દૂર કરીને...'** એ પણ નિમિત્તનું કથન છે. ઘાતિ(કર્મને) પોતે (જીવ) દૂર કરે છે એ (નિમિત્તનું કથન છે) (કેમ કે) તે ઘાતિ(કર્મનો) દૂર થવાનો પર્યાય તેને કાળે ત્યાં થાય છે. ફક્ત આ (જીવ) નિમિત્ત છે તેથી (આમ) બોલવામાં આવ્યું (છે). બીજી રીતે કહીએ તો જે ભાવઘાતિ છે તેને દૂર કરીને (એમ જે કહ્યું) એ પણ વ્યવહાર છે. એ આવે છે ને ભાઈ ? ('સમયસાર'ની) ૩૪મી ગાથામાં આવે છે, (આત્મા) રાગનો નાશ કરનારો છે એ પણ નામમાત્ર છે. આહા..હા..! ગજબ વાતું, પ્રભુ ! કથનો અનેક પ્રકારના હોય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ એમાંથી સાર તત્ત્વ શું છે એ જાણી લેવું જોઈએ.

અહીંયા કહે છે કે પ્રભુ આત્મા આનંદનો કંદ પ્રભુ (છે). અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. એ એની પર્યાયમાં અતીન્દ્રિય આનંદની પર્યાય પ્રગટ કરે તે અતીન્દ્રિય આનંદની પર્યાયના ષટ્કારકથી પરિણતિ ઊભી થાય છે. આહા..હા..! ***('પંચાસ્તિકાય'ની) ૬૨મી ગાથામાં એમ કહ્યું કે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિ જે વિકાર પરિણામ પર્યાયમાં થાય છે તે પરિણામનું - પર્યાયનું ષટ્કારક પરિણમન પર્યાયમાં છે. એને વિકાર થવાના ષટ્કારકના પરિણમનમાં નિમિત્તની અપેક્ષા નથી અને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. એવો એ ષટ્કારકથી પરિણમતો વિકાર પરના હેતુ વિનાનો છે. અહેતુ સત્ છે. આહા..હા..! ભાઈ ! માર્ગ ઝીણો છે બાપુ ! ધર્મ એ કોઈ સાધારણ વાત નથી, ભાઈ ! આહા..હા..!***

જ્યારે એ આત્મા વિકારી પરિણતિના - મિથ્યાત્વ અને રાગ-દ્વેષની પરિણતિમાં પણ ષટ્કારકોરૂપે પરિણતિની ક્રિયા પોતે (કરે છે તો પછી નિર્મળ પરિણતિની શું વાત) ? તે પરિણતિમાં ષટ્(કારકની) ક્રિયા છે, ધ્રુવમાં નહિ. તેમ જ એ પરિણતિની ક્રિયાને પરની અપેક્ષા નથી. વિકારની ક્રિયામાં પણ એ ક્રિયાના કારકો છે. આહા..હા..! તેને કોઈ નિમિત્તના સદ્ભાવ કે નિમિત્તના અભાવની પણ અપેક્ષા નથી, નિરપેક્ષ છે.

અહીંયા તો, ભગવાન આત્મા ! આહા..હા..! શુદ્ધ આનંદનો કંદ પ્રભુ ! અતીન્દ્રિય જ્ઞાનનો સાગર ! એવો જે એનો સ્વભાવ એની પરિણતિ પોતાના લક્ષે જ્યારે થાય છે ત્યારે તે પરિણતિ પોતે કર્તા થઈને લક્ષ કરે છે અને (પોતે) કર્તા થઈને પરિણતિ ઊભી થાય છે. એ કર્તા થઈને (જે પરિણતિ) ઊભી થઈ તે કાર્ય તેનું (છે). પરિણતિનું કાર્ય પરિણતિ (છે). પરિણતિનું સાધન પરિણતિ, પરિણતિ કરીને (પોતે) રાખી - પરિણતિને માટે પરિણતિ થઈ છે એટલે કે સંપ્રદાન. પરિણતિથી પરિણતિ થઈ છે - દ્રવ્યથી નહિ, નિમિત્તથી (પણ) નહિ. પરિણતિને આધારે પરિણતિ થઈ છે. એવા ષટ્કારકને ભગવાન કુંદકુંદાચાર્યે સિદ્ધ કર્યા. આહા..હા..! અહીં સુધી આવ્યું (હતું).

(હવે કહે છે કે) **'અથવા ઉત્પત્તિ - અપેક્ષાએ...'** (અર્થાત્) આત્મામાં ષટ્કારકની પરિણતિથી સર્વજ્ઞપણું ઉત્પન્ન થાય છે. સર્વજ્ઞ પર્યાય પણ ષટ્કારકની પરિણતિથી ઉત્પન્ન થાય છે. આહાહા ! 'સ્વયંભૂ' (અર્થાત્) ભગવાન આત્મા વસ્તુએ સ્વયંભૂ છે પણ તેની પરિણતિમાં પણ સ્વયંભૂ રીતે પર્યાયને પોતે ઉત્પન્ન કરે છે. આહા..હા..! એ **'ઉત્પત્તિ- અપેક્ષાએ દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને...'** (એક) જડકર્મ છે ને એક ભાવઘાતિ (કર્મ છે) એટલે કે હીણી ને વિપરીત દશા (છે) તેને **'દૂર કરીને...'** આહા..હા..! એ પણ ઉપચારનું કથન છે. ભાવઘાતિની પર્યાય એટલે હીણી અને વિપરીત (દશાને) દૂર કરીને સર્વજ્ઞપર્યાય ઉત્પન્ન થાય છે. આવું ઝીણું છે. આહા..!

અત્યારે તો આ દેશની સેવા કરો અને આ કરો, પરને મદદ કરો, બીજાને આહાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આપો, પાણી આપો, મદદ કરો (એવો ઉપદેશ અપાય છે). શું છે આ ? આહા..હા..! ભાઈ ! એ તારા સ્વભાવમાં નથી. કહો, સમજાણું કાંઈ ? એક બીજાને સંપ કરો ને એકબીજાને સાથમાં લ્યો, અરે પ્રભુ ! શું કરે છે તું આ ? આહા..હા..! તારી પરિણતિ તારાથી સ્વતંત્ર થાય અને તેની (-પરની) પરિણતિ પણ તેનાથી સ્વતંત્ર થાય (છે). તેને તું કહે કે હું આને સુખી કરી દઉં ને ધર્મ પમાડી દઉં ? આહા..હા..! ભગવાન ! આ પાઠશાળાઓ કાઢે, શિબિર કાઢે... અરે...! પ્રભુ ! શું છે ? ભાઈ ! આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! એ સામાની જે જ્ઞાનની કે તેની સમજવાની પરિણતિ થાય છે તે પરિણતિના કર્તા-કર્મ તો તેની પરિણતિ છે. તેને બીજો સમજાવે છે માટે ત્યાં જ્ઞાનની પર્યાય થઈ છે - એમ નથી. તેની સમજવાની પરિણતિના- જ્ઞાનની પરિણતિના ષટ્કારકને નિમિત્તની અપેક્ષા નથી, આહા..હા..! તેમ તેના દ્રવ્ય-ગુણની પણ તેને અપેક્ષા નથી. આહાહા ! આ તે વાત છે ? 'શશીભાઈ' ! આહાહા !

ઉપદેશ આપનાર એમ માને છે કે હું ઉપદેશ આપું છું અને તેથી દુનિયા ધર્મ પામશે ને સમજશે... પ્રભુ ! તું આ શું કરે છે ? આકરી વાત છે, પ્રભુ ! ત્યારે ૮મા અધિકારમાં તો કહ્યું છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નથી કહ્યું ? કે ભગવાને ઉપકાર કર્યો છે. શરૂઆતમાં 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. એ નિમિત્તથી વાતું છે, બાપા ! આહા..હા...! કોને કોણ ઉપકાર કરે ? આહાહા ! જે પરને જ્ઞાન ને સમકિતની પર્યાય ઉત્પન્ન થાય છે તે પણ તેના ષટ્કારકને કારણે ઉત્પન્ન થાય છે. તેને બીજો કરાવે ને બીજાથી તે થાય છે - એવી અપેક્ષા નથી. પ્રભુ ! અરે ભાઈ ! આવો માર્ગ (છે). આહાહા !

અહીં કહે છે કે '**ઉત્પત્તિ - અપેક્ષાએ દ્રવ્ય-ભાવભેદે...**' નીચે (તેનો અર્થ) છે - 'દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મો = દ્રવ્ય ને ભાવ એવા બે ભેદવાળા ઘાતિકર્મો; દ્રવ્યઘાતિકર્મો ને ભાવઘાતિકર્મો.' આહા..હા..! આ ષટ્કારકના અપાદાનમાં આવ્યું ને ? કે પૂર્વ પર્યાયનો નાશ થવા છતાં ધ્રુવના અવલંબે પોતે-પરિણતિ ત્યાં ઊભી છે. પૂર્વની પર્યાયનો અભાવ થવા છતાં દ્રવ્યને અવલંબે પોતાના કર્તા-કર્મથી થઈને પરિણતિ ઊભી છે - ત્યાં ઉત્પાદ છે. આહા..હા..! 'દેવીલાલજી' ! ભાઈ ! જરી ઝીણું છે, હોં !

આ તો 'પ્રવચનસાર' છે ને ! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવની (જે) દિવ્યધ્વનિ છે તેનો આ સાર છે, પ્રભુ ! આહા..હા..! ભગવાન તો રહી ગયા બહાર - મહાવિદેહમાં. આહા..! તેમને 'કુંદકુંદાચાર્યે' પોતાની પરિણતિથી સાંભળ્યા. આહા..હા..! તેઓ અહીં આવીને સંદેશ આપે છે – ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા આમ ફરમાવે છે. એ 'પ્રવચનસાર' છે આ. 'પ્ર' નામ વિશેષે, વચનો – દિવ્યધ્વનિનો સાર છે. આહા..હા..! ('કુંદકુંદાચાર્ય' કહે છે કે) આમ ભગવાન ત્યાં કહેતા હતા અને અમને પણ એમ બેઠું છે અને અમે કહીએ છીએ કે આહા..હા..!

આત્મા જ્યારે સર્વજ્ઞ થાય છે (ત્યારે) તે સર્વજ્ઞની પર્યાયની ઉત્પત્તિમાં દ્રવ્યઘાતિ કર્મનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નાશ થાય છે તે તેના પર્યાયનો પલટવાનો કાળ છે માટે (નાશ થાય છે). આહાહા ! અને અશુદ્ધતાનો પણ ત્યાં અભાવ થવાનો કાળ છે માટે અભાવ થાય છે. આહા..હા..! એવી અશુદ્ધતાના અભાવની (અપેક્ષાનો) પણ અભાવ કરીને... અહીં તો (અશુદ્ધતાને) દૂર કરીને એમ કીધું છે ને ? પણ એનો અર્થ એ. ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી પ્રભુ (છે). સર્વજ્ઞ સ્વભાવના લક્ષે (પોતાથી) કર્તા-કર્મપણે ઉત્પન્ન થતા.. આહા..હા..! એ ભાવઘાતિની પર્યાય હીણી ને વિપરીત (દશાનો) વ્યય થાય છે અને પરમાણુની ઘાતિકર્મની પર્યાય પણ તે કાળે અકર્મરૂપે થવાની હતી (તો) તે (રૂપે) થાય છે. તેણે (જીવે) (જડ) ઘાતિ ને ભાવઘાતિ (કર્મનો) નાશ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે (છે). આહા..હા..! કથન શૈલીમાં વસ્તુને લેવી ગજબ વાત છે ! પંડિતજી ! આ અમારે પંડિતજી મોટા પ્રોફેસર છે. સંસ્કૃત, વ્યાકરણ... આવી વાત છે. આહા..હા..!

શ્રોતા :– વ્યય અને ઉત્પાદ પર્યાયનો સ્વભાવ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનો સ્વભાવ છે. પોતાનો પોતાથી થાય છે - એમ અહીં સિદ્ધ કરવું છે. ઓહોહો ! અહીં (અજ્ઞાની) તો દુનિયાનું કરી દઈએ ને દુનિયાનું આમ કરી દઈએ. (આવું બોલે એટલે) સભામાં એવા માણસ ભેગા થાય ને લોકો રાજી થાય. એક બીજાને મદદ કરવી. હમણાં લોકો સૂત્ર બહુ મૂકે છે, ચૌદ રાજુ - લોકનું ચિત્ર મૂકીને નીચે લખે છે - '**परस्पर उपगहो जीवानाम्**' - પરસ્પર ઉપકાર કરે છે. 'સર્વાર્થસિદ્ધિ વચનિકા'માં લખ્યું છે કે એ શબ્દનો અર્થ એવો છે કે અહીં (ઉપાદાનમાં કાર્ય) થાય છે ત્યારે એક નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! આવું છે ! એ હમણા બહુ ચાલ્યું છે. ચૌદ રાજુ - લોકનું પૂતળું મૂકે એટલે લોકોને સારું લાગે. આહાહા ! આપણને બીજા ઉપકાર કરે તો આપણને લાભ થાય (અને) આપણે બીજાને ઉપકાર કરીએ તો તેને લાભ થાય (એમ માને). આહા..હા..! 'શ્રીપાલજી' ! આહા..હા..!

અહીં તો પ્રભુ એમ કહે છે કે વસ્તુનું સ્વરૂપ એવું છે નહિ. આહા..હા..! એ દ્રવ્યઘાતિકર્મના તે પરમાણુનો તે સમયે કર્મ(રૂપ) પર્યાય છૂટીને અકર્મરૂપ થવાનો – (કર્મરૂપ પર્યાયનો) વ્યય થઈને અકર્મની પર્યાયપણે ઉત્પન્ન થવાનો – કાળ છે અને અશુદ્ધતાનો પણ તે કાળે વ્યય (થવાનો) જ તેનો કાળ (છે). આહા..હા..! ત્યારે ઉત્પત્તિની અપેક્ષાએ દ્રવ્ય અને ભાવઘાતિ કર્મોનો નાશ કર્યો અને '**સ્વયમેવ આર્વિભૂત થયો**' આહા..હા..! (અર્થાત્) સર્વજ્ઞપર્યાય પોતે કર્તા-કર્મ-કરણ(પણે) થઈને અંદરથી ઊભી થઈ. એ સર્વજ્ઞની પર્યાય પર્યાયની કર્તા, પર્યાય કર્મ, પર્યાય સાધન, પર્યાય અપાદાન, પર્યાય સંપ્રદાન ને પર્યાય આધાર (છે). આહા..હા..! આવી વાત બેસવી (કઠણ પડે.. !)...

શ્રોતા :– તેને જ્ઞેયની પણ અપેક્ષા નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– જ્ઞેયની તો અહીં વાત જ ક્યાં છે ! એ જ્ઞાન પોતે પોતાથી થયું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે (અને) તે જ્ઞેયને જાણે છે એમ પણ નથી. એ તો જ્ઞાનના પર્યાયનો પોતાનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે, તેથી તે પોતાના કર્તા-કર્મપણે ઊભી થઈ છે. આહા..હા..! લોકાલોક છે માટે અહીં સર્વજ્ઞની પર્યાય ઊભી થઈ (છે) એમ નથી. આહા..હા..! અને પૂર્વની મતિજ્ઞાન આદિની (જે) ચાર અપૂર્ણ પર્યાય હતી તેનો વ્યય થયો (માટે તે) ઉત્પન્ન થઈ - એમ પણ નથી. પોતે જ તેનો વ્યય કરીને પોતે ઉત્પન્ન કરી છે. આહા..હા..! (અપૂર્ણ પર્યાયનો) વ્યય થવા છતાં પણ ઉપાદાનને આધારે તે ધ્રુવ છે. (અર્થાત્) તે ધ્રુવનું ઉપાદાન ત્યાં પડ્યું છે. આહા..હા..! આવો **'સ્વયંભૂ કહેવાય છે.'**

(તે) સ્વયમેવ પ્રગટ થયો (હોવા) છતાં... આહા..હા..! અહીં (અજ્ઞાની) તો કહે છે કે વજ્રનારાચસંહનન હોય તો કેવળજ્ઞાન થાય, મનુષ્યનો ભવ હોય તો (કેવળજ્ઞાન) થાય ! અહીં તો કહે છે કે પ્રભુ ! તું એમ રહેવા દે, ભાઈ ! આહા..હા..! તારું સર્વજ્ઞપણું જે (કાળે) પ્રગટ થશે તે કાળે તે પર્યાય પોતે કર્તા, કર્મ ને સાધન (પણે) થઈને (-પરિણમીને પ્રગટ) થશે. તેને કોઈ નિમિત્તનું સાધન, મનુષ્યપણાનું સાધન છે માટે સર્વજ્ઞ પર્યાય થઈ, મનુષ્યભવમાં જ સર્વજ્ઞ પર્યાય થાય માટે (મનુષ્યનો) ભવ છે માટે થઈ, વજ્રનારાચસંહનન હોય ત્યાં જ સર્વજ્ઞપણું થાય માટે વજ્રનારાચસંહનનને કારણે કેવળજ્ઞાન થયું - એમ નથી. અરેરે...! આવી વાતું ! આહાહા !

**'આથી, એમ કહ્યું કે...'** છે (અંદર) ? આ કહ્યું એથી એમ કહ્યું કે આમ કહ્યું તેથી એમ કહ્યું કે **'નિશ્ચયથી પરની સાથે આત્માને (ક્રિયાના) કારકપણાનો સંબંધ નથી.'** આહા..હા..! એ ક્રિયાના કારકો જે પરિણતિમાં ઊભા થયા... એ ક્રિયાના પરિણતિના કારક છે ને ? એવા આત્માને ક્રિયાના કારકપણાનો સંબંધ બીજા સાથે નથી. આહા..હા..! **'કે જેથી શુદ્ધાત્મ સ્વભાવની પ્રાપ્તિને માટે...'** પૂર્ણાનંદના નાથને પૂર્ણાનંદની પર્યાયપણે પ્રાપ્ત થવા માટે **'સામગ્રી (-બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતા...'** (અર્થાત્) મનુષ્યપણું હોય, ગુરુ હોય, સામે કેવળી હોય, વજ્રનારાચસંહનન હોય એવી બાહ્ય સામગ્રી **'શોધવાની વ્યગ્રતાથી જીવો (નકામા) પરતંત્ર થાય છે.'** આહા..હા..હા..હા..!

(કોઈ એમ માને કે) રાગ બહુ મંદ કરું તો મને સર્વજ્ઞપણું થાય, ઘણો જ કષાય (મંદ કરું), દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ, તેમની પૂજા, તેમનું પંચ પરમેષ્ઠિનું સ્મરણ (કરું) તેથી મને સર્વજ્ઞપણું થાય - એ બહારની સામગ્રી શોધવી રહેવા દે બાપુ ! આહા..હા..! કહો, સમજાણું કાંઈ ? આવી વાત છે, ભાઈ ! જગતથી બહુ જુદી (છે). આહા..હા..!

એવા **'બાહ્ય સાધનો શોધવાની...'** (એટલે કે) નિમિત્તો સારા મળે તો મને સર્વજ્ઞપણું થાય, દેવ-ગુરુ મળે તો સર્વજ્ઞપણું થાય, શાસ્ત્રને ખૂબ વાંચું અને જ્ઞાન થાય તો મને સર્વજ્ઞ(પણું) થાય... આહા..હા..! એવી બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતા - આકુળતા કરીને જીવો નકામા પરતંત્ર થાય છે. તેને બાહ્ય સાધનની કોઈ જરૂર નથી. આવી ભારે આકરી વાતું, ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– હવે અમારે શું કરવું પણ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ અંદરમાં આત્મા તરફની પરિણતિ કરવી એ (કરવું). એ પરિણતિ ષટ્કારકરૂપે પરિણમે છે, માટે (તે) પરિણતિથી તે કામ થાય છે. આહા..હા..! નિશ્ચયથી (તો) સર્વજ્ઞપર્યાય પૂર્વની છ કારકની પરિણતિથી પણ નથી થતી. પૂર્વની પર્યાયમાં મોક્ષમાર્ગની ષટ્કારકની પરિણતિ છે તેથી પછીની (પર્યાયમાં) સર્વજ્ઞ થાય છે - એમ પણ નથી. તે સમયે સર્વજ્ઞની પર્યાયનો ઉત્પત્તિનો તે કાળ છે તે ષટ્કારકની પરિણતિથી તે ઉત્પન્ન થાય છે. આવો માર્ગ છે, 'ચીમનભાઈ' ! બાપુ ! અરે ! ભાગ્યશાળીને જ આવી વાતું મળે, બાપા ! શું કહીએ ? અરે...! ભગવાનના વિરહ પડ્યા...

શ્રોતા :– આપની કૃપાથી તો થાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોઈની કૃપા લાગુ ન પડે, ભાઈ ! આહા..હા..! ભગવાન ત્યાં– મહાવિદેહમાં રહી ગયા અને આવી વાતું અહીં રહી ગઈ. આહા..હા..! ભગવાન એમ કહે છે કે તારી સર્વજ્ઞની પર્યાયની પ્રાપ્તિને માટે મારી અપેક્ષાની તને જરૂર નથી. આહા..હા..! મારી તો (જરૂર) નથી પણ તારી પૂર્વની જે મોક્ષના માર્ગની પર્યાય છે તેની પણ કેવળજ્ઞાન થવા માટે અપેક્ષા નથી. આહાહા ! 'રસિકભાઈ' ! આવું છે. ભગવાન તારું સ્વરૂપ સ્વતંત્ર (છે), પ્રભુ ! આહા..હા..!

શ્રોતા :– 'રસિકભાઈ'ને સોનગઢ આવવાની જરૂર નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવે છે ને ! એ તો કહ્યું હતું ને કે નિમિત્તથી થતું નથી. 'કેશવલાલભાઈ' 'વઢવાણ' (રહે) છે ને ? એને બીજાએ પૂછ્યું કે તમે નિમિત્તથી (કાર્ય થવું) માનતા નથી તો ત્યાં (સોનગઢ) જાઓ છો શું કરવા ? (તો આમણે કહ્યું) ''નિમિત્તથી થતું નથી એ દઢ કરવા જઈએ છીએ.'' શું સ્વતંત્રતાના ઢંઢેરા ! આહાહા !

**ભાવાર્થ :– 'કર્તા', 'કર્મ'** - કાર્ય, **'કરણ'** - સાધન, **'સંપ્રદાન'** - રાખવું (અર્થાત્) જેને માટે કરવું તે, **'અપાદાન'** - જેનામાંથી થાય, **'અને અધિકરણ'** - જેને આધારે (થાય તે). **'એ છ કારકોના નામ છે.'** ***પણ આ છ કારકો પર્યાયના છે, દ્રવ્યના નહિ. (કેમકે) દ્રવ્યના (કારકો) તો ધ્રુવ(પણે) પડ્યા છે. આ પરિણમનના ષટ્કારકો છે, એટલે કે જે પરિણતિનો કર્તા છે તે કર્તા પણ તે પરિણતિ છે. તેનો કર્તા દ્રવ્યને કહેવું એ તો નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ ?*** બીજે પણ આવે છે ને ? (કે) વિકારના પરિણામમાં જીવ નિમિત્ત છે, એમ નિર્મળ પરિણતિમાં પણ ભગવાન નિમિત્ત છે. નિર્મળ પરિણતિના ઉપાદાનના ષટ્કારક સ્વતંત્ર છે. જેમ વિકારી પરિણામમાં પણ દ્રવ્ય માત્ર નિમિત્ત છે એટલે કે તેનાથી કાંઈ (થતા) નથી, તેમ નિર્મળ પરિણતિને પ્રભુ ! આહાહા ! સમ્યગ્દર્શનની પર્યાયને (પણ) દ્રવ્યના નિમિત્ત(પણાની) અપેક્ષા નથી. દ્રવ્ય નિમિત્ત કહેવાય (પણ) ઉપાદાન નહિ. આહા..હા..! એ ધ્રુવ ઉપાદાન છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો પર્યાયમાં હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાયને જ સંબંધ હોય ને ! બીજા કોને સંબંધ હોય ? દ્રવ્યને કાંઈ સંબંધ છે જ નહિ. દ્રવ્ય તો છે એ છે ! એમને એમ ધ્રુવ (છે) પણ નિમિત્ત-નૈમિત્તિકસંબંધમાં પણ તે નિમિત્તને લઈને નૈમિત્તિક(પર્યાય) થઈ છે એમ નથી. આહા..હા..! સર્વજ્ઞપણું થાય છે તે લોકાલોક છે માટે સર્વજ્ઞપણું થાય છે એમ નથી. આહા..હા..!

એ મોટી ચર્ચા (સંવત) ૧૯૮૩મી સાલમાં 'દામનગર' થઈ હતી. 'વિરજીભાઈ' કહે કે લોકાલોક છે માટે જ્ઞાન નથી. 'દામોદર શેઠ' કહે કે લોકાલોક છે તો જ્ઞાન છે. એ પ્રશ્ન ઉઠ્યો. એ લોકો ઉપર બેઠા હતા, હું નીચે હતો. તે (પ્રશ્ન) લઈને નીચે આવ્યા કે આમાં કેમ છે ? મેં કહ્યું કે લોકાલોક છે માટે જ્ઞાનની પર્યાય છે -એમ બિલકુલ નથી. જ્ઞાનની પર્યાય, પર્યાયને કારણે સ્વતંત્ર ઊભી થઈ છે. આહા..હા..! (પણ તે) "લોકાલોકને જાણે છે ને ?" લોકાલોકને જાણે છે એ કહેવું તે અસદ્‌ભૂત વ્યવહાર છે. (ખરેખર તો) પોતાની પર્યાયથી પર્યાય પોતાને જાણે છે. એ પરિણતિને જાણવાનું, ભાઈ ! આપણે આવી ગયું ને ? કે જ્ઞાનની જે પરિણતિ છે તે પોતાના દ્રવ્ય-ગુણને અને પરના દ્રવ્ય-ગુણ-પર્યાયને પોતે જાણે છે. એ તો પરદ્રવ્ય-ગુણ-(પર્યાય) છે માટે પરિણતી પરને જાણે છે એમ નથી. આહા..હા..! આવો માર્ગ સાંભળવો કઠણ પડે. અરે..! માર્ગ તે માર્ગ છે ! આહા..હા..! (પણ) લોકો ક્યાં-ક્યાં માનીને બેઠા છે ? આહા..હા..!

***આ ક્રિયાના કારક છે. એ પહેલા એક વખત વાત થઈ હતી કે આ દ્રવ્યના-ગુણના કારક નથી. આ પરિણતિના કારક છે. દ્રવ્ય-ગુણના તો ધ્રુવ કારક છે. (એ તો) ધ્રુવપણે પડ્યા છે. તેને પરિણમવું કે બદલવું ત્યાં નથી. સમજાય છે કાંઈ ? આહાહા ! અરે.. પ્રભુ ! લોકોને આકરું લાગે અને એવું લાગે છે કે આ તો નિશ્ચયાભાસ જેવું છે.*** અરે...! વ્યવહારને તો ઊડાવી જ દે છે. વ્યવહારને રાખે છે. પણ વ્યવહારથી થાય છે એમ નહિ એનો અર્થ એ (છે). નિમિત્તને નિમિત્ત તરીકે રાખે છે. નિમિત્તની ષટ્કારક પરિણતિ નિમિત્તમાં છે. આની - (ઉપાદાનની) ષટ્કારક પરિણતિ પોતાનામાં છે. બેય વસ્તુ છે. આહા..હા..!

એ છ કારકોની ક્રિયા એટલે પરિણતિ - અવસ્થા. તેના છ કારકોનાં (કર્તા, કર્મ આદિ) નામ છે. હવે તેનો ખુલાસો.. આહા..હા..! **'જે સ્વતંત્રપણે (સ્વાધીનપણે) કરે તે કર્તા.'** (અર્થાત્) પર્યાય પોતે સ્વાધીનપણે (પોતાને કરે છે). સ્વાધીનપણે તે (-પર્યાય) પર્યાયની કર્તા પર્યાય (છે). તેને દ્રવ્યનો પણ આશ્રય નહિ એટલે અવલંબન નહિ. આહા..હા..! (પર્યાય) અવલંબન કરે છે પણ તે અવલંબન પોતે કર્તા થઈને કરે છે. એ દ્રવ્ય છે માટે તેને અવલંબન કરવું પડે છે (એમ નથી). આહા..હા..! વીતરાગ...વીતરાગ માર્ગ બાપુ ! આહા..હા..! જૈનમાં જન્મ્યા તેને પણ ખબર ન મળે તો અન્યને તો આ વાત છે જ ક્યાં ? આ છે જ ક્યાં ક્યાંય ? આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'જે સ્વતંત્રપણે (સ્વાધીનપણે) કરે તે કર્તા.'** સ્વ + આધીન. (એટલે કે) પર્યાય (જે) થાય છે (તે) સ્વાધીનપણે થાય છે. માટે નિર્મળ પર્યાય છે તે કર્તા (છે). **'કર્તા જેને પહોંચે-પ્રાપ્ત કરે તે કર્મ.'** સ્વતંત્ર(પણે) કરે તે કર્તા (છે) અને કર્તાનું ઇષ્ટ તે કર્મ (છે). જડને ભલે ઇષ્ટ - અનિષ્ટપણું નથી (છતાં) પણ તેની પરિણતિનું (જે) કાર્ય છે એ પરિણતિનું કર્મ છે. પરમાણુની પર્યાયમાં પણ (ષટ્કારક છે). આહા..હા..!

આ આંગળી આમ ચાલે છે તેની જે આ પર્યાય છે તે પર્યાયના ષટ્કારકો છે તેને લઈને થાય છે. આત્માને લઈને નહિ (અને) તેના પરમાણુના દ્રવ્ય-ગુણને લઈને પણ નહિ. આહા..હા..! એ હલવાની પર્યાય પોતે કર્તા અને એ પર્યાય (તેનું) પોતાનું કાર્ય (છે). (આમ) એક સમયમાં ષટ્કારકની પરિણતિ જડમાં ને ચૈતન્યમાં ઊભી થાય છે. આહાહા ! તેથી 'પ્રવચનસાર'ની ૧૦૧ ગાથામાં કહ્યું ને ? (કે) ઉત્પાદ ને વ્યયની અપેક્ષા નથી. ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી. આહા..હા..!

અહીં કહ્યું કે ઉત્પત્તિ (અપેક્ષાએ) દ્રવ્યકર્મનો અને ભાવકર્મનો નાશ કરીને (કેવળજ્ઞાન) ઉત્પન્ન થાય છે. એ તો નાશ થાય છે તેથી (ઉપચાર) કરીને (કહ્યું છે). ***આહા..હા..! જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય તે ઉત્પાદને તેના ધ્રુવની અપેક્ષા નથી, તેને વ્યયની અપેક્ષા નથી. જે વ્યય થાય છે તેને ઉત્પાદની (કે) ધ્રુવની અપેક્ષા નથી અને ધ્રુવનું (જે) રહેવું (છે) તેને ઉત્પાદ-વ્યયની અપેક્ષા નથી. એ તો પોતાને કારણે સ્વતઃ રહે છે. આહાહા*** ! આવી વાતું આકરી પડે. 'શશિભાઈ' ! શું થાય ? બાપુ ! માર્ગ તો આ છે, ભાઈ ! લોકોએ કંઈ-કંઈ વીંખી નાખ્યો એટલે કાંઈ સત્ય બીજું થાય ? આહા..હા..! આ તો સત્ છે.

***પર્યાય પણ સત્ છે. એ ષટ્કારકથી પરિણમે છે તે પરના હેતુ વિના પરિણમે છે. તે અહેતુક સત્ છે. આહા..હા..!*** સાધારણ માણસને - અજાણ્યાને તો એવું લાગે કે આ શું કહે છે પણ ? કંઈ પકડાય નહિ એટલે આ ક્યા દેશની ભાષા - વાત છે (તેમ થાય). આહા..હા..! બાપુ ! તારા ઘરની વાત છે, ભાઈ ! વાત છે તારા ઘરની. (છતાં પણ) વાત, વાતમાં છે (અને) પરિણામ - પરિણતિ પર્યાયમાં છે. આહા..હા..!

(કહે છે કે) **'કર્તા જેને પહોંચે - પ્રાપ્ત કરે તે કર્મ-'** પ્રાપ્ય. એટલે કે તે વખતે તે જ પર્યાય છે તેને કર્તા પહોંચી વળે છે. આહા..હા..! પર્યાય, હોં ! પર્યાય, પર્યાયને પહોંચી વળે છે. આહા..હા..! **'સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધન તે કરણ'** છે. એ પર્યાય જ પોતે સાધન છે. આહા..હા..! એક સમયની પર્યાયમાં ષટ્ભાગ ? (ષટ્કારક) ? અરે...! એક સમયની પર્યાયમાં તો અનંતા અવિભાગપ્રતિછેદ છે. આહા..હા...!

શ્રોતા :– એમાં પછી અનંતી સપ્તભંગી !

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનંત અનંત છે, બાપુ ! આહા..હા..! એક સર્વજ્ઞની ત્રણકાળ-ત્રણલોક, અનંતા કેવળીને જાણે, એવી એક સમયની પર્યાયમાં કેટલી તાકાત થઈ ? આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ પર્યાયની કર્તા પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, એ પર્યાયનું સાધન પર્યાય (છે). લોકાલોક છે માટે તે (સર્વજ્ઞપણું છે) એમ નહિ, વજ્રનારાચસંહનન છે માટે (કેવળજ્ઞાન) થયું છે એમ નહિ, મનુષ્યપણું છે માટે સર્વજ્ઞપણું થયું છે એમ નહિ. આહા..હા..! આ તો અરિહંતની દશા શું (છે) તેની વાત છે. આહા..હા..!

(કહે છે કે) **'સાધકતમ (અર્થાત્) ઉત્કૃષ્ટ સાધન તે કરણ'** (છે). 'તમ' છે ને 'તમ' ! એટલે (ઉત્કૃષ્ટ કહ્યું છે). એ ધર્મની નિર્મળ પરિણતિ ઉત્પન્ન થવામાં એ પર્યાય પોતે ઉત્કૃષ્ટ સાધન છે. આહાહા ! ભગવાનની ભક્તિ કરી, ખૂબ સ્તુતિ કરી ને વજ્રનારાચસંહનન મળ્યું માટે તે પરિણતિ થઈ છે એમ નથી. આવો ઉપદેશ ક્યા ઘરનો છે ? બાપુ ! તારા ઘરની વાત જ આવી છે, ભાઈ ! દ્રવ્યે તો તું ત્રિકાળ પડ્યો છો, એને કોઈ ઉત્પાદ-વ્યયની અપેક્ષા નથી પણ (તારા) ઉત્પાદ-વ્યયને ધ્રુવની (પણ) અપેક્ષા નથી. આહા..હા..! એ (વાત) તો આગળ ૧૦૧ (ગાથામાં) આવશે.

(અહીં કહે છે) **'ઉત્કૃષ્ટ સાધન તે કરણ'** છે. સમ્યગ્દર્શનની પર્યાયમાં પણ સાધન પોતે - પોતાની પર્યાય છે. ત્યાં દ્રવ્ય-ગુણ પણ સાધન નહિ. આહા..હા..! એમ કેવળજ્ઞાનની પર્યાયમાં પણ ઉત્કૃષ્ટ સાધન પર્યાય છે, દ્રવ્ય-ગુણ પણ નહિ. (કેમકે) દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે, પર્યાયથી ભિન્ન છે. ભિન્નની અપેક્ષા ભિન્નને નથી. પર્યાય, દ્રવ્યથી ને ગુણથી ભિન્ન છે ને ? આહાહા ! આવું છે, ભાઈ ! આહા..હા..! થોડું ન પકડાય (તો) રાત્રે પૂછવું. આ તો બહુ અલૌકિક વાતું છે, ભાઈ !

શ્રોતા :– રાત્રે પૂછીએ તો આપ અમારી પોલ જાણી જાઓ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ જરા ઝીણી વાત છે ને, બાપા ! ભગવાન ! તારી વાતું ઝીણી બહુ પ્રભુ ! ન સમજાય અને સમજવા માટે પૂછવું એમાં કાંઈ (નાનપ નથી). અરે..રે..! આવું સાંભળવાનો જેને જોગ પણ નથી તેની શું દશા ? આહા..હા..!

હવે (કહે છે કે) **'કર્મ જેને દેવામાં આવે...'** એ પર્યાય થઈ (તે) જેને માટે થઈ હતી (એટલે કે) તે જેને દેવા માટે થઈ હતી (અર્થાત્) પર્યાય, પર્યાયને દેવામાં આવે (તે સંપ્રદાન છે). આહા..હા..! **'અથવા જેના માટે કરવામાં આવે તે સંપ્રદાન'** (છે). છે ને ખુલાસો ? **'કર્મ જેને દેવામાં આવે...'** (અર્થાત્) પર્યાય, પર્યાયને દેવામાં આવે છે. **'અથવા જેના માટે કરવામાં આવે.'** (અર્થાત્) પર્યાયને માટે પર્યાય કરવામાં આવે છે. આહા..હા..! આ કાંઈ 'સોનગઢ'ના સૂત્રો નથી. (કોઈ) કહે કે 'સોનગઢ'ના અર્થ આવા છે ! પણ આ ક્યાં ('સોનગઢ'નું છે) ? અરે... ભગવાન ! આહા..હા..! સાચો માર્ગ સાંભળવામાં ન આવે તો તે ક્યારે વિચારે ? ક્યારે રુચિ કરે ? અને ક્યારે પરિણમાવે ? આહાહા ! દુર્લભ વસ્તુ થઈ પડી ! છતાં સ્વરૂપ છે તે સુલભ છે. આહા..હા..! (કેમ કે) છે તેની પરિણતિ પ્રગટ કરવી છે ને ? આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સંપ્રદાનમાં બે વાત થઈ. (૧) 'કાર્ય (કર્મ) જેને દેવામાં આવે.' એટલે કે પર્યાય જેને દેવામાં આવે - પર્યાય, પર્યાયને દેવામાં આવે (છે). (૨) 'અથવા જેના માટે કરવામાં આવે' પર્યાયને માટે પર્યાય કરવામાં આવે (છે). આહા..હા..! સમજાણું ? આનું નામ સંપ્રદાન કહીએ. સંપ્રદાનના બે અર્થ કર્યા. (૧) જેને દેવામાં આવે - પર્યાય, પર્યાયને દેવામાં આવે (છે). માટે પર્યાય સંપ્રદાન (છે). (૨) જેને માટે કરવામાં આવે - પર્યાયને માટે પર્યાય કરવામાં આવે છે. આહા..હા..! (માટે એ પર્યાય) સંપ્રદાન છે.

(હવે કહે છે કે) **'જેમાંથી કર્મ કરવામાં આવે...'** જેમાંથી કાર્ય કરવામાં આવે **'એવી ધ્રુવ વસ્તુ તે અપાદાન'** (છે). પર્યાયનો આશ્રય નિમિત્તથી ધ્રુવ છે. **'ધ્રુવ વસ્તુ તે અપાદાન'** છે. જોયું ? ધ્રુવથી (પર્યાય) થાય છે (એમ કહ્યું). પર્યાય થાય છે તો પર્યાયથી પણ (તે) વ્યય થઈને થાય છે. ધ્રુવ છે તેથી થાય છે તેમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! **'ધ્રુવ વસ્તુ તે અપાદાન'** છે. અહીં ધ્રુવને અપાદાન કહ્યું છે. છે તો ક્રિયાના- પરિણતિના ષટ્કારક છે. પણ પરિણતિ બદલતા ધ્રુવનો આશ્રય છે, બદલી છતાં - વ્યય થઈ છતાં એનો (ધ્રુવનો) આશ્રય છે. માટે ધ્રુવથી થઈ એમ કહેવામાં આવે છે. આહા..હા..!

શ્રોતા :– જેમ સમય નિયત છે તે સમયે પર્યાય થઈ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પર્યાય નક્કી જ છે. પણ બદલીને થઈ (છે). (તો) બદલીને થઈ ત્યારે રહી કેમ ? કે ધ્રુવ છે માટે રહી છે. (નિશ્ચયથી) રહી છે તો પોતાને કારણે. (પર્યાય) ગઈ અને (તે) રહી કેમ ? એક (પર્યાય) જાય ને બીજી રહે એમ કેમ ? - કે ધ્રુવ વસ્તુ છે તેને લક્ષે તે રહે છે. અહીં તો લક્ષ આત્માનું છે એટલે (આત્માની વાત છે) પણ જડમાં પણ એમ છે. પરિણતિ (જ્યાં) બદલાય છે ત્યાં ધ્રુવપણું છે. તેથી ઉત્પત્તિ તો ત્યાં અપાદાનને કારણે રહે છે. આહાહા ! બહુ જીણું, ભાઈ ! આવું તો બાપદાદાએ પણ સાંભળ્યું નહોતું કોઈ દિ' !

અમારા પિતાજી સવારમાં દાતણ કરે અને જય નારાયણ કરતાં. હતા જૈન પણ કાંઈ ખબર નહિ ને ! એ પણ બોલતા 'પારસનાથ પરચો પૂરે,' શું બોલતા બીજું ? 'શાંતિનાથ શાતા કરે', 'પારસનાથ પરચો પૂરે' પછી કાંઈક બે-ત્રણ બોલ હતા ખરા ! નાની ઉંમરમાં સાંભળતાં. ભોળા માણસ બિચારા ! અરેરે...! અમારે 'ગાંડાભાઈ' હતા. 'ફાવાભાઈ'ના બાપ. એ વળી સત્યનારાયણની કથા બેસાડતા. સ્થાનકવાસી જૈન સત્યનારાયણની કથા બેસાડે ! એ ખબર છે અમને, 'પાલેજ'માં હતાં. આહા..હા..! સત્યનારાયણ તો આ પોતે ભગવાન (આત્મા) છે. તેની કથાની પરિણતિ એ સત્યનારાયણની કથા છે. (આ) વાણી નહિ.

સત્ ચિદાનંદ પ્રભુ (આત્માની) પરિણતિ (થવી) તે સત્ય નારાયણની કથા છે. હવે એની ખબરું ન મળે અને જે સાંભળવા આવ્યા હોય તેને એમ કહે કે પ્રસાદી લીધા વિના જાશે તો નુકસાન થાશે ! એવું સત્યનારાયણની કથામાં આવે છે. ફલાણી પ્રસાદી વિના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગયા એટલે એનું વહાણ બૂડી ગયું ! માળા ગપેગપ માર્યા છે બધાં ! આ બિચારા ભોળા માણસો (એને) કાંઈ ખબરું ન મળે ! આહા..હા..! એનો અર્થ એ કે કથા સાંભળવાવાળા ઠેઠ સુધી બેસી રહે, એ હેતુએ આ લાકડું લગાડી દીધું કે પ્રસાદી લીધા વિના જાય તો નુકસાન થાય ! જુઓ ! ફલાણાનું વહાણનું નુકસાન થયું એમ આવે છે. સત્યનારાયણની કથામાં આવે છે. આવે છે ને ! ખબર છે. સાંભળી છે ? આહા..હા..!

અહીં સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સત્‌નારાયણ (છે) જે નરમાંથી નારાયણ થઈ શકે તેવી એનામાં તાકાત છે. આહા..હા..! નર એટલે મનુષ્યની ગતિનો ઉદય. આહા..હા..! તેનો અભાવ કરીને નારાયણ નામ સર્વજ્ઞ પર્યાય ઉત્પન્ન કરે એવી શક્તિવાળું (તે) સ્વતઃ તત્ત્વ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ ? આવી વાત (છે). એક કલાકમાં કેટલી વાતું (આવે) ! આહા..હા..!

(હવે કહે છે કે) **‘જેમાં અર્થાત્ જેને આધારે કર્મ કરવામાં આવે તે અધિકરણ’** (છે). કર્મ એટલે કાર્ય. ***પર્યાયમાં પર્યાયનું કાર્ય પર્યાયને આધારે થાય. દ્રવ્યને આધારે નહિ, ગુણને આધારે નહિ (અને) નિમિત્તને આધારે નહિ. આહા..હા..!***

**‘આ છ કારકો વ્યવહાર અને નિશ્ચય એમ બે પ્રકારનાં છે.’** હવે છ પ્રકારના કારકો વ્યવહારથી–જૂઠાથી પણ છે અને નિશ્ચયથી–સાચાથી પણ છે (એમ કહે છે). **‘જ્યાં પરના નિમિત્તથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં વ્યવહાર કારકો...’** કહેવાય છે. ઘડો કુંભારે કર્યો એમ કહેવામાં આવે એ વ્યવહાર છે, એ જૂઠું છે. આહા..હા..! **‘અને જ્યાં પોતાના જ ઉપાદાન કારણથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં નિશ્ચય કારકો છે.’** આહા..હા..! આવું સ્પષ્ટ કથન (છે) પણ કોણ સાંભળે ? (લોકો) બહારના ક્રિયાકાંડમાં પડી ગયા ને થઈ રહ્યું. વસ્તુ, વસ્તુ તરીકે રહી ગઈ (અને) જિંદગી ચાલી (જાય). આહા..હા...!

હવે વ્યવહારના કારકો બતાવે છે. **‘વ્યવહાર કારકોનું દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ કુંભાર કર્તા છે; ઘડો (તેનું કાર્ય) કર્મ છે.’** એ વ્યવહારના જૂઠા કારક છે, અસત્ય કારક છે. આહા..હા..! **‘કુંભાર કર્તા છે; ઘડો કાર્ય (કર્મ) છે; દંડ, ચક્ર દોરી વગેરે સાધન (કરણ) છે.’** એ જૂઠા સાધન કહેવામાં આવે છે. આહા..હા..! **‘જળ ભરનાર માટે કુંભાર ઘડો કરે છે તેથી જળ ભરનાર સંપ્રદાન છે.’** એ જૂઠું સંપ્રદાન છે. (કેમકે) પર માટે (કરે છે એમ) કહ્યું ને ? (એટલે) **‘ટોપલામાંથી માટી લઈને ઘડો કરે છે. તેથી ટોપલો અપાદાન છે.’** આહા..હા..! એ જૂઠું છે. **‘જમીનના આધારે ઘડો કરે છે’** જમીન હેઠે છે તો ઘડો થાય છે. **‘તેથી જમીન અધિકરણ છે’** (એ પણ જૂઠું છે).

**‘આમાં બધાંય કારકો જુદાં જુદાં છે.’** (એટલે કે) જુદી ચીજ કર્તા, જુદું કાર્ય, આધાર જુદો, અપાદાન જુદું. **‘અન્ય કર્તા છે, અન્ય કર્મ છે.’** (અર્થાત્) કુંભાર કર્તા છે (ને) ઘડો કર્મ છે. **‘અન્ય કરણ છે.’** સાધન જુદું છે. **‘અન્ય સંપ્રદાન’** (છે). બીજાને માટે (તે કરે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે). **'અન્ય અપાદાન'** (છે). કોઈકથી થવું. **'અન્ય અધિકરણ છે.'** કોઈકને આધારે (કરે છે). **'પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું કર્તા-હર્તા થઈ શકતું નથી.'** આહા..હા..! પરની પર્યાયને બીજું દ્રવ્ય કરી શકતું નથી. સામાને (શ્રોતાને) જે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય, તેમાં શબ્દો અને વાણી-ઉપદેશ છે તેથી ત્યાં (જ્ઞાન) થાય છે એમ નથી. આહા..હા..! પણ પહેલું આવું જ્ઞાન ખ્યાલમાં ન હતું અને પછી (ખ્યાલમાં) આવ્યું તો આ શબ્દોથી થયું કે નહિ ? (તો કહે છે) એ ખ્યાલમાં જે આવ્યું તે પર્યાયનો કર્તા પર્યાય છે, શબ્દથી તે નવું જ્ઞાન થયું તેમ નથી. આહાહા ! બહુ ગૂઢ વાતું, ભાઈ ! 'નવરંગભાઈ' ! ઠીક બરાબર ટાઈમમાં અહીં છો. છે ને છોકરો છે કે નહિ ? ઠીક ! (બહારના) ભણતર કરતાં આ બધી બીજી જાત છે. આહા..હા..! આવું છે.

(હવે કહે છે કે) **'કોઈ દ્રવ્ય કોઈનું કર્તા-હર્તા થઈ શકતું નથી.'** (બીજાની) પર્યાયનો હોં ! (બીજા) દ્રવ્યનો એમ નહિ. કોઈ દ્રવ્યની પર્યાય, કોઈ દ્રવ્યની પર્યાયની કર્તા-હર્તા છે નહિ. દ્રવ્યને તો શું કરે ? દ્રવ્ય તો છે. કોઈ દ્રવ્યની પર્યાય કોઈ દ્રવ્યની (પર્યાયની) કર્તા-હર્તા થઈ શકતી નથી. ઘડાને કુંભાર કરી શકતો નથી, રોટલીને સ્ત્રી રાંધી શકતી નથી. આહા..હા..! સુથાર લાકડાના વાસણ બનાવી શકતો નથી. આહા..હા..! બાઈ ઘડામાં પાણી ભરી શકતી નથી. ઘડાને બાઈ ઉપાડી શકતી નથી.

શ્રોતા :– આખો વ્યવહાર ખોટો છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે ! વ્યવહારે વ્યવહાર બધો ગપ-ખોટા છે. આહા..હા..!

(અહીં કહે છે કે) પરમાર્થે કોઈ દ્રવ્યની પર્યાય (અન્ય) કોઈ દ્રવ્યની (પર્યાયની) કર્તા-હર્તા થઈ શકતી નથી. કરવું-થવું તો પર્યાયમાં છે કે નહિ ! **'માટે આ વ્યવહાર છ કારકો અસત્ય છે.'** જૂઠા છે. જૂઠા છે (એટલે કે) જૂઠી ભાષાથી કહેવામાં આવે છે. આહા..હા..! આના બાપે આ છોકરાને ભણાવીને મોટો કર્યો (તેમ કહેવું) તે જૂઠું છે એમ કહે છે. આહા..હા..! માસ્તરે તેને કેળવ્યો (એ) જૂઠું છે. રોટલી કરવા વખતે (સ્ત્રી) લોટને કેળવે છે - એ વાત જૂઠી છે એમ કહે છે. એમ ને એમ લોટ બાંધીને કાંઈ રોટલી ન થાય. (લોટને) સરખી રીતે કેળવે ત્યારે રોટલી થાય ને ? તો કહે છે કે લોટની પર્યાયને સ્ત્રી કેળવી શકતી નથી. આહા..હા..! (સુથાર) વાંસડાને ઉપાડીને વાંસડાને છોલી શકતો નથી, ઉપાડી (પણ) શકતો નથી. આહા..હા..! આવું છે.

(કહે છે કે) (આ વ્યવહાર છ) કારકો જૂઠા છે. **'તેઓ માત્ર ઉપચરિત અસદ્દ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે.'** જોયું ? આહા..હા..! એ તો ઉપચાર કહો કે વ્યવહાર કહો (એક જ છે). આરોપીત અસદ્દ્ભૂત વ્યવહાર છે. (અર્થાત્) જૂઠો વ્યવહાર છે. અરે..રે..! **'નિશ્ચયથી કોઈ દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે કારકપણાનો સંબંધ છે જ નહિ.'** વિશેષ કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૧૮૧ થી ૧૮૩, પ્રવચન નં. ૨૬૪
## તા. ૦૨-૦૭-૧૯૬૭
## [૩]

આ 'સમયસાર' 'સંવર અધિકાર' (ચાલે છે, એની) પહેલી ગાથા ૧૮૧, ૧૮૨, ૧૮૩ (છે). એની ટીકા. ચાર લીટી થઈ છે. થોડી ફરીને લઈએ, જુઓ ! એટલે આ શરૂઆતથી (લઈએ). આ બધા નવા છે ને ! 'નટુભાઈ'ને ઇ.

આ 'સંવર અધિકાર' છે. સંવર એટલે આત્મામાં શુદ્ધ આનંદની, જ્ઞાનની દશાનું થવું એનું નામ સંવર છે. સંવર એટલે ધર્મ. ધર્મ એટલે આત્મામાં પુણ્ય-પાપના રાગથી ભિન્ન અને પોતાના સ્વભાવને આશ્રયે શુદ્ધ આનંદ ને જ્ઞાનની દશાનું થવું તેને અહીંયા સંવર અને ધર્મ કહે છે. એ સંવરની વ્યાખ્યા છે.

શ્રોતા :– પોતાના શરીર સહિત લેવુંને પોતાને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– શરીર ક્યાં હતું ? શરીર કેવા, રાગ કેવા ? અહીં તો રાગ પણ એનામાં નથી. શરીર એનું નથી પણ પુણ્ય-પાપના, દયા, દાનના અને જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ આત્મામાં નથી, એ ભાવનો આધાર આત્મા નથી, એ ભાવને કારણે આત્માને બંધ થાય એમ છે નહિ. કહો, સમજાય છે કાંઈ ?

**'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** પહેલો શબ્દ. છે તમારે હિન્દી છે. ટીકાની પહેલી લીટી. **'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** એક આત્માનો બીજો આત્મા આત્માનો નથી, એક આત્માનો બીજો પરમાણુ નથી, એક પરમાણુનો આત્મા નથી, એક પરમાણુનો બીજો પરમાણુ નથી. કહો, સમજાય છે કાંઈ ? **'ખરેખર એક વસ્તુ...'** 'વસ્તુ' શબ્દ કેમ લીધો છે ? - કે એનામાં સ્વરૂપ પ્રતિષ્ઠા લેશે. એનામાં સ્વભાવ છે. એનામાં જ્ઞાન, આનંદ (છે). અહીંયા આત્માની વાત (છે). દરેક વસ્તુ (એમ છે) પણ (અહીં) આત્માની (વાત લે છે). એમાં જ્ઞાન, આનંદ, શાંતિ, પ્રભુતા આદિ જે ગુણો છે એ આત્મામાં વસેલા છે અને એ આત્માનું સ્વરૂપ છે. એટલે દરેક વસ્તુ બીજી વસ્તુની નથી. એક વાત.

**'(એટલે કે એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી) કારણ કે...'** ક્ષેત્ર ભિન્ન બતાવે છે. વસ્તુ પહેલી કીધી. હવે **'બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** બન્નેના ક્ષેત્ર ભિન્ન છે. વસ્તુ ભિન્ન છે એમ એનું ક્ષેત્ર જુદું છે. આહા..! શું કહે છે ? - કે આ આત્મા પોતે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્તુ છે એ બીજી ચીજની નથી અને બીજી ચીજ એની નથી. એક વાત. અને આ રાગ-દ્વેષ એ આત્માના નથી. દયા-દાન, કામ-ક્રોધ, પુણ્ય-પાપના ભાવ એ આત્માના નથી અને તે પુણ્ય-પાપના ભાવનું જે ક્ષેત્ર (છે) એ ક્ષેત્ર એ આત્માનું નથી.

શ્રોતા :– વસ્તુની વાત ચાલે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુ સાથે ક્ષેત્ર અને ક્ષેત્ર સાથે ભાવ ને ભાવ સાથે કાળ. એમ ચારની (વાત) ચાલે છે. આહા..! ઝીણી વાત છે, ભાઈ ! આ અધિકાર (એવો છે). સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા વસ્તુ છે. એ વસ્તુ એટલે એ શરીર, કર્મ એ નહિ, પુણ્ય-પાપના વિકલ્પો એ પોતે વસ્તુ નહિ, એ આત્મા નહિ. સમજાણું કાંઈ ? તો કહે છે કે **'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** પહેલું નથીથી (નાસ્તિથી) કહેશે પછી અસ્તિ કહેશે. આધારઆધેય સંબંધમાં સંબંધ પછી કહેશે. એમ બન્નેના પ્રદેશો દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધનો જે રાગ ઊઠે છે એ રાગનું ક્ષેત્ર, અંશ, પ્રદેશ, ભાગ જુદો છે અને ભગવાન આત્માના પ્રદેશો શુદ્ધ ચૈતન્ય રાગના પ્રદેશથી જુદા છે. ફરીને કહીએ. એ... 'સુમનભાઈ' !

આ વસ્તુ છે ને ? ભગવાન આત્મા. કહે છે કે જે અગ્નિ છે ને અગ્નિ, એમાં ધુમાડો ઊઠે છે ને ધુમાડો ! એ ધુમાડાનો ભાગ, પ્રદેશ, ક્ષેત્ર જુદું છે અને અગ્નિનું ક્ષેત્ર જુદું છે. એમ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ ભગવાન એનું ક્ષેત્ર તદ્દન પવિત્ર છે અને પુણ્ય ને પાપના વિકલ્પ ઊઠે તેનું ક્ષેત્ર મેલું (છે). એ આત્માના પ્રદેશથી ભિન્ન ક્ષેત્ર છે. ઝીણી વાત છે, ભાઈ ! ઇ અપવિત્રનું ક્ષેત્ર જુદું અને આ પવિત્રનું ક્ષેત્ર જુદું. 'શશીભાઈ' !

વસ્તુ છે ને વસ્તુ. ભગવાન આત્મા વસ્તુ છે ને ? વસ્તુ છે તો એના પોતાના જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભાવ વસેલી વસ્તુ છે. એ વસ્તુ અન્યની નથી. અન્યની નથી એટલે કે શુભ, અશુભ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ રાગ છે એની એ ચીજ નથી, તેમ રાગ આની ચીજ નથી. રાગ આત્માની ચીજ નથી, આત્મા રાગની ચીજ નથી. 'પવૈયાજી' ! સૂક્ષ્મ વાત છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

તેમ બેનું ક્ષેત્ર એક નથી. વિકલ્પનો ધુમાડો ઊઠે છે એ ક્ષેત્રનો અંશ જ અહીં તો આત્માના પ્રદેશથી ભિન્ન ગણવામાં આવ્યો છે. આહા..હા..! 'પ્રવીણભાઈ' ! આ વસ્તુની સ્થિતિ વર્ણવવી છે અને આવી વસ્તુ સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ અને વસ્તુનો આવો સ્વભાવ છે એમ વર્ણવવું છે. તેથી ક્ષેત્ર ભેગું લઈ, વસ્તુને તો લીધી પણ ક્ષેત્ર ભાગ પાડ્યો, કારણ કે આત્મા અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે. એ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર જે નિર્મળ શુદ્ધ છે તે આત્માનું ક્ષેત્ર છે અને જેટલા પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે એ મલિન ક્ષેત્ર (છે) તે આત્માનું ક્ષેત્ર નહિ, એ વિકારનું ક્ષેત્ર છે, આસ્રવ તત્ત્વનું ક્ષેત્ર છે. આસ્રવ તત્ત્વના અંશનો એ ભાગ છે, ભગવાન આત્માનો એ ભાગ નહિ. આહા..હા..! 'જયંતિભાઈ' !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન આત્મા.. ! અહીંયા તો એની વર્તમાન દશાને પછી વર્ણવશે. એ વર્તમાન દશાને આધારે આત્મા છે કારણ કે એનાથી જણાય છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા એ રાગ અને પુણ્યનો વિકલ્પ જેને વ્યવહાર કહીએ એ વ્યવહારના દયા, દાન, વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્રનો જ્ઞાનનો ભાગ એ ત્રણે આત્માથી ભિન્ન છે અને આત્માના ક્ષેત્રથી પણ એ ભિન્ન છે, ઇ સ્વરૂપ આત્માનું નથી. સમજાણું કાંઈ ?

ભગવાન ચૈતન્યબિંબ ચૈતન્યનો પુંજ પવિત્ર ધામ છે. એ પવિત્ર ધામ વસ્તુનું ક્ષેત્ર પણ પવિત્ર વસ્તુ, એનું ક્ષેત્ર ઇ છે. પુણ્ય-પાપનું ક્ષેત્ર એના અંશો, પ્રદેશો, ભાગ, અંશ, મલિનતાનો જે અંશ છે એ બધું ક્ષેત્ર જ ભિન્ન છે. આહા..! કહો, સમજાણું કાંઈ ? આ તો આપણે ત્યાં વંચાય ગયું છે. એ..ઇ..! 'અમદાવાદ'માં અનેક હજારો માણસમાં (વંચાણું છે) અને અહીં 'હિંમતનગર' વંચાય ગયું. માર્ગ આ છે, સાંભળો પહેલો નક્કી કરો. સમજાણું ?

(૨) તેમને સત્તાની એકતા નહિ હોવાને લઈને, બેની સત્તા નામ હોવાપણાની એકપણે પ્રાપ્તિ નહિ હોવાને કારણે એક ચીજને બીજી ચીજ એટલે પુણ્ય, પાપ, વિકલ્પ વગેરે. એ પુણ્ય-પાપનું ક્ષેત્ર વસ્તુ એ અને આત્માનું સત્તા અને ક્ષેત્ર, બેનું એક હોવાપણાની પ્રાપ્તિ નથી. 'હિંમતભાઈ' ! ઝીણું છે ઝીણું આ. બરાબર આજે આવ્યા છે. રવિવારે તો 'ભાવનગર'વાળા આવે ને. 'રામજીભાઈ' કહે, કાંઈક નવું નીકળે. કહ્યું હતું ને સવારમાં ? એ 'જયંતિભાઈ' ! કુદરતે (નિકળે). આહા..હા..!

અરે..! ભાઈ ! તું કોણ છો ? ક્યાં છો ? કેમ છો ? તું કોણ છો ? - આત્મા (છો). ક્યાં છો ? - અસંખ્ય પ્રદેશમાં. કેમ છો ? - અનંત ગુણ સ્વરૂપે છું. સમજાય છે ? પણ એ અનંત ગુણ સ્વરૂપે પોતાના ક્ષેત્રથી વસ્તુ છે એનો પત્તો કેમ લાગે એ પછી કહેશે. એ વર્તમાન છે, એનો કાળ. સમજાણું કાંઈ ?

એ વસ્તુ છે એટલે વસેલા ગુણો પણ આમ ત્રિકાળ ભેગા લઈ લીધા છે. વસ્તુ એક એનું ક્ષેત્ર - પોતાનું ક્ષેત્ર જુદું અને પુણ્ય-પાપના વિકલ્પનું ક્ષેત્ર જુદું કારણ કે અંતર્મુખ આમ જાય છે ત્યારે એ મલિન ક્ષેત્રનો ભાગ એનામાં ભળતો પણ નથી અને એનામાં દેખાતો પણ નથી. શું કહ્યું ? પુણ્ય-પાપનો વિકલ્પ જે છે એના ક્ષેત્રનો અંશ–એ ભાવ અને એનો અંશ, એ ક્ષેત્રનો જે અંશ છે એ અંતરમાં વળતો નથી અને અંતરમાં એ દેખાતો નથી. સમજાણું કાંઈ ? ઝીણું પડે પણ છે તો સાદુ. એમાં કાંઈ બહુ એવું નથી પણ એને અનાદિથી પોતાની જાતના ઘરને કેમ જોવા એની એને કળાની ખબર નથી. વકીલ ! આ બહારના વકીલના આમ થોથા માર્યા કરે આડા-અવળા ને આમ ને આમ. જેને જે હોય ઇ. આહા..હા..!

કહે છે, પ્રભુ ! તું સાંભળને, ભાઈ ! તારી સત્તામાં તારે નજર કરવા જેવી છે કે તારું હોવાપણું ન હોય ત્યાં નજર કરવા જેવી છે ? તારું હોવાપણું તારા વસ્તુમાં (છે).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્તુ એટલે ભાવ આવ્યો. વસ્તુ જેમ કાયમ છે એમાં એના ભાવો–શક્તિઓ કાયમ છે અને એનું ક્ષેત્ર પણ શુદ્ધ કાયમ છે. પુણ્ય-પાપની વૃત્તિ ઊઠે છે એનું ક્ષેત્ર જુદું, એ વસ્તુ જુદી, એ ક્ષેત્ર જુદું અને એનો ભાવ જુદો. સમજાણું કાંઈ ? આ ત્યાં વાંચતા નહિ હોય. આવું વાંચતા હશે ? ન્યાં કોઈ દિ' વાંચ્યું હશે ? વાંચ્યું હોય તો આ ક્યાં સમજાય એવું છે ન્યાં એમાં ? તેલની વાતું સમજાય. આમ કરવું ને આમ ન કરવું. કહો, સમજાણું આમાં ? આહા..!

(આ ભાઈ) કહે છે રળવાનો કાળ ત્યાં રળી લેવા દ્યો. ઇ દલાલ છે ને દલાલ. એક ફેરી કહેતો હતો, હોં ! 'વિરજીભાઈ' ને કહેતા હતા. 'વઢવાણ' આવ્યા હતા ને ? ઘણું માણસ (હતું). (સંવત) ૧૯૯૦ની સાલમાં. ૧૯૯૦ની સાલમાં ત્રણ ત્રણ હજાર માણસ, 'વઢવાણ'માં, હોં ! ત્યારે નામ બહુ પ્રસિદ્ધ હતું ને ! ત્રણ ત્રણ હજાર માણસ ! આર્જીકાઓ ૨૭ કે ૩૧ હતી. મોટું સમવસરણ ભરાય. ભાઈ પહેલાં આવ્યા હતા. કહે, હમણાં રળી લેવું. કીધું, કોણ કહે છે ? 'વિરજીભાઈ'એ પહેલું કહ્યું હશે કો'કને. 'દામોદરભાઈ'ને. સમજાણું ? 'દામોદરભાઈ'ને કીધું. એ 'દામોદરભાઈ' 'વઢવાણ'માં કહેતા હતાં. 'વઢવાણ'માં આવ્યા હતા. ૧૯૯૦ની સાલની વાત છે લગભગ. આ પ્રમાણે 'વિરજીભાઈ' કહેતા હતા (કે) રળી શકાય છે. કીધું હમણાં રળી લે ને ઘડપણમાં કામ આવે એનો અર્થ શું ? એનો અર્થ શું ?

શ્રોતા :– એના વિના ખાવું કેમ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ ખાય કોણ ? તમારો થોડો પક્ષ કરે છે. લ્યો ! જુઓને સવારમાં જ એક પૂઠા ફેર હતું તો પાનું ફેરવી નાખ્યું. ખબર છે ? ખબર છે ? બીજું પાનું હતું ને ચાલતું હતું બીજું એટલે એણે જોઈ લીધું કે આ પાનું ફેર છે; ફેરવીને નાખી દીધું. કહો, સમજાણું કાંઈ ? આહા..!

કહે છે, ભાઈ ! ભગવાન આત્મા એ વસ્તુ છે અને તેનું ક્ષેત્ર તે તદ્દન શુદ્ધ છે. નિર્મળ ક્ષેત્ર છે, એ પવિત્ર ધામ છે. **'અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી...'** શબ્દ તો આટલો જ છે ને **'तदसत्त्वे च'** એમ છે ને ? બસ એટલો. **'तदसत्त्वे च' 'तदसत्त्वे'**માં બધું આવી ગયું, જુઓ ! પરનું અસત્ત્વ છે. આત્મામાં પરનું અસત્ત્વ છે અને પરમાં પોતાનું અસત્ત્વ છે. થઈ રહ્યું, આવી ગયું બધું. **'એ રીતે...'** એ તો પછી શબ્દને સમજાવે ત્યારે કહે ને ? **'तदसत्त्वे च तेन सहाधाराधेयसम्बन्धोऽपि नास्त्येव।'** ભગવાન આત્માના ક્ષેત્રમાં પુણ્ય-પાપના ભાવનું ક્ષેત્ર તદ્દન જુદું (છે). એ વસ્તુ જુદી, ભાવ જુદો. ભગવાન આત્મા અનંત શુદ્ધ ગુણ અને એનું પવિત્ર ક્ષેત્ર તે તેનું (છે). એટલે તે ક્ષેત્રમાં, તે વસ્તુમાં પુણ્ય-પાપ અને પરવસ્તુનું અસત્ત્વ છે. પરવસ્તુનું નહિ હોવાપણાને કારણે અને પુણ્ય-પાપના ભાવમાં ને શરીર આદિના સત્ત્વમાં આ આત્માનું આ સત્ત્વ નહિ હોવાને કારણે. સમજાણું કાંઈ ? આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે...'** આ કારણે **'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** હજી નથી જ ઇ વાત કરે છે, હોં ! સમજાય છે ? **'એક સાથે બીજીને...'** એટલે ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપે ક્ષેત્રમાં બિરાજમાન પવિત્ર ધામ (છે) અને પુણ્ય-પાપના વિકલ્પો પરક્ષેત્ર, પરભાવ, પરસ્વરૂપ (છે). એવું જ્યારે એક બીજામાં અસત્ત્વ નામ નથી ત્યારે એક બીજાને **'આધારાધેયસંબંધ પણ નથી જ.'** રાગ, દયા, દાનનો વિકલ્પ ઊઠે તેને આધાર આત્માનો નથી અને આત્મા પોતાની નિર્મળ પર્યાય દ્વારા અંતરની દૃષ્ટિ કરે તેમાં તે રાગનો આધાર નથી. સમજાણું કાંઈ ? બહુ સૂક્ષ્મ વાત છે. આ તો 'સંવર અધિકાર' છે ને ! કહો, 'પોપટભાઈ' ! 'જયંતિભાઈ' કહેતા હતા, આ હિંસાની વાત અમે આખી જિંદગીમાં સાંભળી નહોતી. 'જયંતિભાઈ' ! સવારમાં એવી જ વાત હતી ને બધી ? સવારમાં સારી હતી, હોં !

કહે છે, ભગવાન ! તું તને તારો આધાર અને આધેય. આધાર, નિર્મળ પર્યાય દ્વારા આત્મા જાણી શકાય છે એથી નિર્મળ પર્યાયનો આધાર છે અને એને આધારે સમજાણું એવું દ્રવ્ય તેને આધેય છે. સમજાય છે ? પ્રાપ્ત થયો એ દ્રવ્ય નિર્મળ પર્યાયને લઈને, નહિ તો અપ્રાપ્ત હતું. એ નિર્મળ પર્યાય રાગથી ભિન્ન પડી અને સ્વભાવને આશ્રયે જ્યાં પર્યાય ગઈ ત્યારે એ પર્યાયને આધારે આત્મા છે. આ આત્મા શુદ્ધ છે – એમ ભાન થયું માટે એને નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર જે પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન (છે) એવી પોતાની દર્શનશુદ્ધિ આદિ પર્યાયને આધારે આત્મા જણાણો માટે એ પર્યાય આધાર છે, વસ્તુ ત્રિકાળી તે આધેય છે. પણ એને આ પુણ્ય-પાપનો વિકલ્પ આધાર છે, વ્યવહાર હતો તો આ નિશ્ચય પર્યાય થયો – એમ છે નહિ. સમજાણું કાંઈ ?

પહેલાં દયા, દાન, રાગની મંદતા હતી તો પછી પહેલો ઇ. પહેલો-ફહેલો એમાં છે જ નહિ. વસ્તુ જ એમાં નથી પછી પહેલી ક્યાંથી લાવ્યો તું ? 'પવૈયાજી' ! બહુ સૂક્ષ્મ વાત છે. આહા..હા..! વીતરાગમાર્ગ સર્વજ્ઞથી સિદ્ધ થયેલું તત્ત્વ અનુભવમાં આવે એવો પદાર્થ (છે). સમજાણું કાંઈ ? એના ધ્યાનમાં ભાસે એવો ભાવ. કહે છે કે ભાઈ ! તારું સ્વરૂપ... સમજાણું ? એ સ્વરૂપને એક બીજા સાથે **'આધારાધેયસંબંધ પણ...'** પણ નથી એટલે કે આવું તો નથી, અસત્ત્વ છે એથી આધારાધેયસંબંધ પણ નથી. જ્યારે એક વસ્તુમાં બીજી વસ્તુ નથી, એક વસ્તુના ક્ષેત્રમાં બીજું ક્ષેત્ર નથી અને તેથી એક વસ્તુમાં બીજાના અસત્ત્વને કારણે, આ કારણે એક બીજાને આધારાધેયસંબંધ પણ નથી. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ એ વસ્તુ (છે). એનું શુદ્ધ ક્ષેત્ર તે એનું ક્ષેત્ર (છે). હવે કહે છે કે જ્યારે આવા ક્ષેત્રમાં ને આવા ભાવવાળા દ્રવ્યમાં બીજી વસ્તુની– પુણ્ય-પાપના સત્ત્વનું અસત્ત્વ છે. પુણ્ય-પાપ વ્યવહાર જેને કહીએ, જેને લોક વ્યવહાર કહે એવા વ્યવહારનું સત્ત્વ વ્યવહારના સત્ત્વમાં છે. એનું સત્ત્વ આમાં (–આત્મામાં) નથી. એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અસત્ત્વ હોવાને કારણે એ બેની વચમાં આધારાધેયસંબંધ પરની સાથે નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

વિશેષ, વિશેષ (કહીએ છીએ) કે પહેલો આમ રાગ ઊઠે કે હું આત્મા છું, આવો છું, આવો છું, વસ્તુ છું – એવો જે વિકલ્પ ઊઠે એને આધારે એનાથી ભિન્ન પડીને આત્મા જણાય એવો એ નથી. સમજાણું ? અને એ વિકલ્પ ઊઠે એ આત્માની નિર્મળ દશા નામ દ્રવ્ય, ગુણને આધારે પ્રગટે એમ નથી. બહુ ઝીણું પણ... આહા..! 'ભેદ વિજ્ઞાન ભયો જિન કે ઘટ, શીતળ ચિત્ત ભયો જિમ ચંદન.' આહા..હા..! કહો, સમજાય છે કે નહિ ? નથી સમજાતું ?

શ્રોતા :– અત્યારે નથી સમજાતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ નહિ, પહેલાં કીધું ઇ. ભેદવિજ્ઞાન પછી વળી. ભેદવિજ્ઞાનનો તો અર્થ ન કર્યો, એ તો અર્થ નથી કર્યો. આ ભેદવિજ્ઞાનની વાત ચાલે છે.

આ આત્મા વસ્તુ છે ને વસ્તુ. અસ્તિ છે ને ? સત્તા છે ને ? હોવાવાળું તત્ત્વ છે ને ? તો હોવાવાળું તત્ત્વ છે એ તત્ત્વના ભાવ વિનાનું એ તત્ત્વ ન હોય. વસ્તુ છે તેના ભાવ વિનાનું ભાવવાન, ભાવ વિનાનું ન હોય. તો એ તત્ત્વ છે તેનો ભાવ જ્ઞાન, દર્શન આદિ ભાવ એ જ આખી વસ્તુ થઈ. એ જ વસ્તુ (છે). એ વસ્તુ જેવી છે એનું ક્ષેત્ર એટલે પહોળાઈ જે છે એ બધી પવિત્ર પહોળાઈ છે. જેટલો પુણ્ય-પાપનો ભાગ એના ભાગમાં ઊઠે છે એ પવિત્રતાનું ક્ષેત્ર નથી, એ અપવિત્ર ક્ષેત્ર છે, એ પોતાનું સ્વક્ષેત્ર જ નથી. 'ચીમનભાઈ' ! આહા..હા..! કેમકે અંતર સ્વરૂપમાં જેટલામાં એ છે ત્યાં આમ વળતાં, આમ (–અંતર્મુખ) વળતા એટલા ક્ષેત્રમાં એટલે એમ સિદ્ધ થયું કે એટલામાં જ એ આત્મા છે. આમ બધે વ્યાપક કહેતા હોય તેમ આત્મા નથી. અને જેટલા ક્ષેત્રમાં છે તેટલામાં જ બધા જ્ઞાન, દર્શન આદિ ભાવ ભરેલા છે. એટલે એ પવિત્ર ક્ષેત્રને આમ વાળતા, એની પવિત્રતાનો પર્યાય અંતર વળતા એમાં અપવિત્ર સ્થાન જે પુણ્ય-પાપનું ક્ષેત્ર એમાં આવતું નથી. માટે ક્ષેત્ર જુદું, એનો ભાવ જુદો ને એ વસ્તુ જુદી. આ તો ન્યાયથી વાત છે પણ હવે કોઈ દિ' જગતને અભ્યાસ ન મળે અને આ ઊંધા અભ્યાસ કર્યા, બધા કર્યા હોય તો. કહો, સમજાણું કાંઈ ?

કહે છે આવા કારણે એક બીજી વસ્તુની એક બીજી નહિ હોવાથી, અસત્ હોવાથી **'એક સાથે બીજીને...'** ભગવાન આત્મા પવિત્ર ક્ષેત્ર, પવિત્ર ભાવવાળું તત્ત્વ એને અપવિત્ર પુણ્ય-પાપ, ભાવ અને એનું ક્ષેત્ર, એનું દ્રવ્ય એ વસ્તુ, એ દ્રવ્ય કહેવાય એ ન્યાયે. એને અને આ બેયને અસત્ત્વ હોવાને લીધે, એક બીજામાં એ નહિ હોવાને લીધે, એક બીજા સાથે **'આધારાધેયસંબંધ પણ નથી જ.'** આહા..હા..!

આધાર રાગ અને આત્મા એને લઈને જણાય એ વસ્તુ એમાં નથી એટલે આધારાધેય ક્યાંથી આવ્યો ? એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યવહાર કહે છે ને વ્યવહાર. પહેલાં વ્યવહાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોય તો નિશ્ચય જણાય - એ વાત જૂઠી છે. કહે છે એ વસ્તુ જ જૂઠી છે. તને વસ્તુની ખબર જ નથી. સમજાણું કાંઈ ? આ બધું કહ્યું હતું હોં ! 'અમદાવાદ'માં ન્યાં દસ હજાર માણસ (હતું). એમાં કાંઈ આડુ-અવળું (ન આવે). આવે તો આવે આ જ આવે. બધા બિચારા સાંભળે. બધા સાંભળે. વાત તો ન્યાયથી કહે છે પણ માણસને અભ્યાસ ન મળે. સાંભળવાનું બીજું મળ્યું હોય અને આ અંદર સૂક્ષ્મ કળાનું જ્ઞાન અંતર શું છે એનો પ્રયાસ નહિ, એ જાતની દરકાર નહિ અને બહારથી જે ભણ્યો તેમાં માનીને બેઠો. વસ્તુ બીજી છે. સમજાણું ?

એક બીજા સાથે **'આધારાધેયસંબંધ પણ નથી જ. તેથી..'** આટલા કારણને લઈને... 'નથી' (-નાસ્તિ) કહ્યું, હવે અસ્તિ કહેશે. **'તેથી (દરેક વસ્તુને)...'** દરેક એટલે ભગવાન આત્મા એ વસ્તુ અને પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે એ વસ્તુ, શરીર કર્મ આદિ આઠ કર્મ આદિ વસ્તુ. એકકોર આત્મા ને એકકોર આ વસ્તુ. **'(દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ જ...'** ભાષા જુઓ ! એટલે આત્માને **'પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે.'** પહેલાં નકાર કર્યો હતો, આ હકાર કર્યો. રાગ ને વિકલ્પ સાથે એક વસ્તુ નથી, એક ક્ષેત્ર નથી અને તેથી તેને બેની સાથે આધારાધેયસંબંધ નથી. પુણ્ય-પાપની વૃત્તિ, ભાવ ઊઠે હોં ! ભાવ. એ ભાવ ને આત્મભાવ બે વસ્તુ એક નથી, બે ક્ષેત્ર એક નથી અને તેથી બેને એક બીજાને આધારાધેયસંબંધ નથી. સંબંધ નથી ત્યારે હવે સંબંધ શું છે ?

**'(દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ...'** પોતાનું સ્વરૂપ આત્માનું શું છે ? જ્ઞાન, દર્શન ને આનંદ એ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? રાગ, દયા, દાન, વ્રત, વિકલ્પ એનું સ્વરૂપ નથી. આહા..હા..! તેથી **'પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠા...'** એટલે રહેવારૂપ, પ્રતિષ્ઠા એટલે જેવું છે તેવી તેને પ્રતિષ્ઠા મળે એટલે રહે છે તે રીતે **'આધારાધેયસંબંધ છે.'** આત્માને પોતાના સ્વભાવમાં, પોતાની જ દશામાં આધારાધેયસંબંધ છે. પરની દશા સાથે આધારાધેયસંબંધ કાંઈ છે નહિ, વિકારના ભાવ સાથે કાંઈ આત્માને આધારાધેયસંબંધ નથી.

જુઓ ! જ્યાં જ્યાં આત્મા છે અદ્ધર - અહીં કે ઉપર, ત્યાં પોતે પોતાના નિર્મળ પર્યાયને આધારે પ્રાપ્ત થાય એવો જ આત્મા છે. એ શરીરને આધારે છે કે રાગને આધારે સમજાય છે એવી એ ચીજ છે નહિ. સમજાણું કાંઈ ? સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન (થયા) એટલે એને તો મુક્તિના ભણકાર વાગ્યા ! કેવળજ્ઞાન લેવાની તૈયારીઓ હવે ! આહા..! એ વસ્તુ છે. **'मुक्त एव'** આવે છે ને ? **'सिद्ध समान मुक्त एव'** આવે છે ને ? એક કળશમાં નથી આવતું ? સિદ્ધ સમાન છે. આહા..હા..!

કહે છે કે ભગવાન આત્મા... જુઓ ! અહીં સર્વજ્ઞે જોયું એટલો એવો કહેવો છે માટે પ્રદેશ ને આધારાધેયસંબંધ ને ભિન્ન બે વસ્તુ, અનેક વસ્તુ ને એમ સિદ્ધ કરે છે. સમજાણું ? એક જ આત્મા હોય તો એને ભિન્ન પાડવાનું રહેતું નથી. એક જ આત્મા હોય તો એનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ક્ષેત્ર જુદું ને આનું ક્ષેત્ર (જુદું) હોઈ શકે નહિ, જુદું પાડવું હોઈ શકે નહિ. એમ એક જ વસ્તુ હોય તો એક બીજાના ભાવ, એક બીજાના જુદા છે એ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? વેદાંત કહે છે એનાથી તદ્દન વિરુદ્ધ વાત છે.

શ્રોતા :– સમન્વય કે દિ' થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમનવય અંશેય ક્યાંય થાય એવું નથી. કહો ! સમન્વય કરવો. કહેતો હતો ને હમણાં ? છાપામાં (આવ્યું છે). જૈનનો સમન્વય કરો, બધા ધર્મનો સમન્વય કરો. બાપુ ! છે એ અપેક્ષાએ સમન્વય છે. એ પણ છે અને એ પણ છે, સાચું છે અને ખોટું પણ છે. છે અપેક્ષાએ સમન્વય. સમન્વય કરો, ઝેર ને અમૃત સાથે સમનવય કરો. સમન્વય એટલું કે ઝેર ઝેરરૂપે છે, અમૃત અમૃતરૂપે છે. છે એ અપેક્ષા સમન્વય, પણ બે એક સરખા છે એવો સમન્વય હોઈ શકે નહિ.

અહીં તો પુણ્યના વિકલ્પ ને આત્મા બે એક છે - એમ નથી. હવે બીજી ક્યાં રહી, ધૂળ. પંચ મહાવ્રતના પરિણામ વૃત્તિ ઊઠે (કે) આને દુઃખ ન થાય. એ વિકલ્પને ને આત્માના સ્વભાવને કાંઈ સંબંધ નથી. આહા..હા..! ભાઈ ! એ ચૈતન્ય પિંડ છે ને ! વસ્તુ છે ને ! વસ્તુ છે ને ! જેમ આ પરમાણુ પોઈન્ટ છે તો એ પરમાણુમાં એની શક્તિઓનું સત્ત્વ પડ્યું છે. શક્તિઓનું સત્ત્વ પરમાણુમાં–એક પોઈન્ટમાં છે તો આ તો અસંખ્ય પ્રદેશી મહાન પદાર્થ છે. તો એ અસંખ્ય પ્રદેશમાં અંદર વ્યાપક, અનંત મહાન ગુણો પડ્યા છે. સમજાણું કાંઈ ?

કહે છે કે પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ જ આધારાધેયસંબંધ છે. પોતાને જ આધારે તેનું બધું સર્વસ્વ છે. '**માટે...**' આ સિદ્ધ કરીને હવે આત્મામાં એને ન્યાયથી ઉતારે છે. આધાર ને આધેય આત્મામાં શું એ વાત ઉતારે છે. સમજાણું કાંઈ ? '**માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે તે,...**' જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પર્યાય. વર્તમાન જાણવાની પર્યાય. જે રાગ નહિ, પુણ્ય નહિ જાણવાની પર્યાય, વર્તમાન જાણનક્રિયા. જાણવાની, શ્રદ્ધવાની જે વર્તમાન પર્યાય. એ પરથી ભિન્ન પડતા જે જાણનક્રિયા, એને આધારે આત્મા છે કેમકે એને આધારે આત્મા ખ્યાલમાં આવ્યો છે. હતો ત્યાં હતો તો હતો, પણ જ્ઞાનની વર્તમાન પર્યાય આમ વળી ત્યારે જાણનક્રિયાને આધારે આત્મા જાણવામાં આવ્યો. એનું હોવાપણું, અસ્તિપણું શુદ્ધ ધ્રુવપણે છે તો છે, પણ જાણન શુદ્ધ પર્યાય થઈ પરથી ભિન્ન પડી, એ પર્યાયને આધારે જણાણો માટે જાણનક્રિયા આધાર છે અને આત્માનો કાયમી સ્વભાવ તે આધેય છે. સમજાણું કાંઈ ? આ તો કીધું ને ? પરદ્રવ્યથી ભિન્ન પડેલો શુદ્ધ. સેવા કરે ત્યારે શુદ્ધ કહેવાય છે. એવી શૈલી લીધી છે. શુદ્ધ તો છે પણ શુદ્ધ(ની) સેવા કર્યા વિના, આ શુદ્ધનું ભાન થયા વિના આ શુદ્ધ છે ક્યાંથી આવ્યું ?

એમ જ્યારે અંતરમાં પુણ્ય-પાપની વસ્તુ જુદી, એનું ક્ષેત્ર જુદું, એનો આધાર જુદો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ જ્યાં પરથી ભિન્ન પડ્યો ત્યારે આત્માની જે જાણનક્રિયા છે, જાણવાની ક્રિયા, શ્રદ્ધવાની ક્રિયા જે પહેલી પર્યાય હતી એથી રૂપાંતર દશા (થઈ) એ દશાને આધારે આત્મા જણાણો. આ જાણન સ્વરૂપ છે, જ્ઞાનમૂર્તિ છે, આનંદ છે, પૂર્ણ શુદ્ધ છે એવી વર્તમાન દશામાં રાગ ને પુણ્ય અન્ય વસ્તુથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું ત્યારે એ જ્ઞાનની પર્યાય દ્વારા આત્મા જણાણો. તેથી તે જ્ઞાનપર્યાય આધાર છે અને વસ્તુ ત્રિકાળ છે તે આધેય છે. કહો, સમજાણું કાંઈ ?

બીજે તો એમ કહે કે ભાઈ ! જ્ઞાનની પર્યાય આત્માને આધારે રહેલી છે. એ જુદું, એ જુદું. અહીંયા તો આ જણાણું ને ? જણાણું ત્યારે આ છે માટે એને આધારે આ છે એમ નક્કી થયું. ત્યારે એને જાણનક્રિયા આધાર થઈ. સ્વભાવ સન્મુખ (થઈને) અંતર વસ્તુ, અંતર વસ્તુ, અંતર્મુખની પર્યાય જાણનક્રિયાની (દશા) અંતર્મુખ વળી ત્યારે આ આત્મા છે (એમ જણાયું). બહિર્મુખનો ભાવ, ક્ષેત્ર, વસ્તુ ને આધાર બધો જ પરમાં ગયો. આહા..હા..! સમજાણું કાંઈ ? ધ્યાન રાખે તો સમજાય એવું છે, હોં ! ભાષા એવી કાંઈ બહુ શાસ્ત્રની નથી આવતી. આ તો સમજાય એવી ભાષા આવે છે. માણસને કાંઈ દરકાર ન મળે ને એમ ને એમ અદ્ધરથી ચાલ્યું જાય ને પછી કહે કે આ ઝીણું પડે, ઝીણું. ઝીણું તો પ્રભુ તું ઝીણો જ છો. આ રાગથી ન જણાય એવો ઝીણો છો, લે ! વ્યવહાર રત્નત્રય જેને કહે એવો શુભ ઉપયોગ એનાથી તું ન જણાય એવો ઝીણો છો. અને શુભ ઉપયોગ તારી ચીજમાં નથી, એનું ક્ષેત્ર તારું નથી, એનું સ્વરૂપ એને આધારે છે. એનું સ્વરૂપ એને આધારે છે, તારે આધારે નથી. આહા..હા..! શું પણ વાત તે વાત (છે) ! આહા..!

દિગંબર સંતોએ પોતાની વાતને મુકવાની શૈલી ગાગરમાં સાગર ભરી દીધી છે. દિગંબર મુનિઓ એટલે કે વસ્તુના આભના થોભ ! ધર્મના થાંભલા ! આહા..હા..! કેવી રીતે વાતને મુકી છે ! આ તો એનો ક્ષયોપશમ કેવો ! સમજાણું ? અનુભવ હોય ને થાય પણ આ તો એ વાતને મુકવાની ઢબની રીત જ કોઈ બીજી જાતની છે. દુનિયાથી પાર... મહા મુનિઓ સંતો 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' આહા..હા..! મહા સંત કેવળજ્ઞાનના કંદ અને કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા ! સમજાણું ? અને વસ્તુના ઘર કહેવાની રીતની કળા પણ જુદી જાતની. સમજાણું કાંઈ ? એ વાત બીજે હોઈ શકે નહિ. આહા..હા..! દિગંબર સંતોના માર્ગમાં જે માર્ગ છે એવો એ માર્ગ બીજે ક્યાંય નથી.

કહે છે, શૈલી કેવી છે ? - કે આવો આધારાધેયસંબંધ છે, હોં ! પર સાથે કાંઈ નથી. પોતાના સ્વરૂપની સાથે જ એને પ્રતિષ્ઠા–શોભા છે. એના સ્વરૂપની શોભા જ પોતાના આધારાધેયસંબંધ સાથે છે. **'માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (–રહેલું) છે તે, જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...'** જાણવાની વર્તમાન ક્રિયા અને ત્રિકાળી જ્ઞાન એટલે આત્મા, એનું એકપણું હોવાને લીધે **'જ્ઞાનમાં જ છે.'** કોણ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***જાણનક્રિયાનું જ્ઞાનથી એકપણું હોવાથી તે જાણનક્રિયા જ્ઞાનમાં જ છે, જુદી છે નહિ.***

આમ જાણનક્રિયા પરથી, રાગથી, વિકલ્પથી ભિન્ન પડીને વસ્તુની વર્તમાન ક્રિયા જ્ઞાનની કરીને એ જ્ઞાનને આધારે આ (જણાયો), એ જાણનક્રિયા એને આધારે થઈ. જાણનક્રિયાને આધારે આ થયું. અને જાણનક્રિયા તે જ્ઞાનમાં જ છે. એ જ્ઞાનમાં જ છે, એ રાગમાં છે નહિ, પરમાં છે નહિ. બહુ ઝીણું. સમજાણું કાંઈ ? આ તો આવા ભાવથી ભરેલા શ્લોક (છે). આખા ૪૧૫ શ્લોક છે. અંદર એકલા ભાવ જ ભર્યા છે, પણ એ ભાવને સમજવા માટે એને જ્ઞાનની ઉગ્ર કળા ખીલવી જોઈએ.

એમ એના ખ્યાલમાં પહેલો ઓઘે પણ ભાસ થાવો જોઈએ ને કે આ આમ કહેવા માગે છે ને એ એ રીતે છે. એ રીતે ભાસ થયા વિના અંતરમાં પ્રયોગ શી રીતે કરશે ? બરાબર વિશ્વાસમાં આવે (કે) આ આમ છે ને આ આમ નથી - એમ આવ્યા વિના એનો અંતર્મુખનો પ્રયોગ–અંતરમાં જવાનો પ્રયત્ન વીર્ય શી રીતે કરશે ઇ ? સમજાણું કાંઈ ?

શ્રોતા :– દરકાર નહિ એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– દરકાર (એટલે) આ બહારની દરકાર. બહારની હોંશ. કાંઈક આમ માન, સન્માન, આબરુ, કીર્તિ, હો હા.. હા.. હા... મારી નાખ્યા જગતને ! ધર્મને બહાને શાસ્ત્રના જાણપણા (કર્યા હોય), પુસ્તક વાંચ્યાં હોય એના અભિમાન (કરે). મારી નાખ્યા મિથ્યાત્વે ! આહા..હા..! માંધાતાને પાડી નાખ્યા છે. પુસ્તક અમને આવડે છે, અમને પુસ્તક વાંચતા આવડે છે, આ પુસ્તકમાં આ છે એમ અમને ખ્યાલ છે. એમ કરીને એમાં–મિથ્યાત્વમાં મરી ગયો. એ મિથ્યાત્વ છે. એ... 'હિંમતભાઈ' ! (અહીંયા) કહે છે કે એ ભાવ જ તે પર છે. સમજાય છે કાંઈ ? અને પરમાં મને કાંઈક અધિક થયો છું એમ માન્યું છે એ જ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એ વસ્તુ જ પર છે (એમ) કહે છે અહીં તો. આહા..! ભણ્યા-બણ્યાના ભૂલી જા અને એ જ્ઞાનની ક્રિયા અંતરમાં વાળ એને વસ્તુ કહે છે. 'દાસ' ! સમજાણું કાંઈ ? 'હવે મારી વ્યવહારની શ્રદ્ધા દૃઢ છે' એ માટે બહુ જોર કરે. વ્યવહારની શ્રદ્ધા દૃઢ છે એનું જોર કરે. એ જોર કરે એ ખોટું છે, સાંભળને હવે. રાગની મંદતાના અમે વ્રત પાળીએ છીએ ને બ્રહ્મચારી છીએ - એના અભિમાન (કરે). એ નામને કહેડાવવાના અભિમાન. એ નામ આવે તો એને હખ થાય, નહિતર હખ આવે નહિ. આહા..! મારી નાખ્યા પણ આશ્રયે તો. મોટા માંધાતાને (મારી નાખ્યા). આ તો સાધારણ છે પણ નવ પૂર્વના ભણેલા, અગિયાર અંગના ભણેલા(ને) પછાડ્યા છે ! વિકારી જ્ઞાન, વિકારી ભાવ, બંધનના કારણ એને પોતાના લાભના કારણમાં માનીને એની અંદર હોંશું વર્તે (એ) મિથ્યાત્વ (છે). સમજાણું કાંઈ ? શું કીધું ?

શ્રોતા :– કોઈ સાંભળશે નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કહે છે (કે) કોઈ વાંચશે નહિ, ભણશે નહિ. (પણ) વાંચવા-ભણવાનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવ્યા વિના રહેશે નહિ, જાશે ક્યાં ? પણ એ વસ્તુ નથી. આહા..હા..! કહે છે કે જેને આધારે આત્મા નથી. એ તો સ્વતંત્ર જ્યાં એ રાગ ને જ્ઞાનનો ભાગ ભૂલી અને અંતરમાં ભેદ પાડીને જ્ઞાનની પર્યાય દ્વારા આ જણાણો, બસ ! એ પર્યાયનો આધાર, એ પર્યાયના આધારે જણાણો. એ જ્ઞાન ગુણ ત્રિકાળ ને આ પર્યાય બેય એક અભેદ છે. સમજાણું કાંઈ ? આહા..!

**'જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે...'** એની પોતાની જ શોભામાં રહેલું છે. એને રાગને લઈને કાંઈ જરીએ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? ભગવાન આત્મા ! જેનો સ્વભાવ તદ્દન એકલું જ્ઞાન (છે). કરવું એવો વિકલ્પ જ્યાં આ સ્વરૂપમાં નથી. હું જાણનક્રિયા દ્વારા આત્માને જાણું એવો જે વિકલ્પ એ પણ એની જાણનક્રિયામાં નથી. અને એને આધારે જાણનક્રિયા થાય છે એમ નથી અને એને આધારે આત્મા જણાય છે એમ નથી. એ તો ભિન્ન પડેલી સ્વતંત્ર, નિર્પેક્ષ–વ્યવહારથી નિર્પેક્ષ, વ્યવહારથી નિર્પેક્ષ, વ્યવહારની અપેક્ષા રાખ્યા વિનાની જે સમ્યક્જ્ઞાનની ક્રિયા, એને આધારે આત્મા જણાણો. માટે જાણનક્રિયા અને જ્ઞાન બે અભિન્ન છે. રાગાદિ બધા પર પરવસ્તુ છે. કહો, ભાઈ ! સૂક્ષ્મ બહુ.

શ્રોતા :– પરથી નિર્પેક્ષ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, નિર્પેક્ષ છે, પરથી નિર્પેક્ષ છે, રાગથી નિર્પેક્ષ છે. આત્મા આત્મામાં છે. પરમાં નથી તો પરથી નિર્પેક્ષ જ છે. લોકો કહે છે ને ? - કે વ્યવહારથી સાપેક્ષા. નહિ તો એક નિર્પેક્ષ થઈ જાય છે. હવે, સાંભળ તો ખરો. નિર્પેક્ષ કર્યા વિના વ્યવહારનું જ્ઞાન પણ, આ રાગ છે એવું જ્ઞાન પણ વ્યવહારનું સાચું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? એવો એનો સ્વભાવ છે, કહે છે. એ જાણનક્રિયા દ્વારા જણાય એવો એનો સ્વભાવ છે. વસ્તુ એ જાતની છે. હવે એને બીજી રીતે કલ્પવા જાય (તો) વસ્તુ જ એની દૃષ્ટિમાં સાચી રહેતી નથી. સમજાણું કાંઈ ? મોટા વાંધા અત્યારે એ છે ને ! વ્યવહાર જોઈએ, વ્યવહાર જોઈએ, વ્યવહારની વાતું કરતાં (નથી). હવે સાંભળને ! વ્યવહાર તો નુકસાન કરે. એની પહેલી વાત તારે કરવી છે ? શું કરવું છે ? આહા..! અને એની એને હોંશ હોય. આ..હા..! સમજાણું કાંઈ ? વ્યવહારના જાણપણા, વ્યવહારના આચરણો, વ્યવહારની શ્રદ્ધા. (એમ) કહે, માથા મુકીએ તો અમે આમ માનીએ નહિ. ભગવાનનું સમવસરણ આવું જ હોય. શું છે પણ ? સાંભળને. એ શ્રદ્ધાનો વિકલ્પ છે એ પણ સ્વરૂપમાં નથી. આવી શ્રદ્ધા કરે તો આત્માનો અનુભવ થાય, એમ નથી. એ..ઇ..! સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ !

ભગવાન આત્મા ! **'જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે તે, જાણનક્રિયાનું** (–વર્તમાન દશાનું) **જ્ઞાનથી** (–વસ્તુથી) **અભિન્નપણું હોવાને લીધે, (એ જાણનક્રિયા) જ્ઞાનમાં જ છે;...'** પોતામાં જ છે, પરમાં છે નહિ. સમજાણું કાંઈ ? ધીમેથી,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ધીરેથી સમજવા જેવી વાત છે. આ કોઈ મોટા ભણતર ભણી જાય કે મોટી વાતું કરે ને ભાષણ કરે, આ માણસો ખુશી થઈ જાય (કે) આહા..હા..! વક્તા ભારે, ભાઈ ! (એની વાત નથી). પેલામાં નાખ્યું છે નહિ ? 'બનારસીદાસે'. નાખ્યું છે. વ્યાખ્યા કાંઈક જુદી છે, વચનકળા જુદી છે, બોલવાનું જુદું છે, ભગવાન જુદો છે. એવું આવે છે, એક શ્લોકમાં આવે છે, હોં ! તંત્ર, મંત્ર, જંત્ર, ફલાણું, ઢીકણું, વચનકળા ને આ વ્યાખ્યાતા ને ઉપદેશ... બધી જુદી ચીજ છે. એ ઉપદેશની કળા આત્માની નહિ, એમ કહે છે. ઉપદેશ આત્માનો નહિ. આત્મા છે તો ઉપદેશની વાણી નીકળે છે એમ નહિ, એમ કહે છે. અને ઉપદેશ વિકલ્પ ઊઠે છે તે આત્મા છે તો એ વિકલ્પ ઊઠે છે એમ નહિ. એમ છે. આ વાત ! અમૃત પ્યાલા આત્માના છે. એ રાગાદિ તો બધા મડદા છે, આ વાણી આદિ મડદા છે. મડદા ચૈતન્ય જ્યોતમાં ક્યાંથી આવ્યા ? આહા..હા..! સમજાણું કાંઈ ? 'પોપટભાઈ' ! આવું સાંભળવાનું વાણિયાને મળવું મુશ્કેલ. તમે તો વળી લુહાણા. આ અમારે 'શશીભાઈ' મોઢ હતા. આહા..!

શ્રોતા :– અમૃતવાણી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો અમૃતના પ્યાલાના... પેલા પાતાળ કૂવા કહે છે ને ? પાતાળ કૂવા.

આમ પરની અપેક્ષા જ્યાં છૂટી ગઈ અને અંતરમાં નિર્પેક્ષપણે જ્યાં જ્ઞાનની ક્રિયા (પરિણમી કે) આ આત્મા છે, બસ ! એ જ્ઞાનની ક્રિયા ને જ્ઞાન, બે એક વસ્તુ છે. એ જ્ઞાનની ક્રિયાને આધારે આ વસ્તુ જણાય છે. એને રાગ, પુણ્ય, વિકલ્પ કે પહેલું શાસ્ત્રનું જ્ઞાન આટલું જાણ્યું હતું એને આધારે જણાય એવો એ આત્મા નથી. આહા..હા..!

પરલક્ષીના જ્ઞાનથી આત્મા સ્વલક્ષે થઈ શકે એવી જ્ઞાનની પર્યાય નથી. એ બધી નિમિત્તની વાતું છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા બધી વાતું છે. એવી વાત જરી કઠણ છે. સમજાણું કાંઈ ? એ... 'દાસ' ! ભારે પણ ટીકા ! ગજબ વાત છે ને ! પાઠમાં જ છે ને ? '**उवओगे उवओगो**'. ઉપયોગમાં ઉપયોગ છે. જાણનક્રિયામાં આત્મા છે, એમ પહેલાં શબ્દમાં કહ્યું. જાણનક્રિયામાં આત્મા છે. રાગ ને વિકલ્પ ને વ્યવહારમાં આત્મા નથી. પહેલો શબ્દ છે ને ? ભાઈ !

**ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,**
**છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.**

એની વ્યાખ્યા ચાલે છે. એ કળશની - એ શ્લોકની વ્યાખ્યા ચાલે. સમજાણું કાંઈ ? આહા..! એ '**જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...**' વસ્તુથી એકમેક હોવાને લીધે '**જ્ઞાનમાં જ છે;...**' એ જ્ઞાનની ક્રિયા જ્ઞાનમાં જ છે. એટલી વાત કરી આત્માની.

હવે અહીં તો 'ક્રોધ' શબ્દ વાપર્યો છે. સ્વરૂપની જાણનક્રિયાને આધારે જણાણો એટલે જાણનક્રિયા ને આત્મા એક છે. એનાથી જે કાંઈ વિરુદ્ધ ભાવ (થાય છે) એને આત્માના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વભાવથી વિરુદ્ધ ભાવની રુચિ છે, એને ક્રોધ છે એમ કહેવામાં આવે છે. કહો, અરુચિભાવ આવે છે ને ? ભગવાન આત્મા જાણનક્રિયાથી જણાય એ સિવાય જે કાંઈ પર્યાયમાં પર સંબંધીનું જ્ઞાન, શ્રદ્ધા, રાગની મંદતા (થાય) એ બધા પ્રત્યે જેને પ્રેમ છે તેને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે, તેને સ્વભાવ પ્રત્યેનો વિરોધ–મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :– આપ નવું નવું કહો તો કેમ સમજાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમજાય છે એ તો આપણું વિસામાનું વાક્ય છે. વિસામાનું વાક્ય– સમજાય છે એમ કરીને થોડું પહેલું કહેવાણું હોય ને વચ્ચે કાંઈ કહેવું હોય ને પેલાને વિચારવાનો અવકાશ રહે અને અહીં નીકળવાનો અવકાશ રહે. એક બીજાને હોય છે ને વાક્ય ? ... એમ આ 'સમજાય છે ?' એક વિસામાનું વાક્ય છે. બોલવામાં ... હોય છે ને ? 'રાજમલજી' ! એક બીજા બોલે ને પછી કાંઈક એમ કહે ત્યાં જે એવું હોય સૌને કાંઈક સ્વતંત્ર. સમજાય છે ? એમ કે મારા ભાઈને આમ છે, નાના ભાઈને કાંઈક બીજું છે. એવી ભાષા છે એક જાતની. તમારે એવું હશે, બધું સ્વતંત્ર હશે આવું.

અહીં તો કહે છે, ઓહો..હો..! ગજબ વાત કરે છે ને ! એકકોર ભગવાન ને એકકોર ક્રોધ ! બે જ વાત છે. રાગની અસ્થિરતાની–ફસ્થિરતાની (વાત પણ નથી કરી). આ સ્વભાવનો પ્રેમ નથી, જાણનક્રિયાને આધારે આ થાય છે એવું જ્યાં ભાન નથી, એને એનાથી વિરુદ્ધ જેટલો રાગનો ભાગ (ઊઠે છે) એનો પ્રેમ (રહે છે), પર જાણવાનો પ્રેમ, પર શ્રદ્ધવાનો પ્રેમ અંદર વૃત્તિમાં (રહે છે) એ બધાને અહીંયા ક્રોધ કહેવામાં આવે છે. ક્રોધ કહેતા સ્વભાવથી વિરુદ્ધ ભાવનો પ્રેમ છે તેને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે, તેને મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'ક્રોધાદિક કે જે ક્રોધાદિક ક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે...'** સ્વભાવથી - જાણનક્રિયાથી વિપરીત ભાવ એવો જે ક્રોધ, એ ક્રોધની ક્રિયારૂપ જે ભાવ, એ ક્રિયા તે ક્રોધાદિમાં જ છે, એ ક્રોધ ક્રોધમાં જ છે, વિકાર વિકારમાં જ છે, વ્યવહાર વ્યવહારમાં જ છે, પર પરમાં જ છે એમ કહે છે. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા સ્વ જાણનક્રિયામાં એ આત્મા છે અને પર પરમાં છે. બસ ! અહીં બે જ વાત છે. જાણનક્રિયાને આધારે ચૈતન્ય જણાય માટે જાણનક્રિયા આધાર, એ આધેય. એનાથી વિરુધ કોઈપણ વિકલ્પ ઉઠ્યો કે જાણપણું હો કે પરની શ્રદ્ધા હો (એ બધો વિરુદ્ધ ભાવ છે). (આવું સાંભળીને લોકો) રાડ નાખે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા મિથ્યાત્વ ? -દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ મિથ્યાત્વ નથી. એ રાગનું અસ્તિત્વ (છે) એ મારું છે ને એને આધારે મને થાય છે એવો ભાવ તે મિથ્યાત્વ છે.

શ્રોતા :– દેવ-ગુરુની શ્રદ્ધા એ રાગ જ ક્યાં છે .

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ નથી તો આ શું છે ? પરદ્રવ્ય તરફની વલણ વૃત્તિ છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે રાગ છે. આહા..હા..! હવે પરમાર્થે પરસત્તાઅવલંબી જ્ઞાન પણ મોક્ષનું કારણ નથી, ત્યાં વળી રાગ ક્યાં (મોક્ષનું કારણ રહ્યો ?) આહા..હા..! શું થાય ? જીવ એવી રીતે ભૂલ્યો છે ને, ઇ કેમ ભૂલ્યો એની એને ખબર નથી. અને ભૂલ કેવા પ્રકારની હોય, ક્યાં હોય એની એને ખબર ન મળે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

શ્રોતા :– હજી ભૂલમાં છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભૂલની પણ ખબર નથી કે ક્યાં હું ભૂલું છું ? એ દોષ છે. આમાં ભૂલનો કેટલો દોષ છે એની (ખબર નથી). સમજાણું કાંઈ ? આહા..! અહીં તો એક ઘા ને બે (કટકા). પેલા કહે ને ? એક તલવાર ને બે ભાગ.

વસ્તુ ભગવાન આત્મા જાણન પરિણતિને આધારે પરિણામી ભગવાન જણાય છે, એ વસ્તુ સ્વરૂપ છે. એનાથી જેટલો વિરુદ્ધ ભાવ છે તે સ્વઅપેક્ષા સિવાયનો વિરુદ્ધ ભાવ (છે) તેનો તેને અસ્તિત્વનો પ્રેમ છે, તે મને લાભદાયક છે, તેમાં હું છું, એને લઈને મને શોભા છે - એવી જે દૃષ્ટિ (છે) એને અહીંયા ક્રોધ કહેવામાં આવે છે, વસ્તુનો અણગમો કહેવામાં આવે છે, એને વસ્તુનું સ્વરૂપ ગોઠતું નથી. સમજાણું કાંઈ ? એ 'ન્યાલચંદભાઈ' ! આ વાતું તો ક્યાંય (સાંભળી નથી). હવે આમાં ક્યાં રહી ગયું ? આમાં બાહ્ય ત્યાગ ક્યાં ગયો ? બાહ્ય ત્યાગ હોય તો કાંઈક અનેકાંત થાય નહિતર અનેકાંત ન થાય. એ તો ક્યાંય રહી ગયું. કાંઈક ત્યાગની કિંમત હશે કે નહિ ? બાહ્ય ત્યાગની ? એ..ઇ..! 'દીપચંદજી' ! એક રાગની મંદતા કરીને એક દયા, દાન, વ્રત પાળે, પૂજા કરે, નિવૃત્તિ લ્યે અને દૂધ ને ઇ પચાસ વર્ષ સુધી ખાય નહિ, શેરડીનો રસ પીવે નહિ, ત્યાગ, કેરીના રસનો ત્યાગ, પુરણપોળીનો ત્યાગ, ખાંડ-સાકરનો ત્યાગ ! હવે આટલું હોય એમાં કાંઈક તો ધર્મનો અંશ હશે કે નહિ ?

શ્રોતા :– દોકડોય નહીં !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ના, ના. એ ત્યાગ કર્યો છે એવી માન્યતા છે તે મિથ્યાત્વ છે, એમ અહીંયા કહે છે.

ભગવાન જાણનક્રિયા સ્વભાવે પ્રગટે. એની જ્યાં અપેક્ષા નથી અને બીજી કંઈ પણ અપેક્ષા રાખે છે એને કહે છે કે અહીં તો સ્વભાવ પ્રત્યે તેને અણગમો છે, દ્વેષ છે, ક્રોધ છે, સ્વભાવ(થી એની) અધિકતા એને લાગે છે એથી એને માન છે, સ્વભાવ જેવો છે તે રીતે પ્રગટવાની શૈલીને જાણતો નથી તેથી આનાથી પ્રગટે એવી કપટ–માયા કરે છે અને એ રાગ અને પર તરફના જાણપણાના લોભની ઇચ્છા છે એ અનંતાનુબંધી લોભ છે. આહા..હા..! ગજબ વાત છે ! વીતરાગ માર્ગ...! વખત થોડો રહ્યો.

વસ્તુ સ્વભાવ છે એનાથી બીજી કોઈ પણ અપેક્ષાવાળો રાગ, પર અપેક્ષાવાળું જ્ઞાન કે શ્રદ્ધા કે વ્રત કે ત્યાગ આદિના રાગની મંદતા (થાય) એમાં કંઈ પણ પ્રેમ (રહે) અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(એમાં) અસ્તિત્વ–હું છું (એમ માને) અને એનાથી લાભ છે (એમ માને) એને ક્રોધ કહે છે, સ્વભાવ પ્રત્યે અણગમો કહે છે. એને સ્વભાવનું માન ન આવતા પોતાના એ ભાવનું માન આવ્યું તો સ્વભાવથી અધિક થઈ ગયો. એ માની છે. સ્વભાવનો ભાવ એવો છે કે પરની અપેક્ષા વિના નિર્મળપણે પ્રગટ થાય એમ ન જાણતા આનાથી થાય (એમ માન્યું તો) તેણે માયા–આડ મારી, આડ મારી છે. માયા–આડ મારી એ કપટ છે. અને એ બહારના જાણપણા ને રાગની મંદતાનો ભાવ (આવતા) આ ઠીક છે ને એનાથી થશે (એમ માન્યું) એને અનંતાનુબંધીનો લોભ છે. ઇ એમ કહે છે આ. 'કનુભાઈ' ! બહુ સમજવા જેવી વાત છે, હોં ! ન્યાં ક્યાંય મળે એવી નથી. પગાર ભલે દસ હજારનો પાડે. લોકો કહેતા હતા. આપણને ક્યાં ખબર છે. તમારા બાપને પણ ખબર નહિ હોય. કેટલો પગાર એ કાંઈ પૂછે નહિ. વાતું કરે કો'ક એટલે આપણે સાંભળીએ, આપણને ક્યાં ખબર હતી. દસ હજારનો પગાર થઈને ન્યાં ગયા છે એમ કો'ક વાતું કરતાં હતા. દસ હજારનો (હોય કે) લાખનો હોય, એમાં આત્માને શું આવ્યું ?

બે વસ્તુ તદ્દન જુદી છે, એ પર અપેક્ષીત ભાવનો પ્રેમ અને સ્વ અપેક્ષીત પરથી નિર્પેક્ષની ક્રિયા બે તદ્દન જુદી છે. એકને આધારે બીજો નથી અને બીજાને આધારે આ નથી. એમ ભેદજ્ઞાન કરવા માટે આ વાત કરી છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*

*** બાળકથી માંડીને વૃદ્ધને સર્વને એટલે કે અજ્ઞાનીને સદા સ્વયં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ અનુભવમાં આવે છે. વર્તમાન જ્ઞાનની જે વર્તમાન અસ્થા છે, અજ્ઞાનીને પણ વિકાસરૂપ જે ભાવેન્દ્રિયની ખંડખંડ જ્ઞાનરૂપ પર્યાય છે તેમાં આત્મા જ અનુભવમાં આવે છે, કેમ કે તે પર્યાયમાં સ્વ-પરપ્રકાશક તાકાત છે, તેથી તેમાં સ્વજ્ઞેય જ જાણવામાં આવે છે. બાળકથી માંડીને વૃદ્ધને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સર્વને સદાકાળ સ્વયં અનુભવમાં આવે છે. પર્યાયમાં આત્મા જ ખ્યાલમાં આવે છે. પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી અષ્ટપાહુડ, બોધપાહુડ, ગાથા–૧૦ થી ૧૩, પ્રવચન નં. ૫૨
## તા. ૦૩-૦૮-૧૯૭૦
## [૪]

આ 'અષ્ટપાહુડ' 'બોધપાહુડ'ની વ્યાખ્યા છે. જિનપ્રતિમાનું કથન છે. સાચી જિનપ્રતિમા કોને કહેવી ? જૈનમાર્ગમાં વીતરાગદેવે જિનપ્રતિમા આને કહી છે.

શ્રોતા :– કઈ નયથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ સાચી નયથી. આ પ્રતિમા છે એ તો વ્યવહાર છે. મંદિર આદિ પ્રતિમા વ્યવહાર છે. એટલે આવો નિશ્ચય હોય ત્યાં વિકલ્પ ઊઠે ત્યારે લક્ષ ત્યાં જાય એટલું. સમજાણું કાંઈ ?

જિનપ્રતિમાનું નિરૂપણ :

**सपरा जंगमदेहा दंसणणाणेण सुद्धचरणाणं।**
**णिग्गंथवीयराया जिणमग्गे एरिसा पडिमा।।१०।।**

આચાર્ય પોતે (કહે છે) કે જિનમાર્ગમાં આને પ્રતિમા કહીએ. વીતરાગી આત્માની પર્યાય, રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન જેવું ચૈતન્યનું સ્વરૂપ રાગથી ભિન્ન છે એવું ભાન, અને એમાં સંયમની સ્થિરતા, વીતરાગતા–એવા આત્માને જિનપ્રતિમા કહેવાય છે. 'શોભાલાલજી' ! એ ક્રિયા, જિનપ્રતિમા ને દેરાસર ને મંદિર ને ભક્તિ ને પૂજા કરે ને માને કે અમને ધર્મ થઈ ગયો. આ તો માનસિક કલ્પના આવે ત્યારે એ વાત છે, આત્મિકમાં એ વાત નથી. સમજાણું કાંઈ ? 'સ્વરૂપચંદભાઈ' ! 'તત્ત્વાર્થસાર' માં એ છે કે માનસિક વિકલ્પ ઊઠે છે ત્યાં સુધી એને સ્થાપના નિક્ષેપ ઉપર લક્ષ જાય. શુભભાવ હોય એટલે (લક્ષ જાય). આત્મિક ભાવનામાં એનો અવકાશ નથી. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા **'જિનકા ચારિત્ર, દર્શન-જ્ઞાન સે શુદ્ધ–નિર્મલ હૈ, ઉનકી સ્વપરા...'** જેને અંતરમાં દર્શન સમ્યક્ અનુભવ છે અને જેને સ્વનું સ્વસંવેદન જ્ઞાન છે અને સ્વમાં લીનતા છે... સમજાય છે કાંઈ ? એવા જે સંયમી મુનિ અને ધર્માત્મા, એને અહીંયા જિનપ્રતિમા કહી છે. જિનમાર્ગમાં એને જિનપ્રતિમા કીધી છે. પેલું વળી ક્યાં ગયું ? જિનમાર્ગ બહાર હશે ? ખરેખર એ જિનમાર્ગ જ નથી. એ તો વ્યવહાર માર્ગ છે, રાગ માર્ગ છે. વ્યવહાર જિનમાર્ગ છે, નિશ્ચય જિનમાર્ગ નથી. સમજાણું કાંઈ ? વસ્તુ જરી એવી છે.

**'અપની ઔર પરકી ચલતી હુઈ દેહ હૈ, વહ જિનમાર્ગમેં 'જંગમ પ્રતિમા' હૈ,...'** અહીં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો ગુરુ અને શિષ્ય બેયની જિનપ્રતિમા કીધી. શિષ્ય પણ એવો હોય છે કે જે વિકલ્પ રહિત શ્રદ્ધા-જ્ઞાન ને સંયમવાળો છે - એવો શિષ્ય અને પોતે ગુરુ, બેયના દેહ–જંગમ દેહ એને જિનપ્રતિમા કહે છે. સમજાણું કાંઈ ?

પહેલાં પ્રતિમા માનતા નહોતા, પાછું વળી આવું નીકળ્યું. આહા..હા..! ખરેખર તો એ વ્યવહાર વિકલ્પ છે એ પરદ્રવ્ય છે, એ વસ્તુ જ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યને આશ્રયે દૃષ્ટિ-જ્ઞાન ને સ્થિરતા (થયા) એ સ્વદ્રવ્ય (છે) અને એ જૈનમાર્ગ છે. 'પંડિતજી' ! આહા..! એવો માર્ગ છે.

કાલે રાત્રે એક વાત કહી હતી કે પરદ્રવ્યનો કર્તા આત્મા કેમ નથી ? - જેની સત્તા ભિન્ન છે એ ભિન્ન સત્તા પરનું કરી શકે નહિ. સમજાણું કાંઈ ? ચૈતન્ય ને જડ આદિ ભિન્ન સત્તાવાન પદાર્થ છે ને ? એ ચૈતન્ય અને બીજો ચૈતન્ય. ભિન્ન સત્તાવાન પદાર્થ ભિન્ન સત્તાનું કરે એમ બને નહિ. એક વાત. સમજાણું ? બીજી વાત–આસ્રવ તત્ત્વ છે ને સ્વભાવ તત્ત્વ છે એ ભિન્ન તત્ત્વ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ–રાગ ઊઠે છે એ પર તત્ત્વ છે. સ્વભાવ તે ચૈતન્ય તત્ત્વ છે. સ્વભાવ ચૈતન્ય તત્ત્વ અને વિભાવ આસ્રવ પર તત્ત્વ એટલે પર સત્તા (છે). એટલે સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ આસ્રવ પર સત્તા એટલે આસ્રવનો કર્તા સ્વભાવ દૃષ્ટિવંત નથી. સમજાણું કાંઈ ? આહા..હા..!

જેમ પરદ્રવ્ય પર સત્તા છે એ સ્થૂળ પર સત્તા છે. એથી એક સત્તા બીજી સત્તાનું કાંઈ કરે એમ નહિ. એમ ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ સત્તાવાન પદાર્થ છે અને આસ્રવ છે એ ભિન્ન સત્તાવાળી ચીજ છે. એથી બે પદાર્થની વચમાં સ્વભાવ દૃષ્ટિવંત, પર સત્તાવાળા આસ્રવ દયા, દાન, વ્યવહાર રત્નત્રયના વિકલ્પનો એ કર્તા નથી. સમજાણું કાંઈ ? ઝીણી વાતું, ભાઈ ! ત્રીજી વાત આગળ લઈએ ***તો દ્રવ્ય અને પર્યાય બે સત્તા ભિન્ન છે. જેમ પર સત્તા ભિન્ન છે, આસ્રવ સત્તા ભિન્ન છે માટે કર્તા નહિ, એમ એક દ્રવ્ય ત્રિકાળી (અને) એક સમયની નિર્મળ વીતરાગી પર્યાય–બે સત્તા ભિન્ન છે. માટે દ્રવ્ય પર્યાયનો કર્તા નથી, વીતરાગી પર્યાયનો પણ આત્મા કર્તા નથી ! આહા..હા..!*** 'સ્વરૂપચંદભાઈ' ! આવું સ્વરૂપ છે.

ભિન્ન સત્તાના ત્રણ પ્રકાર પાડ્યા. રાત્રે કહ્યું હતું. સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વસ્તુ છે. એને શ્રદ્ધા ને જ્ઞાનમાં એ ન લે અને બહારના જગડા... જગડા... જગડા (ઊભા કરે). આ મૂર્તિ હોય છે. એ હો, એને ઘરે. એ તો પરદ્રવ્ય છે. આ એના તરફનો વિકલ્પ ઉઠ્યો એ પણ પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નહિ. એથી તે પરદ્રવ્યનો કર્તા સ્વદ્રવ્યની શ્રદ્ધાવાળો નથી. અને આગળ જતા દ્રવ્ય અને પર્યાય બે ભિન્ન સત્તા સિદ્ધ કરવી છે. બન્ને ભિન્ન સત્તા છે.

શ્રોતા :– તો સાત દ્રવ્ય છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– છે ભલે જે હોય ઇ, પણ ***દ્રવ્ય ને પર્યાય બે સત્તા ભિન્ન છે. સામાન્ય સત્તા અને વિશેષ સત્તા–પર્યાય એ બન્ને ભિન્ન છે. એ અપેક્ષાએ ભિન્ન (છે) માટે ભિન્ન દ્રવ્ય પર્યાયનું કર્તા છે નહિ. મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા દ્રવ્ય નથી.*** એ..ઇ..! એ ગાથા આવશે. આપણે ૩૨૦ ની ચાલશે. માણસો ભેગા થાય ને ત્યારે (લઈશું). સમજાણું કાંઈ ? હિન્દી, હિન્દી. આ હિન્દી લોકો આવશે ને ! ૩૨૦ (ગાથાની) 'જયસેનાચાર્યદેવ'ની ટીકા છે. ઘણો સૂક્ષ્મ વિષય (છે). ઇ ચાલશે. જાજા માણસ આવે ને જરીક સાંભળે. ૧૫૦૦ પાના છપાણા છે. ૩૨૦ મી 'જયસેનાચાર્ય'ની ટીકા. ***સૂક્ષ્મ જે આત્મા, મોક્ષનો માર્ગ ને મોક્ષની પર્યાયથી પણ ભિન્ન છે. મોક્ષની પર્યાયનો કર્તા આત્મા નહિ, ધ્રુવ નહિ. અરે.. અરે...! કેમકે કર્તા હોય તે બે એક થઈ જાય છે. જેમ એક સત્તાવાળું દ્રવ્ય બીજા સત્તાવાળાને કાંઈ કરે તો બેય એક થઈ જાય છે.*** એ... 'હિંમતભાઈ' ! રાત્રે થોડી વાત કરી હતી. આ બહેનોને પણ ખ્યાલ આવે ને !

ભગવાન આત્માની સ્વભાવની સત્તા અને વિભાવની (સત્તા)–બે સત્તા જ ભિન્ન છે, બે હોવાપણે ભિન્ન છે. એટલે ભિન્ન હોવાપણે એ સ્વભાવ તે વિભાવને કેમ કરે ? સ્વભાવની પર્યાય તે વિભાવને કેમ કરે ? શું કીધું ? સમજાણું ? સ્વભાવ ને દ્રવ્ય એકકોર રાખો, સ્વભાવિક પર્યાય જે છે... જરી સૂક્ષ્મ પડે પણ સાંભળવું. સમજાય છે કાંઈ ? જે આત્મા વસ્તુ સ્વભાવ દ્રવ્ય, ગુણ ને પર્યાય એ નિર્મળ સ્વભાવ તે આત્મા–વસ્તુ. હવે, પુણ્ય અને પાપાના વિકલ્પ, જે વિકાર દોષરૂપ ભાવ (છે) એની સત્તા જ ભિન્ન છે. સમજાણું કાંઈ ? એ..ઇ..! ઝીણું તો આવે. 'ચીમનભાઈ' ! ભઈ માર્ગ તો વીતરાગનો છે આ, વીતરાગનો એટલે વીતરાગ ભાવનો.

ભગવાન આત્મા આસ્રવ સત્તાના હોવાપણાના ઉદયભાવથી તો ભિન્ન વસ્તુ છે. ઉદયભાવ તો આસ્રવ તત્ત્વ, ભાવબંધ તત્ત્વ છે અને સ્વભાવ જ્ઞાયકભાવ છે તે નિર્મળ અબંધ તત્ત્વ છે. આહા..! એ અબંધ તત્ત્વ, ભાવબંધ તત્ત્વ બન્ને ભિન્ન છે, માટે તેનો એ કર્તા નથી. અને જો કર્તા થાય તો બન્ને એક થઈ જાય છે.

હવે ત્રીજી વાત. જે વીતરાગી પર્યાય થઈ તે આસ્રવની કર્તા નથી. પણ વીતરાગી પર્યાય ને વીતરાગી દ્રવ્ય ત્રિકાળ એ દ્રવ્ય વીતરાગી દ્રવ્ય છે. બેની સત્તાને ભિન્ન સિદ્ધ કરતાં એક સત્તા--દ્રવ્ય સત્તા (તે) પર્યાયની કર્તા નથી. જો એક પર્યાય કર્તા થઈ જાય તો દ્રવ્ય ને પર્યાય બેય એક થઈ જાય છે.

શ્રોતા :– એકબીજા આલિંગન કરે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આલિંગન કરતાં જ નથી - અડતા જ નથી એમ કહે છે. આહા..હા..! સ્વભાવની પર્યાય વિભાવ દોષના પર્યાયને અડતી જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? 'પોપટભાઈ' ! રાત્રે કહ્યું હતું. તમે મોડા આવ્યા હતા ? ભાઈ જરી મોડા આવ્યા હતા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ વાત પહેલી થઈ ગઈ હતી. સમજાણું કાંઈ ? વસ્તુ પોતે જે છે... છોકરાઓને પૂછ્યું હતું, પરનું કરે એનું (શું) કારણ ? - ક્રિયાવતી શક્તિ એમાં છે માટે (એમ જવાબ આપ્યો). છોકરાઓ સાંજે આવ્યા ને ! સૌને શીખવ્યું છે ને ! અગુરુલઘુનો પર્યાય પરમાં જાય નહિ માટે. એ પણ કીધું. એનો મૂળ સિદ્ધાંત તો એ છે કે જેનું હોવાપણું ભિન્ન હોય એને બીજું હોવાપણું કાંઈ અડતું નથી. અડતું નથી માટે કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

એટલે ત્રણ સત્તા ભિન્ન થઈ. એક આખી બીજી ચીજ ભિન્ન અને દ્રવ્ય ભિન્ન માટે પરનો કર્તા નહિ. એક સ્વભાવિક વસ્તુ અને એની નિર્મળ પર્યાય, એનાથી આસ્રવ પર્યાય તદ્દન ભિન્ન (છે), પરદ્રવ્ય (છે). ઉદયભાવ પરદ્રવ્ય (છે). માટે સ્વદ્રવ્યની નિર્મળ પર્યાય પણ પરદ્રવ્યને કરે નહિ, આસ્રવને કરે જ નહિ. સમજાણું કાંઈ ? આ વાત છે.

વ્યવહારને જાણેલો પ્રયોજનવાન છે એમ જે કીધું છે એટલે કે એની જ્ઞાનની પર્યાય અલ્પ છે એને એ જાણે છે. એમાં દોષ સંબંધીનું જ્ઞાન દોષને લઈને નથી, દોષ છે માટે નહિ, દોષ પરદ્રવ્ય છે. એના જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરને જાણવાના પોતાના પર્યાયનું અસ્તિત્વ એક છે, બે અસ્તિત્વ નથી. પરનું જાણવું ને સ્વનું જાણવું એવા બે ભાગ નથી. બે છે એ એકરૂપ છે. સમજાણું કાંઈ ?

એવા અસ્તિત્વની પર્યાયમાં આસ્રવની પર્યાય જાણવામાં આવે એમ જે કહ્યું હતું બહારમાં પણ એથી વિશેષ તો એમ આવ્યું કે જણાયો એવો. એ જ્ઞેય જ્ઞાનની પર્યાયમાં જણાય જાય છે, જાણવું એમ નથી. 'જ્ઞાનચંદજી' ! (વાત) જરી ઝીણી પડશે, હોં ! પણ હવે સાંભળો તો ખરા. એવી વાત છે. હમણા એકે વિરોધ કર્યો છે કે તમે ''જાણેલો'' એવું કેમ લખ્યું આમાં ? ત્યારે (કીધું), 'જણાય' એ તો ભાઈ ! અમારે વધારે પસંદ છે.

શ્રોતા :– અમારે કબુલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કબુલ શું એ એમ જ છે. ઇ તો ભાઈ ! 'જયચંદ પંડિતે' 'જાણેલો પ્રયોજનવાન' ૧૨મી ગાથામાં કહ્યું. એટલે એનો અર્થ એમ થાય. એ તો જાણેલો કહો કે જણાયો થકો કહો કે જણાય જાય છે એમ (કહો). જણાય જાય છે (એટલે) સ્વ તરફની દૃષ્ટિ છે ત્યાં એની પર્યાયમાં 'આ છે' એમ જાણવું પણ ત્યાં પડતું નથી, જાણવું પડે ક્યાં ? એ તો એને (પરને) જાણે છે ? જેમ કેવળજ્ઞાનમાં લોકાલોકને જાણે છે ? જાણવું પડે છે ? ***એ જ્ઞાનની પર્યાય જ પોતાની એવી છે કે પર સંબંધીનું પોતાનું જ્ઞાન, સ્વ સંબંધીનું પોતાનું (જ્ઞાન) એને એકરૂપને પોતે જાણે છે. સમજાણું કાંઈ ? ભારે કામ, ભાઈ ! પર્યાયને જાણવું એ પણ હજી વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ ?***

***એ પર્યાય – વીતરાગી પર્યાય અને દ્રવ્ય, બેની સત્તા એક નથી. એક સામાન્ય સત્તારૂપ ધર્મ છે અને એક વિશેષ સત્તારૂપ ધર્મ છે. બેય એક સત્તાપણે નથી, બેની સત્તા ભિન્ન છે. ભિન્ન સત્તા (છે) માટે દ્રવ્ય પર્યાયની કર્તા નથી. મોક્ષમાર્ગની પર્યાયની પણ દ્રવ્ય કર્તા***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***નથી. મોક્ષની પર્યાયનું દ્રવ્ય કર્તા નથી. આહા..હા..!*** ભારે કામ, ભાઈ ! સમજાણું કાંઈ ? એ..ઇ..! 'નેમીદાસભાઈ' ! આ બધું સમજવા જેવું છે.

અહીં કહે છે (કે) મુનિ(ને) અંદર આત્માનું દર્શન, આત્માનો સ્વ આશ્રય (વર્તે છે). પરાશ્રય જેટલો ભાવ છે એને તો પરદ્રવ્ય ગણીને અહીં જૈનમાર્ગમાં ગણ્યો નથી. નિશ્ચયમાર્ગમાં, પરમ સત્ય માર્ગમાં વ્યવહારને ગણવામાં આવ્યો જ નથી. સમજાણું કાંઈ ? તેથી આચાર્ય શું કહે છે ? '**जिणमग्गे एरिसा पडिमा**' જિનમાર્ગમાં આવી પ્રતિમા કીધી છે. તીર્થંકરોએ, અનંત કેવળીઓએ જિનમાર્ગમાં સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન - સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપની સંયમવાળી રમણતાને જિનમાર્ગમાં જિનપ્રતિમા તીર્થંકરોએ કહી છે. પેલો વળી બીજો માર્ગ ક્યાં (ગયો) ? જિનમાર્ગમાં નહિ હોય ? બીજો માર્ગ એ જિનમાર્ગ નિશ્ચય નહિ. એ વ્યવહાર છે. ***એ જ્ઞાનમાં, જ્ઞાનની પર્યાય પોતાને જાણતા એ છે એનું જાણવું પણ સાથે પોતાને કારણે ઉત્પન્ન થઈ જાય છે, એને એ જાણે છે. સમજાણું કાંઈ ?***

***કેવળજ્ઞાની પોતાની પર્યાયને જાણે છે. લોકાલોકને જાણવું તે અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે.*** એ..ઇ..! ભાઈ ! એમ આ સમ્યગ્દૃષ્ટિ સદ્‌ભૂત વ્યવહારનયે પોતાની પર્યાયને જાણે છે એ બરાબર છે પણ દોષને જાણે છે એ અસદ્‌ભૂત વ્યવહારનય છે. સમજાણું કાંઈ ? માર્ગ કોઈ એવી ચીજ છે. સમજાણું કાંઈ ? 'શ્રીમદ્' કહ્યું છે કે 'નહિ દે તું ઉપદેશને, પ્રથમ લે ઉપદેશ, સબસે ન્યારા અગમ હૈ વો જ્ઞાની કા દેશ'. એ..ઇ..!

શ્રોતા :– જાણવું તો પડે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– જાણવા માટે તો વાત કીધી. આ 'બોધપાહુડ' છે ને ? આવી પ્રતિમાને જાણ એમ અહીં પાઠ છે. બોધનો અર્થ એમ છે. આવી પ્રતિમાને જાણ એમ અહીં કહે છે. પેલી પ્રતિમા ? ઇ તો વચ્ચે હોય. એનું જ્ઞાન પણ પોતાનું જ્ઞાન છે. સમજાણું કાંઈ ? એવી વાત છે.

કહે છે (કે) દર્શન, જ્ઞાન, શુદ્ધ નિર્મળ ચારિત્ર '**ઉનકી સ્વપરા...**' સ્વપરા. સ્વ નામ પોતાની અને પર નામ શિષ્યની. બેયની વીતરાગભાવરૂપ પડિમા છે, તેને જિનપ્રતિમા જિનમાર્ગમાં કહી છે. કહો, ત્યારે આ બધું આ દેરાસર ને મંદિર ને આ શું (છે) ? બધો વ્યવહાર છે, અવસ્તુ છે, સ્વસ્તુની અપેક્ષાએ અવસ્તુ છે. સમજાણું કાંઈ ?

જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ ભગવાન પરમાત્મા પોતે અવસ્તુ છે, એમ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ આસ્રવ અવસ્તુ છે. એમ દ્રવ્યની અપેક્ષાએ પર્યાય અવસ્તુ છે. એ..ઇ..! આહા..હા..! પર્યાયની અપેક્ષાએ પર્યાય વસ્તુ છે.

શ્રોતા :– બે નય આવ્યા !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એવું છે, ભાઈ ! સમજાણું કાંઈ ? ભગવાન આત્મા... ! અહીં તો ફક્ત સત્તાની ભિન્નતા તે ભિન્નને કરે નહિ. એવી જે અંદર વીતરાગ પ્રતિમા– ભાવ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એને જૈનમાર્ગમાં જિનપ્રતિમા કીધી છે. અહીં તો જિનમાર્ગમાં (જિનપ્રતિમા) એને કીધી. પેલો વ્યવહાર જૈનમાર્ગમાં નહિ. એ તો બહારની વાત છે, એ જૈનમાર્ગ નથી ! ભારે ભાઈ ! ઉપચારીક વિકલ્પ છે. હોય છે ઇ જાણે. ઉપચાર છે. આવ્યું છે ને ?

'કળશ ટીકા' માં આવ્યું છે. 'પર્યાયનો કર્તા (-દ્રવ્ય છે તે) ઉપચાર છે' એમ આવ્યું છે. ખબર છે ? શરૂઆતમાં (આવે છે). પર્યાયનો કર્તા જીવ (છે એ) ઉપચાર છે એનો અર્થ ઇ. એમણે લખ્યું છે. છે ને ? પહેલામાં છે. પરનો કર્તા તો ક્યાં રહ્યો પણ પર્યાયનો કર્તા ઉપચારથી છે. ઉપચાર કહો કે વ્યવહાર કહો કે અભૂતાર્થ છે. આરે.. આરે.. ભારે વાત ! આ માર્ગમાં આ અગમ્ય પ્યાલા છે, બાપુ ! સમજાય છે કાંઈ ?

શ્રોતા :- અગમ્ય પ્યાલા છે પણ ગમ્ય તો કરાવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ગમ્ય કરવા માટે તો આ વાત ચાલે છે. અગમ્યને જેણે ગમ્ય કર્યું. આહા..! જુઓને ! આ બોધની પહેલી વ્યાખ્યા ઇ છે કે આવું છે... આવું છે... આવું છે... જિનપ્રતિમા એને તું જાણ. જિનપ્રતિમા તો જે સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર સહિત છે તે જિનપ્રતિમા (છે). પણ આ સંભળાવનારને કહે છે કે આવું હોય એને તું જિનપ્રતિમા જાણ. સમજાણું કાંઈ ? માર્ગ એવો ઝીણો (છે). 'અગમ્ય પ્યાલા પીવો મતવાલા, તિન્હી અધ્યાત્મ વાસા, આનંદઘન ચેતન વૈહ ખેલે, દેખે લોક તમાસા' ! કહે છે (કે) આ એને નક્કી કરવું પડશે. જેને ધર્મ કરવો હોય એને આ જાતની વસ્તુ છે એવું એને જ્ઞાનમાં નક્કી કરવું પડશે.

**'અપની ઔર પરકી ચલતી હુઈ દેહ હૈ, વહ જિનમાર્ગમેં 'જંગમ પ્રતિમા' હૈ;...'** દેખો ! પોતાનો આત્મા અને સાથે દેહ, શિષ્યનો આત્મા અને દેહ. એમ બે. ચાલતી ચાલતી એ જંગમ પ્રતિમા છે. જિનમાર્ગમાં એને પ્રતિમા કીધી છે. **'અથવા સ્વપરા અર્થાત્ આત્માસે 'પર' યાની ભિન્ન હૈ એસી દેહ હૈ.'** દેખો ! દેહને કહ્યું. દેહમાં નિર્ગ્રંથ દશા છે ને ! એક વસ્ત્રનો તાણો નહિ, ધાગો નહિ. તદ્દન નગ્ન મુનિ. જેવો માતાએ (જન્મ આપ્યો) એવો દેહ.

**'જિસકા નિર્ગ્રંથ સ્વરૂપ હૈ, કુછ ભી પરિગ્રહકા લેશ ભી નહીં હૈ ઐસી દિગંબરમુદ્રા હૈ.'** આહા..હા..! એને પણ વ્યવહારે પ્રતિમા કહેવામાં આવે છે, દેહને, હોં ! પેલી નિશ્ચય (પ્રતિમા કહી). **'જિસકા વીતરાગ સ્વરૂપ હૈ, કિસી વસ્તુસે રાગ-દ્વેષ-મોહ નહીં હૈ,...'** વિકલ્પ જ જ્યાં વસ્તુમાં નથી, નિર્વિકલ્પ ચીજ જ છે. દ્રવ્ય-ગુણ આખા અને પર્યાય પણ જેની નિર્વિકલ્પ છે એવા પ્રતિમાને જિનપ્રતિમા, જૈન શાસનમાં સાચી જિનપ્રતિમા એને કીધી છે. કહો, સમજાણું કાંઈ ? પછી વ્યવહાર છે એમ જણાવશે. પણ તું ન્યાં એકલો માની બેસે કે આને લઈને ધર્મ થાય અને આને લઈને મોક્ષ થાય, ભગવાનની પ્રતિમા પૂજવાથી ને દેવાથી સંવર, નિર્જરા થાય - એમાં એકેય અંશમાં માલ નથી. 'શોભાલાલજી' ! વાંધા આ ઉઠ્યા. પેલાએ ધર્મ મનાવ્યો ત્યારે પેલાએ (પ્રતિમા) ઊડાડી દીધી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– બન્ને ખોટા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બન્ને ખોટું છે. (સંવત) ૧૯૮૨માં કહ્યું હતું. ત્યારે સંપ્રદાયમાં હતા. પણ પ્રતિષ્ઠા ઘણી એટલે અમારા ઉપર કોઈ શંકા ન કરે. અમારા ઉપર ભરોસો ઘણો ને ! એટલે (માને કે) કાંઈક કહેતા હશે. ૧૯૮૨માં સંપ્રદાયમાં કહ્યું હતું, હોં ! નવ વર્ષ પહેલાં. કીધું, જુઓ ! બે મિત્ર હતા. એકે સો રૂપિયા બીજાને આપેલા. સો રૂપિયા સમજ્યા ને ? એક મિત્રે પોતાના મિત્રને સો રૂપિયા આપેલા. બે મિત્રો (હતા). પછી એ બન્ને મરી ગયા. જેના બાપે આપેલા એણે જોયું કે મારા બાપે આના બાપને સો રૂપિયા આપ્યા હતા. (એણે) બે મીંડા ચડાવ્યા. મીંડા સમજે ? શૂન્ય. સો ઉપર બે શૂન્ય ચડાવી (એટલે) દસ હજાર (થઈ ગયા). એણે કહ્યું કે ભાઈ ! દસ હજાર તારા બાપને મારા બાપે આપ્યા છે. માટે લાવ. તમે હમણા પૈસાવાળા થયા છો. પેલાએ જોયું કે સો રૂપિયા તો (આપ્યા) લાગે છે પણ જો કબુલ કરીશ તો દસ હજાર માંગશે. (એટલે કહ્યું) સો રૂપિયા પણ નથી (આપ્યા). પેલાએ બે મીંડા ચડાવ્યા, આણે કાઢી નાખ્યા.

એમ દેરાવાસી શ્વેતાંબરે કીધું (કે) ભગવાનને માથે મુદ્રા ને આ ને આ ચડાવીને બે મીંડા માગ્યા. સ્થાનકવાસીએ જોયું કે શાસ્ત્રમાં મૂર્તિ તો છે પણ જો કબુલ કરશું તો પાછું આ બધું માગે છે – આ દસ હજાર. (એટલે એણે કહ્યું) મૂર્તિ જ નથી. એકે કાઢી નાખી અને એકે ચડાવી દીધા. 'શોભાલાલજી' !

એ ભૂમિકાને યોગ્ય એવો શુભભાવ હોય છે. એ શુભના અસંખ્ય પ્રકાર છે. એ પ્રકારનો શુભ હોય ત્યારે એનું લક્ષ ત્યાં જાય છે. દયાના પ્રકારનું શુભ લક્ષ હોય તો પરને ન મારું એવો વિકલ્પ થાય છે. એ અસંખ્ય પ્રકારના સહજ શુભભાવ હોય છે. સમજાણું કાંઈ ? એનો એ કર્તા નથી. આહા..!

જ્ઞાની શુભભાવનો કર્તા નથી. જેમ કેવળજ્ઞાની લોકાલોકના કર્તા નથી પણ લોકાલોક છે ખરા. એમ સમકિતી શુભભાવનો કર્તા નથી પણ શુભભાવ છે ખરો. જેમ લોકાલોક છે એમ શુભ છે, એટલું બસ. પર તરીકે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? સમ્યગ્દષ્ટિ તો વ્યવહારથી મુક્ત છે. વ્યવહાર એની પર્યાયમાં નથી. ગજબ વાત છે ને ! વ્યવહાર પરદ્રવ્યમાં ગણી નાખ્યો છે. સમજાણું કાંઈ ?

અહીં કહે છે કે સ્વ-પર શિષ્ય એવી એની પ્રતિમા (છે). **'જિસકા વીતરાગ સ્વરૂપ હૈ,...'** એને પ્રતિમા કહી છે. **'જિનકે દર્શન જ્ઞાનસે નિર્મલ ચારિત્ર પાયા જાતા હૈ, ઇસપ્રકાર મુનિયોંકી ગુરુ-શિષ્ય અપેક્ષા અપની તથા પરકી ચલતી હુઈ...'** ખુલાસો કર્યો. ઉપર જે સ્વ-પર હતું ને ? **'નિર્ગ્રંથ વીતરાગમુદ્રા સ્વરૂપ હૈ, વહ જિનમાર્ગ મેં 'પ્રતિમા' હૈ,...'** વીતરાગ માર્ગમાં તો સાચી–સત્ય પ્રતિમા આ કહી છે. પછી ઉપચારિત તરીકે નિક્ષેપમાં નાખે. ઇ કહે છે, જુઓ ! **'અન્ય કલ્પિત હૈ...'** અન્યમાં બીજા કલ્પિત માર્ગ કહીને પ્રતિમા સ્થાપી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એ તો કલ્પિત છે. **'ઔર ધાતુ-પાષાણ આદિસે બનાયે હુએ દિગંબરમુદ્રા સ્વરૂપકો 'પ્રતિમા' કહતે હૈં...'** દેખો ! ધાતુ-પાષાણ જે પરદ્રવ્ય છે એની આકૃતિને મૂર્તિ કહીએ. એ વ્યવહાર છે.

**'વહ ભી બાહ્ય આકૃતિ તો વૈસી હી હો વહ વ્યવહારમેં માન્ય હૈ.'** એટલે શું કહ્યું ? કે જેવી દિગંબર મુદ્રા છે એવી હોય તો વ્યવહાર માન્ય છે. એને કાંઈ વસ્ત્રને લગાડી દે ને ટીલા-ટપકા કરી દે ને... આ શું કહે ? બાજુબંધ ને દાગીના ને (આંગી લગાડે) એ તો વ્યવહાર પણ નથી, વ્યવહાર પણ નથી. સમજાય છે કાંઈ ? જુઓ ! છે એમાં ? **'ધાતુ-પાષાણ આદિસે બનાયે હુએ દિગંબરમુદ્રા સ્વરૂપકો 'પ્રતિમા' કહતે હૈં જો વ્યવહાર હૈ.'** લોકાલોક છે, કેવળજ્ઞાન જાણે છે પોતાની પર્યાયને. પરને જાણે છે એમ કહેવું એ અસદ્‌ભૂત વ્યવહારનય છે. એમ જ્ઞાનીને રાગ છે એમ કહેવું એ અસદ્‌ભૂત વ્યવહારનય છે. જ્ઞાનીને રાગ છે જ નહિ. જ્ઞાનીને તો સ્વ અને પરનું જ્ઞાન સ્વ સ્વરૂપમાં પોતાના કારણે ઉત્પન્ન થયું છે, એ છે.

કહે છે કે **'ધાતુ-પાષાણ આદિસે બનાયે હુએ દિગંબરમુદ્રા સ્વરૂપકો 'પ્રતિમા' કહતે હૈં જો વ્યવહાર હૈ. વહ ભી બાહ્ય આકૃતિ તો વૈસી હી હો વહ વ્યવહારમેં માન્ય હૈ.'** સમજાય છે કાંઈ ? ભગવાન આમ પ્રભુની અચિંત્ય વીતરાગ મુદ્રા. વીતરાગ પોતે હતા ને ! એવું વીતરાગપણું જ્યાં ભાસે... સમજાણું ? જરાક ટીલું-ટપકું કર્યું કે કોઈ કરે તો એ વીતરાગતા મુદ્રિત મુદ્રા ન રહી. સમજાણું કાંઈ ? આ પ્રતિમાને ટીલું કરે છે એમ અહીં કહ્યું. એ પ્રતિમા વીતરાગ મુદ્રિત પ્રતિમા ન રહી. સમજાણું કાંઈ ? ઇ વીતરાગ પ્રતિમા છે માટે અહીં શુભભાવ થાય છે એમ નથી. એ કાળે જ્યારે શુભભાવ હોય છે ત્યારે એનું લક્ષ ત્યાં જાય છે. એટલી વાત છે, એટલી મર્યાદા છે. એને દેખીને શુભભાવ થાય છે એમ નથી, એ તો પરવસ્તુ છે. પરને દેખીને શુભ કે અશુભ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ ?

કહે છે, **'ધાતુ-પાષાણ આદિસે બનાયે હુએ દિગંબરમુદ્રા સ્વરૂપકો 'પ્રતિમા' કહતે હૈં જો વ્યવહાર હૈ. વહ ભી બાહ્ય આકૃતિ તો વૈસી હી હો વહ વ્યવહારમેં માન્ય હૈ.'** આકૃતિ એટલે બાહ્ય સ્વભાવ. સમજાય છે ? એવો જેનો સ્વભાવ. મુદ્રા આમ, 'જિનપ્રતિમા જિન સારખી, વંદે બનારસી ....' 'બનારસીદાસે' (કહ્યું) 'રંચમાત્ર દૂષણ લગે તો એ વંદનયોગ્ય નાહિ.' એને ટીલા-ટપકા કરે ને એને કેસર ચોપડે. (એવું તો) વ્યવહારે હોઈ શકે નહિ. એવી વાત છે, ભાઈ ! આ તો સત્યની વાત છે. આ કાંઈ કોઈ પક્ષની વાત નથી.

**'બાહ્ય આકૃતિ તો વૈસી હી હો...'** આકૃતિ નામ જેવો એનો સ્વભાવ એવું આમ દેખાય. તદ્દન (વીતરાગ) મુદ્રા ! શુભભાવમાં લક્ષ ત્યાં જાય બસ એટલું. તે પણ સમકિતી તો શુભભાવથી પણ મુક્ત છે. સમજાણું કાંઈ ? કારણ કે એ તો આસ્રવ તત્ત્વ છે. આસ્રવથી તો ભિન્ન તત્ત્વ છે અને ભિન્ન છે તે આસ્રવ તત્ત્વનો પણ કર્તા નથી તો પ્રતિમા ને મંદિર ને કરે એ તો એના શુભ વિકલ્પમાં પણ નથી. ભારે વાતું, ભાઈ ! સમજાણું કાંઈ ? ક્યાં ગયા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'હીરાભાઈ' ? બહુ છેટે બેઠા.

**'આગે ફિર કહતે હૈં'** જુઓ ! આ જિનપ્રતિમા. આહા..! અહીં પાઠમાં તો (એમ લીધું છે) **'जिणमग्गे एरिसा पडिमा'**. વીતરાગમાર્ગમાં તો અંદર વીતરાગી પડિમાને જિનપ્રતિમા કીધી છે. પેલો તો વ્યવહાર છે, વ્યવહારનું જ્ઞાન કરાવે છે. જ્ઞાન પોતાથી થઈ જાય છે. સમજાય છે કાંઈ ? બહુ ઝીણી વાતું.

**जं चरदि सुद्धचरणं, जाणइ पिच्छेइ सुद्धसम्मत्तं।**
**सा होई वंदणीया णिग्गंथा संजदा पडिमा।।११।।**

**'જો શુદ્ધ આચરણકા આચરણ કરતે હૈં...'** શુદ્ધ આચરણ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ શુદ્ધ આચરણ (છે). વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન ને વીતરાગી સ્થિરતા (થઈ) એને શુદ્ધ આચરણ કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ ? **'જો શુદ્ધ આચરણકા આચરણ કરતે હૈ તથા સમ્યગ્જ્ઞાનસે યથાર્થ વસ્તુકો જાનતે હૈં...'** આચરે અને જેમ છે તેમ જાણે. **'ઔર સમ્યગ્દર્શનસે અપને સ્વરૂપકો દેખતે હૈં...'** લ્યો ! દેખે એટલે માને. શુદ્ધ ચૈતન્ય વસ્તુ નિર્મળ નિર્વિકલ્પ વીતરાગ (છે) એવી દૃષ્ટિએ વસ્તુને દેખે–શ્રદ્ધે. **'ઇસપ્રકાર શુદ્ધસમ્યક્ત્વ જિનકે પાયા જાતા હૈ...'** **'सुद्धसम्मत्तं'** છે ને ? **'जं चरदि सुद्धचरणं, जाणइ पिच्छेइ'** અને એ ઉપરાંત **'सुद्धसम्मत्तं'** એમ. એ જુદું લીધું છે. **'ઇસપ્રકાર શુદ્ધસમ્યક્ત્વ જિનકે પાયા જાતા હૈ એસી નિર્ગ્રંથ સંયમસ્વરૂપ પ્રતિમા હૈ વહ વંદન કરને યોગ્ય હૈ.'**

**'શુદ્ધસમ્યક્ત્વ જિનકે પાયા જાતા હૈ...'** શુદ્ધસમ્યક્ત્વનો અર્થ જ આખું તત્ત્વ, દ્રવ્યની દૃષ્ટિ, દ્રવ્યનું જ્ઞાન ને દ્રવ્યમાં સંયમ - એ સમ્યક્. એવું **'શુદ્ધસમ્યક્ત્વ જિનકે પાયા જાતા હૈ...'** આહા..! સમજાણું કાંઈ ? **'એસી નિર્ગ્રંથ સંયમસ્વરૂપ પ્રતિમા હૈ...'** નિર્ગ્રંથ સંયમસ્વરૂપ પ્રતિમા છે. ભગવાનને જેમ ગ્રંથ નથી એમ બાહ્ય પ્રતિમાને ગ્રંથ–વસ્ત્રનો તાણો કે કાંઈ હોતો નથી. તો એને વ્યવહારે માની છે. ઇ છે. સમજાણું કાંઈ ? આવી પ્રતિમા તે વંદન યોગ્ય છે. આ (અન્ય) પ્રતિમા વંદન યોગ્ય નથી એમ આવ્યું, આ હિસાબે તો. નિશ્ચયથી, હોં ! એ..ઇ..! નહિ તો બે ભેદ કેમ પડી જાય ? આ પ્રતિમા આવી. આહા..હા..!

ત્યારે પેલા સ્થાનકવાસી ઘણા કહે છે ને ? ૩૧મી ગાથા આવે ને કે ભગવાનની વ્યવહાર સ્તુતિ એ સ્તુતિ જ નથી. નિશ્ચય સ્તુતિ પોતાની છે. જુઓ ! આમાં ક્યાં પ્રતિમા આવી ? એમ કહે છે. બધા કહે, જુઓ ! આમાં આત્માની સ્તુતિને ભક્તિ કીધી છે. ભગવાનની સ્તુતિ ભક્તિ ના પાડી છે. પણ એ તો નિશ્ચયની વાત છે. આવું વચ્ચે હોય છે, વચ્ચે વિઘ્નરૂપ એક દશા (આવે છે). ***રાગ છે એ વિઘ્નરૂપ છે, કષાય છે, અગ્નિ છે, ભઠ્ઠી છે. હાય.. હાય..*** ! આવ્યું ને ઇ ? 'છ ઢાળા'માં આવ્યું ને ? 'યહ રાગ આગ દાહ દહે સદા'. અંદર બળે છે. છેલ્લો બોલ છે. રાગ ચાહે તો શુભ હો કે અશુભ હો, અગ્નિ છે, કષાય છે. ભગવાન પ્રત્યે ઉપયોગ છે ને ? ઉપયોગ ભગવાન પ્રત્યે છે માટે જ તે રાગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે અને કષાય છે, માટે તે અગ્નિ છે. આહા..હા..! ભારે વાતું ! એ..ઇ..!

**'ઐસી નિર્ગ્રંથ સંયમસ્વરૂપ પ્રતિમા હૈ વહ વંદન કરને યોગ્ય હૈ.'** આ..હા..! એ.. 'વજુભાઈ' ! બહુ આવું કરશે તો પછી આ કોઈ ભગવાનની પ્રતિમાને માનશે નહિ. ઇ તો શુભરાગ આવે એ કાળે ત્યારે એનું લક્ષ હોય છે, એ એટલી ભૂમિકા છે. બસ, એટલું. સમજાણું કાંઈ ? (શુભરાગમાં) બહુ જોર દેવા જાય તો દૃષ્ટિમાંથી ખસી જાશે. સમજાણું કાંઈ ? દૃષ્ટિનો વિષય નથી. ***પર્યાય એ (પણ જ્યાં) દૃષ્ટિનો વિષય નથી તો વળી પ્રતિમા ને ભગવાનનું મંદિર (એ) દૃષ્ટિનો વિષય ક્યાંથી આવ્યો ? નિર્મળ વીતરાગી પર્યાય પણ દૃષ્ટિનો વિષય નથી. સમજાણું કાંઈ ? આહા..હા..!*** વાત એવી છે કે વસ્તુના ઘરની આ વાત છે. સમજાણું કાંઈ ?

**'વહ વંદન કરને યોગ્ય હૈ.'** એમ કહ્યું ને પાઠમાં ? **'सा होई वंदणीया'** એમ છે ને પાઠ ? એ વંદનીય (છે). ત્યારે એમાંથી એ નીકળે કે આ જિનપ્રતિમા ને મંદિર ને એ વંદનીય નથી. નિશ્ચયથી વંદનીય છે જ નહિ. વ્યવહારનો અર્થ અભૂતાર્થનયથી ઉપચારથી કહેવામાં આવે. આવી વાત છે. એ..ઇ..! આહા..!

**'જાનનેવાલા, દેખનેવાલા, શુદ્ધસમ્યક્ત્વ, શુદ્ધચારિત્ર સ્વરૂપ...'** જાણવાવાળો, દેખવાવાળો શુદ્ધ સમકિત, શુદ્ધ ચારિત્ર સ્વરૂપ. શુદ્ધ ચૈતન્ય. શુદ્ધ નિશ્ચય સમ્યગ્દર્શન અને નિશ્ચય સ્વરૂપમાં ઠરતા શુદ્ધ ચારિત્ર થાય. **'નિર્ગ્રંથ સંયમસહિત, ઇસપ્રકાર મુનિકા સ્વરૂપ હૈ વહી 'પ્રતિમા' હૈ,...'** એ પ્રતિમા છે–વીતરાગ ભાવ.

શ્રોતા :– અઠ્યાવીસ મૂળગુણ પ્રતિમા ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– અઠ્યાવીસ મૂળગુણ પ્રતિમા છે એમ અહીં નથી કહ્યું. એનો વ્યવહાર છે એ જિનપ્રતિમા છે એમ નથી કહ્યું. એનો વ્યવહાર, હોં ! પેલો વ્યવહાર બહાર ગયો. વિકલ્પ છે એ જિનપ્રતિમા છે એમ અહીંયા નથી કહ્યું.

શ્રોતા :– જિન એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– જિન એટલે વીતરાગ. વીતરાગ માર્ગમાં વીતરાગમાંથી શરૂ થાય છે. સમજાણું કાંઈ ?

**'નિર્ગ્રંથ સંયમસહિત, ઇસપ્રકાર મુનિકા સ્વરૂપ હૈ વહી 'પ્રતિમા' હૈ,...' 'વહી પ્રતિમા હૈ...'** એમ છે ને ? **'सा होई वंदणीया णिग्गंथा' 'सा होई'** એમ છે ને અંદર ? પાઠમાં છે ને ? **'सा होई वंदणीया'** એનો અર્થ કર્યો છે, એ જ હોય એમ. **'વહી વંદન કરને યોગ્ય હૈ; અન્ય કલ્પિત વંદન કરને યોગ્ય નહીં હૈ...'** સમજાય છે ? ખરેખર વીતરાગની પ્રતિમા ને મંદિર પણ નિશ્ચયથી વંદવા લાયક છે નહિ. પંડિતજી ! આવી વાત છે. સવાર-સાંજ ભક્તિ કરે (એટલે) થઈ ગયો ધર્મ, જાવ ! પોતાનું સ્વરૂપ શું છે ? (એની ખબર નથી). ભક્તિ તો એને કહીએ વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન ને વીતરાગી ચારિત્ર એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભક્તિ છે. આહા..! પછી એ વખતે વ્યવહાર આવે છે. વ્યવહારનય છે ને ? આવે છે. એમાં એને વ્યવહારની હોંશ વર્તે (કે) હા, આવે ને ! આવે ને ! (એમ થાતું હોય તો) એનો અર્થ કે વ્યવહારની હોંશ વર્તે છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? એ..ઇ..! ઉદાસ ભાવે વચમાં આવે છે, આવે છે. વાત એવી છે.

**'ઔર વૈસે હી રૂપસદૃશ ધાતુપાષાણકી પ્રતિમા હો વહ વ્યવહારસે વંદનેયોગ્ય હૈ.'** દેખો ! વ્યવહારથી શુભભાવ છે એટલે વ્યવહારથી વંદન કહેવામાં આવે છે. વ્યવહાર જ આખો હેય છે. આહા..હા..! હેયને વંદના યોગ્ય કહેવું એ વ્યવહારથી કહેવામાં આવે છે. વ્યવહારે પૂજ્ય છે એમ પણ કહે. વ્યવહારનયે અભૂતાર્થનયે વ્યવહાર પૂજ્ય છે. આહા..હા..! 'પદ્મનંદિ પંચવિંશતિકા' માં છે. એ લોકો બધા એ નાખે. તારા સ્વના જાગ્યા વિના અને સ્વના આશ્રય વિના એ વ્યવહારને વ્યવહાર (કહેવામાં આવતો નથી). જાણનારો જાગે નહિ તો એને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. આહા..હા..! શું થાય ?

અંદર ભગવાન મહાપ્રભુ ચૈતન્યમૂર્તિ છે. વીતરાગનો કંદ (છે). અનંતા સિદ્ધ ભગવાન અંદર પેટમાં પડ્યા છે. આત્મામાં અનંતા સિદ્ધ પડ્યા છે. એવી સિદ્ધની દૃષ્ટિ, સિદ્ધનું જ્ઞાન ને સિદ્ધનું ચારિત્ર (થાય) એને અહીંયા ખરેખર જિનમાર્ગમાં ચૈતન્ય પ્રતિમા–જિન પડિમા અને એને વંદનયોગ્ય નિશ્ચયથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

**'વૈસે હી રૂપસદૃશ ધાતુપાષાણકી પ્રતિમા હો વહ વ્યવહારસે વંદને યોગ્ય હૈ.'** જુઓ ! પેલામાં વંદન યોગ્યની ના પાડી હતી ને ? (અહીંયા કહે છે) એ વ્યવહારે વંદવા યોગ્ય છે, પણ એમાં હોંશ આવી જાય (કે) એટલો આવે છે ને ! પણ જે રાગ છે એ ખેદનું કારણ છે, દુઃખનું કારણ છે, એની હોંશ છે એને દ્રવ્ય સ્વભાવનો અનાદર છે. સમજાણું કાંઈ ?

**'આગે ફિર કહતે હૈં :–'**

**दंसण अणंत णाणं अणंतवीरिय अणंतसुक्खा य।**
**सासयसुक्ख अदेहा मुक्का कम्मट्ठबंधेहिं।।१२।।**

**णिरुवममचलमखोहा णिम्मिविया [1]जंगमेण रूवेण।**
**सिद्धट्ठाणम्मि ठिया वोसरपडिमा धुवा सिद्धा।।१३।।**

હવે અહીંયા સિદ્ધની પ્રતિમાને કહે છે. આ સિદ્ધ પ્રતિમા સ્થાપે એ સિદ્ધ નહિ, હોં ! સિદ્ધ ભગવાન એ ચૈતન્ય પ્રતિમા, સિદ્ધ ભગવાન એ ચૈતન્ય પ્રતિમા (છે). 'શ્રીમદ્' માં આવે છે, 'શ્રીમદ્'માં આવે છે ને ? ચૈતન્ય પ્રતિમા થા, ચૈતન્ય પ્રતિમા થા. 'શ્રીમદ્ રાજચંદ્ર' (ગ્રંથમાં) પાછળ આવે છે. જિન ચૈતન્ય પ્રતિમા થા. સમજાણું કાંઈ ?

**'જો અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય ઔર અનંતસુખ સહિત હૈં;...'** એવા સિદ્ધ ભગવાન **'શાશ્વત અવિનાશી સુખસ્વરૂપ હૈં;...'** લ્યો ! વધારે લીધું. પહેલામાં અનંતા સુખ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવી ગયું હતું. પણ કેવું સુખ છે ? એ શાશ્વત સુખ છે. અતીન્દ્રિય આનંદનું સુખ, સ્વનું સુખ. પોતામાં સુખ છે એ માન્યતા છોડીને ક્યાંય પણ શુભ વિકલ્પ છે એમાં સુખ છે (એમ માને તો) દૃષ્ટિ મિથ્યાત્વ છે. વ્યવહારનો જે વિકલ્પ આવે એમાં એ સુખ છે અથવા ઠીક છે એટલે કે એ છે તો મને લાભ થાશે, ઇ છે તો જ્ઞાન થાય છે એમ પણ નથી. વ્યવહાર આવે છે માટે એનું અહીં જ્ઞાન થાય છે એમ નથી. એને આશ્રયે અહીં જ્ઞાન થયું એ તો પરાધીન જ્ઞાન પર્યાય થઈ. એ જ્ઞાન પર્યાય એવી પરાધીન છે નહિ. એ..ઇ..! એવો માર્ગ છે.

એ પોતાનો જ્ઞાન ગુણ સ્વને–દ્રવ્ય–ગુણને જાણે અને રાગને જાણવા સંબંધીનું જે જ્ઞાન (થયું) એ પોતા સંબંધીનું પોતાને કારણે ઉત્પન્ન થયેલું (જ્ઞાન) છે. રાગને કારણે એ જ્ઞાન ઉત્પન્ન થયું છે એમ નથી. લોકાલોકને કારણે કેવળજ્ઞાન થયું છે એમ નથી. આહા..હા..! એ..ઇ..! ઇ કહે છે, જુઓ ! સુખ અને વધારે નાખ્યું, શાશ્વત સુખ છે એમ કહ્યું. શાશ્વત સુખ થયું. અંદરથી આત્મા ફાટ્યો ! અંદરથી આનંદનો ઘન, આનંદની મૂર્તિમાંથી પ્રગટેલું સુખ એને સુખ કહીએ. બાકી ધૂળમાંય ક્યાંય (સુખ) નથી, પુણ્યમાં પણ સુખ નથી, વ્યવહાર રત્નત્રયમાં સુખ નથી. દોષમાં સુખ નથી, પૈસામાં સુખ નથી. સમજાણું કાંઈ ? ***જ્યાં સુધી આત્મામાં સુખ છે એવો ભાસ ન થાય અને પરમાં સુખ છે એવો ભાસ રહે ત્યાં સુધી તેણે આત્માનો અનાદર કર્યો છે. સમજાણું કાંઈ ?***

**'શાશ્વત અવિનાશી સુખસ્વરૂપ હૈં; અદેહ હૈં–કર્મ નોકર્મરૂપ પુદ્ગલમયી દેહ જિનકે નહીં હૈ;...'** જેને કર્મ ને નોકર્મ બેય નથી. નોકર્મ એટલે શરીર આદિ. ભાવકર્મ આદિ. ત્રણેય નથી. સમજાય છે કાંઈ ? **'પુદ્ગલમયી દેહ જિનકે નહીં હૈ; અષ્ટકર્મકે બંધનસે રહિત હૈં;...'** એવો ચૈતન્ય દેહ - અનંત જ્ઞાન-દર્શન-આનંદનો પ્રગટેલો અનંત ચૈતન્ય દેહ, એ જિનપ્રતિમા છે. આહા..હા..! નીચલા દરજ્જામાં અઠ્યાવીસ મૂળ ગુણ આવે એને પ્રતિમા જિનપ્રતિમા નથી કીધી. દોષ છે એને જિનપ્રતિમા કહે ? પંડિતજી ! દોષરહિત જે વીતરાગી દર્શન-જ્ઞાન દશા પ્રગટી છે એને જિનપ્રતિમા કીધી છે. વીતરાગી પ્રતિમા જોઈએ ને ? એમાં રાગ આવે એ જિનપ્રતિમા ક્યાં છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો ધીરે ધીરે પચાવવા જેવું છે, ભાઈ ! એવી વાતું છે, ભગવાન !

શ્રોતા :– દુકાનનો વહીવટ ક્યારે કરવો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– વહીવટ કે દિ' કરતો હતો ? એ..ઇ..! દુકાનનો વહીવટ કે દિ' કરતો હતો એ ? વિકલ્પ આવે, બસ ! આ બધા શેઠ રહ્યા. કરોડો રૂપિયા ભેગા કરે છે. 'કાનપુર' માં લાખો રૂપિયા સવારમાં આવે ભેગા કરે. ભેગા કરી શકે છે ? લઈ શકે છે ? એ... શેઠ ! સવારમાં આ 'શોભાલાલજી' આવ્યા. એક મહિનામાં એને આટલા દસ લાખ, વીસ લાખ કરી દેવા પડશે. બીડીમાં જેટલા આપણે લીધા (એ દેવા પડશે). દરરોજ આવે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દરરોજ આવે. પચીસ હજાર, પચાસ હજાર. અહીં કહે છે, લેણું કોનું ને દેણું કોનું ? પૈસા લે કોણ ને મુકે કોણ ? આહા..હા..! આવી વાત છે.

અહીં તો એમાં જે અશુભ વિકલ્પ આવ્યો એ પણ વસ્તુમાં નથી. આ શુભ આવ્યો એને દાનમાં દેવાનો શુભભાવ આવ્યો, લ્યો ને ! એ વિકલ્પ આત્મામાં નથી. એને જિનપ્રતિમા કહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? કહો, 'હિંમતભાઈ' ! આ તમારે મંદિર તો થઈ ગયું હવે. લોકો કહે છે, ઘણા લોકો કહે છે કે 'ભાવનગર'માં લોકોની હોંશ ઘણી છે.

શ્રોતા :– પ્રતિકૂળ સંયોગ હોવા છતાં...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રતિકૂળ સંયોગ કાંઈ નહિ. લાઈનસર બધા કામ ચાલતા. ન્યાં સળગ્યું એને ઘરે. અહીં તો વરઘોડાને ઠેકાણે વરઘોડો ને... એ તો બધું થવાનું હોય એ થાય છે. એમાં શું છે ? આહા..હા..! કીધું નહિ ?

'શ્રીકૃષ્ણ' ને 'બળદેવ' જેવા યોદ્ધાઓ સમકિતી અને આમ 'દ્વારકા' બળે, સળગે. એમાં રાણીઓ સળગે, જિન મંદિરો સળગે. 'દ્વારકા'માં જિન મંદિર હતા ને ? જિન મંદિરો. 'દ્વારકા' સળગી ને ! જિનપ્રતિમા, જિન મંદિરો, રાણીઓ, રાજકુમારો, રાજકુમારની સ્ત્રીઓ, હાથી, ઘોડા સળગે. જળહળ... જળહળ... જળહળ... એનો કાળ હોય તે ન થાય ત્યારે ક્યાં થાય ? બીજે થાય ? જોઈને ઉભા રહ્યા. બસ ! ભાઈ ! હવે ક્યાં જાશું ? અરે..! જેને હાકલે હજાર રાજાઓ ઉભા થાય, ખમ્મા અન્નદાતા ! સમજાણું કાંઈ ? જેને કદાચિત્ કોઈ વખતે બળખો નીકળે. એ તો નીરોગી શરીર હોય. પણ વાસણ ન હોય તો રાજા આમ હાથ ધરે. ક્યાં ગયા પણ આ બધા પુણ્ય ? મા-બાપ સળગે. હવે સળગશે. અરે..રે..! આપણે બેઠા મા-બાપ (સળગશે) ! કાઢો રે કાઢો ! બહાર કાઢવા જાય ત્યાં હુકમ થયો, નહિ નીકળે. તમને બેને કહ્યું હતું ને ! 'દ્વિપાયન' બહુ ક્રોધમાં આવી ગયો હતો ને ! પછી આણે (શ્રીકૃષ્ણ-બળદેવે) માફી માગી (તો) 'તમે બે બચશો, તમારી સિવાય કોઈ નહિ બચે' – એમ કીધું. આહા..!

શ્રોતા :– દ્વિપાયનમુનિ તે કાંઈ સમ્યગ્દૃષ્ટિ નહીં હોય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મિથ્યાદૃષ્ટિ હતા.

અહીં તો કહેવું છે કે કેવા યોદ્ધાઓ ઉભા (રહ્યા). રત્નના કાંગરા સોનાના ગઢ એ ઘાસ સળગે એમ સળગે. બાપુ ! એની પર્યાયનો કાળ હોય તેમ થાય. પણ ઉદાસ (છે), જગતથી ઉદાસ (છે) ! આ એ વિકલ્પ આવે એનાથી પણ તું ઉદાસ છો. એવા સ્વરૂપને ભગવાને અહીં જિનસ્વરૂપ અને જિનપ્રતિમા કહી છે. આહા..હા..! **'અષ્ટકર્મકે બંધનસે રહિત હૈં; ઉપમા રહિત હૈં.'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૧૯, પ્રવચન નં. ૮૧
## તા. ૨૦-૧૦-૧૯૬૬
## [૫]

'જીવ અધિકાર' ૧૯મી ગાથા. ટીકા ચાલે છે. જુઓ ! દૃષ્ટાંત આવ્યો ને પહેલો ? દૃષ્ટાંત. ઘડો છે ને ઘડો. ઘડાના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવમાં–એના ભાવમાં અને એના આકારમાં... **'પુદ્‌ગલ સ્કંધોમાં,...'** એ પુદ્‌ગલ સ્કંધોમાં. સમજાય છે ? **'આકારે પરિણત થયેલ પુદ્‌ગલના સ્કંધોમાં 'આ ઘડો છે',...'** આ ઘડો છે. બરાબર છે ને ? ઘડો સમજો છે ને ? ઘડો. આ ઘડો છે. **'અને ઘડામાં...'** આ ઘડો છે. **'અને ઘડામાં 'આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકાર...'** ઘડામાં પુદ્‌ગલ-સ્કંધ છે અને પુદ્‌ગલ સ્કંધમાં ઘડો છે. **'એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે,...'** એ તો બરાબર છે, કહે છે. એ જ્ઞાન થાય એ તો બરાબર છે.

**'તેવી રીતે...'** (એ દૃષ્ટાંતે) **'કર્મ–મોહ આદિ અંતરંગ પરિણામો...'** આત્મામાં વિકારી પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ અને કર્મ, જડ આદિ. **'તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ કે જેઓ (બધાં) પુદ્‌ગલના પરિણામ છે...'** એ પુણ્ય-પાપના ભાવ પણ પુદ્‌ગલના પરિણામ છે, આત્માના નહિ. આત્મા ચૈતન્ય જ્યોત એના તો ચૈતન્ય પ્રકાશના સ્વભાવરૂપ જ પરિણામ હોય. વિકાર પરિણામ, કર્મ અને નોકર્મ-શરીર આદિ. એ પરિણામ કેવા છે ? - કે **'પુદ્‌ગલના પરિણામ છે અને આત્માનો તિરસ્કાર કરનારા છે...'** આત્માનો અભાવ મનાવનારા છે. એને માનતા (અર્થાત્) 'આમાં છું' માનતા આત્માનો અભાવ થાય છે. આત્માના તિરસ્કાર કરનારા (એ ભાવ) છે. આહા..! શુભ-અશુભભાવ, આ શુભ ને શુભમાં હું છું, એ પુદ્‌ગલ શુભ પરિણામ મારા છે એમ માનતા આત્માનો તિરસ્કાર થાય છે. આહા..! સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા ચૈતન્યદેવ દિવ્યશક્તિ (સ્વરૂપ છે). પહેલું આવી ગયું છે. દેવ... દેવ... દેવ... પોતે દેવ છે. ચૈતન્ય આનંદ આદિ લક્ષ્મી સંપન્ન ભગવાન આત્મા (છે) એને એ પુણ્ય પરિણામમાં, પાપના ભાવમાં કર્મ-શરીર આદિ ક્રિયાઓ થતી હોય તેમાં હું છું, એમાં હું છું એટલે હું (અને) એ એક છીએ એમ માનનાર એ પુદ્‌ગલ આદિ, રાગાદિ પરિણામ આત્માનો તિરસ્કાર કરનારા છે, નુકસાન પહોંચાડનારા છે. એને પોતાના માનવાથી આત્માને નુકસાન છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ સ્વરૂપ ચૈતન્યનું નથી. એ રાગાદિ ભાવ જ્ઞાયક ચૈતન્ય જ્યોતનું - ચૈતન્યનું સ્વરૂપ નથી. છતાં એમાં પોતે છે (એમ માને છે). **'તેમનામાં 'આ હું છું...'** એમ છે ને ? આત્માનો તિરસ્કાર કરનારા એટલે રાગાદિમાં અસ્તિત્વ સ્વીકારતા, રાગાદિમાં પોતાનું (અસ્તિત્વ માનતા), એમાં હયાતી માનતા આત્માનો તિરસ્કાર થાય છે. બરાબર છે ? હવે બરાબર છે.

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા. ત્યાં આગળ એને માને તો આત્મા તેનાથી પર છે તેનું તો તેને ભાન પણ નથી થતું. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ પુદ્ગલના પરિણામ (અર્થાત્) એક ચૈતન્ય રામ આનંદકંદ એ સિવાયના પુણ્ય-પાપ, શરીર-કર્મ બધા પુદ્ગલ પરિણામ (છે). બસ ! એક વાત (છે). એકકોર રામ ને એકકોર ગામ ! ગામ એટલે સમૂહ. વિકારી ભાવ, કર્મ, શરીર એમાં હું, એમાં હું, એ હું, એમાં હું, એ વસ્તુમાં 'હું'પણું માનવાથી પોતાનું ચૈતન્ય સ્વરૂપ છે તેનો અનાદર થાય છે. સમજાણું કાંઈ ? પોતાનું જે 'હું'પણું છે એનો ભાવ રહેતો નથી. સમજાય છે કાંઈ ?

**'તેમનામાં 'આ હું છું'....'** જુઓ ! ભાષા. પુણ્ય-પાપના ભાવમાં (એટલે કે) એમનામાં, આમાં હું છું (એમ માન્યું) એટલે દૃષ્ટિ તો ત્યાં રહી. રાગાદિ ભાવ પુણ્ય દયા, દાન, વ્રત આદિ શુભભાવમાં હું છું એનો અર્થ જ કે એમાં હું એટલે પોતે તો એમાં જ છે, પોતે એનાથી જુદો નથી. સમજાણું કાંઈ ? **'તેમનામાં 'આ હું છું'....'** જોયું ? **'તેમનામાં 'આ હું છું'....'** આ હું છું. પુણ્યના પરિણામ, પાપના ભાવ, દેહની દશા, કર્મનો ઉદય આદિ દશા - આ હું છું એમ માનતા પોતાનું અસ્તિત્વ જે ભિન્ન છે એનો અનાદર (થાય છે). એ તિરસ્કાર કરનારા (પરિણામ) છે. સમજાણું કાંઈ ? એ એક બોલ થયો.

**'એમ અને આત્મામાં...'** હવે આમ લીધું. એમાં હું છું એમ કહ્યું (અને) આત્મામાં એ છે એમ માને છે. અરસ-પરસ છે ને ! **'આત્મામાં 'આ કર્મ-મોહ આદિ અંતરંગ...'** પરિણામ. આત્મામાં રાગાદિ પરિણામ છે, આત્મામાં રાગાદિ પરિણામ (છે). પહેલું રાગાદિ પરિણામમાં આત્મા છે એમ હતું. હવે, આ આત્મામાં રાગાદિ પરિણામ છે (એમ કહે છે). આત્મામાં કર્મ, શરીર છે, આત્મામાં શરીર ને કર્મ છે. મારામાં કર્મ છે, મારામાં શરીર છે, મારામાં રાગ છે, મારામાં પુણ્ય ભાવ, દયા, દાન, વૃત્તિ મારામાં (અર્થાત્) આત્મામાં છે. **'આદિ બહિરંગ, આત્મ-તિરસ્કારી...'** એ આત્માના તિરસ્કાર કરનારા છે.

શ્રોતા :– પુણ્ય તિરસ્કાર કરે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પુણ્ય તિરસ્કાર કરે છે.

શ્રોતા :– પુણ્યથી તો ભગવાન મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પુણ્યથી ભગવાન ક્યાં મળે ? 'પુણ્ય ફળા અરહંતા' એમ કહે છે. છાપામાં આવે છે. પુણ્યથી તો અરિહંતપદ મળે. અરે..! ઇ ક્યાં વાત છે ? ત્યાં તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પુણ્યફળ તો સામગ્રી અને સંયોગની વાત છે. સમવસરણ ને એ પુણ્ય. એ તો બહારનો સંયોગ આપે. ***પુણ્યભાવ આત્માના સ્વભાવનો તિરસ્કાર કરનારા છે.*** કહો ! વૈદ્યરાજજી ! કેટલું ઢીલું મૂકવું છે ? 'રામજીભાઈ' કહે (છે), ભાઈ ! થોડું ઢીલો મૂકો.

અહીં તો એમ કહે છે (કે) એ શુભભાવ હો પણ એમાં હું છું અને એ મારામાં છે (એમ માનતા) તો આત્માનો અનાદર થાય છે. વાસ્તવિક અસ્તિત્વ તત્ત્વ જે છે એનો નિષેધ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એ થોડું થોડું ધ્યાન રાખે તો ગુજરાતી સમજાય. હવે અહીં તો પછી ક્યાં સુધી...? સમજાણું કાંઈ ?

શ્રોતા :– પુણ્ય ઘણો લાભ આપવાવાળો છે ! એ જ વાત સાંભળી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં તો ભગવાન પરમેશ્વર ને સંતો, મુનિઓ અને જ્ઞાનીઓ, જેમ છે તેમ કહે છે. આહા..હા..! ભગવાન જ્યાં તું છો ત્યાં પુણ્યના, પાપના પરિણામ કર્મ, શરીર નથી અને જ્યાં તું નથી એવા પુણ્ય-પાપ ને કર્મમાં આત્મા નથી. આહા..હા..! સમજ્યા ? અહીં તો અસ્તિ સિદ્ધ કરવું છે ને અહીં તો ? જીવ-અજીવ અસ્તિત્વ સિદ્ધ કરવું છે. ન્યાં કર્મ, કર્તા-કર્મ સિદ્ધ કરવું છે. જે સ્થાનમાં જે સિદ્ધ કરવું હોય એ હોય ને ?

ભગવાન આત્મા પોતાનો ચૈતન્યમૂર્તિ અનાદિઅનંત ધ્રુવ ચૈતન્ય સ્વભાવ (છે). એને પરથી ભિન્ન પોતાના સ્વરૂપને ન માનતા અનાદિથી અજ્ઞાની એ પુણ્યના પરિણામ, પાપના ભાવ ને શરીરની ક્રિયામાં રોકાય ગયો, અટકી ગયો. એટલે કે 'એ હું છું, આ હું છું, આ હું છું અને એ બધા મારામાં છે' (એમ માને છે). એટલે મારામાં છે એને જુદા કેમ કરે ઇ ? સમજાણું કાંઈ ? એ બધા પુણ્ય-પાપના કૃત્રિમ ક્ષણિક વિકારી ભાવ છે. દયા, દાન, ભક્તિ, ષટ્કર્મ આદિના પરિણામ વિકારી છે. આહા..! નિર્વિકારી ચૈતન્ય ધાતુમાં એ નથી છતાં 'એ મારામાં છે' (એમ માનતા) એમાં તારા ચૈતન્ય સ્વરૂપના પૂર્ણ સ્વરૂપનો અનાદર થઈ જાય છે, તિરસ્કાર થાય છે, તિરસ્કાર થાય છે. ભગવાન આત્માનો (તિરસ્કાર થાય છે). એ તિરસ્કાર કરનારોનો આદર કરતાં આનો તિરસ્કાર થાય છે, અનાદર થઈ જાય છે. સમજાણું કાંઈ ?

ભગવાન ! અહીં દૃષ્ટિના ફેરે તિરસ્કાર અને અતિરસ્કારની વાત છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ અનાદિઅનંત સ્વયંસિદ્ધ અકૃત્રિમ અણકરેલું એવું આત્માનું સ્વરૂપ શુદ્ધ છે. છે–સત્. એ સત્‌ને સત્ સ્વભાવ તરીકે ભિન્ન ન માનતા રાગ અને પુણ્યમાં હું અને એ મારામાં (છે) એમ બેમાં એકપણું માનતા પોતાના જુદાપણાનો નાશ થાય છે. જુદાપણાનો દૃષ્ટિમાં નાશ (થાય છે). દૃષ્ટિમાં નાશ થાય છે, વસ્તુ તો વસ્તુ રહે છે. પણ હું છું નહિ, આ એ હું અને એ મારામાં (એમ માને છે). આહા..હા..! સમજાય છે કાંઈ ?

**'પુદ્ગલ પરિણામો છે...' 'આત્મ-તિરસ્કારી એ પુદ્ગલ-પરિણામો છે...'** એટલે કે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્મામાં પુદ્ગલ પરિણામો છે, આત્મામાં આ પુદ્ગલ પરિણામો છે. પહેલું (એમ) હતું એ પુદ્ગલ પરિણામમાં આત્મા છે. આ (કહે છે) આત્મામાં પુદ્ગલ પરિણામ છે. **'એમ વસ્તુના અભેદથી...'** એ બેને એક માનવાથી, એમ. **'એમ વસ્તુના અભેદથી...'** સમજાણું કાંઈ ? શરીરની ક્રિયા હું કરું છું એનો અર્થ કે એમાં હું છું, એમાં હું છું અને એ શરીર મારામાં છે. શરીર મારામાં છે એટલે હું જુદો ચૈતન્ય છું નહિ. એમ માનનાર **'એમ વસ્તુના** (એકપણાથી) **અભેદથી જ્યાં સુધી અનુભૂતિ છે...'** એમ બેની એકપણાની માન્યતાનો અનુભવ છે **'ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે;...'** ત્યાં સુધી આત્મા સ્વસંવેદનજ્ઞાનના ભાન વિનાનો છે. આહા..! બરાબર છે ?

શિષ્યનો પ્રશ્ન હતો કે મહારાજ ! આવું અજ્ઞાનપણું, અપ્રતિબદ્ધપણું કેટલો કાળ રહેશે ? એમ પુછ્યું હતું ને ? પહેલાં ઉપર પ્રશ્ન કર્યો હતો ને ? કેટલો કાળ રહેશે ? કોઈ માણસ કહે કે આ દરિદ્રપણું અમારે કેટલો કાળ રહેશે ? એમ પૂછે ને કોઈ ? સમજ્યા ને ?

અમારે અંદર બહુ ખાનગી કાગળ આવે છે. એક જણાનો એવો કાગળ આવ્યો કે હવે આ અમારું દરિદ્રપણું કેટલો રહેશે ? કાંઈ જ્યોતિષમાં જુઓ. જ્યોતિષમાં જુઓ નહિ પણ આપના જ્ઞાનમાં જુઓ. એ રીતે પત્ર આવ્યો. કહો, હવે અમે જોવા જઈએ ન્યાં ! એવો પત્ર આવ્યો પત્ર કે આ દરિદ્રપણું અમારે કેટલો કાળ રહેશે ? ક્યાંય શાંતિ આવતી નથી. એકમાંથી એક, બીજામાંથી ત્રીજું ને કાંઈક કાંઈક દખલ ઉભી થાય છે. છોકરાઓને રળવા મૂકીએ, પૈસા આપીએ, પાંચ-દસ હજાર, વીસ હજાર પૈસા બીજા બિચારા આપે પણ ક્યાંય મેળ ખાતો નથી. તો આ ક્યાં સુધી આવું રહેશે ? કાંઈ જ્ઞાનમાં ભાસે છે ? એ... 'જયંતિભાઈ' ! એમ પૂછે. આહા..હા..! કેટલાય ખાનગી કાગળ આવે. પૈસા બહુ છે ને ! એને એમ છે કે મહારાજ પુણ્યશાળી અને એને માનનારા પુણ્યશાળી. પૈસા તો કરોડો રૂપિયા પડ્યા છે.

શ્રોતા :– દુઃખ મટાડવું હોય તો આવે જ ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ શું દુઃખ ? આ જન્મ-મરણનું દુઃખ છે કે એ દુઃખ છે ? તારા આત્માના આનંદને ભૂલીને તું દુઃખ માને છો. વિકારમાં તું માને છો એ દુઃખ છે, દુઃખ સંયોગનું છે નહિ. પ્રતિકુળ સંયોગ ને અનુકૂળ સંયોગ સુખ-દુઃખ છે જ નહિ. આહા..હા..! હવે જે પ્રતિકુળ એણે માન્યતા કરી (કે) મારામાં આનંદ નથી, પણ આ રાગમાં ને આમાં આનંદ છે. એ દુઃખની માન્યતા, એ મિથ્યાત્વની માન્યતા એણે ઊભી કરી છે. એણે ઊભી કરી છે. એને ટાળવી - એણે ટાળવી છે કે બીજો કોઈ ટાળી દેશે ? સમજાણું કાંઈ ?

શ્રોતા :– મહારાજ ! તેનો ઉત્તર શું આપો છો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં ઉત્તર ક્યાં આપીએ છીએ ! એક કાગળ-બાગળ લખતા નથી. મફતના બિચારાના કાગળ જાય. પાંચ પાંચ પૈસા (છે) ? શું બેસે છે ? મફતના જાય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ કોણ લખે ? અહીં અમારે ક્યાં નવરાશ છે ? એવા પત્ર લખવાની નવરાશ નથી, કહેવાની પણ નવરાશ નથી. એનો મફતનો કાગળ જાય.

અહીં તો કહે છે કે ભાઈ ! તને દુઃખ છે (એ) શેનું છે ? દુઃખ જે તને થાય છે એ શેનું છે ? શેનું સમજે ? ક્યા પ્રકારનું છે ? તારો આત્મા આનંદસ્વરૂપ છે એને પુણ્ય-પાપવાળો માનવો, પુણ્ય-પાપના વિકારવાળો માનવો, એને જુદો ન માનવો એ તને દુઃખ છે. હવે એ દુઃખ ઊભુ કોણે કર્યું છે ? ઉત્પત્તિ એણે કરી છે.

પુણ્ય-પાપ હું... પુણ્ય-પાપ હું... પુણ્ય-પાપ હું..., શરીર હું, એની રક્ષા કરું, એની રક્ષા કરું. ધૂળેય નહિ થાય, સાંભળને ! શરીરની રક્ષા કરું, કર્મની રક્ષા કરું, સારા કર્મ બાંધુ, સારા કર્મ બાંધુ. બાંધવા છે ને તારે હજી ? છૂટવું નથી ને ? મૂઢ (છે). સારા કર્મ બાંધુ ને શરીરને સારું રાખુ ને પુણ્ય-પાપ ઠીક છે એમ માનવું, એમાં આત્મા છે એમ એણે માન્યો (છે), એ જ મિથ્યાદૃષ્ટિનું મહાન અનંતુ દુઃખ છે. કહો ! એ દુઃખને ટાળવાની કળા તો (એ છે કે) 'એમાં હું નથી ને મારામાં હું છું' એમ ભેદજ્ઞાન કરવું એ દુઃખ ટાળવાની કળા છે. આહા..! ઇ ન કરે અને (કહે કે) કાંઈક બીજો ઉપાય બતાવો. પણ બીજો શેનો હોય ? કહો, સમજાણું આમાં ?

શ્રોતા :– રોટલા મળતા ન હોય ને દુઃખી થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દુઃખી કોને લઈને છે ? રોટલા નથી મળતા માટે દુઃખી છે ? કહો ! એણે માન્યું છે કે મારું આ શરીર, એને અનુકૂળ અનાજ આદિ નથી. એવી એની માન્યતા એને દુઃખરૂપ છે. આ..હા..! સમકિતી–જ્ઞાની... આ તો અત્યારે વળી મોંઘુ થઈ ગયું, નહિતર તો પાંચ રૂપિયા, દસ રૂપિયા મહિને મળે અને બીજાને લાખો મળે, પાંચ-દસના રોટલી અને શાક ખાય (પરંતુ અંદરમાં) આનંદ છે. અમે દુઃખી છીએ જ નહિ, એમ માને. અમે દુઃખી છીએ જ નહિ. દુઃખી દુનિયા પાસે દુનિયા રહી.

શ્રોતા :– જ્યાં સમતા આવી ગઈ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમતા એટલે આ સમતા. તમે કહો છો એવી સમતા નહિ. અહીંયા તો પુણ્ય-પાપનો રાગ મારો નહિ અને મારામાં પુણ્ય-પાપ છે જ નહિ. હું તો આનંદસ્વરૂપ, જ્ઞાયકમૂર્તિ છું, એમ ભેદજ્ઞાન થયું. સ્ત્રી બે હો, પાંચ રૂપિયા મળતા હોય, રોટલી ને છાશ ખાય (છતાં) આનંદ છે. કેમ છે ? ભાઈ ! આનંદ છે. દુઃખી અમે નહિ, દુઃખી તમે છો. પૈસાવાળા, બાયડી-છોકરા પચાસ, સો-સો, પાંચસો-પાંચસો માણસ આમ ખમા... ખમા... (કરતા હોય), સોનાની મોટરો (હોય) તું દુઃખી છો ! સમજાય છે કાંઈ ? (કોઈ એને કહે), ભાઈ ! તમને કંઈ મદદ કરીએ ? (તો એમ કહે) અમે સુખી છીએ, અમે સુખી છીએ. તું માગે છો કે આ જોઈએ, આ જોઈએ, આ જોઈએ. આત્મા જોઈએ એની તને ખબર નથી. તું મોટો દુઃખી છો. સમ્યગ્દૃષ્ટિ (જીવ) પૈસાવંતને, તૃષ્ણાવંતને–આત્માના ભાન વિનાને દુઃખી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દેખે છે, એ દુઃખી દેખે છે. લોકો કહે છે, સુખી (છે). ધૂળમાંય નથી. સાંભળને હવે. તારા સોનાના મોટરા ને ફોટરા એ તો ધૂળ બહારમાં રહી ગઈ. સુખો ક્યાંથી આવ્યો ન્યાં ?

સમ્યગ્દૃષ્ટિ પોતામાં આનંદ માને છે, એ રાગમાં આનંદ માનતો નથી, પુણ્યના પરિણામમાં માનતો નથી, શરીરમાં માનતો નથી, સંયોગમાં માનતો નથી. એ દૃષ્ટિએ બીજાને દેખે છે, બીજાને પણ એ દૃષ્ટિએ દેખે છે. આ પૈસાવાળા કરોડ, બે કરોડ સુખી ? - કે ના ના. કોણ કહે છે સુખી છે ? બિચારા મહા દુઃખી છે.

શ્રોતા :– પૈસા છે માટે (દુઃખી છે) ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૈસા (છે) માટે નહિ. પૈસા મારા અને એનું મારે રક્ષણ કરવું, એથી અમે સુખી–એવી માન્યતાથી એને દુઃખ છે. આહા..હા..! એ... 'શેઠિ' ! તમારા મોટા બંગલા દેખીને એને એમ ન થઈ જાય, આ..હા...! વાહ...! મોટા બંગલા, પાંચ-પાંચ કરોડ રૂપિયા ને આમ ને તેમ. બિચારા દુઃખી દુઃખી છે.

મુમુક્ષુ :– બંગલા છે માટે દુઃખી છે.

ઉત્તર :– બંગલા (છે) માટે નહિ. એ મારા ને હું એનો (એમ માને છે માટે દુઃખી છે). મારી ચીજ ભિન્ન છે એનું ભાન નથી માટે ઇ દુઃખી છે. કારણ કે આનંદમૂર્તિ આત્માની એને ખબર નથી. માટે પરમાં ઝાંવા નાખે છે કે અહીંથી સુખ (ભળશે), અહીંથી સુખ (ભળશે). મૂઢ મહા દુઃખી છે. 'વજુભાઈ' ! કેમ હશે ? કરોડ કરોડના બંગલા ને આમ ચારે કોર આરસપહાણ (હોય). શું કહેવાય ? સંગેમરમર. આમ કારીગરી કરી કરીને આમ લટક્યા લટકાવ્યા હોય. ગોળ ગોળ ચક્કર ને... સમજ્યા ને ? એમ આખા બંગલાને (શોભા કરી હોય). આહા..! એક કરોડ, બે કરોડ, સાડા ત્રણ કરોડનો બંગલો. વળી એક ઠેકાણે નહોતો ? ક્યાંક હતો. 'મૈસૂર' ! 'મૈસૂર' નો તો સાડા ત્રણ કરોડનો હતો. ઇ જોવા ગયા હતા. પણ એક નવું મકાન થયું છે. કેવું આ...? 'બેંગલોર' 'બેંગલોર'. 'બેંગલોર'માં નહિ ? આપણે જ્યાં ઊતર્યા હતા ત્યાં જોડે બહાર હતો. એ મોટો કરોડનો, બે કરોડનો, ત્રણ કરોડનો થયો છે. સરકારનો છે. એવા સંગેમરમરના ગોળ ચક્કર કરી કરીને આમ આમ લટકાવ્યા હોય. ધૂળમાંય સુખ નથી. ઇ ખુરશીએ બેઠો મહાદુઃખી છે બિચારો.

શ્રોતા :– ખુરશી છે માટે દુઃખી છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ખુરશી (છે) માટે નહિ. ઇ કહે છે કે હું અહીં આમાં બેઠો છું, હું બંગલામાં બેઠો છું, હું ખુરશીમાં બેઠો છું, આની ક્રિયા કરવામાં બેઠો (છું એમ માને છે). એ મૂઢ છે, એ દુઃખી છે. ચૈતન્યસ્વરૂપ છે એમાં બેસવું જોઈએ. સમજાય છે કાંઈ ? આહા..હા..! માથે પંખા નખાય, હોં ! પેલા આવે ને ? આમ ઝુલતા પંખા (હોય). બહારથી દોરી ખેંચે.

શ્રોતા :– હવે તો વીજળીના થયા છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– હવે વીજળીના થયા હશે.

શ્રોતા :– આમ ચાંપ દબાવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો અમે તે દિ' જોયેલું ને ! 'વડોદરા' ત્રણ હજારનો માસિક પગાર હતો. 'વડોદરા' (સંવત) ૧૯૬૩ની સાલ. (ત્યારે) વિજળી નહોતી. (સંવત) ૧૯૬૩માં અમારે અફીણનો કેસ ચાલ્યો હતો. દોઢ મહિનો કેસ ચાલ્યો હતો. એનો મહિનાનો ત્રણ હજારનો પગાર હતો. ૧૯૬૩ સાલમાં. એક યુરોપીયન બહાર જંગલમાં રહેતો હતો. ત્યાં અમારો કેસ ચાલતો હતો. ખોટો–જૂઠો કેસ હતો. (ઇ) બેસે પછી મોટો આમ લુગડાનું હોય. દોરી નાખી. લાકડામાંથી બહાર કાઢે. બહારથી પેલો ખેંચતો હોય. પછી તો આપણે ક્યાં કોર્ટ જોઈ છે ? ૧૯૬૩માં જોઈ હતી.

એક કોર્ટ હમણાં વળી જોઈ હતી. ક્યાં હતી ? 'વડોદરા'માં નહિ ? 'વડોદરા'માં એક કોર્ટ છે. જે કોર્ટમાં અમારો કેસ ચાલતો એ કોર્ટમાં હમણાં વ્યાખ્યાન થયું હતું. કીધું, અહીં કોર્ટમાં અમે આવતા. ત્યારે કહે, હા. ઉપર કેસ ચાલે છે. નીચે વ્યાખ્યાન ચાલે છે. આહા..! ૧૯૬૩ની વાત છે, હોં ! સંવત ૧૯૬૩. ધૂળમાંય સુખ નથી. ત્યાં કોર્ટમાં બેઠો બિચારો આકુળતા, આકુળતા, આકુળતા (ભોગવે છે). આ કર્યું... આ કર્યું... આ કર્યું... બે હજારનો પગાર મળે છે... પછી આ કરશું, પછી આ કરશું. એની ફરતે એટલા હોય. દુઃખી... દુઃખી... દુઃખી... આત્મા આનંદમૂર્તિની માન્યતા વિના, એની નજરું પડ્યા વિના, રાગથી ભેદજ્ઞાન કર્યા વિના બધા પ્રાણી દુઃખી છે. લ્યો ! કહો !

બહારમાં સગવડતાનો પાર ન હોય. અહીં તો કહે છે કે એ સંયોગો તે હું અને સંયોગ મારામાં (છે). (એ ભાવ આત્માનો) તિરસ્કાર કરનારા (છે). એ જીવો દુઃખી છે. સમજાણું કાંઈ ? **'એમ વસ્તુના અભેદથી...'** જુઓ ! અહીં ભાષા છે ને ? જેને પુણ્ય-પાપના ભાવ, શરીર, કર્મમાં એકપણાની બુદ્ધિ (છે) અને એ મારામાં (છે) એમ એકપણાની બુદ્ધિ (છે); હું એમાં, એ મારામાં (એવી) એકપણાની બુદ્ધિ, એ **'અનુભૂતિ છે ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે;...'** નામ દુઃખી છે. ત્યાં સુધી દુઃખી છે, ત્યાં સુધી સ્વસંવેદનજ્ઞાનનો અભાવ છે, ત્યાં સુધી એ મૂર્ખ છે. અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય, પાંચ હજાર, દસ હજાર... દસ હજાર તો ઓછા થઈ જાય કારણ કે દસ હજારનો તો આને પગાર છે. સમજ્યા ને ? લાખ લાખનો મહિનાનો પગાર હોય. લ્યોને ! એ..ઇ..! 'સુમનભાઈ' ને દસ હજારનો પગાર છે. 'રામજીભાઈ'ના દીકરાને. દસ હજાર (મળે છે) એમ માણસ વાતું કરે છે. આપણે ક્યાં જોવા ગયા હતા. એનેય ખબર નથી, એના બાપને. 'અમેરીકા'માં દસ હજારનો પગાર છે. પણ શું છે ? ધૂળ છે. દસ હજાર હો કે લાખ હો પણ જ્યાં સુધી પરને લઈને મને સગવડતા (છે) અને પરને લઈને ન હોય તો મને અગવડતા એમ માનનાર જ્યાં સુધી છે ત્યાં સુધી તે દુઃખી છે. આહા..હા..! સમજાણુ કાંઈ ? રાગાદિ ભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય તો ઠીક, આ સંયોગ હોય તો ઠીક, એને લઈને મને સગવડતા રહે - સગવડતા રહે, બહારના સાધન હોય તો સગવડતા રહે.

શ્રોતા :– ભગવાન પાસે જવાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, પુણ્ય સારા હોય તો ભગવાન પાસે જાય. એ દુઃખી (છે).

શ્રોતા :– સમકિત પામે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમકિત ધૂળમાંય પામે નહિ. સમકિત તો એ સગવડતાના સંયોગ અને સંયોગ તરફના લક્ષવાળો રાગથી ભિન્ન આત્માને ભાળે ત્યારે સુખી ને સમકિતી થાય. આહા..હા..! સમજાણું કાંઈ ? ન્યાં ભગવાન પાસે તારું સમકિત નથી.

**'એમ વસ્તુના અભેદ...'** નામ એકપણાથી. રાગના પરિણામને એક(પણે માને), આત્મા અને રાગને એકપણે માને, આત્માને અને શરીરને એકપણે માને, આત્માને અને કર્મને એકપણે માને ત્યાં સુધી તે અભેદબુદ્ધિ નામ બેમાં એકપણાની માન્યતા છે. ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે અને ત્યાં સુધી તે દુઃખી છે. સમજાય છે કાંઈ ?

શ્રોતા :– દુઃખી એટલે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ શું છે ? આ પ્રતિબુદ્ધનો અર્થ શું છે ? ભાન વિનાનો છે, મૂર્ખ.

શ્રોતા :– ભલે મૂર્ખ હોય પણ સુખી તો હોય ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આત્મામાં આનંદ છે એમ ભાન નથી અને અહીં આનંદ છે એમ માને એ મૂર્ખ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પહેલી એટલી વાત કરી.

શિષ્યે પૂછ્યું હતું કે પ્રભુ ! આ પ્રતિબુદ્ધ ક્યાં લગી રહે ? કે જ્યાં લગી રાગથી માંડીને પર કોઈ પણ રજકણ કે પદાર્થ, સોના, રૂપા, ચાંદી ઢગલા આદિ ચીજ (હોય), એમાં હું છું (એમ માને ત્યાં સુધી અપ્રતિબુદ્ધ રહે છે). આ ભગવાનનું સમવસરણ હોય ને ? એમાં હું છું એટલે એનાથી લાભ થાય, એનાથી મને લાભ છે. એનો અર્થ થયો કે એમાં હું છું અને એ મારામાં છે. ઇ જ વાત કહે છે. ઉપદેશ અને વિકલ્પ બન્ને આત્માથી ભિન્ન છે. એ ઉપદેશ ને વિકલ્પ પોતાના માને ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ અભેદબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. કહો !

શ્રોતા :– ઉપદેશ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉપદેશ કહ્યો પણ ઉપદેશ તો પરપદાર્થ છે. ઉપદેશ અને સાંભળવાનો જે વિકલ્પ શુભભાવ આવ્યો એમાં હું છું કે એને લઈને મને લાભ છે - એ માન્યતા અભેદપણાની મિથ્યાદૃષ્ટિની છે. આહા..હા..! એને સંયોગથી ખસીને ભેદજ્ઞાન કરવાનો અવસર નથી. આહા..હા..! આકરી વાત, ભાઈ ! એ..ઇ ! 'દેવાનુપ્રિયા' ! સમવસરણમાં લાભ થાશે–એનો અર્થ થયો કે હું આત્મા ક્યાં છું ? એ મારામાં છે.

શ્રોતા :– કુટુંબમાં 'હું'પણું માને એ કરતાં તો સારું ને !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાં બેય એક જાતનો છે. એમ કે કુટુંબમાં પોતાપણું માને છે એ કરતાં ભગવાનને પોતાના માને (એ તો સારુ ને !) પણ બધો પર તરફનો રાગ એક જ છે. સંયોગ તરફના લક્ષે આકુળતા ઉત્પન્ન થયા વિના રહેતી નથી. સ્વભાવને આશ્રયે અનાકુળતા ઉત્પન્ન થાય, ત્યાં આકુળતા ઉત્પન્ન થતી નથી. એક જ વાત, એક જ વાત.

શ્રોતા :– કહ્યું કે ... તો થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો નિમિત્તથી કહ્યું, પણ પરથી ભેદ પાડે ત્યારે પ્રતિબુદ્ધ થાય છે. હવે આવે છે, જુઓ ! હવે આવે છે. હજી તો અપ્રતિબુદ્ધની વ્યાખ્યા ચાલે છે. સમજ્યા ને ? પાઠ તો એટલો છે. હવે પ્રતિબુદ્ધની વ્યાખ્યા. પાઠનો અર્થ થઈ ગયો પણ એમાંથી એક આચાર્યની શૈલી છે ને ! હવે પ્રતિબુદ્ધની વ્યાખ્યા કરે છે.

**'અને જ્યારે કોઈ વખતે,...'** એટલે પોતાના આત્માના સમભાવના કાળે **'જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે...'** શું કહે છે ? દર્પણ છે ને ? રૂપી દર્પણ. દર્પણ કહે છે ને ? અરીસો. એ સ્વ-પરના આકારનો પ્રતિભાસ (કરનારો છે). અરીસો પોતાના આકારના સ્વરૂપને બતાવે, પરને બતાવે. અગ્નિ સામે હોય તો અગ્નિની જ્વાળા અને એનું અહીં સ્વરૂપ બતાવે, પણ એ અગ્નિ અહીં નથી આવી, અરીસામાં અગ્નિ નથી, અરીસામાં જ્વાળા નથી.

**'એ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી...'** જુઓ ભાષા ! રૂપી દર્પણની સ્વપરના સ્વરૂપનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે. દર્પણની તો સ્વચ્છતા જ છે. **'અને ઉષ્ણતા તથા જ્વાળા...'** બે લીધી, ભાઈ ! અર્થપર્યાય અને આકૃતિની પર્યાય. અગ્નિ છે એની ઉષ્ણતા એની અર્થપર્યાય છે અને જ્વાળા આકાર છે–વ્યંજનપર્યાય (છે). ઘડામાં બે લીધું હતું ને ? ઘડામાં બે લીધું હતું. એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ભાવ અને એનું પહોળાઈનું પેટાળ આદિ આકાર. અહીં તો દ્રવ્ય વ્યંજનપર્યાય અને અર્થપર્યાય સ્વતંત્ર પોતાથી થાય છે એમ સિદ્ધ કરે છે. એ અગ્નિની ઉષ્ણતા એ એનો સ્વભાવ છે, એ અર્થપર્યાય છે અને એનો આકાર જ્વાળા (થાય) એ દ્રવ્યની વ્યંજનપર્યાય છે. એ ઉષ્ણતા અને જ્વાળા અગ્નિની છે. એ અરીસામાં નથી આવી. અરીસામાં તો અરીસાની સ્વચ્છતા છે. આહા..!

અરીસામાં એમ દેખાય છે ને ? અરીસામાં. એ અરીસાની અવસ્થા છે. અગ્નિ, ઉષ્ણતા આકાર-બાકાર ન્યાં આવ્યો જ નથી. એ તો અરીસાનો આકાર છે. અરીસાનો આકર છે. ત્યાં આમ જ્વાળા, આકાર દેખાય ને ? એ અરીસાનો આકાર છે. અંદર એ જાતના સ્કંધનો આકાર છે અને એ આમ જ્વાળા લાલ લાલ દેખાય એ પણ અરીસાની સ્વચ્છતાની પર્યાય છે. એની (–અગ્નિની) પર્યાય અહીં આવતી નથી. સમજાણું કાંઈ ?

**'રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી...'** દર્પણનો સ્વભાવ તો સ્વ-પરના સ્વરૂપનો પ્રતિભાસ બતાવે. એવી સ્વચ્છતા જ એની છે. પ્રતિભાસ કરનારી સ્વચ્છતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ અરીસાની છે. **'ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે...'** ત્યાં, હોં ! અહીં (–દર્પણમાં દેખાય) છે એ નહિ. ત્યાં છે એ એનામાં છે, અહીં છે એ તો અરીસાની અવસ્થા છે.

**'તેવી રીતે અરૂપી આત્માની તો...'** દેખો ! પેલો રૂપીનો દાખલો (આપ્યો). દાખલો તો રૂપીનો આપ્યો ને ? અરૂપીનો શી રીતે આપે ? ભગવાન આત્મા અરૂપી છે, વસ્તુ છે, પિંડ છે, ચૈતન્યઘન છે, વિજ્ઞાન પિંડ છે. એવા **'આત્માની તો પોતાને ને પરની જાણનારી જ્ઞાતૃતા (જ્ઞાતાપણું) જ છે...'** આત્માનું તો સ્વ અને રાગ ને પર એનું જાણવાપણું (થાય છે) એ જ પોતાનું જ્ઞાતૃત્વ છે, એ આત્માનું છે. રાગ, શરીર, ક્રિયા આદિ સંબંધી જે પોતામાં જ્ઞાન થાય એ પર સંબંધી પોતાનું જ્ઞાન (છે) અને પોતા સંબંધી પોતાનું જ્ઞાન. એ સ્વ-પર સંબંધી પોતાનું જ્ઞાન એ જ્ઞાતૃતા જ આત્માની છે. રાગ અને શરીરની અવસ્થા એ તો પરમાં ગઈ, એ કંઈ આત્મામાં નથી. સમજાણું કાંઈ ?

**'અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી,...'** પોતાને ને પરને જાણનારી **'જ્ઞાતૃતા...'** (દૃષ્ટાંતમાં) હતું ને ? પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ. એમ જાણનારી જ્ઞાતૃતા જ છે. ભગવાન આત્માનું તો સ્વને-પરને જાણવાની દશાસ્વરૂપ જ આત્મા છે. રાગ, શરીર, કર્મ આત્માના નથી, એ તો પર વસ્તુ છે. સમજાણું ? **'અને કર્મ તથા નોકર્મ પુદ્ગલનાં છે...'** અને કર્મ અને રાગાદિ બધા પુદ્ગલના છે. શુભ-અશુભભાવ, કર્મ, શરીર, વાણી પુદ્ગલના છે. એમ... એમ... (દૃષ્ટાંતમાં) હતું ને ? **'એમ વસ્તુના અભેદથી...'** હતું. **'એમ પોતાથી જ અથવા પરના ઉપદેશથી...'** એમ પોતાથી જાણે અથવા પરના ઉપદેશમાં પણ એ આવ્યું હતું કે તું જ્ઞાતૃત્વ છો. એમ નિમિત્ત (પાસેથી સાંભળ્યું હોય), પછી પણ પોતાથી જાણે. સમજાણું કાંઈ ?

શ્રોતા :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિમિત્ત સામું જોઈને જાણતો હશે ?

**'પોતાથી જ અથવા પરના ઉપદેશથી...'** ત્યાં ઉપદેશનું નિમિત્તપણું સાક્ષાત્ હોય. ત્યાંથી છૂટીને આમ ભેદજ્ઞાન કર્યું. એ તો પરના ઉપદેશથી (થયું) એમ નિમિત્તથી કથન છે. આગળ વાર લાગી હોય ને પછી કર્યું તો એ પોતાથી કર્યું એમ કહેવામાં આવે. સમજાણું ? જાતિ સ્મરણથી થાય વગેરે વગેરે ઘણા દાખલા આપ્યા છે. 'અધ્યાત્મ તરંગિણી'(માં) ઘણા દાખલા આપ્યા છે. સમજાણું ? પોતાથી (થયું એના) દાખલા આપ્યા છે. પેલા બધા હોય ને ? દેવદર્શન આવે ને બધા ? આવે તો ખરું ને ! '...' નિમિત્ત. ત્યાં એક નિમિત્તપણું ઇ. અને બીજું જાતિસ્મરણ, દેવાગમ દર્શન, વિદ્યુતભ્રમ અભ્રમ, પર શરીર આદિ વિઘટન. આવે છે ને ? જેમ વીજળી પડી, જેમ તારો ખર્યો. 'હનુમાનજી'ને ... તારો ખર્યો તો ... ઊઠી ગયા. એ તો પોતાને બહારના નિમિત્ત શું છે (એ બતાવવું છે). પોતાથી સ્વયંસિદ્ધ પામ્યો ત્યારે એની વાત છે. એ સ્વયંમાં નાખ્યું. સમજ્યા ને ? અનિત્ય આદિ અનુપ્રેક્ષા ચિંતનમ આત્મ સ્વરૂપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રાપ્તિ. લ્યો ! 'ણમો સ્વયં બુદ્ધાણં ઇતિ આગમવચનાત્ અથવા અન્યત્ ગુરુ-ઉપદેશ આદિ.' ગુરુના ઉપદેશથી, લ્યો ! 'આત્મસ્વરૂપ ભિન્નમ્' પણ રાગથી ભિન્ન આત્માને જાણ્યું તો એણે પોતે. સમજાણું કાંઈ ? જાતિસ્મરણથી હો, દેવદર્શનથી (હો). પણ આમ જાણ્યું શું ? - કે પર ને રાગથી પર–ભિન્ન ચૈતન્ય સ્વરૂપ (હું છું). એવું ભેદજ્ઞાન થયું ત્યારે કહે છે...

**'પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે...'** દેખો ! જેનું મૂળ તો ભેદવિજ્ઞાન છે, પરથી જુદાપણાનું ભાન છે.

**'એવી અનુભૂતિ ઉત્પન્ન થશે...'** લ્યો ! એ રાગથી ભિન્ન, શરીરથી ભિન્ન, પુણ્ય પરિણામથી જુદો એવું આત્માનું જ્ઞાન થશે ત્યારે તે પ્રતિબુદ્ધ થશે. **'અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે જ (આત્મા) પ્રતિબુદ્ધ થશે.'** કહો 'વૈદ્યરાજજી' ! આહા..હા..! જ્યાં સુધી પૂજા ને ભક્તિ ને સ્તુતિ ને ગોખ્યા કરે ત્યાં સુધી કાંઈ પ્રતિબુદ્ધ નહિ થાય, એમ કહે છે.

અંદરથી રાગના વિકલ્પથી અને દેહની ક્રિયાથી, એનાથી ભિન્ન પડીને ભેદજ્ઞાન જેનું મૂળ (છે) એનાથી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે તે આત્મા સ્વસંવેદન જ્ઞાની–પ્રતિબુદ્ધ થશે. આહા..! પાછું છે તો સ્વસંવેદન ને ! ન્યાં ક્યાં પરનું વેદન કરવું છે ? પ્રતિબુદ્ધ થશે એનો અર્થ સ્વસંવેદન કરશે. પોતાનો સ્વભાવ રાગથી–વિકલ્પથી ભિન્ન કરે ત્યારે સ્વસંવેદન કહેવાય, ત્યારે તે પ્રતિબુદ્ધ થયો કહેવાય, ત્યારે તે જ્ઞાની થયો કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ ? શાસ્ત્રના બધા ભણતરના વિકલ્પથી ભેદ પાડી અને પોતાનું જ્ઞાન કરશે ત્યારે જ્ઞાની થશે, એમ કહે છે.

શ્રોતા :– વધારે ખુલાસો કરો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ખુલાસો કર્યો ને. સ્વસંવેદન. જ્યારે પણ કોઈ કાળે રાગને, પુણ્યને, શરીરને, વાણીને, પરને ભિન્ન પાડી પોતાનું સ્વસંવેદન જ્ઞાન કરશે ત્યારે તે પ્રતિબુદ્ધ થશે. એનો ઉપાય આ એક જ છે, એમ કહે છે. ભેદજ્ઞાન કરશે ત્યારે પ્રતિબુદ્ધ થશે, અભેદ કરશે ત્યાં સુધી અપ્રતિબુદ્ધ રહેશે. લ્યો ! આ ટૂંકો શબ્દ.

શ્રોતા :– બન્ને વાત નાખી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બન્ને નાખી ને એમણે પોતે. પાઠમાં એક વાત છે. અપ્રતિબુદ્ધ. ટીકાકારે (વાત) નાખી. વિસ્તાર કરવા માટે નાખે ને બધું ! પાઠમાં એટલું છે– ત્યાં સુધી અપ્રતિબુદ્ધ રહેશે, એમ નથી કહ્યું કે એને કર્મનું જોર રહેશે, ફલાણું પાકશે, ટાણું પાકશે, કાળ પાકશે ત્યારે થાશે એમ પણ અહીં નથી કહ્યું. એ પોતે ભેદજ્ઞાન કરશે ત્યારે એનો કાળ પાકી ગયો એમ કહે છે. આહા..હા..!

શ્રોતા :– કાળલબ્ધિ થાય...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ છે. એ સમયે ભેદજ્ઞાન કર્યું. કાળલબ્ધિ છે. પર્યાયમાં ભાન થયું કે છે. એક સમયમાં પાંચે કારણ ભેગા હોય. સમજ્યા ને ? એક કારણ હોય ને બીજું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કારણ ન હોય તો એ કારણ કહેવાય જ નહિ. એમ કહે છે ને ? ઉપાદાનમાં તો યોગ્યતા હોય પણ નિમિત્ત સરખું ન હોય તો કામ ન થાય. વળી ઉપાદાનમાં હોય, નિમિત્ત સરખું હોય અને પ્રતિબદ્ધ કારણ હોય તો ન થાય. પણ એમ હોય જ નહિ. એ તો શાસ્ત્રમાં એવા વ્યવહારના કથન છે. ***બાકી ઉપાદાનું કાર્ય થાય ત્યારે નિમિત્ત નિમિત્તપણે હોય જ અને પ્રતિબદ્ધ કારણનો અભાવ હોય જ.***

શ્રોતા :– કાર્ય થાય ત્યારે પ્રતિબદ્ધ કારણ હોય !

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે..! પોતાના તરફથી જોવું નથી અને પરથી જોઈને વાતું કરવી.

**'પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે...'** જેનું મૂળ તો ભેદવિજ્ઞાન છે. ભલે પરથી (કહ્યું) પણ મૂળ તો ભેદવિજ્ઞાન છે. **'એવી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે...'** તે સમ્યગ્જ્ઞાની થશે. અપ્રતિબુદ્ધ અહીં સુધી રહેશે. પ્રતિબુદ્ધ ત્યારે થશે (એમ) બન્ને વાત લીધી. સમજાણું કાંઈ ? શ્લોકની ટીકાનો અર્થ થયો. શ્લોકની ટીકાનો અર્થ (થયો). શ્લોકનો અર્થ તો પહેલાં અડધામાં આવી ગયો. અભેદ બુદ્ધિમાં (આવી ગયો).

**ભાવાર્થ :– 'જેમ સ્પર્શાદિમાં...'** સ્પર્શ, રસ, ગંધ, રંગ આદિ **'પુદ્ગલનો અને પુદ્ગલમાં સ્પર્શાદિનો અનુભવ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ અનુભવાય છે,...'** લ્યો ! બન્ને એકરૂપ અનુભવાય છે એ તો બરાબર છે કહે છે. સ્પર્શ આદિમાં પુદ્ગલો અને પુદ્ગલોમાં સ્પર્શ, એમ. સમજાય છે ? ગુણમાં ગુણી અને ગુણીમાં ગુણ. લ્યો ! બીજી ભાષા કહીએ તો. **'તેમ જ્યાં સુધી આત્માને, કર્મ-નોકર્મમાં આત્માની...'** આત્માને કર્મ-નોકર્મ... પુણ્ય-પાપના ભાવ કર્મ અને શરીરમાં આત્માની ભ્રાંતિ થાય છે, આત્માની ભ્રાંતિ થાય છે, **'બન્ને એકરૂપ ભાસે છે, ત્યાં સુધી તો તે અપ્રતિબુદ્ધ** (અજ્ઞાની) **છે;...'** એક બોલ લીધો. શું કીધું ?

જ્યાં સુધી સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણમાં ગુણી ઘડો અને ઘડામાં ગુણ (ભાને) એ બરાબર છે. એમ જ્યાં સુધી આત્માને પુણ્ય-પાપના ભાવમાં, શરીરમાં, આત્માની ભ્રાંતિ થાય છે, બન્ને એકરૂપ ભાસે છે ત્યાં સુધી તે અજ્ઞાની–પ્રતિબુદ્ધરહિત-અપ્રતિબુદ્ધ છે. **'અને આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે...'** એમ બીજું લીધું. સમજાણું ? આત્માને કર્મ-નોકર્મમાં આત્માની અને આત્મામાં કર્મ-નોકર્મની (ભ્રાંતિ થાય છે).

આત્મામાં રાગ ને કર્મ ને શરીર છે, આત્મામાં છે - એમ ભ્રાંતિ થાય છે. એમ છે નહિ, કહે છે. સમજાણું કાંઈ ? **'બન્ને એકરૂપ ભાસે છે, ત્યાં સુધી તો તે અપ્રતિબુદ્ધ છે;...'** લ્યો ! ઘણું સ્પષ્ટ છે. બરાબર છે ? 'વૈદ્યરાજજી' ! જ્યાં સુધી, મને રાગથી લાભ છે, પુણ્યથી મને લાભ છે (એમ માને છે તો એણે) પુણ્યમાં આત્મા છે એમ માન્યું અને પુણ્ય મારામાં છે એમ માન્યું. ત્યાં સુધી - ત્યાં લગી અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે, દુઃખી છે, ધર્મ વિનાનો છે. સમજાય છે કાંઈ ?

**'અને જ્યારે તે એમ જાણે કે...'** લ્યો ! **'અને જ્યારે તે એમ જાણે કે...'** પાછો ઇ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નો ઇ જાણે. પાછો એમ નહિ કે બીજું કાંઈ થાય તો જાણે. એ એમ પોતે અવળું જાણે છે, એ સવળું જાણે ત્યારે... લ્યો ! **'જ્યારે તે એમ જાણે કે આત્મા તો જ્ઞાતા જ છે...'** જાણનાર–દેખનાર તે આત્મા. રાગાદિ જ્ઞાનમાં જણાય છતાં તે રૂપે હું થતો નથી. જ્ઞાનમાં શરીર આદિ જણાય છતાં જ્ઞાન તે રૂપે થતું નથી. શુભભાવ આદિ થાય તે જ્ઞાનમાં જણાય છતાં જ્ઞાન શુભભાવરૂપે થતું નથી. સમજાણું કાંઈ ?

**'આત્મા તો જ્ઞાતા જ છે અને કર્મ-નોકર્મ પુદ્‌ગલનાં જ છે...'** રાગાદિ ભાવ, શરીર, કર્મ એ બધા પુદ્‌ગલના છે, ચૈતન્યના નથી. ચૈતન્ય તો એકલી જ્ઞાત્વ ચૈતન્યજ્યોતિ સ્વરૂપે જ આત્મા છે. એ સિવાય રાગાદિ (છે) એ બધા ચૈતન્યના પ્રકાશથી, પ્રકાશમાં ભિન્નપણે જણાય એવી ચીજ છે, એકપણે જણાય એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ ?

**'કર્મ-નોકર્મ પુદ્‌ગલના જ છે ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.'** લ્યો ! ત્યારે તે જ્ઞાની થાય છે, ત્યારે તે સમ્યગ્દૃષ્ટિ થાય છે, એ વિના સમ્યગ્દૃષ્ટિ થતો નથી. કહો, હવે પુણ્ય પરિણામ કરતાં કરતાં સમ્યગ્દૃષ્ટિ થાય કે પુણ્ય પરિણામને ભેદ જાણીને આત્માનું જ્ઞાન કરે ત્યારે સમ્યગ્દૃષ્ટિ થાય ? સમજાણું કાંઈ ? જે એમાં નથી અને જેમાં આત્મા નથી એને કર્યે આત્માને સમ્યક્ થાય ? જેમાં રાગ નથી અને રાગમાં આત્મા નથી. તો એ રાગ વડે આત્માને સમ્યગ્દર્શન–પ્રતિબુદ્ધપણું થાય ?

શ્રોતા :– ન થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બસ ! ખલાસ, થઈ ગઈ વાત. રાગની મંદતા એ સમ્યગ્દર્શનનું કારણ છે, એમ નથી.

શ્રોતા :– દલીલ તો બહુ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દલીલ તો આવે. લોકોની દલીલ, વ્યવહારના લખાણ એટલા બધા (આવે). એના ફળ સંસાર (છે). સમજાણું કાંઈ ?

**'કર્મ-નોકર્મ પુદ્‌ગલના જ છે...' 'પુદ્‌ગલના જ છે....'** હું તો જ્ઞાનસ્વરૂપે ચૈતન્યજ્યોત છું, આત્માનું તો જ્ઞાનસ્વરૂપ જ છે. એ ચૈતન્ય ત્રિકાળી ચૈતન્યજ્યોત જ છે. પુણ્ય-પાપના ભાવરૂપે કોઈ દિ' ચૈતન્ય થયું નથી અને પુણ્ય-પાપ ચૈતન્યરૂપે થયા નથી. ચૈતન્ય પુણ્ય-પાપરૂપે થયા નથી, પુણ્ય-પાપ ચૈતન્યરૂપે થયા નથી. આહા..!

**'જેમ અરીસામાં...'** એ દાખલો હવે સવળો નાખે છે. **'અગ્નિની જ્વાળા દેખાય, અગ્નિની જ્વાળા દેખાય ત્યાં એમ જણાય છે કે 'જ્વાળા તો અગ્નિમાં જ છે,...'** જ્વાળા કાંઈ અરીસામાં નથી.

શ્રોતા :– ... બગડી છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– બગડી નથી. ઇ અરીસાની સ્વચ્છતા જ છે. બગડે શું ? ધૂળ ! એ અરીસાની સ્વચ્છતા જણાય છે. બગડેલું શું ધૂળ છે ? ધોળું હોય તો સ્વચ્છતા (છે)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને આવું હોય તો અસ્વચ્છતા (છે) એમ છે જ નહિ. જ્ઞાનમાં રાગ જણાય માટે મેલ અને વીતરાગ જણાય માટે અમેલ. એમ છે ?

શ્રોતા :– જ્ઞાનમાં શું આવે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– જ્ઞાન તો રાગને પણ જાણે ને વીતરાગને પણ જાણે. સમજાણું કાંઈ ? આમાં એવું ઝીણું (છે). 'વૈદ્યરાજજી' ! આહા..! કદી સાંભળ્યું નથી, વિચાર્યું નથી, મનન કર્યું નથી તો ક્યાંથી ઘડ બેસે ? આહા..હા..!

એ 'જ્વાળા' શબ્દ રાખ્યો છે. આકાર છે ને ? એટલે જ્વાળા રાખી. પણ ઉષ્ણતા તો છે. પેલો આકાર આમ દેખાય ને ? આમ આમ (થાય). એ આકાર તો સ્વચ્છતા અરીસાની છે, પેલો જ્વાળાનો આકાર તો ત્યાં છે. **'જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી,...'** અરીસામાં પેઠી નથી. એ અગ્નિની જ્વાળા આમ આમ જે અરીસામાં દેખાય એ અગ્નિની જ્વાળા નથી પેઠી. ન્યાં હાથ અડાડો જોઈ. જ્વાળા આમ આમ દેખાય છે ને !

શ્રોતા :– આત્મા તો સ્વચ્છ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો સ્વચ્છ છે. એ તો અરીસાની સ્વચ્છતા દેખાય છે. ન્યાં કાંઈ ઉષ્ણતા છે ? હાથ લગાવો, હાથ. ત્યાં તો ઠંડી અવસ્થા છે. ઉષ્ણતા તો ત્યાં છે, જ્વાળા ત્યાં છે. આહા..! અફીણ... અફીણ સમજે ? અફીણનો ગોટો પડ્યો હોય. આટલું દસ શેર અફીણ. ત્યાં અંદર અફીણ દેખાય છે ? અફીણમાં તો કડવાશ છે, ત્યાં તો અરીસાની અવસ્થા છે.

શ્રોતા :– તો અફીણના બે ગોટા થઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તો કિંમત બે આવે. દસ શેર અફીણ અહીં અને દસ શેર અફીણ અરીસામાં. બેય વેચો. અફીણ, સમજ્યા ને ? પડ્યા હોય (એ) અરીસામાં દેખાય, લ્યો ! અરે..! સોનાના પચીસ-પચાસ દાગીના પડ્યા હોય. અરીસામાં દેખાય છે, લ્યો ! બેય વેચો, બેય વેચો. આ તો અરીસાની અવસ્થા છે, શું વેંચે ? ધૂળ. સોનું ક્યાં છે ત્યાં ? સોનું તો અહીં છે. એમ જ્વાળા અગ્નિમાં છે, અરીસામાં નથી.

**'અરીસામાં દેખાઈ રહી છે તે અરીસાની સ્વચ્છતા જ છે;...'** કહો. એ મેલું નથી. એ..ઇ..! 'દેવાનુપ્રિયા' ! એ જ્વાળામાં આમ દેખાય એ મેલું નથી, એ તો અરીસાની સ્વચ્છતા છે. અગ્નિ-બગ્નિ ક્યાં પેઠી છે અંદર ? આહા..હા..! કાંઈ ખબર ન મળે અને એમ ને એમ.. ચાલો ધર્મ કરો... ધર્મ કરો... ધર્મ કરો... એક તો ધર્મ કરનારા પણ બિચારા એમ નથી નવરા થાતા, પણ કરનારા થાય તો એ આ કરો, પુણ્ય કરો ને આ કરો.

**'તે પ્રમાણે 'કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં;...'** ભગવાન ચૈતન્યસૂર્ય, એમાં રાગાદિ અંધકાર પેઠા નથી. કર્મ, શરીર આદિ પેઠા નથી. **'આત્માની જ્ઞાન-સ્વચ્છતા એવી જ છે...'** લ્યો ! આત્માની જ્ઞાનની નિર્મળતા એવી છે **'કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય;...'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જેવો રાગ હોય એવું જણાય, શરીર હોય એવું જણાય, કર્મ હોય એવા જણાય, જણાય.

શ્રોતા :– પ્રતિબિંબ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રતિબિંબ એટલે ? અહીં ક્યાં પ્રતિબિંબ ગરી ગયું હતું ?

**'આત્માની જ્ઞાન-સ્વચ્છતા એવી જ છે કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય;...'** છે. જ્ઞેયનું પ્રતિબિંબ એટલે જ્ઞાનાકાર પરિણામ પોતાનો પોતામાં છે. એ જ્ઞેય સંબંધી જ્ઞાનાકાર પરિણામ પોતાનો પોતામાં છે. જ્ઞેય સંબંધી જ્ઞાનાકાર પરિણામ પોતાનો પોતામાં છે. એ જ્ઞેયને કારણે જ્ઞાનઆકાર થયો છે એમ પણ નથી. આહા..હા..! ભારે વાતું ! આ બધા ઉપાદાન-નિમિત્તના વાંધા.

**'એ રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે...'** દેખો ! **'તે પ્રતિભાસે છે.'** જ્ઞાનમાં જણાય. સમજ્યા ? અરીસો રાખ્યો હોય ને ? આમ મોટો અરીસો (રાખ્યો હોય). આ નાગરવેલના પાનવાળા બહુ રાખે છે. સડક ઉપર જે જાય એમાં બધું દેખાય. મોટો અરીસો હોય છે ને ? નાગરવેલના પાન(ની દુકાનવાળા) બહુ રાખે. બધું દેખાય છે. અંદર છે ઇ ? એ ચીજ અંદર છે ? એ તો રસ્તા ઉપર ચાલી જાય છે, એ તો બહારની ચીજ છે. અહીં તો અરીસાની અવસ્થા છે. એમ ચૈતન્ય - અરીસો પડ્યો છે. આ જગતના ભ્રમમાં પડેલો. જેમ (અરીસો) નાગરવેલની દુકાને પડ્યો હોય. એમ આ જગતમાં પડ્યો. આ બધી ચીજ, રાગાદિ, શરીર આદિ આવે-જાય, આવે-જાય એને જાણનાર છે આ તો. સમજાય છે કાંઈ ? **'એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ આત્માને કાં તો સ્વયમેવ થાય અથવા ઉપદેશથી થાય ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.'** ત્યાં સુધી તે અજ્ઞાની રહે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે, પરંતુ અધ્યાત્મદૃષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડ્યો છે એને દેખ ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી, તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યદળમાં પેસતો નથી.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી પરમાત્મપ્રકાશ, પ્રથમ અધિકાર, ગાથા–૪૯ થી ૫૨
## પ્રવચન નં. ૩૨, દિવ્યધ્વનિ દિન,
## સોમવાર, તા. ૧૨-૦૭-૧૯૭૬
## [૬]

(આજે) ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે. શ્રાવણ વદ ૧. (આજે) શ્રાવણ વદ ૧ છે. ભગવાનને કેવળજ્ઞાન તો વૈશાખ સુદ ૧૦ થયું હતું (પણ) વાણી ન નીકળી. ૬૬ દિવસે (વાણી નીકળી). આજે (૬૬ દિવસ) પૂરા થાય છે. ઇન્દ્રોને વિચાર થયો કે આ કેમ થયું ? ૬૬ દિવસ સુધી વાણી નીકળતી નથી અને તીર્થંકરની વાણી તો કેવળજ્ઞાન થાય ત્યારે નીકળવી જોઈએ. એ પછી 'ગૌતમ' જે કુશ્રુતના વેદાંતના પારગામી હતા એની પાસે ગયા અને (એમને) લાવ્યા અને અહીંયા વાણી છૂટી. દિવ્યધ્વનિ ! વિપુલાચલ પર્વત ઉપર શ્રાવણ વદ ૧ સૂર્યના ઉગવાના કાળે યોગની પહેલી ઘડી, પાંચ વર્ષનો યોગ જે હતો એનો પણ પહેલો કાળ હતો. એ વખતે ભગવાને ભાવશ્રુતની પ્રરૂપણા કરી. શું કહ્યું ઇ સમજાણું ? કેવળજ્ઞાનની નહિ. વાણી નીકળી તે ભાવશ્રુત(પણે નીકળી). સમજનારને, ગણધરને ભાવશ્રુત થયો ને ! ગણધરદેવ ભાવશ્રુતપણે પરિણમ્યા ત્યારે ભગવાનની વાણી ભાવશ્રુતપણે નીકળી. આહા..! એમાં ભાવશ્રુતમાં કેવળજ્ઞાન આદિ બધું આવે પણ પ્રરૂપણા કરી ભાવશ્રુતની. સમજાય છે કાંઈ ?

એ વાણી 'ગૌતમે' સાંભળી. એ તો ગણધરપદ પામ્યા. એ પણ આ દિવસ છે. એમણે અંતર્મુહૂર્તમાં બાર અંગ ને ચૌદ પૂર્વની રચના કરી એ પણ આ દિવસ છે. અહીંયા તો ભાવશ્રુતમાં અર્થ કરતાં 'તીર્થંકર' અને દ્રવ્ય ભાવશ્રુતની રચના કરનારા ભાવશ્રુતપણે પરિણમેલા 'ગણધર'. દ્રવ્ય શ્રુતની રચના (થઈ). ભગવાનની વાણીમાં અર્થ આવ્યું, ગણધરે સૂત્ર રચ્યા. સમજાણું કાંઈ ? એ ગણધરે બાર અંગ ને ચૌદ પૂર્વની રચના (કરી તેનો) આ દિવસ છે. આહા..હા..! ગણધરપદ પામ્યા, ચૌદ પૂર્વની રચના થઈ, ભગવાનની વાણી નીકળી એ બધો આજ દિવસ છે. યોગનો દિવસ છે. સૂર્યના ઉગ્યા કાળે આ વાણી નીકળી એવો પણ દિવસ છે. આહા..હા..!

એ વાણીમાં એમ આવ્યું – નવ પદાર્થ સહિત છ દ્રવ્યનું અને વીતરાગીભાવનું જ્ઞાન આવ્યું. એમણે એની વાણીમાં વીતરાગીભાવ વર્ણવ્યો. ભાવશ્રુતમાં પણ એ આવ્યું. જેનાથી આત્મા વીતરાગી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે, વીતરાગી સ્વસંવેદનજ્ઞાન પ્રાપ્ત કરે, વીતરાગી ચારિત્ર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રાપ્ત કરે અને એની પૂર્ણની પ્રાપ્તિ કરે એ ઉપદેશ વીતરાગની વાણીમાં આવ્યો. સમજાણું કાંઈ ?

પહેલાંમાં આવી ગયું છે. ભગવાન પાસે રાજાઓ આદિ ગયા એ પહેલાં આગમના પ્રશ્નો કર્યા પણ પછી શુદ્ધાત્માનો પ્રશ્ન પછી કર્યો. આવે છે ? આહા..હા..! સમજાણું કાંઈ ? આપણે પહેલું આવી ગયું છે. પાંડવોએ 'નેમિનાથ' ભગવાનને પ્રશ્ન કરેલા. 'રામચંદ્રજી'એ 'કુલભુષણ', 'દેશભુષણ' કેવળીને કરેલા. 'મહાવીર' ભગવાનને 'ગૌતમે' પ્રશ્ન કર્યા. 'ગૌતમ'ને જીવ-અજીવનો સંદેહ હતો. લ્યો, ઠીક ! એના વેદમાં પારંગત ! અને જીવ-અજીવની વાતમાં સંદેહ ! અરે..! ભગવાનના દર્શન કર્યા ત્યાં મિથ્યાત્વ આદિ બધું ઉડી ગયું. પછી વાણી નીકળી છે. પાત્ર હતા ને ! આહા..હા..! આમ માનસ્થંભ જોવે છે. પાત્ર છે ને ! અંદર માન ગળી જાય છે અને અંદરથી એકદમ સાધુપદપણું આવે છે. આહા..હા..! વાણી છૂટે છે તો ભાવશ્રુત જ્ઞાનની વાત, ભાવશ્રુતે પરિણમેલા સાંભળે છે. આહા..!

એ વાણીને કીધું છે ને ? 'ચિદાનંદ ભૂપાલ કી રાજધાની'. વીતરાગની વાણી. 'નમો દેવી વાગેશ્વરી જિનવાણી' નથી આવતું ? નમો દેવી વાગેશ્વરી. વાગેશ્વરી એટલે વાક્ (અર્થાત્) વચનમાં ઈશ્વરી. વાઘેશ્વરી એમ નહિ. વાઘને માથે સરસ્વતી (એમ નહિ). વાકેશ્વરી (અર્થાત્) વાક્માં ઈશ્વર એવી જે વીતરાગની વાણી ભાવશ્રુત જ્ઞાનથી આવી. આહા..હા..! પાત્ર જીવ પામી ગયા. લ્યો ! એમણે શાસ્ત્ર રચ્યા એમાંથી આ શાસ્ત્ર 'સમયસાર' (આદિ) બધા ચાલ્યા આવે છે. એ વાણી ભગવાનની છે એમાંથી આ ચાલ્યા આવે છે. સમજાણું કાંઈ ? 'ધવલ'ના પહેલા ભાગમાં ઘણું લખાણ છે. તીથી ને વાર ને ઘણું લાંબું (લખાણ છે).

શાસ્ત્રનો વિચ્છેદ થશે એમ ધારી 'ધરસેનાચાર્ય'ને ગિરનારમાં ગુફા છે ને ? (ત્યાં) સંદેહ થયો (કે) અરે..! શાસ્ત્ર વિચ્છેદ થશે. ભાવમુનિ ભાવલિંગી આત્મધ્યાની ! એને એમ થયું કે અરે..! શાસ્ત્ર આ પરંપરાએ નહિ રહે તો ? (એમ) ભય થયો. લ્યો ! એમાં લેખ લખ્યો છે. ત્યાં મુનિએ વાંચ્યો. પહેલા બે મુનિને મોકલ્યા. 'પુષ્પદંત' 'ભૂતબલિ'. નામ પછી પડ્યા છે. બન્નેને મોકલ્યા. આહા..હા..! અહીંયા 'ધરસેનાચાર્યદેવ' ને સ્વપ્ન આવે છે. મુનિને રાત્રિના પાછલા ભાગમાં નિદ્રા હોય છે ને ? 'પીછલી રયણી'. એમાં સ્વપ્ન આવે છે કે બે બળદ છે, ધોળા બળદ, વિનયવંત, શીલવંત આવીને નમસ્કાર કરે છે. સપનામાં આવ્યું. ત્યારે એને (થયું કે) ઠીક ! એ સપનું પૂરું થયું. જયવંત શ્રુતદેવતા ! આહા..! જયવંતો શ્રુતદેવતા ! જે ધારણા છે તેથી વિનયવંત આવે છે. આહા..હા..!

આમ તો બે બળદ (સ્વપ્નમાં આવ્યા હતા). વિનયવંત સંતો આવે (છે) એનું આ સપનું આવ્યું. મુનિ આવે છે, વંદન કરે છે. ત્રણ દિ' સુધી એમ ને એમ ચાલે છે. વીતરાગી મુનિ છે ને ! ત્રણ દિ' સુધી 'ધરસેનાચાર્યદેવ' કાંઈ આપતા નથી. ત્રીજે દિવસે કહે છે, 'પ્રભુ ! આ માટે અમે આવ્યા છીએ.' આહા..હા..! એ તો વીતરાગીઓ છે. એમને વિકલ્પ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવ્યો ત્યારે આવ્યો, ન આવે તો કાંઈ નહિ. આહા..હા..! એ સંતની પરિપાટીમાં પાકેલા. ત્રણ દિવસે (કહ્યું), 'મહારાજ ! આ માટે અમે આવ્યા છીએ.' 'સારું, કલ્યાણ હો !' ભાવમુનિ ભાવમુનિને કહે છે. આહા..હા..! આહા..હા..! 'સારું, કલ્યાણ થાઓ !' ઓ..હો..! ઇ કાળ કેવો હશે ! ભાવલિંગી (મુનિ) વીતરાગી ત્રણ કષાયના અભાવમાં પરિણમેલા વીતરાગના આનંદની દશામાં આનંદના ઝુલે ઝુલતા.. ! આહા..હા..! બન્ને મુનિઓ આનંદના ઝુલે ઝુલતા ! ત્રણ દિ' સુધી તો લેખ લખ્યો છતાં બોલાવતા નથી. 'મહારાજ ! અમે આવ્યા છીએ.' આહા..હા..! શી એની વીતરાગતા ! 'અચ્છા ! કલ્યાણ હો !' પછી શરૂ કરે છે. એમાંથી આ 'ષટ્ખંડાગમ' રચાણા.

અહીંયા આપણે 'પરમાત્મપ્રકાશ' (ચાલે છે). આ પણ સંતોની વાણી છે. પરંપરાએ જે આગમની, પરમાગમની રચના હતી એની આ વાણી છે. ૪૯ ગાથા થઈ છે. પહેલા 'ધવલ' માં એના વખાણ બહુ કર્યા છે. આ તિથી ને આ ને આ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. દ્રવ્યે – કહેનારા ભગવાન, ક્ષેત્રે – વિપુલાચલ પર્વત, કાળે – શ્રાવણ વદ ૧, સૂર્યના ઉગવાના કાળમાં, ભાવે – ભાવશ્રુત કહ્યું. આહા..હા..! કહો, 'નવરંગભાઈ' ! એ આ પરંપરા દિગંબરના આચાર્યોનું કથન છે. એ સર્વજ્ઞના પરમેશ્વરના કેડાયતો છે. એની આ વાણી છે. આ 'પરમાત્મપ્રકાશ', 'સમયસાર' (આદિ). જગતને આકરું પડે, કઠણ પડે. શ્વેતાંબર તો પછી નીકળ્યા છે. આ વાણી તો પરંપરાની ઠેઠ સર્વજ્ઞથી આવેલી વાણી છે. એ (અહીંયા) કોતરાણી છે.

૪૯ (ગાથામાં) એ આવ્યું. **'ઇસલિયે કર્મોં સે ભિન્ન...'** ૪૯ (ગાથાની) ચોથી લીટી. **'જ્ઞાન-દર્શનમયી સબ તરહ ઉપાદેયરૂપ (આરાધને યોગ્ય) પરમાત્મા કો તુમ...'** લ્યો, આ વાત આવી. ભગવાન આત્મા જ્ઞાન-દર્શનમયી છે. એમાં વિકાર પણ નથી. એને સંયોગી ચીજમાં સંયોગમાં હો પણ પોતે સંયોગી ચીજમાં નથી. ઇ તો માથે આવી ગયું ને ? જીવ અજીવમાં નથી અને અજીવમાં (જીવ નથી) ઇ માથે આવી ગયું. સંયોગી ચીજમાં પોતે નથી, પોતાની ચીજમાં સંયોગી ચીજ નથી. એવો જે ભગવાન દર્શન-જ્ઞાનમયી આત્મા, દૃષ્ટા-જ્ઞાતા સ્વભાવમય આત્માનું ધ્યાન કર, કહે છે. આહા..હા..! એને તારી પર્યાયનો વિષય (બનાવ). પર્યાયના વિષયમાં એને વિષય બનાવ. આહા..હા..! સમજાણું કાંઈ ? ઇ કીધું ને ? જુઓને !

**'સબ તરહ ઉપાદેયરૂપ (આરાધને યોગ્ય)...'** આહા..હા..! **'પરમાત્મા કો તુમ દેહ રાગાદિ પરિણતિરૂપ બહિરાત્મપને કો છોડકર...'** આહા..હા..! શરીર અને રાગ. (રાગ) અંદર અને બાહ્ય શરીર તરફની પરિણતિને છોડી દઈને **'શુદ્ધાત્મપરિણતિ...'** દેહરહિત તો શુદ્ધાત્મા થયો. રાગરહિત તો શુદ્ધ પરિણતિ થઈ. આહા..હા..! **'શુદ્ધાત્મપરિણતિ કી ભાવનારૂપ અંતરાત્મા મેં સ્થિર હોકર...'** એને અંતરમાં સ્થિર થઈને ધ્યાન કર, એમ કહે છે. ત્યારે તને ઉપાદેયપણું જણાશે, એમ કહે છે. આહા..હા..! દર્શન-જ્ઞાનમયી આત્મા સર્વ પ્રકારે ઉપાદેય છે, આરાધવા લાયક છે એવું ત્યારે જણાશે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દેહ અને રાગની પરિણતિ છોડી અને દેહ વિનાનો ભગવાન શુદ્ધાત્મદ્રવ્ય અને રાગ વિનાની અહીં શુદ્ધ પરિણતિ (થાય), એવી શુદ્ધ પરિણતિ દ્વારા તને આત્મા જણાશે, ત્યારે તને ઉપાદેયરૂપે ગણવામાં આવશે. આહા..હા..! થોડામાં પણ ઘણું (ભર્યું છે). 'થોડું લખ્યું ઘણું કરીને જાણજો' (એમ) નથી કહેતા ? આહા..હા..! વીતરાગ વાણીમાં આ આવ્યું.

જ્યાં તું જેમ છે ત્યાં તું નજર કર, એમ કહે છે. સમજાણું કાંઈ ? તું જ્યાં છે ત્યાં દર્શન-જ્ઞાનમયી પ્રભુ છો. આહા..હા..! એની નજરું ન્યાં નાખ, ત્યારે તને આત્માને ઉપાદેયપણે કર્યો એમ કહેવામાં આવશે. સમજાણું કાંઈ ? આહા..હા..! હવે ૫૦ (ગાથા).

**'ઐસે તીન પ્રકાર આત્મા કે...'** (અર્થાત્) બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. એ ત્રણ પ્રકારનું વર્ણન ચાલ્યું. **'પહલે મહાધિકાર કે પાંચવે સ્થલ મેં જૈસા નિર્મલ જ્ઞાનમયી પ્રગટરૂપ શુદ્ધાત્મા...'** જેવો નિર્મળ જ્ઞાનમયી જેવો શુદ્ધાત્મા. **'પ્રગટરૂપ શુદ્ધાત્મા...'** આહા..હા..! **'સિદ્ધલોકમાં વિરાજમાન હૈ, વૈસા હી શુદ્ધનિશ્ચયનયકર શક્તિરૂપ સે દેહ મેં તિષ્ઠ રહા હૈ,...'** આ..હા..! જોયું ? શુદ્ધનિશ્ચયનયકર. **'જૈસા નિર્મલ જ્ઞાનમયી પ્રગટરૂપ શુદ્ધાત્મા...'** પર્યાયમાં, એમ. સિદ્ધમાં બિરાજે છે. આહા..હા..! **'સિદ્ધલોક મેં વિરાજમાન હૈ,...'** અહીં પ્રગટરૂપ કીધું છે ને ? પર્યાયમાં પ્રગટ થઈ ગયું છે. **'વૈસા હી શુદ્ધનિશ્ચયનયકર...'** શક્તિરૂપે સામર્થ્યરૂપે સ્વભાવરૂપે. આહા..હા..! એવો ભગવાન **'દેહ મેં તિષ્ઠ રહા હૈ,...'** જેવા સિદ્ધ સિદ્ધાલયમાં છે એવો જ દેહદેવાલયમાં ભગવાન અહીં બિરાજે છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :– ક્યારે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અત્યારે. અહીં કીધું ને ! આહા..હા..!

**'શુદ્ધનિશ્ચયનયકર...'** એટલે શુદ્ધ પરમાર્થ વસ્તુની દૃષ્ટિથી જોઈએ તો, એમ. શક્તિરૂપે દેહમાં ભગવાન બિરાજે છે. **'ઐસે કથન કી મુખ્યતા સે ચૌબીસ દોહા–સૂત્ર કહે ગયે. ઇસસે આગે છહ દોહા–સૂત્રોં મેં આત્મા વ્યવહારનયકર અપની દેહ કે પ્રમાણ હૈ, યહ કહ સકતે હૈં...'** ૫૦ (ગાથા). છે ને ? સંસ્કૃત છે ને ? **'अत उर्ध्वं'**. **'उर्ध्वं'** એટલે હવે. પાઠમાં છે ને ?

**कि वि भणंति जिउ सव्वगउ जिउ जडु के वि भणंति।**
**कि वि भणंति जिउ देह-समु सुण्णु वि के वि भणंति।।५०।।**

**'કોઈ નૈયાયિક, વેદાન્તી ઔર મીમાંસક-દર્શનવાલે જીવ કો સર્વવ્યાપક કહતે હૈં,...'** એ સિદ્ધ કરશે. કઈ અપેક્ષાએ સર્વવ્યાપક છે ? ક્ષેત્રથી નહિ. લોકાલોકને જાણવાની અપેક્ષાએ સર્વવ્યાપક કહેવામાં આવે છે. પેલા એકાંત કહે છે કે ક્ષેત્રમાં સર્વવ્યાપક છે, (પરંતુ) એમ નથી.

**'કોઈ સાંખ્ય-દર્શનવાલે જીવ કો જડ કહતે હૈં,...'** એ કહેશે. ઇન્દ્રિયજ્ઞાનનો અભાવ થઈ ગયો એ અપેક્ષાએ જડ (કહ્યું). પૂરું અતીન્દ્રિય જ્ઞાન પ્રગટી ગયું, ઇન્દ્રિયજ્ઞાનથી જાણવાનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રહ્યું નહિ ઇ અપેક્ષાએ જડ કહેશે. સમજાણું કાંઈ ? એ લોકો તો જાણપણા વિનાનો રહે છે એને આત્મા કહે છે. જાણવું જ્યાં સુધી રહે ત્યાં સુધી આત્મા નહિ, એમ કહે છે. જાણવાનો નાશ થઈ જાય ત્યારે આત્મા (કહેવાય), એમ કહે છે. ત્યારે અહીં કહે છે કે ઇન્દ્રિય(જ્ઞાનનો) નાશ થાય એ અપેક્ષાએ જડ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

એ લોકો કહે છે કે પૂર્ણ થાય ત્યારે એનું જ્ઞાન રહેતું નથી. જ્ઞાન રહે તો અંદર એ અધૂરાશ છે. જાણવું રહે, જાણવું રહે (એમ કહે છે). સાંભળ તો ખરો. જાણવું રહે છે ત્યાં સુધી તે ચૈતન્ય નથી એમ કહે છે. ઇ જાણવું છૂટી જાય ત્યારે ચૈતન્ય કહેવાય. અહીં કહે છે કે એક અપેક્ષાએ તારી વાત સાચી. ઇન્દ્રિયનું જ્ઞાન છૂટી ગયું એ અપેક્ષાએ એને જડ કહેવાય. મૂળ જ્ઞાન છૂટી ગયું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? એ લોકો કહે છે કે જ્ઞાન–જાણવું નાશ થાય ત્યારે એની મુક્તિ થાય. અહીં તો (કહે છે કે) ઇન્દ્રિયજ્ઞાનનો નાશ થાય ત્યારે એની મુક્તિ થાય. સમજાણું કાંઈ ? આ તો સર્વજ્ઞથી (સિદ્ધ) થયેલી વાણી (છે). આહા..હા..!

**'કોઈ બૌદ્ધ-દર્શનવાલે જીવ કો શૂન્ય ભી કહતે હૈં,...'** લ્યો ! શૂન્ય.. શૂન્ય. શૂન્ય પણ છે, પરથી શૂન્ય છે. 'પ્રવચનસાર' માં શૂન્ય-અશૂન્ય આવે છે. પરથી શૂન્ય છે, પોતાથી અશૂન્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'કોઈ જિનધર્મી જીવ કો વ્યવહારનયકર દેહપ્રમાણ કહતે હૈં,...'** વ્યવહારથી દેહ પ્રમાણે જુદો છે. નિશ્ચયથી લોકપ્રમાણ (છે). એટલો અસંખ્ય પ્રદેશી પહોળો છે ને ! એની શક્તિ એટલી છે. લોક પ્રમાણે અસંખ્ય પ્રદેશી છે ને ! એ અપેક્ષાએ. આમ વ્યવહારથી દેહ પ્રમાણે છે. નિશ્ચયથી જે અસંખ્ય પ્રદેશ છે એ લોક પ્રમાણે છે. અહીં ને અહીં, હોં ! સમજાણું કાંઈ ? લ્યો !

**'વહ આત્મા કૈસા હૈ ? ઔર કૈસા નહીં હૈ ? ઐસે ચાર પ્રશ્ન શિષ્યને કિયે,...'** આ ચાર પ્રશ્ન. **'ઐસા તાત્પર્ય હૈ.'** ગાથાનું તાત્પર્ય થયું ને ? એમ કહે છે. શિષ્યે ચાર પ્રશ્ન કર્યા એ અહીં તાત્પર્ય છે. એટલું. હવે ૫૧ (ગાથામાં) ઉત્તર (કહે છે).

**अप्पा जोइय सव्व-गउ अप्पा जडु वि वियाणि।**
**अप्पा देह-पमाणु मुणि अप्पा सुण्णु वियाणि।।५१।।**

**'આગે નય - વિભાગકર આત્મા સર્વગત હૈ, સબ રૂપ હૈ,...'** **'સબ રૂપ'** એટલે આ જે ચાર બોલ કહ્યા ને ? એ **'સબ રૂપ હૈ, એકાન્તવાદકર અન્યવાદી માનતે હૈં, સો ઠીક નહીં હૈ, ઇસ પ્રકાર ચારોં પ્રશ્નોં કો સ્વીકાર કરકે સમાધાન કરતે હૈં– (હે યોગીન્) હે પ્રભાકરભટ્ટ,...'** શિષ્યને કહે છે ને ? આહા..!

શ્રોતા :– પ્રભાકર ભટ્ટ મુનિ હતા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ 'પ્રભાકર' મુનિ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'આત્મા સર્વગત...'** પણ છે. **'આગે કહે જાનેવાલે નય કે ભેદ સે આત્મા સર્વગત ભી હૈ, આત્મા જડ ભી હૈ...'** અપેક્ષાથી (વાત) છે ને ! **'ઐસા જાનો, આત્મા દેહ કે બરાબર ભી માનો ઔર આત્મા કો શૂન્ય ભી જાનો.'** કઈ અપેક્ષા છે ? એમાં છે ઇ અપેક્ષાથી વાત કરે. પરથી શૂન્ય છે, ઇન્દ્રિયજ્ઞાનથી જડ છે, અભાવ છે. સર્વવ્યાપક છે–જ્ઞાનની અપેક્ષાએ સર્વવ્યાપક પણ છે. ક્ષેત્રથી (સર્વવ્યાપક) નહિ. આહા..!

**'નય વિભાગ સે માનને મેં કોઈ દોષ નહીં હૈ, ઐસા તાત્પર્ય હૈ.'** હવે એનો ખુલાસો.

**अप्पा कम्म-विवज्जियउ केवल-णाणेँ जेण।**
**लोयालोउ वि मुणइ जिय सव्वगु वुच्चइ तेण।।५२।।**

આહા..હા..! **'કર્મરહિત આત્મા કેવલજ્ઞાન સે લોક ઔર અલોક દોનોં કો જાનતા હૈ,...'** લોક-અલોક બન્નેને જાણે છે ને ! વેદાંત એમ કહે છે કે પરને જાણે તો પરમાં પ્રવેશ કરે તો જાણે. પ્રવેશ કર્યા વિના શી રીતે જાણે ? આ લાકડીને જાણવું હોય તો લાકડીમાં જ્ઞાન પેસે તો લાકડી જણાય. (જ્ઞાન) બહાર રહે ને લાકડી જણાય ? (સંવત) ૧૯૮૪ માં પ્રશ્ન થયો હતો. 'રાણપુર' ના એક ક્ષત્રિય હતા. વ્યાખ્યાનમાં આવતા. (એ કહે) 'મહારાજ ! તમે આ પરમાણુ કહો છો (એને) જાણે. પરમાણુમાં પ્રવેશ કર્યા વિના જ્ઞાન શી રીતે જાણે ?' સર્વવ્યાપક થઈ ગયું, તો ચીજ ભિન્ન ન રહી. (એને) કીધું, એમ નથી. અગ્નિ(માં) પ્રવેશ કર્યા વિના અગ્નિને જાણતું નથી ? એમાં પ્રવેશ કરે તો તો અગ્નિમય થઈ જાય. અગ્નિને જાણતા જ્ઞાન અગ્નિમાં પ્રવેશ કરીને જાણે છે ?

આ ઊનું છે - એવું જ્ઞાન એમાં પ્રવેશ કર્યા વિના, પોતામાં રહીને ઉષ્ણને જાણે (છે). એટલે જ્ઞાન પરમાં પ્રવેશ કરે તો જ એને જાણે એમ નથી. એ તો (સંવત) ૧૯૫૪ માં પણ પ્રશ્ન કર્યો હતો. આ 'ગાંધી'નો વેદાંતી નહિ 'મશરૂવાલા' ? માણસ નરમ હતો. ૧૯૫૫ માં આવ્યો હતો. ત્યારે 'ગાંધીજી' હતા ને ? એની ચોપડી વાંચી એમાં હતું કે સામે ઘડિયાળનું જ્ઞાન થાય છે. જો એ જ્ઞાનરૂપ ન હોય તો જ્ઞાન થાય શી રીતે ? ચોપડી છે ને ? 'જીવન સંશોધન' છે, વાંચી હતી. 'રાજકોટ' માં તે દિ' ૧૯૫૫ (માં વાંચી હતી). 'જીવન સંશોધન'માં એમ લખ્યું હતું કે સામી ચીજ છે એનું અહીં જ્ઞાન થાય છે તો એ જ્ઞાન હોય તો જ્ઞાન થાય. એ (વસ્તુ) જ્ઞાન છે, એમ કહે છે. એનું જ્ઞાન ક્યારે થાય ? - કે ઇ જ્ઞાનમય હોય તો જ્ઞાન થાય ! એમ નથી.

જડ અને ચૈતન્યનું જ્ઞાન જડ અને ચૈતન્યમાં પ્રવેશ કર્યા વિના થાય છે. આહા..! અરે..! આ જ્ઞાનની પર્યાય જે દ્રવ્યને જાણે છે, પોતાને હોં ! એ દ્રવ્યને અડ્યા વિના પર્યાય દ્રવ્યને જાણે છે. પરની વાત તો એક કોર રહી પણ વસ્તુ જે છે... ૧૪૪ માં કહ્યું હતું. 'મુંબઈ'. પ્રતિભાસ. તમે ત્યાં હતા ? નહોતા. ***એક સમયની પર્યાયમાં પ્રતિભાસ (થાય છે). આખા દ્રવ્યનો ભાસ થાય છે. દ્રવ્યમાં પર્યાય આવતી નથી. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી.***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



*આહા..હા..! પણ દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે એ બધું પર્યાયના જ્ઞાનમાં આવી જાય છે. સમજાણું કાંઈ ? આવી વાત છે.*

*પરની તો વાત શું કરવી પણ સ્વદ્રવ્યમાં જ્ઞાનપર્યાય પ્રવેશ કરતી નથી, છતાં એ પર્યાય એને પૂર્ણ જાણે છે ! આહા..હા..!* પર્યાયમાં પર્યાયનું જ્ઞાન છે, પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન છે, પર્યાયમાં સ્વદ્રવ્યનું જ્ઞાન છે. છ દ્રવ્યનું જ્ઞાન છે ! જેનો સ્વભાવ છે એને પરની અપેક્ષા શી છે ? આહા..હા..! એને ક્યાં અપેક્ષા છે ?

*વિભાવને પણ પરની અપેક્ષા નથી. વિભાવ પણ પોતાની એક સમયની પર્યાય ષટ્કારકે પરિણમે છે. એને નિમિત્તકારકની અપેક્ષા નથી, એને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી.* બરાબર છે ? એ તો 'પંચાસ્તિકાય' ની ૬૨ ગાથા. ન્યાં (દિગંબરના એક વિદ્વાન સાથે) ચર્ચા થઈ હતી. *વિકાર એક સમયમાં ષટ્કારકરૂપે (પરિણમે છે). પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ. સમય એક, વિકારભાવ અને ષટ્કારક. કેમકે દ્રવ્ય-ગુણમાં ષટ્કારક છે. પર્યાયમાં ષટ્કારકનું પરિણમન પોતાથી આવ્યું છે. આહા..હા..!*

અહીંયા તો સર્વવ્યાપક કઈ અપેક્ષાએ કહ્યું ? જોયું ? **'યહ આત્મા કર્મરહિત હુઆ કેવલજ્ઞાન સે જિસ કારણ લોક ઔર અલોક કો...' 'मनुते' 'જાનતા હૈ...'** જાણે છે. જેની પર્યાયનો સ્વભાવ જાણવું છે એને જાણવાની મર્યાદા ન હોય. એ તો લોકાલોકથી અનંતગુણું હોત તો પણ એ પર્યાય જાણત. એ તો પહેલું આવી ગયું છે. નહિ ? મંડપ ઉપર વેલડી. મંડપ છે ત્યાં સુધી વેલ ચાલે. પણ એમાં વેલને આગળ જવાની શક્તિ નથી એમ નથી. આહા..હા..! એમ જ્ઞાનની પર્યાય લોકાલોકને જાણે. એ તો પર્યાય એ લોકાલોક છે માટે જાણે એમ પણ નહિ. આહા..હા..! એક સમયની પર્યાયની તાકાત એટલી છે કે પોતાનું અસ્તિત્વ જ એવડું મોટું છે. સમજાણું કાંઈ ? લોકાલોક છે માટે પર્યાય જાણે છે એમ પણ નહિ. એનું અસ્તિત્વ છે માટે પર્યાયના અસ્તિત્વમાં આવું જાણવું આવ્યું એમ પણ નહિ. આવી વાતું (છે). વીતરાગ માર્ગ બહુ ઝીણો, ભાઈ ! લોકો બિચારા બહારમાં ક્રિયાકાંડની કૂથલીમાં પડ્યા અને વસ્તુ રહી ગઈ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિનાના બધા થોથા.

એવી પર્યાયની તાકાત, એવું જે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન... આહા..! એ જ્ઞાન પરથી સંકેલાઈ ગયું, ખસી ગયું. નિમિત્તથી, રાગથી, એક (સમયની) પર્યાયમાંથી ખસીને (અંદર ધ્રુવમાં) ગયું ત્યારે પર્યાયનું જ્ઞાન અને દ્રવ્યનું જ્ઞાન સાથે થયું. સમજાણું ? આહા..હા..! પર્યાયમાં પર્યાય હતી ત્યાં સુધી પર્યાયનું જ્ઞાન પણ સાચું નહોતું. આ વીતરાગનો માર્ગ ઝીણો, બાપા ! સમ્યગ્દર્શન એવી ચીજ છે. અનંતકાળમાં એણે એક સેકંડ પણ કર્યું નથી અને એ થયું તો એના જન્મ-મરણ કોઈ દિ' રહે નહિ. આહા..!

એટલે ? આત્મા દ્રવ્ય અને ગુણે જ્ઞાન-દર્શનમય અને અનંત ગુણમય છે. એનું એક સમયમાં જ્ઞાન થાય. ક્યારે ? - કે સ્વસન્મુખ થાય ત્યારે. એને દ્રવ્ય-ગુણનો આશ્રય લીધો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ કહેવામાં આવે. (દ્રવ્ય-ગુણ) આશ્રય આપતા નથી, (પર્યાય) આશ્રય લેતી નથી. 'નવરંગભાઈ' ! આવો માર્ગ છે. જિનવરદેવ ત્રિલોકનાથ એવી તારી પર્યાયનું સામર્થ્ય બતાવે છે.

શ્રોતા :– ૧૧મી ગાથામાં ભૂતાર્થનો આશ્રય તો આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભૂતાર્થનો આશ્રય (કરે તો) સમ્યગ્દષ્ટિ થાય, પણ એનો અર્થ ઇ કે સ્વસન્મુખ થયો એને આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. અરે..! એવી વાત છે. ભાષા એમ આવે **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** ત્રિકાળ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન થાય. એ તીર્થંકર કેવળી પરમાત્માનો આશ્રય કરે તોપણ સમકિત ન થાય. એ પર્યાયનો આશ્રય કરે તોપણ સમકિત ન થાય. આવી વાતું, બાપા ! એ પર્યાય આમ વળી એટલે આશ્રય કર્યો એમ કહે છે. આહા..હા..! ઇ કહેવામાં કઈ અપેક્ષા છે એમ જાણવી જોઈએ ને !

***શ્રોતા :– પર્યાય તન્મય થઈને જાણે છે કે અતન્મય રહીને ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– અતન્મય રહીને જાણે છે. તન્મય થઈને જાણે છે (એમ જે કહ્યું એ તો) એ બાજુ વળી છે એટલું. એ બાજુ વળી છે. ઇ આ અપેક્ષાએ (તન્મય) કહેવાય. રાગમાં તન્મય હતી એટલે આમ તન્મય (હતી). રાગમાં વળેલી હતી એ આમ વળી એટલે તન્મય કહેવાય. બાકી પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે. દ્રવ્ય અને પર્યાય ત્રણકાળ, ત્રણલોકમાં એક થતા નથી.***

***શ્રોતા :– અખંડ એક સત્ લઈએ તો ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– અખંડ એક સત્ લઈએ તો પણ પર્યાય પર્યાયમાં અને દ્રવ્ય દ્રવ્યમાં (છે).***

***શ્રોતા :– પર્યાય અને દ્રવ્યમાં પ્રદેશભેદ છે ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રદેશભેદ છે.***

***શ્રોતા :– સર્વથા છે ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– સર્વથા છે. પર્યાય અને દ્રવ્યમાં પ્રદેશભેદ સર્વથા છે.***

***શ્રોતા :– એક અખંડ સત્ છે.***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ અખંડ સત્ પછી. ઇ તો પર્યાયનો વિષય અખંડ સત્ (છે).*** એવી વાત છે. આ તો જિનેશ્વર કેવળી ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ ભગવાન સાક્ષાત્ બિરાજે છે. આજે દિવ્યધ્વનિનો દિવસ છે. તમે કાલે કહ્યું હતું, કાંઈક (સૂક્ષ્મ વાત) આવે. ઇ આવે તો આવે. આહા..હા..!

ભગવાન એમ કહે છે કે પર્યાયને સર્વવ્યાપક કહેવી એટલે કે લોકાલોકને જાણે છે એ અપેક્ષાએ વ્યાપક કહેવી. પણ પર્યાય એ લોકાલોકના ક્ષેત્રમાં પ્રસરી જાય છે (એમ નથી), વેદાંત કહે છે એમ નથી. સમજાણું કાંઈ ? ***આહા..હા..! પર્યાયની મર્યાદા, જોકે દ્રવ્યનું ક્ષેત્ર***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***છે તે જ એનું ક્ષેત્ર છે, પણ એ ક્ષેત્રનો અંશ છે એ ભિન્ન છે. જેટલામાં પર્યાય છે તે ક્ષેત્ર ભિન્ન છે, જેટલામાં ધ્રુવ છે તે ક્ષેત્ર ભિન્ન છે. બે ધર્મ જ છે. બે વસ્તુ છે. ધર્મ અને ધર્મી બે વસ્તુ છે.***

એ તો 'આપ્તમિંમાસા' માં કહ્યું છે, ***ધર્મ અને ધર્મી બે નિરપેક્ષ વસ્તુ છે. ધર્મી છે માટે પર્યાય છે - ધર્મ છે એમ નહિ અને ધર્મ છે માટે ધર્મી છે એમ નહિ.*** આ તો કેવળજ્ઞાની પરમાત્માના માર્ગ છે, બાપા ! લોકોએ સાંભળ્યો નથી. બહારમાં કડાકૂટ (કર્યા કરે). આ જાત્રા કરી ને ભક્તિ કરી ને વ્રત પાળ્યા ને અપવાસ કર્યા ને ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી. આહા..!

શ્રોતા :– ધૂળેય ધર્મ નથી એટલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળેય નથી (એટલે) સારું પુણ્ય પણ નથી, એમ. સમકિતીને જે પુણ્ય બંધાય એવું પુણ્ય પણ એને નથી. આહા..હા..! એ ક્યાંક આવ્યું હતું. શેમાં આવ્યું હતું ? ક્યાંક આવ્યું હતું. પાઠમાં આવ્યું હતું, હોં ! કૃષિ - ખેતી કરતાં અનાજ પાકે ત્યારે ખડ પણ પાકે. ભક્તિમાં આવ્યું હતું. કાલે આવ્યું હતું. સો કળથી અનાજ પાકે (ત્યારે) સો ભરોટા ખડ હોય. પણ ખડ ખડથી, અનાજ અનાજથી. એમ સમ્યગ્દષ્ટિ જીવને જે પુણ્ય થાય એ બીજી જાતનું હોય. એ તીર્થંકર ગોત્ર બાંધે, સર્વાર્થસિદ્ધિમાં જાય, વગેરે વગેરે. આહા..હા..! છતાં એ પુણ્ય છે એ પુણ્ય છે, ધર્મ નહિ. આહા..હા..!

અહીં તો કહે છે, જ્ઞાનની પર્યાય... આત્માને સર્વવ્યાપક કહેવો. કઈ અપેક્ષાથી ? – કે એ પર્યાયમાં કર્મના આવરણનો અભાવ થઈ અને એ પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણે. વાત આમ કરી છે. લોકાલોકને જાણે છે. સમજાણું ને ? એથી એને સર્વવ્યાપક કહેવામાં આવે છે. ખરેખર તો એ પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે અને લોકાલોકને જાણે છે, એથી એ પર્યાયને સર્વવ્યાપક કહેવામાં આવે છે. ક્ષેત્રથી પરમાં જાય છે અને આ પર્યાય ક્ષેત્રથી ધ્રુવમાં જાય છે, એમ નથી. 'ચંદુભાઈ' ! આવું છે, બાપા ! આહા..હા..!

***શ્રોતા :– કહેવાય સર્વવ્યાપક પણ નિશ્ચયથી દ્રવ્યમાં વ્યાપક છે ને ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પર્યાયમાં પર્યાય વ્યાપક (છે). બે વાચક શબ્દ છે ને ? તો બેના વાચ્ય ભિન્ન હોય કે નહિ ? નહિ તો બે કેમ જુદા પડ્યા ? એવી વાત છે, જરી ઝીણી વાત છે.***

***શ્રોતા :– અપેક્ષાથી કહેવાય કે (આમ છે) ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– ના, ઇ અપેક્ષાથી આમ જ છે.***

***શ્રોતા :– સર્વથા એમ છે ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– સર્વથા એમ છે.***

***શ્રોતા :– એકાંત છે ?***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બેય એકાંત છે. પર્યાય પર્યાયમાં છે, પર્યાય દ્રવ્યમાં નથી.*** પણ પછી જ્યારે પરથી જુદું પાડવું હોય ત્યારે કહેવાય કે પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. **'पर्याय विजुत्तं दव्वं'** 'પંચાસ્તિકાય' માં આવે છે. એ તો પરથી ભિન્ન પાડવા અપેક્ષાએ (કહ્યું છે). પર્યાયરહિત દ્રવ્ય ન હોય. એ તો પરથી - એનાથી ભિન્ન (છે અને) ઇ પર્યાય પોતાના દ્રવ્યની છે એમ (કહેવું છે). બેમાં જ્યારે ભેદ પાડવો હોય, ઇ બે વસ્તુ છે ને ? એક વસ્તુ નથી.

પ્રમાણના દ્રવ્ય તરીકે દ્રવ્ય-પર્યાય ભેગા ગણે, પણ પ્રમાણ જે દ્રવ્ય-પર્યાયને જાણે છે એ પ્રમાણે એ પ્રમાણે એટલે એ પ્રમાણજ્ઞાને, નિશ્ચયથી દ્રવ્ય દ્રવ્યમાં છે એનું જ્ઞાન તો એણે એમાં રાખ્યું છે ઉપરાંત પર્યાયનું (જ્ઞાન) ભેળવ્યું એટલે પ્રમાણ થયું.

શ્રોતા :– નયજ્ઞાનનો વિરોધ કરીને પ્રમાણ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નથી. નિશ્ચયને ઉડાડીને પ્રમાણ થયું છે એમ નથી. તો તો એ પ્રમાણમાં બે રહેતા નથી. એમ છે ભાઈ જરી.

***પ્રમાણ છે ને એ પોતે જ વ્યવહાર છે. બે ભેગા થયા માટે વ્યવહાર થઈ ગયો.*** નિશ્ચય અને વ્યવહાર બે ભેગા થયા ને ? દ્રવ્ય અને પર્યાય એટલે એ પ્રમાણ (કહ્યું). એ પ્રમાણ પોતે સદ્‌ભુત વ્યવહારનો વિષય છે, નિશ્ચયનો નહિ. તેથી તો કહ્યું કે ***નિશ્ચય છે એ પૂજ્ય છે કે પ્રમાણ પૂજ્ય છે ? કેમકે પ્રમાણમાં બે ભેગા આવે છે – દ્રવ્ય અને પર્યાય. અને નિશ્ચયમાં એકલું દ્રવ્ય આવે છે. તો કહે કે નિશ્ચય પૂજ્ય છે. પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી માટે તે પૂજ્ય નથી.*** 'રતિભાઈ' ! ઝીણું છે. આહા..હા..!

શ્રોતા :– .. છે છતાં અપૂજ્ય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા. નિશ્ચયની અપેક્ષાએ નહિ. ***જેમાં પર્યાયનો નિષેધ આવતો નથી*** તે પૂજ્ય નહિ. પરમાર્થની અપેક્ષાએ વાત છે.

***ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ એ નિશ્ચયનો વિષય છે તે નિશ્ચયનય પૂજ્ય છે. આમ તો વ્યવહાર પણ પૂજ્ય છે, કીધું છે. નહિ ? 'પદ્મનંદિ' માં. છે ને, બધી ખબર છે. એ તો વ્યવહારે વ્યવહાર પૂજ્ય છે, નિશ્ચયથી તે પૂજ્ય નથી.*** આવી વાતું છે. આહા..હા..! જિનવરદેવનો માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ ! સમજાણું કાંઈ ? ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે. એણે કહ્યું હતું. અહીં કંઈ તૈયાર છે ? આવવાનું હોય ઇ આવે. આહા..! ઓહો..હો..! આવો વીતરાગનો માર્ગ. ત્રિલોકનાથ તીર્થંકરદેવે દિવ્યધ્વનિ દ્વારા ફરમાવ્યું છે. આ એ દિવ્યધ્વનિનો દિવસ છે. લ્યો, જુઓ ! ભાવાર્થ છે ને ?

**'યહ આત્મા વ્યવહારનય સે કેવલજ્ઞાનકર લોક-અલોક કો જાનતા હૈ,...'** જુઓ ! ખુલાસો આવશે. **'ઔર શરીર મેં રહનેપર ભી...'** કેવળજ્ઞાની પરમાત્મા શરીરમાં હોવા છતાં **'નિશ્ચયનય સે અપને સ્વરૂપ કો જાનતા હૈ,...'** નિશ્ચયનયથી તો પોતાના સ્વરૂપને જાણે છે, વ્યવહારથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરને જાણે છે.

શ્રોતા :– નિશ્ચયનયે પર્યાય પર્યાયને જ જાણે છે, વ્યવહારનયે પરદ્રવ્યને જાણે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યવહાર એમ નહિ. નિશ્ચયથી તો પર્યાય દ્રવ્યને જાણે એ નિશ્ચય કહેવાય. એમ છે. 'નિયમસાર' માં સ્વ-પરપ્રકાશકના બે બોલ લીધા છે. એક તો સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન - પરનું જ્ઞાન - તેને નિશ્ચય-વ્યવહાર કહેવો. જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન સિવાય પોતાના ગુણને જાણે ... એને સ્વ-પરપ્રકાશક કહેવો. (વીતરાગની) વાતું, બાપા ! એ અલૌકિક માર્ગ લોકોએ બિચારાએ સાંભળ્યો નથી. આહા..હા..! એ તત્ત્વનું ઊંડાણ શું છે એને પહોંચ્યો નથી. પહોંચે તો એનું કલ્યાણ થયા વિના રહે નહિ. જન્મ-મરણના અંતના છેડા આવી જાય. આહા..હા..!

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ નહિ, ઇ નહિ. ગુણ ને પર્યાય બધાને જાણે છે. ગુણને પણ જાણે છે ને ! આહા..હા..! સમજાણું કાંઈ ? એકલી પર્યાયની વાત નથી. જ્ઞાનની પર્યાય જ્ઞાનને જાણે, જ્ઞાનની પર્યાય જ્ઞાનગુણને જાણે, જ્ઞાનની પર્યાય બીજા ગુણોને જાણે અને જ્ઞાનની પર્યાય ગુણની પર્યાયને જાણે. આ તો બહુ આઘું ગયું. એવો માર્ગ (છે), બાપા !

જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે. એમ પર્યાયની અપેક્ષાએ દ્રવ્ય પણ અદ્રવ્ય છે. ઇ પર્યાયમાં આવ્યું નહિ (માટે) પર છે. આહા..હા..! કેટલી સામર્થ્યતા એ અહીં વર્ણવે છે. એક સમયની પર્યાય વસ્તુ છે, એમ કહ્યું. એક સમયની જે પર્યાય છે એ જ વસ્તુ એક છે, બસ ! બાકી બધી વસ્તુ એની અપેક્ષાએ અવસ્તુ છે. એક પર્યાય છ દ્રવ્યને જાણે, એક પર્યાય છ ને જાણે અને એકને જાણે. એટલે એક પર્યાયમાં બધું આખું આવી ગયું. આહા..હા..!

શ્રોતા :– મહત્તા...

પૂજ્ય ગુરુદેવશ્રી :– મહત્તા કરનાર પર્યાય છે ને ? તો પર્યાયની જ મહત્તા છે. દ્રવ્યની મહત્તા જાણનાર કોણ ? દ્રવ્ય જાણે ? એવી વાત છે. ત્રિકાળી ભગવાનની મહત્તા જાણનાર કોણ ? આહા..હા..! પર્યાય એમ જાણે (છે કે) 'હું ધ્રુવ છું'. એમ જાણે છે. હું ધ્રુવ છું. ત્યાં લક્ષ છે ને ! પર્યાય એમ જાણે કે 'હું ધ્રુવ છું'. આહા..હા..!

૩૨૦ (ગાથામાં) આવે છે. એમ કહ્યું, ધર્મી અખંડ ત્રિકાળી નિરાવરણ પરમાત્માનું ધ્યાન કરે છે, ખંડ ખંડનું નહિ. પર્યાય ખંડ ખડ છે. આહા..! સમજાણું કાંઈ ? થોડું ઝીણું આવી ગયું, ભાઈ ! આહા..હા..!

શ્રોતા :– જામી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જામી ? એક ફેરી તમને યાદ કર્યા હતા. 'નવરંગભાઈ' ભાઈ એમ કહે છે કે જામી. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'નિશ્ચયનય સે અપને સ્વરૂપ કો જાનતા હૈ, ઇસ કારણ જ્ઞાન કી અપેક્ષા તો વ્યવહારનય સે સર્વગત હૈ, પ્રદેશોં કી અપેક્ષા નહીં હૈ.'** પ્રદેશ પોતામાં છે. જ્ઞાન પરના ક્ષેત્રમાં વ્યાપે છે એમ નથી, પોતાના ક્ષેત્રમાં વ્યાપે છે એમ કહેવું છે. પેલા દ્રવ્ય અને પર્યાય અત્યારે એ ભેદ નથી. આ તો જાણવાની પર્યાય સર્વને - પર ક્ષેત્રને વ્યાપીને જાણે છે એમ નથી. પોતાનું ક્ષેત્ર છે ત્યાં રહીને એ જાણે છે.

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પર્યાયનું જેટલું ક્ષેત્ર (છે) એ પર્યાયનું ક્ષેત્ર છે. એ તો પરથી જુદું પાડવું હોય ત્યારે... પોતાને જુદું પાડવું બે ભેદ છે ને ? બે ચીજ ભિન્ન છે.

પ્રમાણનો વિષય દ્રવ્ય અને પર્યાય છે. નિશ્ચયનો વિષય એકલું દ્રવ્ય છે. વિષય કરનાર પર્યાય છે. આહા..હા..! કાર્ય તો પર્યાયમાં આવે છે ને ! કારણ દ્રવ્ય ત્રિકાળી છે. એ કારણ દ્રવ્ય છે એમાં ક્યાં કાર્ય આવે છે. એ તો પ્રશ્ન થયો હતો. 'ત્રિભુવન વારિયા' છે ને ? એમ કે તમે કારણપરમાત્મા કહો... સાંભળો ! કારણપરમાત્મા છે એનો સ્વીકાર હોય એને કારણપરમાત્મા કે નથી સ્વીકાર અને કારણપરમાત્મા ?

શ્રોતા :– સ્વીકારની શું જરૂર છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ છે એને જાણ્યા વિના 'આ છે' એમ નક્કી તો થયું નથી, તો એને ક્યાં છે ? કારણપરમાત્મા છે કોને ? એ છે અનાદિનો, એમ નહિ. જેણે પર્યાયમાં કારણપરમાત્માનો આશ્રય લઈને નક્કી કર્યું એને કારણપરમાત્મા છે. જેને પર્યાયમાં એનો નિર્ણય થયો એને કારણપરમાત્મા છે અને એ કારણપરમાત્માનો જેને નિર્ણય થયો એને કાર્ય સમ્યગ્દર્શન આવ્યા વિના રહે જ નહિ. સમજાણું કાંઈ ? 'ગિરધરભાઈ' ! આવી આવી વાતું છે. આહા..! વીતરાગ માર્ગ બહુ ઝીણો, બાપા ! અને એના ફળ પણ કેવા ! અનંત અનંત આનંદ સાદિ અનંત (કાળ) પ્રગટ થાય. એના ઉપાયો પણ અલૌકિક હોય કે નહિ ? આમાં વાદવિવાદને સ્થાન નથી. આહા..!

જુઓ ! **'પ્રદેશોં કી અપેક્ષા નહીં હૈ.'** પ્રદેશની અપેક્ષા એટલે ? પરપ્રદેશમાં જ્ઞાન જાતું નથી, એમ. પોતાના પ્રદેશમાં રહીને પરને જાણે છે. એ અપેક્ષાએ સર્વગત જાણવાની અપેક્ષાએ કહેવામાં આવે છે. પણ ક્ષેત્રમાં જાય છે માટે સર્વવ્યાપક છે એમ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પરમાત્મપ્રકાશ, પ્રથમ અધિકાર, ગાથા–૬૮
## પ્રવચન નં. ૪૬, તા. ૨૪.૦૭.૭૬
## [૭]

અનુભૂતિ. જે શુદ્ધ આત્મા છે તેને અનુસરીને અનુભૂતિ થવી. નિર્વિકલ્પ પરિણતિને શુદ્ધાત્માનુભૂતિ કહે છે. પોતાનો આત્મા ત્રિકાળ શુદ્ધ છે એની અનુભૂતિ, તેનો અનુભવ થવો. તેના અભાવમાં–અનુભૂતિના અભાવમાં **'શુભ-અશુભ ઉપયોગોં સે પરિણમન કરકે...'** કેમકે શુદ્ધ આત્મા વસ્તુ તરફની શુદ્ધાત્માનુભૂતિનો અભાવ (છે) તો શુભાશુભભાવનો ભાવ (છે). **'શુભ-અશુભ ઉપયોગોં સે પરિણમન કરકે જીવન, મરણ, શુભ, અશુભ કર્મબંધ કો કરતા હૈ,...'** જન્મના ઔર મરના, વહ શુભાશુભ ઉપયોગ કે કારણ સે કર્મબંધ હોતા હૈ, ઉસસે વહ જીવન-મરણ હોતા હૈ.

**'ઔર શુદ્ધાત્માનુભૂતિ કે પ્રગટ હોને પર...'** અહીંયા વાત એ કહેવી છે કે પર્યાયમાં અનુભૂતિના અભાવને કારણે પર્યાયમાં શુભાશુભ ભાવ કરીને જે કર્મબંધન થયું તેનાથી જન્મ-મરણ કરે છે. **'ઔર શુદ્ધાત્માનુભૂતિ કે પ્રગટ હોને પર...'** ભગવાન શુદ્ધ આત્માને નિર્વિકલ્પ અનુભૂતિ દ્વારા અનુભવ કરી અથવા **'શુદ્ધાત્માનુભૂતિ કે પ્રગટ હોને પર...'** શુદ્ધાત્માનુભૂતિના અભાવમાં શુભાશુભ ભાવ પ્રગટ છે. **'શુદ્ધત્માનુભૂતિ કે પ્રગટ હોને પર...'** ચૈતન્ય વસ્તુ જે અબદ્ધસ્વરૂપ છે, પરમાર્થે પોતે અબદ્ધસ્વરૂપ છે પરંતુ તેની પર્યાયમાં જ્યારે શુદ્ધાત્માનુભૂતિ થાય છે તેનાથી **'શુદ્ધોપયોગ સે પરિણત હોકર મોક્ષ કો કરતા હૈ,...'** પર્યાયમાં શુદ્ધાત્માનુભૂતિની પરિણતિથી પર્યાયમાં મોક્ષ કરે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! ઝીણી વાત છે.

આમ હોવા છતાં, શુદ્ધાત્માનુભૂતિના અભાવમાં શુભાશુભ ભાવ કરી પર્યાયમાં જન્મ-મરણ થાય છે અને શુદ્ધાત્માનુભૂતિને પ્રગટ કરવાથી - ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ તરફની નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ પ્રગટ કરી મોક્ષ કરે છે. એ બન્ને વાત પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયકર...'**ત્રિકાળ પરમ સ્વભાવભાવ જે બંધમાં નથી અને મુક્તિમાં નથી. એ તો ત્રિકાળી મોક્ષસ્વરૂપ જ છે. શક્તિરૂપ મોક્ષસ્વરૂપ જ આત્મા છે. આહા..! એમાં પર્યાયમાં બંધ અને મુક્તિ (છે તે) ત્રિકાળી મુક્ત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વભાવમાં નથી.

અહીં તો એમ પણ કહ્યું કે શુભઉપયોગથી તો શુભ બંધ થાય છે અને તેનાથી જન્મ-મરણ થાય છે. ભલે સ્વર્ગાદિ મળે. અને શુદ્ધઉપયોગથી જ મુક્તિ થાય છે. વ્યવહારથી પરંપરા મુક્તિ કહેવામાં આવે છે. એ તો ઉપચારથી કથન છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ (છે) તેની અનુભૂતિ સ્વરૂપ શુદ્ધઉપયોગ (છે). આહા..હા..! (એ) શુદ્ધઉપયોગથી મુક્તિ થાય છે. એમ કહ્યું ને ? પરંતુ એ પર્યાયની વાત કરી. વસ્તુ જે ત્રિકાળ પરમ સ્વભાવભાવ છે **'શુદ્ધદ્રવ્યાર્થિકનયકર...'** શુદ્ધ દ્રવ્ય જે નયનું પ્રયોજન છે એ નયથી જોવાથી **'ન બંધ કા કર્તા હૈ ઔર ન મોક્ષ કા કર્તા હૈ.'** ***એ વસ્તુ જે છે એ રાગભાવરૂપી બંધનો પણ કર્તા નથી અને અનુભૂતિરૂપ નિર્વિકલ્પ શુદ્ધઉપયોગનો પણ કર્તા નથી અને મોક્ષની પણ કર્તા નથી. આહા..!***

અહીંયા કહે છે, જુઓ ! **'ઐસા કથન સુનકર શિષ્યને પ્રશ્ન કિયા, કિ હે પ્રભો, શુદ્ધદ્રવ્યાર્થિકસ્વરૂપ શુદ્ધનિશ્ચયનયકર મોક્ષ કા ભી કર્તા નહીં હૈ,...'** આત્મા શુદ્ધદ્રવ્ય સ્વરૂપથી મોક્ષનો કર્તા નથી **'તો ઐસા સમજના ચાહિયે, કિ શુદ્ધનયકર મોક્ષ હી નહીં હૈ, જબ મોક્ષ નહીં, તબ મોક્ષ કે લિયે યત્ન કરના વૃથા હૈ.'** શુદ્ધનયથી મુક્તિ નથી તો મોક્ષનો પ્રયત્ન કરવો પણ રહ્યો નહિ. આમ શિષ્યનો પ્રશ્ન છે. ગાથા બહુ અલૌકિક છે. ૩૨૦ ગાથાની 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં એ લીધું છે.

**'ઉસકા ઉત્તર કહતે હૈં–'** શું કહે છે ? ભગવંત ! આપ કહો છો કે શુદ્ધનયથી, દ્રવ્યાર્થિકનયથી તો આત્મા મોક્ષને પણ કરતો નથી. બંધ કરતો નથી એ વાત એક કોર રાખો પણ મોક્ષને પણ કરતો નથી. તો મોક્ષનો પ્રયત્ન કરવો વૃથા થઈ ગયો. આત્મા મોક્ષ કરતો નથી તો મોક્ષનો પ્રયત્ન કરવો વૃથા થયો. સમજાણું કાંઈ ? તેનો ઉત્તર – **'મોક્ષ હૈ, વહ બંધપૂર્વક હૈ,...'** પર્યાયમાં જે મોક્ષ છે, વસ્તુસ્વરૂપ જે મોક્ષ (સ્વરૂપ) છે એ તો ત્રિકાળ છે. અબંધસ્વરૂપ કહો, મોક્ષ સ્વરૂપ કહો. કાયમ મોક્ષસ્વરૂપ, હોં ! અસલી ત્રિકાળી. આહા..હા..! ઝીણી વાત બહુ, ભાઈ !

આવું ઉત્તમ સ્વરૂપ જે બંધ-મોક્ષની પર્યાય રહિત છે એને દૃષ્ટિમાં લેવું એ કેટલો પુરુષાર્થ છે ! એ નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ દ્વારા, જેમાં પર્યાયના બંધ-મોક્ષ નથી તેની શુદ્ધ નિર્વિકલ્પ પરિણતિ દ્વારા દૃષ્ટિમાં આવે છે. સમજાણું કાંઈ ? 'પોપટભાઈ' ! આવી વાતું છે. અમે પણ કરતા ને, બાપા ! અમે બધા પણ ત્યાં દુકાન ઉપર કરતા. 'પાલેજ'. સામાયિક કરીએ પણ ઇ પજોસણમાં, હોં ! આઠ દિ' પજોસણ આવે ત્યારે સાંજે પડિકમણા, આઠ દિ'માં ચાર અપવાસ (કરીએ). તે દિ', હોં ! સંવત ૧૯૬૪-૬૫ ની સાલ. દીક્ષા તો સંવત ૧૯૭૦ માં (લીધી). એ વખતે આઠ દિ' માં ચાર અપવાસ કરતા. ચોવિહારા, હોં ! ચોવિહારા એટલે પાણી નહિ (લેવાનું). દુકાને ધંધે બેસવું પડે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– તે દિવસના પુણ્ય હજી કામ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ભ્રમણા હતી. આહા..! એમ માનતા હતા કે ધર્મ કરીએ છીએ. આહા..હા..! એ તો સાધારણ શુભભાવ હતો. મિથ્યાત્વ સહિત, ગૃહીત મિથ્યાત્વ (હતું). સ્થાનકવાસીની શ્રદ્ધા હતી ને ! એ તો ગૃહીત મિથ્યાત્વ હતું. અમે તો (સંવત) ૧૯૬૪ ની સાલથી શાસ્ત્ર વાંચતા હતા. ૧૯૬૫ ની સાલથી તો રાત્રિ આહાર-પાણીનો ત્યાગ છે. ૧૯૬૫ ની સાલથી રાત્રે આહાર-પાણી નથી લેતા. દુકાન ઉપર પણ લેતા નહોતા. એ બધું ગૃહીત મિથ્યાત્વની ભૂમિકામાં એવો શુભભાવ હતો. આહા..!

આ ચીજ તો... આ..હા..હા..! કહે છે કે જેની પર્યાયમાં બંધ-મોક્ષ છે એ દ્રવ્યમાં બંધ-મોક્ષ નથી. આહા..હા..! અથવા દ્રવ્ય જે ત્રિકાળી વસ્તુ છે એ બંધ-મોક્ષને કરતી નથી. આહા..હા..! તો પછી શિષ્યનો પ્રશ્ન છે કે મોક્ષને કરતો નથી અને શુદ્ધનયથી તો મોક્ષ થતો નથી તો પછી શુદ્ધનયથી મોક્ષનો પ્રયત્ન કરવો વૃથા થઈ ગયો. શિષ્યનો આ પ્રશ્ન છે. ઉત્તર (આમ છે).

**'મોક્ષ હૈ, વહ બંધપૂર્વક હૈ,...'** પર્યાયમાં રાગનો બંધ થાય તો તેનો અભાવ કરીને બંધપૂર્વક મોક્ષ થાય છે. પર્યાયમાં બંધભાવ થાય છે તો એ બંધનો અભાવ કરીને મોક્ષ થાય છે. **'ઔર બંધ હૈ, વહ શુદ્ધનિશ્ચયનયકર હોતા હી નહીં,...'** આહા..હા..! ત્રિકાળી વસ્તુને નિશ્ચયથી તો બંધ છે જ નહિ. બંધ શું ? એ તો પર્યાયમાં બંધ છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

બહારની ચીજોનું આકર્ષણ છે ત્યાં સુધી તો અજ્ઞાનભાવ છે. ઇ વસ્તુમાં નથી. આહા..હા..! અહીંયા તો કહે છે કે બંધ છે તે મોક્ષપૂર્વક થાય છે, પણ એ તો પર્યાયમાં બંધ છે તો મોક્ષપૂર્વક થાય છે. વસ્તુમાં નિશ્ચયથી તો બંધ નથી. વસ્તુમાં બંધ કેવો ? દ્રવ્યમાં બંધ હોય તો તો તેનો અભાવ થઈ જાય. સમજાણું કાંઈ ? પર્યાયમાં બંધ હોય તો પર્યાયમાં વિકાર દશા ઉત્પન્ન થાય. વસ્તુ તો વસ્તુ છે. આહા..હા..! વસ્તુ જે છે એ જો નિશ્ચયથી બંધરૂપ હોય તો તેનો અર્થ શું થયો ? કે વસ્તુ જ બંધમાં આવી ગઈ, તો વસ્તુ જ (રહેતી) નથી. પરંતુ એમ નથી. નિશ્ચયથી વસ્તુમાં બંધ છે જ નહિ. આહા..હા..! ઝીણી વાત છે, 'પોપટભાઈ' !

શ્રોતા :– ધ્યાન રાખે તો સમજાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધ્યાન રાખે તો સમજાય, વાત સાચી. આહા..હા..! અરે..! એને ક્યારે વખત મળે ? ભાઈ ! આહા..હા..! જન્મ-મરણ કરીને જુઓને આ. આ..હા..! હડકાયા કૂતરાથી માણસ મરી જાય છે. બહુ દુઃખ હોય એને, બહુ દુઃખ. એ વખતે એને એટલું દુઃખ હોય કે ક્યાંય ચેન ન પડે. આહા..હા..! પાગલ કૂતરો કરડે છે ને ! આ (અજ્ઞાની) પાગલ છે, કહે છે. રાગની એકતાબુદ્ધિ (ધરનાર) પાગલ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન આત્મા નિશ્ચયમાં બંધપૂર્વક થાય તો તો વસ્તુનો જ અભાવ થઈ જાય. વસ્તુમાં તો બંધ છે નહિ. આ..હા..! છે ? **'બંધ હૈ, વહ શુદ્ધનિશ્ચયનયકર હોતા હી નહીં, ઇસ કારણ બંધ કે અભાવરૂપ મોક્ષ હૈ, વહ ભી શુદ્ધનિશ્ચયનયકર નહીં હૈ.'** પર્યાયમાં જે બંધનો અભાવ થાય છે એ તો દ્રવ્યમાં છે નહિ. દ્રવ્યમાં બંધ નથી તો બંધનો અભાવ કરીને મોક્ષ (કરવો) એ વસ્તુમાં નથી. આહા..હા..! આ તે કઈ વસ્તુ ?

જ્ઞાયકભાવ સ્વભાવભાવ... ! 'પ્રવચનસાર' ૨૦૦ ગાથામાં લીધું છે ને ? ગમે તે રીતે રાગાદિ થયો, વસ્તુ તો જ્ઞાયકભાવ રૂપે રહી છે. આહા..હા..! 'પ્રવચનસાર' ૨૦૦ ગાથામાં છે. 'પ્રવચનસાર'ની ૨૦૦ ગાથામાં છે કે (વસ્તુ) તો જ્ઞાયકરૂપ જ રહી છે. એમાં બંધ પણ નથી, મોક્ષ પણ નથી. વસ્તુમાં શું ? એવી વસ્તુની દૃષ્ટિ કરવી એમ કહ્યું એમાં કેટલો પુરુષાર્થ છે ! સમજાણું કાંઈ ?

જે વસ્તુમાં બંધ-મોક્ષ નથી (એમાં) પર્યાયદૃષ્ટિ ઉડાડી દીધી. ત્રિકાળી ભગવાન આત્મા અસ્તિ પદાર્થ છે ને ! અસ્તિ–સત્તારૂપ ભાવ છે અને એ જ્ઞાયકભાવરૂપ સત્તાભાવ ત્રિકાળ છે. એમાં બંધ અને મોક્ષ ક્યાં આવ્યો ? એ તો પર્યાયમાં બંધ અને મોક્ષ છે. આ..હા..! કેવી વાત કરી છે ! પર્યાયબુદ્ધિ ઉડાડવા, દ્રવ્યબુદ્ધિ કરાવવા (કહે છે કે) દ્રવ્યમાં બંધ-મોક્ષ નથી. આહા..હા..! ભાઈ ! આ તો ધીરાના કામ છે, બાપુ ! આહા..હા..! જે વસ્તુમાં બંધ અને મોક્ષ નથી. પર્યાયનો બંધ-મોક્ષ દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ ? એ દ્રવ્યદૃષ્ટિ કરવી એ કાંઈ શુભઉપયોગથી દૃષ્ટિ થાય છે ? આહા..હા..!

શ્રોતા :– ... રોકાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પર્યાય રોકાય છે. દ્રવ્યમાં કાંઈ નથી. આહા..!

અહીંયા તો ખુલાસો એ આવે છે કે જેમાં બંધ-મોક્ષ નથી એવી ચીજ, એ ચીજને પકડવી એ શું શુભરાગ પકડી શકે છે ? સમજાણું કાંઈ ? એ તો શુદ્ધઉપયોગથી જ પકડાય છે. આહા..! શુદ્ધઉપયોગ છે પર્યાય, પણ એનું ધ્યેય આખું પૂર્ણ દ્રવ્ય છે. આહા..હા..! જન્મ-મરણ રહિત થવાનો આ ઉપાય છે. શરીર જુવાન હોય, રૂપાળું હોય, પૈસા પાંચ-પચાસ લાખ હોય, કુટુંબ, સ્ત્રી, પુત્ર ઠીક હોય એટલે જાણે અમને ઠીક છે. અરે...! પ્રભુ ! ક્યાં છે ? બાપુ ! પ્રભુ ! તું ક્યાં રોકાણો ? આહા..!

શ્રોતા :– વ્યવહારની અપેક્ષાએ ઠીક છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યવહારની અપેક્ષાએ પણ અઠીક છે. મોક્ષમાર્ગ એ વ્યવહાર છે એની અપેક્ષાએ તો તે અઠીક છે. આહા..! મોક્ષમાર્ગ અને મોક્ષ પણ પર્યાય, વ્યવહાર છે. આહા..હા..! ડૉક્ટરે મુદત આપી છે. ૪૮ કલાક ધ્યાન રાખજો. આહા..હા..! હવે એ સ્થિતિમાં ૪૮ કલાક કઈ રીતે કાઢવા ? લોકોને એમ થઈ ગયું, હાય.. હાય.. ! શું થશે ? કારણ કે એ તો ૪૮ કલાકે દેહ તો છૂટી જશે. ૪૮ કલાકમાં શું થશે ? આ..હા..! એ રાગની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એકતાની પીડા.

શ્રોતા :– શરીરની પીડા નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– શરીરની પીડા નથી. શરીરને તો અડતો પણ નથી. આહા..! શરીર મારું. એ પણ ક્યાં ખબર છે ? આ..હા..! અનાદિનો પાગલ (છે). એને મિથ્યાત્વનું હડકાયું કૂતરું કરડ્યું છે. આહા..હા..! એને પરપદાર્થની અનુકૂળતામાં હોંશ (આવે છે) એ બધું હડકાયું કૂતરું છે, પાગલ કૂતરું છે. એને છ છોકરા (છે), બે કરોડ રૂપિયા, પેદાશ મોટી (છે). છએ મોટા લોઢા જેવા છે. આ..હા..! કોના છોકરા ? બાપુ ! આરે.. !

જ્યાં નિર્મળ પરિણતિ પણ દ્રવ્યની નથી.. આ..હા..!

શ્રોતા :– એ તો પર્યાયમાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, પર્યાયમાં છે, ભગવાન ! બાપુ ! તું કોણ છો ? આહા..હા..! તું કોણ છો ? તમે કોણ છો ? આ..હા..! એ પછી ૬૯ (ગાથામાં) કહેશે. હે આત્મરામ ! ટીકામાં છે, હોં ! હે આત્મન ! હે જીવ ! ૬૯ માં છે, ભાઈ ! પહેલી લીટી છે ને ? પેલી કોરની પહેલી, આમ ત્રીજી લીટી છે. હે આત્મન ! હે જીવ ! અર્થ કર્યો છે, ‘હે આત્મારામ.’ ‘નિજપદ રમે સો રામ કહીએ’ આનંદનો નાથ આનંદમાં રમે તેને આત્મા કહીએ. આહા..હા..! આનંદનો નાથ આત્મામાં રમે તો આત્મારામ કહીએ. રાગમાં રમે તે હરામ આત્મા છે. આહા..હા..! એ પર્યાયમાં છે. હરામ અને રામની બધી રમત પર્યાયમાં છે. આહા..હા..!

આચાર્ય દ્રવ્યદૃષ્ટિ કરાવવા અને દ્રવ્યનું સ્વરૂપ વર્ણવીને ત્યાં દૃષ્ટિ લગાવવા પર્યાયને દ્રવ્ય કરતું નથી, એમ કહે છે. કરતું નથી ત્યાં નજર નાખ ને ! આહા..હા..! સમજાણું કાંઈ ? દ્રવ્ય પર્યાયને કરતું નથી. ઓ..હો..હો..! આ તો હજી પરદ્રવ્યને કરવું (એમ માને છે). મૂળ વાત તો એ છે કે નિમિત્તનું કરવું છે એ સ્થાપવું છે. નિમિત્ત કર્તા છે ને ? નિમિત્ત કર્તા. એ વાતને સ્થાપીને એને કહેવું છે કે પરનો કર્તા ન માને એની વાત ખોટી છે. એમ. મૂળ આમ કહેવું છે, હોં ! અરે..! ભગવાન !

પરની ક્રિયા જે કાળે થાય તે વખતે અજ્ઞાનીના જોગ અને રાગનો તે કર્તા થાય છે. કંપન અને ઇચ્છાનો રાગ. તો એ ઇચ્છા અને કંપન (નિમિત્ત કહેવાય છે). પરની પર્યાય તો એ કાળે એને કારણે થઈ છે. એમાં આ જોગ ને વિકલ્પનો કર્તા અજ્ઞાની આત્મા છે. તે તેનો નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જ્ઞાની તો નિમિત્તકર્તા પણ નથી. આહા...! નિમિત્ત છે એટલું કહેવામાં આવે છે. અને ધર્મી તો નિજ સ્વભાવની દૃષ્ટિમાં છે તે કારણે પોતાના સમ્યગ્જ્ઞાનમાં પર ચીજ નિમિત્ત પડી. આમ નિમિત્ત થયો. અજ્ઞાની આમ નિમિત્તકર્તા થયો. આહા..હા..!

નિમિત્ત તો અમે થઈએ કે નહિ ? એમ અમારે એક કહેતા હતા. છે ને ‘ઢેબરભાઈ’ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ 'ઢેબરભાઈ' નહિ ? અહીંયા વડાપ્રધાન હતા ને ? 'દિલ્હી'માં વડાપ્રધાન હતા. અમે જે દિ' પહેલીવાર 'દિલ્હી' ગયા તે દિ' વડાપ્રધાન હતા. વ્યાખ્યાનમાં આવતા હતા. લોકોને એમ થાતું કે આવા વડાપ્રધાન (સાંભળવા આવે છે) ? ત્યાં તો અમારે ઘણીવાર આવે. 'રામજીભાઈ' એના ગુરુ હતા, 'રામજીભાઈ'ના શિષ્ય હતા. પછી મોટી પદવી થઈ ગઈ. આહા..! અમે નિમિત્ત તો થઈને ? એમ ઇ કહેતા. નિમિત્ત થઈએ, એનો અર્થ શું ? જે સમયે જે દ્રવ્યની પર્યાય થાય છે એ વખતે નિમિત્ત હોય, તો નિમિત્ત થઈએ એમાં ક્યાં આવ્યું ? ત્યારે તો નિમિત્ત કહેવાય છે. આહા..હા..! નિમિત્ત થઈએ તો ત્યાં થાય, એનો અર્થ શું ? એનો અર્થ શું ? સમજાણું ? આહા..હા..!

અહીંયા કહે છે, **'જો શુદ્ધનિશ્ચયનય સે બંધ હોતા, તો હમેશા બંધા હી રહતા,...'** આહા..હા..! **'કભી બંધ કા અભાવ ન હોતા. ઇસકે બારેમેં દૃષ્ટાંત કહતે હૈં–કોઈ એક પુરુષ સાંકલ સે બંધ રહા હૈ, ઔર કોઈ એક પુરુષ બંધ રહિત હૈં, ઉનમેં સે જો પહલે બંધા થા, ઉસકો તો 'મુક્ત' (છૂટા) ઐસા કહના, ઠીક માલૂમ પડતા હૈ...'** બંધાયો હતો તે છૂટ્યો એમ કહેવું એ ઠીક છે. **'ઔર દૂસરા જો બંધા હી નહીં, ઉસકો જો 'આપ છૂટ ગયે' ઐસા કહા જાય, તો વહ ક્રોધ કરે,...'** અરે..! શું કહો છો ? અમે બંધાયા હતા તે છૂટ્યા એમ કહો છો ? અમે જેલમાં ગયા હતા તો છૂટ્યા એમ કહો છો ? એનો અર્થ કે અમે કાંઈ ગુનો કર્યો હતો ? ગુનો કર્યો હતો, જેલમાં ગયા હતા તો હવે છૂટ્યા એટલું બધું નક્કી થઈ જાય છે. અમે તો કદી બંધાયા જ નથી. ક્યારેય ગુનો કરીને જેલમાં કદી ગયા જ નથી. અમે છૂટ્યા એમ તમે શું કહો છો ? ટીકાકારે ભાષામાં કોપ (શબ્દ) લીધો છે, હોં ! '**तदा कोपं करोति**' એમ શબ્દ છે. સંસ્કૃત ટીકામાં છે. છે ?

**'ઐસા કહા જાય, તો વહ ક્રોધ કરે, કિ મૈં કબ બંધ થા,, સો યહ મુજે 'છૂટા' કહતા હૈ,...'** શું હું પહેલા જેલમાં ગયો હતો તો તમે છૂટ્યા કહો છો ? **'બંધા હોવે, વહ છૂટે, ઇસલિયે બંધે કો તો મોક્ષ કહના ઠીક હૈ,...'** રાગથી બંધાયો છે તે પર્યાયમાં મુક્ત થયો એમ કહેવું એ બરાબર છે. પર્યાયમાં રાગથી બંધાયો છે તો રાગથી છૂટ્યો એમ પર્યાયવાળાને કહેવું એ તો બરાબર છે. **'ઔર બંધા હી ન હો, ઉસે છૂટે કૈસે કહ સકતે હૈં ?'**

**'ઉસીપ્રકાર યહ જીવ શુદ્ધનિશ્ચયનયકર બંધા હુઆ નહીં હૈ,...'** આહા..હા..! વસ્તુ ભગવાન પૂર્ણાનંદ વસ્તુ અસ્તિ તત્ત્વ મહાસત્તા, એ ચીજ તો કદી બંધાય જ નથી. આહા..હા..! એ ચીજ બંધાય તો એનો શું અર્થ થયો ? કે રાગમાં બંધાય તો અરાગી પર્યાય રોકાઈ ગઈ. એમ જીવ બંધાય તો જીવ તત્ત્વનો જ અભાવ થઈ જાય. સમજાણું કાંઈ ? શું કહ્યું ? રાગથી બંધાયો હોય તો તો અરાગી પર્યાય રોકાઈ ગઈ. સમજાણું ? અરાગી રહી નહિ. એમ વસ્તુ જો બંધાય જાય તો વસ્તુ રહી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? માર્ગ એવો સૂક્ષ્મ છે, ભગવાન !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લોકોએ સ્થૂળ કરીને પાછું આમ કરી નાખ્યું કે વ્યવહાર પરંપરા મોક્ષનો માર્ગ છે. અરે..! ભગવાન ! કોણે કોને કહ્યું ? એ તો જેને નિશ્ચય અનુભવ થયો છે, સમ્યગ્દર્શન થયું છે, જ્ઞાન, ચારિત્ર, શાંતિ (પ્રગટ થયા છે) તેના વ્યવહારને પરંપરાનો આરોપ દઈ મુક્તિનું કારણ કહ્યું છે. પરંતુ જેને હજી નિશ્ચય જ નથી, અંતર આત્મા આનંદસ્વરૂપ રાગથી ભિન્ન છે એવો અનુભવ નથી, દૃષ્ટિ નથી, આશ્રય નથી, તેને તો એકલા વ્યવહારનો આશ્રય છે, તે વ્યવહાર પરંપરા મુક્તિનું કારણ છે ? સમજાણું કાંઈ ? એવો વ્યવહાર તો અનંતવાર કર્યો. અનંતવાર વ્યવહાર કર્યો. નવમી ગ્રૈવેયક ગયો તો ત્યાંના અનંતા પુદ્‌ગલ પરાવર્તન શાસ્ત્રમાં લખ્યા છે. નવમી ગ્રૈવેયકમાં અનંત પુદ્‌ગલ પરાવર્તન કર્યા. આહા..હા..! સમજાણું કાંઈ ?

એક પુદ્‌ગલ પરાવર્તનના ભાગમાં અનંત અનંત ભવ થાય છે. એક પુદ્‌ગલ પરાવર્તનના અનંતમા ભાગે અનંત ભવ થાય છે. એવા અનંત પુદ્‌ગલ પરાવર્તન નવમી ગ્રૈવેયકના કર્યા. અનંત અનંત કાળ છે. એના શુભભાવની દશા તો બહુ ઊંચી હતી. એ કારણે સ્વર્ગમાં ગયો. મિથ્યાદૃષ્ટિની ભૂમિકામાં છેલ્લી હદનો શુભભાવ (થયો) તેનાથી તો કોઈ લાભ થયો નહિ. મિથ્યાત્વ રહ્યું (તો) જન્મ-મરણ રહ્યા. આહા..હા..! સમ્યક્ અનુભવ વિના વ્યવહાર જે છે તે (વ્યવહાર જ નથી). અજ્ઞાનીને તો વ્યવહાર જ ક્યાં છે ? નિશ્ચય થયો હોય તેને રાગ બાકી રહ્યો તેને વ્યવહાર કહ્યો. પણ જેને નિશ્ચય જ નથી થયો તેને વ્યવહાર ક્યાંથી આવ્યો ? એ તો આખો આત્મા જ એ રૂપે થઈ ગયો છે. આત્મા એ રૂપે થયો નથી, એવો અનુભવ થયો છે તેના રાગને પરંપરા મુક્તિના કારણનો આરોપ કરવામાં આવે છે. 'દેવીલાલજી' ! આવી વાત છે, ભાઈ !

ભગવાન પરમાત્મા જિનેશ્વર તો આમ કહે છે. એ આમાં કહ્યું ને ? '**जिणवरु एउँ भणेइ**' આહા..હા..! જીવો જન્મ-મરણ અને બંધ-મોક્ષ કરતા નથી, એમ જિનવર કહે છે. તેને જીવ કહે છે. આહા..હા..! તેને જીવ કહીને જિનવર કહે છે. આહા..હા..! એ શબ્દ છે ને ? ૬૮ (ગાથા). '**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ। जिउ**' એ જીવને જીવ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! જે બંધ-મોક્ષ કરે નહિ, જન્મ-મરણ કરે નહિ એ જીવને જિનેશ્વરદેવે જીવ કહ્યો છે. આહા..હા..! છે ?

'**जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।**' આહા..હા..! ત્રણલોકના નાથ, ઇચ્છા વિના વાણીમાં આમ આવ્યું, હે યોગી ! આ જીવને જિનવર જીવ કહે છે. પર્યાયમાં બંધ-મોક્ષ કરે તે જીવ નહિ. એ તો વ્યવહાર પર્યાય થઈ, નિશ્ચય જીવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? ગજબ વાત છે. બંધ-મોક્ષ કરે નહિ, ઊપજે-મરે નહિ એ જીવ. તે પરમાર્થે, હે યોગી ! તેને અમે જીવ કહીએ છીએ અને '**जिणवरु एउँ भणेइ**'. ત્રણલોકના નાથ અનંત તીર્થંકરો એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ઓ..હો..હો..! એને અમે જીવ કહીએ છીએ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કે જે બંધ-મોક્ષ અને જન્મ-મરણ કરે નહિ. પર્યાયમાં બંધ-મોક્ષ થાય છે એ તો વ્યવહાર આત્મા થઈ ગયો, પરમાર્થ આત્મા ન રહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..!

નિશ્ચય મોક્ષમાર્ગ પણ પર્યાય છે તો એ પણ વ્યવહાર થઈ ગયો. ત્રિકાળ દ્રવ્યમાં બંધ-મોક્ષ નથી એવા જીવને જીવ કહે છે, તો જ્યારે મોક્ષની પર્યાય થઈ તો એ વ્યવહાર આત્મા થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ ? પ્રભુના કથન એવા (છે), ભાઈ ! આહા..હા..! વીતરાગ '**जिणवरु एउँ भणेइ**'. આહા..હા..! સંતો પણ કહે છે ને ! આ દિગંબર સંતોની ધ્વનિ તો દેખો ! જિનવર આમ કહે છે. અનંત જિનવર, એક જિનવર નથી લીધા. અનંત જિનવર આમ કહે છે કે જે જીવ જન્મ-મરણ અને બંધ-મોક્ષ ન કરે તેને અમે જીવ કહીએ છીએ. આહા..હા..! તેને અમે પરમાર્થે આત્મા કહીએ છીએ. આહા..હા..!

પર્યાયબુદ્ધિ છોડાવવા અને દ્રવ્ય તરફ ઝુકાવ કરવા આ વાત કહે છે. આહા..હા..! નિશ્ચય મોક્ષમાર્ગ છે તેનો આશ્રય કરવા લાયક નથી. નિશ્ચય બંધમાર્ગ રાગ છે તે તો આશ્રય કરવા લાયક નથી પણ પર્યાયમાં મોક્ષમાર્ગ થાય છે એ આશ્રય કરવા લાયક નથી. આહા..હા..! નિશ્ચય મોક્ષમાર્ગમાં આશ્રય કરવા લાયક ત્રિકાળી જીવ છે, જે બંધ-મોક્ષથી રહિત છે તે. નિશ્ચય મોક્ષમાર્ગમાં નિશ્ચય મોક્ષમાર્ગનો પણ આશ્રય નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે, 'હીરાભાઈ' ! આહા..હા..!

અનંત જિનવર એટલે ! વીતરાગી પ્રધાન પરમાત્મા. જિન તો ચોથા, પાંચમા (ગુણસ્થાનવર્તીને પણ) કહીએ. આ તો જિનવર એવો શબ્દ (છે). જિનવર વીતરાગ પરમાત્મા પૂર્ણાનંદનો નાથ એ આવા જીવને જીવ કહે છે કે જે બંધ-મોક્ષ કરતો નથી. આહા..હા..! જે પર્યાયને કરતો નથી તેને જિનવર જીવ કહે છે. અરે..! ભગવાન ! આ વાત ક્યાં છે ? બાપુ ! 'દેવીલાલજી' ! આ ત્રણલોકના નાથના ઘરની વાતું (છે), ભાઈ ! અરે..રે..!

પાંચમો આરો એટલે જીવ તો છે તે છે. ચોથે આરે બીજો જીવ અને પાંચમે આરે (બીજો જીવ) એમ છે કાંઈ ? પાંચમે આરે પણ ભગવાન તેને જીવ કહે છે. આહા..હા..! અનંત જિનવર તેને જીવ કહે છે કે જે બંધ-મોક્ષની પર્યાયને, જન્મ-મરણને કરે નહિ તેને જીવ કહે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ ? લ્યો, આ પર્યાયને જીવ ન કહીએ ? મોક્ષમાર્ગની પર્યાયને જીવ ન કહીએ ? મોક્ષને જીવ ન કહીએ ? એ વ્યવહાર જીવ છે. પર્યાયવાળો જીવ એટલે પર્યાય એટલે વ્યવહાર. દ્રવ્ય એટલે નિશ્ચય. આ સિદ્ધાંત (છે). આહા..હા..!

ભગવાન ! તારી બલિહારી (છે), નાથ ! તું કોરો રહીને પર્યાયમાં ન આવે. આહા..હા..! એવા જીવને પરમાત્મા કહે છે કે અમે આત્મા કહીએ છીએ. હે આત્મરામ ! ત્યાં નજર કર ! જે દ્રવ્યને બંધ-મોક્ષને કરતું નથી, જે જીવ મોક્ષના પરિણામને કરતું નથી એમ જિનવર કહે છે. એવા જીવને અમે જીવ કહીએ છીએ. કહે છે કે ત્યાં નજર કર ! 'અમરચંદભાઈ' !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! ગજબ વાતું છે, ભાઈ ! દુનિયાને એવું લાગે કે આવું આ !

શ્રોતા :– મીઠું લાગે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એવું મીઠું છે, બાપા !

શ્રોતા :– જીવ અને મોક્ષમાં વચમાં કોઈ સંબંધ છે કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાય પર્યાયમાં છે, દ્રવ્ય દ્રવ્યમાં છે. દ્રવ્યમાં પર્યાયનો અભાવ છે, એવો સંબંધ છે. પર્યાયધર્મનો દ્રવ્યધર્મમાં અભાવ છે. દ્રવ્યધર્મમાં પર્યાયધર્મનો અભાવ છે. આહા...!

શ્રોતા :– આવું તો લખ્યું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ લખ્યું છે. આહા..હા..! શું પ્રભુની શૈલી !

જિનવર એને જીવ કહે છે. આહા..હા..! એમ સંતો આડતિયા થઈને જિનવરનો માલ પ્રસિદ્ધ કરે છે. આડતિયા કહે છે ને ? આડતિયા હોય છે ને ? માલ બતાવે છે. સંતો, દિગંબર સંતો આડતિયા થઈને જિનવર આવો માલ કહે છે એમ કહે છે. તને રુચે છે ? આહા..હા..! આહા..હા..! ભગવાનસ્વરૂપ તું ત્રિકાળ છો. સદ્દશ વસ્તુ છો, સામાન્ય છો, એમાં વિશેષનો તો અભાવ છે, એમ કહે છે. સામાન્ય ચીજ જે છે એ વિશેષને કરતી નથી. ગજબ વાત છે !

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– દ્રવ્ય પર્યાયને અડતું નથી. એ અધિકાર બહુ આવ્યો. 'સમયસાર' ૪૯ ગાથા. વ્યક્ત-અવ્યક્તને જાણવા છતાં વ્યક્તને આત્માને સ્પર્શતો નથી. વ્યક્ત નામ પર્યાય, અવ્યક્ત નામ દ્રવ્ય. એ દ્રવ્ય અને પર્યાયનું એક સમયે સાથે જ્ઞાન થવા છતાં અવ્યક્ત વ્યક્તને અડતું નથી. દ્રવ્ય મોક્ષની પર્યાયને અડતું નથી. આ..હા..હા..! ભગવાન આમ કહે છે, હોં ! આહા..હા..! અને પર્યાય દ્રવ્યને અડતી નથી. ૪૯ માં અલિંગગ્રહણમાં આવ્યું. વીસ બોલમાં ૧૯ બોલ. પર્યાય દ્રવ્યને અડતી નથી. અર્થાવબોધરૂપ વિશેષ પર્યાયનું આલિંગન કર્યા વિના દ્રવ્ય શુદ્ધ છે. આહા..હા..! પર્યાયનું આલિંગન કર્યા વિના દ્રવ્યને શુદ્ધ કહે છે. આહા..હા..! જુઓને કેટલો મેળ (છે) !

૪૭ (નયમાં) શુદ્ધનય. નિર્મળ પર્યાય સહિત જો દ્રવ્યને જુઓ તો તેને અશુદ્ધનય કહે છે. વ્યવહાર થયો ને ? આહા..હા..! શું કહે છે ? ભગવાન કહે છે એમ સાંભળો, ભાઈ ! શું કહ્યું ? કે મોક્ષની પર્યાય જે છે, કેવળજ્ઞાનની જે પર્યાય છે તે દ્રવ્યને અડતી નથી. આહા..હા..! પ્રભુ ! પૂર્ણ થઈ ગઈ ને ? પણ છે પર્યાય ને !

શ્રોતા :– બન્ને વચ્ચે અત્યંત અભાવ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અભાવ છે. ચાર જાતના ભાવ એ નહિ. પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ એ નહિ. આ તો અધ્યાત્મનો (અભાવ). રાગમાં અને આત્મામાં અત્યંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અભાવ છે. એ બીજી ચીજ છે. એ ચાર અભાવથી બીજી ચીજ છે, અધ્યાત્મનો (અભાવ છે). રાગમાં અને આત્મામાં અત્યંત અભાવ છે. 'સમયસાર' માં આવે છે. આહા..હા..! એ ચાર ભાવવાળી ચીજ નહિ, આ તો અધ્યાત્મની ચીજ (છે). એમ દ્રવ્યમાં પર્યાય નથી, એનો અભાવ છે. આ અધ્યાત્મનો અભાવ (છે). 'ગિરધરભાઈ' ! આ બધું પાછું આવ્યું. (એ) કાલે સવારે નહોતા. આહા..હા..! ભગવાન ! થોડું પણ સત્ય આ છે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

જિનવર અનંત તીર્થંકરો દિવ્યધ્વનિમાં આમ કહે છે કે અમે એને જીવ કહીએ છીએ કે જે મોક્ષની પર્યાયને કરે નહિ તેને અમે જીવ કહીએ છીએ. આહા..હા..! પરમાર્થ જીવ દ્રવ્ય આત્મવસ્તુ મૂળ વસ્તુ. આહા..હા...! નિશ્ચયજીવ, નિશ્ચયઆત્મા. જેને 'નિયમસાર' માં ૩૮ ગાથામાં કહ્યું છે ને ? એ ત્રિકાળી ભગવાન છે તે નિશ્ચયઆત્મા છે. આહા..હા..! જુઓને શૈલી તો જુઓ ! દિગંબર સંતોની શૈલી તો જુઓ ! ઓ..હો..હો..! ચારે કોરથી સત્ય ઊભું થાય છે. ત્યાં એમ કહ્યું, સમજ્યા ? શું કહ્યું છેલ્લું ? ૩૮ (ગાથા). નિશ્ચયઆત્મા તેને કહીએ. ઓ..હો..! જે પરમપારિણામિકભાવ સ્વભાવ અહીં કહ્યો ને ? **'પારિણામિક પરમભાવ ગ્રાહક.'** એને આત્મા કહીએ. આહા..હા..! એ અહીં જીવ કરીને કહે છે. આહા..હા..!

ભગવાન ! તારે એકવાર રાગને ભૂલવો પડશે. દુનિયાને ભૂલવી પડશે, આખી દુનિયાને જ ભૂલવી પડશે. અરે..! તારે પર્યાયને ભૂલવી પડશે. આહા..હા..! સમજાણું કાંઈ ? પર્યાય ત્યારે કામ કરશે કે જ્યારે પર્યાયને ભૂલી જશે ત્યારે. આહા..હા..! પર્યાય તો એમ જાણે છે કે હું ત્રિકાળ નિરાવરણ છું. એ ૩૨૦ (ગાથામાં) આવ્યું છે ને ? લ્યો, એ જ આવ્યું. મોક્ષનો માર્ગ ક્ષયોપશમજ્ઞાન સ્વરૂપ છે, એમ કહે છે. તો પણ ધ્યાતા પુરુષ મોક્ષના માર્ગને ધ્યાતો નથી. આહા..હા..! તો પણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય... જે સકળ નિરાવરણ ત્રિકાળ અખંડ વસ્તુ (જેમાં) પર્યાયનો ભેદ નથી. એક પ્રત્યક્ષ પ્રતિભાસમય. આ શું કહે છે ? આહા..હા..!

જ્ઞાનની પર્યાયમાં જેનો પ્રત્યક્ષ પ્રતિભાસ થાય છે. જ્ઞાનની પર્યાયમાં જેનો પ્રત્યક્ષ પ્રતિભાસ થાય છે. એ ચીજ આવતી નથી પણ પ્રતિભાસ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું. પર્યાય એમ જાણે છે કે હું આ છું. આહા..હા..! ભગવાન એમ કહે છે કે જીવ આ છે. પર્યાય એમ કહે છે કે હું આ છું. આહા..હા..! જુઓ તો ! સમજાય છે કાંઈ ?

શ્રોતા :- પર્યાય પોતે પોતાને ભૂલી ગઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પર્યાય કહે છે કે આ હું છું. હું એનું ધ્યાન કરું છું. આહા..હા..! એ હું છું, એમ કહ્યું ને ? જુઓ ! ધ્યાતા પુરુષ એમ ભાવના કરે છે કે જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, જે અહીંયા જીવ કહ્યો તે, એ પ્રત્યક્ષ પ્રતિભાસમય એકરૂપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, અખંડ છે, એકરૂપ છે. આહા..! જેમાં પર્યાયનો ભેદ નથી એવો પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું પરંતુ એમ ભાવતા નથી કે ખંડ જ્ઞાનરૂપ છું. મોક્ષમાર્ગની પર્યાયનું ધ્યાન કરતા નથી, એમ કહે છે. હું મોક્ષમાર્ગની છું એમ નહિ. હું તો આ છું. આવી વાતું છે, ભગવાન ! શું કરે ? આહા..!

મોટો પરમાત્મા પ્રભુ તું છો, ભાઈ ! આહા..હા..! શું વાત કરી છે ! એને અમે જીવ કહીએ છીએ. ત્રણલોકના નાથ જિનવરદેવો એમ કહે છે કે તેને અમે જીવ કહીએ છીએ કે જે મોક્ષમાર્ગ અને મોક્ષની પર્યાય કરતો નથી તેને અમે જીવ કહીએ છીએ. આહા..હા..! સમજાય છે કાંઈ ?

અહીં એ કહ્યું, પર્યાય એમ જાણે છે કે જે અહીં જીવ કહ્યો તે હું છું. સમજાણું કાંઈ ? અહીંયા જિનવરે જે કહ્યું કે આ જીવ તે મોક્ષની પર્યાય અને મોક્ષમાર્ગના પર્યાયને કરે નહિ તેને અમે જીવ કહીએ છીએ. ધ્યાતા એ જીવને ધ્યાવે છે. આહા..હા..! કહો, 'હીરાભાઈ' ! આવી વાતું છે. કોઈવાર આવી (વાત) નીકળે. આહા..! થોડી તો 'મુંબઈ'માં ચાલી હતી. ૩૨૦ ગાથા. આજે વધારે વધારે આવે છે. અહીં જીવો કીધું ને ? વીતરાગે આને જીવ કીધો. પર્યાય પણ એ જીવને ધ્યાવે છે (કે) એ હું છું. પર્યાય એમ કહે છે કે આ જીવ હું છું. આહા..! એટલે હું જ આ છું, એમ. આહા..હા..! એમ થયું ને ? 'હિંમતભાઈ' ! એ કહે છે કે આ હું છું. વીતરાગ કહે છે કે આ જીવ કહેવાય છે. જે જીવ મોક્ષની પર્યાયને પણ કરતો નથી તેને અમે જીવ કહીએ છીએ.

ધર્મીની પર્યાય એમ જાણે છે.. આહા..હા..! ત્રિકાળી અખંડ એકરૂપ ચીજ છે તે હું છું. જિનવરે એમ કહ્યું કે આ જીવ છે. તો પર્યાય કહે છે કે હું આ જીવ છું. આહા..હા..! ભગવાને જેને જીવ કહ્યો એ જીવને જે પર્યાય (જીવ) માને છે તેણે આત્માને માની. સમજાય છે કાંઈ ? લ્યો, વખત થઈ ગયો, હોં ! (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*

*** અનાદિથી આ જીવે અજ્ઞાનદશાને કારણે મોહના અનુભવના પ્રભાવને લીધે હું પોતે જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા છું એવી દૃષ્ટિ કરી નથી. પોતાની પ્રભુતાનો તેણે કદી વિશ્વાસ કર્યો નથી. વર્તમાન વર્તતી પામર દશા વખતે જ હું શક્તિપણે પરિપૂર્ણ પરમાત્મતત્ત્વ છું એમ તેને ભાસ્યું નથી. તેથી પૌદ્‌ગલિક કર્મ જેનું નિમિત્ત છે એવા મોહના અનુભવની જ અનાદિથી પર્યાયમાં તેને પ્રબળતા રહી છે.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૪૭, ૪૮, શ્લોક-૭૧, પ્રવચન નં. ૫૧, તા. ૨૬-૦૮-૧૯૮૦ [૮]

'નિયમસાર' ૪૭ ગાથા. થોડું ચાલ્યું છે. ફરીને થોડું લઈએ. **'જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા,...'** મોક્ષ પામવાને લાયક અતિ ભવ્ય જીવ થયા **'તેઓ પૂર્વે સંસારાવસ્થામાં સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા...'** સંસારના કોઈપણ વિકલ્પથી થાક લાગ્યો હોય, દુઃખ લાગ્યું હોય, તેનાથી થાકેલા **'પરમાગમના અભ્યાસ વડે...'** આહા..હા..! ગુરુના પ્રસાદથી **'પરમગુરુના પ્રસાદથી...'** એટલું. એ તો નિમિત્ત છે. કથન શૈલી તો બીજી કેવી આવે ? બાકી કાંઈ નિમિત્તથી પરમાં કંઈ થતું નથી. ક્રમબદ્ધ થાય તે ત્રણકાળમાં ફરતું નથી. ક્રમબદ્ધ રાખીને બધી વાત છે.

દરેક દ્રવ્યની પર્યાય ક્રમસર–ક્રમબદ્ધ જે સમયે જે થાય છે તે સમયે થવાવાળી થાય છે. તેમાં આ કહે છે કે ગુરુના **'પ્રસાદથી પ્રાપ્ત કરેલા...'** પોતાની પર્યાય તે વખતે પ્રાપ્ત થવાની હતી એમાં ગુરુ નિમિત્ત થયા, પરમાગમનો અભ્યાસ એમાં નિમિત્ત થયો. **'સિદ્ધક્ષેત્રને પામીને અવ્યાબાધ (બાધા રહિત) સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળવીર્યયુક્ત સિદ્ધાત્માઓ થઈ ગયા–કે જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે,...'** આહા..હા..! કાર્ય પ્રગટ થયું. સિદ્ધની પર્યાય પૂર્ણ પ્રગટ થવાને લાયક હતી તે પ્રગટ થઈ.

સવારે આવ્યું હતું કે આત્મા મહા દરિયો, ગુણનો દરિયો છે. ગુણનો ભંડાર છે. અનાદિ અનંત સત્તાનો ધરનારો છે. પણ સિદ્ધની પર્યાયથી અધિક પર્યાય હવે કરવાની રહી નહિ. છેલ્લામાં છેલ્લી સિદ્ધપર્યાય થઈ ગઈ. આત્મામાં અંદર ગમે તેટલું સામર્થ્ય હો.. આહા..હા..! તેમાં અનંત અનંત સામર્થ્ય છે છતાં તેની પર્યાયમાં સિદ્ધપર્યાય જેટલી મર્યાદા રહે છે. સિદ્ધપર્યાયથી આગળ જતી નથી. આહા..હા..! એવી મર્યાદા છે. દ્રવ્યની મર્યાદા જ એટલી છે. તેમાં જેટલા ગુણ છે તેટલા ગુણ પર્યાયમાં પૂર્ણ સિદ્ધ સ્વભાવમાં (પ્રગટ) થઈ જાય છે. તેમાં પછી પર્યાયમાં વધારો થાય (કે) સિદ્ધ ભગવાન ઘણો કાળ રહે, કરોડ વર્ષ-અબજ વર્ષ રહે એટલે પર્યાયમાં ગુણ વધે છે એમ છે નહિ. આહા..હા..! વસ્તુનો સ્વભાવ આવો જ છે.

એ **'કાર્યશુદ્ધ છે,...'** ભગવાન કાર્યશુદ્ધ છે. કાયમ અપેક્ષાએ શુદ્ધ છે. **'જેવા તે**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સિદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધનિશ્ચયનયથી...**' ભગવાન '**ભવવાળા (સંસારી) જીવો છે.**' આહા..હા..! પર્યાયનું લક્ષ છોડી દે. પૂર્ણાનંદનો નાથ આનંદકંદની દૃષ્ટિએ સંસારી જીવ પણ સિદ્ધ સમાન છે. આહા..હા..! સિદ્ધમાં અને સંસારી પ્રાણીમાં નિશ્ચયનયની શક્તિના સામર્થ્યને કારણે ફેર નથી. આહા..હા..! આવી પ્રતીતિ થઈ જાય ત્યારે તો સ્વસન્મુખ થઈ જાય. આહા..હા..! સિદ્ધની પર્યાય જેવી સંસારી પર્યાય છે તેવી જ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! ભાષા કામ કરે નહિ. ગમે એટલી વિદ્વત્તા હોય એ આમાં કામ કરે નહિ. અંતરમાં પર્યાયમાં દ્રવ્ય સ્વભાવ તરફ ઝુકવું (થાય) તો એ સંસારી પર્યાય પણ સિદ્ધ સમાન જ છે. આહા..હા..! પર્યાય પર્યાય, હોં ! આહા..! આમ તો શક્તિરૂપે લેવું છે. પ્રગટ ક્યાં છે ?

**'તે કારણે તે સંસારી જીવો જન્મમરણથી રહિત અને સમ્યક્ત્વાદિ આઠ ગુણોની...'** ગુણ શબ્દે પર્યાય (લેવી). સમકિત આદિ પર્યાય એ પર્યાય છે. તેની '**પુષ્ટિથી તુષ્ટ છે...**' આહા..હા..! સંસારી જીવ પણ, સિદ્ધના આઠ ગુણ છે એવા ગુણથી પુષ્ટ છે, પુષ્ટ છે. આહા..હા..! તેનો સ્વભાવ એવો જ છે. ભલે પ્રગટમાં દેખાય નહિ પણ વસ્તુ તરીકે તો સિદ્ધ સમાન શક્તિ અને આખો સ્વભાવ છે. જેવા સિદ્ધના આઠ ગુણ વ્યવહારથી છે, નિશ્ચયથી અનંત ગુણ છે, એમ આત્મામાં અનંત ગુણ શક્તિરૂપે છે તેને વ્યક્તિરૂપે કરવાની તાકાત છે. તે કારણે સિદ્ધ સમાન એ સંસારી છે. આહા..હા..!

*અમે શું કરીએ ? અમે પંચમઆરામાં જન્મ્યા છીએ, ગરીબ ઘરે આવ્યા, આજીવિકા ને રોટલા નહિ કે અમે ધર્મ કરીએ, એ વાતને અહીંયા અવકાશ નથી. એ વાતનો અહીંયા અવકાશ નથી, પ્રભુ ! ગમે તે સમયે, જ્યાં જોવે તે ક્ષેત્રે અને કાળે તું સિદ્ધ સમાન પ્રભુ જ છો. આહા..હા..! એ વાત કેમ બેસે ? જેને અનંતી પર્યાય પ્રગટ થઈ એવો જ તું છો. અત્યારે સંસારમાં એવો જ છો. આહા..હા..! વિશ્વાસ, પ્રતીત, ભરોસો (લાવ). ઓ..હો..! એ જે કામ કરે છે એ પહેલું અપૂર્વ કામ છે. પૂર્ણાનંદનો નાથ સિદ્ધ સમાન અત્યારે જ છે. આહા..હા..!*

કહ્યું ને ? એ '**આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે...**' તુષ્ટ છે. '**(સમ્યક્ત્વ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે).**' એવો જીવ આનંદમય છે. આહા..હા..! ક્યાં સંસારી, ક્યાં સિદ્ધ ! એ તો પર્યાય-અવસ્થામાં પર્યાય તો એક સમયની છે. એક સમયની પર્યાયમાં શું છે ! પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુના સ્વાદ આગળ દુનિયાની કોઈ ચીજનો સ્વાદ, મહિમા લઈ જાય એમ છે નહિ. તેના સ્વાદ આગળ દુનિયાની કોઈ ચીજ પણ વિસ્મયપણે, અધિકપણે, મહિમાપણે લઈ જાય એવી વાત છે નહિ. આહા..હા..!

મુનિને ખબર નહિ હોય આ બધા કામ કરીએ છીએ અને આ બધા જીવો તો સંસારી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. બાપુ ! એ સંસારી અને સિદ્ધ તો પર્યાયની અપેક્ષાએ વાત છે. દ્રવ્ય અપેક્ષાએ તો અંદર શુદ્ધ ચિદાનંદ છે. આગળ કળશમાં કહેશે. આહા..હા...!

**હવે ૪૭ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :–**

**प्रागेव शुद्धता येषां सुधियां कुधियामपि।**
**नयेन केनचित्तेषां भिदां कामपि वेद्म्यहम्।।७१।।**

અરે..રે..! **'જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે,...'** આહા..હા..! કુબુદ્ધિને–મિથ્યાદષ્ટિને અને સમ્યગ્દષ્ટિને... આહા..હા..! પ્રથમ જ ભગવાન શુદ્ધ જ છે. મિથ્યાદષ્ટિ તો... એક સમયની પર્યાય (વસ્તુમાં નથી, વસ્તુની) ઉપર છે, વસ્તુ તો સિદ્ધ સમાન આખી પરમાત્મ દશા છે. આ વાત બેસવી... આહા..હા..!

**'જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ...'** એ કુબુદ્ધિઓને પ્રથમથી જ, મિથ્યાદષ્ટિને પહેલેથી જ ! સંસારનો અભાવ કરે પછી સિદ્ધ થશે એ વાત અહીંયા નથી લેવી. અહીંયા તો કુબુદ્ધિઓને પ્રથમથી જ (લે છે). ભગવાન સ્વરૂપ સિદ્ધ સમાન અંદર પ્રથમથી જ છે. **'તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું ?'** આહા..હા..! એમ કરીને જરી વ્યવહારનયની તુચ્છતા બતાવી છે. વ્યવહારનયની કંઈ ગણતરી જ નથી. હું કઈ નયથી કહું ? એમ કહે છે. આહા..હા..! અરે..! પ્રભુ ! તું (-તારામાં) અને સિદ્ધમાં કઈ નયથી હું ફેર કરું ? અરે..! કઈ નય ? તો વ્યવહારનયથી તો કહો. વ્યવહારનય કંઈ ગણતરીમાં નથી. આહા..હા..!

(અજ્ઞાનીઓ) વ્યવહાર વ્યવહાર કરે છે, અહીં તો આચાર્ય કહે છે, **'જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં કંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું ?'** એમાં કઈ નયથી ભેદ જાણું કે આ સંસારી અને આ સિદ્ધ ? આહા..હા..! ગજબ વાત છે. મુનિઓની વાણી, સંતોની, દિગંબર સંતોની વાણી પાસે જગત પાણી ભરે. એવી વાણીની ગંભીરતા છે. કેટલી ગંભીર વાત કરી છે ! હું કઈ નયથી ફેર કરું ? વ્યવહારનયની તો જાણે ગણતરી જ નથી, એમ કહે છે. એમ કહ્યું. આહા..હા..!

***પ્રભુ ! તું પરમાત્મા છો ને ! સિદ્ધ અને પરમાત્મા બેમાં હું કઈ નયથી ફેર કહું ? આહા..હા..! વ્યવહારનયથી કહેવું એને તો ઉડાવી દીધું, મશ્કરી કરી. આહા..હા..! એ અંદર આવે છે કે વ્યવહારનયની મશ્કરી કરી છે. 'નિયમસાર'માં પહેલી બાર ગાથામાં પાછળ આવે છે. હાસ્ય કર્યું છે, હાસ્ય. અરે..! પ્રભુ ! તું પૂર્ણાનંદનો નાથ છો ને ! તારી સત્તા પૂર્ણ અનાદિથી છે. તેમાં કંઈ ફેરફાર થયો જ નથી. તારી નજર જાતી નથી. નજર ગયે તું અને સિદ્ધ બન્ને એક જ છો. આહા..હા..! નજરના પુરુષાર્થમાં આખો ભગવાન દેખાય છે.***

અહીં તો મુનિરાજ (કહે છે કે) કઈ નયથી (ફેર) જાણું ? **'(તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ...)'** આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ ! ભાષા ભલે થોડી છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– કર્મસાપેક્ષ નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કર્મસાપેક્ષ અહીં નહિ. શેઠાઈ આગળ રાંકાઈ નહિ. આહા..હા..! શેઠ એટલે શ્રેષ્ઠ. આહા..હા..! એક નયથી ચ્યુત છે એમ આવ્યું છે. એ શુદ્ધનયને જ ગણવામાં આવી છે. વ્યવહારનયને તો મશ્કરી કરીને ઉડાવી દીધો છે. ***જેને વ્યવહાર ગળે વળગ્યો છે તેને આ સિદ્ધ સમાન ચૈતન્યની વાત બેસવી કઠણ છે.*** અહીં તો આટલા શબ્દોમાં તો બહુ ભર્યું છે. આહા..હા..! શું કહ્યું ?

**'જે સુબુદ્ધિને...'** સમ્યગ્દૃષ્ટિને **'કુબુદ્ધિઓને...'** મિથ્યાદૃષ્ટિને **'પ્રથમથી જ શુદ્ધતા છે,...'** આહા..હા..! એ તો ઠીક, પણ **'તેમનામાં...'** બેમાં. **'તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું ?'** કઈ નયથી જાણું એમ કહે છે. કથન તો ઠીક, કથન કોણ કરે ? આહા..હા..! ગંભીર છે, ભગવાન ! આટલા શબ્દમાં ગંભીરતા છે. આહા..હા..! ક્યાં પ્રભુ સિદ્ધ અને પ્રભુ તું આત્મા ! જે આત્મામાં ચીજ નથી એની અહીં ગણતરી ગણી નથી અને કઈ નયથી હું બેને જુદા માનું ? વ્યવહારનયથી જુદું માનવું એને પણ ઉડાવી દીધું. આહા..હા..! એને પણ ગણતરીમાં ન લીધો. નહિતર એમ કેમ કહ્યું ? એક નયથી આમ છે. બીજી નયથી ફેર છે.

અહીં તો કહે છે, **'તેમનામાં...'** (અર્થાત્) સમ્યગ્દૃષ્ટિમાં અને મિથ્યાદૃષ્ટિમાં પ્રથમથી જ સિદ્ધ સમાન ભગવાન અંદર છે. **'કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ?'** આહા..હા..! ગજબ વાત છે. અંદર કેટલું ભર્યું છે. ગંભીરતા (ઘણી). કહે છે, ચાહે તો સંસારી નિગોદના જીવ હો, ચાહે તો સિદ્ધ હો, બેમાં કંઈ પણ ભેદ કઈ નયથી જાણું ? વ્યવહારનય તો જાણે કંઈ છે જ નહિ, એમ કહે છે. વ્યવહાર તો કંઈ છે જ નહિ, ગણતરી નથી. વ્યવહાર અભૂતાર્થ કહી, ગૌણ કરીને ઉડાવી દીધો. આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જ્યાં દૃષ્ટિમાં આવ્યો, હવે કહે છે કે હું મારામાં અને બીજા આત્મામાં (ક્યા નયથી ભેદ જાણું ?) ખ્યાલમાં આવ્યા પછીની વાત છે, હોં ! મિથ્યાત્વના કાળમાં હું ક્યા નયથી કહું, એ નથી. આહા..હા..! અહીં તો (અજ્ઞાની) દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, તપ કરો એવી પ્રરૂપણા (કરે) અને વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે. આખો દિ' પાપ. સાંભળવા (જાય), કલાક સાંભળે, માથે જે કહે, જય નારાયણ ! થઈ રહ્યું. શું કહે છે ? એમાં શું ફેર છે ? (એ કાંઈ સમજે નહિ). આહા..હા..! આટલા શબ્દમાં 'લાલચંદભાઈ' ! ગજબ વાત છે. શું કહીએ ? જેવું અંતરમાં ભાસે છે એટલી ભાષા આવતી નથી. આહા..હા..!

કુબુદ્ધિ અને સુબુદ્ધિમાં પ્રથમથી જ ભગવાન શુદ્ધ બિરાજે છે, તેને કંઈ પણ, **'તેમનામાં કંઈ પણ...'** કંઈ પણ... આહા..હા..! **'ભેદ હું ક્યા નયથી જાણું ?'** આહા..હા..! ગજબ કર્યો છે ! પોતાના આનંદના વિકાસ આગળ બધા જીવો આનંદમય છે એમ જોવે છે. પોતાના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આનંદ અને જ્ઞાનમય પ્રભુ આગળ બધા આત્મા ભગવાનતુલ્ય ભાસે છે. હું ક્યા નયથી ફેર માનું ? કહે છે. આહા..હા..! 'તારાચંદજી' ! ક્યાં ગયા અમારા બીજા 'તારાચંદજી' ? આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..! ભગવાનની ગંભીરતા બહુ છે. આ..હા..!

શ્રોતા :– આપનામાં જ આવા ભાવ ખોલવાનું સામર્થ્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધામાં સામર્થ્ય છે ને, નાથ ! પ્રભુ ! તું ભગવાન છે ને, નાથ ! તને અલ્પ કરીને બોલાવવો કલંક છે. આહા..હા..! અહીં તો એ કહ્યું ને ? હું કઈ નયથી અલ્પ માનું ? આ..હા..હા..! પ્રભુ ! અહીં તો પૂર્ણાનંદનો નાથ એક સમયમાં જેવી સત્તા છે, જેવી સત્તા સિદ્ધની છે એવી સત્તા તારી છે, એમ જ્યાં ભાન થયું (તો) હું કઈ નયથી ભેદ જાણું ? કઈ નયથી જાણું ? આહા..હા..! પ્રભુ ! વ્યવહારનયથી જાણો, એમ એટલું તો થોડું રાખો ! પંડિતજી ! બધી નય ઉડાડી દીધી. વ્યવહારનય તો રાખો. એ વ્યવહારનય તો આવી ગઈ કેમકે કુબુદ્ધિ અને સુબુદ્ધિ એટલો ભેદ તો પાડી દીધો. આહા..હા..!

હવે બન્નેના જે આત્મા છે, બન્ને ભગવાન આત્મા છે. હું કઈ નયથી (ભેદ જાણું) ? આહા..! ગજબ વાત છે. દિગંબર સંતોના શબ્દો કોઈ ગજબ કરે છે ! આહા..હા..! એ બે-ચાર શબ્દો હોય પણ અંદર ઠેઠ ઊતારી દે છે. પ્રભુ ! તને ક્યાંય ગોઠતું નથી. અહીં અંદર ગોઠે એવી ચીજ તો તારી પાસે પડી છે ને, પ્રભુ ! અને જેને ગોઠતી નથી તો પણ હું અંતરની શુદ્ધતામાં કઈ નયથી ભેદ જાણું ? આહા..હા..! ગજબ છે ને ! આહા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. વ્યવહાર છે, વ્યવહાર છે (એમ પોકારે). આસ્રવ અધિકારમાં આવે છે. નયથી ચ્યુત. એમ નથી કહ્યું કે નિશ્ચયનયથી ચ્યુત. કેમકે તેને જ નય ગણવામાં આવી છે. મૂળ ગાથામાં ટીકામાં છે. નયથી ચ્યુત થાય છે. તો ત્યાં એમ નથી કહ્યું કે વ્યવહારનયથી ચ્યુત થાય છે. આહા...હા..! ચ્યુત થાય છે એ વાત જ નથી, કહે છે. આહા..હા..!

અંતરનો નાથ અપ્રતિહત ભાવે પડ્યો છે, અનાદિ સત્તાના સામર્થ્યથી બિરાજમાન પોતાના ચૈતન્યધામમાં ભગવાન બિરાજે છે. કુબુદ્ધિ અને સુબુદ્ધિમાં હું કઈ નયથી ફેર કહું ? કહું એમ પણ કહ્યું નથી. કહું પણ કહ્યું નથી ? ક્યા નયથી ભેદ જાણું ? આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ ! અંતર ચૈતન્ય ભગવાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ (સ્વરૂપ છે). આ..હા..! એને ત્રિકાળ કોઈ ડખલ થતી નથી. સાતમી નરકમાં અનંતવાર રહ્યો, નિગોદમાં અનંતવાર રહ્યો પણ એ ચીજમાં કોઈ ફેરફાર થતો નથી. હું કઈ નયથી ભેદ જાણું ? આહા..હા..!

નિગોદના જીવ અને સિદ્ધ જીવ.. આહા..હા..! હું કાંઈ પણ ભેદ, બેમાં કાંઈ પણ ફેર. ગજબ વાત છે. ઊડી ગઈ, વાત જ ઉડાડી દીધી. મોક્ષ આત્મા જ છે, બસ ! આત્મા આત્મા આત્મા આત્મા ભગવાન બધા આત્મા. આહા..હા..! કહો, શેઠ ! આવી વાત છે. એની ગંભીરતા અંદર કહી શકાતું નથી. શું કહેવા માગે છે એ ભાવ ખ્યાલમાં આવે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! વ્યવહારનયને તો ઉડાડી દીધો, જાણે કે છે જ નહિ. આહા..હા..! અને (અજ્ઞાની) આખો દિ' વ્યવહારનય.. વ્યવહારનય (કરે છે). આમ કરો ને આમ કરો ને આમ કરો.. પ્રભુ ! પણ જ્ઞાનસ્વરૂપી ભગવાન જાણવાનું કામ કરે કે કરવાનું કામ કરે ? આહા..હા..! કર્તા(પણું) ભગવાનને સોંપવું એ ચક્રવર્તીને વાસીદુ કાઢવાનું બતાવવા જેવું છે. વાસીદુને શું કહે છે ? કચરા. આહા..હા..!

પ્રભુ ! તારી મહિમાનો પાર નથી. આ શબ્દમાં તો તને પ્રભુ સાક્ષાત્ ઉભો રાખ્યો છે. આહા..હા..! કઈ નયથી હું તને હીણો કહું ? આ..હા..! પ્રભુ ! કઈ નયથી હું **'કાંઈ પણ...'** ભાષા વાંચી ? **'તેમનામાં કાંઈ પણ...'** આહા..હા..! **'ભેદ હું કયા નયથી જાણું ?'** પ્રભુ ! વ્યવહારનય ક્યાં ગઈ ? નાથ ! આહા..હા..! વ્યવહારે આટલો ફેર છે એ ક્યાં ગયો ? ગયો એના ઘરમાં. અંતર ઘરમાં કંઈ છે નહિ. આહા..હા..! આવી વાત છે, પ્રભુ ! કેટલાક શ્લોકો તો એટલા ગંભીર છે કે ગંભીરતા ભાસે એટલી ભાષા આવતી નથી, ભાષા થઈ શકતી નથી.

આ શબ્દમાં એટલી ગંભીરતા ભરી છે. એકલો શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ. આખી દુનિયા, નિગોદમાંથી કદી નહિ નીકળે એવા જીવને પણ હું કઈ નયથી ભેદ જાણું ? આહા..હા..! અંતરની મહિમાની વાત છે, પ્રભુ ! આહા..હા..! એ શક્તિવાન છે પણ જાણે પ્રગટ જ છે એમ કહે છે. શક્તિવાન છે. આહા..હા..! જેને પ્રગટ દૃષ્ટિમાં આવ્યો તેને શક્તિવાન પ્રગટ છે એમ બધા ભગવાન કુબુદ્ધિને પણ પ્રગટ છે. હું કઈ નયથી તેને હિણો, ઓછી શક્તિવાળો (અને) સિદ્ધમાં કઈ નયથી ફેર જાણું ? ગજબ વાત છે ! 'તારાચંદજી' ! ગજબ વાત છે ! આહા..હા..! સાધારણ વાત નથી, પ્રભુ ! આ કંઈ કથા નથી. આહા..હા..!

આ તો ત્રણલોકના નાથ વીતરાગદેવના પેટમાંથી નીકળેલી વાણી (છે). આહા..હા..! દિવ્યધ્વનિ, દિવ્યધ્વનિ એમ કહે છે. આહા..હા..! પ્રભુ ! તારામાં અશુદ્ધતા કુબુદ્ધિમાં કઈ નયથી ફેર જાણું ? આહા..હા..! મુનિરાજ કહે છે એ ભગવાન કહે છે. ભગવાનથી બિલકુલ ઓછું-અધિક કહેતા નથી. આહા..હા..! મુનિરાજ કહે છે માટે ફેરફાર (છે એમ નથી). ત્રણલોકના નાથની દિવ્યધ્વનિમાં એમ આવ્યું હતું કે શુદ્ધ અને અશુદ્ધ જે પર્યાય છે એવો જે જીવ છે એ બેમાં કંઈ પણ કયા ભેદથી, કયા પ્રકારે, કઈ રીતે બચાવ કરું ? કઈ રીતે બચાવ કરીને (ફેર) જાણું ? આહા..હા..! ગજબ છે !

**'(તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી).'** અંદરમાં કાંઈ ભેદ નથી. આહા..હા..! આ દૃષ્ટિ જેને બેસી ગઈ તેને અલ્પકાળમાં સિદ્ધ, પરમાત્મા થવાની તૈયારી થઈ ગઈ. પરમાત્મા (એટલે) ભવના અંત. ભવનો અનાદિશાંત અંત અને મોક્ષ સાદિઅનંત. તે પણ એમ કહ્યું... સંતોએ ગજબ વાત (કરી છે કે) પૂર્ણ પર્યાય સિદ્ધ થઈ, દ્રવ્ય તો અલૌકિક અંતર મહા ચમત્કારિક અનંત ગુણથી ભર્યું છે ને ! તો સિદ્ધની પર્યાયથી વિશેષ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શુદ્ધતા નીકળશે કે નહિ ? ન્યાં બસ કર, પર્યાય માટે ત્યાં બસ કર. આહા..હા..! દ્રવ્ય માટે કંઈ કહેવું નથી, પર્યાય માટે ત્યાં બસ કર, પ્રભુ ! પૂર્ણ સિદ્ધ થયા પછી પણ નિર્મળતાનો થોડો વધારો થશે એ વાત રહેવા દે, પ્રભુ ! પર્યાયમાં એ વાત બસ થઈ ગઈ. આહા..! પણ દ્રવ્યની જે વાત અમે કરીએ છીએ, પ્રભુ ! આહા..હા..! આટલું સામર્થ્ય અને એટલી શક્તિ (છે) તો સિદ્ધપદ (પ્રગટ્યા પછી) પણ શુદ્ધિ વધી જાય એમ છે કે નહિ ? પ્રભુ ! એમ નથી. એ પર્યાય છે. પર્યાય પૂર્ણ થઈ ગઈ પછી વાત પૂરી થઈ ગઈ.

અહીં તો વસ્તુમાં કાંઈ પણ ફેર ગણતા નથી તો પર્યાયમાં પણ ફેર ગણતા નથી. આ..હા..! વ્યવહારનય તો જાણે કંઈ છે જ નહિ, કથનમાત્ર (છે). એ તો ભાઈ 'કળશટીકા'માં આવે છે ને ? કથનમાત્ર. વ્યવહારનય કથનમાત્ર, એમ આવે છે. 'કળશટીકા'માં છે. આહા..હા..! હવે એ વ્યવહારનય મોઢા આગળ થઈ ગયા. અહીં કહે છે કે એ વ્યવહારનય છે કે નહિ અમે જાણતા નથી. પ્રભુ ! તું આનંદ છો ને ! તારામાં અનંત ભગવત્ સ્વરૂપ છે ને ! સાક્ષાત્ ભગવાન તું છો ! સાક્ષાત્ સિદ્ધ થયા અને તું સાક્ષાત્ એમાં કઈ રીતે ભેદ પાડું ? કઈ નયથી હું કાંઈ પણ ભેદ કહું ? આહા..હા..! ગજબ વાત !

સાક્ષાત્ પરમાત્મા સિદ્ધ થયા અને તારો આત્મા (એ બેમાં) હું કઈ નયથી કાંઈ ભેદ, કાંઈ પણ ભેદ, કોઈ પણ ભેદ (જાણું) ? ગજબ વાત ! આહા..હા..! દિગંબર સંતો કેવળીઓના કેડાયતો છે. એ અલ્પકાળમાં કેવળ લેવાના છે. એકાદ ભવ (બાકી છે). આ પંચમઆરો છે એટલે કેવળજ્ઞાન ન થયું, બાકી તો સ્વર્ગમાં જઈ, મનુષ્ય થઈ કેવળ લેવાના છે. આહા..હા..! એટલી ગંભીરતા અંદર ભાસી છે. એ ગંભીરતા શબ્દો કહી શકતા નથી. પ્રભુ ! તું એટલો મોટો છો, તારી મોટપમાં હીણપની ભાષા તો નહિ, પણ હીણપ કઈ રીતે જાણું ? એમ કહે છે. આહા..હા..!

બધા ભગવાન (છે). તારામાં અને સિદ્ધમાં પ્રભુ ! કોઈ ભેદ, કાંઈ પણ ભેદ (કઈ રીતે જાણું) ? ગજબ શબ્દ છે ! એ બેમાં કંઈ પણ ભેદ, કંઈ પણ જુદાઈ, કંઈ પણ ભિન્નતા કઈ નયથી જાણું ? હું કઈ નયથી જાણું ? આહા..હા..! ગજબ કર્યો છે ! વ્યવહાર પક્ષવાળાને આકરું લાગે. આહા..હા..! આવી વાત ! એટલા શબ્દમાં બહુ ભર્યું છે, પંડિતજી ! બહુ ભર્યું છે. આહા..હા..!

એકલો પરમાત્મા તરવરે. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન... દૃષ્ટિમાં ધ્રુવ તરવરે ! તો એ કહે છે કે જગતના પ્રાણીને હું કઈ નયથી હીણા કહું ? કઈ નયથી સંસારી કહું ? આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ ! ભાષા થોડી, ભાવનો પાર ન મળે. આહા..હા..! એ ભાષાની ગંભીરતા.. ! આ..હા..! એટલામાં ચાલીસ મિનિટ થઈ. અરે..! એક સેકંડની અંદર, એક સેકંડ પણ નહિ, એક સમયમાં ફેર પડે છે તો એ ફેર પડે છે એ હું કઈ રીતે માનું ? આહા..હા..! એક સમયમાં સમયાંતર થઈ જાય છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'શ્રીમદ્દે' લખ્યું છે કે સમકિત સમયાંતરમાં થઈ જાય છે. એક સમયના અંતરમાં (થઈ જાય છે). પહેલે સમયે મિથ્યાત્વ, બીજે સમયે સમકિત. આહા..હા..! અરે..! અનંત કાળથી મિથ્યાત્વનું સેવન (ચાલે છે અને તમે કહો) એક સમયમાં (ફરી જાય) ? પણ પ્રભુ ! એમાં ક્યાં મિથ્યાત્વ હતું ? અંદરમાં મિથ્યાત્વ હતુ જ ક્યાં ? આહા..હા..! જે અંદરમાં છે તે અંદરથી નીકળ્યું. અંદર જે માલ ભર્યો હતો એ નીકળ્યો. એમ બધા ભગવાન માલથી ભરેલા છે. આહા..હા..! ગજબ વાત છે. 'ડાલચંદજી' ! આ બધા શેઠિયાઓને આ બધી વાત સમજવાની છે. ગજબ વાત છે ! પછી એમ કરીને કેટલાક 'સોનગઢ'નું ઉડાડી દે, લ્યો ! આ બધું છે. ભાઈ ! છે ખરું, ભાઈ ! બાપુ ! વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનય છે (તેનો) વિષય છે પણ એની કોઈ ગણતરી નથી. અંતર નિશ્ચયની આગળ એની ગણતરી શી ? આહા..હા..!

કળશટીકાકારે તો એમ કહી દીધું છે કે વ્યવહારનય તો કથનમાત્ર છે. એવો પાઠ છે. અહીંયા છે કે નહિ ? 'કળશ ટીકા' પાંચમા કળશમાં છે. **'જેટલું કથન.'** વ્યવહારનયનો અર્થ કર્યો–જેટલું કથન. એ તો કથન (છે). વસ્તુમાં કંઈ ફેર નથી, પ્રભુ ! તું બહારના આ શરીર, એની ચેષ્ટાઓ, એની ઉંમર, એના રંગ, રૂપ ન દેખ. આહા..હા..! અને તારામાં હીણપ છે એ ન દેખ. અમે કહીએ છીએ કે કઈ નયથી તારામાં હીણપ કહીએ ? આહા..હા..! ગજબ વાત છે. કઈ નયથી તારામાં હું હીણપ કહું ? શરીરવાળો તો છે નહિ, રંગવાળો તો છે નહિ, પરદ્રવ્યને તો કદી અડતો નથી. પણ કઈ નયથી તારી હિણી દશા કહું ? સિદ્ધ કરતા અલ્પ દશા કઈ નયથી કહું ? આહા..હા..! ગજબ છે ! **'જેટલું કથન.'** વ્યવહારનયનો અર્થ કર્યો. વ્યવહારનય એટલે જેટલું કથન. આ..હા..! એ તો કથનમાત્ર છે. આહા..હા..! આકરું લાગે એવું છે, પણ પ્રભુ ! તારા ઘરની વાત છે ને !

શ્રોતા :– જન્મજયંતીના ઉપલક્ષમાં હરખજમણ કરાવી રહ્યા છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો મુનિરાજ વાત કરે છે. હરખજમણ ! સવારે તો જમણ થયા. આહા..હા..! પોતાનો કંઈ પણ આગ્રહ જો રહે તો પોતાની ચીજ જાણવામાં આવતી નથી તો પરની ચીજ પણ મારા જેવી છે એમ જાણવામાં આવતી નથી, પ્રભુ ! એમ કહે છે.

આ તો કહે છે, હું.. એમ કહ્યું ને ? આ..હા..! કાંઈ પણ ભેદ–સિદ્ધ અને સંસારીમાં કાંઈ પણ ફેર... આહા..હા..! **'કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ?'** કહું એમ નથી આવ્યું. કઈ નયથી હું જાણું (એમ આવ્યું છે). આહા..હા..! એકાંત લાગે એવું છે, પ્રભુ ! એકલું માહાત્મ્ય જ વર્ણવ્યું છે. એકલી ચીજનું (માહાત્મ્ય).

**असरीरा अविणासा अणिंदिया णिम्मला विसुद्धप्पा।**
**जह लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया।।४८।।**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.**

ભવમાં લીન છે તેઓ પણ એવા છે, એમ કહે છે. ભાષા લીધી, 'સંસારી' (એમ) ભાષા લીધી. પેલામાં કુબુદ્ધિ લીધા હતા. આહા..હા..! એ રીતે વાત કરી. કુબુદ્ધિ તરીકે જરીક ખ્યાલ કર્યો. અહીં સંસારી કહ્યા. પણ કહે છે કે ભવલીન (અને સિદ્ધમાં) કઈ રીતે ફેરફાર કહું ? અંતર તો ચૈતન્ય ભગવાન, અંતર તો પૂર્ણ સંપદાનો ધણિ બિરાજમાન છે. આવો વૈભવ તો બહાર દુનિયામાં ક્યાંય છે જ નહિ. એવો વૈભવ તારામાં છે. આહા..હા..!

**'આ કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.'** આહા..હા..! કાર્યસમયસાર (એટલે) સિદ્ધ. કારણસમયસાર (એટલે) આત્મદ્રવ્ય. આહા..હા..! એક શબ્દ એવો આવે છે, બેનમાં આવે છે કે અંતર્મુહૂર્તમાં બાર અંગ ફેરવી નાખે એવી આત્માની તાકાત (છે). બાર અંગનું પર્યટન અંતર્મુહૂર્તમાં કરી દે ! ગજબ વાત ! એક સમયે જાણે એ જુદી વસ્તુ, પણ એ અસંખ્ય સમયમાં બાર અંગની વાત ફેરવે. બેનમાં છે, 'ગોમ્મટસાર' શાસ્ત્રમાં પણ છે. જે વાત જાણવામાં આવી તેના અનંતમે ભાગે કથનમાં આવી આહા..હા..! તેનાથી અનંતમે ભાગે તો સાંભળવામાં આવી. આહા..હા..! તેનાથી અનંતમે ભાગે રચના થઈ. 'પંચાધ્યાયી' તો એમ કહે છે કે બાર અંગમાં તો સ્થૂળ વાત છે. 'પંચાધ્યાયી'માં એવો પાઠ છે. બાર અંગ. બાર અંગથી વિશેષ શ્રુતજ્ઞાન શું હશે ? આહા..હા..! બાર અંગમાં સ્થૂળ વાત આવી છે. આહા..હા..! ત્રણલોકના નાથની સૂક્ષ્મ વાતું એમાં રહી ગઈ છે. આહા..હા..! એ તો અનુભવગમ્ય છે. ચૈતન્યની ચમત્કારિક ચીજ ચમત્કાર જોવે એને ખબર પડે, બાકી વાણી દ્વારા એનું વર્ણન થઈ શકે નહિ. આહા..હા..!

એ કહે છે, **'આ કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે. જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે 'અશરીરી' છે...'** આહા..હા..! શરીરને પ્રપંચ કહ્યું. શરીરના પ્રપંચ. શરીરની અનેક પર્યાય થાય એ આત્માને આધીન નથી. આહા..હા..! એ **'શરીરના પ્રપંચના અભાવને લીધે 'અશરીરી' છે.'**

**'નિશ્ચયથી નર-નરકાદિ પર્યાયોના ત્યાગ-ગ્રહણના અભાવને લીધે 'અવિનાશી' છે.'** આહા..હા..! ગતિનો ત્યાગ અને સિદ્ધ સ્વરૂપનું ગ્રહણ પણ જેમાં નથી. પરના ત્યાગ-ગ્રહણ તો એમાં છે જ નહિ. પૈસા, પરમાણુ, સ્ત્રી, કુટુંબ-પરિવાર, મકાન, પૈસાનું તો આત્માને ગ્રહણ પણ નથી અને આત્માને ત્યાગ પણ નથી. ત્યાગ-ગ્રહણ રહિત આત્મા ભગવાન છે. આહા..હા..! એ ૪૭ શક્તિમાં આવે છે. ઓ..હો..હો..! 'સમયસાર' ગજબ વાત છે ! એક એક શ્લોક અને એક એક કળશ (ગજબ છે) !

શ્રોતા :– 'નિયમસાર' પોતા માટે બનાવ્યું એટલે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાત આવી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– પોતાને માટે બનાવ્યું છે. આ..હા..!

**'નિશ્ચયથી નર-નરકાદિ પર્યાયોના ત્યાગ-ગ્રહણ...'** મનુષ્યનું શરીર ગ્રહણ અને ત્યાગ આત્મામાં છે જ નહિ. આહા..હા..! મનુષ્યનું શરીર, નારકીનું શરીર, દેવનું શરીર, તિર્યંચનું શરીર ગ્રહણ કરવું અને છોડવું એ આત્મામાં ત્રણકાળમાં છે જ નહિ. પરદ્રવ્યના ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. આત્મામાં એવો ગુણ છે કે પરના ગ્રહણ-ત્યાગ રહિત જ એ સ્વભાવ ત્રિકાળ બિરાજે છે. આહા..હા..!

**'જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે 'અશરીરી' છે. નિશ્ચયથી નર-નરકાદિ પર્યાયોના ત્યાગ-ગ્રહણના અભાવને લીધે 'અવિનાશી' છે.'** આહા..હા..! નારકી આદિ ગતિની પર્યાય જે ઉદયભાવ. આ મનુષ્ય (શરીર) એ મનુષ્યગતિ નથી. આ મનુષ્ય એ મનુષ્યગતિ નથી. આ મનુષ્ય તો જડ છે. એ તો પારિણામિક ભાવે છે અને મનુષ્યગતિ ઉદયભાવે છે. આહા..હા..! એ ઉદયભાવ તો આત્માની પર્યાયમાં છે. શરીર તો પારિણામિક ભાવે ત્રિકાળ દ્રવ્ય-ગુણ-પર્યાય (સ્વરૂપ છે). દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રિકાળ પારિણામિક ભાવે છે. આહા..હા..!

ભગવાન આત્મા.. આહા..હા..! કહે છે, **'નર-નરકાદિ પર્યાયોના ત્યાગ-ગ્રહણના અભાવને લીધે...'** મનુષ્યભવ ગ્રહણ કર્યો અને મનુષ્યભવ છોડ્યો, પ્રભુ ! (એ) આત્મામાં નથી. આહા..હા..! વ્યવહારનયની તો મશ્કરી કરી છે. પહેલી બાર ગાથામાં મશ્કરી કરી છે. પહેલાં આવ્યું ને ? ભાઈ ! બાર ગાથામાં. આહા..હા..! આમાં છે. ૧૨ ગાથા છે ને ?

**'પરમ તત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ જાણવામાં સમર્થ એવી સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે 'અતીંદ્રિય' છે.'** આહા..હા..! ઇન્દ્રિયને અડ્યો જ નથી, જડ ઇન્દ્રિયને અડ્યો જ નથી. ભાવેન્દ્રિય પર્યાયમાં છે એને અહીંયા ગણવામાં આવી નથી. ૩૧ ગાથામાં કહ્યું, **'जो इंदिये जिणित्ता'**. ભાવઇન્દ્રિય, જડઇન્દ્રિય અને ભગવાન બધા ઇન્દ્રિયમાં જાય છે. ભગવાનની વાણી અને ભગવાન, આખો લોક ઇન્દ્રિયમાં જાય છે. **'जो इंदिये जिणित्ता'** એ લોક તરફનું લક્ષ છોડી પોતાના અતીન્દ્રિય (સ્વરૂપમાં) જ્યાં આવે છે, **'णाणसहावाधियं मुणदि आदं'** પોતાના જ્ઞાનસ્વભાવથી જે અધિક છે એમ જે **'मुणदि'** નામ જાણે છે **'तं जिदिंदियं साहू'** તેને સર્વજ્ઞો જિતેન્દ્રિય કહે છે. આહા..હા..! આ ઇન્દ્રિયને જીતી ને બહારના ભોગ ન લીધા, એમ નહિ. આહા..હા..! દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયના વિષય–ત્રણથી ભિન્ન જ્ઞાનસ્વભાવનો જેણે અનુભવ કર્યો તે ઇન્દ્રિયથી પાર છે. આહા..હા..! અહીં પણ એ કહ્યું. **'સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે 'અતીંદ્રિય' છે.'** વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૫૦, શ્લોક-૭૩, પ્રવચન નં. ૫૪
તા. ૦૧-૦૯-૧૯૮૦
[૯]

'નિયમસાર' ૭૩મો શ્લોક છે.

(स्वागता)

**शुद्धनिश्चयनयेन विमुक्तौ**
**संसृतावपि च नास्ति विशेषः।**
**एवमेव खलु तत्त्वविचारे**
**शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति।।७३।।**

**શ્લોકાર્થ :–** '**શુદ્ધનિશ્ચયનયથી...**' પરમાર્થ દૃષ્ટિથી, વસ્તુ સ્વભાવની ત્રિકાળ સનાતન સ્વભાવની દૃષ્ટિથી '**મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;...**' આહા..હા..! સનાતન સત્ય વસ્તુ, જેમાં એક સમયની પર્યાય પણ ગૌણ છે, ત્રિકાળી વસ્તુ, અખંડ આનંદ પૂર્ણ વસ્તુ, અનાદિ અનંત શુદ્ધ સત્તારૂપ એક ચીજ, તે અને સંસાર અવસ્થા, બેમાં કાંઈ ફેર નથી. એની મુક્ત અવસ્થા, એ (વસ્તુની) મુક્ત દશા, એ વસ્તુ આ સનાતન સત્ય તત્ત્વની મુક્ત દશા અને એની સંસાર દશા, બેય પર્યાયનયનો વિષય, વ્યવહારનયનો વિષય બેય સરખા છે, બેમાં કાંઈ તફાવત નથી. આહા..હા..! ક્યાં નિગોદની દશા, ક્યાં સિદ્ધની દશા ! શુદ્ધનિશ્ચયનયથી અંતરની દૃષ્ટિ જોઈએ, વસ્તુ સ્વભાવ સહજાત્મ સ્વરૂપ-સહજ આત્મ સ્વરૂપ ત્રિકાળ, એ દૃષ્ટિએ (જોઈએ તો) '**મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;...**' આહા..હા..!

'**આમ જ ખરેખર,...**' કોઈને એમ લાગે કે આ શું ? - કે '**આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં...**' વાસ્તવિક જ્ઞાયક તત્ત્વને વિચારતાં, જ્ઞાયકસ્વભાવ ત્રિકાળી કાયમ ચીજને વિચારતાં. આહા..હા..! '**(-પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં),...**' નિરૂપણ તો કથન શૈલી છે પણ વસ્તુના સ્વભાવથી જોઈએ તો '**શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે.**' શુદ્ધ તત્ત્વના રસિક. આહા..હા..! દ્રવ્ય સ્વભાવના રસિક ! જ્ઞાયક સ્વભાવભાવ એ ત્રિકાળ સ્વભાવભાવ, તેના રસિક પુરુષો મુક્તિ અને સંસારમાં કાંઈ ફેર કહેતા નથી. આહા..હા..! લ્યો ! આ ગુજરાતી આવ્યું. આહા..!

વસ્તુ સ્વરૂપ ત્રિકાળી જોતા, સત્ સનાતન સત્ય એકરૂપ ધ્રુવ, એની દૃષ્ટિએ જોતા મુક્ત સિદ્ધ અવસ્થા અને સંસાર અવસ્થા બેમાં કાંઈ ફેર નથી. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– અવસ્થા દૃષ્ટિએ કે દ્રવ્યદૃષ્ટિએ ? કઈ દૃષ્ટિએ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– દ્રવ્યદૃષ્ટિએ. દ્રવ્યદૃષ્ટિ કહો કે નિશ્ચયનય વિષય કહો. શુદ્ધ નિશ્ચયનય કહો કે દ્રવ્યદૃષ્ટિ કહો. આહા..! ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિએ જોતા સંસાર ને મુક્તિ બન્ને પર્યાયમાં કાંઈ ફેર નથી, બન્ને વ્યવહારનયનો વિષય છે. છે ખરી, પણ વ્યવહારનયનો વિષય છે. નિશ્ચય વિષયમાં એકરૂપ પ્રભુ સનાતન સત્ય અણબનેલું, અણનાશ–વિનાશ નહિ થતાં ત્રિકાળ એકરૂપ રહેનારું તત્ત્વ, તેની દૃષ્ટિએ જોતા મુક્તિ અને સંસાર બન્ને પર્યાય છે, તેથી તે પર્યાયમાં કાંઈ ફેર દેખાતો નથી. આહા..હા..! હવે આ વાત શી રીતે બેસે ? ક્યાં નિગોદનો જીવ, આહા..! ક્યાં એ નિગોદના જીવમાં અનંતા અનંતા જીવો બહાર નીકળવાનાં નથી. આહા..! પણ પર્યાયદૃષ્ટિએ જોઈએ તો તે નિગોદની પર્યાય અને સિદ્ધની પર્યાય બન્ને વ્યવહારનય છે. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકની દૃષ્ટિએ જોતા તે મુક્તિ અને સંસાર બેમાં કાંઈ ફેર નથી. બન્ને પર્યાયનયનો, વ્યવહારનયનો વિષય છે. છે ખરું. આહા..હા..! આવી વાત ! અહીં તો હવે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય કરવા... ઇચ્છામિ પડિકમણા આવે છે ને ?

***વસ્તુ તરીકેની દૃષ્ટિએ જોતા વસ્તુમાં પર્યાય છે જ નહિ.*** પછી સંસાર પર્યાય હો, નિગોદની અનંત, અનંત પર્યાય. આહા..હા..! જે નિગોદના અસંખ્ય શરીર, એના એક શરીરમાં અનંતમે ભાગે મુક્તિ પામ્યા અને અનંત અનંત ગુણા રહી ગયા પણ એ બધી પર્યાયનો ફેર છે. વસ્તુ તો ભગવાન સનાતન (સત્ય પ્રભુ છે). આહા..હા..! વ્યવહારમાં ફેર છે એ નિશ્ચયદૃષ્ટિમાં ફેર નથી. સમજાય છે કાંઈ ? આહા..! આવી દૃષ્ટિ થયા વિના પૂર્ણ સત્યનો સ્વીકાર હોઈ શકે નહિ. એક સમયની પર્યાયદૃષ્ટિ, ચાહે તો મુક્તિ છે એ પર્યાય છે, પર્યાયદૃષ્ટિ તો એક સમય છે અને આ ત્રિકાળ ચીજ છે. એ ત્રિકાળ ચીજની અપેક્ષાએ એક સમયની મુક્ત પર્યાય કે એક સમયની સંસાર પર્યાય બન્ને એક સમય છે. બન્ને વ્યવહારનય છે. કેમકે એક પછી એક છે. વસ્તુ તો સનાતન અનાદિઅનંત એકરૂપ છે. એ દૃષ્ટિને જોતા.

આ જ ખરેખર. આ પાઠમાં છે ને ? **'एवमेव' 'એમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં,...'** તત્ત્વ વસ્તુ ભગવાન પૂર્ણાનંદ, એનો વિચાર કરતાં પરમાર્થ વસ્તુ સ્વરૂપનો વિચાર અથવા એનું જ્ઞાન કરતાં. નિરૂપણ એટલે કથન છે. **'શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે.'** આહા..હા..! શુદ્ધ તત્ત્વના રસિક. આહા..હા..! જેમાં પર્યાયનું રસિકપણું પણ નથી. રાગનું રસિકપણું તો નથી, નિમિત્તનું તો રસિકપણું નથી, સંયોગી ચીજ ભગવાન સંયોગે છે એની વાત પણ અહીં તો (નથી). આહા..હા..! પરમાર્થે બંધ અને મોક્ષ બે નથી, બંધ અને મોક્ષ જ જેમાં નથી. આહા..હા..! બંધ અને મોક્ષ તો પર્યાય છે. હવે ૫૦ ગાથા.

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

આહા..હા..! ૫૦મી ગાથા જરી આકરી છે, સખત છે. અહીં તો ક્ષાયિકભાવ પણ વ્યવહારનયના વિષયમાં લઈ લીધો છે. પંચમ પારિણામિકભાવ જે જ્ઞાયકભાવ, એની અપેક્ષાએ ઉદયભાવ અને ક્ષાયિકભાવ બન્ને વ્યવહારનયનો વિષય છે. અહીં નિશ્ચયમાં એ આવતું નથી. આહા..! આવું ઝીણું. માણસ આખો દિ' રૂપિયામાં ઘૂંચવાતો હોય છે. આહા..હા..!

એક રીતે કહીએ તો એક જ પ્રભુ એકકોર આત્મા અને એક બાજુ વિકલ્પ ને પર્યાય - એ બધું લોકમાં, પરમાં જાય છે. આહા..હા..! એકરૂપ સ્વરૂપ ભગવાન આત્મા, એની દૃષ્ટિમાં તો એની પર્યાયમાં પણ, (સંસાર અને મુક્તિ) બેમાં ફેર નથી તો રાગ–પ્રશસ્ત રાગ અને અપ્રશસ્ત રાગમાં ફેર છે એવું કાંઈ છે નહિ. આહા..હા..!

**ટીકા :– 'આ, હેય-ઉપાદેય...'** છોડવા યોગ્ય અને આદરવા યોગ્ય **'અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.'** આહા..હા..! **'જે કોઈ વિભાવગુણપર્યાયો છે...'** એ ચાર ભાવ. નારકાદિ ઉદયભાવ, મતિજ્ઞાન આદિ ક્ષયોપશમ ભાવ, કેવળજ્ઞાન આદિ ક્ષાયિકભાવ, સમકિત અને ક્ષયોપશમ આદિ. આહા..હા..! એ **'જે કોઈ વિભાવગુણપર્યાયો...'** એ બધા વિભાવગુણપર્યાય છે. આહા..હા..! ત્રિકાળી સહજ સનાતન સત્ય, જેમાં કાંઈ ઘાલમેલ નથી, જેમાં કાંઈ ઉપજવું અને વિણસવું કાંઈ નથી. આહા..હા..! એવી સ્થિતિમાં જે કોઈ વિભાવગુણપર્યાયો છે. આહા..! ચાર જ્ઞાનના... અરે..! ચાર ભાવ–ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ. એ **'(૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...'** જાણવા માટે ઉપાદેય કહેવામાં આવ્યા હતા. કારણ કે એ છે. છે એ જાણવા લાયક છે, આદરવા લાયક નથી. આહા..હા..! એ ૪૯ ગાથામાં ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા.

**'પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...'** આહા..હા..! અંતર દૃષ્ટિના બળે, ધ્રુવ સ્વરૂપ ભગવાન આત્મા શાશ્વત ટંકોત્કીર્ણ એવો જે ભગવાન ત્રિકાળી એકરૂપ સ્વભાવ, એની દૃષ્ટિએ **'વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેય કહેવામા આવ્યા હતા પરંતુ નિશ્ચયનયના બળે તેઓ હેય છે.'** આહા..હા..! એ ચારેય ભાવો હેય છે. અહીં તો હજી શુભરાગને હેય માનવો કઠણ પડી જાય છે. દયા, દાન, વ્રત, મહાવ્રત, ભગવાનની ભક્તિ, પૂજા, નામસ્મરણ, ગુણ સ્મરણ એ રાગ હેય માનવો કઠણ પડી જાય છે. આહા..હા..!

અહીં તો કહે છે, એ પૂર્વે જે ચાર ભાવ કહ્યા હતા... આહા..! ઉદય, ઉપશમ, ક્ષયોપશમ એના ભેદ પણ કહ્યા હતા ને ? આહા..હા..! એ બધા **'શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.'** એકલા જ્ઞાયકભાવના અવલંબનમાં ચારે ભાવનું અવલંબન છે નહિ, માટે તે અપેક્ષાએ તે હેય છે. ચારેય ભાવનો આશ્રય કરવા લાયક નથી. આહા..હા..! શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા(નો) ભાવ હોય, હોય છે, પણ આદરવા લાયક નથી. જ્યારે એ ભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આદરવા લાયક નથી. આહા..હા..! તો એથી ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક તો નિર્મળ છે, આ તો મલિન છે. નિર્મળને જ્યારે હેય કહ્યા પછી મલિન તો હેય ક્યાંય રહી ગયા. આહા..હા..!

નિર્મળ જ્ઞાયક કેવળજ્ઞાન પર્યાય અનંત ચતુષ્ટય પ્રગટ થયા એ પર્યાય પણ ત્રિકાળ નિશ્ચયનયની દૃષ્ટિએ હેય છે. આહા..હા..! અહીં તો હજી વ્યવહાર દયા, દાન ને વ્રત, ભક્તિને હેય માનવા એને કઠણ પડે છે અને હેય માને એને મિથ્યાત્વી માને છે. આહા..! અહીં તો ત્રિકાળી સનાતન વસ્તુ, એકરૂપ રહેનાર ચૈતન્ય સ્વભાવ, એની દૃષ્ટિએ જોઈએ તો એ શુદ્ધ ને અશુદ્ધ બન્ને ભાવ હેય છે–છોડવા યોગ્ય છે ! છાંડવા યોગ્ય છે ! આહા..હા..! અહીં તો હજી શુભરાગ છાંડવા યોગ્ય છે (એમ કહીએ) ત્યાં એને આકરું પડે છે. આહા..! ક્યાં 'ચંદુભાઈ' ગ્યા ? આવ્યા નથી ? ઠીક નહિ હોય. આહા..હા..!

આ ૫૦મી ગાથા બહુ ઊંચી છે. અર્ધ સૈકો. આહા..! ૫૦. ભગવાન આત્મા એક જ સમયમાં પરિપૂર્ણ પ્રભુ પડ્યો છે. પરિપૂર્ણ આનંદ, પરિપૂર્ણ જ્ઞાન, પરિપૂર્ણ સત્તા, પરિપૂર્ણ શ્રદ્ધા, પરિપૂર્ણ શાંતિ, ઉપશમરસ આદિ પરિપૂર્ણથી ભર્યો પડ્યો છે. એ ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો બંધ અને મોક્ષની બન્ને પર્યાય તે હેય છે. આહા..હા..! કેવળજ્ઞાન અને કેવળદર્શન પણ હેય છે. આહા..હા..! કેમકે સાધકને એ છે નહિ અને છે નહિ ને એનું આ લક્ષ કરવા જશે તો રાગ થાશે. આ આકરો વિષય છે, ભાઈ ! આહા..હા..!

મોટી તકરાર, ઝઘડા આ થાય છે ને ? નિમિત્તથી થાય છે, નિમિત્તથી થાય છે. નિમિત્તથી થાય, ન થાય એમ માને એ મિથ્યાદૃષ્ટિ એકાંતી છે એમ કહે છે. અરે..! જગત. આહા..હા..! અહીં તો કહે છે કે નિમિત્ત તો એકકોર રહ્યું. મોક્ષ અને બંધ એ નિમિત્તથી છે એમ તો છે જ નહિ. આત્મામાં બંધ અને મોક્ષ એ નિમિત્તથી છે એમ તો છે નહિ. પોતાની યોગ્યતાથી બંધ અને મોક્ષ છે. આહા..હા..! એને પણ અહીંયા ત્રિકાળની દૃષ્ટિએ અંતર્મુખ દૃષ્ટિ કરવામાં એ મદદગાર નથી, એનો આશ્રય લેવા યોગ્ય નથી. માટે ચારે ભાવ હેય છે. આહા..હા..! ગજબ વાત છે.

એ પાછી એવી વાત કરે કે એ 'સોનગઢ'વાળા જ આ કહે. પણ આ ક્યાં 'સોનગઢ'નું છે. આ 'નિયમસાર' 'સોનગઢ'નું સૂત્ર છે ? 'કુંદકુંદાચાર્ય' કહે છે કે મેં તો મારે માટે બનાવ્યું છે. બીજા શાસ્ત્રોની તો પ્રરૂપણા કરી છે પણ આ તો મેં મારે માટે બનાવ્યું છે. આહા..હા..! એ 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે... પંચમ આરાના પ્રાણી, પંચમ આરાના સાધુ, પંચમ આરાના શ્રોતાને એમ કહે છે... આહા..હા..! ગજબ છે. આઠ વર્ષની બાલિકા હો કે કરોડ પૂર્વનો આયુષ્યવાળો આદમી હો. આહા..! ૩૩ સાગરની સ્થિતિવાળો દેવ હો કે અંતર્મુહૂર્તની સ્થિતિવાળો નિગોદનો જીવ હો... આહા..હા..! બધા પર્યાય છે. તે ત્રિકાળી જ્ઞાયકભાવની અપેક્ષાએ એ બધા હેય છે, છોડવા યોગ્ય છે, લક્ષ કરવા યોગ્ય નથી, આશ્રય કરવા યોગ્ય નથી, સન્મુખ થવા યોગ્ય નથી. આહા..હા..! શરણ કરવા યોગ્ય નથી, એને ઉત્તમ માનવા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લાયક નથી. આહા..હા..! આવી વાત છે.

**'શુદ્ધનિશ્ચયનયના બળે...'** ચારેય ભાવો. આહા..હા..! જ્ઞાનીને ઉદયભાવ હોય છે, રાગ હોય છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ અને દુઃખ હોય છે, પણ એ હેય છે. આહા..હા..! રાગ, શુભરાગ... આહા..! એ પણ હેય છે, છાંડવા યોગ્ય છે. અરે..! પંચમ આરાના પ્રાણી અલ્પ પુણ્ય લઈને આવ્યા. ભગવાન મહાવિદેહમાં બિરાજે. ક્યાં જન્મ મુકીને અહીં જન્મ(માં) આવ્યા. આહા..હા..! એને પરમાત્માની વાણી એમ કહે છે... આહા..હા..! પ્રભુ ! તું અંદરમાં એકરૂપ વસ્તુ છો. તારી વર્તમાન પર્યાય–અવસ્થા ત્રિકાળી ઉપર જાય એ અપેક્ષાએ તે જ એક આદરણીય છે. જે પર્યાય એના ઉપર જાય તેના ઉપર લક્ષ કરવા જેવું નથી એમ કહે છે. આહા..હા..! શું કહ્યું સમજાણું ? જે પર્યાય–અવસ્થા અંતરમાં ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર જાય તે પર્યાય પણ હેય છે. આહા..હા..! (જે) પર્યાય સ્વદ્રવ્યનો આશ્રય કરે એ પર્યાય પણ હેય છે. એ પર્યાયનો વિષય જે ત્રિકાળ છે, આહા..હા..! અખંડાનંદ પ્રભુ સનાતન વજ્ર, જ્ઞાનવજ્ર, જ્ઞાનનો હિરલો એવો ચૈતન્ય પ્રભુ ભગવાન ! એની દૃષ્ટિમાં એની દૃષ્ટિ પણ હેય છે. આહા..હા..! ગજબ વાત છે ! કહો, આ બધું તે દિ' ક્યાં હતું ? આ બધું કર્યું હતું, વર્ષીતપ કર્યો હતો ને ? તે દિ' આ વાત ક્યાં હતી ? કાને પડી હતી ? સાંભળી હતી ? આહા..હા..!

શ્રોતા :– આખા ભારતમાં ક્યાં હતી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– બહુ આકરી વાત, બાપા ! આકરી એટલે અપૂર્વ. આહા..હા..!

પૂર્ણાનંદનો નાથ એક સ્વરૂપે બિરાજમાન (છે) એને અનેકપણાનો આરોપ ન દેવો. આહા..હા..! ત્રિકાળી ભગવાનને સાદિ અનંત અને અનાદિ શાંત; સંસાર અનાદિ શાંત, મોક્ષ સાદિ અનંત... આહા..હા..! એ ત્રિકાળી સનાતનમાં આ બેનો અભાવ છે. માટે ત્રિકાળી સનાતનની અપેક્ષાએ બન્ને હેય છે. આહા..હા..! એનો વિસ્તાર તો આ છે. ટૂંકુ તો બહુ ટૂંકુ કરી નાખ્યું. આહા..! સંસાર અનાદિ શાંત (અશુદ્ધ) પર્યાય તરીકે મોક્ષ સાદિ અનંત શુદ્ધ (પર્યાય) તરીકે પણ એ બધી પર્યાય છે. એની મુદ્દત એક સમયની છે, ભલે રહે સાદિ અનંત, પણ એની મુદ્દત એક સમયની છે. બંધ અને મોક્ષ એક સમયની (મુદ્દતવાળી પર્યાય છે). બંધની અવસ્થા એક સમય (છે), એનો અભાવ કરીને બીજે સમયે જે પર્યાય થાય એ એક સમયની મુદ્દતવાળી (છે). આહા..હા..! શું કહ્યું ?

ભગવાન આત્મામાં રાગનો બંધ જે અનાદિ અજ્ઞાન એ એક સમયની પર્યાય છે. એક 'ક' બોલે એમાં અસંખ્ય સમાય જાય. એમાં એક સમયની સ્થિતિ છે અને રૂપાંતર થાય (એટલે કે) બંધનો અભાવ થઈને મોક્ષ થાય એની પણ એક સમયની સ્થિતિ છે. આહા..હા..! તો એ ભલે સાદિ અનંત રહે અને સંસાર ભલે અનાદિ શાંત થઈ ગયો પણ બન્ને વસ્તુની ચીજમાં નથી. આહા..હા..! આવું ક્યાં 'મુંબઈ'માં સાંભળવા મળે ? ધૂળ આખો દિ' ધૂળ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને પૈસા ને... આહા..હા..! 'મુંબઈ'માં શું દેશમાં પણ મુશ્કેલ છે ને, બાપા ! કેટલો વિરોધ કરે છે. નિમિત્તથી થાય. નિમિત્તથી (થાય એમ) ન માને તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે, એવું કહે છે. આહા..! બાપુ !

દરેક દ્રવ્ય, પર્યાય વિનાનું કોઈ દ્રવ્ય હોય કોઈ કાળે ? ત્રણકાળમાં પર્યાય વિનાનું દ્રવ્ય હોય ? ત્યારે હવે એ પર્યાય બીજો કરે એ આવ્યું ક્યાંથી ? આહા..હા..! અહીં તો એ પર્યાયને પણ ઉડાવી દે છે. પરથી પર્યાય થઈ નથી, પોતાથી થઈ છે, રાગમાં અટકવાની બંધ પર્યાય અને મોક્ષ કેવળજ્ઞાન થવાની મોક્ષ પર્યાય, એ એક સમયમાં આંતરો પડી જાય છે. એક સમયમાં બંધ અને બીજે સમયે મોક્ષ. આહા..હા..! પણ એ બન્ને (એક) સમયની સ્થિતિવાળા છે. આહા..હા..! ત્રિકાળની સ્થિતિની અપેક્ષાએ તેને હેય અને છોડવા લાયક છે. આહા..હા..!

**'પરંતુ નિશ્ચયનયના બળે તેઓ હેય છે. શા કારણથી ?'** હવે કારણ આપે છે. **'હેય છે. શા કારણથી ? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** આહા..હા..! ગજબ ગાથા છે ! કેવળજ્ઞાન એ પરસ્વભાવ છે, ત્રિકાળ સ્વભાવ નથી. આહા..હા..! રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તો વિકાર પર સ્વભાવ છે જ. આહા..હા..! 'દેવીલાલજી' ! આવી વાત છે, આકરી વાત છે. આચાર્ય મહારાજ કહે છે, મેં તો મારે માટે બનાવ્યું છે. તું સાંભળ અને તને બેસે તો બેસાડ. અનાદર કરીશ નહિ. સત્ય આવું મોંઘુ છે એમ અનાદર કરીશ નહિ, બાપુ !

ભાઈ ! તારો નાથ ભગવાન એવડો છે કે જેની કિંમત આગળ એક સમયની પર્યાયની કિંમત છે નહિ. આહા..હા..! ત્રિકાળી ધ્રુવની કિંમત આગળ એ કેવળજ્ઞાનની એક સમયની પર્યાયની પણ કિંમત નથી. આહા..હા..! અહીં વાંધો ઊઠે (કે) ગુરુની ભક્તિ આદરવા (જેવી) નથી ? ભક્તિ કરવા જેવી નથી ? ભગવાન ! સાંભળને, બાપુ ! ભક્તિનો ભાવ આવે, હોય છે પણ એ છાંડવા યોગ્ય છે, એ આશ્રય કરવા લાયક નથી. આહા..હા..! ભાવ શુભભાવ હોય છે. આહા..! પણ એ દુઃખરૂપ છે અને તેનો અભાવ થઈને આનંદરૂપ દશા થાય. દ્રવ્ય સ્વભાવનો જે આનંદ છે; શુભભાવ... આહા..! ચાહે તો તીર્થંકર ગોત્ર બાંધવાનો શુભભાવ (હોય) પણ એ દુઃખરૂપ છે, પ્રભુ ! કેમકે પ્રભુ આનંદસ્વરૂપ છે.

ભગવાન આત્મા તો અનાદિઅનંત, અનાદિઅનંત અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એક સમય પણ દુઃખ ને આકુળતા જેનામાં નથી. આહા..હા..! અને સંસારની આકુળતા અરે..! સમયાંતર થઈને નિરાકુળતા પ્રગટ થાય પણ એ પણ પર્યાય છે. આહા..હા..! ત્રિકાળી નિરાકુળ આનંદની આગળ નવી પ્રગટેલી અનાકુળતા પર્યાય એ પણ હેય છે. **'શા કારણથી ? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** આહા..હા..! ગજબ વાત છે. પછી લોકો તો 'સોનગઢ'ને નામે કહે કે વ્યવહાર ઉડાવે છે, વ્યવહારથી લાભ થાય એમ કહેતા નથી. એકલી નિશ્ચયની વાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ કરે છે. એને બેઠું હોય એમ કહે. જે બેઠું હોય એ આત્મા. (એટલે કે) જે અભિપ્રાય બેઠો હોય એ તો આત્મા એવો થઈ ગયો હોય, પર્યાયમાં આત્મા જ એવો થયો હોય. હવે કરવું શું એને ? આહા..હા..!

અહીં તો કહે છે કે જેવો રાગની એકતાનો ભાવ, પરભાવ, પરસ્વભાવ (છે) એમ મુક્તિનો સ્વભાવ પરસ્વભાવ (છે). આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ ! કાને પડવું મુશ્કેલ પડે. આહા..હા..! ફક્ત સમયાંતર છે. વસ્તુ તો સનાતન ત્રિકાળ છે, એમાં ઊપજવું કે વિણસવું છે જ નહિ. હવે ઉત્પાદ-વ્યય જે છે, ઉત્પાદ થયો મોક્ષનો, વ્યય થયો બંધનો એ પણ સમયની સ્થિતિ છે. આહા..હા..! ભલે બીજે સમયે મોક્ષ રહે પણ મુદ્દત તો એક સમયની જ છે. આહા..હા..! ત્રિકાળી મુક્તસ્વરૂપ ભગવાન આત્મા એને મુક્ત સ્વરૂપ કહેવું એ પણ જાણે કાંઈ કોઈની બંધ અપેક્ષા હતી એટલે છૂટ્યો ને મુક્ત (છે) એમ પણ નથી. એ તો ત્રિકાળી મુક્તસ્વરૂપ જ છે. આહા..હા..! આકરું લાગે. અજાણ્યા માણસને પહેલું-વહેલું સાંભળતો હોય એને તો એવું લાગે કે આ તે જૈન ધર્મ છે ? આ તે જૈન ધર્મ આવો હશે ? આવો અન્ય ધર્મ કાઢ્યો ક્યાંથી ? કહો, શેઠ ! આહા..હા..!

છે, પર્યાય છે, બંધ છે, મોક્ષ છે પણ એક સમયની મુદ્દતવાળા, બન્ને એક સમયની મુદ્દતવાળા. આહા..હા..! કેવળજ્ઞાન પણ એક સમય રહીને બીજે સમયે બીજું થઈ જાય છે અને ભગવાન જે અંદર છે એ તો એકરૂપ ત્રિકાળ અનાદિ અને એકરૂપ રહે છે. આહા..હા..! સનાતન ટંકોત્કીર્ણ વસ્તુ. આહા..હા..! ટાંકણાથી જેમ કોરીને કોઈ એકાકાર વસ્તુ કાઢી હોય એવો એકાકાર ત્રિકાળી ચિદાનંદ સ્વરૂપ ભગવાન એને આદિ ને અંત નથી, ઉત્પન્ન અને વ્યય નથી, ઉત્પાદ ને વ્યયનો જેમાં અભાવ છે. આહા..હા..!

આમ ત્રણેયને સત્ કહેવા. ***'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ સત્' ત્રણે સત્ છે. આહા..હા..!*** 'તત્ત્વાર્થસૂત્રમાં' (સૂત્ર છે). ***ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણે સત્ (છે) પણ ઉત્પાદ-વ્યય એક એક સમયનું સત્ છે. ઉત્પાદ ને વ્યય એક સમયનું સત્ છે અને પ્રભુ છે એ અનાદિનું સત્ છે. આહા..હા..!*** અરે..રે..! આ કેમ બેસે ? આ દુનિયાની ગડમથલ... આહા..હા..! આખો દિ' બાયડી, છોકરા ને ધંધો ને વેપાર ને એમાં આ વાત. આહા..હા..!

પ્રભુ કહે છે, તારામાં મુક્તિ પણ નથી. આહા..હા..! એની દૃષ્ટિ કર. આહા..હા..! કેમકે મુક્તિની અવસ્થા પણ એક સમયની છે, બીજે સમયે બીજી પર્યાય થાય છે, ત્રીજી સમયે ત્રીજી પર્યાય થાય છે. એ ઉત્પાદનો એક જ સમય છે, વ્યયનો પણ એક જ સમય છે. આહા..હા..! ભલે સત્ હો. આહા..હા..! ત્રિકાળી સનાતન સત્ એકલો જ્ઞાયકભાવ, જેમાં ઓછાવત્તાપણું નથી, જેમાં ઉત્પાદ-વ્યય નથી, જેમાં હિણપ-અધિકતા એ બે નથી. આહા..હા..! જેમાં એકરૂપતા ત્રિકાળ છે. આહા..હા..! ૫૦મી ગાથાએ ગજબ કર્યો છે !

શ્રોતા :– આપે ગજબ કર્યો છે !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રભુ ! તું કોણ છો ? આહા..હા..! પ્રભુ ! તારે ક્યાં દૃષ્ટિ દેવાની છે ? જે સનાતન રહે ત્યાં દેવાની છે કે બદલે તેમાં દૃષ્ટિ દેવાની છે ? આહા..હા..! બદલે એ તો પલટો વ્યય થઈ જશે અને તે પણ એ વ્યય થાશે પારિણામિકમાં, ધ્રુવમાં. આહા..હા..! ત્યાં દૃષ્ટિને છોડી દે, આહા..હા..! ઉત્પાદ-વ્યયની દૃષ્ટિને છોડી દે. આહા..હા..! છે ત્રણે સત્. અહીં એક સત્ ઉપર દૃષ્ટિ (મૂક). ધ્રુવ ઉપર દૃષ્ટિ કરનાર ઉત્પાદ-વ્યય છે. દૃષ્ટિ કરનાર જેને હેય માને છે તે (તે પોતે) છે. આહા..હા..!

જે હેય કહે છે તે હેય કોણ કહે છે ? પર્યાય એ માને છે કે કોઈ અદ્ધરથી માને છે ? આહા..હા..! પર્યાય વિનાનું દ્રવ્ય તો કોઈ દિ' ત્રણકાળમાં હોય નહિ. પર્યાય વિનાનું દ્રવ્ય હોય તો ઇ તો ગધેડાના શીંગડા જેવું થયું. જેમ ગધેડાને શીંગડા હોય નહિ એમ એ પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. આહા..હા..!

અહીં કહે છે પર્યાય ભલે હો ! આહા..હા..! ત્રણે કાળમાં કોઈ સમયમાં પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. છતાં તે એક સમયની પર્યાયની કિંમત નથી. ભલે તે એક સમયમાં પર્યાયમાં રૂપાંતર થઈ જાય. ક્યાં બંધનો ભાવ ને ક્યાં મોક્ષનો ભાવ ! આહા..હા..! એક સમયમાં રૂપાંતર ! જે ત્રણકાળ, ત્રણલોકને જાણે અને બંધની પર્યાય રાગને તો આ જાણવા લાયક છે એ પણ ખબર નથી. એ રૂપાંતર થઈને કેવળજ્ઞાન પ્રગટ થાય. આહા..હા..! એ પણ અહીંયા ત્રિકાળ એકરૂપ રહેનાર પ્રભુ, એના આશ્રયમાં એ પણ હેય છે. આકરું લાગે, બાપુ ! શું થાય ? ઘણા તો એમ કહે કે આ 'સોનગઢ'વાળાએ ઘરનું કાઢ્યું, ઘરનો ધર્મ કાઢ્યો. આહા..હા..! નવો કાઢ્યો. અમે ચાલીએ છીએ, પરંપરા ચાલી છે, અમારી પરંપરા ચાલે છે, આ કરવું, આમ કરવું, આમ કરવું એનાથી આ તો બધી બીજી જાત જ કાઢી. અરે..! પ્રભુ ! તારા સ્વરૂપમાં જ એ છે, પ્રભુ ! પ્રરૂપણામાં તો છે જ, કથન શૈલીમાં તો છે જ, શાસ્ત્રમાં તો છે જ પણ તારામાં છે. આહા..હા..!

જેવડો એ કહેવાય છે... આહા..હા..! એક સમયમાં એ ત્રિકાળી વર્તમાન છે, આમ ત્રિકાળી ! ભલે ભવિષ્યમાં રહે, સનાતન એકરૂપ (રહે છે). આહા..હા..! એને જાણનારી પર્યાય છે, જાણનારી ધ્રુવ નથી, એ પર્યાય જાણનારી છે. આહા..હા..! અરે..! મોક્ષની પર્યાય પણ જે કેવળજ્ઞાન, જે દ્રવ્યને જાણનારી છે, ત્રણકાળને જાણનારી છે... આહા..હા..! એ પર્યાય જેણે દ્રવ્યનો આશ્રય કર્યો છે અને પર્યાય પ્રગટ થઈ છે એ પણ હેય છે. આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ ! આવી વાત ક્યાંય મળવી મુશ્કેલ પડે એવું છે. આહા..! કઠણ વાત છે, સાંભળવી મુશ્કેલ પડે એવી છે. લોકો તો કાંઈકના કાંઈક રસ્તે ચડી ગયા છે. આહા..હા..! એ 'સોનગઢ'ને તો તીરસ્કાર... તીરસ્કાર... તીરસ્કાર... (કરે છે). એ તો એકાંત મિથ્યાત્વી છે, એકાંત મિથ્યાત્વી છે (એમ કહે છે). આહા..હા..! અરે..! પ્રભુ ! તારી એ માન્યતા પણ એક સમયની છે, પ્રભુ ! એ તારી ઊંધી માન્યતા પણ એક સમયની છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ એક સમયની પલટતા વાર નહિ લાગે. આહા..હા..! ત્રિકાળીનો નાથ અંદર બિરાજે છે, પ્રભુ ! એનો આશ્રય લેતા એક સમયની મિથ્યાત્વ પર્યાય નહિ રહી શકે. આહા..હા..! ૫૦ (ગાથામાં) ગજબ વાત છે !

૫૦મી ગાથામાં ત્રણ બોલ લેશે. એક તો હેય કહ્યું. '**કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' બે વાત. એક તો હેય કહ્યું. મોક્ષ અને બંધ પર્યાય બન્ને હેય કહી. કારણ ? હેયનું કારણ એ પર સ્વભાવ છે, એ ત્રિકાળી સ્વભાવ નથી. આહા..હા..! એ સનાતન સત્ય છે, જેને કાંઈ પલટવું નથી, ઊપજવું નથી, બદલવું નથી એવું એ સત્ય (છે). આહા..હા..! એ સત્યની અપેક્ષાએ એ કેવળજ્ઞાન આદિ ભાવ પરસ્વભાવ છે. હેય તો કહ્યા પણ હેયનું કારણ કોણ ? કારણ શું ? - કે પરસ્વભાવ છે. આહા..હા..!

અરે..! પ્રભુ ! કેવળજ્ઞાન પરસ્વભાવ ! ગજબ વાત, ભાઈ ! હજી તો વિકારને પરસ્વભાવ માનવો એમાં વાંધા (ઊઠે છે). વિકાર પરસ્વભાવ ? તો વિકાર તો સ્વભાવ થઈ જશે, પરનો સ્વભાવ. એ તો પરને નિમિત્તે વિકાર થાય છે. એ વિકાર પરને નિમિત્તે ન થાય તો સ્વભાવ થઈ જશે. અહીં કહે છે કે પરના નિમિત્ત વિના થાય એ એનો વિભાવસ્વભાવ પોતાનો છે. આહા..! એ બંધ પોતાનો છે. આહા..હા..! બંધની પર્યાય મુદ્દત એક સમયની છે, પ્રભુ ! આહા..હા..! ભલે સમયાંતર થતાં થતાં અનંત કાળ ગયો પણ મુદ્દત તો એક સમયની જ છે. અનાદિ છે પણ મુદ્દત એની એક સમયની છે. અને જ્યારે ગુલાંટ ખાય છે દ્રવ્યની દૃષ્ટિ કરે છે ત્યારે મુક્તિ પણ એક સમયની છે. માટે તે મુક્તિની પર્યાય – જે પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે તે પર્યાય પણ હેય છે, પરસ્વભાવ છે. આહા..હા..! પરસ્વભાવ સ્વસ્વભાવનો આશ્રય કરે છે. હેય છે એ સ્વનો આશ્રય કરે છે. આહા..હા..! આવી વાત છે. લાગે આકરું, પ્રભુ ! શું થાય ?

અહીં તો (કળશમાં) કહ્યું ને કે '**शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति**'. શુદ્ધ તત્ત્વના રસિકો તો આમ જ કહે છે. આવી ગયું ને માથે ? શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો તો આમ જ કહે છે. આહા..હા..! અનાદિ કાળથી પ્રભુ ! રાગ ને દ્વેષ ને અજ્ઞાનમાં (રહ્યો) પણ તેની મુદ્દત તો એક સમયની છે. એ સમય સમય કરતાં અનંત કાળ ગયો અને રૂપાંતર થતાં પણ પ્રભુ એક જ સમય છે, મોક્ષ પણ એક જ સમય રહે છે, દ્રવ્ય ત્રિકાળ રહે છે. આહા..હા..! મોક્ષની પર્યાય એક સમય (રહે), બીજે સમયે બીજી. એ નહિ, એ નહિ, એવી. એ નહિ, એવી. એવી ખરી પણ એ નહિ. આહા..હા..! આવી ચીજ છે. શેઠિયા ગયા ? છે ? ઠીક ! આ સાંભળવા જેવું છે, શેઠિયા ! આહા..હા..!

બે કારણ કહ્યાં. એક સ્વદ્રવ્યના આશ્રયની અપેક્ષાએ બધા ચારે ભાવો હેય છે. હેય છે એનું કારણ (શું) ? - કે એનું કારણ પરસ્વભાવ છે. આહા..! બીજી વાત – અને પરસ્વભાવ છે તેથી. આહા..હા..! ગજબ વાત છે. અને '**તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**છે.**' આહા..હા..! ગજબ વાત છે. સાંભળવી કઠણ પડે, પ્રભુ ! તારું સ્વરૂપ એવું છે, ભાઈ !

અનાદિઅનંત સનાતન ચૈતન્યનો હીરલો અનંત ગુણના રત્નથી ભરેલો સનાતન નિત્ય ધ્રુવ છે. એની દૃષ્ટિની અપેક્ષાએ ચાર ભાવ પણ હેય છે. કારણ કે પરસ્વભાવ છે. આહા..હા..! કેવળજ્ઞાન પરસ્વભાવ છે. ત્રિકાળી સ્વસ્વભાવ છે એની અપેક્ષાએ ઉત્પન્ન થયેલો ભાવ, એ તો ઉત્પન્ન થયેલો ભાવ છે અને દ્રવ્ય છે એ તો સનાતન સત્ય છે. આહા..હા..! આવી વાત છે 'હીરાભાઈ' ! આહા..હા..!

૫૦મી ગાથા 'કુંદકુંદાચાર્યે' પોતે, પોતે લખ્યું છે ને ? '**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं**' આ તો અર્થકાર–ટીકાકાર કહે છે (પણ) પોતે કહે છે કે મેં મારે માટે બનાવ્યું છે, પ્રભુ ! મારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે એથી હું એમ કહું છું કે બંધ અને મોક્ષ પર્યાય તે હેય છે અને તેનું કારણ એમ કહું છું કે એ પરસ્વભાવ છે અને તેથી જ તે પરદ્રવ્ય છે. આહા..હા..! પરની સાથે સંબંધ નથી. પોતાની જ પર્યાયની વાત છે. બંધ અને મોક્ષની પર્યાય પોતાની પર્યાયની વાત છે પણ એ પરદ્રવ્ય છે. આહા..હા..! કેમ ? જેમ પરદ્રવ્યમાંથી નવી નિર્મળ આનંદની પર્યાય આવતી નથી તેમ પર્યાય મોક્ષની પર્યાય હો તોપણ એમાંથી નવી આનંદની પર્યાય નવી પર્યાયમાંથી આવતી નથી. આહા..હા..! ગજબ વાત છે. ભાગ્યવાનને કાને પડે એવું છે. આહા..હા..!

રાગ તો દુઃખદાયક છે, એ તો સંસાર છે, એ તો એક સમયની અવસ્થા પલટી શકે છે પણ પલટીને મોક્ષ થાય એ સમયની અવસ્થા પણ એક જ સમયની છે. કેમ ? - કે ત્રિકાળીની અપેક્ષાએ એક સમય છે તેથી ત્રિકાળીની અપેક્ષા હેય છે, તેથી ત્રિકાળીના સ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ છે '**અને તેથી જ...**' હેયને કારણે પરસ્વભાવ છે તેથી જ એ પરદ્રવ્ય છે. આહા..હા..!

પોતાનો કેવળજ્ઞાન પર્યાય, સિદ્ધ પર્યાય, અનંત ચતુષ્ટય બાહ્ય પ્રગટેલા; શક્તિમાં જે અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય હતું એ પર્યાયમાં અનંત ચતુષ્ટય પ્રગટ થયા છતાં કહે છે કે એ તો પરદ્રવ્ય છે. આહા..! કેમકે એમાંથી નવી પર્યાય આવતી નથી. જેમ પરદ્રવ્યમાંથી નવી આનંદની પર્યાય આવતી નથી એમ આ પર્યાયમાંથી નવી આનંદની પર્યાય આવતી નથી. આનંદની પર્યાય આવે છે ભગવાન ત્રિકાળ ત્રિલોકના નાથમાંથી આવે છે. આહા..હા..! જેમાંથી અનંત આનંદની પર્યાય આવે તેને અમે સ્વદ્રવ્ય કહીએ છીએ. આહા..હા..! અને જે પર્યાયમાંથી નવી આનંદની પર્યાય ન આવે તેને અમે સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય કહીએ છીએ. ગજબ વાત છે ! આહા..! '**તેથી જ પરદ્રવ્ય છે.**' આહા..! એમાં વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી નિયમસાર, ગાથા–૪૧, પ્રવચન નં. ૧૭૪
## તા. ૦૯-૦૯-૧૯૬૬
## [૧૦]

આ 'નિયમસાર' મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે. તેમાં આ 'શુદ્ધભાવ અધિકાર' છે. ઉપર નામ છે ને ? આ બાજુ 'નિયમસાર' (લખ્યું છે), આ બાજુ 'શુદ્ધભાવ (અધિકાર)' (લખ્યું છે). તેનો શું અર્થ છે ? - કે આત્મા એક સમયમાં પૂર્ણ ધ્રુવ જ્ઞાયકભાવને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. એક સમયની પર્યાય વિનાનો. સમજાણું કાંઈ ? એક સમયની પર્યાય, રાગ-દ્વેષ એ વિનાનો એકલો ધ્રુવ ચૈતન્યપ્રભુ જ્ઞાયકભાવને શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. એ શુદ્ધભાવમાં ચાર વિભાવ સ્વભાવનો અભાવ છે, એ ગાથા છે ? સમજાણું કાંઈ ? પહેલા કહ્યું ને ?

**'કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે.'** પહેલી લીટી. તેનો અર્થ નીચે (ફૂટનોટમાં) છે. 'કર્મોના ક્ષયે = કર્મોના ક્ષયમાં, કર્મોના ક્ષયના સદ્‌ભાવમાં (વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ છે).' પોતાના પુરુષાર્થથી જ્યારે ક્ષાયિકભાવ પર્યાય પોતાના સ્વભાવના આશ્રયે પ્રગટ કરે છે તો કર્મનો ક્ષય તે સમયે થઈ જાય છે. સમજાણું કાંઈ ? એવો ***ક્ષાયિકભાવ આત્મદ્રવ્યમાં–વસ્તુમાં... ક્ષાયિકભાવ શબ્દે કેવળજ્ઞાન, ક્ષાયિકભાવ શબ્દે કેવળદર્શન, ક્ષાયિક સમકિત અને દાન, લાભ, ભોગાદિ જે નવ ક્ષાયિકભાવ છે – ક્ષાયિક ચારિત્ર, એ નવ પ્રકારની ક્ષાયિક પર્યાય જે દશા છે તે દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ ?***

***શ્રોતા :– દ્રવ્યમાં નથી તો ક્યાં છે ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાય પર્યાયમાં છે. સામાન્ય દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ ?*** પહેલાં તો ઉપોદ્‌ઘાત કરે છે, હોં ! પહેલાં એક પ્રશ્ન હતો કે અત્યાર સુધી અમે અહીંયા રહ્યા તો ક્રમબદ્ધની વાત આવી નથી. સવારે આવી નહિ, બપોરે આવી નહિ. કોઈ ભાઈનો પ્રશ્ન હતો. 'જયપુરવાળા'નો હતો. ઉપાદાન-નિમિત્ત અને ક્રમબદ્ધની વાત આવી જ નહિ.

અહીંયા આપણે થોડું લઈએ છીએ, જુઓ ! કે ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્યધાતુ પૂર્ણાનંદ પરમપારિણામિક સ્વભાવભાવરૂપ આત્માને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. તેના આશ્રયે ક્ષાયિકભાવ કેવળજ્ઞાનની દશા ઉત્પન્ન થાય છે, પણ ક્ષાયિકભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આદિ ચાર ભાવ શુદ્ધભાવમાં નથી. તેનો ખુલાસો છેલ્લો આવે છે. જુઓ ! **'ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.'** પાછળ છે, ૮૫ પાને છે. આ તો થોડું લઈને થોડું ક્રમબદ્ધનું લેવું છે. શું કહ્યું ?

સૂક્ષ્મ ઊંડી વાત છે. ઉપરથી કોઈ પત્તો લાગી જાય એવી ચીજ નથી. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં એવા શુદ્ધ ચૈતન્યના રસથી ભરપુર પડ્યો છે.

**કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,**
**અપને રસસૌં ભરયૌ આપની ટેક હૌં.**

'બનારસીદાસ'માં આવે છે ? એ કળશ 'અમૃતચંદ્રાચાર્યદેવ'નો છે. **'કહૈ વિચચ્છન...'** વિચક્ષણ નામ જ્ઞાની.

**કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,**
**અપને રસસૌં ભરયૌ આપની ટેક હૌં.**

પોતાના સ્વભાવમાં અનંત આનંદ આદિ પૂર્ણ સ્વભાવ ભર્યો છે એવું અનાદિથી જ મારામાં છે. સમજાણું કાંઈ ? **'કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં, અપને રસ...'** રસ. રસ નામ સ્વભાવ, રસ નામ શક્તિ, રસ નામ સત્ત્વ, રસ નામ ભાવ. મારા નિજ સ્વભાવમાં અનાદિથી હું એકરૂપ ભર્યો છું. દ્રવ્યસ્વભાવ.

**મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ,**
**કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,**
**અપને રસસૌં ભરયૌ આપની ટેક હૌં.**
**મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ,**
**સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ. ૩૩. (જીવદ્વાર)**

એ 'બનારસીદાસ'ની કડી છે. 'બનારસીદાસજી' ! તમારા નામની કડી છે. 'બનારસીદાસ' થયા ને ? 'સમયસાર નાટક' (બનાવ્યું છે). સમજાણું કાંઈ ? અનાદિ આનંદકંદ પ્રભુ ધ્રુવસ્વરૂપમાં આ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક જે પર્યાય ભાવ છે–અવસ્થા ભાવ છે. એ અવસ્થા ભાવ સ્વભાવમાં નથી. એ ચાર ભાવ બંધનું કારણ છે - એમ અહીંયા તો કહે છે. આહા..હા..! ચાર ભાવ મુક્તિનું કારણ નથી. કેમ ? - કે ચાર ભાવ એ પર્યાય છે. મુક્તિનું કારણ એ નથી. મુક્તિનું કારણ ત્રિકાળ ભાવ છે. સમજાણું કાંઈ ? ત્રિકાળ ધ્રુવ સ્વરૂપ કારણપરમાત્મા ત્રિકાળ સત્ ચિદાનંદ પ્રભુમાંથી કેવળજ્ઞાનાદિ કાર્ય ઉત્પન્ન થાય છે. મુક્તિનું કારણ તો ભગવાન ધ્રુવ સ્વરૂપ જ કારણ છે, પર્યાય કારણ નથી.

હવે, જ્યારે કેવળજ્ઞાન થયું તો પણ કેવળજ્ઞાનની એક સમયની પર્યાય ક્ષાયિકભાવ છે. અંદરમાં ધ્રુવભાવમાં એ નથી. સામાન્યમાં એ વિશેષ નથી. સમજાણું કાંઈ ? અને એ વિશેષ જે કેવળજ્ઞાન છે તે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે છે. કહો, બરાબર છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક સમયમાં ત્રણકાળ ત્રણલોક એક સમયના જ્ઞાનમાં પ્રગટ જ્ઞાનને જોવાથી તેમાં ત્રણકાળ ત્રણલોક જાણવામાં આવે છે. ભગવાનનું જેવું જ્ઞાન થયું એવા ત્રિકાળ દ્રવ્ય-ગુણ-પર્યાય જેવા છે એ ત્રણ કાળમાં જ્યાં જ્યાં જેવી પર્યાય થાય છે તે પર્યાય કેવળજ્ઞાનમાં પહેલેથી ઝળકી ગઈ છે. 'સોભાગચંદજી' !

થશે ત્યારે દેખાય એ કેવળજ્ઞાન કહેવાય ? એ તો પ્રશ્ન કરે છે. આ તો એનું સ્વરૂપ જ એવું છે, ભાઈ ! એ..ઇ... ! 'દેવાનુપ્રિયા' ! શું કહ્યું એમણે ? થશે ત્યારે (જાણે) એ કેવળજ્ઞાન કહેવાય ? પર્યાય થશે ત્યારે કેવળજ્ઞાન જાણશે.

શ્રોતા :– નિમિત્ત છે ને..

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિમિત્ત ક્યાં..? એક સમયમાં ભગવાન ત્રણકાળ ત્રણલોકની પર્યાય એક સમયમાં જોવે છે. જ્યાં જ્યાં જે પર્યાય જે સમયે જે ક્ષેત્રમાં અને જે નિમિત્તના પ્રસંગમાં, પ્રસંગમાં, હોં ! તેનાથી નહિ, એવું ભગવાનના જ્ઞાનમાં (જણાય છે).

જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા રે..

'ભૈયા ભગવતીદાસ' 'બ્રહ્મવિલાસ'ની આ કડી છે.

જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા રે..
અનહોની કબહૂ ન હોંસે કાહે હોત અધીરા રે..

શ્રોતા :– એ તો આશ્વાસન માટે..

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે..! આશ્વાસન (માટે) નથી. લોકો કહે છે કે એ આશ્વાસન માટે છે. ભગવાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે છે. એવા જગતના દ્રવ્યની પર્યાય એક સમયમાં જે ક્રમ છે, બીજે સમયે, ત્રીજે સમયે જે (પર્યાય) થવાવાળી છે તે જ થાય છે. તેને સિદ્ધ કરવા 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ, 'કુંદકુંદાચાર્ય' 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'ની શરૂઆતમાં કહે છે, 'અમૃતચંદ્રાચાર્ય' એના ઉપર ઉપોદ્‌ઘાત (–ટીકા) કરે છે. '**अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपुरस्सरमाख्याति-**' એવા શબ્દો છે. આત્માનું અકર્તૃત્વ '**दृष्टान्तपुरस्सरमाख्याति-**' ભગવાન આત્મા અકર્તા છે તે અમે દષ્ટાંતથી કહીએ છીએ. તેમાં ક્રમબદ્ધ આવ્યું છે, એ અધિકારમાં ક્રમબદ્ધ લીધું છે.

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાય ક્રમ(સર છે), ગુણ અક્રમ (છે). એક સેકંડના અસંખ્ય ભાગમાં આત્મામાં ગુણ અક્રમ એકસાથે તીરછા રહે છે અને પર્યાય ઊર્ધ્વ રહે છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :– ભગવાન બન્નેને જાણે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાન બન્નેને એક સમયમાં જાણે છે. સમજાણું કાંઈ ?

શ્વેતાંબર છે ને ? એમાં એક 'દેવચંદજી' થયા છે. એમણે 'શીતલનાથ' ભગવાનની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્તુતિ કરી છે. એ 'શીતલનાથ' ભગવાનની સ્તુતિમાં પણ એમણે આ શ્લોક લીધો છે. 'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ ગુણ રાજનીતિએ ચાર જે, ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કાર જી..' કાર એટલે આજ્ઞા. 'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ ગુણ...' પ્રત્યેક પદાર્થમાં દ્રવ્ય, તેનું ક્ષેત્ર, તેની અવસ્થા, તેનો ભાવ, કાળ એટલે અવસ્થા (હોય છે). 'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ રાજનીતિએ ચાર જે,...' સર્વ દ્રવ્યની આ રાજનીતિ છે.

'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કાર જી..' જડ અને ચૈતન્યને ત્રાસ નથી કે આ ભગવાને જોયું માટે થયું, એમ નથી. પણ પોતાની પર્યાયમાં જે કર્મસર થવાવાળી છે એ 'ત્રાસ વિના જડ ચૈતન્ય, પ્રભુની કોઈ ન લોપે કાર જી..' ભગવાનની આજ્ઞા બહાર કોઈ પર્યાય પરિણમતી નથી. સમજાણું કાંઈ ? શું થયું ? જે સમયે જ્યાં જે દ્રવ્યની જે પર્યાય થવાવાળી છે તે ત્યાં થશે. આઘીપાછી ત્રણકાળ ત્રણલોકમાં કોઈ દ્રવ્યની થતી નથી. સમજાણું કાંઈ ? પોતાના ક્રમે થાય છે અને ગુણો અક્રમે હોય છે. ક્રમસર પર્યાય થાય છે. પરની અપેક્ષાએ અક્રમ કહેવામાં આવે છે. અક્રમનો અર્થ આઘીપાછી નહિ !

નિજ દ્રવ્યની અપેક્ષાએ પોતાને દ્રવ્ય કહેવામાં આવે છે તો બીજા દ્રવ્યની અપેક્ષાએ આ દ્રવ્યને અદ્રવ્ય કહેવામાં આવે છે. સાંભળ્યું છે ? આહા..હા..! પોતાનો આત્મા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. દ્રવ્ય નામ ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર નામ પહોળાઈ, કાળ નામ અવસ્થા, ભાવ નામ શક્તિ–ગુણ. નિજ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. એ અપેક્ષાએ ભગવાન એમ કહે છે કે પોતાની વસ્તુ નિજ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે અને પરની વસ્તુ પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે; તો પરની અપેક્ષાએ પોતાનું અદ્રવ્ય-અક્ષેત્ર-અકાળ-અભાવ છે. પોતાની અપેક્ષાએ પર અદ્રવ્ય-અક્ષેત્ર-અકાળ-અભાવ છે. તેની અપેક્ષાએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે. પોતાની અપેક્ષાએ બધા દ્રવ્ય અદ્રવ્ય-અક્ષેત્ર-અકાળ અને અભાવ છે. આ વાત જ કોણ જાણે કેવી ? શું કહ્યું ?

જુઓ ! આ આંગળી છે. આ આંગળી આંગળીથી વસ્તુ છે. પણ આ (–બીજી) આંગળીની અપેક્ષાએ આ (–પહેલી) આંગળી અવસ્તુ છે, અને આ (–પહેલી) આંગળી પોતાની અપેક્ષાએ વસ્તુ છે પણ (બીજી આંગળીની) અપેક્ષાએ અવસ્તુ છે અને આ (–બીજી) આંગળી (પહેલી) આંગળીની અપેક્ષાએ અવસ્તુ છે. સમજાણું કાંઈ ? સપ્તભંગીના બે બોલ છે. એ પહેલા સ્પષ્ટ છે.

એમ દરેક દ્રવ્યની પર્યાય પોતાથી ક્રમસર છે, પરની અપેક્ષાએ કહો તો અક્રમ એટલે એ ક્રમસર નથી. પણ આઘીપાછી થાય છે એમ એનો અર્થ નથી. નિશ્ચિત ત્રિકાળ છે.

શ્રોતા :– વિકારી પર્યાય છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિકારી (પર્યાય) તે દ્રવ્યમાં જે સમયે થવાવાળી છે તે ત્રિકાળ નિશ્ચિત છે. ત્રણે કાળ નિશ્ચિત છે. કહો, સમજાણું કાંઈ ? જ્યાં જ્યાં વિકાર પણ જે સમયે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થનાર છે (તે જ થાય છે). અહીં તો (સંવત) ૧૯૭૧ની સાલથી અમારે તો આ વાત ચાલે છે. ૫૧ વર્ષ થયા. એની વાત શ્લોકમાં ચાલે છે. વિકાર ... થાય છે, કર્મથી થાય છે. ધૂળમાં પણ થતો નથી, સાંભળ તો ખરો ! એ.. 'ધન્નાલાલજી' ! ૭૧ સમજ્યા ? શું કહે છે ? ૭૦ અને ૧. (સંવત) ૧૯૭૦ માં (સંપ્રદાયમાં) દીક્ષિત થયા. સંપ્રદાયની સામે ૧૯૭૧થી વાત ચાલે છે.

***આત્માની પોતાની પર્યાયમાં વિકાર થવાનો કાળ છે તો વિકાર થાય છે, પરથી વિકાર થતો નથી. સમજાણું કાંઈ ? એમાં ઉપાદાન આવી ગયું.*** 'જયપુરવાળા' ભાઈનો પ્રશ્ન હતો. ઉપાદાન પોતાની પર્યાયથી કાર્ય થાય છે. સમજાણું કાંઈ ? પરથી થતું નથી. પણ નિમિત્ત છે તો વ્યવહારથી બોલવામાં આવે છે કે તેનાથી થયું, છે નહિ. પોતાના ઉપાદાનથી બધું થયું. 'ઉપાદાન બળ જહાં તહાં નહીં નિમિત્ત કો દાવ, એક ચક્ર સો રથ ચલે, રવિ કો યહી સ્વભાવ; ઉપાદાન નિર્વચન હૈ નિમિત્ત ઉપદેશ વસે જું જૈસે દેશ મેં કરે તૈસે ભેસ.' ઉપાદાન નામ પ્રત્યેક પદાર્થની પોતાના સ્વકાળે પર્યાય થાય છે. નિમિત્તનો પરનો કાળ, નિમિત્તની પર્યાય પણ તેનો સ્વકાળ છે. સમજાણું કાંઈ ? તેની પર્યાય તેનો સ્વકાળ છે. તેનાથી થતી નથી. પોતાની પર્યાયથી થાય છે અને પર કાળથી થતી નથી. સમજાણું કાંઈ ? બસ ! થઈ ગયું. ઉપાદાન-નિમિત્ત અને ક્રમબદ્ધ બન્ને વાત એમાં આવી ગઈ. અર્થ ત્યાંથી ઉભો થયો છે. બધી વાત ઉપાદાન-નિમિત્તમાંથી ઉભી થઈ છે.

પોતાની પર્યાય પોતાના કાળે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, પોતાની કાળની શક્તિથી સ્વથી ઉત્પન્ન થાય છે, પરથી ઉત્પન્ન થતી નથી. સમજાણું કાંઈ ? એ જ ઉપાદાનમાં ક્રમબદ્ધ આવી ગયું.

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ઇ વાત હજી કહેવી છે ને, હજી એમાં બાકી છે. હજી આ સાબિત થાય પછી (આવશે). સમજાણું કાંઈ ? 'તારાચંદજી' ! ઇ કોઈ કહેતું હતું, અમારે ત્યાં તો બહુ ચાલે છે, પણ આ વાત તો આ ૨૦ દિવસમાં આવી જ નહિ. ભાઈ ! સાંભળો. બપોરે થોડી કહીશું. કોઈ 'જયપુરવાળા' ભાઈ હતા. કોઈ હતું. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા.. ! અહીં તો ત્રણ પ્રકારના ઈશ્વર છે. (૧) જડેશ્વર, (૨) વિભાવઈશ્વર, (૩) સ્વભાવઈશ્વર. બસ ! આ જગતમાં ત્રણ છે. રજકણ આદિ અજીવ તત્ત્વ છે એ જડેશ્વર છે. પોતાની પર્યાય સ્વતંત્રપણે કરવામાં તે સ્વતંત્ર છે. વિભાવઈશ્વરઃ જે વિભાવનો સ્વામી થઈને વિભાવને કરે છે એ વિભાવઈશ્વર છે. અને ચૈતન્ય સ્વભાવનો સ્વામી થઈને સ્વભાવને કરે છે એ સ્વભાવઈશ્વર છે. એવા અનંત ઈશ્વર જગતમાં છે. જડેશ્વર પણ અનંત, વિભાવઈશ્વર પણ અનંત, સ્વભાવઈશ્વર પણ અનંત. બરાબર છે ? જડેશ્વર જડ–અજીવ અનંત છે ને ? પરમાણુ અનંત છે. વિભાવઈશ્વર–સંસારી જીવ. નિગોદથી માંડી અનંત (જીવ). વિભાવનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વામી થઈને વિભાવ કરે છે તે વિભાવઈશ્વર છે. તે અનંત છે. સ્વભાવનો ઈશ્વર સ્વભાવનો સ્વામી થઈને સ્વભાવની પર્યાય કરે છે. સમજાણું કાંઈ ?

ત્યારે હવે એવો અર્થ થયો કે કેવળજ્ઞાનથી સિદ્ધ નથી કરવું. વસ્તુની વ્યવસ્થાથી સિદ્ધ કરવું છે. વસ્તુ જ પોતાની પર્યાયથી કાર્ય વિના પદાર્થ કદી હોતો નથી. કાર્ય વિના પદાર્થ રહેતો નથી. તો કાર્યનું નામ પર્યાય છે. પ્રત્યેક પદાર્થની વર્તમાન પર્યાય તે તેનું કાર્ય છે. તો તે કાર્યનું કરવાવાળુ તે દ્રવ્ય છે, તે કાર્યનું કરવાવાળું પરદ્રવ્ય નથી. સમજાણું કાંઈ ? ઉપાદાન સિદ્ધ થઈ ગયું. ઉપાદાન સિદ્ધ થઈ ગયું (કે) પ્રત્યેક પદાર્થ પોતાના કાર્યથી કામ કરે છે, પરથી નહિ.

હવે જ્યારે એમ કહો કે પરથી થતું નથી. પણ ક્રમબદ્ધ એમાં કઈ રીતે આવ્યું ? - કે જે સમયે થવાવાળી છે તે જ થાય. બીજે સમયે થવાવાળી (તે જ થાય). તેનો અર્થ કહ્યો ને કે ***જે જે સમયે જે સત્‌નો અંશ છે તે જ સમયનો અંશ ઉત્પન્ન થનાર છે. બીજે સમયે તે જ સત્(નો અંશ થશે). પૂર્વની પર્યાયથી નહિ, દ્રવ્ય-ગુણથી પણ નહિ. ખરેખર તો એવી સૂક્ષ્મ વાત છે. તે પર્યાયનો અંશ જે સમયે, જે કાળે, જે દ્રવ્યનો થવાવાળો છે તે પરદ્રવ્યથી થતો નથી, પોતાની પૂર્વ પર્યાયથી થતો નથી, પોતાના દ્રવ્ય-ગુણથી પણ થતો નથી.*** એ.. 'પાટનીજી' ! જરી ઝીણી વાત તો આવી છે, ભાઈ ! ક્રમબદ્ધ નાખવા ગયા ત્યાં (ઝીણી વાત આવી).

હવે જ્યારે એમ કહો કે જ્યાં જ્યાં પર્યાય થવાવાળી થાય છે તો તેમાં ધર્મ કરવાનો પુરુષાર્થ ક્યાં રહ્યો ? લ્યો, 'બાબુભાઈ' કહે છે, બરાબર છે. 'માણેકલાલભાઈ' ! ભાઈ ! ભગવાને એમ કહ્યું, જેમ સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં જેમ છે તેમ જાણે છે, તેમ સમ્યગ્જ્ઞાની–ધર્મી જ્યાં પર્યાયમાં પરમાં જે સમયે થવાવાળી છે તેની કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. હું પરનો કર્તા છું એ બુદ્ધિ છૂટી જાય છે. કારણ કે પરમાં અને મારામાં (પર્યાય) થાય છે. પરમાં પર્યાય થાય છે તો તેનો .... આમાં પણ આવે છે ને ? ભાઈએ ક્યાંક નાખ્યું છે ને ? શું આવે છે ? કેટલામું પદ આવે છે ?

જુઓ ! ભાઈએ – 'શેઠિયા'એ લખ્યું છે. એ 'દીપચંદજી શેઠિયા' 'સરદારશહેર'ના છે ને ? એમણે ગાયન બનાવ્યું છે. સંસ્કારી જીવ રૂડો જીવ છે. સમજાણું કાંઈ ? હમણાં થોડી વાત કરી હતી ને ? બપોરે કોઈક બેઠું હતું. ૩૫-૩૭ વર્ષ પહેલાં તેમના મામા પાસે સાંઈઠ લાખ રોકડા હતા. તે તેમને આપતા હતા. ૩૫-૩૭ વર્ષ પહેલાંના સાંઈઠ લાખ એટલે ? અત્યારે તમારે ત્રણ આનાનો એક રૂપિયો થઈ ગયો છે. ત્રણ કરોડ રૂપિયા. નહિ, નહિ. શું કરીશું ? મામા ! એ પૈસાનું શું કરીશું ? મારી પાસે બે-ત્રણ લાખ છે તેની પણ મને રુચિ નથી. તમારા સાંઈઠ લાખને શું કરીશ ? સાંઈઠ લાખનો નકાર કરી દીધો. મામાને આંખમાં આંસુ આવી ગયા. મામા ! દેવાવાળા તો મળે છે, ના પાડવાવાળા મળતા નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ ? તેમણે આ ભજન બનાવ્યું છે.

**દ્રવ્ય બના હૈ, ભાવ બના હૈ, હોના ભી સાથ બના હૈ,**

દ્રવ્ય બના હૈ. છે ને ? ગુણ બના હૈ ? હોના પર્યાયની વાત છે. 'હોના ભી સાથ બના હૈ.'

**બને બનાયે જડ-ચૈતન્ય મેં ક્યા કરને જાવે જીવ ?**
**જ્ઞાનેશ્વર અન્ય ક્યા કરને જાવે જીવ ?**

હે જ્ઞાનના ઈશ્વર ! હે પ્રભુ ! તું જ્ઞાનેશ્વર–જ્ઞાનનો સ્વામી તું જ્ઞાતા-દૃષ્ટા છો, ભગવાન !

અન્ય ક્યા કરને જાવે જીવ ? જ્ઞાનેશ્વર ક્યા કરને જાવે જીવ ? સમજાણું કાંઈ ? બહુ ઝીણી ઝીણી વાત ઘણી લીધી છે. તાત્ત્વિક વિષયનું ગાયન બનાવ્યું છે ? સમજાણું કાંઈ ? બીજું એક ક્રમબદ્ધમાં કાંઈક નાખ્યું છે. એમાં પણ લખ્યું છે.

**દ્રવ્ય અનાદિ તો બના બનાયા હૈ, નિજ નિજ કર્તા આવે જી..**
**જાણે જગ કો તો માલિક નિજ કો હૈ, વહ નિશ્ચય સુખ પાવે જી..**

પોતાને જાણે અને પરને જાણે કે થાય છે. પરનું કરવું-ફરવું કાંઈ છે નહિ અને પોતાની પર્યાયમાં રાગ આવ્યો તો રાગનો પણ કર્તા નથી. કેમકે જ્યારે આત્માની પર્યાય થવાવાળી થઈ તો ધર્મીની દૃષ્ટિ–સમકિતીની દૃષ્ટિ જ્ઞાયકભાવ ઉપર જાય છે. હું તો જાણનાર-દેખનાર ત્રિકાળ ચૈતન્યમૂર્તિ જ્ઞાનેશ્વર છું. હું જ્ઞાનેશ્વર છું. પરની પર્યાયનો સ્વામી નહિ, આ રાગ થાય છે તેનો પણ હું સ્વામી નહિ. સમજાણું કાંઈ ? '... નારાણજી' ! આ સમજવું પડશે, હોં ! બહારમાં ગપ્પામાં કાંઈ નહિ મળે. આહા..હા..! સમજાણું કાંઈ ? એ ક્રમબદ્ધનું ક્યાં છે ? એમાં ઘણું છે. 'કૌન કિસે પલટાયે' એ પણ છે.

**હોના હૈ વૈસે હી હોય છે જી, કૌન કિસે પલટાય ?**
**મર્યાદા સ્વ-પર અંતસ લાવો જી, મર્યાદા સ્વ-પર અંતસ લાવો.**

તારી મર્યાદા તારા પર્યાય-ગુણમાં રહે છે, પરની પર્યાયમાં તેની પર્યાયની મર્યાદા રહે છે. કોઈની પર્યાય ઓળંગીને બીજામાં જાતી નથી. પોતાની પર્યાય પોતાથી થાય છે, પરની પર્યાય પરથી થાય અને સ્વકાળે થાય છે. સમજાણું કાંઈ ?

**વિશ્વમર્યાદા અટળ હૈ, નહિ કોઈ પલટનહાર**
**જ્ઞાતા બન બન સુખી થયા, આપા સમજનહાર.**

સમજાણું કાંઈ ?

**હોના હૈ સો હોય સો, કુછ નહિ ચલે જી, કુછ નહિ ચલે જી,**
**યહ નિશ્ચય દૃઢ જાન, પરિહાર પર શરણં.**

પરનું શરણ છોડી દે, ભગવાન ! તારું જે થવાનું હશે તે થશે, પરનું જે થવાનું હશે તે થશે, જ્ઞાયકની દૃષ્ટિ કરી લે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સ્વયં નિયમસાર જગ હોતા હૈ, કરને કિસકો જાવે જી ?**
**જબરન પર કા કર્તા બનકર જીવમદ જાવે જી ?**

જીવ તો મદમાં ફરે છે, એમ કહે છે. ક્રમસર તો પછી ક્યાંક છે. ક્રમબદ્ધ ક્યાંક છે ખરું. ૧૩ મા પદમાં છે.

**ચેતન ક્યોં પર અપનાતા હૈ, આનંદઘન તું ખુદ જ્ઞાતા હૈ,**
**જ્ઞાતા ક્યોં કર્તા બનતા હૈ ? ખુદ ક્રમબદ્ધ સહજ પલટતા હૈ.**
**જ્ઞાતા ક્યોં કર્તા બનતા હૈ ? ખુદ ક્રમબદ્ધ સહજ પલટતા હૈ,**
**યહ વિશ્વ નિયમ સે ચલતા હૈ, ઇસમેં નહિ ધક્કા ચલતા હૈ.**

કોઈની પર્યાય ધક્કાથી ચાલી જાય અને ધક્કાથી થઈ જાય એમ છે નહિ. એ સમયે પર્યાય થવાવાળી છે, ભગવાન ! તું કોને ધક્કો મારીને પલટાવવા ચાહે છે ? તારી પર્યાયનો જ્ઞાતા અને બીજાની પર્યાયનો પણ જ્ઞાતા, એવો તારો સ્વભાવ ભૂલીને ભગવાન જ્ઞાનેશ્વર શું કરવા જાય છે ? સમજાણું કાંઈ ? અનાદિનો નિયમ છે.

**વસ્તુ કી માલિક વસ્તુ હૈ, જો માલિક હૈ વહી કર્તા હૈ,**
**ફિર માલિક કે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હૈ ?**
**જો હૈ સો સ્વયં પરિણમતા હૈ, વહ નહીં કિસી સે ટલતા હૈ,**
**યહ માને બિન કલ્યાણ નહીં, કોઈ કૈસે હી કુછ કરતા હો.**

જે સમયે જે પર્યાય થવાવાળી (છે તે થાય છે). જુઓ ! આવ્યું.

**સત્ શક્તિ હૈ સ્વયં મહાન, જડ-ચૈતન્ય દોનોં ભગવાન.**

બન્ને પદાર્થ મહિમાવંત ભગવાન છે. ભગવાન એટલે જ્ઞાન નહિ પણ બધા મહિમાવંત પદાર્થ છે.

**સત્ શક્તિ હૈ સ્વયં મહાન, જડ-ચૈતન્ય દોનોં ભગવાન,**
**ક્રમબદ્ધ કરતે હૈં અપના કામ, દાયેં-બાયેં પૈર સમાન.**

દૃષ્ટાંત આવ્યું. શું કહ્યું ? જમણો-ડાબો પગ ચાલે છે કે નહિ ? જમણો-ડાબો. તો પહેલા જમણો, પછી ડાબો, પછી ડાબો, પછી જમણો. કોઈ કૂદકા મારીને એકસાથે ચાલે તો એ ચાલ્યો ન કહેવાય. ક્રમનો અર્થ એ પગ છે. પંડિતજી ! ક્રમનો અર્થ પગ છે. એ ભક્તામરમાં પણ આવે છે. ક્રમનો અર્થ પગ છે. જેમ ડાબો-જમણો પગ ચાલે છે તેમ એક પછી એક, ડાબા પછી જમણો, જમણા પછી ડાબો (ચાલે છે) તેમ દ્રવ્યમાં એક પછી એક પહેલી પર્યાય પહેલી અને પછીની પછી (થાય છે). આઘીપાછી પર્યાય કદી દ્રવ્યમાં થતી નથી. સમજાણું કાંઈ ? સ્વકાળ.

પોતાના સ્વકાળથી પર્યાય થાય છે. ભગવાને જોયું છે એ એક બાજુ રાખો. ભગવાને જોયું એ તો સર્વજ્ઞની ઓથ લઈને કહેવું છે. બાકી સ્વકાળે પર્યાય થાય છે અને પરકાળથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહિ, પરથી નહિ અને આઘીપાછી નહિ. એવો જ્યારે નિર્ણય કરવા જાય છે ત્યારે પર્યાયની દૃષ્ટિ છૂટી જ્ઞાયકની બુદ્ધિ થઈ જાય છે. હું જ્ઞાયક છું, જાણનાર-દેખનાર છું એવી દૃષ્ટિ થઈ તો કર્તા થઈ ગયો. કોનો ? સ્વભાવનો. અને અકર્તા થઈ ગયો–પરનો અને વિભાવનો. એમાં પુરુષાર્થ આવ્યો. સમજાણું કાંઈ ? 'પાટનીજી' ! આહા..હા..! આ નવી વાત નથી, ત્રણકાળ અનાદિની આ વાત છે. સમજાણું કાંઈ ? અનાદિકાળથી સંતો કહેતા આવ્યા છે, કેવળી કહેતા આવ્યા છે, સમ્યગ્દૃષ્ટિ કહેતા આવ્યા છે. સમજાણું કાંઈ ? સાંભળી નથી માટે નવી છે એમ કોણ કહે છે ? સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા અને અનંત પદાર્થ પોતાની પર્યાયનું સ્વકાળે પરિણમન થાય છે. આગળપાછળ પૂર્વને કારણે થતું નથી. બસ ! તેનો ક્રમબદ્ધ નિશ્ચય થઈ ગયો. અને કેવળજ્ઞાનીએ પણ એમ જોયું છે એવી આજ્ઞા ઓળંગીને દ્રવ્યની પર્યાય ક્યારેય થાય એમ (નથી). શાસ્ત્રનો એવો નિયમ છે કે લોકાલોક છે તે કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. કોઈ કહે છે કે જ્ઞાનમાં નિમિત્ત છે ? પણ જ્ઞાન લોકાલોકને નિમિત્ત નથી એમ કોઈ કહે છે. જૂઠ છે. 'પ્રવચનસાર'માં પહેલા અધિકારમાં 'જ્ઞાન અધિકાર'માં ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' લીધું છે કે લોકાલોકની એક સમયની પર્યાય કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. કેવળજ્ઞાનની પર્યાય લોકલોકને એક સમયમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ ? 'પ્રવચનસાર'માં પહેલા અધિકારમાં છે.

એક સમયમાં લોકાલોકની પર્યાય જે છે તે એક સમયમાં ખ્યાલમાં આવી ગઈ. કોઈ કહે કે પ્રગટ પર્યાય નથી ને ? ત્યાં તો પ્રગટ પર્યાય એક છે, ભૂત-ભવિષ્યની નથી. સમજાણું કાંઈ ? દ્રવ્યમાં ભૂત-ભવિષ્યની પ્રગટ પર્યાય નથી. પ્રગટ તો એક છે, તો અપ્રગટ ક્યાંથી જોઈ ? સાંભળો ! ભગવાનનું કેવળજ્ઞાન ઉપાદાનથી પોતાથી થયું. તેમાં લોકાલોકના દ્રવ્ય-ગુણ-પર્યાય એક સમયમાં નિમિત્ત થાય છે કે ભૂતની અત્યારે નિમિત્ત નથી અને ભવિષ્યની નિમિત્ત નથી ? એક સમયમાં બધા દ્રવ્ય-ગુણ-પર્યાય નિમિત્ત થાય છે. થોડી સૂક્ષ્મ વાત છે.

એક સમયમાં ઉપાદાન કેવળજ્ઞાન પર્યાય અને એક સમયમાં આખો લોકાલોક નિમિત્ત થાય છે. એક સમયમાં થાય છે. તો એક સમયમાં ક્યારે થાય છે ? - કે એની પર્યાય આખા દ્રવ્ય-ગુણ એક સમયમાં નિમિત્ત થાય છે. ભવિષ્યની પર્યાય થશે ત્યારે નિમિત્ત છે એમ નથી. 'માણેકલાલભાઈ' ! સમજાણું ? ઉપાદાનની એક સમયની પર્યાય છે તેમાં લોકાલોક નિમિત્ત છે પણ લોકાલોક એક સાથે છે તેમાં કેવળજ્ઞાન નિમિત્ત છે. તો કહે છે કે એક સમયમાં આ નિમિત્ત અને એક સમયમાં (લોકાલોક) નિમિત્ત. એક સમયમાં બધું નિમિત્ત છે. તો એક સમયમાં ભવિષ્યની પર્યાય છે નહિ, ભૂતની નથી. એક સમયમાં આખું દ્રવ્ય શી રીતે નિમિત્ત થઈ ગયું ? આખું દ્રવ્ય નિમિત્ત થઈ ગયું. એમાં એક સમયની પર્યાય વિશેષ (છે), દ્રવ્ય-ગુણ સામાન્ય (છે). તેનું નિમિત્તપણું પૂરું તેનામાં છે. કેવળજ્ઞાનની પર્યાય ઉપાદાનથી થઈ છે, (લોકાલોક) નિમિત્ત કહેવામાં આવે છે. ભવિષ્યમાં નિમિત્ત થશે અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભૂતમાં નિમિત્ત છે એમ નથી. થોડી વળી સૂક્ષ્મ વાત આવી ગઈ. સમજાણું કાંઈ ? અમે તો ઘણા વર્ષ પહેલાથી 'પ્રવચનસાર'માંથી કહીએ છીએ.

એક સમયમાં પર્યાય અને સામે દ્રવ્ય-ગુણ આમ પૂરા છે. પૂરું જ્ઞાન અને પૂરું નિમિત્ત–આખો લોકાલોક. એક સમયમાં જ્યારે પર્યાય ક્રમસર છે તો પર્યાયના કાળે પર્યાય છે તેનું જ્ઞાન છે અને દ્રવ્ય-ગુણમાં બધી શક્તિ, ભવિષ્યની પર્યાય ભરી છે તે બધું એક સમયમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ ? 'ધન્નાલાલજી' ! ભારે ગડબડ હજી (ચાલે છે). જ્ઞેય પ્રમાણં, જ્ઞેય લોકાલોક પ્રમાણં. અહીં તો કહે છે કે આખું જ્ઞેય એક સમયમાં નિમિત્ત થાય છે. ***ભવિષ્યમાં થશે ત્યારે ભવિષ્યમાં નિમિત્ત થશે, એમ નહિ. એક સમયમાં નિમિત્ત ક્યારે થાય ? 'દેવીલાલજી' ! ક્રમબદ્ધ જે પર્યાય જ્યારે થનારી વિશેષ છે તે સામાન્ય ગુણમાં પડી છે. તે જ સમયે થશે એવું એક સમયમાં પૂર્ણ જોયું છે. આઘીપાછી નહિ અને ફેરફાર નહિ. આહા..હા..! ભગવાન ! પણ આવો નિર્ણય કરનારની પરની કર્તા(બુદ્ધિ) ઊડી જાય છે અને પોતાની પર્યાયમાં આવો રાગ કરું એ પણ ઊડી જાય છે. એ તો ઠીક પણ સ્વભાવની પર્યાય કરું એવો વિકલ્પ પણ ઊડી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?*** શું કહ્યું ?

શ્રોતા :– જે થવાનું હશે તે થશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– થવાનું હશે તે થશે એવો નિર્ણય કોણે કર્યો ? કોણે નિર્ણય કર્યો ? થવાનું હશે તે થશે એ શેમાં નિર્ણય કર્યો ? પર્યાયમાં. કોના લક્ષે કર્યો ? દ્રવ્યના લક્ષે. ભાઈ શું કહે છે ? સમજાણું કાંઈ ? વિષય ઘણો સૂક્ષ્મ છે. કોઈ ભાઈ કહેતું હતું કે ૨૦ દિવસમાં તો (આ વિષય) આવ્યો નહિ. સવારે આવ્યો નહિ, બપોરે આવ્યો નહિ, વ્યાખ્યાનમાં આવ્યો નહિ, ક્લાસમાં આવ્યો નહિ. ક્રમબદ્ધ અને ઉપાદાન-નિમિત્તની વાત (આવી નહિ). સમજાણું કાંઈ ?

શ્રોતા :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ દ્રવ્યમાં શું થવાનું છે ? દ્રવ્યમાં તો છે જ. દ્રવ્યમાં શું થવાનું છે ? દ્રવ્ય-ગુણ તો છે જ, થવાનું તો પર્યાયમાં છે. સમજાણું કાંઈ ? થવું, પલટવું, બદલવું તો પર્યાયમાં છે. દ્રવ્ય-ગુણ તો છે તે છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :– પર્યાય પણ દ્રવ્યમાં થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દ્રવ્યમાંથી થાય છે પણ પર્યાય થનારી છે તે દ્રવ્યથી થાય છે પણ તે કાળે થાય છે. જે તેનો કાળ છે તે કાળે જ થાય છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે પણ જે પર્યાય થાય છે તે સ્વકાળે–પોતાના કાળે થાય છે. આવો નિર્ણય કરનારની પર ઉપરથી દૃષ્ટિ ઉઠીને, વર્તમાન રાગના કર્તાપણાની દૃષ્ટિ ઉઠીને સ્વભાવની પર્યાયનો વિકલ્પ હું કરું એવા વિકલ્પથી ઉઠી સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ત્યારે તે ક્રમબદ્ધનો નિર્ણય, તાત્પર્ય લાવ્યો, ત્યારે તેનું ફળ અકર્તા અને જ્ઞાતા-દૃષ્ટા છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ ? 'કેસરીચંદજી' ! કેટલાક વેપારી તો બધા ઓઘેઓઘે (હા પાડે). ઓઘેઓઘે સમજ્યા ? કાંઈક હશે. એમ નહિ.

શ્રોતા :– મહારાજ જે કહે તે સાચું કહે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાચું પણ તેને બેઠા વિના સાચું ક્યાંથી આવ્યું ? સમજાણું કાંઈ ? એને બેઠા વિના (સાચું ક્યાંથી આવ્યું) ? એ 'આનંદઘનજી' કહે છે,

**મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું.**

સમજાણું કાંઈ ?

**પણ પ્રભુ મારું મનડું ઠેકાણે લાવું તો સાચું કરીને જાણું.**

તમે મનને સ્થિર કર્યું અને પરમાત્મા થયા એ આગમથી મેં તો જાણ્યું.

**મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું.**
**આનંદઘન પ્રભુ મારું આણું તો સાચું કરીને રે જાણું, પ્રભુજી.**
**કુંથુજિન મનડું કિમ હી ન બાજે.**
**જેમ જેમ જતન કરીને રાખું તેમ તેમ અળગું ભાગે ઓ પ્રભુજી,**
**મનડું કિમ હી ન બાજે.**

મહારાજ ! આપે મન વશ કર્યું લાગે છે એમ આગમથી જાણું છું પણ મારું મન સ્થિર થાય ત્યારે જાણું કે આપે મન વશ કર્યું લાગે છે. મારું નક્કી કર્યા વિના તમારું શું મેં નક્કી કર્યું ? સમજાણું કાંઈ ? એમ પરની ક્રમબદ્ધ પર્યાય થાય છે અને મારામાં થાય છે એમ નિર્ણય કર્યા વિના ક્યાંથી થશે ?

ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવે' કહ્યું કે '**अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपुरस्सरमाख्याति-**'. આત્માનું અકર્તાપણું અમે દૃષ્ટાંતથી સિદ્ધ કરીએ છીએ. એમાં આ ક્રમબદ્ધ આવી ગયું છે. ક્રમવર્તી તો પહેલા સિદ્ધ કરી દીધું છે. વસ્તુ ક્રમવર્તી છે. ગુણ અક્રમવર્તી છે અને પર્યાય ક્રમવર્તી છે. એ તો ગુણ અને પર્યાયનું કથન કરવામાં આવ્યું પણ અકર્તૃત્વં '**आख्याति**' જ્યારે જ્ઞાતા-દૃષ્ટા થયો ત્યારે પરને અને રાગને અને સ્વભાવની પર્યાયને કરું એવી બુદ્ધિ જ્ઞાતા-દૃષ્ટાને રહેતી નથી. સમજાણું કાંઈ ? એ જ આત્મસન્મુખનો પુરુષાર્થ છે, તેનું નામ ક્રમબદ્ધનું તાત્પર્ય, પ્રયત્ન અને ફળ છે. આ..હા..! બહારથી કૂદે અને બહારમાં શરીરમાં (કાંઈ કરે) તો પુરુષાર્થ કહેવાય (એમ માને છે).

શ્રોતા :– ઘર છોડીને બહાર જાય..

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણે ઘર છોડ્યું છે ? બહાર પડ્યા છે ઇ અંદરમાં ક્યાં ગરી ગયા છે ? આત્મામાં ઘર-બાર, સ્ત્રી, કુટુંબ ઘુસી ગયા છે ? એક દ્રવ્યમાં બીજું દ્રવ્ય પ્રવેશ કરે છે ? એક પર્યાયમાં બીજા દ્રવ્યની પર્યાય પ્રવેશ નથી કરતી તો દ્રવ્ય-ગુણ તો ક્યાંથી પ્રવેશ કરે ? સમજાણું કાંઈ ? અને એક ગુણની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયમાં પ્રવેશ કર્યા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિના તેના કાર્યમાં પલટો કેવી રીતે કરી શકે ?

'સમયસાર' 'કર્તા-કર્મ અધિકાર'ની ૧૦૩ ગાથા છે ને ? **'दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।'** દ્રવ્ય જ્યારે પોતાની પર્યાયથી પરમાં સંક્રમણ કરતું નથી, પરમાં જતું નથી તો પરનું કાર્ય શી રીતે કરી શકે ? કોને પરિણમાવે ? 'ગુલાબચંદજી' ! આહા..હા..! અરે..! ભગવાન ! તેં દ્રવ્ય-ગુણ-પર્યાયનો નિશ્ચય કર્યો નથી અને નિશ્ચય કરે તો સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. આહા..હા..!

ભગવાને કહ્યું ને ?

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।**

ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' 'જ્ઞાન અધિકાર'ની ૮૦ ગાથામાં કહે છે. જુઓ ! ૮૦ આવ્યું, ખુબી તો જુઓ ત્યાં ! 'પ્રવચનસાર'ની ૮૦ ગાથા. **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** અરિહંતના દ્રવ્ય-ગુણ અને પર્યાય કેવળજ્ઞાન જો જાણે અને કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને દેખે છે એમ જાણે. **'सो जाणदि अप्पाणं'** એમ ભગવાન 'કુંદકુંદાચાર્ય' ૮૦ ગાથા 'પ્રવચનસાર' માં કહે છે.

**'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** પર્યાયથી. કેવળજ્ઞાનની પર્યાય, ક્ષાયિક પર્યાય ત્રણકાળ ત્રણલોક એક સમયમાં દેખે છે. **'सो जाणदि अप्पाणं'** તો એની દૃષ્ટિ આત્મા ઉપર જાય છે કે અહો..! મારી પર્યાયમાં આવી પૂર્ણ પર્યાય નથી. ભગવાનની પર્યાયમાં પૂર્ણ ત્રિકાળ જાણે છે, મારી પર્યાયમાં પૂર્ણતા નથી તો તેમને પૂર્ણતા ક્યાંથી આવી ? નિજ દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ પડવાથી પોતામાં પૂર્ણ આત્મા ભર્યો પડ્યો છે, કેવળજ્ઞાનની એવી અનંતી પર્યાય દ્રવ્યમાં પડી છે. સમજાણું કાંઈ ? આમ પોતાના દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરવાથી (મોહનો ક્ષય થાય).

'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' એમ છે ને ? 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન' છે કે નહિ ? તો તત્ત્વાર્થશ્રદ્ધાનમાં મોક્ષ આવ્યો કે નહિ ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. તો સાત તત્ત્વમાં મોક્ષની શ્રદ્ધા આવી ગઈ કે નહિ ? તો મોક્ષ શું છે ? કેવળજ્ઞાનસ્વરૂપ. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય ત્રણકાળ ત્રણલોકને બરાબર જાણે છે. એમ જ્યાં કેવળજ્ઞાનનો નિર્ણય થયો તો કેવળજ્ઞાનનો, મોક્ષતત્ત્વનો નિર્ણય કેવી રીતે થાય છે ? પર્યાયના લક્ષે થાય છે ? પર્યાયની પ્રતીત–પરની પર્યાયની પ્રતીત પોતાની પર્યાયમાં પર્યાયને લક્ષે થાય છે ? પર્યાય તો અલ્પજ્ઞ છે અને સર્વજ્ઞ મોક્ષતત્ત્વનો નિર્ણય કરવો છે. તો મોક્ષતત્ત્વની પર્યાયનો નિર્ણય પર્યાયમાં પોતામાં થાય છે પણ પર્યાયના આશ્રયે થતો નથી. 'અમરચંદભાઈ' ! આહા..હા..! અરે..! ભગવાન ! આ તમારું છેલ્લું છે ને ? હરખજમણ કહેવાય ને ? સવારે કોઈ ભાઈએ પ્રશ્ન કર્યો કે અમારે તો આ કાંઈ આવ્યું નહિ. ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કોણે કહ્યું હતું ? તમારામાંથી કોઈએ કહ્યું હતું. બરાબર છે, યથાર્થ પ્રશ્નનો કાળ હતો, હોં ! આટલું સ્પષ્ટીકરણ આવ્યું નહોતું. બરાબર છે.

વાત જરી વિચારવાની છે, મનન કરવાની છે. જ્યારે કેવળજ્ઞાન મોક્ષતત્ત્વ છે તો ભગવાને બે જગ્યાએ કહ્યું કે સાત તત્ત્વની શ્રદ્ધા કરવાથી મોક્ષની શ્રદ્ધા આવી ગઈ. મોક્ષમાં કેવળજ્ઞાન આવી ગયું. કેવળજ્ઞાન એક સમયની પર્યાય ત્રિકાળ જાણે છે એમ આવી ગયું. બીજી વાત– અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે આત્માને જાણે એ બીજી વાત. તો અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પણ કેવળજ્ઞાન આવી ગયું. જ્યારે એ કેવળજ્ઞાનનો નિર્ણય કરે છે **'जाणदि अप्पाणं'** અંદરમાં આત્મા ઉપર દૃષ્ટિ પડે છે, જેમાં–દ્રવ્યમાં અનંતી કેવળજ્ઞાન પર્યાય પડી છે. એવા દ્રવ્યનો આશ્રય કરવાથી મોક્ષપર્યાયની શ્રદ્ધા, કેવળજ્ઞાન પર્યાયની શ્રદ્ધા થાય છે. ત્યારે જ્ઞાતા-દૃષ્ટા થઈને પરનો અકર્તા થાય છે. તેનું નામ પુરુષાર્થ છે, તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ ? સમજાણું કે નહિ ? ભાઈ ! ભાઈએ પ્રશ્ન બહુ સારો કર્યો હતો. વિષય તો સારો (અને) જરી સૂક્ષ્મ (છે). એ.. 'સેઠી' ! તમારા જેવું આવ્યું. તમારા મોટા ભાઈ છે ને ! એ પણ વન્સ મોર વારંવાર કહે છે. ફરી ફરી સમજાવો, તમારા ભાઈ એમ કહે છે.

જુઓ ! 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' છે કે નહિ ? તો તત્ત્વાર્થ કેટલા ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. તો મોક્ષ(માં) કેવળજ્ઞાન તત્ત્વ આવ્યું કે નહિ ? મોક્ષનું લક્ષણ કેવળજ્ઞાન છે કે મોક્ષનું લક્ષણ મતિજ્ઞાન છે ? પંડિતજી ! આ અમારા પંડિતજી બેઠા છે. મોક્ષ કેવળજ્ઞાની થાય કે મોક્ષ મતિજ્ઞાનમાં થાય છે ? મોક્ષતત્ત્વ અર્થાત્ કેવળજ્ઞાન તત્ત્વ. કેવળજ્ઞાનની એક સમયની પર્યાયનો નિર્ણય કરે છે, સાત તત્ત્વમાં, હોં ! સાત તત્ત્વમાં, તો મોક્ષની પર્યાયની શ્રદ્ધા, પર્યાયની શ્રદ્ધા પર્યાયના આશ્રયે થતી નથી. પર્યાયની શ્રદ્ધા પર્યાયના આશ્રયે થતી નથી. પર્યાયની શ્રદ્ધા દ્રવ્યના આશ્રયે થાય છે. કેમકે પર્યાય એક સમયની છે અને કેવળજ્ઞાન અહીંયા નથી, અને કેવળજ્ઞાનનો નિર્ણય કરવા જાય છે, સર્વજ્ઞપર્યાય, સર્વજ્ઞપર્યાય સર્વજ્ઞ સ્વભાવનો નિર્ણય કરવા જાય છે તો એક સમયની પર્યાયમાં પોતાને સર્વજ્ઞપણું નથી. સર્વજ્ઞ સ્વભાવ અંદરમાં છે. ભગવાન આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ ભર્યો છે તો તેનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શનની પર્યાયમાં કેવળજ્ઞાનની શ્રદ્ધા આવી જાય છે. આહા..હા..! ભારે ઝીણું ! કહો, 'ગોદીકાજી' ! સમજાય છે કે નહિ ? પેલા વેપાર કરતાં આ બીજો વેપાર છે. પન્ના-માણકેમાં ધૂળમાં પણ કાંઈ નથી.

'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' થયું. એમાં મોક્ષ તત્ત્વ આવી ગયું, કેવળજ્ઞાન આવી ગયું. કેવળજ્ઞાનની શ્રદ્ધા કરવી (કહ્યું) તો વર્તમાનમાં કેવળજ્ઞાન તો પોતાને છે નહિ. તો કેવળજ્ઞાનની શ્રદ્ધા કેવી રીતે કરવી ? અલ્પ જ્ઞાનમાં અલ્પ જ્ઞાનના આશ્રયે કેવળજ્ઞાનની શ્રદ્ધા કેવી રીતે કરે ? કેવળજ્ઞાનની શ્રદ્ધા જ્યાં કરવા જાય છે તો પોતાની પર્યાયમાં દ્રવ્યનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આશ્રય લે છે ત્યારે કેવળજ્ઞાનની શ્રદ્ધા થાય છે. આહા..હા..! એમાં પુરુષાર્થ આવી ગયો. ભગવાન ! એ આવી ગયો, સમજાણું કાંઈ ? આહા..હા..!

આત્મા સર્વજ્ઞ સ્વભાવ. આત્મા ને ? આત્મા શું ? જ્ઞ સ્વભાવ. બીજી ભાષા લઈએ. આત્મા (એટલે) જ્ઞ સ્વભાવ. આત્મા તો સ્વભાવવાન થયો, સ્વભાવવાન. તો સ્વભાવ શું ? જ્ઞ. જ્ઞ સ્વભાવ તે આત્મા, જ્ઞ સ્વભાવ તે આત્મા. જ્ઞ એટલે ? જાણવું. જ્ઞ સ્વભાવમાં અલ્પતા ન આવી, વિપરીતતા ન આવી. જ્ઞ સ્વભાવ તે આત્મા. તેનો અર્થ કે સર્વજ્ઞ સ્વભાવ તે આત્મા. સમજાણું કાંઈ ? ભાઈ ! આ તો ન્યાયથી માર્ગ સમજવો પડશે, એમાં કાંઈ ગડબડ કરે એવો માર્ગ આ નથી. '...' 'સર્વાર્થસિદ્ધિ'માં કહ્યું છે. સર્વજ્ઞનો માર્ગ ન્યાયથી પ્રતીત થાય છે. સમજાણું કાંઈ ?

એક સમયમાં કેવળજ્ઞાનની સર્વજ્ઞની પ્રતીત કરવા જાય છે તો કેવળજ્ઞાનની પર્યાય પોતામાં છે નહિ. અલ્પ જ્ઞાનમાં કેવળજ્ઞાનની શ્રદ્ધા કરવી. છે કેવળજ્ઞાન, જગતમાં કેવળજ્ઞાન છે. એક ગુણની પૂરી પર્યાયની સત્તા જગતમાં છે. એ સત્તાનો સ્વીકાર પોતાની પર્યાયમાં પર્યાયના આશ્રયે થતો નથી. કેમકે પર્યાયમાં સર્વજ્ઞપણું નથી. દ્રવ્યમાં સર્વજ્ઞપણું છે તો તેના આશ્રયે પર્યાયમાં સર્વજ્ઞની શ્રદ્ધા થાય છે. એ પુરુષાર્થ આવી ગયો, સમ્યગ્દર્શન થયું. બરાબર છે ? 'સેઠી' ! આ બધા ઘરડા થઈ ગયા. હવે પછી જુવાન ઉપર બધા કામ છે ને ? યુવાનોનું કામ છે (કે) હવે બરાબર ધર્મનો ન્યાય થંભાવી રાખવો. એ.. 'સેઠી' ! આહા..હા..!

ભગવાન ! વસ્તુ એવી ચીજ છે ને ! તત્ત્વાર્થ શ્રદ્ધાન કરવા જાય, મોક્ષની શ્રદ્ધા કરવી હોય તો પણ દ્રવ્યનો આશ્રય લેવો પડે. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયની શ્રદ્ધા કરે કે અરિહંતની પર્યાય કેવળજ્ઞાન (સ્વરૂપ છે). ૮૦ ગાથા. કેવળજ્ઞાન છે તો કેવળજ્ઞાનની શ્રદ્ધા કરવા માટે પણ દ્રવ્યનો આશ્રય લેવો પડે. બધી વાત કોઈ પણ રીતે લો તો ભગવાનનો આશ્રય–આત્માનો આશ્રય લીધા વિના સમ્યગ્દર્શન થતું નથી. બસ !

ક્રમબદ્ધમાં પણ એ આવ્યું. જે સમયે જ્યાં થાય છે તેવો નિર્ણય શેમાં થાય છે ? શેમાંથી થાય છે ? જેમાં થાય છે તેમાં થાય છે પણ શેમાંથી થાય છે ? દ્રવ્યમાંથી. તો દ્રવ્યનો નિર્ણય કરવા જાય છે તો હું જ્ઞાયકભાવ છું, શુદ્ધ ચિદાનંદ છું. એવો નિર્ણય થયો તેનું નામ પુરુષાર્થ આવ્યો. 'ગુલાબચંદજી' ! આ વિષયની ચર્ચા કરવાની જરૂર છે, હોં ! બહુ ગડબડ છે. સર્વજ્ઞની શ્રદ્ધામાં જ હજી તો વાંધા છે.

એક સમયનું જ્ઞાન ત્રણકાળ ત્રણલોક ન દેખે, નિયત છે એમ ન દેખે, અનિયત પણ દેખે. અનિયતનો અર્થ શું ? અનિશ્ચિતનો અર્થ શું ? કેવળજ્ઞાનમાં કંઈ અનિશ્ચિત હોતું જ નથી. વસ્તુ અનિશ્ચિત હોતી જ નથી. સમજાણું કાંઈ ? વસ્તુની વ્યવસ્થિત વ્યવસ્થાને અવસ્થા કહે છે. સામાન્ય દ્રવ્ય અને ગુણ, તેની અવસ્થા વિશેષ. વ્યવસ્થિત વિશેષ અવસ્થાની વ્યવસ્થા થાય છે તેને અવસ્થા કહે છે. સામાન્યમાંથી વ્યવસ્થિત વિશેષ અવસ્થા જે સમયે થવાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે તે જ થાય છે તે વસ્તુ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ? સમ્યક્ એકાંત જ છે. સમજાણું કાંઈ ? સામાન્યમાંથી વિશેષ (અવસ્થા) થાય છે. ત્રિકાળ સામાન્ય છે. તેમાં વિશેષ થાય છે કે નહિ ? ત્રિકાળ વસ્તુ સામાન્ય છે ને ? પર્યાય વિશેષ છે.

શ્રોતા :– આપે પહેલાં કહ્યું કે સામાન્યમાં વિશેષનો અભાવ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો વિશેષનો અંદર દ્રવ્યમાં અભાવ છે. પણ પર્યાય પરિણમે છે તો સામાન્યના આશ્રયે પરિણમે છે ને ? એક સમયની પર્યાય તેમાં છે એમ નથી. આખું દ્રવ્ય અનંત ગુણનો પિંડ છે. સૂક્ષ્મ વાત છે.

સામાન્ય ભાવ અને વિશેષ ભાવ (એમ) બે ધર્મ છે. વસ્તુના બે ધર્મ. એક વિશેષ પર્યાયધર્મ, એક સામાન્ય ગુણરૂપ ધર્મ. સામાન્યમાં વિશેષ હોય તો સામાન્ય એકરૂપ રહેતું નથી. વિશેષમાં સામાન્ય આવી જાય તો સામાન્ય રહેતું નથી. વિશેષમાં આવી ગયું. એ તો 'આપ્ત મિમાંસા'માં કહ્યું છે. બે ધર્મને સિદ્ધ કરવા છે તો કોઈની અપેક્ષા નથી. વિશેષ વિશેષથી છે, સામાન્ય સામાન્યથી છે. પછી સામાન્ય કોનું ? - કે આ વિશેષનું. વિશેષ શેમાંથી ઉત્પન્ન થયું ? - કે સામાન્યમાંથી. પણ છે બે (ધર્મ). વિશેષ વિશેષથી છે, સામાન્ય (સામાન્યથી છે). બન્ને નિરપેક્ષ છે. આહા..હા..! 'આપ્ત મિમાંસા' ન્યાયમાં એ લીધું છે. બધા સિદ્ધાંત સર્વજ્ઞના સિદ્ધાંત સંતોએ કહ્યા. ચારે બાજુથી એક જ વાત સિદ્ધ થાય છે.

ભગવાન આત્મા વિશેષ વસ્તુરૂપ પરિણમે છે તે સામાન્યનો અંશ છે, પણ એ પર્યાયરૂપ અંશ છે. સામાન્ય અંશ ત્રિકાળ ધ્રુવરૂપ અંશ છે. સમજાણું કાંઈ ? સામાન્ય એકરૂપ છે તેમાં ચાર ભાવનો અભાવ છે. સામાન્ય વિશેષ ક્યાં ઘુસી જાય છે ? વિશેષમાં સામાન્ય આવતું નથી અને સામાન્યમાં વિશેષ આવતું નથી. બે ધર્મ શી રીતે સિદ્ધ થશે ? બહુ સૂક્ષ્મ વાત, ભાઈ ! એ.. પંડિતજી ! એ તો ચાલે છે.

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમજવું પડશે જો તેણે હિત કરવું હોય તો. એમ ને એમ મૂઢપણે સમજ્યા વિના ચાલે તો નહિ ચાલે. એને સમ્યગ્દર્શન નહિ થાય. સમજાણું કાંઈ ? મરી જાય, એ તો સમ્યગ્દર્શન વિના ચોરાશીમાં ગોદા ખાય છે. મિથ્યાત્વનો નાશ કર્યા વિના ત્યાગ કરે, વ્રત પાળે. મરી જશે, નિગોદમાં જશે. આચાર્ય તો કહે છે કે વસ્ત્રનો એક દોરો રાખીને પણ મુનિપણું માને (તેને) નવ તત્ત્વની શ્રદ્ધામાં ભૂલ છે, નિગોદમાં જાશે. આવે છે કે નહિ ? ભાઈ !

'કુંદકુંદાચાર્યદેવ' કહે છે કે વસ્ત્રનો એક દોરો રાખીને અમે સાધુ છીએ, મુનિ છીએ, ત્રણ કષાયનો અભાવરૂપ મુનિપણું છે એમ માને તો મિથ્યાદૃષ્ટિ મૂઢ નિગોદમાં જશે. કેમકે તત્ત્વદૃષ્ટિમાં ફર પડી ગયો છે. સમજાણું કાંઈ ? તત્ત્વમાં ફેર પડી ગયો. જેની છઠ્ઠે ગુણસ્થાને અકષાય પરિણતિ એટલી હોય કે જેમાં વસ્ત્ર આદિ લેવાનો વિકલ્પ થતો જ નથી. એને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આસ્રવ તત્ત્વની ખબર નથી, સંવર-નિર્જરાની ખબર નથી, સંયોગ તત્ત્વ કેટલું છે તેની ખબર નથી, દ્રવ્યની ખબર નથી. એમ નવ તત્ત્વની ભૂલ હોવાથી નિગોદમાં જશે, એમ કહે છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :– વસ્ત્ર ન રાખે તો..

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્ત્ર કોણ રાખે ? વસ્ત્ર ક્યાં છે ? મુનિ રાખી શકતા નથી. મુનિ તો અંતર ત્રણ કષાયનો અભાવ થઈ સ્વભાવના આશ્રયે શુદ્ધ પરિણતિ થઈ ગઈ છે. અને એ શુદ્ધ પરિણતિના કાળમાં વિકલ્પ આસ્રવ રહે છે. કેટલો ? આહાર-પાણી લેવાનો, બોલવાનો એટલો. વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ રહે અને મુનિપણું થઈ જાય, એવું ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ ? એ એક ભૂલમાં નવે તત્ત્વની ભૂલ છે. એમ નથી કે લ્યો, એક વસ્ત્ર રાખીને મુનિપણું માને (એનો) આટલો દંડ ?

શ્રોતા :– પર પદાર્થથી નુકસાન થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર પદાર્થ નુકસાન કરે છે એમ કોણે કહ્યું ? પણ એ સમયે વસ્ત્ર-પાત્ર લેવાનો રાગ છે તો રાગનો એટલો આસ્રવ છે ત્યાં એટલા સંવર-નિર્જરા, છઠ્ઠા ગુણસ્થાન યોગ્ય સંવર-નિર્જરા હોતી નથી. સમજાણું કાંઈ ? વળી ક્યાંનું ક્યાં ચાલી ગયું.

એવી વસ્તુની સ્થિતિ છે. એમાં કંઈ પણ ગડબડ કરે (તો) દ્રવ્યની, ગુણની, સંવરની, આસ્રવની, અજીવની તદ્દન વિપરીત દૃષ્ટિ થઈ જાય છે. સમજાણું કાંઈ ? તેથી કહે છે કે ચાર ભાવ, કેવળજ્ઞાન ત્રણકાળ ત્રણલોક દેખે છે પણ એ પર્યાય આશ્રય કરવા લાયક નથી. કેવળી છે તેમને તો ક્યાં આશ્રય (લેવાનું) છે ? અહીં ચાર ભાવથી મુક્તિ થતી નથી એમ કહે છે. એકલો જ્ઞાયકભાવ સ્વભાવના આશ્રયે મુક્તિ થાય છે. એમાં ક્રમબદ્ધનું તાત્પર્ય આવી ગયું. પર્યાયની દૃષ્ટિ ધ્રુવ ઉપર લે તો ક્રમબદ્ધનું તાત્પર્ય આવી જાય છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*

*** તું ચૈતન્યમૂર્તિ જાણનાર દેખનાર આનંદકંદમૂર્તિ છો–એમ ભગવાને જોયું છે. તું રાગવાળો છો–એમ ભગવાને તને જોયો નથી. પરંતુ હું જાણનાર-દેખનાર છું–એમ તેં તને ન જોતાં, પરને જાણતાં તારામાં જે રાગાદિ થાય છે તે સ્વભાવને લઈને થયા નથી કે પરને જાણવાથી થયા નથી તોપણ પર ચીજને જાણવા ઉપરાંત આ ચીજ મને ઠીક પડે છે ને અઠીક પડે છે એવી મિથ્યાભ્રાંતિ તેં પોતે ઊભી કરી છે.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૪૧, પ્રવચન નં. ૧૭૫
### તા. ૧૧-૦૯-૧૯૬૬
### [૧૧]

આ 'નિયમસાર' શાસ્ત્ર ચાલે છે. એમાં શુદ્ધભાવનો અધિકાર (છે). શુદ્ધભાવ એટલે શું ? છે ને એમાં ? જે આત્માનો ત્રિકાળી ધ્રુવ શુદ્ધ સ્વભાવ (છે) એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. એ શુદ્ધભાવ ધ્રુવ એ મોક્ષનું કારણ છે અથવા એ શુદ્ધ ધ્રુવ સ્વભાવ એ જ સમ્યગ્દર્શનનું કારણ, સમ્યગ્જ્ઞાનનું કારણ, સમ્યગ્ચારિત્રનું કારણ, કેવળજ્ઞાનનું કારણ એ છે. એ ગાથા ૪૧માં છે. જુઓ !

**'ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.'**

**'કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે.'** જુઓ ! આ આ લડાઈ મોટી આમાં (કરે છે). આપણે પંડિતજીએ નીચે અર્થ કર્યો છે. કર્મોના ક્ષયે = કર્મોના ક્ષયમાં, કર્મોના ક્ષયના સદ્ભાવમાં. [વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ છે.] ક્ષાયિકભાવ તો આત્મા પોતાની પર્યાયને પ્રગટ કરે છે. ક્યારે? એ પંડિતજીને આવવા દેજો રસ્તો કરજો, રસ્તો કરજો બરાબર.

**'કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે.'** અહીં સિદ્ધ શું કરવું છે ? - કે આત્મા જે ત્રિકાળ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ છે એ મુક્તિનું કારણ છે. આત્મામાં ક્ષાયિકભાવ થાય એ પણ મુક્તિનું કારણ નથી, એમ સિદ્ધ કરવું છે. કેમકે આત્મામાં જે ક્ષાયિકભાવ થાય એ પર્યાય છે, તો પર્યાયમાંથી નવી પર્યાય આવે નહિ. એ કારણે પણ હવે એની વ્યાખ્યા કરતાં નિમિત્તની અપેક્ષાથી વ્યાખ્યા કરી છે. કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા આવે તે ભાવને ક્ષાયિકભાવ કહેવામાં આવે છે. પણ એ ક્ષાયિકભાવ છે એક સમયની દશા, તેથી અહીં કહેશે કે ક્ષાયિકભાવ આવરણ સંયુક્ત છે એમ કહેશે. પછીના પાનામાં કહેશે–આવરણ સંયુક્ત છે અર્થાત્ એમાં કર્મના અભાવના નિમિત્તની અપેક્ષા આવે છે. તેથી અથવા ક્ષાયિકભાવ થયો હોય, ક્ષાયિક સમકિત આદિ (થયા હોય) તો એને આશ્રયે લક્ષ કરવા જાય તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. ક્ષાયિક સમકિત થયું હોય, એ ક્ષાયિક સમકિત થાય દ્રવ્ય સ્વરૂપના આશ્રયે પણ થયેલું હોય એનું લક્ષ ને આશ્રય કરવા જાય ત્યાં વિકલ્પ, રાગ થાય છે. માટે, તેને ક્ષાયિકભાવને આવરણવાળો કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ ! સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'કર્મોના ક્ષયોપશમે જે ભાવ હોય તે ક્ષાયોપશમિકભાવ છે.'** પોતામાં પુરુષાર્થથી ક્ષયોપશમ દશા પ્રગટ થાય ત્યારે તેમાં કર્મના ક્ષયોપશમની સદ્ભાવની હયાતી ન હોય એટલી અપેક્ષા કરીને કર્મના ક્ષયોપશમથી ક્ષયોપશમ થયું એમ કહેવમાં આવે. એ ક્ષયોપશમભાવ પણ મુક્તિનું કારણ નથી, એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

**'કર્મોના ઉદયે જે ભાવ હોય તે ઔદયિકભાવ છે.'** કર્મના નિમિત્ત જેમાં પડે ને વિકાર આત્માના તત્ત્વોમાં થાય છે, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ પરિણામ પણ મુક્તિનું કારણ નથી. **'કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે.'** એ પણ મુક્તિનું કારણ નથી. **'સકળ કર્મોપાધિથી વિમુક્ત એવો, પરિણામે જે ભાવ હોય...'** પરિણામ એટલે ત્રિકાળી સ્વરૂપ એમ. પરિણામ એટલે પર્યાય નહિ. સ્વતઃ સ્વભાવે ભાવ હોય. અહીં સિદ્ધ ઇ કરવું છે. ઉપશમ સમકિત અને ઉપશમ ચારિત્ર આત્મામાં આત્માના અંતર અવલંબે, શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા એના અવલંબે પ્રગટ થયેલી - ઉપશમ સમકિત દશા, ઉપશમ ચારિત્ર દશા એ મુક્તિનું કારણ નથી.

શ્રોતા :– બારમે તો મુક્તિનું કારણ છે એવું આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ના એ તો વ્યવહારથી કહ્યું છે, નિશ્ચયથી છે જ નહિ. 'ધન્નાલાલજી' ! ભારે વાત, ભાઈ ! આખો પરમાત્મા પોતે નિજસ્વરૂપે છે ને ! એ જ કેવળજ્ઞાનનું કારણ, મોક્ષનું કારણ. મોક્ષનો માર્ગ મોક્ષનું કારણ કહ્યું એ પણ વ્યવહારનયથી કહ્યું છે. કેમકે એ મોક્ષમાર્ગની પર્યાય છે એ ઉત્પન્ન થઈ છે દ્રવ્યથી, પણ પછી એનો વ્યય થઈને મોક્ષ થાય છે. વ્યય થઈને એટલે અભાવ થઈને થાય છે, એ અભાવમાંથી એ ભાવ આવતો નથી. એ ભાવ દ્રવ્યમાંથી આવે છે, દ્રવ્યને આશ્રયે ભાવ આવે છે.

અરે..! ઝઘડા હજી વ્યવહાર-સમકિતના (કરે). અરે..! ભારે વાત, ભાઈ ! 'પંચાધ્યાયી' કહે છે કે વ્યવહાર અને નિશ્ચય (એમ) સમકિતના બે ભેદ પાડે છો ? સરાગ ને વીતરાગ બે ભેદ પાડે છો ? અને ચોથે, પાંચમે (ગુણસ્થાને) સરાગ સમકિતીને તું જ્ઞાનચેતના નથી એમ કહે છો ? અને જ્યારે વીતરાગ સમકિત થાય ત્યારે એને જ્ઞાનચેતના હોય છે. તારા શાસ્ત્રનો ભણતરનો બધો ક્લેશ તેં કર્યો, એમ કહ્યું. પંડિતજી ! જોયું ને એમાં ? સમજાણું કાંઈ ? બધા શાસ્ત્રો ભણ્યો તેં વ્યથાર્થ ક્લેશ કર્યો છે.

શ્રોતા :– એ શાસ્ત્રના અર્થ કેમ કરવા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– તને ભાન જ નથી. સમ્યગ્દર્શન એટલે આત્માના આનંદની જ્ઞાનચેતના પ્રગટ થાય સાથે એને સમ્યગ્દર્શન કહે છે. સ્વસંવેદન પ્રત્યક્ષ અનુભવ, પ્રત્યક્ષ આનંદનો સદ્ભાવ પ્રત્યક્ષ એવા ભાવ સહિત સમ્યગ્દર્શન પ્રગટે તેને સમ્યગ્દર્શન કહે છે. એ નિશ્ચય સમ્યગ્દર્શન એક જ પ્રકાર છે, વ્યવહાર ને નિશ્ચયના ભેદ નથી. એ પછી લીધું છે કે ભાઈ ! સ્થિતિકૃત ભેદ છે. પંડિતજી સવારમાં બોલ્યા હતા ને ? સ્થિતિકૃત બે ભેદ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે પણ અનુભાગકૃત ભેદ છે નહિ, અનુભાગ રસમાં ભેદ નથી. ત્રણેય – સમ્યક્ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ભગવાન આત્માના અવલંબનથી થયેલા (છે). એની સ્થિતિ ભલે થોડી હોય, કો'કની કોઈને વિશેષ હોય. ઉપશમની અંતર્મુહૂર્તની, ક્ષાયિકની સાદિઅનંતની, ક્ષોયપશમની ૬૬ સાગરોપમની, પણ વર્તમાન એના અનુભવ ને એના ધ્યેયમાં ફેર નથી. 'પંચાધ્યાયી' તો ઘણું સ્પષ્ટ કર્યું છે. એક્કે માનવું નહિ, બધાયને ખોટા. સવારે 'ધવલ'માં આવ્યું નહિ ? એકત્વ સમકિતનો એક જ પ્રકાર છે, બે પ્રકાર નથી. 'દેવીલાલજી' ! કોણ જાણે શું કરે ને બધા હા પાડે છે પાછા.

પણ આ સત્ય, આ વસ્તુ ચિદાનંદ પ્રભુ પૂર્ણ આનંદનો નાથ જેનાથી પ્રગટેલી દશા એમાં અનંત ગુણનો અંશ સાથે લઈને પ્રગટ થાય છે. એકલી પ્રતીતમાત્ર (નથી). એમાં ખુલાસો કર્યો છે, ભાઈ ! કેટલાક 'પંચાધ્યાયી'માં એમ કહે છે કે ચોથે ગુણસ્થાને પ્રતીતમાત્ર હોય. નહિ, સ્વસંવેદન પ્રત્યક્ષ સહિત હોય. બહુ ખુલાસા કર્યા છે. 'પંચાધ્યાયી' તો એ વાત તર્કથી, લોજીકથી સિદ્ધ કરી છે. માણસને વસ્તુની ખબર નહિ ને આ શાસ્ત્રો પોતાની દૃષ્ટિએ કલ્પનાથી વાંચે.

શ્રોતા :– 'ધવલ'ના ઊંધા અર્થ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'ધવલ'ના ઊંધા અર્થ (કરે), શાસ્ત્રના ઊંધા અર્થ (કરે). એ 'પંચાધ્યાયી'કાર 'રાજમલજી' ખોટા, 'ડોટરમલ્લજી' ખોટા મોક્ષમાર્ગ બે માન્યું માટે. ઠીક, ભાઈ ! નાખ્યું. આહા..!

શ્રોતા :– રાજમલજી તો મહા...

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે..! કેટલી એની ટીકા કળશ-ટીકા તો જુઓ ! કેટલી વસ્તુ છે અને તેથી ભાઈએ કહ્યું 'બનારસીદાસ' 'પાંડે રાજમલ જિનધર્મી સમયસાર નાટકકા મર્મી' એવી વાત છે, વસ્તુસ્થિતિ એવી છે અંદર. 'અમરચંદભાઈ' ! આહા..હા..!

અહીં કહે છે કે એ ભાવ ઉપશમ ને ક્ષાયિક, ઉપશમ ચારિત્ર આત્માની નિર્મળ પર્યાય પણ એ નિર્મળ પર્યાય મુક્તિનું કારણ નહિ. મુક્તિનું કારણ તો ધ્રુવ શુદ્ધભાવ, દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ એ મુક્તિનું કારણ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? વસ્તુ છે એમ સિદ્ધ કરે છે. પર્યાયમાં – અવસ્થામાં ઉપશમ સમકિત હોય છે, ઉપશમ ચારિત્રપર્યાય છે પણ એ મુક્તિનું કારણ નથી, મુક્તિનું કારણ તો ધ્રુવ સ્વભાવ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ ?

પછી ક્ષાયિકભાવના નવ ભેદ. ક્ષાયિક સમકિત. ક્ષાયિક સમકિત આત્માની પર્યાયમાં દ્રવ્યને અવલંબે થાય છે, હોં ! બહારથી વાત કરી છે કે ભાઈ ! ત્યાં શ્રુતકેવળી અને તીર્થંકરની સમીપમાં થાય પણ એ તો સમીપમાં થાય, પણ થાય પોતાના સમીપથી. એ ક્ષાયિક સમકિતની પર્યાય ભલે આત્મામાં હો પણ એ મુક્તિનું કારણ નહિ. ક્ષાયિક સમકિત મુક્તિનું કારણ નહિ, મુક્તિનું કારણ તો દ્રવ્ય–વસ્તુ છે. ધ્રુવ સ્વભાવમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રાપ્ત કરે છે. ક્ષાયિક સમકિતમાં એકાગ્ર થતાં ક્ષાયિક સમકિતમાં કેવળજ્ઞાન પર્યાય પડી છે ? આમાં પર્યાયની ના પાડી. ક્ષાયિક સમકિતની પર્યાય મોક્ષનું કારણ નહિ. આ થોડું અધુરું બાકી છે ને ? થોડું ઘણું લઈ લઈએ. પછી વળી આ વાંધા ઉઠાવ્યા ને બધા ?

એ તો ભાઈ ! પેલી ગાથા આવે છે ને ? 'જ્ઞાન અધિકાર'માં 'જયસેનાચાર્ય'ની (ટીકા) કે શુદ્ધ દ્રવ્યાર્થિકનયને, શુદ્ધ ઉપયોગ ભેળવીને પણ વિષય (કરે). એ તો અપેક્ષા અભેદથી (કહ્યું). એ પર્યાયને અભેદ કરી છે એનું બતાવવું છે. પણ ભેદનયે જુદી પર્યાય છે, અભેદનયે અભેદ છે એમ બે વાત કરી છે. પણ છતાં શુદ્ધ પર્યાયનો અભેદ કરીને. અશુદ્ધ પર્યાય બધી ભેગી થઈને દ્રવ્ય છે એમ નથી કહ્યું. સમજાણું કાંઈ ? એ શબ્દ તો મેં પહેલા કહેલો હતો. 'પ્રવચનસાર' છે ને ? 'પ્રવચનસાર'ની અહીં તો એકે એક શબ્દની બધી ખબર છે કે નહિ ? શું ક્યાં છે ? (૧૮૧) ગાથા છે. લ્યો ! જુઓ ! ટીકામાં છે, હોં !

'**रागादिविकल्पोपाधिरहितसमाधिलक्षणशुद्धोपयोगोमुक्तिकारणं भणितः स तु शुद्धात्मद्रव्यलक्षणाद्धेयभूताच्छुद्धपारिणामिकभावादभेदप्रधानद्रव्यार्थिकनयेनाभिन्नोऽपि**' એટલો શબ્દ પડ્યો છે કે શુદ્ધ સ્વરૂપ છે, ધ્રુવ જ્ઞાયક છે એને આશ્રયે શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો છે એ ભેદનયે ભિન્ન છે. જુઓ ! '**भेदप्रधानपर्यायार्थिकनयेन भिन्नः**' પણ અભેદનયે ભિન્ન સંવર-નિર્જરાની શુદ્ધતા પ્રગટીને અભેદ કીધો છે પણ બધી પર્યાય અભેદ છે એમ નહિ. સમજાય છે કાંઈ ? ઝઘડા શાસ્ત્રના ... કઈ અપેક્ષાએ કથન છે એને સમજે નહિ, એમાં વાંધા.

અહીં તો અપેક્ષાથી કહ્યું છે, ૮૯મી ગાથા છે. બીજા અધ્યાયની ૮૯મી ગાથા છે એમાં આ કહ્યું છે કે '**शुद्धोपयोगोअभेदप्रधानद्रव्यार्थिकनयेनाभिन्नो**' જોયું ? શું (કહ્યું) ? '**द्रव्यार्थिकनयेनाभिन्नो**' કઈ અપેક્ષાથી ? વસ્તુ શુદ્ધ ચૈતન્ય એ જ દ્રવ્ય છે પણ એને આશ્રયે જે શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો એ અભેદનયથી એને દ્રવ્યાર્થીકનો વિષય કીધો, દ્રવ્યાર્થીક સ્વરૂપ કીધું અને ભેદ પ્રધાન નયે એ જ શુદ્ધ ઉપયોગ ભિન્ન (કહ્યો). પણ પેલામાં એકલી બધી પર્યાય નહિ, પાછી બધી પર્યાય નહિ.

શ્રોતા :– વર્તમાન વિકારી પર્યાય તે તો દ્રવ્યમાં છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ના નહિ. એક અપેક્ષા લીધી છે એટલું. આ જ્ઞાનપ્રધાન અધિકાર છે ને આ ? આ જ્ઞેય પ્રધાનનો અધિકાર છે ને ? આ જ્ઞેય અધિકાર (છે). આ વસ્તુ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય છે તેનો ઉપયોગ કર્યો, શુદ્ધ ઉપયોગ, એ શુદ્ધ ઉપયોગને અભિન્ન ગણીને દ્રવ્યાર્થીકનય કીધો. બધી પર્યાય નહિ. બધી પર્યાય, અશુદ્ધની પર્યાય એમ બધી પર્યાય નહિ.

શ્રોતા :– વર્તમાનની કે ભૂત - ભવિષ્યની ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– વર્તમાનની. ભૂત ભવિષ્યની ક્યાં હતી ? ઇ તો અંદર ગરી છે, ન્યાં ક્યાં હતી ? આ તો ચોખવટ (કરી). વાંધા ઊઠે છે ને માણસને ? બાપુ ! આ વાંધા આવા ... આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વસ્તુ છે. આ ત્રણકાળ, ત્રણલોકમાં ફરે નહિ એવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચીજ છે. એ કલ્પનાથી અર્થ કરે એથી કાંઈ વસ્તુ બીજી થઈ જાય એમ છે નહિ. ભગવાન આત્મા ! અહીં તો કહે છે ને ! ક્ષાયિક સમકિત મુક્તિનું કારણ નહિ, કેવળજ્ઞાનનું કારણ નહિ.

શ્રોતા :– શુદ્ધઉપયોગ મુક્તિનું કારણ એમ કહ્યું છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં તો દ્રવ્યાર્થીકનયે અભેદ કરીને કથન કર્યું છે, દ્રવ્યાર્થીકનય કીધી છે એટલે. સમજાણું કાંઈ ? એ તો મુક્તિનું કારણ ભેગું ભેળવીને કીધું છે, ખરેખર એ છે નહિ. પણ વાત તો સ્પષ્ટ કરે. આ તો હવે ઘણા વર્ષોથી બધી વાતો થાય છે. એ ક્યાં અહીં નવી છે ? સમજાણું કાંઈ ? યથાખ્યાત ચારિત્ર મુક્તિનું કારણ નહિ. આહા..હા..! 'નરસીંહભાઈ' ! શું વાંચ્યું છે કે નહિ તમે ? આ 'નિયમસાર' છે કે નહિ ઘરે ? કહો, સમજાણું આમાં ?

ક્ષાયકના ભેદ માયલો એક યથાખ્યાત ચારિત્ર ભેદ છે. આત્માની પર્યાયમાં જેવું સ્વરૂપ (છે) તેવું શુદ્ધપણે પરિણમન યથાખ્યાત થઈ ગયું, પણ એ પર્યાય છે, અવસ્થા છે. એ કેવળજ્ઞાનનું કારણ નહિ. આહા..હા..! એક કોર કહે, મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનું કારણ. એકકોર કહે કે એ મોક્ષમાર્ગ પણ મોક્ષનું કારણનું નહિ.

શ્રોતા :– પરમપારિણામિકભાવ તે મોક્ષનું કારણ નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નથી, પરમપારિણામિક મોક્ષનું કારણ (નથી) કઈ અપેક્ષાએ ? પરમપારિણામિક તો મોક્ષનું કારણ છે પણ મોક્ષનું કારણ એટલે ધ્યાનની જે પર્યાય છે અને આ પારિણામિક બે એક નથી એમ કરીને કહ્યું છે. જે ધ્યાનની પર્યાય છે એ અને પારિણામિકભાવ એક નથી. જો ધ્યાનની પર્યાય ને પારિણામિક એક હોય તો ધ્યાનની પર્યાય નાશ થઈ જાય તો પારિણામિકભાવનો નાશ થઈ જાય. 'સમયસાર'માં આવ્યું, 'દ્રવ્ય સંગ્રહ' માં છે. આમાં પણ કહ્યું છે. આમાં જ કહ્યું છે. આ વાંચ્યું એમાં પણ કહ્યું છે. એમાં જ છે, ખબર છે. ૮૯ ગાથામાં ન્યાં જ છે. આમાં પણ કહ્યું, જુઓ ! **'ज्ञायते शुद्धपारिणामिकभावो ध्येयरूपो भवति, ध्यानभावनारूपो न भवति।'** સમજ્યા ને ? ધ્યેય એકલો ધ્રુવ સ્વરૂપ. ધ્યાનની પર્યાય જે છે એ પારિણામિક ભાવ સ્વરૂપે નથી. માટે ધ્યાનની સ્વરૂપની પર્યાય તે પારિણામિકભાવમાં અભેદ જો માની લ્યો તો ધ્યાન પર્યાયનો નાશ થતાં પારિણામિકનો નાશ થઈ જશે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ સાદિ ભાષા (છે), હોં ! ગુજરાતી બહુ એવી ઝીણી નથી. સમજ્યા ને ? હિન્દીવાળા ખ્યાલ રાખે ને (તો સમજાય એવું છે).

શ્રોતા :– ભાષા તો સાદી છે પણ ભાવ... !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાવમાં પણ એમાં... ભાવ આ ચૈતન્ય ધ્રુવ જ્ઞાયક પ્રભુ. એ સિવાયની એક સમયની પર્યાય ક્ષાયક હો, તોપણ તે પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. માટે તે પર્યાય મુક્તિનું કારણ નથી. હવે એમાં સાદિ ભાષા છે. આમાં કાંઈ કોઈ બહુ સંસ્કૃત ને વ્યાકરણ ને બહુ ભણ્યો હોય તો આ સમજાય, એવું કાંઈ નથી. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ ?

કેવળજ્ઞાન, લ્યો ! એ ક્ષાયિકભાવની પર્યાય છે, ક્ષાયિકભાવની પર્યાય છે એ પણ મુક્તિનું કારણ નથી. કારણ કે કેવળજ્ઞાન પોતાને નથી. કો'કને છે એનું લક્ષ કરવા જાય તો રાગ થાય છે. પોતામાં નથી ને જ્યાં આમ થાશે, એમ થશે એમ વિકલ્પ કરે તો એ રાગ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? કેવળદર્શન એ પર્યાય છે માટે મુક્તિનું કારણ નથી. આહા..હા..!

**'તથા અંતરાયકર્મના ક્ષયજનિત દાન,...'** દાન. આત્માના સ્વરૂપનું દાન દે છે ને ? પોતે પોતાનું દાન આપે, હોં ! પરની દાનની વાત નથી. સ્વરૂપનું દાન પોતે આપે એ પર્યાય છે. એ પર્યાય મુક્તિનું કારણ નથી. સ્વરૂપ લાભ – પોતાના સ્વરૂપની પ્રાપ્તિ–લાભ પર્યાયમાં (થાય) એ મુક્તિનું કારણ નથી. મુક્તિનું કારણ પરમપારિણામિકભાવ છે. આ શુદ્ધભાવ કહ્યો ને માથે ? શુદ્ધભાવ કહો, શુદ્ધ જીવાસ્તિકાય કહો, જ્ઞાયકભાવ કહો, ધ્રુવભાવ કહો, એકરૂપ ત્રિકાળ ચૈતન્ય સ્વભાવ કહો, કારણજીવ કહો, કારણપરમાત્મા કહો ! સમજાય છે કાંઈ ? આ બધા એના ગાણા છે.

**'ભોગ...'** પોતાના અનુભવનો પર્યાયમાં ભોગ. **'ઉપભોગ...'** વારંવાર પર્યાયનો ભોગ. **'અને વીર્ય...'** પોતાના સ્વરૂપની પૂર્ણ પર્યાયની રચનારું વીર્ય પર્યાય. એ પર્યાય છે એ મુક્તિનું કારણ નથી, દ્રવ્ય ત્રિકાળ છે એ મુક્તિનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છે : મતિજ્ઞાન,...'** ક્ષયોપશમ ભાવે હોય. એ મુક્તિનું કારણ નથી. એ આવરણનું કારણ છે એમ કહેશે. અહીં પછી કહેશે. ચાર ભાવો આવરણ સંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી, આ બાજુ ૮૫માં કહેશે. કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ કે નહિ ? **'શ્રુતજ્ઞાન...'** મુક્તિનું કારણ નથી, આવરણનું કારણ છે.

શ્રોતા :– કેવળજ્ઞાન નથી તો શું કરીએ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો નથી, અને આ તો છે ખરું ને ? મતિ-શ્રુતજ્ઞાન તો એને સાધક જીવને હોય છે. છતાં તેનું લક્ષ કરવા જાય, એનો આશ્રય કરવા જાય તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. માટે એ મુક્તિનું કારણ નથી, માટે એ આવરણનું કારણ છે. મુક્તિનું કારણ ત્રિકાળ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સત્ સત્ શાશ્વત ધ્રુવ જ્ઞાન ને આનંદનો પિંડ પ્રભુ એ જ મુક્તિનું કારણ છે, જેમાં એવી મુક્તિની પર્યાયો અનંત પડી છે. તે ક્રમે એમાંથી નીકળે છે. કહો, 'કેસરીચંદજી' !

શ્રોતા :– તો લક્ષ કોનું કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– દ્રવ્યનું લક્ષ કરવું, અંદરમાં અંતર વસ્તુનું લક્ષ કરવું એમ કહે છે.

શ્રોતા :– લક્ષ કરે કોણ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આત્મા. કોણ કરે ? પર્યાય લક્ષ કરે, પર્યાય લક્ષ કરે પણ એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય આશ્રય કરવા લાયક નથી, દ્રવ્ય આશ્રય કરવા લાયક છે. આહા..હા..! લક્ષ કરનારી પર્યાય લક્ષ કરને લાયક નથી. લક્ષ કરવા લાયક દ્રવ્ય છે, પણ લક્ષ કરે છે પર્યાય. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ !

આ તો આમ પરમાત્મા પૂર્ણ પ્રભુ પડ્યો છે ને ! એને જ્ઞેય તરીકે ધ્યેય તરીકે ધ્યાનમાં, લક્ષમાં ન લે ત્યાં સુધી એને નવી પર્યાય ધર્મની પ્રગટ થાય નહિ અને થયેલી હોય તોપણ એમાંથી નવી ન પ્રગટ થાય. અંતરમાં એકાકાર દૃષ્ટિ આપે ત્યારે નવી ધર્મ પ્રપર્યાય વૃદ્ધે. ક્ષયોપશમમાંથી ક્ષાયિક થાય, ક્ષયોપશમ સમકિતમાંથી ક્ષાયિક થાય એ કાંઈ ભગવાનના લક્ષથી નથી થતું, તેમ ક્ષયોપશમના લક્ષે નથી થતું; એ અંતરમાં એકાગ્ર થતાં ક્ષાયિક સમકિત થાય છે. આહા..હા..! ભારે વાત, ભાઈ ! વ્યવહારના લખાણ એટલા હોય ને એટલે... ઉપાદાન-નિમિત્તમાં આવ્યું છે, ક્ષાયિક સમકિત આદિ ભગવાનના સમીપે થાય છે.

શ્રોતા :- ના પાડી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ના, ના. સાંભળ તો ખરો. એની સમીપે થાય તો બધાને થાવું જોઈએ. પોતાના પુરુષાર્થથી થાય છે. ૪૭ દોહા બહુ સારા છે. 'ભૈયા ભગવતીદાસ' ! એના અર્થ પણ ઊંધા કરે છે. અર..ર..! ૪૭ દોહાની નિમિત્તની જે છે ને યુક્તિઓ ? ઇ કહે છે ઇ સાચી. ઉપાદાન યુક્તિ ખોટી. પણ ઇ ઉપાદાનને સિદ્ધ કરવા તો નિમિત્તની યુક્તિ ખોટી પાડવા તો લખાણ છે. 'અજીતકુમારે' 'જૈન ગઝેટ'માં લખ્યું હતું. એની નિમિત્તની દલીલ બરાબર છે પણ ઉપાદાનની ઉટપટાંગ છે. ભગવાન ! તું પણ ખરો પણ. 'ભૈયા ભગવતીદાસે' તો ઉપાદાનનું કાર્ય સિદ્ધ થાય ત્યારે નિમિત્ત હોય, નિમિત્ત કરતું નથી. એ માટે દોહરા રચ્યા. ત્યારે ઇ કહે છે કે નિમિત્તની દલીલ બરાબર છે. ત્યારે ઉપાદાનની દલીલ ઉટપટાંગ છે. ઠીક, ભાઈ ! કોઈ પણ પૂછનાર પણ ન મળે. કોઈ શેઠિયો કે આ પંડિત પણ (પૂછતા નથી કે) શું પણ આ તું કરે છે ? આ કોને ખોટા પાડે છે ? એમ કહેવું પડે કે નહિ ? શું કરવું ? એ..ઇ..! આ મોટા પંડિત બેઠા. ઇ કહે હવે મારે મારું કરવું છે, કો'કનું નહિ. કહો, સમજાણું આમાં ?

શ્રુતજ્ઞાન, શ્રુતજ્ઞાન ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રગટ્યું હોય. એક સમયમાં બાર અંગનું જ્ઞાન એ મુક્તિનું કારણ નહિ. ભાવ જ્ઞાન, હોં ! ક્ષયોપશમ ભાવ, સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાન, સમાધિવાળું જ્ઞાન મુક્તિનું કારણ નહિ. ઇ પર્યાય છે. ત્રિકાળ ભગવાન શુદ્ધભાવ ત્રિકાળ નિરૂપાધિ નિરાવરણ ભાવ, ત્રિકાળ એકરૂપ સ્વભાવભાવ ભગવાન એ જ મુક્તિનું કારણ છે.

અહીં તો કહે, બાર અંગનો ઉઘાડ ભાવ શ્રુતજ્ઞાન એ આવરણનું કારણ છે. એ..ઇ..! મારી નાખે ને ત્યાં ! ભાવશ્રુતજ્ઞાન આવરણનું કારણ ! ભાઈ સાહેબ શું કહો છો તમે આ ? ભાઈ ! પર્યાયને લક્ષે રાગ થાય અને પર્યાયમાં ઉઘાડમાં કર્મના નિમિત્તનો અભાવ હતો એ અપેક્ષાએ લઈને વસ્તુના સ્વરૂપમાં આશ્રય દ્રવ્યનો કરે તો તેને શ્રુતજ્ઞાનની વૃદ્ધિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય, કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય. પણ એ શ્રુતજ્ઞાનને લક્ષે થતું નથી, આ લક્ષને ફેરવવા આખી વાત કરે છે.

**'અવધિજ્ઞાન...'** લ્યો ! અવધિજ્ઞાન. આમ નરક-સ્વર્ગ અંદર સમ્યગ્દૃષ્ટિ અવધિથી જાણે, હોં ! એ અવધિજ્ઞાન મુક્તિનું કારણ નથી. સમજાણું કાંઈ ? પર્યાય છે. **'મનઃપર્યયજ્ઞાન...'** મનના ભાવ જાણે. મોક્ષનું કારણ નથી. એ ચાર જ્ઞાન ક્ષયોપશમ ભાવે છે, ચાર ક્ષયોપશમ ભાવે.

શ્રોતા :– મનઃપર્યયજ્ઞાન થાય તો કેવળજ્ઞાન થાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનાથી થાય છે ? દ્રવ્યથી થાય છે. એમ કહે ને કે ભાઈ ! મનઃપર્યયજ્ઞાનનો જે વિપુલમતિ એમ આવે છે ને ? વિપુલમતિવાળાને તો કેવળજ્ઞાન થાય. આવે છે ને ? ઋજુમતિ ને વિપુલમતિ. મનઃપર્યયજ્ઞાનના બે ભેદ. મુનિને ઋજુમતિ જ્ઞાન થાય અને વિપુલમતિ (થાય) પણ વિપુલમતિ જેને હોય એને કેવળજ્ઞાન થાય. પણ વિપુલમતિ જ્ઞાનથી કેવળજ્ઞાન ન થાય. સમજ્યા ને ?

પરમ અવધિજ્ઞાન, લ્યો ! ભાઈ ! લ્યો ! પરમ અવધિ અને સર્વાવધિ જ્ઞાન હોય એને એ ભવમાં કેવળજ્ઞાન થાય એમ શાસ્ત્રમાં છે. પણ એ પરમ અવધિ ને સર્વ અવધિની પર્યાયમાંથી કેવળજ્ઞાન ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ ? આવે છે કે નહિ શાસ્ત્રમાં ? જે ભવમાં જે જીવને પરમ અવધિ થાય એ જીવ તે ભવમાં મોક્ષ જાય. શાસ્ત્રમાં લેખ છે. પણ એનો અર્થ કે એ પર્યાયવાળાની પુરુષાર્થની ઉગ્રતા સ્વભાવમાં થઈ, દ્રવ્યને આશ્રયે કેવળજ્ઞાન એ ભવમાં લેશે. પરમ અવધિ થયું માટે કેવળજ્ઞાન એને આશ્રયે થશે એમ નથી. આહા..હા..! એ તો નિમિત્ત આવું હોય ત્યારે એને પૂર્ણ ઉગ્રતા થવાનો કાળ છે પણ એ દ્રવ્યમાંથી કેવળજ્ઞાન થશે. પાઠ આવા આવે, લ્યો !

**'કુમતિજ્ઞાન...'** લ્યો ! એ તો ઠીક અજ્ઞાન છે ને. **'કુશ્રુતજ્ઞાન ને વિભંગજ્ઞાન એવા ભેદને લીધે અજ્ઞાન ત્રણ; ચક્ષુદર્શન, અચક્ષુદર્શન ને અવધિદર્શન એવા ભેદને લીધે દર્શન ત્રણ;....'** એ પણ કાંઈ મુક્તિનું કારણ નથી. હવે **'કાળલબ્ધિ,...'** ચાલો. એના વાંધા. જરીક એથી લીધું. નહિતર તો લેવો છે છેલ્લો અધિકાર. કાળલબ્ધિ એટલે ક્ષયોપશમિકભાવ. અહીં કાળલબ્ધિની વ્યાખ્યા પેલા પાંચ લીધા છે ને ? દેશનાલબ્ધિ ને પાંચ એ નહિ. અહીં કાળ એટલે ક્ષયોપશમિક ભાવ લેવો. **'કરણલબ્ધિ,...'** અંદરમાં કરણલબ્ધિ એ પણ ક્ષયોપશમભાવે છે, હોં ! અહીં ક્ષયોપશમભાવ કહેવો છે. અંદરમાં ઉઘાડ થાય છે કાળલબ્ધિ ક્ષયોપશમ, એને કાળલબ્ધિ કીધી. પણ એ ક્ષયોપશમભાવ છે. ક્ષયોપશમભાવને લઈને મુક્તિ નથી.

શ્રોતા :– કાળલબ્ધિ કાળસ્વરૂપ ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— અહીં ક્ષયોપશમભાવને કાળલબ્ધિ કીધી છે. પાંચ લબ્ધિ છે ને ? ઇ કાળલબ્ધિના અર્થ જે પાંચ ભાવ છે ને ? ક્ષયોપશમ લબ્ધિ આદિ, એને અહીં ક્ષયોપશમને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઠેકાણે કાળલબ્ધિ લીધી છે, બસ ! એમ. ક્ષયોપશમના કાળની લબ્ધિ ઇ. ખરેખર તો એ મોક્ષની લબ્ધિ જે ક્ષયોપશમ ભાવે પ્રગટે છે એને અહીં કાળલબ્ધિ તરીકે કીધી છે. જ્યાં ક્ષયોપશમ કીધો એને અહીં કાળલબ્ધિ કીધી છે. પાંચમાં ક્ષયોપશમ લબ્ધિ કીધી એને અહીં કાળલબ્ધિ કીધી છે. ઇ પહેલાં આપણે આવી ગયું છે. સ્વકાળે થાય, પણ એ કાળલબ્ધિ સ્વકાળે થાય એ મુક્તિનું કારણ નથી, મુક્તિનું કારણ દ્રવ્ય છે. એ પાંચ બોલ આપણે પાછળ આવી ગયા છે. આવશ્યકમાં આવી ગયા છે. એ આવી ગયા. આપણે તે દિ' અર્થ કર્યો.

**'કરણલબ્ધિ...'** સ્વરૂપનો અનુભવ. એ એકાગ્ર થાય એનાથી કરણલબ્ધિથી કેવળજ્ઞાન ન થાય. કહો, સમજાણું કાંઈ ? કરણલબ્ધિથી ખરેખર તો સમ્યગ્દર્શન પણ ન થાય. આહા..હા..! 'ગોમ્મટસાર' કહે કે કરણલબ્ધિ હોય ને સમ્યગ્દર્શન થાય. પણ એ તો પર્યાયના નયની વાત કરી છે. એ પર્યાયને આશ્રયે સમ્યક્ ન થાય. કરણલબ્ધિના પરિણામનો વ્યય થઈને નવી થાય. દ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! ભારે વાત, ભાઈ !

એક કોર 'ગોમ્મટસાર' કહે, કરણલબ્ધિ થાય એને સમકિત (થાય). અપૂર્વ, અનિવૃત્તિકરણ, અધકરણ એ થાય એને સમકિત થાય. એ તો પર્યાય આવી હોય, પછી આવી પર્યાય થાય. એ પર્યાય છે માટે એને કારણે આવી પર્યાય થાય એમ પણ નથી. આહા..! સમજાય છે કાંઈ ? પૂર્વની પર્યાય આવી હતી માટે આવી પર્યાય પછીની થઈ, બળાત્કારે થવી જોઈએ એમ નથી. મોટો દોષ લીધો. વિદ્વતપરિષદ કેવું કહેવાય ? 'આત્માવલોકન' ! 'આત્માવલોકન'માં 'દિપચંદજી'એ આ વાત બહુ લીધી છે. સાધક-બાધકનો અર્થ તમે એમ કરશો કે પૂર્વની આવી પર્યાય હોય માટે એની પર્યાયથી ઓલી પર્યાય થાય જ, એને લઈને થાય, એમ નથી. પૂર્વે આવી પર્યાય હોય તો પછી આને થાય એમ કરીને સાધક ને સાધ્ય (કહ્યું છે). પૂર્વની પર્યાય સાધક ને સાધ્ય કહ્યું છે. પણ તમે એમ લેશો કે આ પર્યાય છે માટે પેલી પર્યાય થાય (તો) અનર્થ થઈ જશે, એવું લખ્યું છે, હોં ! 'આત્માવલોકન'માં 'દિપચંદજી'એ (લખ્યું છે). ઓહો..હો..! એ લોકો તો... 'દિપચંદજી' આ બધા 'ટોડરમલજી' આહા..! 'બનારસીદાસ', 'રાજમલજી' આદિ પૂર્વના પંડિતોએ ઘણું કામ કર્યું. સમજાણું ? અનર્થ થાય એમ કીધું છે. શું કીધું ? આ પૂર્વની (પર્યાય) જેને અમે સાધક કીધું એ સાધકથી સાધ્ય થાય, એ સાધક આવે તો એનાથી સાધ્ય થાય, એમ ન થાય. ફક્ત પૂર્વે અવસ્થા કોણ હતી એને સાધક કીધી છે. પછીની અવસ્થા એનાથી થાય, એ હતી માટે થાય એમ નથી. એટલી પરાધીન પર્યાય નથી. આહા..હા..! એ છે કે નહિ ? 'આત્માવલોકન' ક્યાં છે ? લાવો ખરા હવે. એ ટાણે તો હોવું જોઈએ ને ટાણે. સમજાણું કાંઈ ?

એ કરણલબ્ધિ મુક્તિનું કારણ નથી. આ કરણલબ્ધિ સમકિતનું પણ કારણ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! 'ગોમ્મટસાર'માં કહે, કરણલબ્ધિ થાય એને સમકિત થાય. પણ એ તો પૂર્વે પર્યાય હોય પછી આ થાય એ અપેક્ષાએ કહ્યું. સમજાણું કાંઈ ? ભારે વાત ! એ વ્યવહાર કારણ-કાર્ય. નિશ્ચય કારણ તો દ્રવ્ય કારણપરમાત્મા પોતે છે. કારણ પ્રભુ ત્રિકાળ તે પર્યાયનું કારણ છે. સમજાણું કાંઈ ? 'આત્માવલોકન'માં છે, 'દીપચંદજી'એ બહુ સરસ વાત કરી છે. એ લોકોએ તો 'ચિદ્‌વિલાસ' આદિ બનાવ્યા છે. ઓહો..હો..! શાસ્ત્રના ભાવોને જ મુક્યા છે, ઘરની કોઈ વાત નથી. ભવભીરૂ ! આત્માનું જ્ઞાન અને એક એક અક્ષરમાં કોઈ પણ શાસ્ત્રની પરંપરા તૂટે નહિ એવી શૈલીથી મૂકી છે. પણ હવે નિર્માન થઈને જરી વાંચે કે વિચારે તો થાય. અમે બધું જાણીએ છીએ માટે એનું શું ? એ 'આત્માવલોકન' ક્યાં છે ?

આ '**ઉપદેશલબ્ધિ...**' એટલે દેશના. દેશનાલબ્ધિ મુક્તિનું કારણ નથી. ક્યાં છે ? કાઢોને એ. આ '**ઉપશમલબ્ધિ...**' એટલે વિશુદ્ધિ, કષાયની મંદતા એ મુક્તિનું કારણ નથી. આહા..હા..! અહીં તો હજી દયા ભાવને મુક્તિનું કારણ કહે છે, ભાઈ ! ગજબ કરે છે. લ્યો ! સાધક-સાધ્ય ભાવ. જે સાધે તે સાધકભાવ. '**જે ભાવ પ્રવર્ત્યા વિના અન્ય–પછીનો (–ઉત્તર) ભાવ ન પ્રવર્તે, જ્યારે તે જ (પૂર્વ) ભાવના પ્રવર્તવાનો કાલ આવ્યે તે (પૂર્વ) ભાવ પ્રવર્ત્યો હોય ત્યારે તો તે, ઉત્તરભાવનું પ્રવર્તવું અવશ્ય સાધે છે, અન્યભાવ પ્રવર્તતાં તે (ઉત્તર) ભાવ સધાતો નથી.**' બીજો ભાવ હોય એ ન સધાય એટલી વાત. એ ભાવ હોય તો બીજો ભાવ પછી આવે.

'**વળી કોઈ અજ્ઞાની એમ જાણી લેશે કે તે ઉત્તરભાવને આ (પૂર્વ) ભાવ પોતાના બલથી પ્રવર્તાવે છે....**' પૂર્વની પર્યાય, પછીની પર્યાયને સાધ્ય કીધી, પૂર્વની પર્યાયને સાધક કહી તો કોઈ અજ્ઞાની એમ કહે કે '**પોતાના બળથી પ્રવર્તાવે છે–આ (પૂર્વ) ભાવ જોરાવરીથી પરિણમાવે છે, એ રીતે સાધકભાવ માને તો એ તો અનર્થ.**' છે. ફક્ત પૂર્વ પર્યાય હતી એટલું બતાવ્યું. પછી આ (પર્યાય) થઈ તે સાધ્ય. પણ એ થઈ તો તે બળજોરીથી થઈ એવું સાધક-સાધ્યપણું માને તો અનર્થ છે. એ... 'ધન્નાલાલજી' ! આ 'દીપચંદજી' સમકિતી ગૃહસ્થ છે.

'**સાધકભાવ એટલો જ જાણવો કે તે ભાવ (સાધ્યભાવ) પોતાના બલથી પ્રવર્તે છે; પરંતુ આમ છે કે તે ભાવ (સાધકભાવ) પ્રવર્તતાં તે કાલે આ ભાવનું (સાધ્યભાવનું) પણ પ્રવર્તવું થાય છે.**' સાધકપણું પ્રવર્ત્યું, સાધ્ય ભાવ પછી હોય છે, એટલું. '**જે તે ભાવનું (સાધકભાવનું) થવું તે, આ (સાધ્યભાવ) થવામાં સાક્ષીભૂત તો અવશ્ય થાય છે.**' લ્યો ! પૂર્વની પર્યાય પછીની પર્યાયને સાક્ષીભૂત છે. આહા..હા..!

શ્રોતા :– નિમિત્ત સાક્ષીભૂત થઈ ગયું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો પર્યાય સાક્ષીભૂત થઈ ગઈ. નિમિત્ત એ પૂર્વનો વ્યવહાર. મોક્ષમાર્ગની પર્યાય મોક્ષને માટે સાક્ષીભૂત છે. એ 'જુગરાજજી' ! આહા..હા..! વાત બરાબર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મુકી છે, હોં ! પર્યાયની સ્વતંત્રતા પ્રસિદ્ધિ કરવા. **'સાક્ષીભૂત તો અવશ્ય થાય છે. તો આટલી તે ભાવને સાધકભાવની સંજ્ઞા કહેવામાં આવે છે. એમ આ અવસર વિષે જાણવું.'** પૂર્વની પર્યાય પછીની પર્યાયને સાધ્ય કીધી, પહેલાની પર્યાયને સાધક કીધી પણ (અર્થ એટલો કે) પૂર્વે આ હોય પછી આ હોય. એટલું ગણીને કહ્યું. પણ આ હોય માટે બળજોરી બીજાની ભવિષ્યની એને લઈને પર્યાય થાય (તો) અનર્થ – સ્વતંત્ર પર્યાયનો નાશ થઈ જાય છે. ઓહો..હો..! એ..ઇ..! વાંચ્યું છે કે નહિ આ ? ઘણો વખત થઈ ગયો. એટલે યાદ નથી લાગતું. એમાં સાધ્ય-સાધકનો અર્થ કર્યો છે આ.

શ્રોતા :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– વેગને કારણે વધતા નથી. એ પર્યાયની પછીની અવસ્થા પોતાને કારણે સ્વતંત્ર પ્રગટે છે. 'દેવાનુપ્રિયા' ! એ માટે તો જરીક આ વાત મુકી. અહીં આવ્યું છે એટલે.

શ્રોતા :– સંસ્કાર નિરસ્ત..

પૂજ્ય ગુરુદેવશ્રી :– સંસ્કાર કોણ કહે છે ? પૂર્વના સંસ્કાર વર્તમાન પર્યાયમાં સંસ્કાર આવ્યા માટે આવે એ વાત જૂઠી છે. ઇ તો વ્યવહારથી કહેવામાં આવે. યથાર્થમાં પૂર્વના સંસ્કાર વર્તમાન પર્યાયને જોરાવરી ઉત્પન્ન કરાવે (એમ) છે જ નહિ. તે પર્યાય સ્વતંત્ર પોતાથી પ્રગટ થાય છે. આહા..હા..! ભારે વાત, ભાઈ !

શ્રોતા :– વેગને કારણે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– વેગ-બેગ નહિ, બિલકુલ નહિ, ના પાડી ને ! પૂર્વની પર્યાય છે તે સાધક, પછીની (પર્યાય) સાધ્ય. પણ કોઈ અજ્ઞાની એમ માને કે સાધકપર્યાય છે તો તેને જોરાવરીથી આવવું જ પડશે (તો) અનર્થ કરશે.

શ્રોતા :– સાધકના વેગથી થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બિલકુલ નહિ. સાધકના વેગથી સાધ્ય થાતા નથી. સાધ્યની પર્યાય પોતાના જોરથી થાય છે. એ 'દેવાનુપ્રિયા' ! આ તો વીતરાગનો માર્ગ છે. આહા..હા..! 'દિપચંદજી' એ બરાબર કામ કરી લીધું છે, હોં ! એ શાસ્ત્ર પ્રમાણે લીધું છે. ઉત્પાદ ઉત્પાદને કારણે છે એમ 'પ્રવચનસાર' ૧૦૧ ગાથામાં છે. વ્યય કારણે ઉત્પાદ છે એમ નહિ. એ વાત સિદ્ધ કરી, ભાઈ ! આ સિદ્ધ કરી છે એ. ૧૦૧ ગાથા 'પ્રવચનસાર'. વ્યયને કારણે વ્યય, ઉત્પાદને કારણે ઉત્પાદ અને ધ્રુવને કારણે ધ્રુવ. તો કોઈ કહે કે પૂર્વની સાધક પર્યાય વ્યય થઈને માટે સાધ્ય અહીં થાય, (તો) એમ નથી. આહા..હા..!

શ્રોતા :– એનો વેગ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– વેગ-ફેગ નહિ. અહીં તો સ્વતંત્રના (ઢંઢેરા છે). શું છે ? 'પુનમચંદજી' ! વ્યયને કારણે ઉત્પાદ નહિ અને પૂર્વની સાધક પર્યાય છે તો સાધ્ય છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ નહિ. ફક્ત સાધ્ય થવા પહેલાં એ પર્યાય હતી એમ ગણીને સાધક-સાધ્ય કહેવામાં આવ્યું છે. આવી વાત છે. આહા..હા..! જૈન દર્શન વસ્તુ દર્શન છે, સત્ દર્શન છે.

એક પર્યાયની સત્તા, વર્તમાન સત્‌તા પૂર્વની પર્યાય છે તો સત્‌તા આવી એમ (નથી). સત્ નિરપેક્ષ છે. સહેતુ પર્યાય છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? એ... 'કેસરીચંદજી' !

શ્રોતા :– સાધક કેમ કહ્યું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ કહ્યું ને ? સાધ્ય થવા પહેલા એ પર્યાય હતી તેટલું દેખાડવા સાધક કહ્યું.

શ્રોતા :– બળજોરીથી લાવી એમ નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– બિલકુલ નહિ. આહા..હા..! કેટલું નિરપેક્ષ સત્ છે ! દ્રવ્ય તો નિર્પેક્ષ ધ્રુવ (છે), આ ઉત્પાદ સમય સમયનો પર્યાય સ્વતંત્ર નિરપેક્ષ (થાય છે). પૂર્વની પર્યાય હતી માટે આને–સાધ્યને આવવું પડ્યું કે વ્યય થઈને આ કારણ થયું ને પર્યાયમાં કાર્ય આવવું પડ્યું (એમ) છે જ નહિ. 'અમરચંદભાઈ' ! આહા..હા..! કહો, 'દેવીલાલજી' !

બાપુ ! પ્રભુ બિરાજે છે ને સત્‌રૂપે ! અને પર્યાય તે સમયની સત્ સ્વતંત્ર (થાય છે). જો પૂર્વને કારણે કહો તો પૂર્વની પર્યાય તો સાધારણ હતી અને આ થઈ ઉગ્ર. એક દાખલો (લઈએ). તો ઉગ્ર એને કારણે થઈ ? ઉગ્ર એને કારણે થઈ ? સમજાય છે ? સાધકમાં આ અને સાધ્યમાં આ. પર્યાયમાં વિશેષ નિર્મળ થઈ તે આને કારણે થઈ ? સ્વતંત્ર છે. એક ન્યાયે દ્રવ્ય-ગુણને કારણે નહિ, ધ્રુવને કારણે નહિ. પર્યાય પર્યાયને કારણે સ્વતંત્ર પ્રગટ થઈ. આ રીતે સત્‌ને ન સ્વીકારે તો એ સત્‌નો સ્વભાવ શું છે એ સમજ્યો જ નથી. સમજાણું કાંઈ ? આહા..! એ..ઇ..! અહીં તો પેલું કરણ આવ્યું ને એ ઉપરથી જરીક (સ્પષ્ટીકરણ આવ્યું).

ભાઈ ! વસ્તુ ભગવાન આત્મા સત્‌રૂપ વસ્તુ ત્રિકાળ ધ્રુવ શુદ્ધ છે. એમાંથી જે આ પર્યાય આવી તો પૂર્વની જે સાધક પર્યાય હતી તો આ થઈ એમ નથી. (એનાથી થઈ એમ કહેવું એ તો) વ્યવહારથી કથન છે. બળજોરીથી પૂર્વની પર્યાય છે તો તેને આવવું પડ્યું, એવી વસ્તુસ્થિતિ છે જ નહિ. આહા..હા..! અને ધ્રુવ સ્વભાવ છે તો પર્યાય તેને કારણે ઉત્પન્ન થઈ એમ પણ નથી.

શ્રોતા :– એના આશ્રયે થઈ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ આશ્રયે થાય પણ થઈ સ્વતંત્ર. ત્રણે સત્ છે, ત્રણે સત્ છે. ઉત્પાદ સત્, વ્યય સત્, ધ્રુવ સત્. નિરપેક્ષ સત્ અહેતુક છે. આહા..હા..! 'અમરચંદભાઈ' ! લ્યો ! આ વિષય અંદરથી ઠીક નીકળી ગયો. ક્યાં ગયા ? 'રતિભાઈ' ! કાંઈ નહિ કારણ. પૂર્વની પર્યાય (છે) માટે ઉત્તરની પર્યાય નહિ, લ્યો ! સાધક-સાધ્ય એટલું કે સાધ્ય થવા પહેલાંની એક પર્યાય હતી એ એની પૂર્વની અપેક્ષાએ સાધક કહ્યો. સાધક કહ્યો માટે આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાધ્ય પર્યાય આવી (એમ) નહિ.

અહીં કહે છે, વિશુદ્ધિ-કષાયની મંદતા એ મોક્ષનું કારણ નથી. કહો, ક્ષાયિક સમકિત મોક્ષનું કારણ નથી તો વળી આ ક્યાંથી આવી ગયું ? '**પ્રાયોગ્યતાલબ્ધિ...**' કર્મની સ્થિતિ ઘટવી. '**એવા ભેદને લીધે લબ્ધિ પાંચ; વેદકસમ્યક્ત્વ;...**' મોક્ષનું કારણ નથી, વેદક એટલે ક્ષયોપશમ સમકિત. '**વેદકચારિત્ર...**' ક્ષયોપશમ ચારિત્ર '**અને સંયમાસંયમપરિણતિ.**' શ્રાવકની સમ્યગ્દર્શન સહિતની સંયમાસંયમ પરિણતિ. ક્ષયોપશમભાવે, ક્ષયોપશમભાવે આત્માના આશ્રયે થતું સમ્યગ્દર્શન, જ્ઞાન ને સંયમાસંયમ પરિણતિ એ પર્યાય છે. પર્યાય મોક્ષનું કારણ નથી. કહો, સમજાણું આમાં ?

આપણે 'પંચાસ્તિકાય'માં લખ્યું છે કે ભાઈ ! જુઓ ! આ વ્યવહાર છે એ શુદ્ધિનું કારણ નથી. સાતમા ગુણસ્થાનની શુદ્ધિનું કારણ વિકલ્પ નથી. પણ છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ તે સાતમાનું કારણ (છે). એ તો વ્યવહારનું કારણ નિષેધવા વાત કરી છે. સમજાય છે કાંઈ ? 'પંચાસ્તિકાય'માં નીચે ટીકામાં અમારે પંડિતજીએ ફૂટનોટમાં લખ્યું છે કે ભાઈ ! અહીંયા વ્યવહારને નિશ્ચયનું કારણ કહ્યું છે તો એ તો એમ નથી. પણ તે વ્યવહારના વિકલ્પના કાળમાં છઠ્ઠા ગુણસ્થાનની જે શુદ્ધિ હતી એ સાતમાની શુદ્ધિનું કારણ છે. પેલા વિકલ્પનું કારણ એટલું શુદ્ધિ સિદ્ધ કરવા (કહ્યું) પણ ખરેખર છઠ્ઠાની શુદ્ધિ એ સાતમાની શુદ્ધિને લાવે છે એમ નથી. આહા..હા..! એ..ઇ..!

ભગવાન આત્મા સમય સમયની પર્યાય પ્રગટવામાં સ્વતંત્ર (છે). એ નહિ પણ પરમાણુમાત્ર, દ્રવ્યમાત્ર એને પૂર્વની પર્યાય હતી માટે આ પર્યાય થઈ એમ નથી. સમજાણું ? ઉપાદાનનો વ્યય થઈને ઉપાદેય થાય એ પણ વ્યવહારનું કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પૂર્વે પર્યાય કઈ હતી ? એક પરમાણુમાં પહેલા એક સમયમાં અનંત ગુણી શીત હોય. બીજા સમયમાં અનંત ગુણું ઉષ્ણ થાય. આ શીતને કારણે ઉષ્ણ થઈ ? પૂર્વનો પર્યાય ઉપાદાન કારણ અને પછી ઉપાદેય. તો શીતનું કારણ અને ઉષ્ણતા કાર્ય એમ થયું ? ઉપાદાનમાં તો વ્યાખ્યા એવી છે કે ઉપાદાન કારણ તે કાર્યરૂપે પરિણમે. નિમિત્ત કાર્યરૂપે પરિણમે નહિ. તો પૂર્વનો પર્યાય વ્યય થઈને કાર્ય થાય. એટલે ઉપાદાન કારણને કાર્યનું મૂળ કારણ કહ્યું. એ પણ વ્યવહારથી છે. આહા..! 'સેઠી' ! અરે..! વ્યવહારના ભેદ અનેક હોય, નિશ્ચયનો એક જ પ્રકાર છે. આહા..હા..! સમજાણું ?

પૂર્વની શુદ્ધિનો અંશ પછી સાધ્યને પ્રગટ કરાવે છે એ કથન પણ પૂર્વે કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું, પછી થયું એનું જ્ઞાન કરાવ્યું. પણ એવો અર્થ નથી કે પૂર્વે આ દશા હતી, પાંચમાની નિર્મળ પર્યાય હતી તો સાતમાની પર્યાય આવી એમ નથી. તેરમું આવ્યું તો ચૌદમું (આવ્યું) એમ નથી.

શ્રોતા :- ચૌદમું હતું તો સિદ્ધ થયા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :- એમ પણ નથી. સિદ્ધની પર્યાય સ્વતંત્ર (થઈ છે). એ.. 'ચંદુભાઈ' ! હજી તો તકરાર વ્યવહાર ને નિશ્ચયમાં વાંધા. અરે..! ભગવાન ! તારા વાંધા બાપા ! એ બધા સાંધા કરવાના છે. કટકા કરી નાખવાના છે. આહા..! વસ્તુ અખંડ પ્રભુ ! એક સ્વરૂપે શુદ્ધભાવ, ધ્રુવભાવ બિરાજમાન છે એ જ આત્માને મોક્ષનું કારણ છે. સમજાય છે ? એ પણ અપેક્ષાથી વાત કરી. મોક્ષની પર્યાય ધ્રુવ છે તો થઈ છે એમ કહેવું એ પણ હજી વ્યવહાર છે. પૂર્વની મોક્ષમાર્ગની પર્યાય હતી તો મોક્ષ થયો એ પણ વ્યવહાર કથન છે. સમજાણું કાંઈ ? એ... 'પુનમચંદજી' ! બહુ વાંધા. મોટા ઝગડા હજી જગતના. રાગ હોય તો આમ થાય ને ધૂળ હોય તો આમ થાય, કષાયની મંદતા હોય તો ફલાણું થાય. હવે સાંભળને ! તને શી ખબર પડે સત્યની ?

શ્રોતા :- ચારિત્ર હોય...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળમાં... ચારિત્ર ક્યાંથી આવ્યું ? વ્યવહારની ક્રિયાકાંડમાં માને કે આ કરતાં કરતાં અમને ધર્મ થાશે અને મિથ્યાદૃષ્ટિ થઈને જાશે નિગોદમાં. ભગવાન 'કુંદકુંદાચાર્યે' તો કહ્યું, એક વસ્ત્રનો ધાગો રાખીને મુનિપણાની દશા જે જોઈએ તે ત્યાં હોઈ શકે નહિ. સમજાય છે ? જેને વસ્ત્રને રાખવાનો વિકલ્પ છે, ભાવ છે તેને મુનિપણાની દશા હોઈ શકે નહિ.

શ્રોતા :- એ તો તરણું રાખવાનો ભાવ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો તરુણું કહો કે ... આ તો ઠેકાણા વિનાના ભાવ. એટલું રાખે તો તે મુનિ મનાવે તો ત્રણ કષાયના અભાવની મુનિ દશામાં પત્ર લેવાનો, તરણા લેવાનો વિકલ્પ એને હોય નહિ. એ વિકલ્પ ન હોય. અને શુદ્ધિ એટલી પ્રગટી છે, ત્યાં બીજી જાતનો મંદ વિકલ્પ હોય. એને ઠેકાણે એમ માને કે અમે મુનિ છીએ. એકે એક તત્ત્વમાં ભૂલ કરનારો મિથ્યાદૃષ્ટિ નિગોદગામી છે, એમ કહે છે. 'નરસીંહભાઈ' ! આહા..હા..! 'રામસ્વરૂપજી' ! વિશેષ દંડ દીધો છે ? ચીભડાના ચોરને ફાંસી ન દેવાય. કકડીકે ચોરકો ફાંસી ન દઈએ, કકડીકા ચોરકો ફાંસી એવું તમારે આવે છે. અમારે ચીભડાનો ચોર કહે છે. ચીભડા થાય છે ને ? એમ નથી. તેણે તત્ત્વનો મહાવિરોધ કર્યો છે. માટે તે નિગોદનું અલ્પજ્ઞનું આરાધન કરે છે. મારી જ્ઞાન દશા અને શ્રદ્ધા દશા વિપરીત થઈને, મારું પરિણમન ઊંધું થઈને હું નિગોદમાં જાઉં એવી વાત છે. કોઈ મોકલતું નથી, કોઈ લઈ જતું નથી. કર્મ પણ નિગોદમાં લઈ જતા નથી. પોતાનું જે તત્ત્વનું સ્વરૂપ (છે) એનાથી પર્યાયમાં તત્ત્વનો વિરોધ કર્યો. મુનિપણાની જે દશા ને છઠ્ઠા ગુણસ્થાનનો સંવર-નિર્જરાનો ભાવ (છે) ત્યાં આગળ આસ્રવનો ભાવ કેટલો ? પંચમહાવ્રત આદિ વિકલ્પનો એટલો હોય. એથી વિશેષ વિકલ્પ માન્યો એણે આસ્રવ તત્ત્વની ભૂલ, સંવર-નિર્જરાની ભૂલ, એના કારણ અલ્પ અને કાર્ય વિશેષ આવે મોક્ષની ભૂલ, એને સંયોગ અજીવનો આટલો જ રહે, છઠ્ઠી ભૂમિકા હોય એને સંયોગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ફક્ત શરીરાદિનો રહે, આહાર-પાણી લેવાનો એટલો, એટલા સંયોગની ભૂલ કરી કે એને વધારે સંયોગ (હોય). અજીવની ભૂલ, આસ્રવની ભૂલ, સંવર-નિર્જરાની ભૂલ, કાર્યની ભૂલ ને જડ-ચૈતન્ય દ્રવ્યની ભૂલ. સાતે તત્ત્વની ભૂલ છે. 'કુંદકુંદાચાર્યદેવ' એમ ને એમ મફત નથી કહેતા. આટલું કેમ કહ્યું ? કેટલું કહ્યું ? સાંભળ તો ખરો. સમજાય છે ? 'નરસીંહભાઈ' ! શું છે ? જ્યાં ત્યાં મોથા ફોડે છે, જય મહારાજ ! એની અહીં ના પાડે છે.

**'ઔદયિકભાવના...'** લ્યો ! ભાઈ ! એ વાત એટલી આવી. આહા..હા..! હવે ઔદયકિ(ભાવ) **'નરકગતિ,...'** મુક્તિનું કારણ નથી. આ નરકગતિમાં દુઃખ બહુ થાય માટે નરક સમકિતનું કારણ છે એમ નથી. સમજાણું ? 'એમ નહિ તો કઈ ..., એમ નહિ તો કંઈ દુઃખ રંગ' આવે છે ને ? એ બધી વ્યવહારની વાતું. 'શ્રીમદ્'માં આવે છે. નરકગતિ ન્યાં બહુ દુઃખ ભોગવે માટે સમકિતનું (કારણ થાય) શાસ્ત્રમાં આવે છે કે નહિ ? બહુ વેદના થાય ને (વેદના) સમકિત (થાય). એ તો નિમિત્તની વાતું છે, સાંભળને ! અહીં જ્યારે સ્વભાવનો આશ્રય કરીને સમ્યક્ પામે તો નિમિત્તથી કહેવાય કે આ બહુ વેદન હતું ને લક્ષમાં ગયો ને વિચારમાં અંદર ઊતરી ગયો. બાકી નહિ, મુક્તિનું કારણ છે નહિ.

શ્રોતા :– પ્રત્યેક પર્યાય સ્વતંત્ર છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સ્વતંત્ર. અનાદિ અનંત સ્વતંત્ર પર્યાય (છે). પ્રત્યેક પર્યાય સ્વતંત્ર (છે).

શ્રોતા :– પર્યાય સ્વતઃસિદ્ધ અનાદિ અનંત છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ. સ્વતઃસિદ્ધ પર્યાય અનાદિ અનંત ન હોય. સ્વતઃસિદ્ધનો અર્થ એક સમયની પર્યાય સ્વતઃસિદ્ધ.

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનાદિ અનંત સ્વતઃસિદ્ધ દ્રવ્ય.

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ, નહિ. એ તો દ્રવ્યને લાગુ પડે છે. દ્રવ્યને સ્વતઃસિદ્ધ લાગુ પડે અને પર્યાયને સ્વતઃસિદ્ધ (લાગુ પડે). એક સમયની સ્વતઃસિદ્ધ, સ્વતઃસિદ્ધ. પોતાથી સ્વતઃસિદ્ધ એ પર્યાયને લાગુ પડે, પેલું દ્રવ્યને લાગુ પડે. ***દરેક સમયની પર્યાય સ્વતઃસિદ્ધ નિરપેક્ષ સ્વતંત્ર સ્વતઃસિદ્ધ (છે). સ્વતઃસિદ્ધનો અર્થ એવો નથી કે ત્રિકાળ રહે. એક સમયની પર્યાય. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. ૧૦૭મી ગાથા.***

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વળી દ્રવ્ય ત્રિકાળની વાત છે, એ દ્રવ્યની વાત છે. એ નહિ, દ્રવ્યની વાત અહીંયા નહિ. અહીં તો પર્યાય સ્વતઃસિદ્ધ. એ તો બધું ઠરે. એકે એક સ્વતઃસિદ્ધ, હોં ! ***આ અશુદ્ધ પર્યાય સ્વતઃસિદ્ધ.*** એ તો વારંવાર કહ્યું છે. ***જેમ ત્રિકાળ સ્વતઃસિદ્ધ છે તો તેનો અંશ પણ સ્વતઃસિદ્ધ છે. એવી વાત છે, ભાઈ ! સત્ વસ્તુ કોઈ એવી છે.*** ઘણા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વખતથી કહીએ છીએ, હોં ! આ કાંઈ નવી વાત નથી. લોકો ન સમજે એને નવી લાગે.

**'તિર્યંચગતિ...'** મોક્ષનું કારણ. ભાઈ ! તિર્યંચગતિ ગયા ને ત્યાં સમકિત પામ્યા.

મુમુક્ષુ :– ધર્મ-ધર્મી નિરપેક્ષ ?

ઉત્તર :– બેય નિરપેક્ષ. ધર્મી અને ધર્મ બેય નિરપેક્ષ. 'આપ્તમિમાંસા'. ધર્મ નામ પર્યાય. એ નિરપેક્ષ છે, પર્યાય નિરપેક્ષ (છે). ધર્મ કહો, પર્યાય કહો. ધર્મી કહો કે દ્રવ્ય કહો.

**'મનુષ્યગતિ...'** આ મનુષ્યગતિ મોક્ષનું કારણ નહિ. અરે..! મનુષ્ય ગતિ વિના કેવળ પામે ? એક જણો આવ્યો હતો. ક્યા ગામનો ? 'કુચામણ'નો એક પંડિત હતો. ઘણા વર્ષ પહેલાં (આવ્યો હતો). 'કુચામણ'નો પંડિત હતો. (એ કહે) મનુષ્યગતિ વિના કેવળ થાય ? પંચમ આરામાં કેવળજ્ઞાન ? ચોથા આરામાં થાય. હવે ક્યે આરે ન થાય. સાંભળને ! કેવળજ્ઞાન દ્રવ્યને આશ્રયે થાય એ પણ વ્યવહાર છે. પર્યાયને કાળે પર્યાય થાય તે સ્વતઃ છે. આહા..! એ 'અમરચંદભાઈ' ! વાત તો બાપુ ! બીજી જાત છે. ઓહો..હો..! મનુષ્યગતિથી મોક્ષ, કેવળ ન થાય. ક્યાં ગયા ? ભાઈ ! 'પ્રવીણભાઈ' ! 'પ્રવીણભાઈ' કહે, આહા..હા..! ક્યાં હતા ? ... 'વાળની ખાલ ને સત્‌ના સત્‌' વસ્તુ એવી છે.

શ્રોતા :– માન્યા વિના ગાડુ એનું આગળ નહિ ચાલે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બિલકુલ નહિ ચાલે, સત્‌ જવાબ નહિ આપે. આવું સત્‌ છે એમ માનીશ તો સત્‌ જવાબ આપશે. નહિ તો સત્‌ જવાબ નહિ આપે, અંદર સત્‌ની પ્રતીત નહિ આવે. સમજાણું કાંઈ ? જ્ઞાનમાં જેવું સત્‌ છે એવું જ્ઞાન સમ્યક્‌ થાય તો સ્વભાવ તરફ વળશે તો સત્‌ની પ્રસિદ્ધ થશે, નહિતર પ્રસિદ્ધ થતું નથી. એવી વાત છે. વસ્તુ એમ પોકારે છે. ***વસ્તુ પોકારે છે કે અમે દ્રવ્ય સ્વતંત્ર, ગુણ સ્વતંત્ર, પર્યાય સ્વતંત્ર. ગુણે ગુણે સ્વતંત્ર, હોં*** ! પાછા. એક ગુણને કારણે બીજો ગુણ થાય એમ પણ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ?

***એક એક પર્યાયની અનંતી સપ્તભંગી ઉતરે, એક પર્યાયમાં અનંતી સપ્તભંગી ! પોતાથી છે, પરથી નહિ. પૂર્વ પર્યાયથી નહિ એવી એક સપ્તભંગી. નિમિત્તથી નહિ એવી એક સપ્તભંગી, ધ્રુવથી નહિ એવી એક સપ્તભંગી.*** એ 'ચિદ્‌વિલાસ'માં 'દિપચંદજી'એ કહ્યું છે, બહુ ઉતાર્યું છે. સમજાણું કાંઈ ? બાપુ ! આહા..હા..! એણે 'દીપચંદજી'એ તો બહુ કહ્યું છે. એક પર્યાયમાં કેટલા ભંગ કર્યા છે ! નટ ને ઠઠ ને કળા ને આખી મોટી .... એક પર્યાયમાં, હોં ! 'બનારસીદાસે' લીધું છે, 'બનારસીદાસે' થોડું લીધું છે, 'બનારસીદાસે' બહુ નથી લીધું. બહુ થોડું લીધું છે. પણ એમણે ('દીપચંદજી'એ) તો બહુ લીધું છે. નટ ને ઠઠ ક્યાંક છે. કેટલામાં છે એ ? ભાઈએ ઉતાર્યા છે એ બધા, હોં ! કોણ ? 'દિપચંદજી' ! એકે એકનો ખુલાસો કર્યો છે. આમાં ક્યાંક હશે. સત્તા... સત્તા, હોં ! જ્યાં સત્તાનો શોરબકોર આવે છે ને ક્યાંક ? ક્યાંક હશે. હશે અહીં ક્યાંક. 'દીપચંદજી' એ તો બહુ ઊતાર્યું છે. 'પરમાત્મ પુરાણ', પાછળ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'જ્ઞાન દર્પણ'માં લીધું.

અહીં તો કહે છે કે મનુષ્યગતિ મોક્ષનું કારણ નથી. ગતિ મોક્ષનું કારણ થાય ? મોક્ષ તો કેવળજ્ઞાન છે. એ તો આત્મને - દ્રવ્યને આશ્રયે છે. આ અમારે મનુષ્યગતિ મળી એટલું તો અમને પૂર્વના પુણ્યને લઈને મળ્યું ને ! એટલી તો પુણ્યની સહાય થઈ કે નહિ ? એમ કહે છે. જુઓ ! પૂર્વના પુણ્ય હતા તો મનુષ્યગતિ મળી. મનુષ્યગતિ હતી તો સાંભળવાનું મળ્યું, સાંભળવા મળે તો અમને સમકિત થાય. સાંભળને હવે ! સાંભળવાનું મળ્યું માટે સમકિત થાય એમ નથી. સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શન તો આત્મદ્રવ્યની દૃષ્ટિ થાય તો થાય, બાકી સાંભળવાથી પણ થાતું નથી. 'રામસ્વરૂપજી' !

**'દેવગતિ એવા ભેદને લીધે ગતિ ચાર;...'** ચાર ગતિમાં મોક્ષનું કારણ (નથી). ગતિ મોક્ષનું કારણ થાય ? **'ક્રોધકષાય, માનકષાય, માયાકષાય ને લોભકષાય એવા ભેદને લીધે કષાય ચાર; સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગ...'** કોણ અંદર ? વિકારી, હોં ! **'સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગ...'** વિકાર લેવો. આ શરીરનો આકાર ન લેવો. કારણ કે ઉદય ભાવ છે ને. શરીરનો આકાર તો બીજો. સ્ત્રી, પુરુષ, નપુંસક મોક્ષનું કારણ નથી. પુરુષ લિંગે મોક્ષ થાય એમ કહે છે એ પણ નથી. પુરુષવેદનો ઉદય હોય તો થાય એમ નથી. અભાવ થાય તો થાય. એવા વિશેષ ભેદો વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)

*

*** પ્રભુ એમ કહે છે કે પ્રભુ ! તું એકસ્વરૂપે અંદર બિરાજે છે અને તારી જે પર્યાય છે તે પ્રમાણનો વિષય છે. દ્રવ્ય ને પર્યાય બેનું જ્ઞાન છે તે પ્રમાણ છે પણ નિશ્ચયનો વિષય તો પર્યાય વિનાનું એકલું દ્રવ્ય છે. કોઈ પ્રશ્ન કરે કે દિગંબરો એમ માને છે કે દ્રવ્ય પર્યાયને ન કરે ? તો કહે છે કે સત્ય તો એમ જ છે કે દ્રવ્ય પર્યાયને ન કરે. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી-અડતું નથી તો કરે ક્યાંથી ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ધર્મદશા એને પણ દ્રવ્ય અડતું નથી તો કરે ક્યાંથી ?**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી બહેનશ્રીનાં વચનામૃત, બોલ-૧૦૫, ૧૦૬, પ્રવચન નં. ૧૭૫, તા. ૧૪-૦૭-૧૯૭૮ [૧૨]

**આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયકતત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ૧૦૫.**

**'આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે.'** શું કહે છે ? આ આત્મા જે છે આત્મા, જે જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સામાન્ય ત્રિકાળી એકરૂપ ભાવ એ આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે (ધારણ કરેલો) છે. એને કોઇ સંવર, નિર્જરા ને મોક્ષ પર્યાયનો ભેખ દ્રવ્યમાં નથી. આહા..હા..! વસ્તુ જે છે, જે સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ એમાં ત્રિકાળીને જ્ઞાયકપણાનો જ એક વેષ છે એટલે કે એનું રૂપ જ જ્ઞાયકપણું જ એક એનું રૂપ છે. આહા..હા..! એની દૃષ્ટિ કરવી, અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. ***એ સમ્યગ્દર્શનની પર્યાય પણ જ્ઞાયકભાવમાં નથી. આહા..હા..! જે એની શ્રદ્ધા કરે એ પર્યાય પણ શ્રદ્ધાવાન ચીજમાં નથી.*** આહા..હા..! એ સમ્યગ્દર્શનની પર્યાયમાં (આખા) જ્ઞાયકભાવની શ્રદ્ધા આવી જાય. આ પૂર્ણાનંદ અખંડ છે એવી શ્રદ્ધા (થઈ જાય છે) પણ એ જ્ઞાયકભાવ પર્યાયમાં આવતો નથી. ***પર્યાય જ્ઞાયકભાવમાં આવતી નથી, જ્ઞાયકભાવ પર્યાયમાં આવતો નથી. આહા..હા..!*** આવી વાતું છે. 'ચંદુભાઈ' ! એણે તો એક જ્ઞાયકભાવ જ વેષ ધારણ કર્યો છે. આહા..! જાનન સ્વભાવ શક્તિ ત્રિકાળ એકરૂપ ત્રિકાળી સ્વભાવ ધ્રુવ એ એનો ભેખ છે, એ એનો વેષ છે, એ એની સ્થિતિ છે, એ એનું રૂપ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઇ !

**'જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી,...'** આહા..હા..! ભગવાન જ્ઞાયક સ્વરૂપ, જે સમ્યગ્દર્શનનો વિષય એને કોઈ પર્યાયનો વેષ નથી એટલે કે એનામાં મુનિપણાના મોક્ષમાર્ગની પર્યાયનો વેષ જ્ઞાયકમાં નથી. આહા..હા..! દ્રવ્યલિંગ તો છે જ નહિ એને; આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નગ્નપણું ને પંચ મહાવ્રતના પરિણામ એ યતિના બાહ્ય ધર્મ ચિહ્નો, ધર્મલિંગ, દ્રવ્યલિંગ એ તો આત્મામાં જ્ઞાયકમાં છે જ નહિ.

'અલિંગગ્રહણ' નો ૧૭મો બોલ છે. 'અલિંગગ્રહણ'ના ૨૦ બોલ છે ને એમાં ૧૭મો બોલ છે. આત્મામાં દ્રવ્ય અને ભાવ ભેદનો અભાવ છે. તેમ ધર્મના ચિન્હો બાહ્ય નગ્નપણું, પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ એ બાહ્ય ભેખ એ વસ્તુમાં નથી. આહા..હા..! જે સમ્યગ્દર્શનનો વિષય છે, એ ચીજમાં બાહ્ય ભેખ નથી, બાહ્ય ભેખ તો નથી...

અહીંયા કહે છે, જુઓ ! **'જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી કોઈ પર્યાય-અપેક્ષા નથી.'** બે વાત. આહા..હા..! એને કોઈ પર્યાયની અપેક્ષા નથી કે મોક્ષની પર્યાય હોય તો જ જ્ઞાયકપણું રહે. સંવર-નિર્જરાની પર્યાય હોય તો જ્ઞાયકપણું રહે. એવી કોઈ પર્યાયની અપેક્ષા વસ્તુને નથી. જ્ઞાયકભાવ જે સમ્યગ્દર્શનનો વિષય છે એને પર્યાયનો વેષ નથી, કોઈ પર્યાયનો, ઇ કહેશે અને કોઈ પર્યાયની જ્ઞાયકપણાને અપેક્ષા નથી. આહા..હા..! આવું છે. એવો એ સમ્યગ્દર્શનનો વિષય જ્ઞાયકભાવ નિત્યાનંદ પ્રભુ ! હજી તો ચોથા ગુણસ્થાનની વાત છે. આહા..! આવો દિગંબર ધર્મ છે. શેઠીયાઓએ પણ સાંભળ્યું ન હોય. જે સાંભળ્યું હોય એ જય નારાયણ ! જે સાંભળ્યું હોય એમાં હા પાડે. આહા..હા..!

અહીંયા તો કહે છે, પ્રભુ ! નિજ સત્તા જે ધ્રુવ જ્ઞાયક સત્તા, જાણક સત્તા જેનું જાણવું ઇ સત્તા એનું સ્વરૂપ (છે) એ જ્ઞાયક ત્રિકાળ છે. એને-જ્ઞાયકને, સમ્યગ્દર્શનના ધ્યેયરૂપી જ્ઞાયકને, સમ્યગ્દર્શનના વિષયરૂપી જ્ઞાયકને પર્યાયનો વેષ નથી, તેમ પર્યાયની તેને અપેક્ષા નથી. આહા..હા..! આવી વાત છે. બે વાત (થઈ).

હવે ત્રીજી વાત જુઓ ! કહે છે, **'આત્મા 'મુનિ છે...'** એ પણ ભેખ છે, મુનિનું ભાવલિંગ એ આત્મામાં, જ્ઞાયકપણામાં નથી. એ 'પરમાત્મ પ્રકાશ'માં ૮૮ ગાથામાં કહ્યું છે. 'પરમાત્મ પ્રકાશ'. 'પરમાત્મ પ્રકાશ' છે ને ? એની ૮૮ ગાથામાં (કહ્યું છે). અહીંયા એ છે **'अप्पा लिंगिउ एक्कु ण वि'** આત્મામાં એકેય લિંગ નથી. દ્રવ્યલિંગ અને ભાવલિંગ બેય આત્મા જ્ઞાયકભાવમાં નથી. ત્રિકાળી સત્તા જેવી જ્ઞાયકભાવ, આહા..હા..! મૂળ પાઠ છે, હોં ! ૮૮ ગાથા 'પરમાત્મ પ્રકાશ' **'अप्पा लिंगिउ एक्कु ण वि णाणिउ जाणइ जोइ'** ધર્મી એમ માને છે કે મારા જ્ઞાયકભાવમાં કોઈ લિંગ જ નથી. દ્રવ્યલિંગ નામ અઠ્ઠાવીસ મૂળગુણ કે નગ્નપણું એ પણ મારા સ્વરૂપમાં નથી.

**'ઇસલિયે દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ, ઔર વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ ભાવલિંગ...'** આ મુનિનું (ભાવલિંગ). ભાવમુનિ એને કહીએ જેને નિર્વિકલ્પ સમાધિ ને આનંદ ઉગ્ર વર્તતો હોય એને મુનિ કહીએ. આહા..હા..! બાકી બધા દ્રવ્યલિંગીઓ બહારના પંચ મહાવ્રત આદિ સારા હોય તો, ઇ પણ અત્યારે તો ઠેકાણું નથી. કેમકે એને માટે ચોકા કરીને આહાર લે છે. ચોકા કરે છે ને ? નિર્દોષ તો મળે એવું નથી. એટલે ઇ તો વ્યવહારનું દ્રવ્યલિંગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ નથી. આહા..હા..! એ દ્રવ્યલિંગ જેને કહીએ, જેને માટે કરેલો આહાર પણ ન લે અને અઠ્યાવીસ મૂળગુણ જેના ચોખ્ખા હોય અને નગ્નદશા ચોખ્ખી હોય, વસ્ત્રનો ટુકડો પણ ન હોય. અંદરમાં રાગની તીવ્રતાનો મિથ્યાત્વભાવ ન હો, પણ બહારમાં ટૂકડો નહિ ને અંદરમાં નિર્દોષ આહાર લેવા માટેનો સદોષ આહાર લે નહિ, એવું જેનું દ્રવ્યલિંગ છે એ સ્વરૂપ પણ જ્ઞાયકભાવમાં તો નથી.

એ ઉપરાંત નિર્વિકલ્પ, વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ ભાવલિંગ. આહા..હા..! ભાવલિંગી મુનિને વીતરાગતા, નિર્વિકલ્પ અભેદતા આહા..હા..! અને... છે ? સમાધિ. શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... આહા..હા..! ત્રણ કષાયના અભાવરૂપી શાંતિ એને–મુનિને હોય છે. ચોથે ગુણસ્થાને એક અનંતાનુબંધીના કષાયનો અભાવ ને શાંતિ હોય છે. અંદર શાંતિ હોય. શાંતિ વેદાય ત્યારે તો એને સમ્યગ્દૃષ્ટિ કહેવાય. આહા..હા..! આ તો એકલું આકુળતાનું વેદન (હોય). વ્રત ને તપ ને ભક્તિ એકલી આકુળતા, એ વેદનને પોતે માને કે અમે વ્રતી અને તપસી છીએ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ !

અહીંયા તો કહે છે કે જેને એ વ્રત ને તપના પરિણામ બરાબર હોય તોપણ એ આકુળતા ને દુઃખરૂપ છે. આહા..હા..! એ તો સ્વરૂપના જ્ઞાયકમાં, ત્રિકાળમાં તો નથી પણ નિર્વિકલ્પ સમાધિ જેનું ભાવલિંગ. આહા..હા..! વિકલ્પ નામ રાગ રહિત નિર્વિકલ્પ શાંતિ ને નિર્વિકલ્પ આનંદ ને નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ રાગ રહિત જેમાં આનંદની, ચારિત્રની સ્વરૂપની સ્થિરતા. એવું જે નિર્વિકલ્પ વીતરાગ સમાધિરૂપ ભાવલિંગ એ પણ જ્ઞાયકમાં નથી કારણ કે એ પર્યાય છે. આહા..હા..! હવે આવું આકરું પડે, માર્ગ તો આ છે. આહા..હા..!

ત્રિકાળી જ્ઞાયકભાવ વસ્તુ છે ને ? અસ્તિ છે ને ? અસ્તિત્વ છે ને ? અને તે એકરૂપ ત્રિકાળ અસ્તિત્વ છે. આહા..હા..! એવા ત્રિકાળી એકરૂપ અસ્તિત્વમાં મુનિનું ભાવલિંગ જે મોક્ષનો માર્ગ  વીતરાગ, નિર્વિકલ્પ, શાંતિરૂપ, ભાવલિંગ, **'યદ્યપિ શુદ્ધાત્મસ્વરૂપ કા સાધક હૈ,...'** પૂર્ણ આનંદ મોક્ષનું એ ભાવલિંગ સાધક છે. દ્રવ્યલિંગ તો સાધક છે જ નહિ. મોક્ષનું સાધક નિર્વિકલ્પ વીતરાગ સમાધિરૂપ વીતરાગ દશા એ મોક્ષનું સાધક છે.

**'ઇસલિયે ઉપચારનયકર જીવ કા સ્વરૂપ કહા જાતા હૈ,...'** વ્યવહારનયથી જીવનું સ્વરૂપ કહેવામાં આવે છે. નિર્વિકલ્પ સમાધિ વીતરાગ આનંદ એને પણ જીવનો ઉપચારથી, વ્યવહારથી એનું લિંગ છે એમ કહેવામાં (આવે છે). કેમકે પર્યાય છે. પર્યાય છે કહો કે ઉપચારથી કહો કે વ્યવહારથી કહો ! એ જ્ઞાયકભાવને ભાવલિંગ છે એ વ્યવહારથી કહેવામાં આવે છે. પર્યાય છે ને ઇ ? પર્યાય એટલે વ્યવહાર આહા..હા..! આકરી વાતું. 'ડોરંગભાઈ' ! ક્યાંય સાંભળ્યું નહોતું તમારા બાપે ક્યાંય.

આહા..હા..! શું સંતોનો, દિગંબર સંતોનો પ્રવાહ–મોક્ષનો માર્ગ ! આહા..હા..! કહે છે કે જ્ઞાયકભાવ જે મહા અનંત ગુણની સંપદાથી ભરેલો પ્રભુ એવો જે જ્ઞાયક ત્રિકાળી એકરૂપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રહેનાર ચીજ જે સમ્યગ્દર્શનનો વિષય છે, એ ચીજમાં દ્રવ્યલિંગ તો છે નહિ પણ ભાવલિંગ પણ એને ઉપચારથી પર્યાયમાં છે એટલે કહેવામાં આવે છે. **'તો ભી પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ.'** આહા..હા..! પેલા કહે, દેવ-ગુરુ પર ? દેવ-ગુરુ પર ? (સંવત) ૨૦૧૦ ની સાલમાં એવો પ્રશ્ન કર્યો હતો. ***અરે..! દેવ-ગુરુ તો પર પણ આ ભાવલિંગ મુનિનો મોક્ષમાર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય સત્ય, ત્રિકાળી જ્ઞાયકની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ વસ્તુ છે એ પર છે, દ્રવ્યમાં નથી. આહા..હા..!*** આવો માર્ગ છે. કહો 'બ્રહ્મચંદજી' ! ખંડવામાં સાંભળ્યું છે કોઈ દી' ? આહા..હા..!

પ્રભુ ! તું એક સમયમાં અનંત અનંત ગુણની સંપદાથી ભરેલ પ્રભુ જ્ઞાયક દ્રવ્ય, દ્રવ્ય (છો). આહા..હા..! વસ્તુ અનંત સંપદાનો નાથ એકલો જ્ઞાયકભાવ જે સમ્યગ્દર્શનનો વિષય (છે) એમાં ભાવલિંગનો પણ અભાવ છે. સમ્યગ્દર્શનની પર્યાયનો તો અભાવ છે પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ મોક્ષમાર્ગ જે નિશ્ચય પર્યાય છે, નિશ્ચય હોં ! વ્યવહારની વાત તો પહેલાં કાઢી નાખી હતી. વ્યવહાર તો ઉપચારથી અસદ્ભૂત વ્યવહારનયથી કહેવાયમાં આવ્યો છે. આહા..હા..! પણ જે સદ્ભૂત વ્યવહારનય પર્યાયની અપેક્ષાએ હોં ! એવો જે મોક્ષનો માર્ગ, જ્ઞાયક સ્વરૂપની અંતર્મુખ પ્રતીતિ, પૂર્ણાનંદના નાથની પ્રતીતિ અનુભવમાં અને પૂર્ણાનંદના નાથનું જ્ઞાન અને અંદર પૂર્ણ જ્ઞાયકભાવમાં પર્યાયમાં સ્થિરતા એ ત્રણ દશા પણ જ્ઞાયકભાવમાં નથી. આહા..હા..!

એમાં પહેલેથી વાત આવી ગઈ હતી કે કોઈ પણ પર્યાયની અપેક્ષા નથી અને કોઈ પણ પર્યાયનો વેષ નથી, એટલે અહીંયા આ કહ્યું. આહા..હા..! **'પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવ કા નહીં હૈ.'** કેમકે ભાવલિંગ તો સાધનરૂપ છે, પર્યાય છે, ત્રિકાળી જ્ઞાયકભાવ નહિ. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, જેમાં એની સિદ્ધની પર્યાયનો પણ જેને ભેખ નથી. આહા..હા..! ઇ આમાં આવ્યું નહોતું.

જેને **''મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે'...'** એ પર્યાયનો જ્ઞાયકભાવમાં અભાવ છે. અરે...! કેવળજ્ઞાનીની પર્યાયનો પણ જ્ઞાયકભાવમાં અભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? **'આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે...'** આહા..હા..! **'કે 'સિદ્ધ છે...'** આહા..હા..! **એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી.'** આહા..હા..! 'મોટાણી' ! કોઈ દિ' સાંભળ્યું નથી આ બધું ત્યાં પાવડરના ધંધામાં ને આ ને... આહા..હા..!

દાનનો ભાવ થાય એ તો રાગ છે, એ પણ જ્ઞાયકભાવમાં તો નથી પણ જે રાગને જાણનારી વીતરાગી પર્યાય (એ પણ જ્ઞાયકભાવમાં નથી.) આહા..હા..! વ્યવહારને જાણેલો પ્રયોજનવાન છે એમ જે કહ્યું એ વ્યવહાર તો આત્મામાં છે નહિ, પર્યાયમાં નથી તો એ વ્યવહાર જે રાગ છે એ તો દ્રવ્યમાં છે જ નહિ. પણ જે વ્યવહારને જાણવાની સમ્યગ્જ્ઞાન પર્યાય, ***આહા..હા..! એ રાગને જાણવાની તો ખરેખર તો પોતાને જાણવાની છે, કેમકે પર્યાયમાં***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***સ્વદ્રવ્ય જણાય છે અને પર્યાયમાં સ્વ-પરપ્રકાશક સ્વભાવને કારણે રાગ જણાય છે એ રાગ જણાતો નથી પણ પોતાની સ્વ-પરપ્રકાશક પર્યાય જણાય છે... આહા..હા..! એ સ્વ-પરપ્રકાશક પર્યાય પણ જ્ઞાયકભાવમાં નથી.*** 'જીવણલાલજી' ! અહીં તો ટાઢો પોર શાંતિ એકાંત છે. આ બધું ચાલે. મોટા મોટા પંદર હજાર માણસોમાં (લઈએ તો લોકોને એમ લાગે કે) આ શું કહે છે ? વાત તો આ આવે પણ એને કોઈ દાખલા દલીલ કરીને (સ્પષ્ટ કરવું પડે). આહા..હા..! ગજબ વાત છે.

**'ખરેખર જ્ઞાયક પદાર્થને નથી.'** પર્યાયની અપેક્ષા, મુનિની અપેક્ષા, ભાવલિંગી સંત, હોં ! આહા..હા..! અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન વૈભવ 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને કે હું મારા નિજ વૈભવથી 'સમયસાર' કહીશ. એ નિજ વૈભવ શું ? પ્રચુર સ્વસંવેદન, સ્વઆત્માનું પ્રચુર - બહોત - ઘણું પ્રત્યક્ષ આનંદનું વેદન એ મારો વૈભવ (છે) એમ 'કુંદકુંદાચાર્યે' પાંચમી ગાથામાં કહ્યું. એ જ 'કુંદકુંદાચાર્ય' પાછું કહે છે, ***એ મોક્ષની અને મોક્ષના માર્ગની પર્યાય મારા દ્રવ્યમાં નથી અને મારું જે દ્રવ્ય છે, સમ્યગ્દર્શનનો વિષય જે જ્ઞાયક છે, એ મોક્ષની પર્યાય અને મોક્ષના માર્ગની પર્યાયને કરતો નથી. આહા..હા..!*** 'હર્ષદભાઈ' ! સાંભળે તો ખરા, બાપા ! આવી વસ્તુ કે દિ' મળશે ? ભાઈ ! આહા..હા..! ભગવાન સર્વજ્ઞદેવ એમનું કહેલું પરમ સત્ય સંતો જગત પાસે જાહેર કરે છે, આડતિયા થઈને જાહેર કરે છે. માર્ગ આ છે. આહા..હા..! તને રુચે તો લે, ન રુચે તો સ્વતંત્ર છે. ન રુચે તો સ્વતંત્ર છે. આહા..હા..!

શ્રોતા :– પર્યાયને કરે નહિ પણ જાણવાનું કામ તો કરે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– જાણવાનું કામ પર્યાય કરે. દ્રવ્ય-ગુણ છે, દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે. કાર્ય તો પર્યાયમાં હોય છે. ત્રિકાળ એ તો કારણ છે. એની શક્તિ કહેવાય. સ્વ-પરપ્રકાશક શક્તિ ત્રિકાળ પણ ઇ સ્વ-પરપ્રકાશક શક્તિ. સ્વ-પરપ્રકાશકનું પરિણામ–પર્યાય એ નહિ. આહા..હા..! ત્યાં પણ પ્રશ્ન થયો હતો. 'કુરાવડ'માં તમે હતા ? પ્રશ્ન થયો હતો. ઘણાં માણસો હતા ને ! 'દિલ્હી'થી ભાઈ આવ્યા હતા ને ? 'દિલ્હી'થી .. પ્રકાશનના 'દિલ્હી'થી આવ્યા હતા એણે પ્રશ્ન કર્યો હતો, આ જે જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે એ શું ચીજ છે ?

લક્ષણ કહ્યું છે એ બે પ્રકારે. એક તો ત્રિકાળી જ્ઞાનને લક્ષણ કહીને આત્મા લક્ષ બતાવ્યો છે કે જે ધ્રુવ છે. 'નિયમસાર'માં ત્રિકાળી જ્ઞાન ધ્રુવ તેને લક્ષણ, આત્મા લક્ષ એટલું સમજાવ્યું છે પણ તે લક્ષણ અને લક્ષને સમજી કોણ શકે ? - પર્યાય, જ્ઞાનની પર્યાય તે એનું ખરું લક્ષણ છે. કે જે પર્યાયમાં લક્ષણ જે છે જ્ઞાન ત્રિકાળ, ત્રિકાળી લક્ષણ અને ત્રિકાળી વસ્તુ તેનું લક્ષ. એનો નિર્ણય કરે છે લક્ષણ એ તો પર્યાય. 'કુરાવડ'માં મોટો પ્રશ્ન ચાલ્યો હતો. 'જમનલાલજી' ! માણસો ઘણું દસ-દસ, બાર હજાર માણસો વ્યાખ્યાનમાં (આવતા હતા) અને એ લોકોની વ્યવસ્થા પણ ઘણી. પંદર પંદર હજાર માણસોના જમણની રસોઈ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દિગંબરો બધા એકઠા (થયેલા).

શ્રોતા :– ૧૫૦-૨૦૦ વર્ષમેં ઐસા આનંદ કભી નહિ આયા. કુરાવડમેં એસા આનંદ કભી નહી આયા. ઇતની જ્યાદા સંખ્યા...

પૂજ્ય ગુરુદેવશ્રી :– દસ-દસ, બાર-બાર હજાર(ની) સભા ! માણસ સાંભળે. બાપુ ! માર્ગ આ છે, ભાઈ ! પહેલા ધીમે-ધીમે, ધીરે-ધીરે સમજવું પણ મારગ આ છે. એ મારગ સિવાય કંઈ પણ ઓછું, અધિક, વિપરીત થશે (તો) મિથ્યાત્વ છે. આહા..હા..!

શ્રોતા : 'ઉદયપુર'માં બહુત...

પૂજ્ય ગુરુદેવશ્રી : 'ઉદયપુર' મેં તો શિક્ષણ ચલા થા. આહા..હા..! ૨૦ દિન શિક્ષણ ચલા થા. 'ઉદયપુર' મેં હમ તીન દિન થે. બાદ મેં વહ ચલાયા. લોકોમાં પ્રચાર છે. વિરોધી વિરોધ ભી કરતે હૈં, કરે. એને ન બેસે શું થાય ? આવી વાત... વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રત પરિણામ એ ધર્મ નહિ ને ધર્મનું કારણ નહિ. શુભરાગ ! 'ભૈયાજી' ! સવારમાં પ્રશ્ન કર્યો હતો. આહા..હા..! રાગ છે ને ! વિકલ્પ હૈ, કષાય કા અંશ હૈ, વહ મોક્ષ કા માર્ગ નહીં. આહા..હા..! અકષાય ભાવ જો હૈ, જ્ઞાયક ત્રિકાળી જિનસ્વરૂપ હૈ, ત્રિકાળી, એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા જે નિર્વિકલ્પ શાંતિ એ પણ પર્યાય (છે). આહા..હા..! એ મોક્ષનો માર્ગ (છે). એ માર્ગ હો પણ એ પર્યાય ને મોક્ષની પર્યાય બન્નેનો દ્રવ્યાં તો અભાવ છે અથવા દ્રવ્ય છે તે... આહા..હા..!

બે વાત યાદ આવી. ગઈ. એક તો ૩૮ ગાથા, 'નિયમસાર'ની ૩૮મી ગાથા. નિશ્ચય આત્મા કોને કહ્યો ? એમ લખ્યું. પર્યાય વિનાની ત્રિકાળી ચીજ તે આત્મા. ભાઈ ! ૩૮ ગાથા. કેવળજ્ઞાન પણ નાશવાન છે એમ લીધું છે. 'નિયમસાર' ૩૮ ગાથા. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ સાતેય પર્યાય નાશવાન છે કેમકે પર્યાય છે, એક સમયની સ્થિતિ–મુદત છે. તે નાશવાન છે અને ભગવાન ત્રિકાળી વસ્તુ છે એ અવિનાશી છે. આહા..હા..! અને એ અવિનાશી ત્રિકાળી વસ્તુ છે તેને અહીંયા અમે નિશ્ચયથી સત્યાર્થ આત્મા કહીએ છીએ. સત્ આત્મા એ છે. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયક સત્તા પૂર્ણ, એને નિશ્ચય આત્મા, સત્ આત્મા એક છે એમ કહેવામાં આવ્યું છે. પર્યાયને સત્ આત્મા નહિ. કારણ કે પર્યાય નાશવાન છે, કેવળજ્ઞાનની પર્યાય નાશવાન (છે). આહા..હા..! એક વાત.

બીજી વાત, 'સમયસાર'ની ૩૨૦ ગાથા, 'જયસેનાચાર્ય'ની ટીકા અને મૂળ પાઠ. ***ભગવાન આત્મા એ બંધના માર્ગને કરતો નથી, બંધને કરતો નથી, મોક્ષના માર્ગને કરતો નથી, મોક્ષને કરતો નથી, 'ભૈયાજી' ! વસ્તુ છે ને ત્રિકાળ. મોક્ષનો માર્ગ એ તો પર્યાય છે. દ્રવ્ય છે એ પર્યાયને કરતો નથી. સમજાય એવી ભાષા છે. આહા..હા..! ૩૨૦ ગાથા છે. ઉદયને પણ ભગવાન જાણે, નિર્જરાને જાણે, મોક્ષને જાણે, બંધને જાણે, મોક્ષના માર્ગને પણ જાણે. આહા..હા..! એ મોક્ષના માર્ગને અને મોક્ષને આત્મા કરતો નથી, આત્મા તો દ્રવ્ય ત્રિકાળી***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***જ્ઞાયક છે. આહા..હા..! એ પર્યાય કરે છે. આહા..હા..! કાર્ય તો પર્યાયમાં થાય છે, ત્રિકાળી ધ્રુવ તો સદશ પડ્યું છે એમાં કાર્ય કેમ પર્યાયનું ? આહા..હા..! સમજાય છે કાંઈ ?***

શ્રોતા :– અકારક અને અવેદક.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા. ભગવાન આત્મા.. આહા..હા..! નિશ્ચય આત્મા તો એને કહ્યો કે એક સમયની ચીજ કે કેવળજ્ઞાનની પર્યાય એ પણ નાશવાન છે એ અપેક્ષાથી ત્રિકાળી જ્ઞાયક વસ્તુ સત્... સત્... સત્... સત્... સત્... સત્... એકરૂપ સદશ ત્રિકાળી છે એને નિશ્ચય સત્ય આત્મા કહ્યો અને એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય. આહા..હા..! સમજાય છે કાંઈ ? અને એ બંધ ને મોક્ષના માર્ગની પર્યાયને નાશવાન ગણી તેથી તેને અવિનાશી ભગવાનને આત્મા કહેવામાં આવ્યો. આ પર્યાયને આત્મા કહેવામાં ન આવ્યો. એ વ્યવહાર આત્મા. નિશ્ચય મોક્ષમાર્ગનો પર્યાય અને મોક્ષ, પર્યાય એ વ્યવહાર આત્મા, ત્રિકાળી એ નિશ્ચય આત્મા. આવી વાતું. આત્માના પાછા બે પ્રકાર (થયા). આહા..હા..!

કેવળજ્ઞાન ને કેવળદર્શન, અનંત આનંદ સર્વજ્ઞ અરિહંત દેવ ત્રિલોકનાથને પૂર્ણ આનંદ ને અનંત ગુણો પર્યાય(માં) પ્રગટ થઇ ગયા. છતાં એ પર્યાય છે. આહા..હા..! તેને દ્રવ્ય કરતું નથી તેમ ઇ પર્યાય દ્રવ્યમાં નથી. આહા..હા..! સમજાય છે ને ? ભલે ભાષા તો સાદી છે, ભાવ તો ઘણા ઊંચા (છે). આહા..હા..!

આ તો બેનનો ૧૦૫મો બોલ. ૧૦૫. જેને કેવળજ્ઞાન ને મુનિપણું કે સિદ્ધ એવી એક પણ પર્યાય-અપેક્ષા **'ખરેખર જ્ઞાયક પદાર્થને નથી.'** બીજો બોલ આવ્યો હતો ને ? પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી અને કોઈ પર્યાય-અપેક્ષા નથી. એનો અર્થ કર્યો. એને મુનિપણું, મોક્ષનો માર્ગ કે સિદ્ધપદ કે કેવળજ્ઞાન એ તો પર્યાય છે. એક સમયની મુદતની એક સમયની (પર્યાય છે). સિદ્ધપણાની પણ પર્યાય એક સમયની, બીજે સમયે બીજી. (થાય છે). ધ્રુવ જે દ્રવ્ય જ્ઞાયક ત્રિકાળ એ તો ત્રિકાળ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

આવું તો જ્યારે સામે આવ્યું હોય પુસ્તક તો ચાલે ને ! ખેંચીને લાવવા જાય તો (આવે નહિ). આ તો છે આમાં તેથી વિસ્તાર એનો થાય છે. ***દ્રવ્યલિંગ નહિ, ભાવલિંગ નહિ, મુનિપણું નહિ, કેવળજ્ઞાન નહિ, સિદ્ધપદ નહિ. આહા..હા..! એવું એકરૂપ સદશ એટલે ધ્રુવ, તેને અમે અહીંયા આત્મા કહીએ, તેને દ્રવ્ય કહીએ, તેને સામાન્ય કહીએ, તેને પર્યાય વિનાનો આત્મા કહીએ. આહા..હા..! અહીં તો હજી બારથી અટક્યાં. આ વ્રત પાળીએ ને આ નિયમ કરવાના ને આ ફલાણું ખાવું ને આમ ન ખાવું ને લૂગડા ઘટાડી દેવા ને લૂગડા છોડી દેવા ને... ક્યાં હતું ? આહા..હા..!***

જે પ્રભુ ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ, જે સમ્યગ્દર્શનનો વિષય એ તો મોક્ષના માર્ગને ને સમકિતને પણ એ કરતો નથી એમ કહે છે. એ..ઇ..! એ ત્રિકાળી અપરિણામી ચીજ છે. એ પલટતું નથી, બદલતું નથી, જેની પર્યાયમાં હલચલ એ પર્યાય એનામાં નથી અંદર.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! હલચલ વિનાનું ધ્રુવ. આહા..હા..! એ એકરૂપ જે ત્રિકાળ, એ સમ્યગ્દર્શનની આશ્રય કરવા લાયક એ ચીજ છે. સમકિતીની ધ્રવુ ઉપર નજર કાયમ રહેતી હોય છે. ચાહે તો વિકલ્પ આવે ખાવા, પીવાનો, બોલવાનો બધો (વિકલ્પ આવે) પણ દૃષ્ટિમાં તો ત્રિકાળી, જેમાં મોક્ષની પર્યાય પણ નથી, એવા ધ્રુવ ઉપર નજર કાયમ હોય છે. આહા..હા..! અને ધ્રુવ ઉપરની નજર ખસે અને જો પર્યાય ઉપર નજર જાય, ખસીને નજર જાય, હોં ! જાણવા માટે જાણે એ તો જ્ઞાનરૂપ જાણે કે પર્યાય છે. પણ દ્રવ્યનો ધ્રુવનો આશ્રય છૂટીને પર્યાયને જો જોડવા જાય તો પર્યાયમાં વિકલ્પ ઊઠે ને એમાં લાભ માને તો મિથ્યાત્વ છે. આહા..હા..! અહીં સુધી મિથ્યાત્વ કહેવાય છે.

એ માટે અહીં કહ્યું કે જ્ઞાયક તત્ત્વને એ જ્ઞાયકપણાનો ભેખ એક છે. ત્રિકાળી જ્ઞાયકપણું જાણવાની ક્રિયા એ પણ જેનામાં નથી. કારણ કે એ તો પરિણમન છે, પરિણમન પર્યાય છે અને વસ્તુ અપરિણામી ત્રિકાળ છે. આહા..હા..!

શ્રોતા : જ્ઞાયક કહીને જાણવાની પર્યાય...

પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો છઠ્ઠી ગાથામાં ન કહ્યું ? **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** પણ એ પર્યાયને જાણવાનું કહ્યું પણ એ પર્યાય જે છે એ પરને જાણે છે, એ પર્યાયને પર્યાય જાણે છે. એ પર્યાય પરને જાણે છે એમ કહેવું વ્યવહાર છે. પર્યાય પર્યાયને જાણે છે તે નિશ્ચય છે. આહા..હા..! ચોથું પદ આવી ગયું છે. **'णादो जो सो दु सो चेव।।६।।'** ચોથું પદ છે. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** ***ભગવાન આત્મા પ્રમત્ત-અપ્રમત્ત છે જ નહિ. પહેલે ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાન આત્મામાં નથી. આહા..હા..!*** 'નવીનભાઈ' ! તેરમું ગુણસ્થાન... અમારે એક 'નવીનભાઈ' ! અમારે એક '...ભાઈ' હતા. તેરમું કહેતા. તેરમું ગુણસ્થાન તારું નથી 'લાઠી'વાળા. 'ધીરુભાઈ'ના ભાઈ ... એને બિચારાને સાંભળવાનો પ્રેમ હતો, પહેલા બીજા રસમાં ચડી ગયેલા. ગાવામાં ને એમાં ને... પછી અહીં સાંભળવા આવતા. તેરમું ગુણસ્થાન તારું નથી એમ કહે છે. આહા..હા..! કેમકે એ તો પર્યાય છે. એક સમયની પર્યાય તો વ્યવહારનો વિષય છે. ત્રિકાળ જે છે તે નિશ્ચયનો વિષય (છે). એમાં એક પર્યાયનો વિષય, વ્યવહારનો વિષય એમાં નથી. બેય છે ખરા. એમ નહિ કે (છે જ નહિ). ત્રિકાળીમાં નથી પણ પર્યાય પર્યાયમાં છે.

વ્યવહારનો વિષય પણ વર્તમાનમાં જે છે ઇ વિષય છે. મોક્ષનો માર્ગ છે, કેવળજ્ઞાન છે, સિદ્ધ છે. કેમ ? - કે એક જીવ વસ્તુ છે. સાંભળો ! જીવ વસ્તુ છે એના પર્યાયમાં બે ભાગ પાડ્યા. એક સંસાર અનાદિશાંત, એક મોક્ષ સાદિઅનંત. સંસાર અનાદિશાંત. પર્યાય છે ને ? મોક્ષ સાદિઅનંત. બે ભાગ પડી ગયા. આહા..હા..! એ જીવ વસ્તુ ત્રિકાળીમાં બે ભાગ પાડવા એ વ્યવહારનો વિષય થઈ ગયો. આહા..હા..! આવું છે, બેસવું કઠણ પડે. એ જાણે કે આ જૈનની વાત હશે આવી ? જૈનમાં તો દયા પાળો ને વ્રત કરવા ને ત્યાગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરવા ને તપસ્યા (કરવી)... અરે..! બાપા ! તેં સાંભળ્યું નથી, ભાઈ ! વીતરાગદર્શન કોઈ અલૌકિક વાત છે, એ વિશ્વદર્શન છે, વસ્તુનું સ્વરૂપ છે તેવું જાણ્યું એવું ભગવાને કહ્યું છે. આહા..હા..! તને સાંભળવા ન મળે માટે આ બીજી ચીજ છે, નવી છે એમ તને લાગે. નવી નથી, અનાદિની આમ જ છે. આહા..હા..!

જ્ઞાયકભાવ એ જ ત્રિકાળી નિશ્ચય આત્મા. જ્ઞાયકભાવ ત્રિકાળી તેમાં મોક્ષની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય, મુનિ પર્યાયનો અભાવ (છે). જ્ઞાયકભાવ એ જ નિશ્ચય આત્મા. જ્ઞાયકભાવ એ મોક્ષ ને મોક્ષના માર્ગની પર્યાયને કરે નહિ તે જ્ઞાયકભાવ. આહા..હા..! પર્યાય પર્યાયને કરે. કેમ ? - કે ***કેવળજ્ઞાન જે ઉત્પન્ન થાય છે કે સિદ્ધની પર્યાયે ઉત્પન્ન થાય છે એ પર્યાય ષટ્કારકે પરિણમતી પોતાથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! જેને દ્રવ્યની અપેક્ષા નથી.*** એ પાઠ છે એવો. સમજાણું કાંઈ ? આહા..હા..! 'પ્રવચનસાર'. વિકારના ષટ્કારક છે એ સ્વતંત્ર છે. એ વાત (એક દિગંબરના વિદ્વાન સાથે) ચાલી હતી, (એમને) નહોતી બેસતી. એ વાત હતી નહિ, 'હિન્દુસ્તાન'માં નહોતી.

શ્રોતા : આપે કહ્યું એમાંની એક્કે નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એક્કે નહોતી. તે દિ' તો એટલી વાત થઈ હતી, (સંવત) ૨૦૧૩ સાલ. પહેલાં 'સમ્મેદશીખર'ની જાત્રા આવ્યા ને પહેલાં. ૨૧ વર્ષ (થયા). ૨૦૧૩ ની સાલ. ૨૦૦૩ ની સાલમાં તો અહીંયા વિદ્વત પરિષદ ભરી હતી. એકવીસ વર્ષ (પહેલા). ચર્ચા થઈ. બધા પંડિતો બેઠા હતા. કીધું, ***આત્મામાં પર્યાયમાં વિકાર જે થાય છે, એ પર્યાયમાં ષટ્કારનું પરિણમન પર્યાયનું છે. રાગની કર્તા પર્યાય રાગ, રાગનું કર્મ રાગ, રાગનું સાધન રાગ, રાગમાંથી રાગ, રાગનો આધાર રાગ (છે). એ રાગને દ્રવ્ય-ગુણનું કારણ પણ નથી, તેમ પર કારકની અપેક્ષા નથી.*** (ગણેશ પ્રસાદ વર્ણીજીને) એકદમ આકરું પડી ગયુ હતું, આ આવું ? (એમણે કહ્યું), અરે...! મોટી ભૂલમાં આવ્યા. સાંભળેલું નહિ, એ વાત ચાલતી નહોતી.

'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા, 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા મુકી હતી કે જુઓ ! આમાં લખ્યું છે કે ***એક સમયની જે પર્યાય વિકારી, હોં ! મિથ્યાત્વની, રાગ-દ્વેષની, વિષય-વાસનાની એ પર્યાય(નો) કર્તા પર્યાય, કર્મ પર્યાય, કરણ પર્યાય, સાધન એ પર્યાય, પર્યાયનો આધાર પર્યાય, પર્યાયથી પર્યાય (થઈ), પર્યાય કરીને પર્યાય રાખી એ ષટ્કારક પર્યાયનું પરિણમન જેને પર કારકની તો અપેક્ષા નથી પણ જેને દ્રવ્ય- ગુણની અપેક્ષા નથી. આહા..હા..!*** કોલાહલ થઈ ગયો કે આ લોકો મૂળમાં ભૂલ્યા. આહા..હા..! વિકારને કર્મની અપેક્ષા નથી ? આ પાઠ દેખો ! 'પંચાસ્તિકાય' ૬૨ ગાથા. પર કારકની જેને અપેક્ષા નથી. તો પછી જ્યાં નિર્વિકારી પર્યાય,... ***આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્દોષ શાંતિ ને આનંદની પર્યાય એ પર્યાયના ષટ્કારનું પરિણમન પોતાથી છે, દ્રવ્ય-ગુણથી નથી, તેમ કર્મનો અભાવ થાય તો***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***આ પરિણમન થાય એવી અપેક્ષા એને નથી. આહા..હા..!*** આ તો કાલે હિન્દીમાં ચાલ્યું હતું. હવે ગુજરાતીમાં આજે (લીધું). મૂળ વાત હતી ખરીને ! આહા..હા..!

આવો ઉપદેશ છે. આમાં હવે શું કરવું કાંઈ સૂઝ પડતી નથી. વ્રત કરી શકે નહિ, દયા કરી શકે નહિ, એ તો વિકલ્પ છે (એમ કહે છે). પણ સાંભળ તો ખરો ! વસ્તુ જે ત્રિકાળી છે એ ઉપર દૃષ્ટિ કરી શકે છે કે નહિ ? દૃષ્ટિ કરતો નથી એ કરવી છે, એ કરવાનું છે. આહા..હા..! અને જે દૃષ્ટિનો વિષય છે તે દૃષ્ટિ ત્યાં કરવાની છે અને પછી તેમાં ઠરવાનું છે, એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ વ્રત ને એ કાંઈ ચારિત્ર નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી.'** આહા..હા..! રાડ નાખી જાય એવું છે. આ 'મથુરા', 'મથુરા', 'મથુરા'માં ગયા હતા ને એકવાર ? પંડિતો હતા સભામાં, સભા મોટી હતી. કીધું કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે, એ નાશવાન છે. આહા..હા..! પંડિતો કહે, આ શું ? એક સમયનું કેવળજ્ઞાન ગુણ નથી, ગુણ છે એ તો ત્રિકાળ છે આત્મામાં. ઉત્પન્ન થાય તે ગુણ ન હોય, ઉત્પન્ન-ધ્વંસી છે તે પર્યાય છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે, કેવળજ્ઞાન પણ અવસ્થા છે. ભાઈ ! પંડિતોમાં ખળભળાટ થઈ ગયો. પણ (બીજા એક વિદ્વાન) હતા કે વાત પર્યાયની છે. પર્યાય છે એ કાંઈ ત્રિકાળી ચીજ નથી. ગુણ ત્રિકાળી છે. આહા..હા..!

મૂળ તત્ત્વજ્ઞાનનો વિષય જ આખો બધો ફેરફાર થઈ ગયો. મૂળ ચીજ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું કારણ કોણ ? એમાં જ આખા વાંધા ઉઠ્યા. આહા..હા..! અન્ય માર્ગને, કુમાર્ગને માર્ગ માની લીધો. અરે..! પ્રભુ ! એમાં હિત શું થાય ? ભાઈ ! આહા..હા..! દેહ છોડીને જ્યાં જવું છે, બાપુ ! ત્યાં આવી માન્યતા હશે કે આ રાગથી ધર્મ થાય ને... બાપુ ! ત્યાં તો તું દુઃખને વેદીશ કારણ કે વર્તમાન એ રાગ છે, દુઃખ છે અને દુઃખના વેદનમાં ભવિષ્યમાં જઈશ તું ? અર..ર..! આહા..હા..! ભાઈ ! તારા હિતની વાત છે.

જ્યાંથી આનંદ ઉત્પન્ન થાય એવી જે ચીજ એને એમ કહેવું કે આનંદ આનાથી ઉત્પન્ન થયો એ પણ વ્યવહાર છે. આનંદ આનંદથી ઉત્પન્ન થાય છે. 'છોટાભાઈ' ! વાત સારી આવી ગઈ બરાબર તમે અહીં આવ્યા છો ને. 'કલકત્તા'થી આવ્યા, માલ વાત આવી ગઈ. આહા..હા..!

**'ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે.'** આહા..હા..! જેમાં સિદ્ધ ને મુનિપણાના માર્ગની પણ પર્યાયનો જેમાં અભાવ. આહા..હા..! એ પર્યાયદૃષ્ટિ છોડ અને દ્રવ્યદૃષ્ટિ કર. એ પર્યાયના વખાણ કરીને ઉત્પન્ન થયા ત્યાં નજર ન રાખ, નજર તો ત્યાં જ્ઞાયક સ્વરૂપ એકરૂપ છે ત્યાં નજર (રાખ). નજરબંધી... આ જાદુગર નથી નજરબંધી કરતાં ? એમ અહીંયા તારી જાદુગરી, નજરબંધી નજરને ધ્રુવમાં ધ્રુવ ઉપર લે. આહા..હા..! ત્યારે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે નજરબંધીનું સમ્યગ્દર્શન કહેવાય. આહા..હા..! અને એ સમ્યગ્દર્શન વિના એ ભણતર જે શાસ્ત્રના ૧૧ અંગના (કર્યા) પણ એ અજ્ઞાન છે અને એ સમ્યગ્દર્શન વિના વ્રત ને તપ ને પરિષહ સહન કરે એ બધો કલેશ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? ૧૦૫ (બોલ પૂરો થયો). આ તો આ ગુજરાતીમાં થોડુંક ફેરવ્યું.

**ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે. પરપદાર્થ પરનો છે, પોતાનો થતો નથી, પોતાનો કરવામાં માત્ર આકુળતા થાય છે. ૧૦૬.**

૧૦૬, **'ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે...'** તું પોતે ચૈતન્યસ્વરૂપ ભગવાન જ્ઞાયકસ્વરૂપ તો તું પોતે છે. પોતે એટલે સ્વયં. આહા..હા..! એ કોઈ બહારથી લાવવું છે એમ છે નહિ, **'માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે.'** છે તો પોતે એને પ્રાપ્ત કરવો છે. આહા..હા..! પ્રભુ છે. ચૈતન્યસ્વરૂપ આત્મા, જ્ઞાયકસ્વરૂપ પ્રભુ. અહીં જ્ઞાયક નહિ કહીને ચૈતન્યસ્વરૂપ લીધું. પેલું જાણકસ્વરૂપ આત્મા (હતું), (અહીંયા) ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ આત્મા (લીધું). આહા..હા..!

ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા તો ત્રિકાળ ઇ તારો છો. એ તારો પોતાનો એટલે તું પોતે છે. ચૈતન્યસ્વરૂપ આત્મા તો તું પોતે છે. આહા..હા..! સ્વયં તું પોતે છે. આહા..હા..! છે તેને પ્રાપ્ત કરવો, છે તેની સત્તા હોવાપણું, હોવાપણાને હોવાપણાથી પ્રાપ્ત કરવું એ તો સહેલું છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'ચૈતન્યસ્વરૂપ આત્મા...'** વ્યાખ્યા પહેલી એ કરી કે આત્મા એટલે શું ? ચૈતન્યસ્વરૂપ. એ રાગસ્વરૂપ, પુણ્યસ્વરૂપ ને પાપસ્વરૂપ ને એ નહિ. આહા..હા..! ચૈતન્યસ્વરૂપ જે ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ... આહા..હા..! એ તો તું પોતે જ છો એટલે એ તો તારો છે. આહા..હા..! તારો પોતાનો છે એ તો. આહા..હા..! ઇ પોતાનો પોતાપણે કરવો એમાં કહે છે કે દુર્લભ શું છે ? આહા..હા..! **'માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે.'** 'શ્રીમદ્'માં આવે છે – સત્ સરળ છે, સર્વત્ર છે. આહા..હા..! વસ્તુ છે એ કાયમ પોતે કાયમ કોઈ પણ ક્ષેત્રમાં હો ને કોઈપણ પર્યાયમાં હો, વસ્તુ તો વસ્તુપણે કાયમ છે અંદર. આહા..હા..!

એ ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે. આહા..હા..! છે તેને મેળવવું એમાં વિશેષ શું છે ? કહે છે. પણ પરપદાર્થ છે... આહા..હા..! **'પરપદાર્થ પરનો છે,...'** ખરેખર રાગ છે ને ? દયા, દાન, વ્રતનો રાગ એ પણ પર વસ્તુ છે. એને પોતાનો કરવો એ નહિ થઈ શકે. આહા..હા..! રાગ છે એ પોતાનો નહિ થઈ શકે. કેમકે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ પર વસ્તુ છે. તો રજકણને, શરીરને, પરને પોતાના કરવા એ તો દૂર રહ્યું. આહા..હા..! ભાઈ ! આ અમારી આ બાયડી, સ્ત્રી છે, અર્ધાંગના છે, અર્ધુ અંગ અમે અને અર્ધુ ઇ. ત્રણે કાળમાં નથી, બાપુ ! આહા..હા..! એ તો ધૂળ (છે). એનું શરીર જુદું, એનો આત્મા જુદો. એ તો પર છે. પરને પોતાનો કરવો એ તો દુર્ગમ્ય છે. કેમકે એ બની શકે નહિ. અને છે તેને પ્રાપ્ત કરવો એ તો બની શકે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પૈસા, લક્ષ્મી, આબરૂ, મકાન એ બધા પર છે એને પોતાના કરવા એ નહિ થઈ શકે. એ પરને પોતાના કરવામાં તને આકુળતા થશે છતાં પર વસ્તુ તારી થશે નહિ. આહા..હા..!

**'ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે.'** સહેલું છે. આહા..હા..! કોઈ સ્થળ હોય ત્યાં જાવું હોય તો તો એ સુગમ છે પણ સ્થળ જ ન મળે ત્યાં ક્યાં જવું ? એમ રાગ ને પુણ્ય ને પરવસ્તુમાં તો આત્માનું સ્થાન જ નથી. આહા..હા..! એને તું આત્માના કરવા માંગીશ તો કોઈ રીતે થશે નહિ. આહા..હા..! આકુળતા થશે. પરને પોતાના કરવા માંગીશ ત્યાં કરી તો નહિ શક (પણ) આકુળતા થશે. આહા..હા..! આવી વાત છે.

**'પરપદાર્થ પરનો છે,...'** પરપદાર્થ પરનો છે. છે ખરો એ પણ એ એનો છે, તારો નહિ. શરીર, મકાન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મા, બાપ... આહા..હા..! એ તો પર ચીજ છે. એ પર (ચીજ) તો પરની છે, એને તારી કરવી એ કઈ રીતે થઈ શકશે ? અને ત્યાં તારો પુરુષાર્થ કામ કરે છે આખો દિ'. આને સાચવું ને આને આ કરવું ને આ કરવું ને આને આ કરવું. આહા..હા..! સ્ત્રીને રાજી રાખું ને સ્ત્રીને અનુકૂળ સંયોગ મેળવું ને... પણ પ્રભુ ! તે પર છે એને શું કરીશ તું ? આહા..હા..! દીકરી ને દીકરા ને પુત્ર-પુત્રી, લગન કરીને ઠેકાણે પાડવા. ભાઈ ! પરનું શું કરી શક તું ? આહા..હા..!

**'પરપદાર્થ પરનો છે, પોતાનો થતો નથી,...'** આ આંગળી છે એ આંગળીની છે, આ આંગળી આ આંગળીની નથી. તેથી આ આંગળીને અહીં કરવી એ નહિ થઈ શકે. આ આંગળીને આ આંગળીની કરવી નહિ થઈ શકે. આ આંગળીને આંગળીની કરવી એ થઈ શકશે. પોતાની પોતાને કરવું એ થઈ શકશે. આંગળીની જડ. એમ આત્મા પોતે પોતાનો કરવો એ થઈ શકશે પણ પરપદાર્થ જે પરરૂપે છે તેને પોતાનો કરવો નહિ થઈ શકે. આહા..હા..! પહેલેથી બાવો ! આહા..હા..!

રાગ, એ રજકણ પરદ્રવ્ય છે. આહા..હા..! અહીં તો 'નિયમસાર'માં ત્યાં સુધી લીધું કે મોક્ષનો માર્ગ છે એ પરદ્રવ્ય છે. એને તું સ્વદ્રવ્ય કરવા માગીશ (તો) આખા ત્રિકાળમાં નહિ થઈ શકે. મોક્ષનો માર્ગ, હોં ! પર્યાય. એ છે તો પરદ્રવ્યથી પર ભિન્ન છે. એને ત્યાં પરદ્રવ્ય કીધું. એનું કારણ ? - કે એ પરદ્રવ્ય છે એ સ્વદ્રવ્યરૂપે નહિ થઈ શકે. એ પર્યાય સ્વદ્રવ્યરૂપે નહિ થઈ શકે. આહા..હા..! એ પર છે એ પરપણે રહેશે, પર્યાય પર્યાયપણે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રહેશે પણ પર્યાયને તું દ્રવ્યની કરવા જઈશ તો નહિ બની શકે. આહા..હા..!

શ્રોતા : આ ન્યાય નવો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એમ કીધું હતું ને કે પરપદાર્થ કેમ કહ્યો એ પહેલો અર્થ કર્યો હતો કે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આવતી નથી એમ મોક્ષના માર્ગની પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી માટે પરદ્રવ્ય કીધું. એ અર્થ તો થઈ ગયો છે. સમજાણું કાંઈ ? આહા..હા..! શું કહ્યું ? કે આત્મા જે વસ્તુ છે ત્રિકાળી, એમાં જે મોક્ષનો માર્ગ પ્રગટ થાય એને પણ પરદ્રવ્ય કીધું. એટલે ? કે જેમ આત્માને નવી મોક્ષ, કેવળજ્ઞાનની પર્યાય આદિ પ્રાપ્ત કરવી હોય તો પરદ્રવ્યમાંથી નહિ થાય, એમ પર્યાયમાંથી પર્યાય નહિ થાય. એ નવી કેવળજ્ઞાન આદિની પર્યાય તો દ્રવ્યમાંથી થાશે. એ કારણે પર્યાયને પરદ્રવ્ય કીધું. સમજાણું કાંઈ ? અને એ પરદ્રવ્યને પોતાનું કરી શકવા માંગે તો નહિ થઈ શકે. વિશેષ કહેશે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

* ભગવાન પૂર્ણાનંદનો નાથ કે જેનું લક્ષ કરતાં, રાગની અપેક્ષા વિના, નિરપેક્ષપણે સ્વતંત્રપણે ષટ્કારકથી પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. અરે ! રાગાદિ વિકાર કે મિથ્યાત્વના પરિણામ થાય છે એ પણ ષટ્કારકના પરિણામથી સ્વતંત્રપણે થાય છે. મિથ્યાત્વભાવ થાય છે તેમાં કર્મના કારકોની અપેક્ષા નથી. મિથ્યાત્વનું પરિણમન ષટ્કારકના પરિણમન વડે સ્વતંત્રપણે થાય છે. મિથ્યાત્વભાવ છે તે વિકારીભાવ છે, તે પણ પોતાના ષટ્કારકોથી થાય છે, તેને કર્મની કે નિમિત્તની અપેક્ષા નથી. જ્યારે વિકારની પર્યાય પણ–કે જે આત્માનો સ્વભાવ નથી, તેમ જ કોઈ એવી શક્તિ નથી કે વિકારને કરે છતાં પણ–સ્વતંત્રપણે પોતાના એક સમયના ષટ્કારકથી થાય છે, તો પછી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચય મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય છે તે પોતે એક સમયના ષટ્કારકથી પરિણમન થઈને જ ઉત્પન્ન થાય. જે નિશ્ચય મોક્ષમાર્ગને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની પણ અપેક્ષા નથી તે વ્યવહારરત્નત્રયના રાગથી થાય એમ કેમ બને ?

--- દ્રવ્યદષ્ટિ જિનેશ્વર – પર્યાયદષ્ટિ વિનશ્વર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પ્રવચનસાર, ગાથા–૧૧૪, પ્રવચન નં. ૧૨૫
તા. ૧૦-૦૭-૧૯૭૯
[૧૩]

'પ્રવચનસાર' ગાથા–૧૧૪. **'હવે એક દ્રવ્યને અન્યત્વ અને અનન્યત્વ હોવામાં જે વિરોધ તેને દૂર કરે છે (અર્થાત્ તેમાં વિરોધ નથી આવતો...)'** એટલે શું ? - કે સામાન્યપણે દ્રવ્ય તેનું તે જ છે અને વિશેષપણે દ્રવ્ય ભિન્ન ભિન્ન અન્ય અન્યપણે છે છતાં તે અનન્ય છે, સામાન્યથી કંઈ જુદું નથી. અન્ય અન્ય અવસ્થા હોવા છતાં અનન્ય છે. આવી વાત !

દરેક દ્રવ્ય ! દાખલો જીવનો આપશે પણ દરેક દ્રવ્ય સામાન્ય છે એ તો તેનું તે જ છે. વિશેષ છે (એ) અન્ય અન્ય છે. છતાં તે વિશેષ પર્યાય તે સ્વકાળે અન્ય અન્ય હોવા છતાં દ્રવ્યથી અનન્યમય છે, દ્રવ્યથી જુદી નથી. આહા..હા...! આ તો દરેક દ્રવ્યનું સ્વરૂપ (આવું છે). આત્માને પરદ્રવ્યની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા...! કર્મની સાથે, શરીરની સાથે, દેશની સાથે, કુટુંબ સાથે, આબરૂ સાથે, પૈસા સાથે, પગાર સાથે 'સુમનભાઈ' ! હારે આવે છે. કાંઈ સંબંધ નથી.

દરેક દ્રવ્ય પોતાનું સ્વરૂપ કાયમ રહીને (–રાખીને) અનેરી અનેરી, અન્ય અન્ય અવસ્થા(પણે) થાય એ અપેક્ષાએ અન્ય પણ કહેવાય અને એનીને એની છે માટે અનન્ય છે, એની છે. એ દ્રવ્ય પોતે જ પર્યાયપણે આવ્યું છે (એમ પણ કહેવાય). આ..હા..હા...! આવી વાત ! આવી વહેંચણી ! આખી દુનિયાની વહેંચણી કરી નાખી.

**दव्वट्ठिएण सव्वं दव्वं तं पज्जयट्ठिएण पुणो।**
**हवदि य अण्णमणण्णं तक्काले तम्मयत्तादो।।११४।।**

**દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે**
**છે અન્ય, જેથી તે સમય તદ્રૂપ હોઈ અનન્ય છે. ૧૧૪.**

બધા દ્રવ્યની વાત છે, દાખલો જીવનો આપશે. આહા..હા...! તત્ત્વજ્ઞાન એટલું સૂક્ષ્મ છે કે પર્યાયમાં જીવને નારકી આદિ અનેક(પણું) હોવા છતાં તે અન્ય અન્ય હોવા છતાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનન્ય છે. આત્માની સાથે એ પર્યાયનું તન્મયપણું છે. આહા..હા...! ચાહે તો હિંસાના પરિણામ હો, દયાના હો, પૂજાના, ભક્તિના પરિણામ (હો), રૌદ્રધ્યાનના પરિણામ હો... એ પરિણામ દ્રવ્યના પર્યાયમાં છે અને અનેરી અનેરી અવસ્થા હોવાથી અન્ય પણ કહેવાય છે અને આત્મા તેમાં વર્તે છે માટે અનન્ય પણ કહેવાય છે. આહા..હા...! પરની સાથે કાંઈ સંબંધ નહિ. પર અન્ય છે ઈ જુદી ચીજ અને દ્રવ્યની પર્યાય અન્ય અન્ય થાય છે એ જુદી ચીજ. આહા..હા...! દરેક દ્રવ્યની પર્યાય અન્ય અન્ય થાય છે છતાં તે (પર્યાય તે દ્રવ્ય સાથે) અનન્ય છે. અન્ય છે તે અનન્ય છે. બીજા પદાર્થો અન્ય છે તે (પોતાના દ્રવ્ય સાથે) અનન્ય નથી, એ તદ્દન ભિન્ન છે. આહા..હા...! સમજાય છે ?

**ટીકા :– 'ખરેખર સર્વ વસ્તુ...'** જોયું ? 'દ્રવ્ય' શબ્દ ન આપતા 'વસ્તુ' કીધી. '**सर्वस्य हि वस्तुनः**' કેમકે એમાં વસેલી અનંત શક્તિઓ છે. દરેક દ્રવ્ય – પરમાણુ કહો કે આકાશ કહો કે જીવ હો (એને) વસ્તુ કેમ કીધી ? – કે એમાં અનંત અન્વયી ગુણો વસેલા (છે). અનંત... અનંત... અત્યંત અનંત ! આ..હા..હા...! ચાહે તો આત્મા હો, ચાહે તો આકાશ હો કે ચાહે તો પરમાણુ હો પણ અનંત... અનંત... અત્યંત અનંત ગુણોથી ભરેલો (પદાર્થ) છે માટે તેને વસ્તુ કીધી. વસ્તુમાં વસેલી શક્તિઓ છે એ પોતાની છે. એ વસ્તુ બીજાની શક્તિમાં વસે અને બીજાની શક્તિ અહીં આવે એમ નથી. આહા..હા...! નજીકમાં નજીકનું શરીર, નજીકમાં નજીકનો દીકરો કે સ્ત્રી કે કુટુંબ (હોય) છતાં એ ચીજ તદ્દન જુદી (છે). એનું – દ્રવ્યનું વિશેષપણું અન્ય અન્ય હોવા છતાં તે પર્યાય દ્રવ્યથી અનન્ય છે, જુદી ચીજ નથી. જેમ જુદું દ્રવ્ય તદ્દન અન્ય છે એમ આ પર્યાય અનેરી અનેરી થાય માટે અન્ય જ છે એમ નહિ. પહેલી નહોતી અને થઈ એ અપેક્ષાએ અન્ય પણ કહેવાય છે અને દ્રવ્ય એમાં વર્તે છે માટે અનન્ય પણ છે. આવું છે. 'ચિમનભાઈ' ! ઝીણું છે, ભાઈ !

**'ખરેખર સર્વ વસ્તુ...'**માં એક વસ્તુ ન કીધી. સર્વ એટલે અનંત. અનંત વસ્તુ **'સામાન્ય-વિશેષાત્મક હોવાથી...'** દરેક અનંત વસ્તુ પોતે પોતાથી સામાન્ય-વિશેષ (છે). સામાન્ય એટલે દ્રવ્ય તરીકે સામાન્ય અને પર્યાય તરીકે વિશેષ. એ દરેક દ્રવ્યનું સ્વતઃ સામાન્ય-વિશેષ સ્વરૂપ છે. આહા..હા...! જેમ સામાન્યપણું એકરૂપ સમૂહ છે, એમ વિશેષપણું પરના સંયોગે થાય છે કે પરથી થાય છે એમ નથી. દરેક દ્રવ્યની એ વિશેષ અવસ્થા તે તે સમયે, પહેલાં નહોતી અને થઈ માટે તે અનેરા દ્રવ્યના સંબંધે થઈ એમ નથી. આ..હા...! આમ અન્ય અને એકદમ અકસ્માત્ બીજી પર્યાય લાગે છતાં તે પર્યાય પહેલી નહોતી ઈ અપેક્ષાએ વિશેષપણે જોઈએ તો તે અન્ય છે પણ તે જ વિશેષપણું, સામાન્ય ત્યાં વર્તે છે માટે સામાન્યથી અનન્ય છે. સામાન્યથી જુદી ચીજ નથી. આહા..હા...!

જેમ બધી ચીજો તદ્દન જુદી છે... આહા..હા...! એક આત્માને અને બીજા આત્માને કાંઈ સંબંધ નથી. સામાન્યપણે બન્ને એક અને વિશેષપણે જુદા એમ પણ પરની સાથે નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! અથવા સામાન્યપણે જુદા અને વિશેષપણે એક એમ પણ નથી. શું કીધું ઈ ? અનંત જે આત્માઓ અને અનંત પરમાણુઓ છે એ સામાન્યપણે જુદા અને વિશેષપણે એક (છે) એમ પણ નથી તેમ સામાન્યપણે જુદા છે માટે પર્યાયથી પણ જુદા – પર નથી, એમ નહિ. જુદું પોતે છે પણ અનન્ય જ છે. પોતાના દ્રવ્યથી તે તે પર્યાયનો કાળ – સ્વકાળ ક્રમાનુપાતી (છે એમ) કાલે આવી ગયું છે. તે સમયે તે પર્યાય ક્રમે સ્વકાળે ક્રમાનુસાર આવવાની આવી તેથી એને પહેલી પર્યાયની અપેક્ષાએ અન્ય કહીએ પણ વસ્તુની અપેક્ષાએ અનન્ય છે. આ..હા..હા...! એ પર્યાય કોઈ બીજાથી થઈ છે (એમ નથી). આ..હા...! આ વાત બેસવી (કઠણ). ભાષા ભલે સહેલી છે પણ એનો ભાવ કઠણ છે.

'કળશટીકા'માં કહ્યું છે, 'કળશટીકા'માં ! (કે) ભાઈ ! કઠણ છે, ખરેખર કઠણ તો છે પણ સ્વરૂપનું વેદન કરતાં વેદન પરથી જુદું જણાય છે. કઠણ તો છે પણ ભગવાન આત્મા સામાન્યપણે જે દ્રવ્ય છે તેને જોતાં જોનારી પર્યાય ભલે એની (છે) પણ એ જોવે છે સામાન્યને અને તે પર્યાય એમ માને છે કે હું તો અખંડ એકસ્વરૂપે બિરાજમાન છું ! પર્યાય એમ જાણે છે. આહા..હા...! કેમકે પર્યાયનો વિષય ઈ છે, પર્યાયનો વિષય એકલો પર્યાય ન રહેતાં પર્યાયનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે. આહા..હા...! એ ત્રિકાળી દ્રવ્ય જે વસ્તુ મહાપ્રભુ છે (એ પર્યાયનો વિષય થાય છે).

(અહીંયા ચાલતા વિષયમાં) દૃષ્ટાંત જીવનો આપશે, વાત સર્વ દ્રવ્યની કહેવી છે પણ દૃષ્ટાંત જીવનો આપશે. લોકોને ખ્યાલમાં આવી શકે માટે. **'ખરેખર સર્વ વસ્તુ સામાન્ય-વિશેષાત્મક હોવાથી...'** એનો અર્થ કે કોઈ ચીજ કોઈથી બનેલી છે, કોઈ ઈશ્વર કર્તા છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય કરી શકે છે એવું કાંઈ નથી. આ..હા..હા...! સર્વ દ્રવ્યો એટલે વસ્તુ **'સામાન્ય-વિશેષાત્મક હોવાથી...'** કાયમ રહેવાની અપેક્ષાએ સામાન્ય અને પલટવાની અપેક્ષાએ વિશેષ. નહિ પલટવાની અપેક્ષાએ સામાન્ય. આહા..હા...! દરેક વસ્તુ નહિ પલટવાની અપેક્ષાએ સામાન્ય (છે), પલટવાની અપેક્ષાએ વિશેષ (છે) પણ બે થઈને એનું સ્વરૂપ બે છે એમાં (સમાપ્ત થઈ જાય) છે. પરને અને એને કાંઈ સંબંધ નથી. આહા..હા...! વ્હાલા દીકરા હોય, વ્હાલી સ્ત્રી હોય એની સાથે કાંઈ સંબંધ નહિ ? આહા..હા...!

શ્રોતા :– આત્માને દીકરો કેવો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ 'કમલભાઈ' છોકરો હોય, લ્યો ! સાત-આઠ હજારનો પગાર (લાવે). અરે...! કોના દીકરા ? બાપા ! કોનો બાપ ? કોનો દીકરો ? આહા..હા...! એનું વિશેષ પણ એક સમય ટકે... આ..હા..હા...! તે તે દ્રવ્યનું વિશેષ પણ એક સમય ટકે તો બીજી ચીજ એની છે એ ક્યાં (આવ્યું) ? પ્રભુ ! આ..હા..હા..હા...! સમજાય છે કાંઈ ?

દરેક વસ્તુ કાયમ રહેવાની અપેક્ષાએ તો ભલે ધ્રુવ છે પણ ક્ષણિક અવસ્થાની (અપેક્ષાએ) તે એક સમય જ હોય છે. છતાં વિશેષ ક્ષણિક છે, એક જ સમય છે, એની છે છતાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક સમય છે અને તેને પૂર્વની પર્યાયની અપેક્ષાએ અન્ય પણ કહીએ અને આત્માની અપેક્ષાએ અંદર વર્તે (છે) માટે અનન્ય પણ કહીએ. પરને અને આત્માને કે એક પરમાણુને કે બીજા પરમાણુને... આ..હા..હા...! કાંઈ સંબંધ નથી. આ વાત બેસવી (કઠણ પડે). ***આ..હા...! લોકોને વિચાર (કરવાનો) વખત ક્યાં (છે) ? ક્યાં (વિચાર) કરે છે ? દુનિયાની ઝંઝાળમાં... આ..હા..હા...! વખત ગાળી જિંદગી ચાલી જાય છે પછી ઘણાંના અવતાર પશુ થવાના, તિર્યંચમાં જવાના. આ..હા...! કારણ કે ધર્મ નથી તેમ આ શું વસ્તુ છે ? તેને સમજવાનો વિકલ્પ પણ વિશેષ નથી કે દિવસમાં બે-બે, ચાર-ચાર કલાક શું ચીજ છે આ ? (તેને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે) તો તો પુણ્ય પણ બાંધે. આહા..હા...!***

અહીં કહે છે એ '**વસ્તુનું સ્વરૂપ જોનારાઓને અનુક્રમે (૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે...**' એવી રીતે લીધું. અનુક્રમે સામાન્ય અને વિશેષને જોવામાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક (બે ચક્ષુઓ છે). એકસાથે જોવાનું પણ લેશે. પાઠ તો આટલો લીધો છે પણ એકસાથે જોવામાં પણ લેશે.

'**તેમાં, પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને...**' આ..હા...! ત્યાંથી ઉપાડ્યું, લ્યો ! દ્રવ્યાર્થિકને બંધ કરીને (એમ) ત્યાંથી ઉપાડ્યું નહિ. દરેક દ્રવ્યને જોવા માટે પર્યાયાર્થિક આંખ્યુને સર્વથા બંધ કરીને. પર્યાય છે ખરી, છે પણ તેને જોવા તરફની આંખ્યુને – દૃષ્ટિને બંધ કરી. આ..હા..હા...! ગજબ વાત છે ! પહેલાં તો કીધું કે સામાન્ય-વિશેષ વસ્તુ છે પણ વિશેષને જોવાની આંખ્યુંને બંધ કરી. આ..હા..હા...! છે ? તે પણ પાછી કથંચિત્ બંધ કરીને એમ નહિ ! '**પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને...**' (એમ કહ્યું છે). જાણવું છે ને ? (એટલે એમ કહ્યું). આ..હા..હા...!

'**એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે...**' (અર્થાત્) એકલી ઉઘાડેલી જ્ઞાનની પર્યાય. આહા..હા...! દ્રવ્યાર્થિક ચક્ષુ વડે (એટલે) દ્રવ્ય જેનું પ્રયોજન છે. અર્થ એટલે દ્રવ્ય-અર્થ – દ્રવ્ય જેનું પ્રયોજન છે એ નયથી જોતાં. વિશેષનયની આંખ્યું બંધ કરી દઈને. આ..હા..હા...! '**એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક...**' ભાષા જોઈ !? પેલી (–અવસ્થાને જોવાની આંખ્યું) તો બંધ કરી દીધી. અવસ્થાને જોવાની આંખ્યું બંધ કરી દે... આ..હા..હા...! તો તને સામાન્ય અવસ્થામાં જણાશે. અવસ્થાને જોવાની આંખ્યું બંધ કરી દઈને સામાન્યને જોવું તે જોનાર તો પાછી પર્યાય વિશેષ (છે) પણ પર્યાયનો જોવાનો વિષય વિશેષ નહિ, સામાન્ય રહેશે. વિશેષની જોવાની પર્યાય – આંખ્યું સર્વથા બંધ કરી દે. બીજાને જોવાનું બંધ કરી દે એ વાત તો એકકોર (રહી). આ..હા..હા...!

તારા સિવાય બીજા પદાર્થો – ચાહે તો ભગવાન ત્રણલોકનો નાથ ! એને જોવાની દૃષ્ટિ એ કોઈ પર્યાયદૃષ્ટિ કે દ્રવ્યાર્થિક દૃષ્ટિ નથી. આહા..હા...! ફક્ત તારામાં બે પ્રકાર છે – સામાન્યપણું (એટલે) કાયમ રહેવાપણું અને બદલવાપણું (એટલે) વિશેષપણું. એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બદલવાપણાની આંખ્યુંને બંધ કરી દઈ, પરને જોવાની આંખ્યું બંધ કરી દઈ, ઈ તો નહિ. આ..હા..હા...! ગજબ વાત છે ! પરને જોવાનું તો બંધ જ કરી દે. આ..હા..હા..હા...! થોડે શબ્દે ઘણું (ભર્યું) છે, હોં પ્રભુ ! આ..હા..હા...! બહુ વાતું (ભરી છે) ! આ..હા..હા...!

**'પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને...'** એમ ન કહ્યું કે પરદ્રવ્યને જોવાનું બંધ કરી દઈ. આહા..હા...! પ્રભુ ! તારામાં જ્યાં સામાન્ય અને વિશેષ – બે (પડખાં) છે એ બે છે એમાં પણ વિશેષને જોવાની આંખ્યું 'સર્વથા' બંધ કરી દઈને. કથંચિત્ ઉઘાડીને અને (કથંચિત્) બંધ કરીને (એમ નથી કહ્યું) અથવા ગૌણ કરીને, એ પણ અહીં તો નથી (કહ્યું). આ..હા..હા...!

શ્રોતા :– આપ તો હમણાં જ સમ્યગ્દર્શન થવાની વાત કરી રહ્યા છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ..હા..હા...! વસ્તુ (એવી છે). ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ છે. આ..હા...! જગતના ભાગ્ય છે (કે) વાણી રહી ગઈ છે. 'કુંદકુંદાચાર્ય' તો નિમિત્ત (છે). આહા..હા...! એને સાંભળવાનો અને વિચારવાનો અવસર લેવો નહિ. પ્રભુ ! તારે ક્યાં જાવું છે ? ક્યાં રહેવું છે ?

અહીં તો પર્યાયની આંખ્યું પણ સર્વથા બંધ કરી દઈને (એમ કહે છે) ! આ..હા..હા..હા...! બાયડી, છોકરા જોવાનું બંધ કરી દઈ એ વાત તો (કરી પણ નથી). એ તો તારામાં નથી એની (તો) અમે વાત જ નથી કરતા. સમજાણું કાંઈ ?

**'પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે...'** ઊઘડેલું પણ, હોં ! એ જ્ઞાન પાછું (ઊઘડેલું છે). એને જોનારી છે તો પર્યાય. પણ એ ઊઘડેલું જ્ઞાન. પર્યાયને જોવાનું બંધ કરી દીધું એટલે સ્વને જોવાનું જ્ઞાન ઊઘડ્યું. આહા..હા...! સમજાણું કાંઈ ? આ..હા...! શું ટીકા ! ભરતક્ષેત્રમાં આવી વાત ક્યાં છે ? આહા..હા...! દિગંબર સંતોએ તો અમૃતના સાગર રેલ્યા છે ! થોડા શબ્દોમાં ઘણું (ભર્યું) છે ! શું કહીએ એની ગંભીરતા ! આહા..હા...!

એમ એ કહે છે, પહેલી વાત કીધી (કે) સર્વ વસ્તુઓ સામાન્ય-વિશેષાત્મક છે. હવે તારી વસ્તુને તને જોવી હોય તો... આ..હા..હા...! **'ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અલોકવામાં આવે...'** જુઓ ! એમાં પરની વાત નથી લીધી કે પર્યાયનયને બંધ કરીને પરને જોવું. આહા..હા...! પર્યાયાર્થિકનયને બંધ કરી દઈને... ઓ..હો..હો..હો... ! અમૃત રેડ્યાં છે પ્રભુએ ! અરે...! જગતને (ક્યાં સમજવાની નવરાશ છે) ?

કહે છે કે તારામાં બે પ્રકાર – સામાન્ય અને વિશેષ. એમાં જીવમાં ઉતારે છે, હોં ! સામાન્ય વાત તો કરે છે, સામાન્ય-વિશેષ બધાની (વાત કરે છે) પણ ઉતારે છે જીવમાં. જીવમાં ઉતારીને કહેશે કે પછી સર્વ દ્રવ્યોમાં (આ પ્રમાણે) સમજી લેવું. એમ. આહા..હા...! 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. આમાં ચોખ્ખું નથી. 'જયસેનાચાર્યદેવ'ની ટીકા છે ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમાં છે, જુઓ ! '**सर्वद्रव्येषु यथासंभवं ज्ञातव्यमित्यर्थः**' છેલ્લો શબ્દ છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકા. આ તો ધીરાના કામ છે, ભાઈ ! પેલામાં આવે છે ને ? ભાઈ ! 'નિભ્રત' ! 'નિભ્રત પુરુષો વડે' ! આહા..હા...! ચિંતા વિનાના પુરુષો વડે. આહા..હા...! નિભ્રત પુરુષો વડે કરીને આ વસ્તુ વિચારાય છે. આહા..હા...!

'**એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક...**' પર્યાય ચક્ષુને સર્વથા બંધ કરીને એક તો જોર આપ્યું. તેથી એકલા ઊઘડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે. આહા..હા...! દ્રવ્યને જોઈ શકે તે રીતે જ્ઞાનનો (પર્યાય) પ્રગટ કરીને. આહા..હા...! પર્યાયને જોવાનું નહિ, પણ દ્રવ્યને જોવાની પર્યાયનો ઉઘાડ પ્રગટ કરીને. આહા..હા...! '**એકલા ઉઘાડેલા...**' પાછું '**ઉઘાડેલા**' કીધું છે, હોં ! (એટલે) પ્રગટ કરીને. આહા..હા...! વસ્તુ છે વસ્તુ, એને કહે છે કે પર્યાયને જોવાની આંખ્યું બંધ કરી અને દ્રવ્યાર્થિકને (જોવાના) '**ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે...**' એ નયનું જ્ઞાન ઊઘડેલું છે. દ્રવ્યાર્થિકને જે નય જોવે છે તે જ્ઞાન ઊઘડેલું છે. પર્યાયને (જોવાનું) જ્યારે બંધ કરી દીધું છે ત્યારે એને સ્વને જોવાનું જ્ઞાન ઊઘડ્યું છે. આ..હા..હા..હા...!

'**જ્યારે અવલોકવામાં આવે છે,...**' '**એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું, તિર્યંચપણું,...**' જુઓ ! ઉતાર્યું જીવમાં ! '**મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું...**' સિદ્ધ પણ પર્યાય છે ને ? આહા..હા...! '**એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા...**' '**એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા...**' આ..હા..હા...! પાછી અવલોકનારી પર્યાય અવલોકનારી છે. પર્યાયને જોવાની બંધ કરી દઈને, દ્રવ્યને જોવાની ઉઘાડેલી જ્ઞાનની પર્યાયથી (અવલોકતાં). આ..હા..હા...! શું ભર્યું છે ! હવે આમને આમ વાંચી જાય (પછી કહે) 'પ્રવચનસાર' વાંચી ગયા. એક જણ કહે, મહારાજ બહુ વખાણ કરે છે ને (તો) 'સમયસાર' પંદર દી'માં વાંચી ગયો છું. બાપા ! પંદર દિવસ(માં) ભાઈ ! એ ગહન વાતનો પાર આવે એવું નથી, પ્રભુ ! આહા..હા...! ગહન વાત છે. આ 'પ્રવચનસાર' ચાલે છે. પ્રવચન – દિવ્યધ્વનિ ચાલે છે. આહા..હા...!

શ્રોતા :– આજે દિવ્યધ્વનિનો દિવસ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, દિવ્યધ્વનિનો દિવસ છે, વાત સાચી. 'શ્રીમદ્' તરફથી 'દિવ્યધ્વનિ'નું પત્ર કાઢ્યું છે, ભાઈ ! ગોટા બધા ગોટા ! શ્વેતાંબરના નાખ્યા, શ્વેતાંબરના સાધુએ આમ કર્યું અને ઢીકણાએ આમ કર્યું. (એમાં) લખાણ છે. ભાઈનું લખાણ છે 'ભોજુભાઈ' નહિ 'મોરબી'વાળા. 'શ્રીમદ્દે' છ પદ કહ્યાં એમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી છે. છ પદને જોવું. અહીં તો કહે છે કે છ પદના ભેદ છે... આહા..હા...! એ આંખ્યુંને બંધ કરી દઈને... આહા..હા...! બેનું-દીકરિયુંને ઝીણું પડે (તો) ધ્યાન રાખીને સાંભળવું. બાપુ ! આ તો અમૃતના ઘર છે ! બાપુ ! માંડ માંડ આવ્યું છે. આહા..હા...! બેન, દીકરી, માતાઓને થોડું ઝીણું પડે. ધીરેથી સાંભળવું, વિચાર કરવો, ભાઈ ! આ..હા...! અરે...! આવા સમય ક્યારે આવે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાઈ !

શું ભાવ ભર્યા છે ! જોયું ? કહે છે કે વસ્તુ સામાન્ય-વિશેષ છે એને વિશેષ(ને) જોવાની આંખ્યું સર્વથા બંધ કરી દઈ અને દ્રવ્યાર્થિક ઊઘડેલું જ્ઞાન – દ્રવ્યને જોનારું ઊઘડેલું જ્ઞાન. પાછું એ છે તો પર્યાય, આહા..હા...! પણ પર્યાય પર્યાયને ન જોતાં, પર્યાય દ્રવ્યને જોતાં એમ કહેવું છે. આ..હા..હા..હા...! ગજબ વાત છે, ભાઈ ! આ..હા..હા...! 'મીઠાલાલજી' સમજાય છે ? ભાઈ !

વસ્તુ છે ભગવાન આત્મા ! એમાં સામાન્ય અને વિશેષ બે પડખાં (છે) ખરાં. છતાં વિશેષ પડખાંની જોવાની આંખ્યું તો સર્વથા બંધ કરી દે ! પરને જોવાની વાતું તો નહિ પણ તારી પર્યાયને સર્વથા જોવાની બંધ કરી દે. આ..હા..હા...! અને **'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક...'** એકલા દ્રવ્યને જોવાનું જે ઊઘડેલું જ્ઞાન છે. આ..હા..હા...! ગજબ ભર્યું છે ને ! સામે પુસ્તક છે ને ? આહા..હા...! એકલા (કહ્યું કેમકે) પેલા (પર્યાયાર્થિક ચક્ષુને) બંધ કરી દીધું ને ? એકલું (કીધું) પાછું આ ઊઘડેલું દ્રવ્યાર્થિક (છે). એમને એમ દ્રવ્યાર્થિક નહિ. દ્રવ્યનું જેને પ્રયોજન છે એવું જ્ઞાન ઊઘડ્યું છે. આ..હા..હા...! આવી વાતું છે. 'જીવનરામજી' ! આહા..હા...! સંતોએ તો અમૃત રેડ્યાં છે ! શબ્દે-શબ્દમાં કેટલી ગંભીરતા અને કેટલી ઊંડપ છે ! આ..હા..હા...! સત્યને સમજવા માટે ભલે થોડો વખત લાગે પણ થોડું (પણ) સત્ય બરાબર સમજવું જોઈએ. આ..હા..હા...!

ભગવાન આત્મા ! સામાન્ય અને વિશેષ હોવા છતાં – સામાન્ય નામ ત્રિકાળી ધ્રુવ રહેવું અને વિશેષ નામ પર્યાય બદલતી રહેતાં છતાં – બદલતી પર્યાયને જોવાની આંખ્યું બંધ કરી દઈને... આહા..હા...! બીજાને જોવાનું, ભગવાનને જોવાનું બંધ કરી દઈને. આ..હા..હા...! પણ તારી પર્યાય છે તેને જોવાની આંખ્યું બંધ કરી દઈને. આહા..હા...! 'વિમલચંદજી' ! 'વિમલચંદ'ની વાત ચાલે છે આ. પ્રભુ ! તારી વાત તો જો ! આચાર્યો સંત કહી શક્યા નથી (એટલી) ગંભીર વાત ! (બધું) છોડીને (જંગલમાં) બેઠા છે. આ..હા..હા...!

પર્યાયને (જોવાનું) સર્વથા બંધ કરી દઈને પ્રભુ ! શું કહેવું છે તારે ? આ..હા..હા...! આત્માને જોવા માટે એની પર્યાયને જોવાની આંખ્યું સર્વથા બંધ કરી દઈ અને જ્યારે હવે દ્રવ્યાર્થિકને જોવું છે ને ? (તો ઈ જોવાનું) તો પર્યાયમાં આવે કે નહિ ? એથી કહે છે કે **'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે,...'** આ..હા..હા...! વાહ ! પ્રભુ ! કહે છે, અંદરનો જ્ઞાનનો પર્યાય એકલો દ્રવ્યને જાણે તે ઊઘડ્યો છે. આહા..હા...! પર્યાયાર્થિકને જોવે તે સર્વથા બંધ થઈ ગયું છે. આ..હા..હા...! આવી વાતો સાંભળવા મળે નહિ અને માણસ પછી (એમ કહે) 'એકાંત છે... ત્યાં એકાંત છે... !' બાપુ ! એકાંત છે, સાંભળ, ભાઈ ! આહા..હા...! બાપુ ! તારા ઘરની વાતું છે, ભાઈ !

ઓ..હો..હો... ! સંત કહે છે કે તારી પર્યાયને જોવાનું તું સર્વથા બંધ કરી દે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! અને દ્રવ્યને જોવાનું જે ઊઘડેલું જ્ઞાન... આહા..હા...! સમજાય છે કાંઈ ? આ..હા..હા...! **'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે...'** અવલોકવામાં આવે છે ઈ તો પર્યાય થઈ ને ? પર્યાયથી દ્રવ્યને જોવામાં આવે છે ને ? આહા..હા...! પર્યાયને પર્યાય તરીકે જોવાનું બંધ કરી દે અને દ્રવ્યને જોવાની ઊઘડેલી પર્યાય વડે અવલોકન કર. આ..હા..હા...! આવી વાતું છે. આહા..હા...!

(દ્રવ્યાર્થિક ચક્ષુ વડે) **'જ્યારે અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું,...'** હવે જીવ ઉપર લીધું. કહેવું છે તો સર્વ દ્રવ્યનું પણ એને એકદમ સમજાય એટલે જીવને આ સમજાય તો પરને બરાબર સમજે. સ્વને બરાબર જાણે તો પરને જાણે પણ આને જ ન જાણે તો પરને જાણવું ક્યાંથી આવે ? સ્વ-પરપ્રકાશક એનો સ્વભાવ છે પણ સ્વને જાણ્યા વિના પરનો પ્રકાશક જાણવાનો સ્વભાવ હોવા છતાં સ્વને જાણ્યા વિના એમાં પરનું જાણવું આવી શકે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું...'** સિદ્ધ પણ પર્યાય છે. આહા..હા...! સિદ્ધની પર્યાયને જોવાની દૃષ્ટિને બંધ કરી દઈને. આ..હા...! ગજબ વાત ! પ્રભુ ! તારે શું કહેવું છે ? સિદ્ધની પર્યાયને, પર્યાયનયને – પર્યાયને જોવાની આંખ્યુંને સર્વથા બંધ કરી દઈને. 'સુમનભાઈ' ! આ તમારા કાયદા-ફાયદામાં ક્યાંય નહિ આવ્યું હોય. આહા..હા...! આવ્યા બરાબર ઠીક, ભાગ્યશાળી ! ટાણે આ વાત આવી. આહા..હા...! જેવું ઊંડું ભાસે છે, ભાષા એટલી બધી આવે નહિ. આહા..હા...!

આહા..હા...! સંતો કહે છે કે તારી પર્યાયને જોવાની આંખ્યું બંધ કરી દે ! અરે...! પ્રભુ ! શું કહેવું છે તારે ? આહા..હા...! બીજાને જોવું, પરમાત્મા, પંચ પરમેષ્ઠી (જોવા) ઈ તો વાત જ ક્યાંય બીજે રહી ગઈ. આહા..હા...! પણ તારી પર્યાય જોવાની આંખ્યુંને સર્વથા બંધ કરી દઈ અને પર્યાયમાં દ્રવ્યને જોવાનું થાય તે જ્ઞાન ઉઘાડી... આહા..હા...! ત્યાં (જ્ઞાન) ઊઘડે છે એમ કહે છે. આમ પર્યાયાર્થિકનયને બંધ કર્યું એટલે સ્વને જોવાનું જ્ઞાન અંદર ઊઘડે. આ..હા...! (જોનારી) એ છે તો પર્યાય, પણ પર્યાયનો વિષય અહીં પર્યાય નથી. આહા..હા...!

**'એ પર્યાયોસ્વરૂપ...'** આહા..હા...! એ પાંચ પર્યાયો કીધી ને ? ચાર ગતિની અને એક સિદ્ધની. આહા..હા...! એ સિદ્ધને જોવાની પર્યાયની આંખ્યુંને પણ બંધ કરી દઈને ! અરે..રે..રે...! આહા..હા...! પોતાને તો સિદ્ધપર્યાય નથી પણ શ્રદ્ધામાં એને છે કે મારે સિદ્ધપર્યાય થવાની છે. છતાં એ સિદ્ધપર્યાયને જોવાની આંખ્યું બંધ કરી દે અને બીજા જે સિદ્ધ છે, અનંતા સિદ્ધો ! **'वंदित्तु सव्वसिद्धे'** લ્યો ! ત્યાં (એ) લીધું ! ભાઈ ! 'સમયસાર'માં ! જ્ઞાનમાં (સિદ્ધોને) સ્થાપીને એમ કહ્યું ને ત્યાં ? અહીં તો કહે છે કે તારી પર્યાયમાં સિદ્ધને જોવાનું બંધ કરી દે ! આ..હા..હા...! ભાઈ ! આ તો 'પ્રવચનસાર' છે. ભાઈ ! આ તો સંતોનાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાળજાં – હૃદય છે ! આ..હા..હા...! અરે...! એવી વાત સાંભળવા ક્યાં મળે ? ભાઈ ! આહા..હા...!

કહે છે કે ઊઘડેલા દ્રવ્યાર્થિકનય વડે... આ..હા..હા...! જ્યારે આ (પર્યાયને જોવાનું) બંધ કર્યું એટલે એને સ્વને જોવાનું જ્ઞાન ઊઘડ્યું. સમજાય છે કાંઈ ? (દ્રવ્યાર્થિક ચક્ષુ વડે) જ્યારે અવલોકવામાં આવે છે ત્યારે સિદ્ધપદ (આદિ) **'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા...'** આ..હા..હા...! જોયું ? પર્યાય તરફની આંખ્યું બંધ કરી દઈ (એમ કહી) પછી તો દ્રવ્યને (જોવાનું) બંધ કરી દે અને પર્યાય જાણે એમ પણ કહેશે. જાણવાની અપેક્ષાએ (એમ પણ કહેશે). પણ આ મૂળ પહેલું અહીંથી લીધું. દ્રવ્યને જોવાનું – અહીંથી લીધું. આહા..હા...!

ભગવાન ! આ તો ભગવાનના ઘરની વાતું છે ! બાપુ ! પામર પ્રાણી શું કહે એને ? આહા..હા...! એવી ચીજ છે ! લ્યો ! એમ અભિમાન કરી નાખે કે આ મને આવડે છે, (અમે) આ વાંચ્યુ છે, બાપુ ! આહા..હા...! (એ બધા) ગર્વ ઊતરી જાય એવું છે. ભાઈ ! તારી પર્યાયને જોવાનું પણ બંધ કરી દે. આહા..હા...! અને જોવાનું રહેશે તો ખરું, એ (પર્યાયને જોવાનું) બંધ કર્યું એટલે દ્રવ્યને જોવાનું ઊઘડેલું જ્ઞાન... આહા..હા...! એ વડે કરીને અવલોકવામાં આવતા **'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા...'** એ પાંચે પર્યાયમાં – વિશેષમાં રહેલા **'એક જીવસામાન્યને અવલોકનારા...'** ભાષા શું છે ? **'એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા...'** આહા..હા...! બીજી ચીજ તો કંઈ પર્યાયમાં રહેલી છે જ નહિ. આહા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્ર અને સિદ્ધને પણ કાઢી નાખ્યા ! આહા..હા...! ફક્ત પર્યાયો – જે સિદ્ધની પર્યાય છે એવા વિશેષોમાં રહેલા, એ વિશેષમાં રહેલા **'એક જીવસામાન્યને અવલોકનારા...'** (અર્થાત્) એક જીવને સામાન્ય એકરૂપે ધ્રુવને જાણનારા. (એ) પર્યાય તો થઈ. આ..હા..હા...! કહો, આવું કોઈ દી' સાંભળ્યું હતું ? સ્થાનકવાસીમાં ક્યાંય નહોતું ? ભગવાન ત્રિલોકના નાથની આ વાણી છે ! આ..હા..હા...! આત્માને સ્પર્શી નાખે એવી વાત છે ! રહે નહિ, ભાઈ ! હવે જુદો ન રહી શકે. આહા..હા...! આવી રીતે જેણે જોયો કે જેને સિદ્ધની પર્યાયમાં પણ દૃષ્ટિ નથી પણ એ પર્યાયમાં રહેલો જે આત્મા (છે તેને અવલોકે છે). આહા..હા...! છે ? સિદ્ધની **'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને...'** **'એક જીવસામાન્યને'** ! પેલી પાંચ પર્યાયો હતી. આહા..હા...! એ પાંચે પર્યાયમાં રહેલો પાછો. આહા..હા...! આ..હા..હા...! શું શૈલી ! અને શું ટીકા ! ગજબ છે !

**'એક જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા...'** આ..હા..હા...! શું કીધું ? **'એક જીવસામાન્યને...'** આ સામાન્ય શું હશે ? કાયમ રહેનારી એકરૂપ, બદલ્યા વિનાની રહેનારી એક ચીજ. અસ્તિ તરીકે બદલ્યા વિનાનું કાયમ રહેનારું (તત્ત્વ) તે સામાન્ય. આહા..હા...! આ તો વાણિયાના વેપારના ધંધામાં ક્યાંય આવ્યું ન હોય. 'કાંતિભાઈ' !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાવડરનો ધંધો છે ને એને.

શ્રોતા :– પેલો વિષય જુદો અને આ વિષય જુદો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં તો એ વિષયને જોવાનું પણ બંધ. પાવડર (છે) એ પરમાણુની એક પર્યાય છે. એને જોવાનું નહિ.

અહીં (તો) સિદ્ધની પર્યાયને જોવાની ના પાડે છે. આ..હા..હા...! હા, એમાં રહેલા... છે ને ? **'એક જીવસામાન્યને અવલોકનારા...'** આ..હા..હા...! **'અને વિશેષોને નહિ અવલોકનારા...'** આ..હા..હા...! **'એ જીવોને 'તે બધુંય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે.'** છે ? આહા..હા...! પોતાની પર્યાયને, સિદ્ધ આદિ પર્યાયને પણ જોવાની આંખ્યું બંધ કરી દઈ. આહા..હા...! આ (જડ) આંખ્યું આમ બંધ કરી દઈ એ નહિ, હોં ! જે પર્યાય જોવામાં આવે તે પર્યાયને (જોવાનું) બંધ કરી દઈને અને ઊઘડેલા – દ્રવ્યાર્થિકનયના ઊઘડેલા ચક્ષુ વડે (જોતા). આહા..હા...! પર્યાયમાં રહેલા.. આહા..હા...! (એક જીવસામાન્યને અવલોકનારા એ જીવોને) **'તે બધુંય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે.'** આહા..હા...! તે પર્યાય ઉપરની નજરું બંધ કરી દઈ અને દ્રવ્યને જાણનારી ઊઘડેલી પર્યાય દ્વારા દ્રવ્યને જોતા **'એ બધું જીવદ્રવ્ય છે'** બસ ! વસ્તુ એ છે (એમ ભાસે છે). આહા..હા...! સમજાણું કાંઈ ? **'તે બધુંય જીવદ્રવ્ય છે'** એમાં પર્યાયના ભેદ નહિ. પર્યાયમાં રહેલો કીધો. એમ કીધું ને ? **'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને 'તે બધુંય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે.'** આ..હા..હા...!

ભગવાન આત્મા ! દ્રવ્યસામાન્ય જે અનંત... અનંત... અનંત... અચિંત્ય અનંત શક્તિઓનો એકરૂપ સાગર, પ્રભુ ! (તેને) દ્રવ્યાર્થિકનયના ઊઘડેલા જ્ઞાનથી જોતા તે બધુંય જીવ જ છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આમ ગાથાઓ સાધારણ લાગે. (કોઈક એમ કહે કે) 'પ્રવચનસાર' આમ (છે) ને એના કરતા 'સમયસાર' આમ છે. બાપુ ! બધુંય છે ઈ છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' એની શું વાતું કરવી ! ભરતક્ષેત્રમાં ક્યાંય એવી વાત છે નહિ. આહા..હા...! અને આ રીતે અંદર (પરિણમન) કરે એટલે પ્રાપ્ત થયા વિના રહે જ નહિ એમ કહે છે. એમ કીધું ને ? **'તે બધુંય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે.'** કીધું ને ? શું કીધું ? **'ભાસે છે'** એમ કીધું. જણાય છે, એમ કીધું. આહા..હા...! ધન્ય કાળ ! ધન્ય સમય, બાપા !

પર્યાયને જોનારી દૃષ્ટિને સર્વથા બંધ કરી દઈ અને દ્રવ્યને જોનારા ઊઘડેલા દ્રવ્યાર્થિકનયના જ્ઞાન વડે એ પાંચેય પર્યાયોમાં રહેલો... પાંચેય પર્યાયમાં રહેલો (કીધું) ! પરમાં તો રહ્યો છે જ નહિ. પરની પર્યાયમાં તો રહ્યો છે જ નહિ, વ્યવહારે (પણ) રહ્યો નથી. આ..હા..હા..હા...! આ તો પોતાની પાંચ પર્યાયમાં રહેલો (એમ કીધું). આ..હા..હા...! એવા જીવને અવલોકનારા (અને) વિશેષોને નહિ જોનારા (જીવને) **'તે બધુંય જીવદ્રવ્ય છે'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**એમ ભાસે છે.**' આહા..હા...! આ રીતે જો જોવે તો જીવદ્રવ્ય ભાસે છે (એમ) કહે છે. આ..હા..હા..હા...! પ્રભુ ! આ પાંચમો આરો છે, આવો હલકો આરો છે. એમાં આરા-ફારા ક્યાંય લાગુ પડતા નથી, પ્રભુ ! આહા..હા...! જેને પર્યાયનય પણ લાગુ પડતી નથી ! આ..હા..હા...! જાણવા માટે પર્યાયનયથી જોવાની વાત કરશે પણ ઈ પછી કરશે. પહેલી આ કરીને (પછી એ વાત કરશે). બે નયમાં પહેલી આ નય લીધી છે. આ..હા..હા...!

શ્રોતા :– તો જ પર્યાયનું જ્ઞાન સાચું થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્યારે જ્ઞાન સાચું, ઈ વાત નહિ. જ્ઞાન એને જોવે છે (એમ કહેવું છે). એ જ જ્ઞાન સાચું છે. પણ છતાં સાચું જ્ઞાન જોવે છે (એમ કે) **'આ બધું જીવદ્રવ્ય છે, પાંચે પર્યાયમાં રહેલું આ... આ તત્ત્વ છે.'** સારી વાત છે. 'પ્રવચનસાર' હમણાં વંચાણું નહોતું.

અહીં વધારે વજન અહીં છે. એ તો પર્યાય ભાસે છે એમ પણ કહેશે. પર્યાયનયથી ભાસે છે (એવું) જ્ઞાન કરવા (કહેશે). અહીં તો પહેલાં અહીંથી ઉપાડ્યું. આહા..હા...! પ્રભુ ! તારી પાંચ પર્યાયમાં રહેલો તું તે પર્યાયને જોવાની આંખ્યું બંધ કરી દે ! સિદ્ધની પર્યાયને જોવાની આંખ્યું બંધ કરી દે. આ..હા..હા...! અને એ વસ્તુ જે છે એના ઊઘડેલા જ્ઞાન વડે અવલોકન કર ત્યારે તને ભાસશે કે 'આ બધું જીવ છે'.

આખો પરમાત્મા ! આ..હા..હા...! અનંત... અનંત.. અચિંત્ય શક્તિનું એકરૂપ ! એકરૂપ, બે રૂપ પણ નહિ. આહા..હા...! આ..હા..હા...! ગુણભેદ પણ નહિ એમ કહ્યું ને ? આહા..હા...! શું ટીકા ! 'અમૃતચંદ્રાચાર્ય' ! જીવો જરી શાંતિથી વિચારતા નથી, વાંચતા નથી અને એકદમ કહી નાખે 'એનો એકાંત છે, એકાંત છે, એકાંત છે.' ભાઈ ! બાપા ! (એના) પરિણામ આવશે. ભાઈ ! પરિણામ તો સત્ય હશે તે આવશે, અસત્યના અસત્ય પરિણામ આવશે, બાપુ ! આ...હા...!

એ એક વાત પહેલી લીધી. હવે, પર્યાય જોવાની વાત લે છે. **'અને જ્યારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને...'** જોયું ? જ્ઞાન કરાવવું છે ને ? પર્યાય એની છે, એનામાં છે, એમાં એ રહેલો છે માટે પર્યાયનું જ્ઞાન કરાવવાનું છે. આહા..હા...! પરનું જ્ઞાન કરાવવાની અહીં વાત નથી. આહા..હા...! **'જ્યારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરી દઈને એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે...'** જોયું ? ઊઘડેલો તો છે જાણવાનો પર્યાય. પર્યાયને જોનારું જ્ઞાન છે ને ? જેમ દ્રવ્યને જોનારું જ્ઞાન છે એમ પર્યાયને જોનારું જ્ઞાન છે ને ? આ..હા...! **'ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે, ત્યારે જીવદ્રવ્યમાં રહેલા...'** જીવદ્રવ્યમાં રહેલા **'નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું – એ પર્યાયોસ્વરૂપ અનેક વિશેષોને અવલોકનારા...'** જીવદ્રવ્યમાં રહેલા – આ પાંચેય પર્યાય પાછી જીવદ્રવ્યમાં રહેલી છે. આ..હા...! (એ) કાંઈ પરમાં નથી. આહા..હા...! આવો ઉપદેશ એટલે અજાણ્યા માણસને, ક્રિયાકાંડીવાળાને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવું લાગે કે આ શું માંડી છે ? બાપા ! પ્રભુ ! તારા ઘરની વાત માંડી છે, ભાઈ ! આહા...હા... ! તારું ઘર એવડું મોટું છે તેં સાંભળ્યું નથી, પ્રભુ ! આ..હા..હા...!

પર્યાયથી વિશેષ વાત આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** ભાઈ ! આ મનુષ્યભવ અમૂલ્ય છે. તેનો એક સમય પણ કૌસ્તુભમણિ કરતાં પણ મહા મૂલ્યવાન છે. પોતાનું હિત કરવા આ અવતાર છે. આ ભવ, ભવનો અભાવ કરવા માટે છે. શરીરમાં રોગ આવે, ઇન્દ્રિયો હીણી પડી જાય, માંડ માંડ અક્ષરો દેખાય, બહુ ધ્યાન રાખે તો કાને માંડ સંભળાય–એ પહેલાં તું તારા આત્માનું કામ કરી લે ને પ્રભુ ! ભાવપ્રાભૃતમાં કહ્યું છે કે –**

**રે ! આક્રમે ન જરા, ગદાગ્નિ દહે ન તનકુટિ જ્યાં લગી,**
**બળ ઇન્દ્રિયોનું નવ ઘટે, કરી લે તું નિજહિત ત્યાં લગી.**

**જ્યાં સુધી ઘડપણ ઘેરી ન વળે, રોગરૂપી અગ્નિ કાયારૂપી ઝૂંપડીને બાળે નહિ, ઇન્દ્રિયો નબળી પડે નહિ, તે પહેલાં પ્રભુ ! તું તારું હિત કરી લે. ગમે તેવા વિકટ પ્રસંગમાં તું તારું કામ કરી લે. વાયદા કરીશ તો પછી નહિ થાય. માટે ગમે તેમ કરીને તારા જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લે. સમજાણું કાંઈ ? બહારના સંયોગમાં મોટા ફેરફાર થઈ જાય-ચારે બાજુએ આફતથી-દુ:ખથી ઘેરાઈ ગયો હોય; અરે પ્રભુ ! તું ક્યાં અટકી ગયો ? એવા સમયમાં પણ તું તારા જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લેજે. આવો મનુષ્યભવ ફરી ફરી નહિ મળે.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પ્રવચનસાર, ગાથા–૧૧૪, પ્રવચન નં. ૧૨૬
## તા. ૧૧-૦૭-૧૯૭૯
## [૧૪]

'પ્રવચનસાર' ૧૧૪ ગાથા. **'ખરેખર સર્વ વસ્તુ...'** (સર્વ વસ્તુ કહ્યું પણ) દાખલો આત્માનો આપશે પણ સર્વ સામાન્ય વસ્તુ માટે કથન છે. **'સર્વ વસ્તુ સામાન્ય-વિશેષાત્મક હોવાથી વસ્તુનું સ્વરૂપ જોનારાઓને અનુક્રમે (૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે...'** એમાં શું કહ્યું ? - કે ***જોનાર જે આત્મા છે એ સામાન્ય-વિશેષ (જોવે છે), પરને નહિ. પોતાની વિશેષ પર્યાયમાં પર જણાય છે ઈ પોતાની પર્યાય છે, પર્યાય જણાય છે. એટલે (એમ કહ્યું કે) સામાન્ય-વિશેષને જોનારા. પરને જોનારા, ઈ વાત નહિ. સમજાણું કાંઈ ?***

સર્વ વસ્તુ સામાન્ય-વિશેષસ્વરૂપ હોવાથી, વિશેષસ્વરૂપ હોવાથી વસ્તુનું સ્વરૂપ જોનાર અનુક્રમે પહેલું સામાન્ય જાણે છે પછી વિશેષ જાણે છે કારણ કે સામાન્યનું જ્ઞાન યથાર્થ થાય તેને વિશેષનું જ્ઞાન યથાર્થ થાય. અને વિશેષ જાણવામાં પર જાણે એ વાત અહીં લીધી નથી. કેમકે આત્મા જે પરને જાણે છે ઈ તો પોતાની પર્યાયમાં પર્યાયને જાણે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ કાલે નહોતું આવ્યું. આ લોકો આવ્યા છે તો નવું તો કાંઈક આવે. આહા..હા...!

વસ્તુને સામાન્ય-વિશેષ જોનારા એમ કહ્યું. વસ્તુને સામાન્ય, વિશેષ અને પર જોનારા એમ નથી કહ્યું. પોતે પોતાને પર્યાયમાં જણાય છે, પર્યાય જણાય છે. આ વસ્તુ જણાય છે એમ કહેવું એ તો અસદ્ભુત વ્યવહાર છે. આ..હા..હા...! સામાન્ય જે ત્રિકાળ આત્મા છે એનું જે વિશેષ છે એ વિશેષમાં વિશેષને જાણવું છે. અહીં તો વિશેષ દ્વારા પહેલાં સામાન્ય જાણશે ત્યાં વસ્તુ લઈને પછી વિશેષને જાણશે એમ કહેશે. કેમકે સામાન્યને જાણતા જે જ્ઞાન થાય તે વાસ્તવિક પોતાની વિશેષ પર્યાય છે તેને વાસ્તવિક રીતે તે જ જાણી શકે. આહા..હા...!

**'(૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારાં બે ચક્ષુઓ...'** ત્રણ ચક્ષુઓ નથી કીધી. પોતાનું સામાન્ય સ્વરૂપ અને પોતાનું વિશેષ સ્વરૂપ, બસ ! એ વિશેષમાં બીજા જણાઈ જાય એ વિશેષ તો પોતાની પર્યાય છે. આહા..હા...! આ કાલે નહોતું આવ્યું. આ લોકો આવ્યા છે એટલે આજે ફરીને લીધું. આહા..હા...! અને **'અનુક્રમે'** એમ શબ્દ છે. પહેલું સામાન્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જોવે છે પછી વિશેષ (જોવે છે) એમ આવશે. સમજાય છે કાંઈ ?

**'તેમાં,...'** હવે 'તેમાં' (એટલે) સામાન્ય અને વિશેષ જોનારાઓ (છે) તેમાં. **'પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને...'** પોતાની પર્યાયમાં જે જણાય છે એ પર્યાય જણાય છે. એટલે પરને જાણવાનો ચક્ષુ બંધ કરીને એમ ન કહ્યું. પોતાની જે પર્યાય છે તેમાં બધું જણાય છે તે પર્યાય જાણે છે. એ પર્યાય છે એ પર્યાયદૃષ્ટિના ચક્ષુ બંધ કરી દઈને. આ..હા...! આ તે કાંઈ વાત છે ! આંખ્યું બંધ કરી દઈને અને પર વસ્તુનું જાણવું બંધ કરી દઈને એમ નથી કહ્યું. સમજાય છે કાંઈ ? આહા..હા...! ગંભીર વસ્તુ છે, ભગવાન ! કોઈ પણ એક એક ગાથા (લ્યો), 'પ્રવચનસાર', 'સમયસાર', 'નિયમસાર'... 'નિયમસાર'ની તો વાત (શું કરવી) ! પોતે પોતા માટે બનાવ્યું ! આ..હા..હા...! એ તો પોતાને માટે બનાવ્યું ! આ..હા..હા...! આ તો ઉપદેશના વાક્ય (છે).

એનો (રમણીકભાઈનો) દીકરો મરી ગયો. જુવાન ! બે વર્ષનું પરણેતર ! બાઈ જુવાન ! અહીં સાંભળી ગયા, અહીં ચાર દી' સાંભળી ગયા. સાંભળીને 'પાલીતાણા' ગયા ત્યાં એકદમ રોગ થઈ ગયો. જુવાન ! ૨૩ વર્ષની ઉંમર ! એના બૈરાં ગુજરી ગયેલા પણ આંખમાંથી આંસુ નહિ, શોક કરાવવા આવે એને સમજાવે, 'ભાઈ ! એ તો મહેમાન હતો તે મહેમાન કેટલો કાળ રહે ?' એ.. 'સુમનભાઈ' ! આ..હા...! 'રમણીકભાઈ' છે સંઘવી બાપુ ! જગતની ચીજો એવી છે.

અહીં તો કહે છે કે પરને જાણતો જ નથી. આ..હા..હા...! કેવળી લોકાલોકને જાણે (એમ) કહેવું એ પણ અસદ્‌ભુત વ્યવહાર છે. આ..હા..હા..હા...! પર સાથે સંબંધ શું છે ? પર અને સ્વની વચ્ચે અત્યંતઅભાવનો મોટો કિલ્લો પડ્યો છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની પર્યાય વચ્ચે; દ્રવ્ય-ગુણ તો ધ્રુવ સામાન્ય છે... આ..હા..હા...! પર્યાય વચ્ચે અત્યંત (અભાવનો) કિલ્લો પડ્યો છે. સવારે કહ્યું હતું ને અભયનું ! ભગવાન આત્મા અભય છે. દુર્ઘટ કિલ્લો છે. એવો એ કિલ્લો છે કે જેમાં પર્યાયનો પ્રવેશ નથી ! આ..હા..હા...!

અહીંયા તો એક સમયની જે પર્યાય છે એમાં પરનો પ્રવેશ નથી અને પરને અને પરની પર્યાય અને સ્વની પર્યાય વચ્ચે અત્યંત અભાવરૂપી કિલ્લો પડ્યો છે. આહા..હા...! છતાં અહીં શબ્દ એવો લીધો છે કે ભગવાન આત્મા વિશેષને જાણે છે. સામાન્યને જાણે છે એ પહેલું કહી પછી વિશેષને જાણે છે (એમ કહે છે). પરને જાણે છે એમ ન લીધું. ભાઈ ! આ..હા..હા...! હવે, આંખ્યું બંધ કરીને અને પરનું જોવાનું બંધ કરીને એમ ન લીધું.

**'પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા...'** કથંચિત્ એમ પણ નહિ. આહા..હા...! પર્યાયમાં જે વિશેષતા છે એને જે પોતે જાણે છે પણ તે પર્યાયચક્ષુને સર્વથા બંધ કરી દઈને. અરે..રે..રે...! આ..હા..હા...! આંખ્યું બંધ કરી દઈને અને પરનું જોવાનું બંધ કરી દઈને એમ નથી કહ્યું. આહા..હા...! ભાઈ ! આ તો વીતરાગની દિવ્યધ્વનિ છે ! આ..હા..હા...! **'પર્યાયાર્થિક ચક્ષુને**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સર્વથા બંધ કરીને...**' (એટલે) પર્યાયનું લક્ષ જ છોડી દઈને. આ..હા..હા...! પોતાની પર્યાય, હોં ! '**એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે...**' ઈ શું કીધું ? - કે પર્યાયને (જોવાની) બંધ કરી પણ હવે કોઈ જોનારી પર્યાય રહી છે કે નહિ ? દ્રવ્યને જોનારી પર્યાય રહી છે કે નહિ ? '**ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે...**' '**એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે...**' આ..હા..હા...! ગજબ કામ કર્યું છે ને ! આ ટીકા !

પર્યાયાર્થિક (ચક્ષુ વડે) પરને (જોવાનું બંધ કરી દઈને એમ) નહિ પણ પોતાની પર્યાયને જોવાનું સર્વથા બંધ કરી દઈ એકલા ઊઘડેલા દ્રવ્યાર્થિક (ચક્ષુ વડે). દ્રવ્યાર્થિકનય છે ઈ જ્ઞાન છે, એ ઊઘડેલું જ્ઞાન છે (એ) છે તો પર્યાય પણ જોનારી પર્યાય જોનારને ન જોતાં (અર્થાત્) પર્યાયને ન જોતાં ઊઘડેલું જ્ઞાન (દ્રવ્યને જોવે છે). પર્યાય (જોવાની) બંધ કરી છે છતાં પણ ઊઘડેલું જ્ઞાન છે ત્યારે તે જ્ઞાન દ્રવ્યને જાણે છે. આ..હા..હા...! આ તો ત્રણલોકના નાથની વાતું છે, બાપા ! આ કાંઈ આલીદુઆલીની વાત નથી. આહા..હા...!

કહે છે કે વસ્તુ સામાન્ય-વિશેષ તું પોતે છો. એમાં વિશેષમાં પરને જાણવું એ કંઈ આવ્યું નહિ. એ તો ત્યાં તારી પર્યાય જ જણાય છે. હવે એ પર્યાય જણાય છે તેની આંખ્યું બંધ કરી દઈને. પર્યાયને જોવાના ચક્ષુ સર્વથા બંધ કરી દઈને. પણ હવે બંધ કરી દઈને થયું પણ ત્યારે કોઈ દ્રવ્યને જોનારી જ્ઞાનચક્ષુ કંઈ રહી કે નહિ ? આ..હા..હા...! '**એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ...**' ભાષા જુઓ ! આ..હા..હા..હા...! એકલી ઊઘડેલી દ્રવ્યાર્થિક નય. અજબ વાતું છે, બાપા ! આ તો વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞની વાણી છે ! આ..હા..હા...!

પર્યાયાર્થિક (ચક્ષુને) બંધ કરી ને ? ત્યારે 'એકલા' કીધું ને ? પણ '**એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ...**' દ્રવ્યાર્થિક નય છે. નય છે ને ? એટલે દ્રવ્યને જોનારી ઊઘાડી દશા ઊઘડેલી છે. પર્યાય જોવાનું જ્યાં બંધ કર્યું... આ..હા..હા...! ત્યાં દ્રવ્યને જોનારી પર્યાય વિકાસ થઈ છે. આ..હા..હા...! આ કાલે લેવાણું હતું, હોં ! આ તમે આવ્યા તો ફરીને લીધું.

શ્રોતા :– અમને પણ લાભ મળ્યો ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો જ્યારે જ્યારે (કહીએ) ત્યારે વાત જ કોઈ જુદી છે ! આ..હા..હા...! અલૌકિક વાણીમાં ગંભીરતાનો પાર નથી, પ્રભુ ! આ..હા..હા...!

***કહે છે કે પરને જાણવાની વાત તો મૂકી દીધી. પરને જાણવાનું બંધ કરી દે, એમ ન કહ્યું કારણ કે એ પરને જાણતો નથી. આ..હા..હા...! એ તો પર્યાયને જ (જાણે છે).*** 'ઊર્ધ્વતા' શબ્દ આવે છે ને ? 'સમતા, રમતા, ઊર્ધ્વતા...' આહા..હા...! 'જ્ઞાયકતા, સુખભાસ.' 'સમયસાર નાટક'નો શબ્દ છે. ઊર્ધ્વતા – મુખ્યતા પોતે પર્યાયમાં છે ત્યારે જણાય છે. એટલે પર્યાય જ જણાય છે. નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ અને સિદ્ધ – પાંચ પર્યાય, એની પોતાની પાંચ (પર્યાય), હોં ! એ સિદ્ધપર્યાયને જોનારી પર્યાયચક્ષુને પણ બંધ કરી દે. આ..હા..હા...! એથી તને અંદર દ્રવ્યને જોનારી ચક્ષુનો ઉઘાડ થાશે. આ..હા..હા...! ગજબ વાત છે ! સમજાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કાંઈ ? અરેરે... ! પ્રભુના વિરહ પડ્યા, વાણી રહી ગઈ. આ..હા..હા...!

પોતાની પર્યાયને – પાંચ પર્યાયોને જે દેખે છે, સિદ્ધની પર્યાયને પણ જે દેખે છે તે ચક્ષુને સર્વથા બંધ કરી દે. આ..હા..હા...! પહેલી દ્રવ્યને (જોવાનું) બંધ કરી દે અને પર્યાયને જો એમ ન લીધું. અહીંથી (લીધું). કેમકે સામાન્યને જોવાથી જે જ્ઞાન થાય તે જ્ઞાન વિશેષને બરાબર જાણી શકશે. પોતાની વિશેષને. આહા..હા...! સમજાય છે કાંઈ ? સમજાય એટલું સમજવું, ભાઈ ! પ્રભુનો પાર ન મળે ! એની ગંભીરતાનો પાર ન મળે ! આ..હા..હા...!

**'એકલા ઉઘાડેલા...'** પેલાં (પર્યાયચક્ષુ) બંધ છે ત્યારે આ એકલું ઊઘડેલું છે. આહા..હા...! આ..હા..હા...! કાલે આ કહેવાઈ ગયું છે.

શ્રોતા :– આજે જમાવટ થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ વસ્તુ છે, બાપા ! આ તો ફરીને લીધું, કીધું બે જણા નવા આવ્યા છે. આ તો ભગવાનની વાણી છે, ગમે ત્યારે ફરીને લ્યો ઈ કંઈ ફરીને છે જ નહિ. એનો તો પાર જ નથી.

પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરી દઈને (એમ કહ્યું તો) હવે જ્યારે સર્વથા બંધ કરી દીધી (તો) એ તો પર્યાયને જોવાની - પર્યાયદૃષ્ટિને સર્વથા બંધ કરી પણ દ્રવ્યને જોનારું જ્ઞાન તો ઊઘડેલું છે. આ..હા..હા..હા...! એક લીટી ! આ..હા..હા...!

જો તો ખરો પ્રભુ ! તું કોણ છો ? આ..હા..હા...! સામાન્ય-વિશેષમાં પણ વિશેષની આંખ્યું સર્વથા બંધ કરી દીધી. એટલે કે વિશેષને જોનારી આંખને સર્વથા બંધ કરી પણ વિશેષમાં સ્વને જોનાર ઉઘાડ તો રહી ગયો. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? (વિશેષને જોવાની આંખ) એકલી બંધ થઈ પણ એકલો ઉઘાડનો ભાવ – વસ્તુ છે તેને જોવાના ઉઘાડનો ભાવ રહી ગયો, થઈ ગયો. આહા..હા...! પર્યાયને જોવાનું જ્યાં બંધ કર્યું... આ..હા..હા..હા...! ત્યાં દ્રવ્યને જોવાનું ઊઘડી ગયું. આ..હા..હા...! જાણનારો છે ઈ જાણનાર પર્યાયમાંથી અંધારું થઈ જાય એવું તો કોઈ દી' છે નહિ. આહા..હા...! આ..હા..હા...!

કહે છે, ભલે તેં પર્યાયને (જોવાની) સર્વથા બંધ કરી, (તેં) તારી પર્યાયને જોવાની સર્વથા બંધ કરી. પરની વાત અહીં છે નહિ. આ..હા...! પરની સિદ્ધપર્યાયને જોવાની વાત પણ નથી. અહીં પર્યાયમાં (વાત) લેશે એટલે પોતાની પાંચ પર્યાય લેશે. નારકી, મનુષ્ય, તિર્યંચ, દેવ અને સિદ્ધપર્યાય. પોતાની, પરની નહિ. પણ એ પોતાની પાંચ પ્રકારની પર્યાયમાં વર્તતો જીવ (છે) તેને જોવાનું બંધ કરી દે. આ..હા..હા...! ભગવાન ! વાત ઝીણી છે. આ..હા..હા...!

**'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે...'** જુઓ ! દ્રવ્યાર્થિક ચક્ષુ છે. છે તો એ (પણ) પર્યાય. સમજાય છે કાંઈ ? આહા..હા...! હવે (કોઈક) કહે કે અમે 'પ્રવચનસાર' વાંચી ગયા. પેલો એક જણ કહે, 'મહારાજ કહે છે 'સમયસાર' બહુ ઝીણું છે, (હું) પંદર દી'માં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાંચી ગયો.' બાપુ ! એ એક શબ્દ અને એક કડીનો પાર ન મળે, ભાઈ ! એ પરમાત્માની આ વાણી છે ! આ દિગંબર સંતોની વાણી છે ! કેવળીના કેડાયતોની આ વાણી છે ! આ..હા..હા..!

**'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે,...'** આહા..હા...! પર્યાયને જોવાનું સર્વથા બંધ કરી અને દ્રવ્યને જોનારી પર્યાય દ્વારા જ્યારે દ્રવ્યને અવલોકવામાં આવે છે. સમજાય છે કાંઈ ? આમાં કોઈ (એમ કહે કે) અમે જાણી શકીએ છીએ. (તો કહે છે કે) બાપા ! પાર ન મળે. આહા..હા...! પ્રભુની વાણીના (પાર ન મળે). સંતો દિગંબર મુનિઓ એટલે કે કેવળીના કેડાયતો ! આ..હા...! જેને કેવળજ્ઞાન અલ્પકાળમાં છે પણ કહે છે કે એ પર્યાયને જોવાનું અમારે નથી. આ..હા..હા...! અમારે તો દ્રવ્યને પહેલું જોવાનું છે અને તે પર્યાયને જોવાની બંધ કરી તેથી કાંઈ જોવાની પર્યાય રહી જ નહિ (એમ નથી). પર્યાયને જોવાની બંધ કરી એટલે દ્રવ્યને જોવાનું ઉઘડેલું જ્ઞાન પ્રગટ થયું. આ..હા..હા...! આ..હા..હા..હા...! 'રમણીકભાઈ' ! આવી વાત આવી છે આ ! આ..હા..હા...!

**'એકલા ઉઘાડેલા...'** બે થયા ને ? પેલી (પર્યાયની આંખને) બંધ કરી અને આને (ઉઘાડી). આહા..હા...! **'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક...'** 'ઉઘાડેલા' (એટલે) પોતાના પુરુષાર્થથી ઉઘાડેલા એમ. આહા..હા...! પર્યાયને જોવાનું જ્યાં બંધ કર્યું... આહા..હા...! ત્યાં દ્રવ્ય(ને) જોવાની પર્યાય ઊઘડી ગઈ. આ..હા..હા...! 'રતિભાઈ' ! આવી વ્યાખ્યા છે, આવી વસ્તુ છે ! આ..હા..હા...! 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર', 'અષ્ટપાહુડ', 'પંચાસ્તિકાય' અલૌકિક વાતું છે ! આ..હા..હા...! એ કંઈ ભણ્યે મળે એવું નથી. આ..હા..હા...! ભણ્યેથી તો કહે છે કે એ તો પર્યાયને જાણવાની દશા થઈ. આહા..હા...! એને તો બંધ કરી દે, પ્રભુ ! જ્યારે એકને બંધ કરી ત્યાં એક ઊઘડી. આ..હા..હા...!

કહેવાનો આશય એવો છે કે પર્યાયદૃષ્ટિ જ્યાં બંધ કરી... આ..હા..હા...! ત્યાં દ્રવ્યદૃષ્ટિ – દ્રવ્યને જોનારું ઊઘડેલું દ્રવ્યાર્થિક ચક્ષુ, ઊઘડેલી દ્રવ્યાર્થિક ચક્ષુ (પ્રગટ થઈ). આ..હા..હા...! એ (ચક્ષુ) વડે **'અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું–એ પર્યાયોસ્વરૂપ...'** હવે વિશેષ કહે છે. **'વિશેષોમાં રહેલા...'** એ વિશેષરહિત છે એમ નહિ, વિશેષમાં રહેલું સામાન્ય છે. આ..હા..હા...! ભલે (વિશેષને) જોવાની બંધ કરી દીધી. આ..હા..હા...! **'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા...' 'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા...'** આ..હા..હા..હા...! પરના જાણવામાં રહેલા એમ નહિ ફક્ત પોતાની જે આ પાંચ પ્રકારની પર્યાય છે – ચાર ગતિ અને સિદ્ધ (એમ) પાંચ પર્યાય વિશેષ છે એમાં રહેલું જે સામાન્ય. આ..હા..હા...! એની સંધિ તો કરી.

**'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા...'** આ..હા..હા...! **'એક જીવસામાન્યને...' 'એક જીવસામાન્યને...'** ! કહેવું છે તો સર્વ દ્રવ્ય(ના) સામાન્ય-વિશેષને, પણ લોકોને જીવનો દૃષ્ટાંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દઈને બીજી વાત ઠીક પડે એ માટે (જીવનો) દૃષ્ટાંત આપ્યો છે. સમજાણું ? બાકી તો બધા દ્રવ્યને જોનાર તો તું છો ને ! એટલે વિશેષમાં તો આવી ગયો તું ! સમજાણું કાંઈ ? એ વિશેષોમાં રહેલું જે સામાન્ય. જે પર્યાયદૃષ્ટિની જોવાની આંખ્યું બંધ કરી છે છતાં તે પર્યાયમાં રહેલો જીવ ! આ..હા...! સમજાણું કાંઈ ? આ..હા..હા...! **'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા...' 'એક જીવસામાન્યને અવલોકનારા'** (કહ્યું તો) અવલોકનારી છે તો પર્યાય... આ..હા..હા...! પણ અવલોકવું છે દ્રવ્યને. આ..હા..હા...!

('સમયસાર'માં) ૩૨૦ ગાથામાં છેલ્લે કહ્યું છે ને ? 'જયસેનાચાર્ય' ! પ્રભુ સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મતત્ત્વ દ્રવ્ય તે હું છું પર્યાય એમ કહે છે. 'દ્રવ્ય હું છું' એવું દ્રવ્યને તો કાંઈ છે નહિ. જાણવું કે (એવું બીજું) કાર્ય નથી. આહા..હા...! પર્યાય એમ કહે છે કે 'હું તો આ છું.' નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. ભલે વિશેષોમાં રહેલો હું પણ છું આ ! કીધું ને ? **'એક જીવસામાન્ય'** શબ્દ લીધો ને ? ભલે વિશેષોમાં રહેલું કહ્યું પણ એક જીવસામાન્યને. ઈ તો ત્યાં કીધું ઈ અહીં છે. આહા..હા...! જોનારી પર્યાયે એક સામાન્યને જોયું. ઊઘડેલી જ્ઞાનની પર્યાયે (એક સામાન્યને જોયું). બંધ થઈ ગયેલી પર્યાય (ઈ) પર્યાયનય અને તે બંધ થઈ એટલે ઊઘડેલી જ્ઞાનની દ્રવ્યાર્થિક પર્યાયે સામાન્યને જોતાં. આહા..હા...! બે-ત્રણ લીટીમાં કેટલું નાખ્યું છે ! આ..હા..હા...! અપાર વાત છે, બાપુ ! આ કોઈ સાધારણ વાત છે નહિ. આ..હા...! આ તો દિગંબર સંતોની વાણી છે, (એવી વાણી) ક્યાંય છે નહિ, ક્યાંય છે નહિ. આહા..હા...!

એમાં રહેલું તત્ત્વ, તે તત્ત્વને જાણનારું (જ્ઞાન) ઊઘડ્યું, કહે છે. આ..હા..હા...! જે પર્યાય ઉપર દૃષ્ટિ હતી ત્યારે દ્રવ્યને જાણનારું જ્ઞાન અસ્ત થઈ ગયું. આહા..હા...! પણ પર્યાયને જોવાનું જ્યાં સર્વથા બંધ કર્યું... આહા..હા...! એટલે સ્વને અવલોકવાનું જ્ઞાન ઊઘડ્યું. તે વિશેષોમાં રહેલો જે જીવસામાન્ય... આહા..હા...! છે ? **'વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને...'** આહા..હા...! **'અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા...'** આહા..હા...! છે ને ? સામું પુસ્તક છે કે નહિ ? આહા..હા...!

આ કાંઈ કથા નથી, પ્રભુ ! આ તો ભાગવત્ કથા છે ! આ..હા..હા...! કેના ગર્વ કરવા ? કોના જાણવાના અભિમાન કરવા ? ભાઈ ! આ..હા...! પરમાત્માની એક એક ગાથા(માં) બધું રહસ્ય ભર્યું છે, પ્રભુ ! આહા..હા...! એ સંતો જ્યારે એની વ્યાખ્યા કરતા હશે (ત્યારે) એની વ્યાખ્યાનો પાર ન મળે ! અને ભગવાનની વાણીમાં આવ્યું હશે એટલું તો ઝિલાણું નહિ. આહા..હા...! ભગવાને જોયું એમાં અનંતમે ભાગે કહેવાણું. કાલે દિવ્યધ્વનિનો દિવસ ગયો. કાલે આ શરૂ થયું છે. દિવ્યધ્વનિ છે આ ! આ..હા..હા...! એ દિવ્યધ્વનિમાં આવેલું (તેને) 'ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સંશય નિવારે' આ..હા..હા...!

અહીં કહે છે કે આગમમાં આ વાત આવી અને એ વાત જેણે અંદર જાણી... આ..હા..હા...! એનો સંશય રહેતો નથી. દ્રવ્યને (જોનારું) ઊઘડેલું જ્ઞાન, જ્યાં વિશેષોમાં રહેનાર જીવને જોયો, સામાન્યને જોયો ત્યાં સંશય રહેતો નથી, મિથ્યાત્વનો કોઈ અંશ રહેતો નથી. આહા..હા...! **'અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને...'** બધા જીવો લીધા છે ને ? એક જ જીવ લીધો નથી. આ પર્યાયચક્ષુ બંધ કરી અને ઊઘડેલા જ્ઞાનથી જીવને જોવે છે એવા બધા જીવો. આ..હા..હા...! અરે..રે... ! પાંચમા આરાના પ્રાણીને પણ આમ છે એમ કહે છે. પંચમ આરાના સંત શ્રોતાને એમ કહે છે, પંચમ આરાના શ્રોતાને ! આ..હા..હા...! તારાથી ન થાય એમ અહીંયા કહેતા નથી. આ..હા..હા...! મને ન સમજાય એ વાત મૂકી દે. પર્યાય છે તેને પણ જોવું જ્યાં બંધ કરવું છે એમાં નહિ જાણી શકું એ પ્રશ્ન જ ક્યાં છે ? આહા..હા...!

એવા **'વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને...'** 'જીવને' નથી લીધું, 'એ જીવોને' (એમ બહુવચન લીધું છે). આ..હા..હા...! પંચમ આરાના સંત સામા શ્રોતાને – આ જીવોને... આહા..હા...! પર્યાયચક્ષુ બંધ કરીને ઊઘડેલા જ્ઞાનથી જોનાર એવા પંચમ આરાના જીવોને. આ ચોથા આરાની વાત છે ? આ..હા..હા...! પેલું પડશે એ માટે લોકો ગભરાણા છે. આ પડશે ત્યાં ઊભો થઈ જઈશ, અંદર જો તો ખરો ! ઊઘડેલો જ્ઞાનપર્યાય (પર્યાયને જોવાનું) બંધ કરીને જ્યાં અંદર પડ્યું... ત્યાં તને ભગવાન ભળાશે ! આ..હા..હા...! ભગવાનનો તને ભેટો થશે. એ ભગવાન છાનો નહિ રહે. આ..હા..હા...! પર્યાયચક્ષુ બંધ કરી ઊઘડેલા ચક્ષુમાં હવે ઈ ભગવાન છાનો નહિ રહે. આ..હા..હા...! ગજબ વાત છે ! ચાર લીટી ! આ..હા..હા...!

એવા જીવોને, અવલોકનારા 'જીવને' નથી લીધું. આ..હા..હા...! પંચમ આરાના પ્રાણીને કહે છે, પ્રભુ ! તું તો આવો છો ને ! આ..હા..હા...! અને પર્યાયચક્ષુ બંધ કરીને જો તો ઘણા જીવોને... આ..હા..હા...! **'તે બધુંય જીવદ્રવ્ય છે'** (એમ ભાસે છે). પર્યાયનું લક્ષ છૂટી ગયું છે. આખું આ જીવદ્રવ્ય છે. આ..હા..હા...! દ્રવ્યાર્થિકનયના ઊઘડેલા જ્ઞાનથી વિશેષમાં રહેનારા સામાન્યને અવલોકન કરનારને... આ..હા..હા...! **'તે બધુંય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે.'** છે ? 'આ જીવદ્રવ્ય છે' એમ ભાસે છે. આ..હા..હા...! કાલે થોડુંઘણું આવ્યું હતું, હોં ! આ તો તમે આવ્યા એટલે જરી ફરીને લીધું અને આ તો પાર ન મળે, બાપા ! ગમે એટલી વાર (લ્યો ને !). આ..હા..હા...! એના ભાવની ગંભીરતા ! એના ભાવની અપરિમિતતા !

શ્રોતા :– પરમ પરમેશ્વર ભાસે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઓ..હો... ! અહીં પરમેશ્વર થવાની જ વાત છે ! **'તે બધુંય જીવદ્રવ્ય છે'** એમ કીધું ને ? એમ કીધું કે નહિ ? 'તે બધુંય' એટલે પાંચ પર્યાયોને જોવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી, સિદ્ધપર્યાયને જોવી નથી. આ..હા..હા...! અરે..રે... ! આવી વાત ક્યાં મળે ? ભગવાનના વિરહ પડ્યા, વાણી રહી ગઈ. વાણીએ વિરહ ભુલાવ્યા, વાણીએ વિરહ ભુલાવ્યા ! આ..હા..હા..હા...! **'એક જીવસામાન્યને અવલોકનારા...'** (અર્થાત્) એક જ જીવસામાન્યને જોનારા... આ..હા..હા...! **'અને વિશેષોને નહિ અવલોકનારા...'** બહુવચન છે. પંચમઆરાના ઘણા જીવો પણ આ પ્રમાણે અવલોકશે. આ..હા..હા...!

વિશ્વાસ... વિશ્વાસ લાવ ! તારામાં તાકાત છે, પ્રભુ ! તું પૂર્ણ વીર્યથી ભરેલો છો ! આ..હા..હા...! અનંત... અનંત... આનંદ અને અનંત સુખના સાગરના જળથી ભરેલો પ્રભુ ! સુખના સાગર–જળથી (ભરેલો) ! આહા..હા...! સુખનો સાગર એ સુખનું જળ ! એને – ભરેલા ભગવાનને તું જો ! આ..હા..હા...! તને ત્યાં (તે) 'બધું જીવ છે' એમ ભાસશે. છે ? આહા..હા...! પ્રભુ ! તું સ્ત્રી, પુરુષ, નપુંસક નથી. તું એ શરીરને ન જો, લૂગડાને ન જો, આકૃતિને ન જો. પરને જોવાની જ વાત બંધ કરી દે, અહીં તો (એમ કહે છે). આ સ્ત્રીનું શરીર છે ને પુરુષનું શરીર છે... આહા..હા...! એ તો વાત જ બંધ કરી દીધી. પોતાને જોવાની પર્યાયમાં જણાય તેને પણ બંધ કરી દે. આ..હા..હા...! આહા..હા...! આ વસ્તુ ! આ સિદ્ધાંત !

**'બધુંય જીવદ્રવ્ય છે'** 'આ બધુંય જીવદ્રવ્ય છે' એમ ભાસે (છે). **'ભાસે છે'** એમ કીધું છે ને ? ઘણા જીવોને (ભાસે છે) ને ? ઊઘડેલી આંખથી ને ? એક આંખ બંધ કરેલી, એકલી એક ઊઘડેલી આંખ ! આહા..હા...! આના પછી સપ્તભંગી આવશે. આજ તો અહીંથી શરૂઆત કરી. ૧૧૫ (ગાથામાં) સપ્તભંગી (આવશે). આ તો 'કુંદકુંદાચાર્ય'ની વાણી ! સાક્ષાત્ ભગવાન પાસેથી (સાંભળેલી) ! આહા..હા...! અને એની ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય' ! એ ભગવાન પાસે ગયા હતા, આ (નિજ) ભગવાન ! 'કુંદકુંદાચાર્ય' પોતાના (ભગવાન) અને પરના (ભગવાન) બન્ને પાસે ગયા હતા. આહા..હા...! એ 'અમૃતચંદ્રાચાર્ય' આ કહે છે. શ્લોકમાં તો આટલું જ છે **'दव्वट्ठिएण सव्वं दव्वं तं पज्जयट्ठिएण पुणो। हवदि य अण्णमणण्णं...'** પર્યાયથી અન્ય અન્ય છે, અન્ય અન્ય છે, દ્રવ્યની અપેક્ષાએ અનન્ય છે. પર્યાય અપેક્ષાએ અન્ય... અન્ય... અન્ય... છે, વસ્તુ અપેક્ષાએ અનન્ય છે, અનેરું અનેરું નથી. આ..હા..હા...! આ ગાથા ! **'तक्काले तम्मयत्तादो।।'** તે કાળે તે તે પર્યાયમાં – વિશેષમાં તો છે, પણ વિશેષને ન જોતા સામાન્યને જોવા જા, પ્રભુ ! જેમાં અતીન્દ્રિય સુખનો સાગર ઊછળે છે. જે ઇન્દ્રિયગમ્ય નથી, વિકલ્પગમ્ય નથી, પર્યાયચક્ષુને ગમ્ય નથી. આહા..હા...! જે દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ જણાય તેવું એ તત્ત્વ છે. આ..હા..હા...!

પહેલાંમાં – ૧૧૩માં આવી ગયું. **'પર્યાયોનો દ્રવ્યત્વભૂત અન્વયશક્તિ સાથે ગૂંથાયેલો (–એકરૂપપણે જોડાયેલો) જે ક્રમાનુપાતી (ક્રમાનુસાર) સ્વકાળે ઉત્પાદ થાય છે...'** છે ? ૧૧૩ (ગાથાની) ટીકા ! બહુ વિસ્તાર આવી ગયો છે. ક્રમાનુપાતી – ક્રમ અનુસાર અને તે કાળે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(એમ કહ્યું) છતાં તે વિશેષને જોવાની આંખ્યું બંધ કરી દે. આ..હા..હા..હા...! સ્વકાળે તેની તે પર્યાય થશે જ. એ કાળ નક્કી થઈ ગયેલો છે, તેની જન્મક્ષણ છે. આહા..હા...! પણ તે પર્યાયને જોવાની બંધ કર. સ્વકાળે પર્યાય ઉત્પન્ન થશે જ. છતાં તેને જોવાનું બંધ કરી (દે). બંધ કર્યું એટલે જોવાનું બંધ જ થઈ ગયું એમ નહિ. પર્યાયનયથી જોવાનું સર્વથા બંધ કર્યું એથી હવે પર્યાયમાં એણે જાણવાનું કાંઈ રહ્યું નહિ એમ નહિ. આહા..હા...! પર્યાયને જોવાનું જ્યાં સર્વથા બંધ કર્યું ત્યારે અંદર દ્રવ્યાર્થિકનયથી ઊઘડેલું (જે) જ્ઞાન (પ્રગટ થયું) એ જ્ઞાન વડે એ જાણવામાં આવ્યો. અરે...! આવી વાતો ક્યાં છે ? બહારની વાતું, ક્રિયાકાંડ... અરે... પ્રભુ ! તારા જ્યાં ભવના અંત ન આવે... આહા..હા...! એ ચીજ શું (કામની) ? ચોરાશીના અવતાર ! નરકના દુઃખોનું વર્ણન સાંભળ્યું ન જાય. બાપુ ! તને જોતાં આનંદની વાત – વ્યાખ્યા કહી ન જાય તેવો તને આનંદ આવશે !

ઊઘડેલા જ્ઞાનથી દ્રવ્યને જોતાં... આહા..હા...! પર્યાયદૃષ્ટિમાં પહેલાં એ જ્ઞાન બંધ હતું. પર્યાયદૃષ્ટિમાં, પરની દૃષ્ટિમાં નહિ. આહા..હા...! અવસ્થામાં જોનારને તને તારી દૃષ્ટિ જોતી નહોતી. આહા..હા...! એ અવસ્થાદૃષ્ટિને બંધ કરીને... આહા..હા...! પછી કંઈ રહ્યું કે નહિ ? ભગવાન તો જ્ઞાનમૂર્તિ પ્રભુ ! કેવળજ્ઞાનનો કંદ છે ને ! (પર્યાયચક્ષુ) બંધ કર્યા પછી એની પર્યાયમાં કાંઈ વિકાસ રહ્યો કે નહિ ? વિકસિત ચિત્ચમત્કાર વસ્તુ છે ! જયવંત વર્તે પ્રભુ ! આ..હા..હા...!

ભાઈ ! પરિચિતની વ્યાખ્યા તો એક ઠેકાણે એમ કરી છે ને ? સર્વજ્ઞ ! પરિચિત એટલે સર્વજ્ઞ. પરિ એટલે સર્વથા પ્રકારે, ચિત્ એટલે જ્ઞાન. પરિચિત એટલે સર્વજ્ઞ. આ..હા..હા...! આવો પરિચય ! પેલો ('સમયસાર'ની ચોથી ગાથામાં) 'શ્રુત, પરિચિત, અનુભૂતા...' (આવે છે) ઈ નહિ. ગુલાંટ ખાઈને આમ પરિચિત થાય છે. પેલો જે પરિચિત છે એ રાગનો પરિચય છે, પર્યાયદૃષ્ટિનો પરિચય છે. આહા..હા...! એ ગુલાંટ ખાય છે ત્યારે દ્રવ્યને જોનારી આંખ્યું વડે જોતા તેને પરિચિત નામ સર્વજ્ઞપણું પ્રગટ થઈ જાય છે. ઈ પરિચિત છે. 'પરિ' નામ સર્વથા પ્રકારે જ્ઞાનને જોવું. આહા..હા...! જ્ઞાનને જોવું, હોં ! પરને જોવું નહિ. આહા..હા...! આવી વાતું છે.

એમ ભાસે છે. **'તે બધુંય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે.**' અહીં સુધી તો પર્યાયને જોવાની બંધ કરીને અને બંધ થઈ એટલે દ્રવ્યને જોવાનું જ્ઞાન ઊઘડ્યું, ઊઘડ્યા વિના રહે જ નહિ. આહા..હા...! જેણે પર્યાયને જોવાની ચક્ષુ બંધ કરી એને સ્વને જાણવાનું ઊઘડેલું જ્ઞાન ઊઘડ્યા વિના રહે જ નહિ. આહા..હા...! અને એ ઊઘડેલા જ્ઞાન વડે – દ્રવ્યાર્થિકનય વડે (જોતાં)... દ્રવ્યાર્થિકનય પણ જ્ઞાન છે ને ? નય છે ને ? જ્ઞાનનો અંશ છે ને ? દ્રવ્યાર્થિક એટલે પેલું આખું દ્રવ્ય છે ઈ (નહિ). દ્રવ્યાર્થિકનયથી જોનારું દ્રવ્ય. આહા..હા...! એ ઊઘડેલું જ્ઞાન તે દ્રવ્યાર્થિકનય છે એનાથી જોતાં દ્રવ્ય જોવાય. આ..હા..હા...! (આ બધું) લખે છે ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પછી નાખશે. 'આત્મધર્મ'માં આવે છે ને ? આહા..હા...!

હવે, આ જ્યારે ભાસ્યું ત્યારે હવે પર્યાયને જાણવાનું યથાર્થ જ્ઞાન થયું. પહેલાં દ્રવ્યાર્થિકને બંધ કરીને પર્યાયને જોવું એમ ન લીધું. પર્યાયનયને (–ચક્ષુને) બંધ કરીને દ્રવ્યાર્થિકચક્ષુ વડે જો અને એ જે ભાસ્યું ત્યારે હવે પર્યાયનું યથાર્થ જ્ઞાન થયું. સમજાણું કાંઈ ? **'અને જ્યારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને...'** દેખો ! દેખવામાં આવ્યું છે પણ તેના તરફનું લક્ષ અત્યારે છોડી દઈ (એમ કહે છે). સામાન્ય જે આ બધું છે... આ બધું છે... આ વસ્તુ છે એમ જ્ઞાન થયું છે છતાં હવે તે તરફનું જોવાનું બંધ કરીને પર્યાય પણ તારી છે, તારામાં છે એને જોવા માટે આ (દ્રવ્યાર્થિક ચક્ષુ) બંધ કર. આ..હા..હા...! બહુ ઝીણી વાત છે, 'ચંદુભાઈ' ! ગંભીર છે, બાપુ ! પરમાત્માની વાણી, દિગંબર સંતોની વાણી (ગંભીર છે). શ્વેતાંબરની તો કથનપદ્ધતિ મિથ્યાદૃષ્ટિ થયા પછી કરી છે. અરે... પ્રભુ ! આકરું લાગે, શું થાય ? આ વાત ક્યાં છે ? આ..હા..હા..હા...! જ્યાં કેવળજ્ઞાન રેલાય છે આમ ! અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાની તૈયારીવાળી વાત છે ! આ..હા..હા..હા...! છતાં કહે છે કે પહેલું પર્યાયને જોવાનું બંધ કરીને અને હવે દ્રવ્યાર્થિકને (જોવાની) આંખ્યું બંધ કર. (સામાન્ય) જણાઈ ગયું પણ હવે તે તરફનું લક્ષ બંધ કર. સમજાણું ? આ..હા..હા...!

**'દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને...'** (એટલે) તેના તરફનું લક્ષ છોડી દઈને એમ (કહેવું છે). **'એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક...'** જોયું ? પેલામાં **'એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક'** હતું. પહેલી લીટી. આમાં **'એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે...'** પર્યાય પણ એનામાં છે ને ? એમાં વર્તતું દ્રવ્ય છે ને ? પરને અને એને કાંઈ સંબંધ નથી. એ વાત અહીં વિશેષ સિદ્ધ કરવા (એમ કહે છે કે) એ પર્યાય પણ એની છે, ઈ પર્યાયને અને પરને કાંઈ સંબંધ નથી. આ..હા..હા...! અહીં કેવળજ્ઞાન થયું (તે) વજ્રનારાચસંહનન હતું માટે થયું (એમ તો નહિ) અરે...! ચાર જ્ઞાન અને મોક્ષનો માર્ગ હતો માટે કેવળજ્ઞાન થયું એમ પણ નહિ. આ..હા..હા...! હવે ઈ પર્યાયને જો, કહે છે. પણ ઈ પર્યાય પર્યાયથી થઈ છે, હોં ! નારકીની, મનુષ્યની, ચાર ગતિની અને સિદ્ધપર્યાય – પાંચ પર્યાયો (પર્યાયથી થઈ છે). છે ?

**'એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે, ત્યારે જીવદ્રવ્યમાં રહેલા...'** જોયું ? પહેલાંમાં **'વિશેષોમાં રહેલા'** એમ હતું. છે ? **'પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા'** એક જીવદ્રવ્ય એમ હતું. હવે અહીં (કહે છે) **'જીવદ્રવ્યમાં રહેલા...'** દ્રવ્યમાં રહેલા ! પર્યાયનો સંબંધ હતો, પરની સાથે કાંઈ સંબંધ (નથી). આહા..હા...! **'નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું–એ પર્યાયોસ્વરૂપ અનેક વિશેષોને અવલોકનારા...'** આ..હા..હા...! **'અને સામાન્યને નહિ અવલોકનારા...'** (અર્થાત્) પર્યાયનું લક્ષ એ ઉપરથી છોડીને એટલું, હોં ! **'એવા એ જીવોને (તે જીવદ્રવ્ય) અન્ય-અન્ય ભાસે છે,...'** પહેલાંમાં બધું એકરૂપ ભાસતું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(એમ આવ્યું), આમાં અન્ય અન્ય પર્યાય છે, અન્ય અન્ય ભાસે છે. પર્યાય અનેરી... અનેરી... અનેરી... અનેરી... અનેરી... અનેરી... અન્ય... અન્ય... અન્ય... અન્ય... અન્ય... અન્ય... એમ ભાસે છે.

વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*

*** અરે ! આવી સત્યની વાત હતી જ ક્યાં ? જેને આ સત્ય વાત સાંભળવા મળી છે તે ભાગ્યશાળી છે. સાંભળતાં સાંભળતાં સત્યના સંસ્કાર નાખે છે તેને સંસ્કાર નાખતાં અંદરથી માર્ગ થઈ જશે. દરરોજ ચાર પાંચ કલાક આનું આ સાંભળવું-વાંચવું હોય તેને શુભભાવ એવા થાય કે મરીને સ્વર્ગમાં જાય, કોઈ જુગલિયા થાય, કોઈ મહાવિદેહમાં જાય. બાકી જેને સત્યનું સાંભળવાનું પણ નથી એવા ઘણા જીવો તો મરીને ઢોરમાં જવાના. અરે ! આવા મનુષ્યના માંડ મોંઘા અવતાર મળે અને પોતાનું હિત નહિ કરે તો ક્યારે કરશે ? ખરેખર તો સત્યનું ચાર પાંચ કલાક દરરોજ વાંચન-શ્રવણ આદિ હોવું જોઈએ. ભલેને વેપાર ધંધા કરતા હોય પણ આટલો તો વખત પોતાના માટે કાઢવો જોઈએ. અહીંના સાંભળનારા ઘણા તો રુચિથી આ સંસ્કાર ઊંડા નાખે છે. આવા સત્યના સંસ્કાર લાગી જાય અને ઊંડાણમાં એ સંસ્કાર પડી જાય એને ભવ ઝાઝા હોય નહિ. ધારણાજ્ઞાન થવું તે જુદી ચીજ છે અને અંદરમાં અવ્યક્ત રુચિ થવી તે જુદી વાત છે. ભેદજ્ઞાનના સંસ્કાર ઊંડાણથી નાખવા જોઈએ. એને આ વાતનો ઊંડાણથી મહિમા આવવો જોઈએ કે અહો ! આ વાત કોઈ અપૂર્વ છે – એમ પોતાથી અંદરમાં મહિમા આવવો જોઈએ. સાચી રુચિવાળો આગળ વધતો જાય છે.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી કળશટીકા, શ્લોક–૧૯૨, પ્રવચન નં. ૨૧૩
## તા. ૨૪-૦૧-૧૯૭૮
## [૧૫]

આ 'કળશટીકા' ચાલે છે. 'મોક્ષ અધિકાર'નો છેલ્લો કળશ છે. મોક્ષ.. મોક્ષ. મોક્ષની વ્યાખ્યા કરશે.

(મન્દાક્રાન્તા)

**बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-**
**न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम्।**
**एकाकारस्वरसभरतोऽत्यन्तगम्भीरधीरं**
**पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि।।१३-१९२।।**

**'एतत् पूर्णं ज्ञानं ज्वलितम्'** શું કહે છે ? - કે આ આત્મા જે છે આત્મા અંદર એ તો જ્ઞાનાનંદ, સહજાનંદ સ્વરૂપ છે. તેનું મૂળ અસલી સ્વરૂપ જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન સ્વરૂપ (છે). એ જેની પ્રગટ દશામાં પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય અને ચાર ગતિ પરિભ્રમણથી રહિત થાય તેનું નામ મોક્ષ કહે છે. મોક્ષ એ આત્માનું અતીન્દ્રિય શુદ્ધ પરિણામ છે તો તેનું કારણ પણ અતીન્દ્રિય શુદ્ધ પરિણામ હોવું જોઈએ. સમજાણું કાંઈ ?

મોક્ષ શું છે ? છે ને ? એ આવ્યું ને ? **'एतत् पूर्णं ज्ञानं ज्वलितम्' 'એ પ્રમાણે જે કહ્યું છે તે, સમસ્ત કર્મમળકલંકનો વિનાશ થતાં, જીવદ્રવ્ય જેવું હતું...'** છે ? સૂક્ષ્મ વાત તેમાં કહી છે. જીવ જે અંદર આત્મા છે એ તો જેવો હતો એવો પ્રગટ થયો. કેવો ? કે અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત અતીન્દ્રિય શાંતિ, સ્વચ્છતાનો પિંડ - પુંજ આત્મા છે. એ આત્મા જેવો હતો, જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ હતી તો ઘૂંટવાથી પ્રગટ બહાર આવે છે, એ પ્રાપ્તની પ્રાપ્તિ છે; એમ જેવું હતું, ચોસઠ પહોરી તીખાશ એમાં– લીંડીપીપરમાં હતી તો ઘૂંટવાથી (બહાર આવી). ચોસઠ પહોરી કે રૂપિયો કહો કે સોળ આના કહો, (એ) પ્રગટ થાય છે. એમ જીવદ્રવ્ય જેવું હતું... આહાહા..! છે ? આ મોક્ષની વ્યાખ્યા કરે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ ભગવાન આત્મા દેહથી, આ તો માટી જડ ધૂળ છે. તેને જાણનારો... નિશ્ચયથી તો એમ છે, જરી સૂક્ષ્મ પડશે, પોતાની વર્તમાન જ્ઞાનની જે પર્યાય છે એ જ્ઞાનની પર્યાય પરને જાણે છે એ તો અસદ્ભુતનયથી કહેવામાં આવ્યું છે. ***ખરેખર તો પોતાની જ્ઞાનની પર્યાયમાં પર જાણવામાં આવે છે એ વ્યવહાર છે પણ એ પર્યાયમાં પોતાનું જ્ઞાન થાય છે એ નિશ્ચય છે.*** આ જેની સત્તામાં જાણવામાં આવે છે, સત્તા નામ જેની પર્યાય–અવસ્થા–હાલત વર્તમાન. આ તો જીવદ્રવ્યની વ્યાખ્યા છે પણ વર્તમાનમાં જે જ્ઞાનની પર્યાય–અવસ્થા છે તેમાં આ જાણવામાં આવે છે એ ખરેખર એ જાણવામાં નથી આવતું. જાણવામાં તો પોતાની જ્ઞાનની વર્તમાન અવસ્થાની તાકાત જાણવામાં આવે છે. આહાહા..! સૂક્ષ્મ છે, ભાઈ ! ધર્મ બહુ સૂક્ષ્મ છે. લોકોએ બહારથી કલ્પ્યો છે, આ દયા, દાન ને વ્રત ને ભક્તિ ને તપ એ ધર્મ-બર્મ નથી. ધર્મ અંતરની કોઈ અપૂર્વ ચીજ છે.

કહે છે કે એક સમયની પોતાની જે વર્તમાન દશા પ્રગટ છે એ દશામાં આ.. આ.. આ જાણવામાં આવે છે એ કહેવું તે વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતાની જ્ઞાનની પર્યાય પોતાથી જાણવાની પ્રગટે છે તેને જ જાણે છે. આહાહા..! કેમકે જેમાં તન્મય થઈને જાણે તેને જાણવું કહેવાય છે. તો પરને જાણવું (થાય છે એ) પરને જ્ઞાનમાં તન્મય થઈને તો જાણતું નથી. 'હસમુખભાઈ' ! ઝીણી વાતું છે બધી. આહાહા..!

આ તો અંદર આત્મદ્રવ્ય જેવું હતું તેવું પ્રગટ થયું, એમ કહે છે ને ? તો અહીંયા કહેવું છે કે તેની ***વર્તમાન પર્યાયમાં જ્ઞાનની દશા પરને જાણતી હતી તે ખરેખર (જાણતી) નહોતી. કેમકે પરમાં તન્મય નથી માટે ખરેખર પરને જાણતી નથી. પર સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થાય છે તેને જાણે છે. આહાહા.. ! હેં ? આવું ઝીણું છે.***

મારે તો બીજું કહેવું છે કે જે એક સમયની જ્ઞાનની વર્તમાન દશા પરને જાણે છે એમ તો નથી કેમકે તેમાં તન્મય, એકમેક તો છે નહિ. એકમેક થયા વિના તેને જાણે છે એમ કેમ કહેવાય ? ભાઈ ! આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ ! અહીં તો ભગવાન તરીકે બોલાવે છે. આત્મા અંદર ભગવાન સ્વરૂપ જ છે તેને ખબર નથી. ***અહીંયા તો એક સમયની વર્તમાન આ જાણન છે ને ? જાણન દશા, પ્રગટ, એ ખરેખર તો જ્ઞાનની પર્યાય જ્ઞાનની પર્યાયને જ જાણે છે. આહાહા..! એ પણ હજી પર્યાયબુદ્ધિ થઈ. ઝીણી વાત છે, ભાઈ*** !

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ થયા તે ક્યાંથી થયા ? એ અંદરમાં છે તેમાંથી થયા. જેવું હતું, એમ કહ્યું ને ? અંદરમાં એની શક્તિ અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ આદિનો સાગર ભગવાન અંદર છે. ***'જેવું હતું...'*** પ્રથમ ***પોતાની પર્યાયમાં પરને જાણતો નથી પણ પોતાને જાણે છે પણ એ તો એક સમયની પર્યાયબુદ્ધિ છે. એ એક સમયની અવસ્થા જેવું હતું તેને જાણે. ઝીણી વાત છે, ભાઈ ! આ તો ધર્મની વાત છે. જો એક***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***સમયની વર્તમાન દશા ચાલે છે એ પરને જાણતી નથી. ખરેખર તો પોતાની પર્યાયમાં તન્મય છે તો તેને જાણે છે, પરમાં તન્મય નથી. હવે એ એક સમયની પર્યાય પોતાને જાણે છે પર્યાય, ત્યાં સુધી તેની પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ, વર્તમાનબુદ્ધિ થઈ. આહાહા..! હવે એટલું જાણે ત્યારે (આમ કહેવાય) પરને જાણે (છે) એ વાત તો ક્યાંય રહી ગઈ. આહાહા..! સમજાણું કાંઈ ?*** ધર્મ એવી ચીજ (છે). સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વરે જે ધર્મ કહ્યો એ અલૌકિક ચીજ છે અને એ વિના જન્મ-મરણનો અંત કદી આવ્યો નથી. જન્મ-મરણ કરતા કરતા કરતા અનંતકાળથી રખડતો પરિભ્રમણ કરે છે. આહાહા..! શું કહેવું હતું ?

અહીંયા મોક્ષની વાત ચાલે છે. પરંતુ પહેલા અહીંયા વર્તમાન પર્યાય, મુક્ત સ્વરૂપ જીવદ્રવ્ય જેવું હતું તેવું વર્તમાન પર્યાયમાં જ્યારે જાણવામાં આવે છે ત્યારે તો તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ ? આવી વાત છે. 'હસમુખભાઈ' ! ન્યાં ક્યાંય પૈસા-બૈસામાં કાંઈ મળે એવું નથી, કરોડ-ફરોડમાં ને ધૂળમાં. બધી ધૂળ છે, પૈસા પાંચ કરોડ ને દસ કરોડ ને અબજ રૂપિયા. એ તો માટી છે, ધૂળ છે. આ પણ ધૂળ માટી છે. આ ચીજ ક્યાં છે ? રાખ છે, આ તો મસાણની રાખ થશે. અંદર ભગવાન આત્મા જે છે એ તો આનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર હતો, છે, તે પહેલા પર્યાયમાં જાણવામાં આવ્યો. આહાહા..! શું કહેવું છે ?

મોક્ષ છે એ પૂર્ણ એકાંત શુદ્ધ છે એમ આગળ કહેશે. એકાંત શુદ્ધ. છે ને ? **'एकान्तशुद्धम्' 'સર્વથા પ્રકારે શુદ્ધ'** જે મોક્ષ છે એ તો અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન, શાંતિ આદિથી પૂર્ણ શુદ્ધ છે. મોક્ષ ! અને સંસાર છે એ વિકાર દશાથી પરિપૂર્ણ વિકાર છે. એ પ્રાણી દુઃખી છે. ચાહે તો રાજા હો કે ચાહે તો અબજોપતિ (હો) પણ એ પૈસાના ધણી–માલિક થાય છે તો એ દુઃખી છે, અજ્ઞાની છે, મૂરખ છે. આહાહા..! જેવો આત્મા હતો એવો મોક્ષમાં પ્રગટ થયો તેનો અર્થ એ થયો કે વર્તમાન પર્યાયમાં જેવો હતો એવી અંતરમાં અનુભવ અને પ્રતીત થયા ત્યારે મોક્ષ જે પરિપૂર્ણ શુદ્ધ છે તેનો ઉપાય અપૂર્ણ શુદ્ધતાની પર્યાય પ્રગટ થઈ. હેં ? શરૂઆત થઈ. ***આહાહા..! ઝીણી વાત, ભગવાન ! અનંતકાળથી રખડીને મરી ગયો છે, ચોરાશીના અવતાર કરી કરીને. કીડા, કાગડા, કૂતરા એવા અનંત ભવ કર્યા. ચોરાશી લાખ યોનિ ! એક એક યોનિમાં અનંત ભવ કર્યા. પ્રભુ ! એને થાક લાગ્યો નથી, અને જોતો નથી કે હું કોણ છું અંદર ? આહાહા.. !***

***અહીં તો એક સમયની વર્તમાન દશામાં પરનું જાણવું પણ નથી, એ તો પોતાને જાણે છે કેમકે પરમાં તન્મય નથી. કેવળજ્ઞાની લોકાલોકને જાણે છે એમ કહેવું એ તો અસદ્ભુત વ્યવહારનયથી છે. આહાહા..! કેમકે એમાં તન્મય થતો નથી, તે રૂપે થતો નથી. તો પર્યાયરૂપે તે રૂપે થાય છે તો તેને જ જાણે છે. એમ અહીંયા નીચે અજ્ઞાની કે જ્ઞાની વર્તમાન દશામાં***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પરને તન્મય થઈને જાણતો નથી માટે તે સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં તન્મય થઈને જાણે છે તો તેનું નામ પર્યાયને જાણે છે એમ કહેવામાં આવ્યું.*** હવે અહીં તો એથી આગળ લઈ જવા છે. 'દેવીલાલજી' આવી વાતું છે, ભાઈ ! ***આહાહા..! અરે..! મનુષ્યપણું મળ્યું અને જો આ તત્ત્વ-આત્મતત્ત્વ, આત્મજ્ઞાન શું ચીજ છે તેને જાણ્યું નહિ (તો) ચાર ગતિમાં દુઃખી થઈને રખડશે. આહાહા..!***

અહીંયા તો કહે છે કે જેવું હતું તેવું પ્રગટ થયું. આ મોક્ષની વ્યાખ્યા કરી. જેવો અંદરમાં હતો, અનંત આનંદ મુક્ત, અનંત શાંતિ, શાંતિ શક્તિ એ જેવી હતી તેવી વર્તમાન દશામાં જેવો પૂર્ણ હતો તેવો પૂર્ણ પર્યાયમાં પ્રગટ થયો. એનું નામ મોક્ષ. હવે અહીંયા તો મોક્ષનું કારણ પહેલા બતાવવું છે. આહાહા..! જેવું હતું, જેવું છે-અનંત જ્ઞાન, અનંત આનંદ એમાં છે, પ્રભુ ! આહાહા..! જેમ એ પીપરના દાણામાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. તીખાશને હિન્દીમાં ચરપરાઈ કહે છે, આપણે તીખાશ કહીએ છીએ. અંદર ચોસઠ પહોરી, રૂપિયે રૂપિયો, પૂર્ણ ભરી છે. તો જેવી હતી એવી ચોસઠ પહોરી ઘૂંટવાથી પર્યાયમાં પ્રગટ થઈ.

એમ જેવું (સ્વરૂપ) હતું... આહાહા..! કેવું હતું ? - કે ***પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતાથી ભરપૂર ભગવાન જેવો હતો તેવો છે. તેનું વર્તમાનમાં, વર્તમાન પર્યાયમાં પરને જાણવામાં જે પર્યાયની તાકાત માની છે પણ એ પર્યાયમાં સ્વને જાણવાની તાકાત છે એમ જાણીને એ પર્યાય સ્વને-ત્રિકાળીને જાણે ત્યારે તેને મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થઈ.*** પૂર્ણ શુદ્ધ પર્યાય, આત્માની પૂર્ણ શુદ્ધ દશા છે, તો શુદ્ધ પરિણામનું કારણ પણ આત્માના શુદ્ધ પરિણામ હોવા જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ ? આહા..! ઝીણી વાત છે, ભગવાન ! એણે કદી સાંભળી નથી, કદી કરી નથી. આહાહા..! બાળપણું ખેલમેં ખોયા, બાળપણું ખેલ ને રમતુંમાં (ખોયું), યુવાની સ્ત્રીમાં મોહ્યા, વૃદ્ધાવસ્થા દેખકર રોયા. વૃદ્ધાવસ્થા થઈ પણ આ તત્ત્વ અંદર ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વરે જેવું હતું તેવું પ્રગટ કર્યું, જેવું હતું તેવું પ્રગટ થયું તેનું નામ મોક્ષ.

હવે, બીજી વાત. એ આત્મા તો જેવો હતો એવો પૂર્ણ શુદ્ધ દશા નામ મોક્ષ (પ્રગટ થયો) તો એનું કારણ પણ આત્માના શુદ્ધ પરિણામ હોવા જોઈએ. આહાહા..! હોવું જોઈએ એટલે છે. આહાહા..! શુદ્ધ વસ્તુ જેવી છે... આહાહા..! પરિપૂર્ણ પરિપૂર્ણ વસ્તુ ભરી છે. તેની વર્તમાન પર્યાય-દશામાં અંદરમાં જેવું હતું તેવી પ્રતીતિ અનુભવમાં થઈ ત્યારે તો તેને મોક્ષનો માર્ગ પ્રગટ થયો. મોક્ષ જે પૂર્ણ શુદ્ધ પર્યાય છે, પૂર્ણ પવિત્ર અનંત આનંદની દશા છે તેના અપૂર્ણ શુદ્ધ પરિણામ શુદ્ધ સ્વભાવનાં ભાનમાં જે પ્રગટ થયા, એ પૂર્ણ શુદ્ધ પરિણામનું કારણ છે. આવી વાતું હવે. માર્ગ આવો ભાઈ ! અત્યારે સાંભળવો મુશ્કેલ પડે છે. આહાહા..! બહારથી ધમાધમ જાણે આમ બહારથી ધર્મ થઈ જશે. ધર્મ તો અંદર સ્વભાવ પડ્યો છે એમાં છે. આહાહા.. !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે કે **'જેવું હતું...'** અહીં શબ્દ આવ્યો ને ? **'સમસ્ત કર્મમળકલંકનો વિનાશ થતાં,...'** શબ્દ તો પૂર્ણ જ્ઞાન છે પણ કર્મનો નાશ થતાં (એમ) કથન કર્યું. કેમકે પહેલા મલિન હતું એ બતાવવા માટે. આહાહા..! **'સમસ્ત કર્મમળકલંકનો...'** પાછું સમસ્ત, હોં ! મોક્ષમાં એક રાગ પણ નથી રહેતો કે જેથી ફરીને અવતાર કરવો પડે. જે ચણો હોય છે, ચણો, એ શેકવાથી ડાળિયા થઈ જાય છે ને ? તમારે ડાળિયાને શું કહેવાય છે ? હેં ? ચણા. એ શેકેલા ચણા ફરીને ઊગે નહિ. કાચો હોય ત્યાં સુધી ઊગે. એમ ભગવાન આત્મા પાકો થઈ ગયો, પોતાના આત્મામાંથી અજ્ઞાનનો નાશ કરવાથી અને પૂર્ણ પર્યાય–દશાને પ્રગટ કરી એ હવે ફરીને સંસારમાં અવતાર ધારણ કરતા નથી. આહાહા..! આ અવતાર ધારણ કરવા એ તો કલંક છે. અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો અંદર સાગર પડ્યો છે. ક્યાં જોવે ? કોઈ દિ' જોયું નથી. એ ચીજની વર્તમાન પરિણામમાં, પરિણામી એ વસ્તુ ત્રિકાળ જેવી છે તેવી પ્રતીતમાં, જ્ઞાનમાં, અનુભવમાં આવવી એ શુદ્ધ પરિણામ છે. એ શુદ્ધ પરિણામ પૂર્ણ શુદ્ધ (પરિણામનું) કારણ છે. સમજાણું કાંઈ ? આહાહા..! એક તો સમજવું કઠણ પડે. એ કરે કે દિ' ? આહાહા..!

શ્રોતા :– આપ સહેલું કરી દ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સહેલી ભાષાથી તો આવે છે. કરવું તો એને છે કે નહિ ? આહાહા..! સહેલામાં કોઈ કરી દ્યે ? આહાહા..!

શ્રોતા :– મદદ કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મદદ કરે તોય એ ખોટી વાત છે.

**'જીવદ્રવ્ય...'** છે ? જીવદ્રવ્ય એટલે વસ્તુ. અંદર ભગવાન આત્મતત્ત્વ. તત્ત્વ કહો, દ્રવ્ય કહો, વસ્તુ કહો, પદાર્થ કહો એ આત્મદ્રવ્ય, આત્મપદાર્થ, આત્મવસ્તુ, આત્મતત્ત્વ, વસ્તુ ત્રિકાળી અવિનાશી, કદી નવી ઉત્પન્ન થઈ નથી, નાશ થશે નહિ એવી જે અંતર વસ્તુ છે... **'જેવું હતું...'** આહાહા..! **'જેવું હતું...'** કેવું હતું ? **'અનંત ગુણે બિરાજમાન,...'** આહાહા..! એ તો અનંત ગુણે બિરાજમાન હતું. આહાહા..! સૂક્ષ્મ વાત છે, પ્રભુ ! અનંત શક્તિ અંદરમાં છે. અનંત જ્ઞાન, અનંત દર્શન એવા અનંત ગુણ બિરાજમાન છે, તો જેવું હતું તેવું પ્રગટ થયું. છે ? જેવું હતું એવું પરિણમનમાં બહારમાં પ્રગટ થયું. આહાહા..! શક્તિમાં હતું તે પ્રાપ્તની પ્રાપ્તિ પર્યાયમાં (થઈ). પહેલા કહ્યું ને ? - કે પર્યાયમાં દ્રવ્યની પ્રતીત, અનુભવ કરવાથી તેનો મોક્ષનો માર્ગ શરૂ થાય છે અને જ્યારે પૂર્ણ આશ્રય થયો, ત્રિકાળનો પૂર્ણ આશ્રય થયો તો કેવળજ્ઞાન અને મોક્ષ દશા થાય છે. એ મોક્ષ દશાના કારણમાં પહેલા તો આ કહ્યું. સમજાણું કાંઈ ? - કે કર્મનો નાશ કરીને. આહાહા..! એમ કહ્યું ને ? એ કલંકનો નાશ કરીને. **'જીવદ્રવ્ય જેવું હતું અનંત ગુણે બિરાજમાન, તેવું પ્રગટ થયું.'**

**'કેવું પ્રગટ થયું ?' 'मोक्षम् कलयत्'** આહાહા..! મોક્ષની વ્યાખ્યા. **'જીવની જે નિઃકર્મરૂપ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**અવસ્થા,...**' આ મોક્ષની વ્યાખ્યા. જે રાગવાળી અને કર્મવાળી દશા છે એ તો સંસારમાં રખડવાની ચીજ છે. આહાહા..! કર્મ અને રાગ વિનાની નિષ્કર્મ અવસ્થા, પૂર્ણ નિષ્કર્મ અવસ્થા. નાસ્તિથી વાત કરી છે. રાગ અને કર્મથી રહિત નિષ્કર્મ અવસ્થા, તેનું નામ મોક્ષ ! અને કર્મ અને રાગની અવસ્થા, તેનું નામ સંસાર ! આહાહા..!

**'જીવની જે નિઃકર્મરૂપ અવસ્થા,...**' આ મોક્ષની વ્યાખ્યા કરે છે. **'कलयत्'** એ રૂપે પરિણમી ગયું, પરિણમી ગયું. આહાહા..! **'कलयत्'** છે ને ? અનુભવ થઈ ગયો, પરિણમન થઈ ગયું. જેવી છે મોક્ષ અવસ્થા, પૂર્ણ કર્મકલંક રહિત, પૂર્ણ અશુદ્ધતાથી રહિત, પૂર્ણ શુદ્ધ જેવું હતું એવી અવસ્થારૂપ પરિણમન થયું, પર્યાયમાં દશા થઈ તેનું નામ મોક્ષ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ ? આવી વાત. ભાઈ ! માર્ગ તો એવા છે. આહાહા..!

અત્યારે તો જુઓને નાની નાની ઉંમરના કેટલાક હાર્ડ ફેઈલ થઈ જાય છે. દસ-દસ વર્ષની ઉંમર, પચીસ-પચીસ વર્ષની ઉંમર. હાર્ડ ફેઈલ, કાંઈ ખ્યાલ નહિ ને એક સેકંડમાં દેહ ઊડી જાય, ફટ ! સ્થિતિ પૂરી થઈ જાય એટલે દેહ છૂટી જાય, ફડાક ! દેહ સંયોગી ચીજ છે. આ સંયોગી ચીજ તો એની સ્થિતિએ છૂટે છે. આ તો પોતાનું સ્વરૂપ જેવું હતું એવું પ્રગટ થયું તો રાગ અને શરીર ને કર્મ તેને કારણે છૂટી ગયા. આહાહા..! તેનું નામ મોક્ષ કહેવામાં આવે છે. જેમાં અનંત અતીન્દ્રિય આનંદ છે, જેમાં અતીન્દ્રિય અનંત જ્ઞાન છે. કેમ ? - કે **'અનંત ગુણે બિરાજમાન,...**' હતું તેમ કહ્યું હતું ને ? હેં ? એવું જ પ્રગટ થયું. આહાહા..! નિષ્કર્મ અવસ્થા. (અનંત ગુણે) બિરાજમાન (હતું) તેવું પ્રગટ થયું. શું પ્રગટ થયું ? - કે **'જીવની જે નિઃકર્મરૂપ અવસ્થા, તે અવસ્થારૂપ પરિણમતું થકું.**' આરે.. ! આવા શબ્દો છે. પૂર્ણ દશા અનંત અનંત આનંદ.. આહાહા..!

સિદ્ધની દશાનું વર્ણન છે ને ? બેનનું વાંચન હમણા આવશે. બેને સિદ્ધનું નથી લખ્યું ? એનું વર્ણન કર્યું છે ને ? આહાહા..! બેને સિદ્ધની વ્યાખ્યા શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... પૂર્ણ શાંતિ. આહાહા..! બેન હોશિયાર છે, બાળ બ્રહ્મચારી બાઈ છે. હમણાં વ્યાખ્યાન પછી વંચાશે. એનો કાગળ એવો આવ્યો છે, એવી ભાષા છે એની કે આમ.. બેનનું વાંચન કરીને તો ગાંડા–પાગલ થઈ જાય એવું છે. ધર્મ ધર્મરૂપે, હોં ! બીજું કાંઈ સૂઝે નહિ, એવું લખ્યું છે. હોશિયાર બાઈ છે. ઓલા દુનિયામાં પાગલ થઈ જાય એ નહિ. આ દુનિયાનાં પાગલ એટલે અંદરમાં બીજું કાંઈ સૂઝે નહિ. આત્મા.. આત્મા.. આત્મા.. આત્મા.. આત્મા.. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. શાંતિ. વિભાવથી ભિન્ન, એ શબ્દ લખ્યો છે. એક ટૂંકો શબ્દ છે. બેને લખ્યું છે, વિભાવથી ભિન્ન તારી ચીજ છે ને ! વિભાવ નામ વિકાર. વિકાર નામ પુણ્ય ને પાપના ભાવ એ બધા વિકાર અને વિભાવ છે. તેનાથી ભગવાન આત્મા અંદર ભિન્ન છે. આહાહા..!

એ જેવી શક્તિ હતી તેવી નિષ્કર્મ અવસ્થાનું પરિણમન થયું. જોયું ? **'कलयत्'**નો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અર્થ પરિણમન થયું, અભ્યાસ કર્યો, અનુભવ કહો. '**कलयत्**'માં અભ્યાસ કહો, અનુભવ કહો, અવસ્થા કહો બધું એક અર્થમાં છે. આહાહા..! '**कलयत्**' અવસ્થારૂપ પરિણમન થયું. શું કહ્યું ? - કે જેમ લીંડીપીપર ચોસઠ પહોરી શક્તિરૂપે અંદર હતી એ ઘૂંટવાથી બહાર આવી. ચોંસઠ પહોરી એટલે પૂર્ણ પૂર્ણ તીખાશ બહાર પ્રગટ થઈ. એમ ભગવાન આત્મામાં, એક લીંડીપીપર જેવી જડ ચીજમાં પૂર્ણ તીખાશ ભરી છે અને બહાર પ્રગટ થાય છે તો આ તો ચૈતન્યનો નાથ ભગવાન અંદરમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન ચોસઠ પહોરી, ચોસઠ એટલે રૂપિયે રૂપિયો, ચોસઠ પૈસા, પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનથી ભર્યો હતો એ પર્યાયમાં, અનુભવમાં, દશામાં આવી ગયો. આહાહા..! ન્યાં ક્યાંય પૈસામાં સાંભળવાનું મળે એવું નથી.

***બધા પૈસાવાળા દુઃખી છે બિચારા. શાસ્ત્ર તો પૈસાવાળાને ભિખારી કહે છે. ભિખારી ભીખ માંગે છે, ભગવાન થઈને માંગે છે. પૈસા લાવો, પૈસા લાવો, બાયડી લાવો, છોકરા લાવો, આબરૂ (લાવો)... ભિખારી છે.*** અનંત અનંત અંદર આનંદ ને શાંતિ પડી છે ને તારામાં. તારી લક્ષ્મી અંદરમાં પડી છે ને સચ્ચિદાનંદ પ્રભુ ! એ લક્ષ્મીનો સ્વામી થા ને, તેનો ધણી થા ને ! આહાહા..! સમજાણું કાંઈ ? 'શાંતિભાઈ' ! આકરી વાત છે. દુનિયાથી વિરૂદ્ધ છે પણ પ્રભુ ! તારા આત્માના ઘરની વાત છે, નાથ ! તું અંદર કોણ છો દેહમાં ? આ તો માટી છે, હાડકા છે. આ તો મસાણની રાખ થઈને ઊડી જશે. આહાહા..! તું ઊડે–નાશ થાય એવો નથી. તું તો અવિનાશી છો, અનાદિઅનંત છો. છે તેની ઉત્પત્તિ નથી, છે તેનો નાશ નથી, છે તે પ્રગટ છે. આહાહા..! છે ?

'**कलयत्**' '**કેવો છે મોક્ષ ? આગામી અનંત કાળ પર્યંત અવિનશ્વર છે,...**' આહાહા..! જેવી વસ્તુ છે આત્મતત્ત્વ અનંત આનંદ આદિ અવિનશ્વર, એવી મોક્ષ અવસ્થા પણ પર્યાય થઈ, દશા થઈ પણ હવે અવિનશ્વર રહેશે. કેમકે અવિનશ્વર આત્મા છે તેની દશામાંથી અનંત આનંદાદિ પૂર્ણ પ્રગટ થયા, મોક્ષ, તો એ અવિનશ્વર છે, એ પણ હવે અનંતકાળ રહેશે. આહાહા..! મોક્ષ થયા પછી કોઈ અવતાર ધારણ કરવો પડે (એમ નથી).

શ્રોતા :– ભક્તો ભીડમાં આવે ત્યારે ધારણ કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ વાત જ બધી ખોટી, ભક્તો ને ભીડ ને ભગવાનને ક્યાં હતી ? પોતાના સ્વરૂપમાં જ્યાં આનંદમાં પૂર્ણ દશા થઈ ગઈ તેનું જ્ઞાન પણ કરતા નથી. એ જ્ઞાન તો પોતાની પર્યાયનું કરે છે. આહાહા..! હેં ? આહાહા..! બાપુ ! મારગડા જુદા, પ્રભુ ! ***આહાહા..! અત્યારે તો પ્રાણી જુઓને દુઃખી બિચારા, મોંઘવારી સાધારણ ગરીબ માણસને મળવું મુશ્કેલ પડે. પૈસાવાળાને ઘણું દેખાય. એ પણ દુઃખી ને એ પણ દુઃખી. રાંકા દુઃખી, રાજા દુઃખી, શેઠ દુઃખી ને દેવ દુઃખી. સુખી એક સંત. જેને આત્માનું ભાન થયું. હું અનંત આનંદકંદ છું, સચ્ચિદાનંદ પ્રભુ, તેનું જેને ભાન થયું એ જગતમાં સુખી છે. 'સુખીયા જગતમેં સંત, દુરીજન દુઃખીયા' આહાહા..! આ બધા દુઃખીયા છે,*** 'શાંતિભાઈ' !

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાચી વાત હશે ? આહાહા..!

અહીં તો કહે છે, મોક્ષ અવસ્થા કોને કહીએ ? આગામી અનંત કાળ સુધી રહેનારી અને '**अतुलं**' '**ઉપમા રહિત છે.**' આહાહા..! જે અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન અંદર છે એ જ્યાં પર્યાયમાં અનુભવ કરીને, અંતરમાં અનુભવ કરીને દશામાં પૂર્ણ આનંદ થયો તેને ઉપમા શું આપવી ? કોની ઉપમા આપવી ? - કે ઇન્દ્રના સુખ કરતાં પરમાત્મામાં મોક્ષમાં અનંતગણુ સુખ ? ઇન્દ્રના સુખ તો ઝેરના સુખ છે. આ આત્માનું સુખ તો અતીન્દ્રિય સુખ છે. તો અતીન્દ્રિય સુખને કોઈ ઉપમા છે નહિ. સમજાણું કાંઈ ? આહાહા... !

'**अतुलं**' '**ઉપમા રહિત છે.**' '**શા કારણથી ?**' '**बन्धच्छेदात्**'. જુઓ ! '**મૂળ સત્તાથી નાશ દ્વારા.**' આહાહા..! જેમ ઇ ચણાના ઉપરના ફોતરા, છીલકા નાશ થાય છે એમ ચણા પાકા થાય છે પછી એ ઊગતો નથી. મીઠાશ આપે છે. એ મીઠાશ આવી ક્યાંથી ? કાચા ચણામાં મીઠાશ નહોતી, તુરું હતું અને પાકામાં મીઠાશ આવી એ ક્યાંથી આવી ? બહારથી આવી ? અંદરમાં મીઠાશ પડી હતી એ બહાર આવી. શેકવાથી બહાર આવતી હોય તો લાકડાને શેકે કોલસાને શેકે તો બહાર આવવી જોઈએ. ક્યાં અંદરમાં છે ક્યાં ? ચણામાં મીઠાશ પડી છે તો શેકવાથી ડાળિયા.. તમારે ડાળિયા કહે છે ને ? ચના. આહાહા..! એ મીઠાશ જેમ છે એમ આત્મામાં અતીન્દ્રિય આનંદની મીઠાશ છે. આહાહા..! એ મીઠાશને પણ ચણા તો જાણતા નથી. હેં ? અને ચણાની મીઠાશનું જ્ઞાન થયું એ ચણાની મીઠાશનું નથી. આહાહા... ! એ સમયની એ પર્યાયમાં એવું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થયું છે. ચણામાં મીઠાશ છે એવું જ્ઞાન, હોં ! એ જ્ઞાનમાં તન્મય પોતાનું જ્ઞાન છે. તો જેમાં–જ્ઞાનમાં મીઠાશનું જ્ઞાન છે એ અનંત જ્ઞાનની મીઠાશમાં જ્યારે જ્ઞાન લાગી ગયું... આહાહા..! અનંત આનંદ અંદર ભર્યો છે એમાં મીઠાશ લાગી ગઈ અંદરમાં તો પર્યાયમાં–દશામાં પૂર્ણ આનંદ થઈ જાય છે. તેનો પછી આગામી કાળમાં કદી નાશ થતો નથી. છે ?

'**શા કારણથી ? આઠ કર્મ...**' એટલે કર્મ છે ને ? રાગ, દ્વેષ, પુણ્ય-પાપ એ ભાવકર્મ છે અને જડકર્મ આઠ છે. એ બધાનો નાશ થાય છે તે કારણે. ક્યા કારણથી ? '**મૂળ સત્તાથી નાશ દ્વારા. કેવું છે શુદ્ધ જ્ઞાન (અર્થાત્ જીવદ્રવ્ય) ?**' '**नित्योद्योतस्फुटितसहजावस्थम्**' આહાહા..! '**શાશ્વત પ્રકાશથી પ્રગટ થયું છે...**' જેવો આત્મા અવિનાશી શાશ્વત છે, એની અનંત આનંદ આદિ શક્તિઓ શાશ્વત છે એવો પર્યાયમાં શાશ્વત અતીન્દ્રિય આનંદ પ્રગટ થઈ ગયો. આહાહા..! વસ્તુ શાશ્વત, ગુણ શાશ્વત, પર્યાય–અવસ્થા શાશ્વત ! આહાહા..! દ્રવ્ય-ગુણ શાશ્વત અને સંસારની રાગ-દ્વેષની પર્યાય અશાશ્વત, અસ્થિર હતી. તો જેવું દ્રવ્ય શાશ્વત વસ્તુ (છે), એની શક્તિ–ગુણ આનંદાદિ શાશ્વત (છે) એવી પર્યાય શાશ્વત થઈ ગઈ. આહાહા..! આવો ઉપદેશ કઈ જાતનો હશે ? ઓલા કહે કે દયા પાળવી ને વ્રત કરવા, આ દેશની સેવા કરવી.. કોણ કરે ? ભગવાન ! આહાહા..! તારા શરીરમાં રોગ આવે છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો તારી મટાડવાની શક્તિ નથી. એ તો જડ છે, આ તો જડ છે. આહાહા..! તો પરના (રોગ) તો મટાડી શકતો નથી. અભિમાન છે, અજ્ઞાન (છે). આહાહા.. !

અહીંયા તો પોતાની (સંસાર અવસ્થા) મટાડી શકે છે. એમ કહ્યું ને ? '**नित्योद्योत**' '**શાશ્વત પ્રકાશથી...**' '**स्फुटित**' લ્યો, અહીં '**स्फुटित**' આવ્યું. કાલે આવ્યું હતું ને ? '**स्फुट**' '**स्फुट**'. આ તો '**स्फुटित**' '**પ્રગટ થયું છે...**' જેવો અંદરમાં આનંદ હતો તેવો પ્રગટ થયો. આહાહા..! કેવું છે જ્ઞાન ? પ્રગટ થયું નિત્ય અને '**सहजावस्थम्**' '**અનંત ગુણે બિરાજમાન શુદ્ધ જીવદ્રવ્ય જેને, એવું છે.**' આહાહા..! અવસ્થા નામ પર્યાય–દશા એવી છે. જેવી સહજ શક્તિરૂપ ત્રિકાળ પ્રભુ છે એવો અનુભવ કરીને, આનંદનું વેદન કરીને આત્મજ્ઞાન કરતા કરતા, સ્થિર કરતા કરતા પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ. એ પૂર્ણ શાશ્વત દશા છે. '**અનંત ગુણે બિરાજમાન શુદ્ધ જીવદ્રવ્ય જેને, એવું છે.**' એ જીવદ્રવ્ય જ અનંત ગુણે (બિરાજમાન) છે એવી પર્યાય પણ શુદ્ધ અનંત કાળ રહેશે. આહાહા..! સંસારનો નાશ અને મોક્ષની ઉત્પત્તિ, આત્મદ્રવ્ય ત્રિકાળી ધ્રુવ. આહાહા..! શું કહે છે આ ? આ તો વિજ્ઞાનનું વિજ્ઞાન છે, અંતર આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન વિના કદી જન્મ-મરણના અંત આવશે નહિ. ચોરાશી અવતારમાં રખડી રખડી ઘાંચીના ઘાણીની પેઠે પીલાઈને મરી ગયો છે અનંતકાળથી. આહાહા.. !

અહીંયા કહે છે, પોતે નિત્ય પ્રગટ થયો. સહજ અનંત ગુણથી '**अवस्थ**' બિરાજમાન છે. '**सहजावस्थम्**' શબ્દ છે. '**अवस्थ**' નો અર્થ અવસ્થા ન લેવો. અનંત ગુણે બિરાજમાન '**अवस्थ**' નિશ્ચય છે. સહજ નિશ્ચયથી અનંત ગુણ છે, બસ એમ લેવું. અવસ્થા નહિ. '**अवस्थ**' ચોક્કસપણે છે. આહાહા..!

'**વળી કેવું છે ?**' '**एकान्तशुद्धम्**' હવે આવ્યું. ઓહોહો..! આત્મા જ્યાં અનંત એકાંત શુદ્ધ અંદર હતો એવી દશા પ્રગટ થઈ. અંતર અનુભવ કરતા કરતા, આત્મજ્ઞાનમાં લીન થતા થતા તો એ પર્યાય, એ અવસ્થા એવી થઈ કે એકાંત શુદ્ધ, સર્વથા શુદ્ધ (થઈ). કથંચિત્ શુદ્ધ અને કથંચિત્ અશુદ્ધ એમ નહિ. આહાહા..! (કોઈ કહે), સિદ્ધને પણ દુઃખી કહો. એ દુઃખી નથી. પૂર્ણ આનંદ સ્વરૂપ છે. આહાહા..! પૂર્ણ આનંદ થયો તેને પછી જન્મ-મરણ નથી. આહાહા..!

'**एकान्तशुद्धम्**' '**સર્વથા પ્રકારે શુદ્ધ છે.**' આહાહા..! 'પરમાત્મપ્રકાશ'માં તો થોડું કહ્યું છે. ઇન્દ્રિયનું સુખ ભગવાનને નથી. 'પરમાત્મપ્રકાશ'માં લીધું છે. ઇન્દ્રિયોનું સુખ ક્યાં છે ? આ તો ઇન્દ્રિયની જડની કલ્પના છે. એ ઇન્દ્રિયનું સુખ નથી, એટલું ત્યાં 'પરમાત્મપ્રકાશ'માં થોડું લીધું છે. અહીંયા તો (કહે છે), એકાંત પરિપૂર્ણ શુદ્ધ સુખી જ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન અંદર, અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો સાગર નાથ અંદર બિરાજમાન (છે) તેનો અંતરમાં અનુભવ કરતા કરતા, તેનું અનુસરણ કરતા કરતા દશામાં જ્યાં પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ.. આહાહા..! તે નિત્ય એકાંત શુદ્ધ છે. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'**વળી કેવું છે ?' 'अत्यन्तगम्भीरधीरं**' આહાહા..! '**અનંત ગુણે બિરાજમાન...**' ગંભીર. ઓહોહો..! શું કહેવું ! ગૂમડું થાય છે ને ગૂમડું ? ગંભીર ગૂમડું બહુ પાકી જાય આમ સડો, સડો (થઈ જાય). વાટ પણ ગરે નહિ અંદર. આત્માનો આનંદ જ્યાં પ્રગટ થયો (તે) અત્યંત ગંભીર (છે). એટલે ? એ આનંદની એટલી ગંભીરતા છે કે જેનો પાર નથી. આહાહા..! એવો આનંદ અંદર ભર્યો જ છે પણ એની દૃષ્ટિ અને સમ્યગ્દર્શન, જ્ઞાન ને અનુભવ કરતા કરતા આ પ્રગટ થાય છે. આહાહા..! અનંત અનંત ગંભીર, જેની એક સમયની દશા પૂર્ણ મોક્ષ, તેનો પાર નથી. અક્ષય અનંત ગંભીર છે. આહાહા..! અક્ષય અનંત ! જ્યાં ચારિત્રને અક્ષય અનંત કહ્યું તો પૂર્ણ દશાની અક્ષય અમેયની મર્યાદા શું કહેવી ? કહે છે. અત્યંત ગંભીર છે, ભાઈ ! આહાહા..! મોક્ષનો માર્ગ એ ધર્મ, એ ધર્મ કોઈ અલૌકિક ચીજ છે. એ કોઈ બહારથી પ્રાપ્ત થતી નથી. અંતર આત્મામાં પડ્યું છે, અંદરમાં ધ્યાન કરવાથી, અંતરના આનંદનું ધ્યાન કરવાથી આનંદ અને ધર્મ થાય છે. આહાહા..! અહીં તો થોડી દયા પાળે ને પૈસા થોડા ખર્ચે તો કહે, ધર્મ થઈ ગયો, લ્યો ! ધૂળમાંય ધર્મ નથી. તારા કરોડ, બે કરોડ, અબજ ખર્ચ ને ! એ તો ધૂળ છે, માટી છે. માટીમાં તારો ધર્મ ક્યાંથી આવ્યો ? આહાહા.. !

અહીંયા તો કહે છે, અત્યંત ગંભીર અને ધીર. બે અર્થ વાપર્યા. અનંત ગુણે બિરાજમાન એવો અને ધીર. ધીરું છે એટલે સર્વ કાળ રહેનારું છે, શાશ્વત રહેનારું છે. સંસારનો નાશ થઈને આત્માનો મોક્ષ થયો, પોતાનો અનુભવ કરતા કરતા કેવળજ્ઞાન થયું, પરમાત્મા (થયો) એ શાશ્વત છે. આહાહા..! છે ?

'**શા કારણથી ?' 'एकाकारस्वरसभरतः**' આહાહા..! '**एकाकार**' શું કહ્યું ? '**એકરૂપ થયેલાં...**' અનંત અનંત આનંદ એકરૂપ દશા થઈ ગઈ. જેવી વિકારી દશા હતી તો અનેકરૂપ હતી. મોક્ષ દશા અંદર થઈ (તો) અંદર આત્મા એકરૂપે આનંદ છે. દશામાં એકરૂપ આનંદ પૂર્ણ પ્રગટ થયો, અનેકપણું નાશ થઈ ગયું. એવો એકાકાર. આહાહા..! '**स्वरस**' '**અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યના અતિશયના કારણે.**' વિશેષતાને કારણે સુખી છે. આહાહા..!

'**વળી કેવું છે ?' 'स्वस्य अचले महिम्नि लीनं' 'પોતાના નિષ્કમ્પ પ્રતાપમાં મગ્નરૂપ છે. ભાવાર્થ આમ છે કે–સકળકર્મક્ષયલક્ષણ મોક્ષમાં આત્મદ્રવ્ય સ્વાધીન છે, અન્યત્ર ચતુર્ગતિમાં જીવ પરાધીન છે.**' ચાહે તો નરકમાં જાઓ, પશુમાં, મનુષ્યમાં કે દેવ બધા પરાધીન (છે). આ '**મોક્ષનું સ્વરૂપ કહ્યું.**' લ્યો ! એ 'મોક્ષ અધિકાર' પૂરો થયો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, શ્લોક–૨૭૧, ૨૭૨, પ્રવચન નં. ૫૭૮
## તા. ૨૫-૦૬-૧૯૬૮
## [૧૬]

૨૭૧ કળશ, એનો અર્થ થઈ ગયો. એનો ભાવાર્થ. ૨૭૧નો ભાવાર્થ. શું કહે છે ?

**ભાવાર્થ :– 'જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે.'** અહીં કહે છે કે આ આત્મા જે છે એ જાણવાનું કામ કરે જાણવાનું, એ કાંઈ પરનું જ્ઞેય છે માટે જાણવાની ક્રિયા એને છે એમ નહિ અને પરના જ્ઞેયને જાણે છે માટે એટલું જ્ઞાન છે એમ નહિ. ***જાણવાના પર્યાયમાં છ દ્રવ્ય જણાણા એ છ દ્રવ્યનું જ્ઞાન પોતાની જ્ઞાનની પર્યાયરૂપે થયું છે. છ દ્રવ્યને આકારે ભલે કહેવાય પણ છે બધી જ્ઞાનની જ પર્યાય. સમજાય છે કાંઈ? છ દ્રવ્ય જણાય છે એમ નહિ એમ અહીં કહે છે. છ દ્રવ્ય સંબંધીની જ્ઞાનની પર્યાય પોતાને જણાય છે. એ જ્ઞાન પોતે જ્ઞેય છે, પોતે જ્ઞાન છે અને પોતે તેનો જ્ઞાન દ્વારા જાણનારો જ્ઞાતા છે. થોડી સૂક્ષ્મ વાત છે.*** આ બધા છેલ્લા શ્લોકો તો એવા છે ને..

ધર્મની દૃષ્ટિવંતને જ્ઞાન જુદી ચીજ છે ને એનું જ્ઞેય જુદી ચીજ છે ને જ્ઞાતા જુદી (ચીજ છે) એમ ભાસતું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? જાણન જ્ઞાનમાત્ર ભાવ, જાણન ક્રિયારૂપ એ જાણવાની અવસ્થારૂપ આત્માની જ્ઞાનક્રિયા છે. એ જ્ઞાન સ્વરૂપ છે. એ કાંઈ પરને, જ્ઞેયને જાણે માટે જ્ઞેયસ્વરૂપ છે એમ નથી. સમજાણું કાંઈ ?

**'વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે.'** જાણનક્રિયા એ પોતે જ પોતાનું જ્ઞેય છે. આહા..! **'બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે,...'** ***જાણવાની અવસ્થામાં બાહ્ય જ્ઞેયો જે એનું સ્વરૂપ છે તેવું ત્યાં જાણવામાં જાણવાની પર્યાય થાય, છતાં એ જાણવાની પર્યાયથી જણાવા યોગ્ય પદાર્થો તદ્દન જુદા છે. કહો, સમજાણું આમાં ? આ શરીર, વાણી, મન, જ્ઞાનની પર્યાયમાં જણાય છે (તો) કહે છે કે એ જ્ઞેય જણાય છે ? ના. એ તો જ્ઞાનની પર્યાય જણાય છે. જ્ઞાનની પર્યાય, એ જ્ઞેયો જેમ છે તેનું જ્ઞાનરૂપે જ્ઞાનનું જાણવું અહીંયા પરિણમન થાય છે. એ જ્ઞાનની ક્રિયા જ પોતે પોતાને જાણે છે.*** 'પોપટભાઈ' ! ઝીણું બહુ. પોતે જ અભેદ વસ્તુ છે. સમજાણું ?

**'બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે,...'** જાણવામાં આ રાગાદિ, શરીર આદિ બાહ્ય પદાર્થ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એ જાણવામાં આવે. કહે છે કે એ જાણવામાં આવ્યા છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કે ના. એનું એ સંબંધીનું જ્ઞાન પોતે પોતાપણે જ્ઞાનનું પરિણમન થયું છે એ પોતે પોતાની જ્ઞાનની પર્યાય પોતે જાણે ને પોતે જ્ઞેય છે, પરજ્ઞેય તો જુદા રહી ગયા. સમજાણું કાંઈ ? આ લાદી આદિ જણાય છે ? – કે ના એમ કહે છે.

શ્રોતા :– પોતાને જાણતા જણાઈ જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ જણાય છે એ નહિ. એ નહિ. અહીં તો આગળ ચાલે છે. અહીં તો એ લાદી છે એ પર જ્ઞેય છે. એને જાણવાની પર્યાય થઈ એ લાદીને લઈને નથી અને અહીં લાદી જણાતી નથી. અહીં તો જ્ઞાનની પર્યાય જણાય છે, લાદી નહિ એમ કહે છે. 'જેઠાલાલભાઈ' ! સમજાણું કાંઈ ?

તેમ અરીસાની અવસ્થા જોવો તો એમાં જાણે આ સામે કેરી હોય, આમ નાળિયેર હોય, કોલસા હોય ઇ જે અરીસાની અવસ્થા છે તે એનારૂપે થઈ છે એમ નથી. ઇ તો અરીસાની અવસ્થા સ્વચ્છતારૂપે થઈ એ પોતાની અવસ્થા છે. સમજાણું કાંઈ ? અરીસામાં આમ બહારની ચીજ દેખાય ઇ ચીજ ત્યાં છે ? ઇ અરીસાની અવસ્થા ચીજથી તો જુદી છે અને ચીજો એનાથી જુદી છે. સમજાય છે કાંઈ ?

એ જ્ઞાન ચૈતન્ય-અરીસો (છે). એની - જ્ઞાનની વર્તમાન અવસ્થા જે જ્ઞેયો છે એને જાણવારૂપે પરિણમે એ પર્યાય પોતાની છે એને જ્ઞાન જાણે છે, એને નહિ. બહારના જ્ઞેય તો બહાર રહી ગયા. સમજાણું કાંઈ ? 'લવજીભાઈ' ! રૂપિયાનો ધારધીરનો ધંધો કરે છે, કહે છે એ જ્ઞાનમાં જણાય છે કે ઇ જણાય છે ? ના. એમ કહે છે. એ 'પ્રવિણભાઈ'! શું આ શેરબજારમાં ઝપટું વાગે છે. આમ કરો, આમ કરો, આમ થાય, લાવ, લાવ. કહે છે, એ બધા જ્ઞેયો જ્ઞાનની પર્યાય જાણે છે એ જ્ઞેયની પર્યાય–જ્ઞેય જ્ઞાનની પર્યાયથી જુદી ચીજ છે. છતાં જ્ઞાનની પર્યાય છે તે એને જાણવારૂપે પરિણમી છે એ પોતાની જ્ઞાનની દશા છે, એને જ્ઞાન જાણે છે, એને (–પરજ્ઞેયને) નહિ. સમજાણું કાંઈ ?

જુઓ ! આ માર્ગ વીતરાગનો. એ વસ્તુનું એવું સ્વરૂપ છે. કહે છે તારી જ્ઞાનની પર્યાય પરિણમનરૂપે થઈ એ જ્ઞેયને લઈને થઈ છે ? અને ખરેખર એ જ્ઞેયને જાણવાની પર્યાય એ જ્ઞેયની છે? જ્ઞેય તો જ્ઞાનની પર્યાયથી જુદા રહી ગયા છે. સમજાણું કાંઈ ? 'ચીમનભાઈ' ! શું કહે છે આ? કહેવું છે શું પણ ? બાપુ ! તારો જ્ઞાન પર્યાયનો ધર્મ તારાથી થયો એ તને જણાય છે, પરવસ્તુ નહિ એમ કહે છે. પહેલા કહ્યું કે ***આ રાગને જાણે છે ને જ્ઞાન? કે ના. રાગ સંબંધીનું પરિણમેલું જ્ઞાન પોતાના જ્ઞાનપણે પરિણમેલી પર્યાય - જ્ઞાનનો કલ્લોલ ઊઠે છે એને જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ ? હવે પરનું કરવાનું તો રહ્યું નહિ, પરથી આમાં થવાનું રહ્યું નહિ અને પરને જોવાનું રહ્યું નહિ એમ અહીં કહેવું છે, ભાઈ !*** શું કહ્યું સમજાણું આમાં ?

***આત્મા ભગવાન સચ્ચિદાનંદ જ્ઞાનમૂર્તિ એને પર કરે, આત્મા પરનું કાંઈ કરે, રાગ***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***કરે એ તો એનામાં છે જ નહિ. સમજાણું કાંઈ ? પણ પરને જાણે છે એવું એમાં નથી કહે છે, એમ કહે છે અહીં તો. સમજાય છે આમાં કાંઈ ? ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત વસ્તુ એ પરનું કાંઈ ફેરફાર કરે એ તો વાત છે જ નહિ, કહે છે, પણ પરને જાણવું એમ કહેવું એ પણ વ્યવહાર છે. કારણ ? એ પર છે તે સંબંધીની જ્ઞાનની પર્યાય પોતાની પોતામાં જ્ઞાન કલ્લોલપણે, તરંગપણે પરિણમી છે એને જ્ઞાન જાણે છે.*** 'પોપટભાઈ' ! ઝીણું બહુ ઝીણું. 'મુંબઈ' ની ધમાલમાંથી માંડ મગજ ખાલી (થયું હોય) એમાં આવું ઝીણું આવે.

જ્ઞાન, જ્ઞાનના તરંગ ઊઠે તે જ્ઞાનના કલ્લોલ છે. એ જ્ઞેયની કલ્લોલ છે? જ્ઞાનમાં એમ જણાણું જ્ઞાન એમ પરિણમ્યું કે આ છ દ્રવ્ય છે, છ દ્રવ્ય છે. એ પરિણમ્યું એ જ્ઞાન પરિણમ્યું છે ? એ જ્ઞાનની પરિણતિ છે કે એ પરની છે ? પોતાના હોવાપણામાં જ્ઞાનની પરિણતિ થઈ છે, પોતાના હોવાપણામાં એ જ્ઞેયની પરિણતિ થઈ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા જ્ઞાનની અવસ્થા ઓહો..હો..! વીતરાગ માર્ગ તો જુઓ ! પેલી વાતમાં ક્યાંય બીજે આવું હોય નહિ.

અહીં તો કહે છે કે જ્ઞાન છ દ્રવ્યને જાણવાપણે જાણવાની પર્યાય થઈ એ પર જ્ઞેયને લઈને થઈ ? પરજ્ઞેય જણાણા ? પરજ્ઞેયને જાણે છે ? – કે ના. એ પોતે જ્ઞાનની અવસ્થા છ દ્રવ્ય જેટલા છે એને જાણવાની પર્યાયપણે પોતાની પર્યાયે પરિણમી છે એને જ્ઞાન જાણે છે. આને જાણે એ તો પરની વસ્તુ છે, એમાં એને જાણવું ક્યાં આવ્યું ? સમજાણું કાંઈ ? ધર્મી આવો આત્માને જાણે છે એમ કહેવું છે. હું મારી પર્યાય જ્ઞાનરૂપે પરિણમે છે એને હું જાણું છું એમ ધર્મી જાણે છે. હું પરને જાણું છું, પરને કરું છું તે એમાં છે નહિ. આહા..હા..!

**'બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે,...' 'પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે.'** શી રીતે ? કે **'બાહ્ય જ્ઞેયો તો જ્ઞાનથી જુદાં છે,...'** એક વાત. **'જ્ઞાનમાં પેસતાં નથી;...'** બે વાત. **'જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવતાં...'** એ અપેક્ષાએ સમજાવ્યું છે. જ્ઞેયોના આકારની ઝળક એટલે જેમ સામી ચીજ છે અને અરીસાની સ્વચ્છતામાં જણાય છે ને ? એ અવસ્થા પરને આકારે થઈ એમ કહેવું એ વ્યવહાર (છે). આકાર છે એ તો જે પર છે એના સ્વરૂપે અસ્વસ્થા અરીસાની થાય છે. એમ પર છે એને જાણવાપણે પોતાની સ્વચ્છ અવસ્થા પોતે થાય છે એ પોતાના અસ્તિત્વમાં પોતાના જ્ઞેયને પોતે જાણે છે. પોતાના અસ્તિત્વમાં એ જ્ઞેય આવ્યા નથી. પોતાના અસ્તિત્વમાં જ્ઞેય આવ્યા નથી તો પરને જાણે એમ ક્યાંથી આવ્યું ? કહે છે. એમ કહે છે. ઝીણી વાત છે.

પોતાના હોવાપણામાં જ્ઞેયો આવ્યા છે ? જાણવાની પર્યાય જાણી એમાં જ્ઞેયો આવ્યા છે ? સમજાણું કાંઈ ? એ જ્ઞેયો આમાં આવે એમ માનનારા જ્ઞેયની અવસ્થા સ્વચ્છપણે સ્વના અસ્તિત્વથી પરિણમે છે એમ એ માનતા નથી. એ પર એમાં આવ્યા એમ માનનારા સ્વચ્છતાની નિર્મળ પર્યાય આવડી મોટી છે એટલો જ હું ને એને હું જાણનારું છું એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ન માનતા પરના અસ્તિત્વને લઈને અહીં મારા જાણવામાં આવ્યું ઇ સ્વની અસ્તિત્વની મહત્તાની એને ખબર નથી. કહો, 'અમરચંદભાઈ' ! સમજાણું કાંઈ ? સમજાણું કાંઈ ? ભાઈ ! શું નામ છે ? 'ગંભીરચંદ'. આ તો ગંભીર વાત છે, બહુ ગંભીર છે, જુઓ !

ભગવાન એમ કહે છે, ભગવાન ! તું કોણ છો ? તું કોણ છો ? તારી જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય એમ કહેવું એ તો વ્યવહાર થઈ ગયો. કારણ કે છ દ્રવ્ય જણાતા નથી, છ દ્રવ્યનું અહીંયા જ્ઞાનનું પરિણમવું પોતાની કલ્લોલની પર્યાયમાં પરિણમવું થયું એ તો પોતાના અસ્તિત્વમાં જ્ઞાનની પર્યાયનું પરિણમવું થયું છે, છ દ્રવ્યનું પરિણમવું અહીં આવ્યુ નથી. સમજાય છે કાંઈ ? તારા જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ આવડું મોટું છે એમ કહે છે. એ જ્ઞેયને લઈને નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..!

આ તો મોટા અમારે છ ખંડના રાજ છે ને અમારે પૈસા (છે). અરે..! એ મોટો નહિ, સાંભળને ! ઇ ક્યાં ગરી ગયા હતા ? એમ કહે છે અહીં તો. છ છોકરા ને આટલા પૈસા ને આટલી પથરાની લાદીઓ ઇ ક્યાં પણ અહીં આવ્યા છે ? કહે છે અને એનું જ્ઞાન, એના સંબંધીનું જ્ઞાન અહીં થયું છે ? એનું અસ્તિત્વ અહીં છે ? એના સંબંધીના જ્ઞાનનું અસ્તિત્વ અહીં છે ? એ સંબંધીનું પોતાનું જ્ઞાન જે છે તે પણે પરિણમ્યું એનું અસ્તિત્વ અહીં છે. સમજાણું કાંઈ ? 'જયચંદભાઈ' ! આવો માર્ગ છે. આહા..હા..!

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્યાં પેસે ? એ તો અરીસાની સ્વચ્છતા જ પરિણમી છે. એ જ્ઞાનની પર્યાયની કલ્લોલ એવી છે. છ દ્રવ્યને જાણે એવી જે જ્ઞાનની પર્યાય એ પોતાની પર્યાયને પોતે જાણે છે.

શ્રોતા :– પોતાની પર્યાય જાણે પછી રાગ-દ્વેષ થાય છે કેમ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– માટે કહે છે ને આ. છે ક્યાં રાગ-દ્વેષ ? રાગ-દ્વેષ જ નથી એમ કહે છે. પોતાની પર્યાય જાણે એમાં રાગ-દ્વેષ કરવાનું રહે છે ક્યાં ? અને રાગ-દ્વેષ છે જ નહિ એમ કહે છે. 'ચીમનભાઈ' ! જુઓ ! આ વીતરાગી તત્ત્વ સર્વજ્ઞે કહેલું સિદ્ધ થયેલું (છે). એ વાત સર્વજ્ઞ સિવાય, વીતરાગ માર્ગ સિવાય ક્યાંય ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય હોય નહિ.

એક સમયનો પર્યાય છ દ્રવ્યને જાણવાપણે પરિણમ્યો (તો) કહે છે કે એને જાણવા માટે પરિણમ્યો છે ? પોતાની જ્ઞાનની જ પર્યાય એવડી મોટી છે એને પોતે જાણે છે. જ્ઞેયોના આકારની ઝળક, ઝળક એટલે કાંઈ અંદર ગરી નથી જતી પણ બતાવે છે કે એ જ્ઞાનનો પર્યાય સાકાર એવો થાય છે કે જેવી પરચીજ છે એ પણે પરિણમવાનું પોતાનું પર્યાયનું અસ્તિત્વ પોતાના સ્વભાવથી પોતાના અસ્તિત્વમાં પોતાને કારણે થાય છે.

**'જ્ઞેયોના આકારની...'** જ્ઞેયની જે સ્થિતિ છે તે જ્ઞાનમાં જણાતા, **'ઝળક જ્ઞાનમાં આવતા...'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એનો અર્થ એ જ્ઞાનમાં પરિણમતા. **'જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે...'** એ જ્ઞાન છ દ્રવ્યના પર્યાય દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે એમ દેખાય છે પણ એમ છે નહિ. **'પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે.'** આહા...હા.. ! કેટલી સૂક્ષ્મતા ને કેટલી વાસ્તવિકતા ને કેટલી અસ્તિત્વની મહત્તા ! હેં? આહા..! એ મહત્તા ભાસે નહિ અને પરની મહત્તા ભાસે છે. આને લઈને આ જાણું છું, એને હું જાણું છું. ભાઈ ! તારી પર્યાયની મહત્તાની તને ખબર નથી. સમજાણું કાંઈ ? આવડું મોટું જણાય, તે આવડા મોટા છે માટે જણાય ને આવડા મોટા જણાય માટે એનું - સામાનું પરિણમન એને હું જાણું છું ? – ના. એવડા મોટાને જાણનારની પર્યાય મારી કલ્લોલરૂપે પરિણમેલી છે એને હું જાણું છું. આહા..! સમજાણું કાંઈ ? ઉતારતા ઉતારતા ક્યાં લાવ્યા જુઓને ! અનંત શક્તિમાંથી એકરૂપ લાવ્યા, ચાર દ્રવ્ય ક્ષેત્રમાંથી એકરૂપ લાવ્યા, ત્રણ ભેદમાંથી એકરૂપ હું નો હું. જાણનાર પણ હું, જણાઉં એ હું, જાણનારો હું, જણાય હું ને જ્ઞાન વડે જાણું તે હું. ત્રણેમાં હું નો હું છું. સમજાણું કાંઈ ?

'બનારસીદાસે' દાખલો આપ્યો હતો. તે દી' વાત થઈ હતી. આ શબ્દ છે ને ? એ સરસ્વતી છે. એને અક્ષર કહો તો એ છે, સરસ્વતી કહો તો એ છે ને એમાં ભરેલો અર્થ છે તો એ છે. એનો ભાવ તો એ છે. એમ આત્મા જ્ઞાનની પર્યાયપણે છ દ્રવ્ય અને પોતાને જાણવાની પર્યાયપણે પરિણમે છે એ પોતે જ છે, એ પોતે જ જ્ઞેય છે. 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતે વચન ભેદ ભ્રમ ભારી' 'વચન ભેદ ભ્રમ ભારી, નિજરૂપા જ્ઞેયરૂપા નિજરૂપા પરરૂપા ભાસી' નિજરૂપે સ્વજ્ઞેય, પરરૂપે પરજ્ઞેય. પણ પરજ્ઞેય સંબંધીની જ્ઞાનની પર્યાયનું કલ્લોલ પરિણમન એ મારું મારા અસ્તિત્વમાં મારે લઈને એવડું એમાં છું. એને જાણવું તે જ્ઞાન છે. સમજાણું કાંઈ ?

રાગને જાણવું છે કહે છે કે રાગ વ્યવહાર છે એને જ્ઞાને જાણ્યું ? – ના. એ તો જ્ઞાનની પર્યાય એવી જ જાતની થઈ છે. એને પોતે જ્ઞાન જ્ઞાનની પર્યાયને જાણે છે, રાગને નહિ. સમજાણું કાંઈ ?

જ્ઞેયોના આકારનો પ્રકાર જ્ઞાનમાં પોતાથી જણાતા જ્ઞેયોના પ્રકારના ભાવ જે છે એવા અહીંયા જ્ઞાનમાં પોતાથી, પોતામાં જણાતા, પરિણમતા એ કલ્લોલ પોતાની જ્ઞાનની જ અવસ્થા છે. **'તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે.'** એ જ્ઞેયો નહિ એમ કહે છે. સમજાણું ? પાંચ લાખનો બંગલો ને અભરાયથી ભરેલો (હોય). અભરાય જ કહે ને ? શું કહે ઇ ? ફર્નીચર ! કોણે કીધું ? ફર્નીચર.. ફર્નીચર ! એવા ફર્નીચર હોય. લાખ, બે લાખ રૂપિયા, પાંચ લાખ તો અંદર ફર્નીચરમાં પડ્યા હોય. બંગલો દસ લાખનો, બે, પાંચ લાખનું ફર્નીચર (પડ્યું હોય). કહે છે કે એમાં આમ તને જ્ઞાનની પર્યાય જણાય છે કે એ જણાય છે ? શું કહે છે ? સાંભળ ! તારા અસ્તિત્વનું તેમાં જ્ઞાન છે કે પરના અસ્તિત્વનું જ્ઞાન છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ અહીંયા કહે છે. એ વખતના જ્ઞાનના પરિણમનમાં તારા અસ્તિત્વનું જ્ઞાન છે કે પરના અસ્તિત્વનું જ્ઞાન છે ? સમજાણું કાંઈ ? તારા અસ્તિત્વનું જ્ઞાન (છે). આવડું જ્ઞાન જ તે હું છું એમ જ્ઞાન એને જ્ઞેય કરીને જાણે છે.

**'પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે.'** આ..હા..! કેવી વાત કરી છે ! આવી વાત ક્યાંય (છે નહિ). વસ્તુની સ્થિતિની હદ આવડી છે, મર્યાદા આવડી છે. **'આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી...'** ભગવાન આત્મા **'પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.' 'પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી...'** આ કારણ આપ્યું. **'જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.'** પોતાનો જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.

**'વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે.'** એ જ્ઞાનમાત્ર પોતે જ્ઞાતા છે. જાણનાર પણ પોતે, જણાય પણ પોતે, જાણનારો પણ પોતે. સમજાણું કાંઈ ? જણાય પોતે, જાણનાર પોતે, જાણનારો... જ્ઞાન દ્વારા જણાય પોતે અને જ્ઞેય પણ પોતે ને જ્ઞાતા પણ પોતે. ત્રણમાં કોઈ એકેય જુદી ચીજ છે નહિ. પર જણાય ને આત્મા જાણનારો એમ છે નહિ, એમ કહે છે.

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ દૃષ્ટિ જાય પર ઉપર ને વસ્તુનું અસ્તિત્વ એવું નથી એમ કહે છે. વસ્તુનું હોવાપણું પરને લઈને નથી. એ જ્ઞાનની પર્યાય પોતાની જ્ઞેયરૂપે પરિણમી છે એ અસ્તિત્વ પોતાનું એવડું પોતાનું છે. એને ઠેકાણે પરને જાણે છે એમ કહેવાય ત્યાં પોતાનું અસ્તિત્વ આવડું છે એ તો માનતો નથી. દૃષ્ટિ મિથ્યા થઈ. સમજાણું કાંઈ ? આહા..!

**'એ પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય ને જ્ઞાતા-એ ત્રણે ભાવોયુક્ત...'** ત્રણ ભાવ સહિત **'સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે.'** સામાન્ય ધ્રુવ અને જાણવાની પર્યાય વિશેષ એ બધું પોતે વસ્તુ છે. **'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું'** આવો જ્ઞાનમાત્ર જ્ઞાયક ભાવ તે હું **'એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે.'** એમ ધર્મી હું જ્ઞાનમાત્ર જણાવાયોગ્ય હું, જાણનાર હું ને જણાવાયોગ્ય પણ હું. જ્ઞાન દ્વારા જાણું તે હું, જણાય તે હું–જ્ઞેય, જાણનારો તે હું. જાણનારો હું, જણાય પર અને પર દ્વારા હું જાણું એવું છે નહિ. સમજાણું કાંઈ ?

આ જ્ઞેય દ્વારા જ્ઞાન જણાય એમ નથી, જ્ઞાન દ્વારા જ્ઞાન જણાય. આ પુસ્તક જ્ઞેય છે એ દ્વારા જ્ઞાન જણાય એવું નથી, એમ કહે છે. વીતરાગની વાણી પર જ્ઞેય છે એને જ્ઞાન જાણે છે માટે વાણીને જ્ઞાન જાણે છે એમ નથી. પોતાનો જ્ઞાન પર્યાય એવો જ પોતાથી એટલો ને એવડો પરિણમ્યો છે કે એને જ્ઞેય તરીકે જ્ઞાન જાણે છે અને જ્ઞાતા તરીકે જ્ઞાન જ્ઞેયને જાણે છે. એટલે જ્ઞાતા પણ પોતે, કર્તા પોતે, કર્મ જ્ઞાન પોતે અને જ્ઞેય પણ પોતે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્તુ એની એ છે, કહે છે. સમજાણું કાંઈ ?

ધર્મમાં (આનું) શું કામ હશે? જીવને સુખી થવાનો ધર્મ કરવો એમાં આ શું કામ ? કર્મોને કરો, વ્રત કરો, નિયમ કરો, આ કરો એમાં આ ક્યાં આવ્યું ? કહે છે. ઇ કહે છે કે સાંભળને ! તને જે વ્રતનો વિકલ્પ ઊઠે છે, દેહની ક્રિયા થાય છે એ તારાથી તો નહિ, તારા અસ્તિત્વને (લઈને નહિ) અને એના અસ્તિત્વપણાને (લઈને) તારું જ્ઞાન પરિણમે એમ નહિ. સમજાય છે કાંઈ ? તારું જ્ઞાન તારે કારણે, તે ક્ષણે, તે પ્રકારનું પરિણમન કરે તેને આત્મા જ્ઞેય તરીકે જાણે. આહા..હા..! ઝીણું પડે એટલે માણસ હાંકે રાખે. આજે પણ ખૂબ આવ્યું છે. 'જૈન સંદેશ' ઉપર પ્રહાર કર્યા છે. આને સંભાર્યા, સંભારે તો ખરા ને.

શ્રોતા :– સામાન્ય-વિશેષના પરિણમનમાં સામાન્ય ભાવ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– સામાન્ય ધ્રુવ, સામાન્ય ધ્રુવ ઔર પરિણમની ક્રિયા વિશેષ. પરિણમનની ક્રિયા એ જ્ઞેય. જે પરિણમનની ક્રિયા વિશેષ છે તે જ્ઞેય. એ વિશેષ છે અને સામાન્ય પણ જ્ઞેય (છે). બન્ને જ્ઞેય (છે) અને જ્ઞાન જાણનારી પર્યાય તેને જાણે છે. જ્ઞાતા પોતે જાણે છે. વસ્તુ તો એકની એક થઈ. સમજાણું કે નહિ આમાં ?

**'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું એમ અનુભવ કરનાર...'** સ્વ સન્મુખમાં આ રીતે સ્વજ્ઞેય પોતે જ્ઞાનથી જાણે અને જ્ઞાતા જાણે. લ્યો ! એમાં પરને કાંઈ સંબંધ છે નહિ. એ ૨૭૧ કળશ કીધો. આ તો કર્મ રાગ કરાવે એવું રહ્યું નહિ અને રાગ જ્ઞાન કરાવે એ રહ્યું નહિ. ભાઈ ! શું કહ્યું સમજાણું આમાં ? ભગવાન આત્માના હોવાપણામાં જે જ્ઞાનનું પરિણમન છે એ કર્મને લઈને રાગ છે એમ નહિ અને રાગને લઈને જ્ઞાન છે એમ નહિ અને એ જ્ઞાન રાગને જાણે છે એમ નહિ. સમજાણું ? સમજાય એવું છે, હોં ! 'જયંતિભાઈ' ! ન સમજાય એવું નથી. આ તો સાદિ ભાષા છે. કાંઈ બહુ એવી ઝીણી નથી આવતી.

શ્રોતા :– વિષય બહુ ગંભીર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગંભીર તો કીધું. 'ગંભીરચંદજી' (કીધું) એ વખતે પૂછ્યું શું નામ છે ? ગંભીર (વસ્તુ છે).

ભગવાન આત્મા ઓહો..હો..! કોઈ પણ ક્ષણે અને પળે પોતાની જ્ઞાનની પર્યાયને જ્ઞેય કરીને જાણે છે એમ કહે છે. સમજાણું કાંઈ ? પરનું જાણવું હોય તો પરના જાણવાનું જ્ઞેય તે અહીં અસ્તિત્વમાં આવી જાય. એમ આવતું નથી. એ તો પર સંબંધીનું જ્ઞાનનું પરિણમન પોતાથી પરિણમ્યું છે એ પોતાના અસ્તિત્વમાં છે. આહા..! સમજાણું કાંઈ ? ૨૭૧ (કળશ પૂરો) થયો. હવે ૨૭૨.

હવે **'આત્મા મેચક, અમેચક ઇત્યાદિ અનેક પ્રકારે દેખાય છે તો પણ યથાર્થ જ્ઞાની નિર્મળ જ્ઞાનને ભૂલતો નથી–એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(पृथ्वी)

**क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं**
**क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।**
**तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः**
**परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्।।२७२।।**

બધી શક્તિનો સમૂહ ભગવાન પોતે જ છે. '**(જ્ઞાની કહે છે :)**' ધર્મી એમ જાણે છે. કહે છે એ તો શબ્દ લીધો છે. '**મારા તત્ત્વનો એવો સ્વભાવ જ છે...**' ધર્મી સમ્યગ્દષ્ટિ એમ જાણે છે... સમજાણું કાંઈ ? ધર્મી ધર્મ કરનાર સમ્યગ્દષ્ટિ એમ જાણે છે કે '**મારા તત્ત્વનો એવો સ્વભાવ જ છે...**' મારું જ્ઞાન તત્ત્વ આત્મા એનો એવો સ્વભાવ છે '**કે કોઈ કોઈ વાર તો તે (આત્મતત્ત્વ) મેચક (-અનેકાકાર, અશુદ્ધ) દેખાય છે,...**' પર્યાયમાં અશુદ્ધપણું દેખાય છે. એવો તત્ત્વનો પર્યાયનો સ્વભાવ છે. સાધકની વાત છે ને અહીંયા ? 'મલૂપચંદભાઈ' ! જો અશુદ્ધપણું કાઢી નાખ્યું હતું વળી પાછું જ્ઞાનપણે રાખ્યું. અત્યાર સુધી બધું શક્તિમાંથી કાઢી નાખ્યું હતું.

અહીંયા અશુદ્ધ દેખાય છે, પર્યાયમાં દેખાય છે, અશુદ્ધતા અવસ્થામાં દેખાય છે. એવો પણ એક પર્યાયમાં સ્વભાવ છે એમ જ્ઞાની જાણે છે. જાણે છે, હોં ! સમજાણું કાંઈ ? ભગવાન આત્મા તત્ત્વનો જ એવો સ્વભાવ છે કે કોઈ વાર તો તે મેચક એટલે મેલો દેખાય છે, મેલો એટલે અશુદ્ધ, અનેક પ્રકાર. રાગરૂપ આદિ દેખાય છે કે છે, જાણે છે, જાણવા યોગ્ય અવસ્થા છે. અશુદ્ધ દેખાય છે એમ નાખ્યું છે. અશુદ્ધ નથી, જ્ઞાન દેખાય છે. પણ એ અશુદ્ધ સંબંધીનું જ્ઞાન આ જાણે કે આ અશુદ્ધ છે એમ. રાગાદિ છે એમ જાણે છે. સમજાણું ?

'**કોઈ વાર મેચક-અમેચક (બન્નેરૂપ) દેખાય છે...**' વસ્તુ તરીકે શુદ્ધ છે અને પર્યાય તરીકે અશુદ્ધ છે. બેય જ્ઞાનમાં આવે છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા એવો તત્ત્વનો સ્વભાવ છે. છે ને ? '**सहजमेव तत्त्वं मम**' છે ને બીજી લીટીનું ? '**सहजमेव तत्त्वं मम**' મારું તત્ત્વ એવું છે કે... છતાં આવું જાણતા જ્ઞાની ભ્રમમાં પડતો નથી, મૂંઝાતો નથી એમ કહેવું છે. આ શું ? એકલો શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા, વળી પર્યાયમાં અશુદ્ધતા શું છે આ ? છે (એમ) જાણે છે. સમજાય છે કાંઈ ? ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે અને પર્યાય અશુદ્ધ છે એમ બેય એક સાથે પણ જાણે.

'**કોઈ વાર મેચક-અમેચક (બન્નેરૂપ) દેખાય છે...**' જ્ઞાનમાં મલિન અવસ્થાને જ્ઞાન જાણે. જાણવામાં ક્યાં ... હતું ? અને જ્ઞાન ત્રિકાળ શુદ્ધ છું એને પણ જાણે. સમજાણું કાંઈ ? '**કોઈ વાર મેચક-અમેચક (બન્નેરૂપ) દેખાય છે અને વળી કોઈ વાર અમેચક (-એકાકાર, શુદ્ધ) દેખાય છે;...**' એકલું શુદ્ધ દ્રવ્ય જોવે તો શુદ્ધ જ છે. સમજાણું ? પર્યાયમાં પણ શુદ્ધની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અવસ્થા જોવો તો શુદ્ધ છે. અશુદ્ધ તરફ લક્ષ જાય તો જોવે તો એ અશુદ્ધ છે એ પણ જણાય છે. અને શુદ્ધ ને અશુદ્ધ બેય એક સાથે પર્યાયમાં પણ જણાય છે. સમજાણું કાંઈ ?

કોઈ કહે, વ્રત લઈ લ્યો ને સાધુ થઈ જાવ ને ! થઈ ગયું જાઓ. 'જૈન સંદેશ'માં ટીકા કરી છે ને ? ભાઈ ! આવ્યું છે ને ? ટીકા આવી છે. ઇ નામ આવ્યું, નહિ ? પેલી ચિત્રાબાયનું નામ આવ્યું. ત્યાં આવી હતી ને ? નામ આવ્યું હતું એટલે 'જૈન સંદેશ' માં ખૂબ પ્રહાર કર્યા. આહા..! આવા ને આવા તકરાર કરે. મહા સાધુ આવા, મહા પવિત્ર, મહા પવિત્ર એની તમે નિંદા કરો છો 'કૈલાસચંદજી' લખે છે. તમારી તો ટેવ જ આવી નિંદા કરવાની પડી ગઈ છે. એણે ને એણે પાછું અહીં નાખ્યું છે. કહો, સમજાણું ? આહા..હા..! શું કરે છે તું ? ભગવાન ! તને ખબર નથી, ભાઈ ! આત્માનું જ્યાં હજી ભાન પણ નથી ત્યાં સાધુપણા કેવા ? ત્યાં આચાર કેવા ? ભાઈ ! એને ખબર નથી. બહારના ભેખ લઈને જગતમાં પોતે ભરમાય છે અને ભરમાવે છે. આહા..હા..! વાસ્તવિક ભગવાન આત્મા જ્યાં હાથ આવ્યો નથી અને અંદર પત્તો લાગ્યા વિના પરમેશ્વરતા પ્રગટ થતી નથી અને પ્રગટમાં તો એકલો વિકાર મિથ્યાત્વ છે એમાં માની બેસે કે અમે સાધુ છીએ. શું થાય ? ઓહો..હો..! ભગવાન પણ ત્યાં પરમાં કરી શું શકે ? કેવળી જાણે અને કરે શું ? અનાદિનો એવો જ કોઈ અજ્ઞાની સ્વચ્છંદતામાં પોતાના સ્વરૂપને ભૂલી કાંઈકનું કાંઈક માનીને બેઠો હોય છે. આમ ચોરાશીના અવતારમાં (રખડે છે). આહા..હા..! એક જીવ મરીને ક્યાં જાય, એક મરીને ક્યાં જાય. ક્યાંય પત્તા નથી. સ્વરૂપના ભાન ને અનુભવ વિના બહારની ક્રિયાકાંડે શું ફળ આવે એની એને ખબર નથી.

એ આ આવે છે ને ? 'ફળ અનેકાંત લોચન ન દેખે' 'આનંદઘનજી' માં આવે છે. 'આનંદઘનજી' માં શ્વેતાંબરમાં આવે છે, હોં ! 'કોઈ કહે સેવીએ વિવિધ ક્રિયા કરી ફળ અનેકાંત લોચન ન દેખે, ફળ અનેકાંત ક્રિયા કરી બાપડા રડવડે ચહુ ગતિમાંહી લેખે, ધાર તરવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિનતણી ચરણ સેવા' આહા..! 'કોઈ કહે સેવે વિવિધ ક્રિયા કરી' ભિન્ન ભિન્ન રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, આ કરીને આત્માને સેવીએ. 'ફળ અનેકાંત..' પણ એનું ફળ અનેકાંત એટલે એક જ શુદ્ધતા એ તો નથી. અનેકાંત–કોઈમાં મનુષ્યપણું મળે, કોઈ દેવપણે મળે, કોઈ ઢોરપણું થાય એવા વિકારના ફળ તો અનેક પ્રકારના છે. શુદ્ધતાની એકતા એના વિકારના ફળમાં નથી. ઇ 'આનંદઘનજી' કહે છે, હોં ! 'ફળ અનેકાંત...' અનેકાંત એટલે કોઈ એક પ્રકારનું નથી. આમ શુદ્ધ શુદ્ધ (નથી). અનેક ભિન્ન ભિન્ન કોઈ રાગની મંદતાના ફળમાં કોઈ સ્વર્ગમાં, કોઈ વ્યંતરમાં, કોઈ જ્યોતિષમાં, કોઈ રાજા થાય, સિંહ થાય ને વાઘ થાય. આહા..!

'ફળ અનેકાંત ક્રિયા કરી બાપડા રડવડે ચહુ ગતિમાંહી રે..' ચાર ગતિમાં જીવ રખડે છે. અરે..! એની એને દયા નથી, પોતાની પોતાને દયા નથી એમ કહે છે. અરે..! હું ક્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાઈશ ? કોઈ નિર્ણય થાપ આવ્યો અંદરથી ? કે મારે ભવ નથી અને ભવ હોય તો પણ તે એકાદ બે ભવ સાધક ને પૂરું કરવાના છે. આ તો ક્યાં ભવ ને કેટલાના કાંઈ ઠેકાણા નહિ અને શું તને ક્રિયાકાંડનો રંગ ચડી ગયો, કહે છે. આહા..હા..! એ તો ક્યાં છે બધું ?

ભાઈ ! તારું સ્વરૂપ તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય (છે) એવી દૃષ્ટિ થઈ, જ્ઞાનનું ભાન થયું કે હું ચૈતન્ય નિર્મળ છું, હું આનંદ સ્વરૂપ છું. એવું ભાન થતાં ભવનો નાશ થયો છતાં કહે છે જ્ઞાનીને જરી આવું ભાસ થાય, મલિનના પરિણામ જરી દેખાય (તો) જાણે છે કે પર્યાયમાં આટલો ભાગ બાકી છે. એક બાજુ શુદ્ધને જોવે તો તદ્દન શુદ્ધ છે, એક બાજુ બેયને જોવે કે શુદ્ધ ને અશુદ્ધ તો બેય બાજુ દેખાય છે. દેખાવ હો, મારા જ્ઞાન સ્વરૂપમાં કાંઈ બીજી ચીજ થઈ નથી.

**'કોઈ વાર અમેચક (–એકાકાર, શુદ્ધ) દેખાય છે; તો પણ પરસ્પર સુસંહત (-સુમિલિત, સુગ્રથિત, સારી રીતે ગૂંથાયેલી)...'** એવી પણ એક અવસ્થામાં મલિનતા અને નિર્મળતા બેય એક સમયમાં હોય. ત્રિકાળી શુદ્ધ ને અવસ્થા મલિન એમ પણ હોય. એકકોર શુદ્ધ એકલો જોતા દ્રવ્ય શુદ્ધપણું જણાય. આ પર્યાયની એકલી શુદ્ધતા દેખતા એકલી પર્યાય પણ જણાય. આહા..હા..!

શ્રોતા :– છતાં આકુળતા નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આકુળતા નથી. છે, જાણો, જાણવાનો સ્વભાવ છે. ક્રમે ક્રમે એ ગળી જશે ને પરમાત્મપદ રહી જશે. સમજાણું કાંઈ ? આવું હોવા છતાં તો પણ પરસ્પર સુગ્રથિત, ગુંથાયેલી વસ્તુની સ્થિત જ એવી છે કહે છે. મારું તત્ત્વ જ એવું છે. સમજાણું કાંઈ ? પર્યાયમાં એક ભાગમાં મલિનતા દેખાય, એ જ પર્યાયમાં એક ભાગમાં નિર્મળતા દેખાય, એ જ ભાગમાં એકલું દ્રવ્ય દેખે તો શુદ્ધ દેખાય. એ તો સ્વરૂપ એવું છે, તત્ત્વ આવું જ છે કહે છે. કોઈને લઈને છે ને કોઈમાં આ છે એમ છે નહિ. મારામાં આ રીતે સ્થિતિ છે એમ જાણે છે એમ કહે છે. સમજાય છે કાંઈ ? મારો પર્યાય જરીક વિકારપણે છે, જાણે છે. એ જ પર્યાયમાં નિર્મળતા છે એ પણ જાણે છે. એ જ કાળે આખું દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે એ પણ જાણે છે. આવી શક્તિઓમાં પ્રકાર ભિન્ન ભિન્ન હોતા છતાં ગૂંથાયેલી વસ્તુ છે, એમાંથી એક વાત કાઢી નાખો તો વસ્તુ સિદ્ધ થશે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ ?

**'તો પણ પરસ્પર સુસંહત,...' 'પરસ્પર સુસંહત...'** દેખો ! પર્યાય નિર્મળ પણ હો, એક ભાગ મલિન પણ હો. એથી શું ? એવી વસ્તુની મર્યાદા છે. પર્યાયનો જરી ભાગ મલિન હો, અંશે નિર્મળ હો અને પૂર્ણ નિર્મળ દ્રવ્ય છે. હો, એમાં કાંઈ અમેળ નથી એમ કહે છે. એ કાંઈ અમેળ નથી. સુસંહત છે, મેળવાળું છે એમ કહે છે. આહા..હા..! આમ ન હોઈ શકે એમ નથી, એમ (કહે છે). આમ ન હોઈ શકે એમ નહિ. આમ હોય એવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તત્ત્વ છે એમ કહે છે. સમજાણું કાંઈ ?

**'તો પણ...'** આમ હોવા છતાં પણ માહોમાહે એટલે અશુદ્ધતા પર્યાયની, શુદ્ધતા પર્યાયની, દ્રવ્યની શુદ્ધતા એવા માહોમાહે સુમિલિત છે, મળેલી ચીજ છે, એ વસ્તુનું સ્વરૂપ જ છે. સુગ્રથિત છે, ગૂંથાયેલું જ એ રીતે છે, **'(સારી રીતે ગૂંથાયેલી) પ્રગટ શક્તિઓના સમૂહરૂપે...'** એવી પ્રગટ શક્તિઓના સમૂહ વડે **'સ્ફુરાયમાન તે આત્મતત્ત્વ નિર્મળ બુદ્ધિવાળાઓના મનને...'** નિર્મળ બુદ્ધિવાળા મનને - સમ્યગ્જ્ઞાનીને **'મનને વિમોહિત કરતું નથી...'** ભ્રમણા થતી નથી. આ શું ? એકકોર દ્રવ્ય સ્વભાવ શુદ્ધ, વળી પર્યાય થોડી શુદ્ધ, વળી એક પર્યાય થોડી અશુદ્ધ. 'અમરચંદભાઈ' ! આહા..! એ તો વસ્તુની સ્થિતિ છે. પૂર્ણ પરમાત્મા ન થાય ત્યાં સુધી વસ્તુની મર્યાદાની ગૂંથણી આ જાતની છે, આ રીતે ગૂંથાયેલી ચીજ છે. સમજાણું કાંઈ ?

એકવાર કહ્યું હતું કે આત્મા તદ્દન આત્મા જ એને કહેવો. કે દ્રવ્ય, ગુણ ને પર્યાય શુદ્ધ હોય એને આત્મા કહેવો ? સમજાણું ? અને આ વિકલ્પ પરિણામ છે એ કાંઈ આત્મા નથી. પણ એ અશુદ્ધ છે એવું અહીં જાણે છે એમ અહીં કહે છે. સમજાણું કાંઈ ? અશુદ્ધતા છે, ... હોય એથી મૂંઝવણમાં આવી જાય છે (કે) આ, આ શું ? એ પર્યાયનો એ જાતની ... શુદ્ધ નથી, અશુદ્ધતા હો, એ બધું મેળવાળું છે કહે છે. અમેળ (નથી). દ્રવ્ય શુદ્ધ, કેટલીક પર્યાય શુદ્ધ ને કોઈ અશુદ્ધ, આ શું મેળ વિનાનું છે ? – કે ના. મેળવાળું છે. 'જેઠાલાલભાઈ' ! આહા..! તત્ત્વની સાધક દશામાં આવી સ્થિત જ મેળવાળી છે, નહિતર બીજી રીતે હોય શકે જ નહિ એમ કહે છે. આહા..! ઇ વસ્તુની સ્થિતિ જ એવી છે એમ કહે છે. અહીં તો એ સિદ્ધ કરવું છે ને ? હવે છેલ્લા મહા મોટા શ્લોકો લોકો છે, અલૌકિક ગંભીર શ્લોકો છે. વસ્તુનું, તત્ત્વનું દોહન છે.

એક બાજુ એમ કહે કે અશુદ્ધતા દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે જ નહિ. 'સિદ્ધ સમાન સદા..' પર્યાય મારી શુદ્ધ છે કહે, લે ! એમ પણ કહે. એ..ઇ..! એકકોર કહે કે પર્યાય મારી અશુદ્ધ છે, મારે લઈને મારી અશુદ્ધ છે, મારે લઈને મારામાં અશુદ્ધ છે. આરે.. આરે...! જ્યાં સુધી પૂર્ણ કેવળજ્ઞાન પર્યાયની દશા પૂર્ણ પ્રગટી નથી (ત્યાં સુધી) હો. હો તેથી આદર છે ને આદરણીય છે એમ નથી અને હો, હોય તેથી સાધકપણું ચાલ્યું જાય છે એમ નથી અને હો તેથી મૂંઝવણ આવી જાય છે (કે) આ શું ? એમ પણ નથી. સમજાણું કાંઈ ?

ઓહો.. ! 'અમૃતચંદ્રાચાર્યે' જંગલમાં રહીને ભારે કામ (કર્યા છે) ! ઓહો..હો..! પરમેશ્વરના પેટ ખોલ્યા છે. કેવળજ્ઞાનીઓના કાળજા ખોલીને મુક્યા છે. પર્યાયમાં જાણ્યું એવું કહ્યું. આ તો અપૂર્વ વસ્તુ છે, ભાઈ ! અને તે તારા ઘરની તારામાં છે. છે તેને જો, જાણ અને છે તેને અનુભવ. સમજાણું કાંઈ ? કો'કની ચીજ નથી કે તે પોતાની થઈને એને અનુભવે. એ તો તારી ચીજ છે.

કહે છે, આ રીતે **'પ્રગટ શક્તિઓના સમૂહરૂપે...'** એ પણ એક શક્તિ થઈ. ત્રિકાળી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શક્તિ, પર્યાયમાં એટલી અશુદ્ધતા એ પણ એક શક્તિ છે ને એટલી ? યોગ્યતાની શક્તિ (છે). એટલી યોગ્યતાની શક્તિ છે. પોતાને કારણે છે. જુઓ ! આમાં કાંઈ પરને કારણે એ વાત અહીં લીધી નથી. પરનું કારણ અહીં ક્યાંય છે નહિ. પોતાના અસ્તિત્વની જ આ દશાનું સ્વરૂપ અહીં વર્ણવાય છે. કહો, સમજાણું આમાં ?

**'પ્રગટ શક્તિઓના સમૂહરૂપે સ્ફુરાયમાન તે આત્મતત્ત્વ નિર્મળ બુદ્ધિવાળાઓના મનને...'** આવું જણાવા છતાં સમ્યગ્જ્ઞાનીને – ધર્મીને **'નિર્મળ બુદ્ધિવાળાઓના મનને વિમોહિત કરતું નથી (-ભ્રમિત કરતું નથી, મૂંઝવતું નથી).'** આહા..હા..! મૂંઝવે શું ? જાણે છે કે આમ હોય. સમજાણું કાંઈ ? ધર્મીને પર્યાયમાં અશુદ્ધતા હોય એમ જાણે, શુદ્ધતા હોય એમ જાણે, ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે એમ જાણે એમ કહે છે. મારે ઘરે મેલ કેવા વળી આ તે ? આ ઘરમાં નથી પણ પર્યાયમાં અંશે એ છે એને તું જાણજે, મૂંઝવણમાં પડીશ નહિ. સાધકપણું છે.

શ્રોતા :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– ના, ના. ઇ છે જાણે છે એટલું. અહીં તો તત્ત્વને જાણે એમ કીધું ને ? જુઓને ! **'सहजमेव तत्त्वं मम'** આવું છે. **'तथापि न विमोहयति अमल मेधसां'** એમ છે ને ? **'अमल मेधसां'** નિર્મળ બુદ્ધિવાળા **'अमल'** એટલે નિર્મળ, **'मेधसां'** એટલે બુદ્ધિ. **'परस्पर-सुसंहत-प्रकट-शक्ति-चक्रं स्फुरत् तत्'** લ્યો ! સમૂહ, સમૂહનો અર્થ ચક્ર થયો. ચક્રનો અર્થ કર્યો ને ? પ્રગટ શક્તિનો સમૂહ. અશુદ્ધતા પણ એક યોગ્યતા છે, શુદ્ધતા પણ એક યોગ્યતા છે, ત્રિકાળ શુદ્ધપણે સ્વભાવ છે.

આ તો ઘરમાં સંભાળવા આવ્યો એની વાત ચાલે છે. એણે ઘરને જોયું છે, જાણ્યું છે કે આ તો શુદ્ધ ચૈતન્ય છે, હું તો જ્ઞાન છું. છતાં આ શું ત્યારે ? આ વળી જ્ઞાનમાં આ અવસ્થા મને ? હોય, અવસ્થાનો અંશ એક સમયની પર્યાયની યોગ્યતા અંશ (છે). એક જ પર્યાયના બે ભાગ હોય છે. એથી શું ? એક પર્યાયના બે ભાગ–થોડો અશુદ્ધ, થોડો શુદ્ધ. હો. પર્યાયના બે ભાગ. વસ્તુસ્થિતિ છે, એમાં શું ? જાણવામાં આવે.

(સંવત) ૨૦૧૩ માં વાત થઈ હતી. 'સુરેન્દ્રનાથ' છે ને ? મેં કીધું, એક પર્યાયના બે ભાગ પુસ્તકમાં આવ્યું હતું એ તમે ને ? હા. 'સુરેન્દ્રનાથ' 'ઇસરી' માં છે ને ? બ્રહ્મચારી છે, અત્યારે 'ઇસરી' માં અગ્રેસર છે. અધ્યાપક શું કહેવાય ? અધિષ્ઠાતા... અધિષ્ઠાતા. હમણા ગયા હતા ને ? એ તે દિ' ૨૦૧૩ની સાલની વાત (છે). એક પર્યાયના બે ભાગની ચર્ચા થઈ હતી એ તમેને ? એમ કે એક પર્યાયના બે ભાગ હોય ? ન હોય, એમ કહેવું હતું. છાપામાં આવ્યું હતું. એક પર્યાયના બે ભાગ હોય ? બે ભાગ હોય. ઇ અહીં આવે છે. મેળવાળી વાત છે.

શ્રોતા :– સાધક છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાધક છે ને ! અહીં સાધકની વાત ચાલે છે ને ! સિદ્ધની ક્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાત છે. હો તો જાણે છે. નથી જેટલી અશુદ્ધતા અને શુદ્ધ થઈ છે એને પણ જાણે છે, આખું દ્રવ્ય શુદ્ધ છે એને જાણે છે. સમજાણું કાંઈ ? એથી સમ્યગ્દર્શનનો વિષય અશુદ્ધ છે એમ નથી. અહીં તો જ્ઞાન પ્રધાનની વાત કરવી છે.

જ્ઞાને શુદ્ધ દ્રવ્યને વિષય કર્યો છે છતાં પરિણમનમાં કાંઈ અશુદ્ધતા ને શુદ્ધતા બે ભાગ છે એમ જ્ઞાની જાણે છે, એમ કહે છે. છતાં એ સમ્યગ્દર્શનનો વિષય છે એમ નહિ. વિષય તો ધ્રુવ જ છે પણ ધ્રુવને અવલંબતા છતાં જેટલું અવલંબન થયું એટલી શુદ્ધતા અને હજી બાકી રહ્યું એટલી અશુદ્ધતા છે. ઉગ્ર અવલંબન થઈ જાય એટલે એકલી શુદ્ધતા થઈ જાય. એમ સિદ્ધ કરવા આ વાત કરી છે. સમજાણું કાંઈ ?

**ભાવાર્થ :– 'આત્મતત્ત્વ અનેક શક્તિઓવાળું હોવાથી...'** જુઓ ! ૪૭ શક્તિ લીધી છે ને ? ૪૭ શું લીધી છે ? શક્તિ જ લીધી છે ને ? 'જ્ઞેય અધિકાર'માં. 'પ્રવચનસાર'માં નય, ૪૭ નય. ૪૭ શક્તિ લીધી 'સમયસાર'માં અને ૪૭ નય. પણ નયનો વિષય છે ને એ પ્રકારનો ? નય તો જ્ઞાન છે, જાણે છે. એ આવ્યું છે. કર્તાપણું પરિણમ્યું છે રાગ એ મારું છે. એ કર્તા-કર્મરૂપ કરું એમ નહિ પણ પરિણમન છે રાગનું એ મારું છે, મારા અસ્તિત્વમાં છે, પરને લઈને નહિ. જ્ઞાનને જાણવું છે ને ? શ્રદ્ધામાં તો દ્રવ્ય વિષય અભેદ તદ્દન છે. એમાં તો બે પ્રકાર પણ નથી. પર્યાય ને ગુણ ને ભેદ પણ ક્યાં છે એમાં ? પણ એની સાથે થયેલું જ્ઞાન આવો સમય સમયનો વિવેક કરે છે. સમજાણું કાંઈ ?

**'આત્મતત્ત્વ અનેક શક્તિઓવાળું હોવાથી કોઈ અવસ્થામાં કર્મના ઉદયના નિમિત્તથી અનેકાકાર અનુભવાય છે,...'** લ્યો ! નિમિત્તથી અનેક પ્રકારનું વિકલ્પ આદિ, રાગાદિ જણાય છે. જો અહીં આવ્યું પાછું. **'કર્મના ઉદયના નિમિત્તથી'** પણ નિમિત્તથી ને ? નૈમિત્તિક કોનું ? લખાણ આવે. અહીં તો કહે (છે), સ્વભાવને કારણે નથી એથી નિમિત્તના લક્ષે થયેલો વિકાર (છે) એમ બતાવવા વાત કરી. પાઠમાં તો કાંઈ છે જ નહિ. આ તો સીધું તત્ત્વ જ મારું આવું છે. પણ પેલું અશુદ્ધપણું જરીક છે એ નિમિત્ત છે એના લક્ષે એટલું છે તે છે. સ્વભાવ તરફ જેટલો આવ્યો છે એટલી શુદ્ધતા છે અને પૂર્ણ શુદ્ધતા નથી એટલે એટલું હજી પર તરફ લક્ષ છે, એટલે કર્મના ઉદયના નિમિત્તથી, ઉપાદાનથી નહિ.

**'અનેકાકાર અનુભવાય છે, કોઈ અવસ્થામાં શુદ્ધ એકાકાર અનુભવાય છે...'** લ્યો ! એકલું શુદ્ધ દ્રવ્ય જોવે અથવા શુદ્ધની પર્યાયનો જ અનુભવ કરે (તો) શુદ્ધ એકાકાર જણાય છે. **'અને કોઈ અવસ્થામાં શુદ્ધાશુદ્ધ અનુભવાય છે;...'** બન્ને એક સાથે પણ જાણે છે. ત્રિકાળ શુદ્ધ છું, પર્યાયમાં કેટલીક શુદ્ધતા છે ને અવસ્થામાં કેટલીક અશુદ્ધતા પણ છે. **'તો પણ યથાર્થ જ્ઞાની સ્યાદ્વાદના બળથી...'** જુઓ ! અપેક્ષિત જ્ઞાન જેટલા પ્રકાર છે તેને જાણે છે. જેમ (વેદાંતી) કહે, આત્મા અને અનુભવ ? બે ? એમ વેદાંત કહે છે. આત્મા અને અનુભવ એ તો બે થઈ ગયા. એવું હોય નહિ. આત્મા આત્માનો અનુભવ કરે એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોય નહિ. બે નહિ, દ્વૈત નહિ. અહીં તો કહે (છે), સાંભળને ! આત્માનો અનુભવ ને એ પર્યાય નિર્મળ અને અનિર્મળ બેયને જાણે એવું વસ્તુનું તત્ત્વનું સ્વરૂપ છે. તું માને છે એવું તત્ત્વ નથી. સમજાણું કાંઈ ? શુદ્ધતા પ્રગટી પછી એકલી શુદ્ધ પર્યાય જ હોય એમ નથી. એમ અહીંયા કહે છે. **'યથાર્થ જ્ઞાની સ્યાદ્વાદના બળથી ભ્રમિત થતો નથી, જેવું છે તેવું જ માને છે, જ્ઞાનમાત્રથી ચ્યુત થતો નથી.'** જાણનાર-દેખનાર હું જ્ઞાતા-દ્રષ્ટા છું. એને જાણું, આને જાણું. જાણવાથી (મુંઝાતો) નથી. શું સમજાણું કાંઈ ? હવે ૨૭૩ (કળશ) કહે છે.

**'આત્માનો અનેકાંતસ્વરૂપ (-અનેક ધર્મસ્વરૂપ) વૈભવ...'** જુઓ ! આવ્યો આ વૈભવ. જુઓ ! આ વૈભવ–પ્રતાપ, મહિમા. આપણે 'આત્મ વૈભવ' નામ આપ્યું છે ને 'હરીભાઈ'એ ? શક્તિઓના (પ્રવચન પુસ્તકનું નામ) 'આત્મ વૈભવ'. આત્માનો અનેકાંત એટલે અનંત ધર્મસ્વરૂપ, અનેક ધર્મસ્વરૂપ. એમ છે ને ? અનેક છે ને ? અનેક એટલે અનેક, અંત એટલે ધર્મ. **'અનેકાંતસ્વરૂપ વૈભવ અદ્દ્ભુત (આશ્ચર્યકારક) છે...'** અદ્દ્ભુત એક શબ્દ લીધો છે, પછી આગળ બે લેશે. અહીં શરૂઆત કરે છે. અહો ! ભગવાન આત્માનો વૈભવ અદ્દ્ભુત છે ! એના વૈભવને શું કહીએ ! આહા..!

ભગવાન આ આત્મા, હોં ! એનો વૈભવ. વૈભવ છે ને આ ? આ તો તમારા વૈભવમાં બધી વાતું ચાલે છે. આને પૈસા આટલા છે ને આને સોનાનું આટલું છે, આને ઢીંકણું છે. પણ એનું ક્યાં છે તે એનું કહે છે ? એ તો છે એનું છે, પરનું (છે). એનું છે એમ કહેવામાત્ર છે. જૂઠી ભાષાથી નહોતું કીધું ? જૂઠી ભાષાથી એના સંબંધના માટે એમ કહેવાય (કે) એનું છે એટલે (એનું) છે નહિ. એ વૈભવ ધૂળનો કે દિ' હતો ? આહા...હા.. ! એટલો વૈભવ એનો જોઈએ તો આહા..હા..! ... 'હુકમચંદ' શેઠનો એક ઓરડો એક કરોડનો ! એક કરોડ રૂપિયા. ગયા હતા બતાવવા. એક કરોડ રૂપિયાનો એક. ઓરડામાં બધું (ભરેલું). એક ઓરડો હતો એમાં બધું ભરેલું. શેઠને ઘરે હોય ને ? આ રૂપાના બધા યાદગીરીના... રૂપાનું શું કહેવાય આ બધું ? અભિનંદનના ખોખા. ધૂળે ખોખા સાથે આવે એવા નથી. રહી ગયા ને પડ્યા રહ્યા. માન સેવ્યું હોય કે મને મળ્યા. મરી ગયો એમાં આત્મા. શેના માન ? તારા માનને માટે તું તૈયાર છે. બીજો તને શું આપે ? એવો આત્માનો વૈભવ એ વાત હવે કાલ કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૭૫, પ્રવચન નં. ૫૮૫
## તા. ૦૧-૦૮-૧૯૬૮
## [૧૭]

આ 'કર્તા-કર્મ અધિકાર' ની ૭૫ ગાથા છે. જુઓ ! અહીંયા આવ્યું છે. **'સ્વયં વ્યાપ્ત હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.'** છે ? શું કહે છે ? થોડી સૂક્ષ્મ વાત છે. આ જે પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, સુખ અને દુઃખની જે રાગદશા કે કલ્પના છે તે કર્મનું કાર્ય છે. કર્મ કર્તા અને તે અવસ્થા તેનું વ્યાપ્ય નામ અવસ્થા છે. ધર્મીની અવસ્થા નથી, એ વાત ચાલે છે. સમજાણું કાંઈ ?

ધર્મી–સમ્યગ્દૃષ્ટિ એ રાગથી અને કર્મથી ભિન્ન પડ્યા છે. ધર્મી એને કહીએ કે જે રાગ, પુણ્ય-પાપના જે વિકલ્પ છે અને કર્મ જે છે અને શરીર, તેનાથી તેની દૃષ્ટિ ભિન્ન છે. ભિન્ન હોવાથી પોતાના સ્વભાવની અભિન્ન દૃષ્ટિને કારણે જેટલા પુણ્ય-પાપ આદિ, હરખ, શોક, દયા, દાન, વ્રત વ્યવહાર રત્નત્રયનો જેટલો રાગ ઉત્પન્ન થાય છે એ વ્યાપ્ય નામ અવસ્થા છે (અને) કર્મ વ્યાપક છે. સમજાણું કાંઈ ? કાલે ચાલ્યું એ જ વાત ચાલી.

અહીંયા સમ્યગ્દૃષ્ટિ જીવની વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્મીની વાત ચાલે છે. ધર્મીનો આત્મા પુણ્ય-પાપ જે વ્યવહાર રત્નત્રયનો રાગ છે તેનાથી ભિન્ન પડી ગયો છે. રાગથી ભિન્ન પોતાનો આત્મા છે એમ માને છે. કેમ કે રાગ છે તે આસ્રવ છે અને કર્મ આદિ છે તે તો અજીવ છે. આત્મા, જેને સમ્યગ્જ્ઞાનમાં, સમ્યગ્દર્શનમાં આત્માનું ભાન થયું એ ધર્મીમાં જે રાગથી ભિન્ન પડ્યા છે એ આત્માને જે રાગાદિ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્યવહાર વિકલ્પ, જેટલા વ્યવહાર રત્નત્રય કહેવાય છે તેટલા જે રાગ ઉત્પન્ન થાય છે એ રાગને કરનારું કર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? સમ્યગ્દૃષ્ટિ તેનો કર્તા નથી. આહા..! સૂક્ષ્મ વાત છે. સમજાણું કાંઈ ?

સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ધ્રુવ ચિદાનંદ ઉપર પડી છે. તે કારણે ધ્રુવમાંથી નિર્મળ આનંદ ને શાંતિ આદિ સ્વચ્છતા, વીતરાગી પર્યાય ધર્મીને ઉત્પન્ન થાય છે. એ વીતરાગી પર્યાય ધર્મીનું કાર્ય છે અને ધર્મી કર્તા છે. પણ જે રાગાદિ વ્યવહાર ઉત્પન્ન છે એ કર્મના પરિણામ છે. કેમ કે પોતાના પરિણામ નથી તો કર્મના પરિણામ છે. જેમ કર્મ ભિન્ન છે તેમ એ રાગ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતના પરિણામ પણ આત્માથી ભિન્ન છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો કર્મ વ્યાપક થઈને, પ્રસરીને, વિસ્તાર પામીને એ વિકારની પર્યાયમાં વ્યાપ્ય અવસ્થા વિકારની થાય છે. આત્મા પ્રસરીને, વિસ્તાર પામીને વિકાર થાય છે એવું આત્મામાં નથી. અને ધર્મીની દૃષ્ટિ આત્મા ઉપર છે. સમજાણું કાંઈ ? 'ધન્નાલાલજી' ! આહા..હા..!

જેમ એ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત, ભક્તિનો શુભરાગ કે સુખ-દુઃખની કલ્પના વ્યાપ્ય છે. કોનું ? – કર્મનું. કર્મ સ્વતંત્ર વ્યાપક થઈને વિકારી પર્યાય સ્વયં વ્યાપ્ય થાય છે. એમ આ શરીર, વાણી, મન પરમાણુ છે એ વ્યાપક કર્તા છે અને તેની એવી પર્યાય થાય છે તે તેનું કર્મ છે. ***જેમ શરીર વ્યાપક થઈને, કર્તા થઈને પોતાની આવી અવસ્થા કરે છે તે શરીરની વ્યાપ્ય અવસ્થા છે એમ, વિકારી પર્યાય કર્મની વ્યાપ્ય અવસ્થા છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ કર્મની વ્યાપ્ય અવસ્થા છે, આત્માની નહિ. આહા..હા..! રાડ નાખે એવું છે.***

શ્રોતા :– સ્વભાવથી નથી તો ક્યાંથી થાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– દ્રવ્ય સ્વભાવમાં ક્યાં છે ? સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે. સમજાણું કાંઈ ? એવી વાત છે, ભાઈ ! 'જિનેશ્વરદાસજી' ! હવે જામે છે કે નહિ ?

ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદનો પુંજ પ્રભુ આત્મા છે. ધર્મીની દૃષ્ટિમાં દ્રવ્ય છે. તો દ્રવ્યનું કાર્ય તો નિર્મળ જ્ઞાતા-દૃષ્ટા વીતરાગી પર્યાય તે દ્રવ્યનું કાર્ય છે. દ્રવ્યનું કાર્ય કહો કે સમ્યગ્દૃષ્ટિનું કાર્ય કહો. સમજાણું કાંઈ ? વસ્તુની સ્થિતિ એમ છે. લોકોને ખબર ન પડે અને ખ્યાલ ન આવે એટલે કાંઈ વસ્તુની સ્થિતિ બદલી જાય છે ?

જ્યાં સુધી પુણ્ય અને પાપના વિકલ્પ (થતા હતા), જ્યાં સુધી પર્યાયબુદ્ધિ હતી ત્યાં સુધી વિકાર પરિણામનું કાર્ય મારું અને હું કર્તા, એમ માનતો હતો. સમજાણું કાંઈ ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ એ મારું કાર્ય અને હું તેનો કરવાવાળો. એમ જ્યાં સુધી પર્યાય નામ રાગ અને વિકાર ઉપર રુચિ હતી ત્યાં સુધી વ્યાપ્ય વિકાર અવસ્થા અને વ્યાપક અજ્ઞાની કર્તા (હતો). સમજાણું કાંઈ ?

પરંતુ જ્યારે દૃષ્ટિ પલટી ગઈ (કે) અંશ રાગ નહિ, અલ્પજ્ઞ પર્યાય પણ હું નહિ, નિમિત્ત નહિ, રાગ નહિ, અલ્પજ્ઞ પર્યાય જેવડો પણ હું નહિ, હું તો દ્રવ્ય શુદ્ધ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ છું – એમ દૃષ્ટિ થવાથી ધર્મીને દ્રવ્ય સ્વભાવમાંથી પરિણમન થઈને દ્રવ્ય સ્વભાવમાં વિકાર નથી. તેમાં તો નિર્વિકારી શાંતિ, આનંદ આદિ છે તો તેનું કાર્ય આનંદ ને શાંતિ ને જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ (થાય છે), તે ધર્મીનું કર્મ નામ કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? અને ***આ શરીરાદિની અવસ્થા, ભાષાની અવસ્થા અને પુણ્ય-પાપના પરિણામની અવસ્થા (થાય છે) તો પુણ્ય-પાપના પરિણામની અવસ્થાનું વ્યાપ્ય કર્મ છે અને શરીરની અને ભાષાની અવસ્થાનું વ્યાપક પુદ્‌ગલ (છે). બન્ને પુદ્‌ગલના પરિણામ ગણીને, રાગાદિ, પુણ્ય આદિ,***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***દયા, દાનના વિકલ્પ પણ પુદ્ગલના પરિણામ છે. પુદ્ગલ સ્વતંત્ર વ્યાપક થઈને વિકારની પર્યાય વ્યાપ્ય કરે છે અને વિકારી પર્યાય સ્વયં વ્યાપ્ત હોવાથી કર્મ છે.*** ત્યાં સુધી આવ્યું છે. સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ ! છે ને ? જુઓ ! એમાં છે ? તેમાં છે તેનો અર્થ થાય છે, ઉપરથી નથી થતા.

કહે છે કે એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના શુભાશુભ ભાવ એ વ્યાપ્ય અને કર્મ તેનું વ્યાપક (છે). કર્મ કર્તા અને એ વિકારી અવસ્થા તે તેનું કાર્ય (છે). એક વાત. પછી શરીર, વાણીની પર્યાય (થાય) તેનો પુદ્ગલ કર્તા (છે) અને તે તેનું વ્યાપ્ય છે. તો બન્નેને પુદ્ગલ પરિણામ કહી દીધા. જેમ દયા, દાન, જેમ ભગવાનના પરિણામ તીર્થંકર ગોત્ર બાંધવાનો ભાવ તે પુદ્ગલના પરિણામ અને શરીરની અવસ્થા તે પુદ્ગલના પરિણામ. બન્ને પુદ્ગલના પરિણામ. પુદ્ગલ દ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. સમજાણું કાંઈ ? તેથી **'પુદ્ગલપરિણામનો કર્તા છે...'** એ પુણ્ય-પાપના પરિણામ અને શરીરની અવસ્થા, ભાષાની અવસ્થા (થાય તેમાં) **'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** પુદ્ગલ પરિણામનો કર્તા પુદ્ગલ છે.

**'અને પુદ્ગલપરિણામ...'** અર્થાત્ શુભ ને અશુભ વિકલ્પ ને રાગ અને ભાષા અને દેહની અવસ્થા, બધાને અહીંયા પુદ્ગલ પરિણામ કહેવામાં આવ્યા છે. **'પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે...'** તે વ્યાપક વડે, પુદ્ગલ વ્યાપકથી વિકારી પર્યાય અને શરીર અવસ્થા, ભાષાની અવસ્થા **'સ્વયં વ્યાપતું હોવાથી...'** પર્યાય સ્વયં વ્યાપ્તી હોવાથી. ભાઈ ! ત્યાં પર્યાય સ્વતંત્ર લીધી. વ્યાપક છે તે કર્તા છે અને વ્યાપ્ય અવસ્થા સ્વયં પ્રાપ્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? સૂક્ષ્મ છે. તત્ત્વદૃષ્ટિ એવી ચીજ છે કે એ તત્ત્વની દૃષ્ટિ વિના માની લે કે અમે ધર્મી છીએ અને ધર્મ કરીએ છીએ. અનાદિનું માન્યું છે અને મનાવે છે અને માને છે તેને ભલું માન્યું છે. સ્વતંત્ર છે.

કહે છે કે એ પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક (છે). પુદ્ગલદ્રવ્ય શબ્દે કર્મ અને શરીર, વાણી, મનના પરમાણુઓ સ્વતંત્ર વ્યાપક (છે). તેથી પુદ્ગલપરિણામના કર્તા છે. એ પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક અર્થાત્ કર્તા (છે અને) પુણ્ય-પાપ ને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનો કર્તા પુદ્ગલદ્રવ્ય છે. પુસ્તક સામે રાખ્યું છે કે નહિ ? પુસ્તક સામે રાખ્યું છે ને ? એમાં એ છે કે નહિ ? એમ લખ્યું છે ? સમજાણું કાંઈ ?

ભાઈ ! પ્રભુ ! તારી દૃષ્ટિ જ્યારે પ્રભુતા - આત્મા ઉપર પડી હોય ત્યારે પામર વિકારનો કર્તા આત્મા થતો નથી. વિકારના પરિણામ જે થયા તેનો જ્ઞાતા થઈને જ્ઞાનપરિણામ જીવનું કર્મ છે પણ એ રાગ અને વ્યવહાર આત્માનું કર્મ છે, કાર્ય છે અને પરિણામ છે એમ છે નહિ. આહા..હા..! ભારે વાતું, ભાઈ !

**'તેથી પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને...'** કર્મ અને શરીરના પુદ્ગલ દ્વારા કર્તા થઈને...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પુદ્ગલદ્રવ્ય શબ્દે કર્મ ને શરીર ને વાણીના પરમાણુઓ. તે કર્તા થઈને **'કર્મપણે કરવામાં આવતું...'** પુણ્ય-પાપના, દયા, દાન, વ્રતના ભાવ એ કર્મરૂપે પુદ્ગલ વડે કરવામાં આવતું **'જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ...'** છે. **'જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગપરિણામ..'** છે. પુણ્ય અને પાપ, રાગ ને દ્વેષ, સુખ-દુઃખની કલ્પના એ પુદ્ગલ પરિણામ ને શરીરની અવસ્થા ને ભાષાની અવસ્થા (થાય તે) બધા પુદ્ગલપરિણામ (છે). આહા..હા..! તે પુદ્ગલપરિણામ છે.

**'તેને જે આત્મા,...'** તેને જે આત્મા **'પુદ્ગલપરિણામને અને આત્માને...'** શબ્દે શબ્દમાં જરી ધીરેથી સમજે તો સમજાય એવી વાત છે. આ તો અંતરદૃષ્ટિની વાત છે. અધ્યાત્મ સ્વભાવની દૃષ્ટિ છે તો તેમાં શું થાય છે તેની વાત ચાલે છે. જેને પુણ્ય-પાપનો રાગ અને શરીરથી ભિન્ન આત્મા છે એવું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું તેની વાત છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એ પુદ્ગલપરિણામ છે. **'કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ...'** અથવા પુણ્ય-પાપ અને શરીરની અવસ્થા અને ભાષાની અવસ્થા (થાય) તે બધા પુદ્ગલપરિણામ છે.

**'તેને...'** એ પુદ્ગલપરિણામને **'જે આત્મા,...'** જે આત્મા **'પુદ્ગલપરિણામને અને આત્માને...'** શુભ-અશુભરાગ ને સુખ-દુઃખની કલ્પના અને ભાષાની પર્યાય એ પુદ્ગલપરિણામને અને આત્માને કેવો સંબંધ છે ? **'ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** જેમ કુંભાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય છે એમ નથી. કુંભાર કર્તા અને ઘટ કાર્ય એમ છે નહિ.

જુઓ ! **'આત્મા, પુદ્ગલપરિણામને અને આત્માને...'** પુદ્ગલપરિણામ સમજાયું ? બન્ને. પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, કર્મનો ઉદય, શરીરની અવસ્થા, ભાષાની અવસ્થા બધાને એક પુદ્ગલપરિણામમાં ગણવામાં આવ્યા છે. કેમ ? – કે એક કોર ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા (છે) અને એક બાજુ રાગથી માંડી બધું અજ્ઞાન છે. અજ્ઞાન એટલે ? જેમાં જ્ઞાન નથી. એક કોર રામ છે અને એક કોર ગામ છે. 'રાજમલજી' ! રામ નામ ભગવાન ચિદાનંદ. 'નિજપદ રમે સો રામ કહીએ' ભગવાન આત્મા પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, તેની દૃષ્ટિ થવાથી પોતામાં શાંતિમાં રમવાવાળાને અહીંયા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની કહીએ. એ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની **'પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના...'** કુંભાર કર્તા અને ઘટ કર્મ નથી. એમ વિકારી પરિણામ અને આત્મા, આત્મા કર્તા અને વિકારી પરિણામ કર્મ, ઘટ અને કુંભારની જેમ નથી. 'ફૂલચંદભાઈ' ! આહા..હા..! કહો, સમજાય છે કાંઈ ? સમજાય છે કાંઈ અમારી ગુજરાતી ભાષા છે.

તત્ત્વદૃષ્ટિનો વિષય અને તત્ત્વજ્ઞાનીનું કાર્ય... તત્ત્વદૃષ્ટિનો વિષય દ્રવ્ય છે અને તેનું કાર્ય નિર્મળ અવસ્થા છે. સમ્યગ્દૃષ્ટિનું કાર્ય તો જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ (થાય) તે તેનું કાર્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. વ્યવહારના વિકલ્પનું કાર્ય એ પુદ્ગલપરિણામ (છે), પુદ્ગલ તેનું કર્તા છે. **'પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...'** કુંભાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય, તેનો અભાવ છે. એમ પુણ્ય-પાપના પરિણામ વ્યાપ્ય અને આત્મા કર્તા, તેનો અભાવ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! ભાઈ ! તત્ત્વદૃષ્ટિ અને ધર્મદૃષ્ટિ કોઈ અલૌકિક ચીજ છે. સમજાણું કાંઈ ?

જ્યાં આત્મા પરમાત્મા નિજ સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ (છે) એવી અંતરદૃષ્ટિથી પોતાનો પત્તો લીધો તો ધર્મીને તો શાંતિ ને જ્ઞાન ને આનંદના જ પરિણામ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? બાકી રહ્યું તે ? તે તો ભિન્ન રહી ગયા. તેનાથી ભિન્ન પડીને તો આત્માનું ભાન કર્યું છે. ભિન્ન રહ્યા ને ? તો તેનું શું કાર્ય ? જેમ કર્મ ભિન્ન છે તેમ કર્મના ઉદયે રાગાદિ થયા, પુણ્ય આદિ થયા તે પણ ભિન્ન જ છે. સમજાણું કાંઈ ? 'સમયસાર' આત્માની વાત અલૌકિક અપૂર્વ છે, ભાઈ ! એમ કોઈ વાંચી લે (અને કહે) 'અમે સમયસાર વાંચી લીધું.' વાંચી લે, ભણ્યા હોય તો પંદર દી'માં વાંચી લે. અક્ષર ભણ્યા હોય તો (વાંચી લે).

ભાઈ ! સમયસાર એટલે આત્મા. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદનો નાથ, નિર્વાણનાથ એ તો છે. મોક્ષની પર્યાયનો નાથ એ છે. શું રાગનો નાથ છે ? શું રાગને ઉત્પન્ન કરે ? અને રાગની રક્ષા કરે ? રાગનો અર્થ ઇ. ઉત્પન્ન કરે અને રક્ષા કરે તેનું નામ નાથ. યોગક્ષેમ કરનારા આવે છે ને ? યોગક્ષેમ કરે તેનું નામ નાથ. જેમ કે તેને લક્ષ્મી મળી છે તેની રક્ષા કરે અને ન મળી હોય તો મેળવી આપે તેનું નામ નાથ. યોગક્ષેમ કરનારા. શું આત્મા રાગને ઉત્પન્ન કરે છે ? અને રાગની રક્ષા કરે છે ? શું એવું આત્મામાં છે ? આવે છે ને ? યોગક્ષેમ કરનારા. સમજાણું કાંઈ ? આહા..! ક્ષેમ નામ જે ચીજ મળી છે તેની રક્ષા કરે અને ન મળી હોય તેને મેળવી આપે તેનું નામ નાથ. શાસ્ત્રમાં નાથની વ્યાખ્યા છે.

ભગવાન આત્મા જે સ્વરૂપ શુદ્ધ પર્યાયમાં પ્રાપ્ત થયું તેની રક્ષા કરે અને નથી પ્રાપ્ત થયું તેની પ્રાપ્તિ કરે તેને પ્રાપ્ત કરાવે. તે દ્રવ્યસ્વભાવ પ્રાપ્ત કરાવે છે. સમજાણું કાંઈ ? આત્મા પોતાના સ્વરૂપનો નાથ છે. પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય જેટલી પ્રગટ થઈ તેની તો રક્ષા કરે છે અને નથી પ્રાપ્ત થયું એવા કેવળજ્ઞાનાદિને પ્રાપ્ત કરાવે છે એવો દ્રવ્યસ્વભાવ આત્મા નાથ છે. શું આત્મા રાગ ઉત્પન્ન કરે ? અને રાગની રક્ષા કરે ? રાગનો નાથ આત્મા છે ? સમજાણું કાંઈ ?

ભગવાન નિર્મળાનંદ પ્રભુ (છે અને) રાગ તો મેલ છે. ચાહે તો તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય તે પણ મેલ છે, તે પણ ધર્મથી વિરુદ્ધ ભાવ છે, અધર્મ છે. જરીક કડક ભાષા હોય તો એને સમજમાં આવે. ત્યાં તો કહે, હાય.. હાય...! 'જિનેશ્વરદાસજી' ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધ પડે ? ધર્મ નહિ તો પછી સમજી લેવું. તે પર્યાય આત્માનું કાર્ય અને આત્મા કર્તા, એવું છે જ નહિ. સમજાણું કાંઈ ? જેમ કુંભાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્તા અને ઘડો કાર્ય (છે) તેમ છે જ નહિ. કુંભાર વ્યાપક, વ્યાપક નામ પ્રસરનારો અને પ્રસરીને ઘટની પર્યાય થઈ એમ છે નહિ. માટી પ્રસરીને વિસ્તાર પામીને ઘડાની પર્યાય થઈ છે. બરાબર છે ? એ સમજાય એવી સાદી ભાષા છે. કોઈ એવી ગૂઢ નથી, .... નથી. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા.. ! કહે છે કે એ પુદ્‌ગલપરિણામનો, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે પરિણામનો અને આત્માનો, ઘટ અને કુંભારની પેઠે, કુંભાર કર્તા વ્યાપક થઈને ઘડાની પર્યાયનો કર્તા છે અને ઘટપર્યાય તેનું કાર્ય છે. એમ આત્મા અને પુદ્‌ગલપરિણામ પુણ્ય-પાપ, દયા, દાન, તીર્થંકરગોત્રનો ભાવ એ વ્યાપ્ય છે અને આત્મા વ્યાપક છે, આત્મા કર્તા છે અને તે કર્મ છે, એમ નથી. 'રાજમલજી' ! આ તો બીજી જાતની વકીલાત છે. આહા..હા..! એ વકીલ છે પણ વેપાર કરે છે. આ તો વેપાર–આત્માની વાત છે.

કહે છે, **'પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ...'** સમસ્ત, એમ (કહ્યું છે). કોઈ પણ રાગનો અંશ છે, મહાવ્રતનો વિકલ્પ, આસ્રવનો, તીર્થંકરગોત્રનો, દયા, દાનનો, ગુણ-ગુણીના ભેદના વિકલ્પ આદિ છે એ બધાનો– સમસ્ત **'કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ તેને જે આત્મા, પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...'** સમજાણું કાંઈ ? કહો, સમજાય છે કે નહિ ? એ ડૉક્ટર છે. 'ભોપાલ'. એ ડૉક્ટર છે ? ડૉક્ટર છે. ડૉક્ટર સમજાણું ? આ બીજા ઇંજેક્શન છે. જન્મ-મરણના અંત લાવવાના ઇંજેક્શન છે. આહા..હા..!

શ્રોતા :– સંસારનો અંત આવે એવી વાત છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં સંસાર જ નથી એવી દૃષ્ટિ છે. એમ અહીંયા તો કહે છે.

શ્રોતા :– ડૉક્ટર શરીરની રક્ષા કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કરતા નથી, એ તો માને છે, એ તો માને છે. રાગ કરે. અહીં તો આત્મામાં કોઈ પર છે જ નહિ. આહા..હા..! શું કહે છે જુઓ તો ખરા !

***જેમ ઘટની પર્યાયનો કર્તા કુંભાર થતો નથી કેમકે ઘટ અને કુંભાર બન્ને ચીજ જ ભિન્ન છે; તો ઘટનું કાર્ય અને કુંભાર વ્યાપક કર્તા એમ બે વચ્ચે અભાવ છે, કર્તાકર્મપણાનો અભાવ છે. તેમ આત્માને અને પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પ, તીર્થંકર ગોત્ર બાંધવાના ભાવને વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ હોવાથી આત્મા વ્યાપક થઈને તે વ્યાપ્ય અવસ્થાને નહિ કરી હોવાથી બન્ને વચ્ચે કર્તાકર્મપણાનો અભાવ છે.*** 'અમરચંદભાઈ' ! થોડું પણ યથાર્થ કેમ છે તેને સમજવું જોઈએ. સમજાણું કાંઈ ? પેલા લોકો રાડ નાખે.. અર..ર..ર..! હાય.. હાય...!

શ્રોતા :– પહેલા તો દાખલો જ બેસે નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પહેલા તો દાખલો જ બેસે નહિ. કુંભાર વિના ઘડો થાય છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાંભળને હવે. માટીથી ઘડો થાય છે. શું કુંભારથી થાય છે ? કુંભાર મૂર્ખ હોય એ અભિમાન કરે કે મેં ઘડો કર્યો. સમ્યગ્દૃષ્ટિ પણ કુંભાર હોય છે.

શ્રોતા :- તે તો અભિમાન કરતા નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- નથી કરતા. એ વિકલ્પ આવ્યો તેનો પણ કર્તા નથી, તો ઘડાનો કર્તા તો ક્યાંથી થાય ? સમજાણું કાંઈ ? ઘડો બનાવવાનો વિકલ્પ આવ્યો એ વિકલ્પ પણ કર્મના પરિણામ છે અને કર્મનું કાર્ય છે. એ વિકલ્પ પુદ્ગલના પરિણામ અને આત્મા, ઘટ અને કુંભારની પેઠે કર્તાકર્મનો સંબંધ નથી, એમ વિકારી પુણ્ય-પાપના પરિણામ અને આત્માને કર્તાકર્મસંબંધ નથી. સમજાણું કાંઈ ? નહિ તો એમાં પાઠ જોઈ લે. વળી કોઈ કહેશે કે આ 'સોનગઢ'વાળા ઉપરથી કહે છે. કેટલાક એમ કહે છે. 'કાનજીસ્વામી' પોતાના અર્થ કરે છે. અરે..! ભગવાન ! સાંભળ તો ખરો. અક્ષર ઉપરથી તો અર્થ થાય છે. 'કાનજીસ્વામી' તો નિશ્ચયની વાત કરે છે, વ્યવહારની વાત છોડી દે છે. અહીં વ્યવહારની વાત નથી કરતા ? વ્યવહાર છે તે આત્માનું વ્યાપ્ય નથી, એમ નથી કહેતા ? કહો, સમજાણું કાંઈ ? 'મલૂપચંદજી' ! શું છે ? તો વ્યવહારનો નાશ થઈ જશે. તો કરવું શું ? શુભભાવ ન કરીએ તો પછી શું કરવું ? એમ રાત્રે પ્રશ્ન આવ્યો હતો. કોઈનો હતો ને ? પ્રશ્ન થાય છે.

શ્રોતા :- મંદિરનું કાર્ય અટકી જશે !

પૂજ્ય ગુરુદેવશ્રી :- મંદિર જાય છે કોણ ? આવે છે કોણ ? અહીં તો કહે છે કે શુભભાવમાં આત્મા જતો નથી તો વળી મંદિરમાં કોણ જાય છે ? આહા..હા..! મંદિરમાં તો ઠીક પણ આત્મા તો શુભભાવમાં જાતો નથી એ વાત તો ચાલે છે. આહા..હા..! આત્મા શુભભાવમાં જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાણું કાંઈ ? એ વાત તો ચાલે છે. શુભભાવમાં જાય એનો અર્થ શું ? શુભભાવ મારો છે અને હું શુભભાવ કરું છું અને શુભભાવ મારું કાર્ય છે (એ) મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી, તેને જૈનની દૃષ્ટિની ખબર નથી. 'અમરચંદભાઈ' ભારે વાત ! આકરું લાગે. હજી અમારે 'મલૂપચંદભાઈ' ને તો મોટું મંદિર કરવું છે. કહો, સમજાય છે કાંઈ ? આહા..હા..!

ભગવાન ! સાંભળ તો ખરો, પ્રભુ ! તારામાં શું પડ્યું છે ? શું વિકાર છે ? વિકારની ખાણ આત્મા છે ? એ તો આનંદ ને જ્ઞાન ને શાંતિની ખાણ છે. એમાં એકાગ્ર થવાથી તો શાંતિ અને આનંદ પ્રાપ્ત થાય છે. શું રાગ પ્રાપ્ત થાય છે ? આહા..હા..! સમજાણું કાંઈ ? જૈનદર્શન કહો આત્મદર્શન કહો વિશ્વદર્શન કહો વસ્તુદર્શન કહો. આવી ચીજ છે. એ કોઈ બનાવેલી નથી, એ તો વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ ? એ પણ આવે છે ને ? પહેલા કળશમાં આવે છે ને ?

**કરે કર્મ સો હી કરતારા, જો જાને સો જાનનહારા**

**કર્તા સો જાને નહિ કોઈ, જાને સો કર્તા નહિ હોઈ.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'કરે કર્મ સો હી કરતારા...' પુણ્ય-પાપના વિકલ્પ મારું કાર્ય છે એ કર્તા છે, મિથ્યાદૃષ્ટિ છે. 'જો જાને સો જાનનહારા' પુણ્ય-પાપના પરિણામને જાણનારો તો જાણવાની પર્યાયનો કર્તા છે. 'કર્તા સો જાને નહિ કોઈ' રાગને કરનારો જે મિથ્યાદૃષ્ટિ તે જ્ઞાતા-દૃષ્ટા રહી શકતો નથી. અને 'જાને સો કર્તા નહિ હોઈ' રાગ ને શરીરની અવસ્થા થાય છે તેને પોતાથી પોતામાં જાણે છે એમ જાણનારો રાગનો કર્તા થતો નથી. એવી વસ્તુની સ્થિતિ–મર્યાદા છે. સમજાણું કાંઈ ? 'વસ્તુ વ્યવસ્થા જૈસી કહી જિણંદે તૈસી' એમ આવે છે. 'બનારસીદાસ' માં છે, ભાઈ ! 'વસ્તુ વ્યવસ્થા જૈસી કહી જિણંદે તૈસી' જિનેન્દ્ર કહે છે એમ અમે કહીએ છીએ એમ 'સમયસાર નાટક' માં આવે છે. આહા..હા..!

પહેલું તો કુંભાર કર્તા અને ઘડો કાર્ય એ વાત જ બેસતી નથી. આ કાર્ય નથી કરતો ? તો એની મેળાએ ઘડો થઈ જાય છે ? ભગવાન ! માટીમાં ઉત્પાદ થવાની પર્યાય છે કે નહિ ? 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' છે કે નહિ ? તો માટીમાં જ્યારે ઘડાની ઉત્પત્તિ થઈ તો એ ઉત્પાદ પોતાથી થઈ છે. શું કુંભારના ઉત્પાદથી ત્યાં ઉત્પન્ન થઈ છે ? સમજાણું કાંઈ ? 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્'. તો ઘડો જે બન્યો એ માટીમાંથી ઉત્પન્ન થયો. એ ઉત્પાદ છે, પૂર્વની અવસ્થાનો વ્યય થયો અને બાકીની ધ્રુવતા રહી ગઈ. શું કુંભાર તેમાં ઘુસીને ઘડાની પર્યાયને ઉત્પન્ન કરે છે ? કુંભાર તો પોતાની પર્યાયમાં રાગને ઉત્પન્ન કરે છે અને જ્ઞાની હોય, સમ્યગ્દૃષ્ટિ હોય તો એ રાગને જાણવાની જ્ઞાનગુણની પર્યાયનો ઉત્પાદ કરે છે. એ આવે છે ને ? ભાઈ ! આવે છે ને ?

'માઘનંદી' મુનિ. 'માઘનંદી' મુનિની કથા આવે છે. નામ ભૂલી જઈએ છીએ. 'માઘનંદી' મુનિની (વાત આવે છે). મુનિ હતા, સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની (હતા). સમજાણું ? પછી કોઈ પુરુષાર્થની નબળાઈ થઈ તો કુંભારની સુંદર છોકરી હતી. (મુનિ) ત્યાં જઈ ચડ્યા અને વરસાદ પડ્યો. વરસાદ પડ્યો તો કુંભારની છોકરીના જે વાસણ હતા તે નાશ થવાના હતા. તેઓ ત્યાં હતા અને એના વાસણો બચી ગયા. તો એ કુંભારની કન્યા હતી તેને અહીંયા પ્રેમ થઈ ગયો અને મુનિને પણ ત્યાં રાગ થઈ ગયો. એના ઘરે ગયા.

(આ બાજુ) સંઘમાં એવો કોઈ પ્રશ્ન ઉઠ્યો. આ પ્રશ્નનો ઉત્તર તો 'માઘનંદી' આપશે. એની પાસે સમ્યગ્જ્ઞાન છે. રાગ અને ઘડાની અવસ્થાને જાણનારો ત્યાં રહે છે, બનાવનાર નથી. કઠણ વાત છે. સમજાણું કાંઈ ? સંઘમાં પ્રશ્ન ઉઠ્યો કે આનો ઉત્તર કોણ આપશે ? જાઓ ત્યાં, 'માઘનંદી' આપશે. તો સંઘનો માણસ ત્યાં ગયો અને પૂછ્યું, 'સાહેબ ! આનો શું ખુલાસો છે ?' શું મારા સમ્યગ્જ્ઞાનની હજી આટલી કિંમત છે ? તમે અહીંયા પૂછવા આવ્યા છો. ઓ..હો..! એકદમ જાગૃત થઈ ગયા અને મોરપીંછી લઈને સાધુ થઈને ચાલ્યા ગયા. સમજાણું કાંઈ ? અંદરમાં સાધુપણું પ્રગટ થઈ ગયું. આહા..હા..! સમ્યગ્દર્શન અને જ્ઞાન હતા. ચારિત્રથી ભ્રષ્ટ થયા હતા. લોકોને કઠણ વાત લાગે છે. સાંભળ તો ખરો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીંયા કહે છે કે રાગ આવ્યો તેનો કર્તા જ્ઞાની આત્મા નથી. જેમ ઘટનો કર્તા કુંભાર નથી. કુંભાર કરનારો અને ઘટ કર્મ એમ ત્રણકાળમાં છે જ નહિ. એમ પુણ્ય-પાપના પરિણામ કાર્ય અને આત્મા કર્તા, બન્ને વચ્ચે ત્રણે કાળે વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે. 'ન્યાલચંદજી' ! ભારે વાત આકરી. એકાંત છે... એકાંત છે (એમ લોકો પોકાર કરે છે). અરે..! ભગવાન ! સાંભળ તો ખરો. બાપા ! પ્રભુ ! સમ્યક્ એકાંત જ છે.

ચૈતન્ય સ્વભાવ સન્મુખ જ્યાં આત્મા થયો તો એમાંથી તો જ્ઞાન અને આનંદની જ પર્યાય પ્રગટ થાય છે. શું આત્માની ખાણમાં વિકાર ભર્યો છે ? અને જેનાથી ભિન્ન પડ્યો, (તેનાથી તો) ભેદજ્ઞાન થઈ ગયું છે. અહીં તો ભેદજ્ઞાનની વાત ચાલે છે. સમજાણું કાંઈ ? પુણ્ય-પાપ, શરીરથી ભિન્ન પડીને ભેદજ્ઞાન કર્યું છે. તો પરથી ભિન્ન છે અને પોતાથી અભિન્ન છે. એવો સમ્યગ્દૃષ્ટિ જીવ ચાહે તો ચોથાવાળો હો કે પાંચમાવાળો હો કે છટ્ઠા ગુણસ્થાનવાળો હોય, એ રાગાદિ વ્યવહારનો વિકલ્પ એ પુદ્ગલના પરિણામ અને આત્મા, બે વચ્ચે કુંભાર અને ઘટની પેઠે, કુંભાર કર્તા અને ઘટ કર્મ જેમ નથી, તેમ આત્મા અને પુદ્ગલના પરિણામ, આત્મા કર્તા અને પુદ્ગલપરિણામ કર્મ એમ છે નહિ. 'જિનેશ્વરદાસજી' ! ભારે વાત, ભાઈ ! ભગવાન ! આ તો વસ્તુની સ્થિતિની વાત છે. આહાહા..! કાયરને તો કાળજા કંપી ઊઠે. આવી વાત છે. સાંભળ તો ખરો !

ચૈતન્યબાદશાહ જ્યાં અંદરથી જાગૃત થયો તેને રાગ-ફાગ છે જ નહિ. સમજાણું કાંઈ ? અહીં તો ક્ષણે ને પળે (અજ્ઞાની એમ માને કે) મેં કર્યું, મેં ભાષા કરી, મેં ઉપદેશ આપ્યો, મેં કર્મ બાંધ્યા, મેં રાગ કર્યો ને મેં પુણ્ય કર્યું. વાત સાચી, તેં પુણ્ય જ કર્યું છે. વિકાર કર્યા અને કર્તા થઈને મિથ્યાદૃષ્ટિ થયો. સમજાણું કાંઈ ?

કહે છે, **'પુદ્ગલપરિણામને અને આત્માને...'** પુદ્ગલપરિણામ કોણ ? શુભ-અશુભ વિકલ્પ, સુખ-દુઃખની કલ્પના, શરીર અને ભાષાની અવસ્થા, એ બધાને પુદ્ગલ પરિણામ કહ્યા. **'પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...'** હિન્દીમાં જેમ કહે છે ને ? ભાંતિ તો છે જ, આ તો બીજો અર્થ છે કે નહિ ? ભાંતિ તો છે જ. ઘટ અને કુંભારની પેઠે, નથી ચાલતું ? નહિ ચાલતું હોય. બીજું કાંઈ હિન્દી છે કે નહિ ? તમે તો હિન્દી ઘણું ભણ્યા છો. એ..ઇ... ! તરહ ! અચ્છા. ઘટ ઔર કુંભાર કી તરહ... સમજાણું કાંઈ ? **'વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** ઘટનું કાર્ય–પર્યાય અને કુંભાર કર્તા, બે વચ્ચે એવો સંબંધ છે જ નહિ. એમ ભગવાન આત્મા અને રાગના પરિણામ, પુણ્ય-પાપ વ્યવહારના પરિણામ બે વચ્ચે કર્તા-કર્મ, વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે.

**'કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી...'** જુઓ ! ત્યાં કોઈ રીતે સિદ્ધિ થતી નથી, સાબિત થતું નથી. આહા..હા...! છે શબ્દ, આ તો મહામંત્ર છે. આ કાંઈ સાધારણ (વાત) નથી. આ તો 'અમૃતચંદ્રાચાર્યદેવે' આત્માની પ્રસિદ્ધિ કરી છે. આ ટીકાનું નામ 'આત્મખ્યાતિ'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. ટીકાનું નામ 'આત્મખ્યાતિ' છે. આત્મા પ્રસિદ્ધ થયો. હું જ્ઞાન, દર્શન ને આનંદ છું. હું રાગ ને પુણ્ય ને શરીર નથી. એમ સમ્યગ્દર્શનમાં જ્યાં આત્મા પ્રસિદ્ધ થયો તો કહે છે કે ઘડા અને કુંભારની વચ્ચે કર્તા-કર્મનો જેમ અભાવ છે એમ આત્મા અને પુણ્ય-પાપના પરિણામ ને શરીરની અવસ્થા, એ બે વચ્ચે કર્તાકર્મપણાનો અભાવ છે. કહો, સમજાણું કાંઈ ? પંડિતજી ! આવી વાત છે. દુનિયા રાડ પાડે કે ના પાડે, એના ઘરે રહી. દુનિયા કહે, અરે...! હવે સમજ તો ખરો. તું આત્મા છો કે વિકાર છો ? વિકાર છો તો તું વિકારનો કર્તા છો, એ તો અજ્ઞાનપણે બરાબર છે, એ તો અનાદિથી ચાલે જ છે. તું આત્મા છો ? તો આત્મા શું છે ? આત્મા આસ્રવતત્ત્વ છે ? આત્મા અજીવતત્ત્વ છે ? આત્મા મેલ તત્ત્વ છે ? આત્મા બંધ, ભાવબંધ તત્ત્વ છે ? આત્મા દ્રવ્યબંધ તત્ત્વ છે ? એ તો અબંધ તત્ત્વ છે.

ભગવાન અબંધ તત્ત્વ કહો કે મોક્ષતત્ત્વ કહો, એ તો સ્વરૂપ છે. રાગથી અને પરથી મુક્તસ્વરૂપ છે. એમ જ્યાં ધર્મીની દૃષ્ટિ થઈ તો આત્મા અને પુદ્ગલપરિણામ બે વચ્ચે કાર્ય-કારણ છે જ નહિ. કાર્ય-કારણ છે જ નહિ. આત્મા કારણ અને વિકારી કાર્ય એમ છે જ નહિ. આહા..હા..! કુંભાર કર્તા અથવા કારણ અને ઘટ કાર્ય એમ છે જ નહિ. માટી કર્તા નામ કારણ અને ઘડો કાર્ય, એમ છે. કુંભાર કારણ અને ઘડો કાર્ય એમ છે નહિ. એમ ધર્માત્માનો આત્મા તે જ આત્મા છે, આત્મા થયો, તે આત્મા થયો, આહા..હા..! એ આત્મા કર્તા અથવા કારણ અને વિકારી પરિણામ કાર્ય એમ છે જ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! ભારે વાત, ભાઈ ! ... ચાલે નહિ. ઝાઝા માણસ છે તો આ લીધું છે. પંદર વાર પૂરું થયું છે, આ સોળમી વાર ચાલે છે. આ 'સમયસાર' સભામાં સોળમી વાર ચાલે છે. સોળ. સમજાણું કાંઈ ? આહા..હા..!

કહે છે, **'અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી,...'** લ્યો ! ખરેખર વિકારી પરિણામનો આત્મા કર્તા નથી, રચનાર નહિ, બનનાર નહિ, થનાર નહિ. જેમ કુંભાર ઘડારૂપ થનારો નથી, રચનાર નથી, બનનાર નથી, કર્તા નથી. એમ ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ રાગનો કર્તા નથી, રચનાર નથી, બનનાર નથી, તેની પર્યાય નહિ. આહા..હા..! થોડું ન સમજાય તો રાત્રે પૂછવું. સમજાણું કાંઈ ? રાત્રે એક કલાક રાખ્યો છે ને ? થોડું કઠણ તો પૂછી લેવું.

**'પરમાર્થે કરતો નથી,...'** ત્યારે કોઈ કહે કે પરમાર્થથી કરતો નથી, વ્યવહારથી કરે છે કે નહિ ? એટલે કે ખરેખર કર્તા નથી. બોલવામાં આવે એ ભાષાની ચીજ છે. ઘડો કુંભારે કર્યો એ બોલવાની ચીજ છે. વાસ્તવિક ચીજની વસ્તુસ્થિતિ નથી. એમ સમ્યગ્દૃષ્ટિએ અહીંયા પૂજા કરી, ભાવ કર્યા, એમ બોલવામાં આવે છે, વસ્તુસ્થિતિ એમ નથી. સમજાણું કાંઈ ? **'પરમાર્થે કરતો નથી, પરંતુ...'** તો હવે છે શું ?

**'(માત્ર) પુદ્ગલપરિણામના જ્ઞાનને...'** જુઓ ! શું કહે છે ? **'(માત્ર) પુદ્ગલપરિણામના જ્ઞાનને...'** એ વિકારી પરિણામ જે દયા, દાન, વ્યવહારના ઉઠ્યા તે સંબંધીનું જ્ઞાન. તે કાળે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે રાગ છે, પુણ્ય-પાપના વિકલ્પ છે તે સંબંધીનું જ્ઞાન. (રાગનો) કર્તા નહિ પણ એ સંબંધીનું જ્ઞાન જે પોતામાં સ્વલક્ષે થયું (તે). **'પુદ્ગલપરિણામના જ્ઞાનને...'** પુદ્ગલપરિણામ અર્થાત્ દયા, દાન, કામના પરિણામ, શરીર, વાણીની અવસ્થા પુદ્ગલના પરિણામ. આ બન્ને પુદ્ગલના પરિણામ (છે). એ **'પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા...'** શું કહે છે ? જેટલા પ્રકારના રાગાદિ વિકલ્પ ઊઠે તે સંબંધી જાણતો જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ. સ્વ લક્ષે આત્માનું જ્ઞાન થયું તે જ્ઞાન સ્વ-પરપ્રકાશક પર્યાય છે તો રાગાદિના જ્ઞાનની પર્યાય (થઈ) તે આત્માનું કાર્ય છે. સમજાણું ? ભાઈ ! જુઓ !

**'પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા...'** જે રાગ, પુણ્ય-પાપના ભાવ (થયા) તેનું અહીંયા પોતામાં રહીને જ્ઞાન થયું. એવું જે જ્ઞાન થયું તે આત્માનું કર્મ છે, તે આત્માનું કાર્ય છે. **'(આત્માના) કર્મપણે...'** આત્માના કાર્યરૂપે, આત્માની અવસ્થારૂપે, આત્માની દશારૂપે **'કરતા એવા પોતાના આત્માને જાણે છે,...'** જુઓ ! તેને જાણે છે એમ પણ ન કહ્યું. ***રાગને જાણે છે ને વ્યવહારને જાણે છે, શરીરને જાણે છે એ પણ નહિ. પોતાની પર્યાય તે સંબંધીની જ્ઞાનની પર્યાયને કરતો પોતાને જાણે છે. આહા..હા..! પરને જાણે છે એમ કહેવું વ્યવહાર છે. પરને ક્યાં જાણે છે ? શું પરમાં તન્મય થાય છે ? રાગાદિ થયા તેમાં જ્ઞાન તન્મય થાય છે ? એ તો ભિન્ન છે. સમજાણું કાંઈ ? ઓ..હો..હો..*** ! વસ્તુસ્થિતિ વીતરાગદર્શન અને આત્મદર્શન અલૌકિક ચીજ છે. વાસ્તવિક તત્ત્વ સાંભળવા ન મળે તો સમજાય તો ક્યાંથી ? અને પ્રયોગ તો ક્યાંથી કરે ? પ્રયોગ નામ અંતર્મુખ થઈને અનુભવ કરવો એ તો ક્યાંથી થાય ?

***શ્રોતા :– રાગને જાણે છે કે પોતાને જાણે છે ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– તેની પર્યાય રાગને જાણે છે એ પોતાનું કાર્ય છે. તે પોતાને જાણે છે. પોતાને જાણે છે, રાગને નહિ.***

***શ્રોતા :– ...***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ. તે સંબંધીનું જ્ઞાન પોતાના કર્મપણે થયું તેને જાણે છે.*** ફરીને વાત લઈએ, અહીંયા છોડવાની વાત નથી.

ફરીને, જુઓ ! કહે છે કે રાગાદિ, પુણ્યાદિના પરિણામ આત્માનું કાર્ય અને આત્મા તેનો કર્તા એમ છે નહિ. તો છે શું ? તો કહે છે કે **'પુદ્ગલપરિણામના જ્ઞાનને...'** જે રાગ આવ્યો, દયા, દાનનો વિકલ્પ ઉઠ્યો તે સંબંધીનું જ્ઞાન પોતામાં થયું. એ રાગ છે માટે થયું છે એમ નહિ. આત્મા જ્ઞાનમૂર્તિ છે તો તેનું જ્ઞાન પોતામાં થયું. રાગનું જ્ઞાન થયું. એ જ્ઞાનને પોતાના કર્મપણે, એ જ્ઞાન પોતાના કાર્યરૂપે કરતો આત્મા. જ્ઞાનની પર્યાયનું કાર્ય કર્મરૂપે કરતો. રાગને કર્મરૂપે (–કાર્યરૂપે) કરતો એમ નહિ. સૂક્ષ્મ વાત છે. સ્પષ્ટ વાત છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે, **'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...'** અર્થાત્ એ શુભ-અશુભભાવ, તીર્થંકરગોત્ર (બાંધવાનો) જે ભાવ ઉત્પન્ન થયો તે પુદ્‌ગલપરિણામ (છે). તેનું જ્ઞાનીએ જ્ઞાન કર્યું કે આ છે. બસ ! એટલું. પોતામાં તેનું જ્ઞાન થયું. એ સંબંધીનું જ્ઞાન પોતાનું છે, જ્ઞાન તેનું નથી. પોતાનું જ્ઞાન છે. ***રાગનું જ્ઞાન તે પોતાનું જ્ઞાન છે. તેં સંબંધીનું કહેવામાં તો નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવ્યું. પરંતુ એ સંબંધીનું જ્ઞાન થયું એ જ્ઞાનરૂપી પર્યાય–કર્મ આત્મા કરે છે. એ જ્ઞાનરૂપી પર્યાયને કર્મરૂપે કરતો 'પોતાના આત્માને જાણે છે,...'***

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો નહિ, પણ પાછું રાગને જાણે છે એમ પણ નથી કહ્યું. પેલી તો બીજી વાત થઈ. રાગને જાણે છે એમ નથી કહ્યું. જુઓ !

કહે છે કે **'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...'** એક વાત થઈ. બીજી (વાત) **'કર્મપણે કરતા...'** એ પુદ્‌ગલપરિણામના જ્ઞાનરૂપી કાર્યરૂપે આત્મા કરતો **'પોતાના આત્માને જાણે છે,...'** રાગને નહિ.

શ્રોતા :– વ્યાપ્યવ્યાપક તેમાં છે અને આમાં નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યાપ્યવ્યાપક તેમાં નથી એ તો બીજી વાત છે, પરંતુ એને જાણે છે એમ પણ નથી. અહીં તો એમ કહેવું છે. જરી સૂક્ષ્મ વાત છે. તે કાળે રાગાદિ થયા તેનું જ્ઞાન (થયું). આત્માના સ્વલક્ષમાં દૃષ્ટિ છે તો સ્વની પર્યાયનું જેવું કાર્ય થયું તેવું તે સંબંધીનું જ્ઞાન થયું. પરંતુ એ સંબંધીનું જ્ઞાન થયું તે જ્ઞાનને કરતો પોતાને જાણે છે, રાગને નહિ. છે ? જુઓ ! એમાં છે કે નહિ ? અહીં તો શબ્દે શબ્દના અર્થ અંદરથી થાય છે. આ ઘરની કલ્પનાની વાત નથી, હોં ! વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..! પરને જાણવું એમ કહેવું તો શું પરની સાથે તન્મય થાય છે ? રાગની સાથે જ્ઞાન તન્મય તો છે નહિ. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે તેનું જ્ઞાન થયું. તો જ્ઞાન શું રાગ સાથે તન્મય છે ? તો એ તો કર્મ નહિ, પરંતુ એ સંબંધીનું જ્ઞાન પોતામાં થયું તે કર્મરૂપે કર્તા, કાર્યરૂપે કર્તા, પર્યાયરૂપે કર્તા થયો તે જ્ઞાનને આત્મા જાણે છે. તેને જાણે છે, કાર્ય થયું તેને જાણે છે. (રાગને) નહિ. સમજાણું કાંઈ ? ધીમેથી સમજવું. આ તો શાંતિથી સમજવાની ચીજ છે.

ભગવાન આત્મા જ્ઞાયકભાવથી ચૈતન્યસ્વરૂપ ભરેલું છે તો ચૈતન્યસ્વરૂપ સ્વભાવરૂપ આત્મા છે. એવી જ્યાં અનુભવદૃષ્ટિ થઈ તો સમ્યગ્દૃષ્ટિને એ જ્ઞાનની પર્યાય વહે છે, જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તો કહે છે કે એ સમયે રાગ થયો ને ? ***એ રાગ સંબંધીનું જ્ઞાન પોતામાં થયું. એ પોતામાં ઉત્પન્ન થયું એ પોતાના જ્ઞાનને આત્મા જાણે છે. પોતામાં જે જ્ઞાનની ઉત્પત્તિ થઈ તેને જ જાણે છે. રાગની ઉત્પત્તિ પોતામાં થતી નથી માટે તેને જાણતું નથી.*** ફરીને...

***શ્રોતા :– પોતાને પણ જાણે છે, ઉદયને પણ જાણે છે...***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ, નહિ. એ જાણતું જ નથી, એ તો પર સંબંધીનું પોતાનું જ્ઞાન છે તેને જાણે છે, બસ !***

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ, નહિ. તે વ્યવહાર થયો. જ્ઞેયજ્ઞાયકસંબંધ વ્યવહાર થયો, એ પરમાર્થ નહિ.

ફરીને, કહે છે, **'પુદ્ગલપરિણામના જ્ઞાનને...'** એ રાગાદિ પુણ્યાદિ પરિણામ જે થયા કે શરીરાદિ, ભાષાની પર્યાય થઈ તે પુદ્ગલના પરિણામ છે, તેના જ્ઞાનને. તેનું જ્ઞાન કેમ કહ્યું ? – કે એ તો નિમિત્ત છે. એ સંબંધીની પોતાના જ્ઞાનમાં તે સમયે એવી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ છે. પોતાને જાણવાની પર્યાય ઉત્પન્ન થઈ છે અને તેને જાણવાની પર્યાય પોતાને કારણે, પોતાને આશ્રયે ઉત્પન્ન થઈ છે, રાગના આશ્રયે નહિ.

શ્રોતા :– રાગ સંબંધીનું જ્ઞાન..

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ સંબંધીનું જ્ઞાન રાગના આશ્રયે (ઉત્પન્ન) નથી થયું. રાગ છે તો જ્ઞાન ઉત્પન્ન થયું એમ નહિ. એમ અહીં તો કહે છે. ફરીને લ્યો. સમજાણું કાંઈ ? ડૉક્ટર ! લાજીકથી તો વાત છે, લોજીકથી વાત છે. એમ કોઈ કચરબચરની વાત નથી.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ છે અથવા એ જ્ઞાનનો સૂર્ય છે. તો સૂર્યમાંથી જે કિરણ નીકળે એ તો સફેદ જ છે. એમ આત્મા જ્ઞાનસૂર્ય છે એમાંથી કિરણ નીકળ્યું. તો જે રાગ છે તે સંબંધીનું જ્ઞાન પોતામાંથી નીકળ્યું છે. એને કારણે નહિ.

શ્રોતા :– પુદ્ગલપરિણામ છે માટે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ.

શ્રોતા :– રાગ છે માટે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ છે માટે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી, એમ બતાવવું છે. 'જિનેશ્વરદાસજી' ! સમજાણું કાંઈ ? રાગ તો વિકાર છે, પર છે. પરને કારણે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે ? આ..હા..! કેમ કે જે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ તે પોતાનું કાર્ય ખરું, એમાં રાગનું જ્ઞાન કર્યું એમ કહેવામાં આવે છે, પરંતુ એ જ્ઞાન ઉત્પન્ન થયું એ રાગ છે તો ઉત્પન્ન થયું છે એમ નહિ. જ્ઞાયક છે તો જ્ઞાનની સ્વ-પરપ્રકાશકની પર્યાય ઉત્પન્ન થઈ. તો પર્યાયનું કામ કર્મપણે કર્તા થયો, (એ) પર્યાયને આત્મા જાણે છે. ભાઈ ! જુઓ !

શ્રોતા :– જ્ઞેયાકારજ્ઞાન કહેવામાં આવે છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– જ્ઞેયાકાર જ્ઞાન તો કહેવામાં આવે છે. શું જ્ઞેયાકાર જ્ઞાન થાય છે ? જ્ઞાનાકાર જ્ઞાન થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એ વાત તો ચાલે છે.

જ્ઞાનમાં ઘટાકાર થયો એ પોતાના અસ્તિત્વમાં પોતાને કારણે થયો ? – કે જ્ઞેયને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કારણે ત્યાં જ્ઞાનાકાર થયો ? જ્ઞેયને કારણે નહિ, પોતાને કારણે જ્ઞાનાકાર થયો છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- કારણ-ફારણ નહિ, કાંઈ નહિ. રાગ કારણ છે તો જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એમ પણ નહિ અને રાગ છે માટે જ્ઞાન થયું એમ નહિ. જ્ઞાન છે તો જ્ઞાન ઉત્પન્ન થયું એમ અહીંયા વાત કરે છે. સમજાણું કાંઈ ? ભગવાન ! ચૈતન્યનો માર્ગ કોઈ અલૌકિક છે. આહા..હા..!

અહીં તો એમ કહે છે કે પુદ્ગલપરિણામના જ્ઞાનને, એ તો નિમિત્તથી એક કથન કર્યું. જ્ઞેયજ્ઞાયકસંબંધી (કહ્યું), પણ એ જ્ઞાનની ઉત્પત્તિ જે થઈ તે પોતાના જ્ઞાનગુણનો અંદર આશ્રય લીધો તેને કારણે ઉત્પત્તિ થઈ છે. રાગ આવ્યો માટે તેને કારણે જ્ઞાનની ઉત્પત્તિ થઈ છે, તે સંબંધીના જ્ઞાનની ઉત્પત્તિ રાગ છે તો ઉત્પત્તિ થઈ છે એમ નથી. સમજાણું કાંઈ ? 'રાજમલજી' ! આહા..હા..! થોડો ફેર પડવાથી આખું વિરુદ્ધ થઈ જાય છે. 'અમૂલખચંદજી' !

શ્રોતા :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- પોતાની પર્યાય છે. જેમાં છે તેમાંથી ઉત્પન્ન થઈ છે, પોતાથી ઉત્પન્ન થઈ છે. રાગ છે તો ઉત્પન્ન થઈ છે ? બિલકુલ નહિ. એ ગુણની પર્યાય ઉત્પન્ન (થઈ) એ ગુણનો ઉત્પાદ છે. રાગ ઉત્પન્ન થયો તેનાથી આ ઉત્પાદ થયો છે ? પોતાથી ઉત્પન્ન થઈ છે. સમજાણું કાંઈ ? ભલે એ સંબંધીના જ્ઞાનની પર્યાય પોતાથી ઉત્પન્ન થઈ તો પોતાના કાર્યપણે, કર્મપણે કરતો આત્મા પોતાને જાણે છે. તેનું નામ આત્માનો ધર્મ અને આત્માનું કાર્ય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)

*** ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ છે તેની મૌજુદગી નહીં સ્વીકારીને જે પુણ્ય-પાપનો વિકૃતભાવ છે તેને સ્વીકારે છે તેને રાગાદિ ઉપાદેય ને આત્મા હેય થયો છે, બીજી રીતે કહીયે તો તે મરણતુલ્ય થઈ રહ્યો છે. બહારના પ્રેમમાં અંતરની ચીજ ઢંકાઈ ગઈ છે. પ્રભુ ! તું અંતરમાં તો સકલ નિરાવરણ પરમાત્મા છો. દ્રવ્યથી તો અંશે પણ તને આવરણ નથી છતાં રાગાદિના પ્રેમથી ભગવાન આત્મા ઢંકાઈ જવાથી મરણતુલ્ય થઈ રહ્યો છે.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૨૯૪, પ્રવચન નં. ૩૬૧
## તા. ૦૬-૧૨-૧૯૭૯
## [૧૮]

'સમયસાર' ૨૯૪ ગાથા છે. પાંચમો પેરેગ્રાફ ચાલે છે ને ? અહીં આવ્યું **'કારણ કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે...'** શું કહે છે ? રાગ ન હોય તો પણ આત્મા તો એકલો રહી શકે છે. એટલે રાગ એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. રાગ વિના એકલો આત્માનો, મોક્ષનો લાભ મળી શકે છે. રાગ કાંઈ આત્માની ચીજ નથી.

હવે કહે છે, આમ રાગ ઉત્પન્ન સાથે થાય છે ને ? **'રાગાદિકનું ચૈતન્ય સાથે જ...'** જ્યાં જ્ઞાન ઊપજે છે એ જ કાળે રાગ ઊપજે છે. એક સમયમાં સાથે છે. રાગ-દ્વેષનું **'ચૈતન્ય સાથે જ...'** ઝીણી વાત છે, ભાઈ ! અહીં તો જેટલો વ્યવહાર દયા, દાન, ભક્તિ, વ્રત આદિના પરિણામ એ બધા રાગ છે. એ આત્મામાં જાણવા લાયક છે, એ આત્માની ચીજ નથી. એનાથી આત્માને જરીએ લાભ નથી. કેમ ? – કે **'રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે...'** છે ? આત્મા જ્ઞાન સ્વરૂપ વસ્તુ છે એ જ્ઞાનની ઉત્પત્તિ થાય તે જ સમયે રાગ, દ્વેષ આદિ દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉત્પન્ન થાય. સમય તો એક જ છે. **'તે ચેત્યચેતકભાવની (-જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે,...'** આમ કેમ છે ? એક સાથે બેય ઊપજે ? જ્ઞાન આત્મા જ્ઞાન સ્વરૂપ છે. એ જ્ઞાનની પર્યાય ઊપજે અને સાથે રાગની ઊપજે એમ કેમ ? એ અતિ નિકટતાને લઈને અને ચેત્યચેતકપણાને લઈને. એટલે ? રાગ છે એ જણાવા યોગ્ય છે, આત્મા જાણનાર છે. આત્મા ચેતક છે, રાગ ચેત્ય છે. જણાવા લાયક છે. આવો સંબંધ હોવાથી નજીકપણું લાગે છે. તેથી રાગ અને આત્મા એક હોય એમ લાગે છે. આહાહા..! આકરું કામ.

જેટલો વ્યવહારનો રાગ - દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા એ બધો રાગ આત્માની દશા; આત્મા તો જ્ઞાન સ્વરૂપ આનંદ સ્વરૂપ (છે), જે સમયે જ્ઞાન ઊપજે છે તે જ સમયે રાગ પણ સાથે ઊપજે. એક સાથે ઊપજે છે એનું કારણ ? – કે એ તો ચેત્યચેતકપણાને લઈને છે. એ રાગ છે એ જણાવા લાયક છે અને આત્મા જાણનાર છે. બેય એક નથી. આહાહા..! જેને દુનિયા અત્યારે વ્યવહાર સાધન કહીને ધર્મ કહે છે. દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, તપ કરો, ભક્તિ કરો, પૂજા કરો એમ કહીને લોકો ધર્મ કહે છે. એને અહીંયા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન રાગ કહીને આત્મામાં જાણવા લાયક એવી બીજી ચીજ છે, એ આત્માની ચીજ નથી. આત્મા ચેતક છે – જાણનાર છે અને રાગ જણાવા લાયક બીજી ચીજ જુદી છે. બે થઈને એક ચીજ નથી. આહાહા..! આવું આકરું કામ.

આ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને એવો જે ભાવ આવે કહે છે કે – એ રાગ છે. ત્યારે થાય છે કેમ ? – કે ચેત્યચેતકપણાને લઈને. એ જ્ઞેય છે ને આ જ્ઞાયક છે. રાગ છે એ જણાવા લાયક છે અને આત્મા જાણનાર છે. એને કારણે નિકટથી દેખાવવામાં આવે છે. અજ્ઞાનીને બે એક જેવું લાગે છે. અજ્ઞાનીને રાગની ક્રિયાથી આત્માને લાભ થાય એમ જાણે છે. આહાહા..! આકરું કામ ઘણું, કહે છે. જેને લોકો ધર્મ માને એ અહીં કહે છે કે વિકાર છે. એ તો એક જાણવા લાયક ચીજ છે. ઇ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ વાતને અહીં સિદ્ધ કરી. વ્યવહાર આવે, હોય છે પણ જાણેલો પ્રયોજનવાન છે. આહા..! છે ?

ઇ ચેત્ય અને ચેતકપણાની. ચેતક એટલે કે જ્ઞાયક, ચેત્ય એટલે કે જ્ઞેય અને ચેતક એટલે કે જ્ઞાયક. છે ? ચેત્યચેતક – ચેત્ય એટલે જ્ઞેય, જણાવા લાયક અને ચૈતન્ય એટલે જાણનાર – ચેતક. એ બેની **'અતિ નિકટતાને લીધે જ છે,...'** બેય એક સમયે અને એક ક્ષેત્રે છે. શું કીધું ઇ ? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે અને આ રાગ ઉત્પન્ન થાય એ વિકાર બંધ લક્ષણ છે, ઇ બંધનું લક્ષણ છે. આત્માનું જ્ઞાન લક્ષણ છે. બે લક્ષણો જુદા હોવાથી બેય ચીજ જુદી છે. છતાં નજીકપણું ને એક ક્ષેત્રે ને એક કાળે (છે). જાણનાર અને જણાવા યોગ્ય એક સમયે હોવાથી અજ્ઞાનીને એ રાગ મારી ચીજ છે અથવા રાગથી મને લાભ થશે એમ અજ્ઞાનીને ભેદજ્ઞાન નથી તેથી એમ માને છે. આહાહા..! આવી વાત છે. આ જૂના માણસને શું 'ઝવેરચંદભાઈ'ને સાંભળ્યું હોય બધું ઇ સાંભળ્યું હોય (કે) વ્રત પાળવા, તપ કરવા ને આ કરવું ને ન્યાં આંકડિયામાં શું હોય ? ઇ અહીં કહે છે ***વ્રત ને તપ ને અપવાસ ને ભક્તિ ને ભગવાનનું સ્મરણ કરવું ને એ બધો રાગ છે. એ રાગ છે તે ચેત્ય છે એટલે કે જ્ઞેય છે અને આત્મા તે ચેતક છે એટલે કે એ એને જાણનારો જ્ઞાયક છે. બે જુદી ચીજ છે.*** આહાહા..! આવું કે દિ' સાંભળવાનું (મળે) ? સમજે નહિ ને જન્મ-મરણથી છૂટે નહિ. આહાહા..! છે ?

એક લીટીમાં કેટલું સમાડ્યું જોયું ! આહા..! એ રાગ અને દ્વેષનું **'ચૈતન્ય સાથે જ...'** આત્માના જ્ઞાનની દશા સાથે જ **'ઊપજવું થાય છે...'** ક્ષેત્ર એક છે, કાળ એક છે, ભાવ ભિન્ન છે. ભગવાન આત્મા ચૈતન્ય જાણક સ્વભાવ છે અને એ દયા, દાન, વ્રત, રાગાદિના પરિણામ એ ચેત્ય નામ જાણવા લાયક છે, એ જ્ઞેય છે. જ્ઞાયક આત્મા છે, એ જ્ઞેય છે. જ્ઞેય અને જ્ઞાયક બેય એક નથી પણ સાથે એક સાથે ઉત્પન્ન થાય એથી અજ્ઞાનીને ભ્રમ ઊપજે છે કે રાગ પણ મારી ચીજ છે અને એ રાગ કરતાં મને કાંઈ લાભ થશે એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અજ્ઞાની અનાદિથી મિથ્યાશ્રદ્ધામાં માની રહ્યો છે. કહો 'યશપાલજી' ! આ તો બધો વ્યવહાર ઊડી જાય છે. આહાહા..! ઊડી નથી જતો, રહે છે. છે તો ખરો, નથી તો પછી જાણવા લાયક કીધું કોને ? જાણવા લાયક, વ્યવહાર જાણવા લાયક છે પણ જાણનાર એનાથી જુદી ચીજ છે. આહા..! જાણનાર એ જુદી ચીજ છે અને રાગથી જાણનાર (રાગ અને જાણનાર) જુદી ચીજ છે. બે ચીજ તદ્દન જુદી છે.

જ્ઞાયક ચૈતન્ય તો જ્ઞાયક છે. શરીર ને વાણીની વાત તો અહીં લીધી નથી. એ તો પરવસ્તુ તદ્દન જુદી (છે). સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો, વેપાર એની તો વાત લીધી નથી કે એ તો પરવસ્તુ તદ્દન ભિન્ન છે. એને તો આત્મા કાંઈ માને કે હું કરું તો પણ કરી શકતો નથી. આ માને તો કરે, માન્યતા કરી શકે. રાગ મારો છે એમ માન્યતા કરી શકે. પણ પર ચીજ મારી છે એમ કરે તો એ પર ચીજ એની થાય નહિ. આ રાગ પણ માને મારો છે એમ માને પણ રાગ એનો થાય નહિ, પણ માની શકે છે. આહાહા..! આવું ઝીણું કામ છે.

**'રાગાદિક...'** રાગાદિ એટલે દ્વેષાદિ. રતિ, અરતિ, વિષય, વાસના, ભક્તિ આદિના ભાવ એ બધા રાગાદિકમાં જાય છે. એ **'ચૈતન્ય સાથે જ...'** ચૈતન્ય સાથે જ, સાથે, એક સાથે ઉત્પન્ન **'ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની (-જ્ઞેયજ્ઞાયકભાવની)...'** ચેત્ય એટલે જ્ઞેય ને ચેતક એટલે જ્ઞાયક. ચેત્ય એટલે વિકાર ને ચેતક એટલે નિર્વિકારી ચૈતન્ય. એ બેને જાણનાર અને જણાવા યોગ્ય એટલો સંબંધ છે, બાકી બીજો સંબંધ એને કાંઈ છે નહિ. આહાહા..! વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એવો કોઈ રીતે એમાં સંબંધ છે નહિ. આહાહા..! વ્યવહાર છે, વ્યવહાર આવે, હોય, ચીજ છે પણ એ ચેતકને જાણવા લાયક છે. આહાહા..! અને તે કેમ એમ થાય છે ? એક સાથે ઊપજે છે માટે. જ્ઞાનની પર્યાય ઊપજે અને એ જ કાળે અને એ જ ક્ષેત્રે રાગની ઊપજે. ભાવ જુદો, ભાવ જુદો હોં ! આહાહા..! હવે આવી ઝીણી વાત. ભગવાનનું સ્મરણ કરવું ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં ! કહે છે કે એ સ્મરણ કરવું એ રાગ છે. રાગ છે એ ચેત્ય છે, ચેત્ય છે એટલે જ્ઞેય છે, જ્ઞેય છે એટલે કે જ્ઞાયકથી ભિન્ન છે. જાણનાર આત્માથી એ ચીજ જુદી છે અને જણાવા યોગ્ય ચીજથી જ્ઞાયકભાવ જુદો છે. આહાહા..!

એવા **'ચેત્યચેતકભાવની (–જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે,...'** બહુ નજીક (છે). એક સાથે ઊપજે એથી લોકોને ભ્રમ પડે છે કે દયા, દાન, વ્રતનો વિકલ્પ જે ઊઠે એ જીવનો છે એમ ભ્રમ ઉત્પન્ન થાય છે. આહાહા..! જે કાંઈ કરી શકતા એ કરી શકે એ કહે છે કે એ તું નહિ. તું તો જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ છો, જાણનાર–દેખનાર છો. એ સિવાય વધારે જો નાખ્યું અંદર કે રાગનો કર્તા (છું) તો મરી ગયો, મિથ્યાત્વ થશે. ચૈતન્યને તેં મારી નાખ્યો. આહા..! ભયંકર ભાવમરણ ઊભું કર્યું. એ રાગની ક્રિયા મારી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ને રાગથી મને લાભ થાય એણે રાગથી ભિન્ન ચેતન છે તેને તેણે હણી નાખ્યો. એ ચૈતન્ય નહિ પણ એમ કે રાગવાળો એ ચૈતન્ય છે. આહાહા..! આવું આકરું છે. જુવાનીયાઓને પણ આ તો આકરું પડે એવું છે. જૂના આગ્રહ ન હોય તો જુવાનીયા ઝટ પકડે અને વૃદ્ધને તો પેલા જૂના આગ્રહ હોય તો છોડવું આકરું પડે.

એક લીટીમાં કેટલું નાખ્યું છે ! જેટલા વિકલ્પો ઊઠે, ચાહે તો પરમેષ્ઠીનું સ્મરણ, પંચપરમેષ્ઠીનું સ્મરણ નવકાર (ગણે), પેલું શું કહે છે ? આનુપૂર્વી ! આનુપૂર્વી નથી ? ણમો અરિહંતાણં, ણમો આઇરિયાણં, આડાઅવળા (બોલવાના). બરાબર ધ્યાન રાખીને વાંચે. (એ) રાગ છે, કહે છે. એ રાગ છે તે આત્માની જાત નથી. એ આત્મા અને રાગ ભિન્ન છે અને તેથી તે રાગ જાણવા લાયકમાં જણાય છે અને આત્મા એનો જાણનાર છે એમ જણાય છે. આહાહા..!

આમાં મોટો ગોટો. રાગ આમ થાય, વ્યવહારથી આમ થાય, વ્યવહારથી આ થાય, વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય. આહાહા..! એ પણ એક અપેક્ષાથી કથન છે. બાકી તો જ્ઞાયક સ્વરૂપમાં એકાગ્ર થાય છે એટલે રાગ ઉત્પન્ન થતો નથી એ રાગને છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! કોઈ કહે, આવું ક્યાંથી કાઢ્યું ? વીતરાગ માર્ગમાં છે આ ? આ શેમાં છે આ ? આ કોનું પુસ્તક છે ? આ 'સમયસાર' છે. બે હજાર વર્ષ પહેલાં કરેલા. 'કુંદકુંદાચાર્યે' કરેલું છે. એ તીર્થંકર પાસે ગયા હતા. સીમંધર ભગવાન બિરાજે છે, મહાવિદેહમાં બિરાજે છે, પ્રભુ અત્યારે બિરાજે છે. આહા..! એની પાસે ગયા હતા, આઠ દિ' રહ્યા હતા અને આવીને આ શાસ્ત્ર બનાવ્યું. આહાહા..! એની ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય' ભલે ભગવાન પાસે નહોતા ગયા પણ આ ભગવાન પાસે અંદર ગયા હતા. આહાહા..! ભારે વાત ! એક લીટીમાં કેટલું ભર્યું છે !

એક તો એક વાત કે રાગાદિ એક વાત. બીજું ચૈતન્ય, બે વાત, ત્રીજું સાથે જ ઊપજે છે ત્રણ વાત, એક સાથે જ ઊપજે છે ત્રણ વાત. તે ચેત્યચેતકપણાને કારણે. આમ કેમ છે ? – કે ઇ તો જણાવા લાયક છે અને આત્મા જાણનાર છે. એને કારણે નજીકથી એક સમયમાં ઉત્પન્ન થાય છે. આહાહા..! બીજી રીતે (કહીએ તો) ***જે રાગ જે સમયે ઉત્પન્ન થાય છે તે જ સમયે તે રાગનું જ્ઞાન પોતાથી જ ઉત્પન્ન થાય છે. શું કહ્યું ઇ ? રાગ જે કાંઈ દયા, દાન, ભક્તિ આદિનો વિકલ્પ ઉત્પન્ન થાય તે જ સમયે તે રાગની હયાતી (છે) માટે જ્ઞાન એનું થાય છે એમ નહિ. એ જ્ઞાનગુણની પર્યાય જ પોતે સ્વ-પરપ્રકાશકપણે તે સમયે પ્રગટે છે. તેથી તેને જાણનાર કહી અને રાગને જણાવા યોગ્ય કહેવામાં આવ્યો છે. આહાહા..!***

***ખરેખર તો આત્મા જ પોતે પોતાની પર્યાયને જાણે છે. જાણનારનો કર્તા પોતે આત્મા છે, એ પણ વ્યવહાર છે. પર્યાય પર્યાયની કર્તા છે. એ રાગને લઈને નહિ, દ્રવ્ય-ગુણને***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***લઈને નહિ. જાણવાની પર્યાય, જાણવાની કર્તા-કર્મથી પોતે સ્વતંત્રરૂપે થાય છે. એની સાથે રાગને મેળવવો, ભેળવવો અને રાગ તે મારો છે એમ માનવું એ મિથ્યાત્વ નામ આત્માના સ્વરૂપની હિંસા છે. આત્માના સ્વરૂપની હિંસા છે. અર..ર..!*** આવી વાતો હવે.

હવે કહે છે, પહેલો નિષેધ કર્યો કે ઇ **'અતિ નિકટતાને લીધે જ છે, એકદ્રવ્યપણાને લીધે નહિ;...'** શું કીધું ઇ ? જાણનાર ચૈતન્ય ભગવાન અને દયા, દાનના વિકલ્પો જે રાગ બેય એક દ્રવ્ય નહિ, દ્રવ્ય બેય જુદા છે. આહાહા..! બે પદાર્થ જુદા છે, બેય તત્ત્વ જુદા છે. પેલું આસ્રવ તત્ત્વ, પુણ્ય તત્ત્વ, પાપ તત્ત્વ છે, આ આત્મ તત્ત્વ છે. બેય તત્ત્વ જુદી ચીજ છે, એક વસ્તુ નથી. નવ તત્ત્વમાં પણ એમ આવે છે કે નહિ ? દયા, દાન, વ્રતના પરિણામ એ પુણ્ય તત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી, ધંધા-વેપારના પરિણામ એ પાપ તત્ત્વ છે. ભગવાન તો એ પુણ્ય-પાપ તત્ત્વથી જુદો જ્ઞાયક તત્ત્વ છે. એટલે બે તત્ત્વ તદ્દન જુદા છે. એટલે ઇ સાથે ઊપજે છે એ એક દ્રવ્યપણાને લીધે નહિ. એક સાથે, એક કાળે, એક ક્ષેત્રે જ્ઞાન ઊપજે અને રાગ ઊપજે એ એક દ્રવ્યપણાને લઈને નહિ, એક વસ્તુપણાને લઈને નહિ, બે થઈને એક પદાર્થપણાને લઈને નહિ. આહાહા..! છે ?

**'જેમ...'** આહાહા..! **'(દીપક વડે) પ્રકાશવામાં આવતા...'** હવે બહુ ઝીણી વાત આવશે. આહાહા..! દીવા વડે **'પ્રકાશવામાં આવતા ઘટાદિક...'** ઘડો, રથ, પાણી આદિ ગમે તે ચીજ એ **'(દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે...'** આહાહા..! એ દીપકપણાને જ જાહેર કરે છે, એ ઘટ-પટને જાહેર નથી કરતાં. ઘટ-પટ તો ઘટ-પટમાં રહ્યા, ઘડો આદિ જાહેર કરતાં નથી કેમકે એ તો એનામાં રહ્યા. એ સંબંધીનું અહીં જ્ઞાન પોતાનું છે તેને જાહેર કરે છે. કારણ કે એ પોતામાં રહ્યું (છે). આહાહા..!

ફરીને, દીવો છે એ બીજી ચીજને પ્રકાશે છે એમ નથી. ઇ પોતાની પ્રકાશની ચીજ જ પ્રકાશે છે. દીવાનો સ્વભાવ જ સ્વને પરને પ્રકાશવાનો છે, પોતે એને લઈને પ્રકાશે છે. એ બીજી ચીજને પ્રકાશે છે એમ નહિ. આહાહા..! બહુ ઝીણું આવ્યું. હવે સિદ્ધાંત આવશે આ તો દૃષ્ટાંત આપ્યો.

**'તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા...'** આત્મા વડે જાણવામાં આવતા જે રાગાદિ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ જાણવામાં આવતા એ **'રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે...'** એ શું કહે છે ? આહાહા..! આત્મા પોતાને જાણે છે અને રાગાદિ થાય એને જાણે છે. એ જાણવાને - જાણવાની પર્યાયને જ પ્રકાશે છે, પરને નહિ, રાગાદિને નહિ. ઝીણી વાત છે. આહાહા..!

દીવો બીજી ચીજને પ્રકાશતો નથી કારણ કે બીજી ચીજમાં એ પેસતો નથી. એ પોતાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચીજમાં રહીને પ્રકાશે છે એટલે એ તો દીવાના પ્રકાશને પ્રકાશે છે. આહાહા..! એમ આત્મા ***રાગ, દયા, દાન, કામ, ક્રોધના પરિણામમાં પેસીને જાણતો નથી, એમાં તન્મય થઈને જાણતો નથી. તન્મય તો પોતાની પર્યાયમાં થઈને જાણે છે. એથી તે પ્રકાશે છે એ પોતાની જ્ઞાનની પર્યાયને પ્રકાશે છે, રાગાદિને પ્રકાશતો નથી. આહાહા..! આવું ઝીણું છે. ક્યાં લઈ ગયા ?***

***આત્માનો સ્વભાવ સ્વતઃ સ્વયં સ્વ-પરપ્રકાશક હોવાથી પરને લઈને પરને પ્રકાશે છે એમ નથી. પરને લઈને પરને પ્રકાશે છે એમ નથી. પરને અને પોતાને પ્રકાશે છે એ પોતાને પ્રકાશે છે, પોતાની પર્યાયને પ્રકાશે છે. એ પર ચીજને પ્રકાશતો નથી. આહાહા..!*** સમજાય છે આમાં કાંઈ ? બહુ ઝીણું છે, બાપુ !

**'જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા...'** ઘડો, મકાન કોઈ પણ ચીજ સામી હોય તે. દીવો સામે એક સર્પ હોય એને પ્રકાશે છે એ સર્પને પ્રકાશતો નથી. એ સર્પ સંબંધી પોતાનો પ્રકાશ–જે દીવાનો પ્રકાશ છે એને પ્રકાશે છે. કારણે કે સર્પ સાથે દીવાના પ્રકાશનું તન્મયપણું નથી. આહાહા..!

એમ આત્મા જ્ઞાનાનંદ પ્રભુ રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ પરિણામ થાય તેને પ્રકાશતો નથી. પહેલું કીધું હતું કે એને જણાય, જણાવા યોગ્ય છે અને આ જાણનાર (છે). એમ કહીને હવે કહે છે કે એ જણાવા યોગ્ય છે એ પણ વ્યવહારથી કહ્યું હતું. બાકી એને પ્રકાશતો નથી, પોતાના પર્યાયમાં દ્વિરૂપતાને પ્રકાશે છે. પોતાને પ્રકાશે છે અને રાગને પ્રકાશે છે એ દ્વિરૂપતાને પ્રકાશે એ પોતાનો પ્રકાશ છે. આહાહા..! આવી વાત છે. ઝીણું પડે એવું છે. માર્ગ તો આ છે, ભાઈ ! અત્યારે તો બધી ગડબડ ચાલી છે. ધર્મના નામે ગડબડ ગોટા બહારથી ચલાવ્યા. આહા..!

અહીં તો કહે છે, પ્રભુ ! એક વાત સાંભળ. ***તું એક ચૈતન્ય છો કે નહિ ? છો તો તારો સ્વભાવ જાણવું એ છે કે નહિ ? એ જાણવું છે તો જાણવું સ્વ-પરપ્રકાશકપણે છે કે એકલા સ્વપણે જ છે ? જ્યારે સ્વ-પરપ્રકાશકપણે જાણવું છે તો એ પરને પ્રકાશે છે કે પોતાને પ્રકાશે છે ? સ્વ-પરપ્રકાશકપણું પોતાને પ્રકાશે છે. આહાહા..! આવું ઝીણું. ક્યાં લઈ ગયા ? રાગનો કર્તા નહિ, જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! ચૈતન્ય પ્રભુ આત્મા એ દયા, દાન, રાગનો કર્તા તો નહિ પણ એનો જાણનાર પણ નહિ. આહાહા..! અહીં લઈ ગયા. જાણનાર કહ્યો હતો એ એના જાણવામાં એ આવે છે માટે (કહ્યો હતો), પણ ખરેખર તો એ પોતાના જ્ઞાનને પ્રકાશે છે. સ્વ-પરપ્રકાશક પોતાની શક્તિ છે એને વિસ્તારે છે, એ રાગાદિને વિસ્તારતો નથી. ચૈતન્યનો સ્વ-પરપ્રકાશક વિસ્તાર પોતાના જ્ઞાનને વિસ્તારે છે, પરવસ્તુ જ્ઞેયને વિસ્તારતો નથી. આહાહા..! આવું ઝીણું છે.***

આ કઈ જાતનો ધર્મ ? આવો વીતરાગનો જૈન ધર્મ હશે ? ઇચ્છામી પડિકમણા.. ઇરિયા વિહિયા.. તેમાં આવે મિચ્છામિ દુક્કડમ. એટલે સમજવામાં પણ આવે. તસ્સૂતરી કરણેન,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

પાયશ્ચિત કરણેન, અપ્પાણં વોસરે... છેલ્લે આવે અપ્પાણં વોસરે. અપ્પાણં કોણ ? અને વોસરે કોણ ? એની પણ ખબર ન મળે. આહાહા..!

અહીંયા આત્મામાં ગુણની મર્યાદા લીધી છે. એ આત્માના ગુણની મર્યાદા ચૈતન્યની સ્વ-પરપ્રકાશકની છે. એ પરને પ્રકાશે છે એમ જાહેર નથી કરતું પણ પર સંબંધી પોતાનો જે પર પ્રકાશક સ્વભાવ છે, એ સ્વ-પરપ્રકાશક છે એને પ્રકાશે છે. આહાહા..! આવું હવે સાંભળવું મુશ્કેલ પડે. એ બેસાડવું કઠણ (પડે).

***પહેલાં તો એ લીધું કે રાગ પુણ્ય ને પાપનો ભાવ થાય એ ચેત્ય છે, જણાવા લાયક છે, બસ ! એટલું કીધું. આત્મા જાણનાર છે એટલું કહ્યું. એ એક કાળે ને એક ક્ષેત્રે એક સાથે ઉત્પન્ન થાય છે, છતાં બેય ભિન્ન ચીજ છે. પેલી જણાવા યોગ્ય ચીજ છે, આ જાણવા યોગ્ય છે. હવે અહીં તો કહે છે કે એ જણાવા યોગ્ય ચીજ છે એ વાત કહી હતી પણ એ આના પ્રકાશમાં પ્રકાશે છે ઇ પોતાનો પ્રકાશ છે. એ ચીજને પ્રકાશતો નથી. એ પોતાનો ચૈતન્યનો સ્વ-પરપ્રકાશક (સ્વભાવ છે) તેને પ્રકાશે છે. આહાહા..! આવી વાતું છે. ઝીણું પડે છે થોડું પણ સમજવા જેવું આ છે. બહારની વાતું સાંભળી સાંભળીને તો ઘણા વર્ષ ગાળ્યા. આહા..!***

સત્ય વાત પરમેશ્વર ત્રિલોકનાથ (અહીંયા કહે છે કે) જ્ઞાન સ્વરૂપી આત્મા જ્ઞાન સ્વરૂપી આત્મા એ જ્ઞાન જ્ઞેયમાં ક્યાં તન્મય થાય છે ? જ્ઞેય સંબંધ નું જે જ્ઞાન પોતાનું છે તેમાં એ તન્મય છે. તેથી તે પોતે પોતાના જ્ઞાનને સ્વપરપ્રકાશને વિસ્તારે છે, વિસ્તરે છે, પરનો વિસ્તાર કરતો નથી. આહાહા..! હવે આને વખત કે દિ' મેળવવો આવું સમજવા માટે ? આહા..!

ચૈતન્ય દ્રવ્ય ભગવાન સ્વરૂપ ચૈતન્યપ્રકાશ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. ચમત્કારી એટલે પોતામાં રહીને અનંતને પ્રકાશે છે. છતાં અનંતને પ્રકાશે છે એમ કહેવું એ અપેક્ષા છે. અનંતને પોતાના ભાવને પ્રકાશે છે. અનંતને પોતાની પર્યાયમાં અનંતા જણાય એ અનંતને પ્રકાશે છે. આહાહા..! સમજાય છે આમાં ? આકરું કામ છે, બાપુ ! આ ક્યાંય 'કલકત્તે–ફલકત્તે' મળે એવું નથી. 'દિલ્હી' ને 'કલકત્તે' બધે ધૂળ મળે એવું છે ન્યાં. આહાહા..!

પ્રભુ ! તું કેવડો છો ? ક્યાં છો ? - કે જણાય એવા પદાર્થમાં હું નથી, જણાય એવા પદાર્થમાં હું નથી. ક્યાં છો ? હું તો મારા સ્વ-પરપ્રકાશકના પર્યાયમાં છું. આહાહા..! ગજબ છે ને ? આવી શૈલી સંતોએ જગતને સાદી ભાષામાં, ટૂંકી ભાષામાં, સાદી ભાષા ચૈતન્ય ચમત્કારને મોઢા આગળ મુક્યો (છે), મોઢા આગળ. આ બધું જણાય છે ? - કે ના. જ્ઞાનની પર્યાયમાં આ બધું (જણાય છે) ? અહીં તો સૂક્ષ્મપણે અંદરનો રાગ લીધો. આ બધું જણાય છે જ્ઞાનમાં ? - કે ના. એ ચૈતન્યનો સ્વભાવ છે કે પ્રકાશવું. એના અસ્તિત્વમાં રહીને

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રકાશે છે, એ પોતાના જ્ઞાનને પ્રકાશે છે. આ ચીજોમાં એ જ્ઞાન જાતું નથી, તેમ તે ચીજને લઈને અહીં જ્ઞાનનો પ્રકાશ થતો નથી. એ ચીજને લઈને અહીં પ્રકાશ થતો નથી. આ પ્રકાશ ત્યાં જતો નથી, તેમ આ પ્રકાશ... આહા..હા..! અનંત છે માટે અનંતને પહોંચી વળે તો અનંતને જાણે, અનંતને પહોંચી વળે તો અનંતને જાણે, ત્રણકાળને પહોંચી વળે તો ત્રણકાળને જાણે... આહાહા..! એમ નથી. સમજાણું કાંઈ ? આ તો મંત્ર છે, ભાઈ ! એ પોતાના અનંત ભાવ જાણવાનો જે સ્વભાવ છે, એ સ્વભાવમાં અનંતા જણાય છે. એ સ્વભાવમાં અનંતા જણાય છે એ પોતાની પર્યાય જણાય છે, પર નહિ. પરને તો અડતો પણ નથી. આહાહા..! આવું સ્વરૂપ છે. આવું સાંભળ્યું હતું કે નહિ ? આહાહા..!

***જન્મ-મરણ કરી કરીને બાપા ચોરાશીના અવતાર(માં) અનંતા ભવ કરી કરીને મરી ગયો છે (છતાં) થાક્યો નહિ, થાક્યો નહિ. પાછો વળતો નથી. ન્યાં બહાર ને બહારની નજરું. આહાહા..!*** હજી તો બહાર કરવાની નજરું, એક વાત. પછી બહારને જાણવાની નજરું, બે વાત. આહાહા..! પછી મારામાં જણાય છે તે એ જણાય છે, એ ત્રીજી વાત. હવે અહીં કહે છે કે મારામાં જણાય છે તે હું જણાઉં છું, એ ચોથી વાત. આહાહા..! ભાષા તો સાદી છે. ભાવ સમજાય એવા છે કે નહિ ? 'યશપાલજી' ! ભાષા તો (સાદી છે). આવો માર્ગ છે, બાપા ! ***આહાહા..! અરે..! આ મનુષ્યદેહ તો ચાલ્યો જશે, મનુષ્યદેહની રાખ થઈ જશે. આ તો રાખ છે, માટી, ધૂળ, રાખ છે. મસાણમાં રાખ આટલી પણ નહિ થાય. આટલી થઈને પવન આવશે એટલે (ઊડી જશે).***

**રજકણ તારા રખડશે અને જેમ રખડતી રેત,**

**પછી નરતન પામીશ ક્યાં ? પછી નરતન પામીશ ક્યાં ?**

**ચેત ચેત ચેત નર ચેત !**

***પ્રભુ ! તારે કરવાનું આ છે, ભાઈ ! કાળ આવ્યો છે આવો. આહા..! હવે પછી ક્યાં જઈશ ? બાપુ ! ક્યાં જઈને શું કરીશ તું ? મનુષ્યપણું હારીને જો ઢોરમાં ચાલ્યો ગયો ક્યાંય (તો) અનંત કાળે પાછું માણસપણું મળવું મુશ્કેલ. ઢોર મરીને માંસ ખાયને જાય નરકે. આહાહા..! એ નીકળીને સિંહ થાય ને મરીને પાછા ન્યાં જાય ને આવા ભવ અનંતા કર્યા, બાપુ ! મૂળ ચીજને (પકડે નહિ અને કહે) અમને સમજાય નહિ, અમને નિર્ણય પડે, અમને આમ કરીને, એમ કરીને કાઢી નાખ્યું. અને જગતની ચીજ જે જાણવા યોગ્ય નથી ખરેખર એમાં ઊંડો ઊતરી ગયો, ઊંડો. આહાહા..*** !

શ્રોતા :– ઇ સહેલું પડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સહેલું માને છે, સહેલું કાંઈ પડતું નથી. સહેલું તો અહીં છે. જાણનારો ભગવાન પોતે ક્ષણે ક્ષણે પોતે, પોતે અને પરને પોતાના કારણે પોતે પ્રકાશે છે. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી, તાતે વચન ભેદ ભ્રમ ભારી,**
**જ્ઞેય શક્તિ દ્વિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.**

જ્ઞેય બે છે પણ ખરેખર તો જ્ઞેય આ ભાસે છે. ચૈતન્ય જ્ઞેય છે એ ચૈતન્ય જ્ઞેયમાં પ્રકાશ છે અને એ પ્રકાશથી પોતે પ્રકાશે છે. પરથી પ્રકાશે છે ? પરથી પ્રકાશે છે ? આહાહા..! એનું અસ્તિત્વ જ એટલું મોટું છે કે પોતામાં રહીને, પરને અડ્યા વિના, પરનું અસ્તિત્વ છે માટે પોતાને જાણે છે એટલું બધું એમ પણ નહિ. ***પોતાના અસ્તિત્વની સત્તા જ એટલી છે કે પર અનંત છે તેને અડ્યા વિના સ્વ-પરપ્રકાશકને પ્રકાશે છે. એ પરપદાર્થને પ્રકાશતો નથી, સ્વને પ્રકાશે છે. આહાહા..! આવી વસ્તુ છે.*** આટલી લીટીમાં ઘણું ભર્યું છે ! ઘણું ભર્યું છે ! અહીંથી ઉપાડીને આજનો પેરેગ્રાફ જ આખો સરસ છે. આહા..!

એ થયું ને ? **'રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની (-જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે,...'** નિકટતાને લીધે, એકપણાને લઈને નહિ. આહાહા..! એકદ્રવ્યપણાને લીધે નહિ. આહા..! **'જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા...'** ઘડો, સર્પ, વીંછી આહાહા..! દીવાના પ્રકાશમાં જણાય કે આ સર્પ છે, વીંછી છે; છતાં એ દીવાના પ્રકાશને પ્રકાશે છે, સર્પને નહિ. પ્રકાશને જાહેર કરે છે કે આના ને આના બેયને પ્રકાશને જાહેર કરે છે. એમ ભગવાન આત્મા... આહાહા..! **'ચેતવામાં આવતા રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે...'** આહાહા..! રાગાદિ છે એને જાણનારું ચૈતન્ય છે એમ જાહેર કરે છે. આહાહા..! રાગ તો આંધળો છે, રાગમાં ક્યાં જાણવાની શક્તિ છે ? એ જાણવાની શક્તિ છે તેને પ્રસિદ્ધ કરે છે. એ રાગને પ્રસિદ્ધ જ્ઞાન કરતું નથી. આહાહા..! આવું છે. કાને પડવું મુશ્કેલ. ક્યાંનું ક્યાં જાવું ? ક્યાં રખડ્યો ? ક્યાં રઝળ્યો ? આહા..!

**'આત્માના ચેતકપણાને જ...'** ભાષા જોઇ ? શું કહે છે ઇ ? રાગાદિને નહિ. **'આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે-રાગાદિપણાને નહિ.'** આહાહા..! ગજબ કામ કર્યું છે ને ! આવી આવી વાત ક્યાંય નથી. દિગંબર સંપ્રદાય સિવાય અને આ સમયસાર સિવાય ક્યાંય વાત નથી. આહાહા..! કહે છે કે આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે. **'જ'** શબ્દ છે ને ! સામાંને એમ નહિ. એ તો ચૈતન્યનું સ્વ-પરપ્રકાશકપણું વિશાળ છે, વિશાળ છે, એની સત્તા જ વિશાળ છે એ વિશાળતાને જ જાહેર કરે છે. વિશાળતામાં વિશાળ વસ્તુ જાહેર કરે છે એમ નહિ. આહાહા..! સાંભળવા જોગ આ વાત છે. આહા..હા..!

**'આમ હોવા છતાં...'** છે તો આમ. ***આત્માના પ્રકાશમાં આત્માનો પ્રકાશ જ જાહેર કરે છે, રાગાદિને નહિ. આહાહા..! એ નજીકમાં નજીક એક સમયે ને એક ક્ષેત્રે ઉત્પન્ન થાય. આહાહા..! એને પણ જાહેર કરતો નથી. પોતાની પ્રકાશની દ્વિરૂપતા, એને અને પોતાને પ્રકાશે એવી પોતાની શક્તિને પ્રકાશે છે. આહાહા..! 'ચેતકપણાને જ જાહેર કરે છે...' શબ્દ***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***મૂક્યો છે, જોયો ? અહીં એકાંત કર્યું. પરને જાહેર કરે છે નહિ, પોતાને જ જાહેર કરે છે. આહાહા..!*** સંતોની શૈલી જે વાત કરે તે વાતને આમ સિદ્ધ (કરે છે). ***પોતે 'ચેતકપણાને જ જાહેર કરે છે...' જણાય તેને નહિ, એ જણાતું નથી. એ સંબંધીનું જ્ઞાન અહીં જણાય છે, એ સંબંધેનું અહીં જ્ઞાન પોતાનું પોતાથી થયું છે એ જણાય છે. આહાહા..! આવી વાત. 'જ' શબ્દ પડ્યો છે ને ? 'આત્માના ચેતકપણાને જ જાહેર કરે-રાગાદિપણાને નહિ.' અરે..! પરને તો નહિ પણ એક ક્ષેત્રે ને એક કાળે ઉત્પન્ન થાય તેને પણ નહિ. આહાહા..!***

(આ) ત્રણલોકના નાથની વાણી છે. મુનિ ભગવાનની વાણી કહી રહ્યા છે. આહાહા..! ત્રણલોકનો નાથ બિરાજે છે. એક સાથે ઉત્પન્ન થાય છે એને પણ (જાહેર નથી કરતું). બીજી ચીજ તો એક સાથે ઉત્પન્ન થાતી નથી, બીજી ચીજ, પણ આ ***રાગ-દ્વેષ, દયા-દાન એક સમયમાં જ્ઞાન ને રાગ એક સાથે ઉત્પન્ન થાય એને પણ જ્ઞાન જાહેર નથી કરતું, જ્ઞાન જ્ઞાનને જાહેર કરે છે. આહાહા..! પર તો પર રહી ગયા. આ તો રાગ તો એક ક્ષેત્રે ને એક કાળે ઉત્પન્ન થાય. પેલા તો પરક્ષેત્ર ને એનો કાળ પર છે, બધી પર વસ્તુ. શરીર, વાણી, મન, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આખી દુનિયા, ધંધો એ તો પર રહ્યા, એની તો અહીં કાંઈ વાત જ નહિ. આહાહા..!***

***એક સાથે ઉત્પન્ન થાય એને પણ પ્રકાશે છે એમ કહેવું કહે છે એ વ્યવહાર કહ્યો. ખરેખર પોતાના પ્રકાશને પ્રકાશે છે. આહાહા..! ચૈતન્યની સ્વ-પર પ્રકાશવાની શક્તિ છે તેને પ્રકાશે છે, પરને પ્રકાશે છે એમ નહિ, પરને જાહેર કરે છે એમ નહિ. પોતાની સ્વ-પરપ્રકાશક (શક્તિ છે) તેને જાહેર કરે છે. આજનું જરીક ઝીણી છે. આહા..!*** કહો, 'દેવીલાલજી' ! આવી વાતું છે.

**'આમ હોવા છતાં...'** છે તો આમ, કહે છે. એક સાથે ઉત્પન્ન થાય એ ચીજને પણ જાણે છે એમ કહેવું એ વ્યવહાર (છે). પોતાને પ્રકાશે છે તે નિશ્ચય (છે). આહાહા..! જે ચીજ પરક્ષેત્રે, પરકાળ ને પરભાવથી છે એની વાત તો અહીં કાંઈ (કરી જ નથી). આહાહા..! **'આમ હોવા છતાં તે બન્નેની (–આત્માની અને બંધની) અત્યંત નિકટતાને લીધે...'** અત્યંત નિકટ (છે). એક સમયે સાથે ને ક્ષેત્રે સાથે. આહાહા..! **'ભેદસંભાવનાનો અભાવ હોવાથી...' અજ્ઞાનીને ભેદજ્ઞાનનો અભાવ હોવાથી...**' આહાહા..!

**'આમ હોવા છતાં...'** એમ કહ્યું જોયું ? વસ્તુ તો આમ છે, વસ્તુની સ્થિતિ તો આ રીતે છે. **'આમ હોવા છતાં તે બન્નેની (–આત્માની અને બંધની) અત્યંત નિકટતાને લીધે ભેદસંભાવનાનો અભાવ હોવાથી...'** રાગ અને આત્મા તદ્દન ભિન્ન છે. આહાહા..! એ દયા, દાન, ભક્તિ, વ્રતનો વિકલ્પ જે રાગ છે એનાથી ભગવાન આત્મા તદ્દન ભિન્ન છે. અરે..રે..! કેમ બેસે ? હજી શરીરથી જુદો બેસવો કઠણ પડે. આ શરીરથી જુદો, એ તો તદ્દન જુદી ચીજ (છે). આ તો માટી છે અને (પોતે) ચૈતન્ય છે. અહીં તો એક સાથે ઉત્પન્ન થાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવા રાગ ને દ્વેષ, દયા ને દાન, વ્રત ને ભક્તિ એવો વિકારભાવ એને નહિ જાણતા પોતાને જાણે છે એવું જ સ્વરૂપ છે, એવું જ સ્વરૂપ છે. **'આમ હોવા છતાં...'** એમ કીધું ને ? આવું સ્વરૂપ છે, એમ. આ સ્વરૂપ તો આવું છે. **'આમ હોવા છતાં...'** એમ કીધું ને ?

**'તે બન્નેની અત્યંત નિકટતાને લીધે ભેદસંભાવનાનો અભાવ હોવાથી અર્થાત્ ભેદ નહિ દેખાતો હોવાથી...'** અંદર દયા, દાનના પરિણામ રાગ છે, વિકાર છે અને ભગવાન આત્મા ભિન્ન છે. આહાહા..! એ પરને પણ પ્રકાશતો નથી, પોતાને પ્રકાશે છે. એવું હોવા છતાં, આમ હોવા છતાં, વસ્તુની મર્યાદા આમ હોવા છતાં... આહાહા..! વસ્તુની સ્થિતિ આવી હોવા છતાં **'ભેદસંભાવનાનો અભાવ હોવાથી...'** ભેદજ્ઞાનના અભાવને લઈને **'ભેદ નહિ દેખાતો હોવાથી...'**રાગ અને આત્મા જુદા અજ્ઞાનીને દેખાતા નથી. શરીર ને વાણી આ તો જડ, માટી, ધૂળ છે. બાયડી, છોકરા, પૈસા તો ક્યાંય ક્યાંય ધૂળ બહાર રહી ગઈ. આહાહા..!

**'આમ હોવા છતાં...'** એટલે સમજાણું ? છે તો આમ કે આત્મા પોતાને પ્રકાશે છે. છે તો આમ. આમ હોવા છતાં પણ અત્યંત નિકટ રાગ, દયા, દાન, વ્રતનો વિકલ્પ જે ઊઠે એ અત્યંત નિકટતાને લઈને ભેદનો અભાવ હોવાથી જુદાપણું **'ભેદ નહિ દેખાતો હોવાથી (અજ્ઞાનીને) અનાદિ કાળથી એકપણનો વ્યામોહ (ભ્રમ) છે;...'** અનાદિથી. રાગ એ મારો ને રાગ એ મારું કર્તવ્ય છે, એ અનાદિનો અજ્ઞાનીનો ભ્રમણા ને મિથ્યાભ્રમ છે. **'તે વ્યામોહ...'** આ રીતે હોવા છતાં તે વ્યામોહ(ને) તોડવાની એક જ રીત છે. **'પ્રજ્ઞા વડે જ...'** જોયું ? **'વડે જ'** અને એ પણ એક જ. **'પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.'** એ જ્ઞાનની પર્યાયને પોતાના તરફ વાળતા તેનાથી જુદા પડી જાય છે. રાગ અને જ્ઞાનની પર્યાય બે તદ્દન જુદી પ્રજ્ઞા વડે પડે છે, બીજો કોઈ ઉપાય છે નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** એક સમયની નિર્મળ પર્યાય જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે તેને રત્નત્રય કહ્યું છે તો તેનું ફળ જે કેવળજ્ઞાનપર્યાય તે મહારત્ન છે અને જ્ઞાનગુણની એક સમયની તે પર્યાય તે મહારત્ન છે તો તેવી અનંત અનંત પર્યાયનો ધરનાર જ્ઞાનગુણ તે મહા મહારત્ન છે. એવા જ્ઞાન-આનંદ આદિ અનંતા ગુણોરૂપ મહા મહા-રત્નોનું ધરનાર આત્મદ્રવ્ય એ તો મહારત્નોથી ભરેલો સગાર છે, એના મહિમાનું શું કહેવું ? અહો ! એનો મહિમા વચનાતીત છે. એ અપાર અપાર મહિમા અનુભવગમ્ય જ છે. આવા સ્વભાવનો વિશ્વાસ ને દૃષ્ટિ કરે તો ખબર પડે.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૩૨૦, પ્રવચન નં. ૩૮૮
## તા. ૦૮-૦૨-૧૯૮૦
## [૧૯]

'સમયસાર' ૩૨૦ ગાથા. હવે શિષ્ય પૂછે છે એનો અર્થ એ છે કે જેને સાંભળવાની ગરજ છે ઇ પૂછે છે. સાંભળવા ખાતર સાંભળવા આવવું એ જુદી ચીજ છે અને પોતાના આત્મા માટે સાંભળવું એ વાત કહેશે.

**'હવે પૂછે છે કે-(જ્ઞાની કરતો-ભોગવતો નથી,...)'** એમ અંતર જિજ્ઞાસા થઈ છે. ધર્મી રાગાદિ–દ્વેષાદિને કરતો નથી ને ભોગવતો નથી, **'(જાણે જ છે) એ કઈ રીતે ?'** એની રીત શું છે ? એનો પ્રકાર શું છે ? એમ જાણવા જિજ્ઞાસા છે. **'તેનો ઉત્તર દૃષ્ટાંતપૂર્વક કહે છે :–'** જેને આ સાંભળવાની જિજ્ઞાસા છે એને અહીંયા ઉત્તર દેવામાં આવે છે, એવી શૈલી કહી છે.

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३२०।।**

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

**ટીકા :–** પહેલો દૃષ્ટાંત આપે છે. પૂછવાનું શું છે કે આત્મા આ બધું કરે છે, વેદવામાં આવે છે (અને) તમે કહો છો કે આત્મા કરે નહિ ને વેદે નહિ. પરને કરે નહિ ને રાગને વેદે નહિ. આ શું ચીજ છે ? આ એની શું આશ્ચર્યતા (છે) ? એનો સ્વભાવ આવો વિસ્મયકારી શું છે ? એમ શિષ્યને જાણવાની જિજ્ઞાસા થઈ છે. એને કહે છે.

**'જેવી રીતે આ જગતમાં...'** પહેલું જગત સિદ્ધ કર્યું. આ જગત છે. **'આ જગતમાં...'** (એમ કહીને) અસ્તિ સિદ્ધ કરી, જગતની હયાતી સિદ્ધ કરી. **'નેત્ર દૃશ્ય પદાર્થથી અત્યંત...'** નેત્ર જે આંખ છે, દેખવા યોગ્ય **'પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે...'** આંખ જેને દેખે છે એ દેખનાર પદાર્થથી આંખ તો અત્યંત ભિન્ન છે. **'અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** સિદ્ધાંત આ કહ્યો. આંખ દરેક પદાર્થને (દેખે), અત્યંત ભિન્ન, દરેક પદાર્થથી આંખ ભિન્ન એ આંખ ભિન્નને કરે ને વેદે કેમ ? પોતામાં હોય તેને કરે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને વેદે પણ પરને કરે ને વેદે એ તો અત્યંત ભિન્ન છે. જેને આંખ અડતી પણ નથી, એને કરે-ભોગવે એ કેમ બને ?

**'અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** આંખ જગતની ચીજને દેખે છતાં આંખથી જગતની ચીજ કાંઈ કરાય નહિ, તેમ ભોગવાય નહિ. **'દૃશ્ય પદાર્થને કરતું નથી...'** એ દેખવા યોગ્ય પદાર્થને આંખ કરતું અને વેદતું નથી. આહાહા..! **'જો એમ ન હોય તો...'** આંખ જો કરે ને વેદે તો, કરતું ને વેદતું (હોય તો), ભિન્ન પદાર્થને... નથી અને કરતું-ભોગવતું હોય તો **'અગ્નિને દેખવાથી, *સંધુક્ષણની માફક,...'** (સંધુક્ષણ)= સંધુકણ; અગ્નિ સળગાવનાર પદાર્થ; અગ્નિ ચેતાવનારી વસ્તુ. અગ્નિ ચેતે છે એનાથી અગ્નિ ચેતાય છે.

એમ **'પોતાને (નેત્રને) અગ્નિનું કરવાપણું (સળગાવવાપણું),...'** આવે. જેમ સંધુકણ આગને–અગ્નિને સળગાવે છે એમ આંખ પરથી ભિન્ન છે છતાં એને કરે ને વેદે તો સળગાવવાપણું આવે. તો આંખને સળગાવવાપણું (આવે). આંખ આમ પડે ત્યાં બીજું સળગવું જોઈએ. આંખને સળગાવવાપણું આવે. **'અને લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય...'** આંખ ભિન્ન ચીજને દેખવામાત્રથી એને ભોગવે તો લોઢાનો ગોળો જેમ અગ્નિમાં ઉષ્ણ થઈ જાય છે એમ આંખ પણ અગ્નિમાં અગ્નિમય થઈ જાય. આહાહા..! **'અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય...'** આંખને ભિન્ન ચીજને અનુભવવાનો ભાવ આવી જાય.

**'(અર્થાત્ જો નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું હોય...)'** આંખ છે એ બીજી ચીજને... આહાહા..! કોઈ પણ ચીજને કરતું ને વેદતું હોય **'(તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ...)'** આંખ વડે અગ્નિ થવી (જોઈએ). સંધુકણ જેમ કરે છે એમ આંખ આમ કરે ત્યાં અગ્નિ થવી જોઈએ. જો અગ્નિ અને એ ભિન્ન પદાર્થને આવો સંબંધ હોય તો આંખ આમ થાય ત્યાં ત્યાં સળગવું જોઈએ. **'જો નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું હોય તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ...'** આંખ વડે કરીને અગ્નિ થવી જોઈએ. જેમ પેલો સંધુકણ અગ્નિને સળગાવે છે તેમ આમ આંખ જ્યાં પડે ત્યાં સળગવું જોઈએ. આહા..!

**'અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ;...'** આંખ છે એ અગ્નિને દેખે છે પણ અગ્નિનો અનુભવ નથી. જો એમાં એકાકાર થાય તો અનુભવ થાય. તો એ તો ભિન્ન ચીજ છે. આંખ અને જે ચીજ અગ્નિ છે એ તો ભિન્ન છે. ભિન્નને અગ્નિ કરે પણ નહિ અને ભિન્નને અગ્નિ વેદે પણ નહિ. આ તો હજી દૃષ્ટાંત છે. આહાહા..! **'(પરંતુ એમ તો થતું નથી,...)'** આંખથી સળગતું નથી ને આંખ પરને વેદતું નથી. **'(નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ; પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું નથી)'** આંખ છે તે દેખવા યોગ્ય પદાર્થને (દેખે). દેખવા યોગ્ય-એટલો સંબંધ ખરો પણ એ ઉપરાંત એને સળગાવે કે બાળે તો તો પોતે જ અગ્નિમય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થઈ જાય. આંખ અગ્નિમય થઈ જાય, બળી જાય અને આંખ કરે તો આમ આંખ પડે તો ત્યાં અગ્નિ થવી જોઈએ. '**(પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું નથી)**' આંખ દેખવા યોગ્ય પદાર્થને (એટલું કહીને) દેખવા યોગ્ય પદાર્થનો સંબંધ રાખ્યો પણ એ ઉપરાંત એને સળગાવે ને બાળે એમ થઈ શકે નહિ.

'**પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી,...**' આંખ તો '**કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે;...**' આ દૃષ્ટાંત કહ્યો. આંખ તો બધી ચીજને દેખે જ છે. કોઈ ચીજને કરતો નથી, કોઈ ચીજને બાળતો નથી ને કોઈ ચીજથી બળતું નથી. અગ્નિથી આંખ બળતી નથી, અગ્નિને આંખ કરતી નથી. આહાહા..!

'**તેવી રીતે...**' એતો દૃષ્ટાંત હતો, હવે સિદ્ધાંત આત્મા ઉપર ઉતારે છે. '**જ્ઞાન...**' એટલે આત્મા. આત્મા એટલે જ્ઞાનસ્વભાવ, આત્મા એટલે જ્ઞાનસ્વરૂપ. નેત્ર જેમ અગ્નિને સળગાવે નહિ અને અગ્નિથી બળે નહિ એમ આત્મા પણ આહાહા..! '**પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી,...**' દેખનાર છે. વ્યવહારથી પરને દેખનાર છે. આંખ જેમ પરને દેખે છે એમ આત્મા પરને દેખે ખરો. જે કાળે જે ચીજ છે તે કાળે તે આંખ દેખે તેમ આત્મા પણ તેને દેખે ખરો. આહાહા..! દેખવા ઉપરાંત કરવું ને વેદવું એનામાં હોતું નથી. દેખવાનો સંબંધ છે એક વાત તો લીધી. આંખે દેખે છે એ અગ્નિને કરતી નથી. એમ આત્મા દેખે છે એવું તો છે, દેખતો નથી એમ નથી. આહાહા..!

આત્મા એટલે જ્ઞાન '**પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી,...**' એટલું લીધું. જ્ઞાન પરને દેખે છે એટલું લીધું. જો કે પરને દેખે છે એ હજી વ્યવહાર છે. છતાં એટલો સંબંધ લીધો. તો જેમ પરને દેખે છે એવો વ્યવહાર છે તો પરને કરે એવો પણ વ્યવહાર હોવો જોઈએ. આહાહા..! (તો કહે છે), એમ નથી. આહાહા..! આંખ(ને) દેખવાનો સંબંધ છે એથી કાંઈ આંખ બીજાને સળગાવે ? - કે બીજાને વેદે ? એમ આત્મા(ને) દેખવાનો સંબંધ છે. આહાહા..! આટલું તો લીધું. '**દેખનાર હોવાથી...**' આહા..!

'**(નેત્રની માફક) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...**' જેમ અગ્નિ પરપદાર્થથી ભિન્ન છે એને દેખે છતાં તેનાથી સળગે ને બળે નહિ એમ આત્મા કર્મને દેખે ખરો. આહાહા..! '**કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...**' એકલું ભિન્ન ન લીધું. પ્રભુ ! ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ભગવાન પરપદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે દેખનાર હોવા છતાં, આટલી વાત છે. પેલામાં આવ્યું હતું કે ભાઈ ! એક જ્યારે પોતે કરે છે તો પછી ભેગું પરનું પણ કરે. કરે છે ને ? પોતાનું કર્યા વિના રહે છે ? એ આવી ગયું હતું. કરે છે તો પણ પરને તો કરતું-ભોગવતું નથી. પોતાના પરિણામને ભલે કરે ને ભોગવે. આહાહા..!

અહીં નિર્મળ પરિણામને કરે ને ભોગવે એની વાત છે, મલિનની વાત નથી. આત્મા નેત્રની માફક પરની સાથે દેખવાના સંબંધમાત્રથી પરને દેખે માટે પરનું કાંઈ કરે (એમ નથી);

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરનું દેખવું એવો તો એનો સંબંધ છે પણ દેખવું સંબંધ છે માટે કાંઈ કરે (એમ નથી). આહાહા..! હાથને હલાવે, પગને હલાવે, આંખને હલાવે, બોલે (એમ નથી). જે ચીજ છે એને દેખે છે તો દેખવા છતાં જે ચીજ દેખે તે જ દેખે બરાબર. તેના પરિણામમાં તે જ દેખવાનું બરાબર આવે એવું હોવા છતાં. આહાહા..!

તે દેખનાર હોવા છતાં **'કર્મને કરતું નથી...'** આહાહા..! રાગાદિ, કર્મ આદિને કરતો નથી. કરતું નથી કીધું, કેમ કરતો નથી એમ ન કીધું. જ્ઞાન કહ્યું ખરું ને ? જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન આમ દેખવાનો–જાણવાનો સંબંધ એટલો કહીએ છીએ છતાં દેખવામાત્ર ઉપરાંત એને કરવા અને વેદવાનું (નથી). **'અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** આહાહા..! જીવ જ્ઞાનસ્વરૂપ હોવાથી એને કર્મનો ઉદય થાય એને દેખે. દેખવાના સંબંધમાત્રથી કર્મના ઉદયને વેદે કે કરે એવું નથી. આહા..! હજી તો ચાર બોલ લેશે.

**'કર્મને કરતું નથી અને વેદતું નથી,...'** આહાહા..! કર્મ પરને જાણવા દેખવાનો સંબંધ હોવા છતાં પરને કરતું અને વેદતું બિલકુલ નથી. આહાહા..! આ બધું આખો દિ' આ ધંધો–વેપાર ધમાલ ચાલે છે ને ? દુકાન ઉપર બેઠો. કહે છે કે આત્માને ને એને દેખવામાત્રનો સંબંધ છે. દેખવા ઉપરાંત તેને કરવા ને વેદવાનો બિલકુલ સ્વભાવ નથી. આહાહા..! આંખ જેમ અગ્નિને કાંઈ કરતું નથી એમ ભગવાન આત્મા કર્મ અને કર્મથી મળેલી ચીજો, એ કોઈ ચીજને કર્મને કરતો-ભોગવતો નથી તો પરની તો વાત શું કરવી. આહાહા..! કરતો ને ભોગવતો નથી.

**'વેદતું નથી, પરંતુ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું...'** આહાહા..! **'કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી...'** ભગવાન તો જાણવાના સ્વભાવવાળો છે, બસ ! આખી દુનિયાને દેખે. આહા..! વિષયવાસના કાળે સંયોગને દેખે. આહાહા..! છતાં તે વિષયવાસનાને કરતો નથી અને સામી ચીજને જે ભોગવે છે એમ દેખાય છે એને એ આત્મા કરતો નથી. આહા..!

કેવળ જ્ઞાનસ્વભાવ ! એકાંત નહિ કીધું ? કેવળ જ્ઞાન લીધું, એકલો જ્ઞાન સ્વભાવ. કથંચિત્ જ્ઞાન સ્વભાવ ને કથંચિત્ કર્તાપણું, રાગનું કર્તાપણું, અરે..! બંધ ને મોક્ષને કર્તાપણું કથંચિત્ તો અનેકાંત કહેવાય. (તો કહે છે) એમ નથી. ***આહાહા..! ભગવાન આત્મા જ્ઞાન સ્વભાવવાળો હોવાથી જાણવાનું કામ કરે. જાણવાના સ્વભાવાળો હોવાથી જાણવું કામ કરે. આહાહા..! પણ તે બંધને કરતું નથી. રાગને બંધને કરતો નથી, તેમ રાગને તે જ્ઞાન વેદતું નથી. બંધને જ્ઞાન જાણે. જાણવાનો સ્વભાવ હોવાથી જાણે એટલું કહીએ પણ તે રાગને કરે ને વેદે એવું એનું સ્વરૂપ નથી. આહાહા..! પરનું કરવું તો ક્યાંય રહી ગયું. આહાહા..!*** હીરા, માણેક ને ઝેવરાત ને કપડા ને... એ એક રજકણને માત્રને દેખે. રજકણથી માંડીને આખી દુનિયા (દેખે) પણ એક રજકણને કરે કે રાગને કરે ને વેદે, જાણવાના સંબંધમાત્રથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરવા ને વેદવાનો સંબંધ થઈ જાય એમ નથી. આહાહા..! પરને જાણવા ને દેખવાનો સંબંધ છે એટલામાત્રથી પરને કરે ને વેદે એ છે નહિ. આહાહા..! છે ?

**'પરંતુ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી કર્મના બંધને...'** અહીં હવે આકરી વાત આવી. કર્મનો બંધ થાય એને જાણે, બંધ કરે નહિ. બંધ થાય (ત્યારે) પરજ્ઞેય તરીકે બંધને જાણે, બંધને કરે નહિ. આહાહા..! જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાય. 'ગોમ્મટસાર'માં તો એ બધા (કથન) આવે. આઠ કર્મથી આમ થાય ને આઠ કર્મથી આમ થાય. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). આહા..!

અહીં તો કેવળ જ્ઞાનસ્વભાવ, કેવળ જ્ઞાનમાત્ર. જ્ઞાનમાત્ર કહેતા જ્ઞાન એકલું નહિ પણ જ્ઞાનમાત્ર કહેતા બીજા અવિનાભાવી ગુણો છે, પણ જ્ઞાનમાત્ર કહેતા રાગને ને પરને કરે નહિ એ માટે માત્ર કીધું છે. આહાહા..! એ બોલે નહિ, ચાલે નહિ. આહાહા..! બીજાને શીખામણ દે નહિ, બીજાથી શીખામણ લે નહિ. લ્યો, અહીં તો એ આવ્યું. કાલે બપોરે તો એ આવ્યું હતું (કે) ગુરુના વચનોને પામીને. એ તો ફક્ત સુદૃષ્ટિનો ઉપદેશ આપ્યો એ એણે લઈ લીધો. સુદૃષ્ટિને કરી લીધી એટલી વાત કહેવા માટે કરી છે.

અહીં તો કહે છે **'કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી કર્મના બંધને...'** કરતો નથી, જાણે છે. શાસ્ત્રમાં આવે કે ચોથે ગુણસ્થાને આટલી પ્રકૃતિ(ની) સત્તા હોય, આટલો ઉદય હોય, આટલું વેદન અંદર વેદવા યોગ્ય એટલે અનુભાગ હોય. પણ એ જાણે. આહાહા..! ચોથે ગુણસ્થાને આઠ પ્રકૃતિમાંથી આઠ કર્મની આટલી પ્રકૃતિ હોય, આટલી છૂટે, આટલી બંધાય, આટલી સત્તામાં રહે, આટલી ઉદીરણા થાય, આટલો ઉદય આવે. એ વાત બધી આવે પણ એને જાણે. આહાહા..! અરે..! નજીકની ચીજ કર્મ છે એના ઉદયને પણ જાણે તો પર ચીજને આ કરે ને આ કરવું (એ તો હોય ક્યાંથી) ? આહાહા..! આત્મા ચાલે ને આત્મા બોલે ને આત્મા પરને કટકા કરે, પરને ભુકા કરે, મદદ કરે, પરથી મદદ લે એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..!

**'બંધને તથા મોક્ષને,...'** ***આહાહા..! જ્ઞાન તો મોક્ષને કરતું નથી. આહાહા..! ઘણી વાત ઊંચી છે. ૩૨૦ ગાથા. બંધને કરે ને મોક્ષને કરે એ પણ નહિ, બંધને ભલે ન કરે પણ મોક્ષને કરે ને ? મોક્ષ પૂર્ણ દશા (કરે ને) ? - કે ના. તે કાળે તે પર્યાય થાય જ એને કરે શું ? કરે તો ન હોય એને કરે. જેની સ્થિતિ ન હોય તેને કરે એને કરે કહેવાય. પણ જાણનાર જ્ઞાનીને મોક્ષની પર્યાય છે એમ જાણે બસ. છે એને જાણે. આહાહા..!***

મોક્ષની પર્યાયને પણ કરે નહિ. કેમકે એનામાં ભાવ નામનો એક ગુણ છે, જે ગુણને લઈને દૃષ્ટિ જે દ્રવ્ય ઉપર પડી અને દ્રવ્યનો સ્વીકાર થયો ત્યાં જે બંધનો રાગાદિ છે... આહાહા..! એને એ કરતું નથી. ***આહાહા..! એ ગુણસ્થાને તેના પ્રમાણમાં કર્મનો ઉદય આવે અને ઉદીરણા થાય એને એ કરતો નથી. આહાહા..! છેલ્લી હદ છે. જ્ઞાનસ્વભાવ ! જ્ઞાનસ્વભાવ !***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***બહુ જ તાણીને તું કહે તો જાણે-દેખે એમ અમે કહીએ છીએ. ખરેખર તો પરનું જાણવું-દેખવું એ વ્યવહાર છે. આહાહા..!***

***શ્રોતા :– જાણતો નથી એ પણ વ્યવહાર ?***

***પૂજ્ય ગુરુદેવીશ્રી :– એ પરને જાણે છે એ પણ વ્યવહાર. કરે ને વેદવાની તો વાત જ નહિ. પોતે પોતાને જાણે છે તે નિશ્ચય. આહાહા..!*** પણ કહે છે કે તું બહુ લઈ જા તો દેખે-જાણે એટલે સુધી રાખ. આહાહા..!

***આત્મતત્ત્વ જ્ઞાનસ્વરૂપી ભગવાન એ મોક્ષને કરે એ પણ નહિ. આહાહા..! પુરુષાર્થ ક્યાં ગયો ત્યાં ? કહે છે કે એ જાણે એ જ એનો પુરુષાર્થ છે.*** જાણે કે આ થયો મોક્ષ. તે વખતે તે કાળે તે જ પર્યાય શુભભાવને લઈને (થાય જ). શુભભાવનો સ્વભાવ છે, શુભ-અશુભ આદિ છે ને ? એને લઈને પર્યાય થાય જ. કરું તો થાય, વિકલ્પ કરું તો થાય, ... કરું તો થાય... આહા..! એવું સ્વરૂપમાં નથી. આહાહા..!

***એ બંધને કરતો નથી અને મોક્ષને પણ કરતો નથી. આહાહા..! કેમકે મોક્ષની પર્યાય તે કાળે તે થવાની જ છે. થવાની જ છે એને કરે તો થવાની છે, થાય છે, થાય છે, થાય છે તેને કરે છે એટલે શું ? આહાહા ! જ્ઞાન પ્રભુ પર્યાય થાય છે અથવા છે, છે તેને કરવું શું ? મોક્ષની પર્યાય છે. જાણનારને તે મોક્ષની પર્યાય ત્યાં છે. છે તેને કરવું શું ? આહાહા..! સત્... સત્‌ને કરવું શું ?*** તો છે એ નથી થાય એમ થઈ જાય. મોક્ષની પર્યાય પણ તે કાળે થાય તે જ એનો સ્વભાવ છે. દ્રવ્યદૃષ્ટિ થઈ એથી તેના અંતરમાં ગુણમાં એવો એક ભાવ નામનો ગુણ છે કે તે પર્યાય થાય જ. ભાવ નામનો ગુણ છે કે એ મોક્ષની પર્યાય તે કાળે થાય જ. આહાહા..! શુદ્ધ.

એ ભાવ નામના ગુણને લઈને, આખી દ્રવ્ય દૃષ્ટિ થઈ છે એથી તે મોક્ષની પર્યાય થાય છે, થાય છે. થાય છે એને કરું છું એમ કેમ આવે ? કહે છે. આહાહા..! આવું ઝીણું છે. તે તે કાળે તે પર્યાય થાય જ છે અથવા છે અથવા સત્ છે, સત્ છે. આહાહા..! સત્ છે એ સત્‌ને કરે ? આહાહા..! આવી વાત છે. અત્યારે તો લોકો ક્યાંય બહારમાં (ધર્મ) માનીને, મનાવીને (રોકાઈ ગયા છે).

અહીંયા તો પ્રભુ જ્ઞાન સ્વભાવવાળો હોવાથી એ સમયે મોક્ષની પર્યાય થાય છે, થાય છે તેને કરે છે એ તો વિરુદ્ધ થયું. છે તેને કરે છે એ તો વિરુદ્ધ છે. આહા..! છે તેને જાણે છે. આહાહા..! આ વસ્તુનું સ્વરૂપ છે.

**'બંધને તથા મોક્ષને...'** આહાહા..! એમ **'કર્મના ઉદયને,...'** ઉદય પણ છે, ઉદય છે તેને જાણે છે. એ જ્ઞાનમાં રહીને પોતાને ને ઉદયને દ્વિરૂપતા તરીકે જાણે છે એટલું ભલે કહીએ. ઉદયને જાણે છે એટલું કહીએ. એ સિવાય બીજો તો કોઈ (સંબંધ) છે જ નહિ. અહીં સુધી આવ્યું કે ઉદયને જાણે છે, બસ ! એટલી વાત જ્ઞાનને સિદ્ધ કરી, જાણનાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્મા છે એ અપેક્ષાએ. આહાહા..!

**'ઉદયને તથા નિર્જરાને...'** આહાહા..! આત્મા નિર્જરાને કરતો નથી. કેમ ? - કે એ સમયે અશુદ્ધતા ટળે છે, શુદ્ધતા વધે છે, કર્મ કરે છે એ નિર્જરાના ત્રણ પ્રકાર છે. બાહ્ય કર્મ ખરવું એક પ્રકાર, અશુદ્ધતાનું ગળવું એક પ્રકાર અને શુદ્ધનું વધવું એક પ્રકાર. એ સમયે કહે છે એ ત્રણે છે. એક સમયમાં ત્રણે છે, છે એને કરે શું ? આહાહા..! ઝીણી વાત છે. આહાહા..! એ સોનાને કે હીરાને ઘસે (તો કહે છે કે એ પર્યાય તો ત્યાં છે. હવે છે એને એ કરે એનો અર્થ શું ? નથી તેને કરે એમ હોય, પણ તે પર્યાય ત્યાં છે જ. આહાહા..!

સત્ નિર્જરાપણે પર્યાય છે. અહીં શુદ્ધતાની વૃદ્ધિ એ નિર્જરા, અશુદ્ધતાનું ગળવું એ પણ નિર્જરા અને કર્મનું (ખરવું એ પણ) નિર્જરા (છે). પણ ખરું તો શુદ્ધતાનું વધવું (તે નિર્જરા છે). પણ અહીં કહે છે કે શુદ્ધતાનું વધવું એ પણ તે કાળે છે. આહાહા..! નિર્જરાના પ્રકાર ત્રણ એમાં ખરું તો શુદ્ધતાનું વધવું એ નિર્જરા (છે). અશુદ્ધતાનું ગળવું એ તો વ્યવહારનયથી (છે) અને કર્મનું ટળવું એ તો અસદ્ભુત વ્યવહારનયથી (છે). આહાહા..! પણ અહીં તો શુદ્ધતાનું વધવું એ પણ તે સમયે તે છે, વધવું તે છે. આહાહા..! શુદ્ધ ઉપોયગથી ત્યાં વધે છે એ તે સમયે છે. છે એને કરવું શું ? આહાહા..!

શ્રોતા :– ઊપજે છે એ પણ ન લેવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઊપજે છે એને કરતું નથી. એ વાત તો આવી. એ વાત તો સિદ્ધ કરી. ઊપજે છે ને ? એ ઊપજે છે ને ? છે એને ઊપજે છે કરવું ? ઝીણી વાત છે, ભાઈ ! આહાહા..! જે મોક્ષ ઊપજે છે... અરે..! નિર્જરા પણ ઊપજે છે. આહાહા..! ઊપજે છે એની હયાતી તો છે. હયાતી છે એને કરવું છે ? ઝીણી વાત છે. આહા..!

**'નિર્જરાને...'** ભાષા પાછી કેવી છે ? **'કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું હોવાથી...'** એ ત્યાં લીધું. અહીં લીધું **'કેવળ જાણે જ છે.'** છેલ્લું. **'કેવળ જાણે જ છે.'** એ નિર્જરાને પણ કરે છે, થાય છે ત્યાં કરે છે એ શી રીતે ? મોક્ષ પણ થાય છે તે સમયે સત્ છે. તે પણે તે ક્રમબદ્ધના,... ક્રમબદ્ધથી ઉપાડ્યું છે ને આ બધું ? મોક્ષની પર્યાય ક્રમસરના કાળે થાય છે એને કરવું શું ? નિર્જરાને કાળે નિર્જરા શુદ્ધિની વધે છે એને કરવું શું ? આહાહા..! આવી વાત છે. એને ઠેકાણે અહીં તો કહે પરનું કરવું, પરને સહાય કરવી, મદદ કરવી, બધાને સંપ રાખવા માટે એક-બીજાને મદદ કરો તો સંપથી રહી શકાય. આહાહા..! એમ લોકોને આમ બહારથી મીઠું લાગે. ઓશિયાળાની દૃષ્ટિ ખરી ને ! આહાહા..! અહીં કહે છે એ તો દૃષ્ટિ વિરુદ્ધ છે.

***અહીં તો સત્ છે. જેમ ત્રિકાળી જ્ઞાનસ્વભાવ સત્ છે, જેમ ત્રિકાળી આત્મા સત્ છે એને શું કરવું ? એમ તે તે પર્યાય તે કાળે તે સત્ જ છે. આહા..! બેય સત્ છે. વસ્તુ***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***ત્રિકાળીપણે સત્ છે, નિર્જરા ને મોક્ષ એ પણ તે કાળના સમયપણે તે સત્ છે. છે એને કરવું શું ? આહાહા..! ગજબ વાત કરી છે !***

'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે ને ? અને તે પણ તેને જાણવાની પર્યાય પણ ખરેખર નિર્જરાને, મોક્ષને જાણે છે એમ કહ્યું, કરે છે એમ ન કહ્યું પણ છતાં ***નિર્જરાને, મોક્ષને કાળે તે જ્ઞાનની પર્યાય પણ તે પ્રકારે ત્યાં થવાની જ છે. મોક્ષને, નિર્જરાને જાણે એવી જ પર્યાય તે કાળે થવાની છે. આહાહ.. ! જરીક ઝીણું છે. નિર્જરા ને મોક્ષની પર્યાય તો છે. છે તેને ભલે જાણે એમ કહેવું પણ જાણવાની પર્યાય પણ તે કાળે છે.*** છતાં એટલું કહે કે પરને જાણે છે એટલું કહો. એ પરને જાણે છે એ રીતે જ છે. એ જ્ઞાનની પર્યાય જે સર્વવિશુદ્ધ જ્ઞાન છે એ પરને જાણે છે એ રીતે જ એ છે. એ પર છે માટે પરને જાણે છે એમ પણ નહિ. આહાહા..! આવો માર્ગ છે.

સત્‌ને સત્ તરીકે સિદ્ધ કરે છે. છે, સત્ છે. આહાહા..! એટલું કહીએ છીએ કે જાણે છે, પણ જાણે છે એ પણ પર્યાય સત્ છે. તે જ પ્રકારે તે જ સમયે તેને જાણવું એવી જ પર્યાય તે છે તેને જાણે માટે તે પર્યાય તેને જાણે છે એ પણ વ્યવહાર છે. આહાહા..! ***એ જાણવાની પર્યાય પણ તે કાળે ક્રમસરમાં તેને જાણે એવું પોતે પોતાની પર્યાયપણે છે.*** આહાહા..! ઝીણું બહુ છે. આહા..હા !

ચારેય બોલ લીધા. બાકી શું રાખ્યું ? બંધ ને મોક્ષ. આહાહા..! દ્રવ્યબંધથી તો ભિન્ન છે પણ ભાવબંધને પણ તે જ પ્રકારે તે ત્યાં જાણે છે. રાગ બંધાય છે, રાગ થાય છે. તે તે કાળે તે થાય છે એને તે તે કાળે જાણવાનું કામ તે જ્ઞાનની પર્યાય તે કાળે પોતાથી કરે છે. આહાહા..! એ રાગ ને બંધ છે માટે એની અપેક્ષા રાખીને જાણવાની પર્યાય થાય છે એ વ્યવહાર છે. સમજાય છે કાંઈ ?

***જાણવાની પર્યાય થાય છે. આહા..હા..! અનંત ગુણોને, અનંતી પર્યાયને, મોક્ષ-નિર્જરા આદિ, ઉદય આદિને તે સમયમાં તે જ્ઞાનની પર્યાય તેને તે રીતે જાણે એ રીતે જ પોતે ઉત્પન્ન થાય છે. એ રીતે પોતે પોતાથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. આહાહા..!*** હવે અહીં બહારના માણસને અટકવું, આને કરવું ને... એક ઠેકાણે સાંભળ્યું હતું. પચાસ પંડિત 'ઇન્દોર'માં ભેગા થયા હતા. એ વખતે અહીંના વિરુદ્ધની એ ચર્ચા મુકી કે પરનો કર્તા ન માને તે દિગંબર જૈન નથી. આહા..! અરે..! પ્રભુ ! શું કરે છો ? આહાહા.. !

***કર્તા તો નહિ અને ખરેખર તો એનો જાણનાર પણ નહિ. જાણનાર જાણનારને જાણતા, જાણનારને જાણનારને જાણતાની પર્યાય સત્ ઉત્પન્ન થાય છે.*** પણ એટલો વ્યવહાર અહીં સિદ્ધ કરવો છે કે એ મોક્ષને, નિર્જરાને જાણે છે. જાણવાની પર્યાય અને મોક્ષ ને બંધની પર્યાય અને નિર્જરાની (પર્યાય) ભિન્ન છે. અનંતી પર્યાય એક સમયે થાય છે. અનંતા ગુણની અનંતી પર્યાય અક્રમે, અક્રમે એક સાથે થાય છે. આહાહા..! નિર્જરાની પર્યાયને મોક્ષની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયને પણ તે સમયની પર્યાય થાય છે, તે જાણે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! ઝીણું તો છે થોડું. ૩૨૦.

શ્રોતા :- જાણવાની પર્યાયનું પણ કર્તાપણું નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- જાણવું એ પણ કરવું, જાણવાને કરું, જાણવાનું કરું એ પણ નથી. એ જાણવાની પર્યાય પણ તે કાળે સત્ તરીકે છે અને થાય છે. આહાહા..! આવું છે. આખી દુનિયામાં હું કરું, હું કરું. આખો દિ' આ ધંધા મેં કર્યા ને આને મેં કર્યા ને આને મેં કર્યા, મેં આને સાચવ્યા, છોકરાને મોટા કર્યા, પાળી-પોશીને ભણાવીને (મોટા કર્યા). બધું ગપ છે આ તો કહે છે. આહા..હા..!

જ્યાં પોતાની નિર્જરા ને મોક્ષની પર્યાય... આહાહા..! એને પણ જાણવાનું કામ (કરે), કરવાનું નહિ, જાણવાનું કામ કરે. આહાહા..! એ પરના રજકણને કે પરના સ્કંધને કાંઈ પલટાવે, બદલાવે (એવું નથી). આહા..! આત્મા રોટલી કરી શકે લાડવો વાળી શકે એ તો છે જ નહિ, કહે છે. આહાહા..! એમ સિદ્ધ કરવું છે કે તે સમયે તેનું સત્ છે એ પ્રકારે તો થાય છે. એ સત્ છે એમાં તારા હેતુની એને શું જરૂર છે ? એટલું રાખ કે તું જ્ઞાન છો અને એ જ્ઞાન નથી એટલે જાણવાનું કામ કરે. આહાહા..! આવો માર્ગ (છે). ક્યાં લઈ જવો એને !

અહીં કહે, એકેન્દ્રિયની દયા પાળો, બેઇન્દ્રિયની દયા પાળો, ત્રણઇન્દ્રિયની, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિયની (દયા પાળો) ! આહાહા..! હિંસા ન કરો. એ બધા વ્યવહારના વચનો છે. આહાહા..! તે વખતે હિંસા થવાની નથી જ. આહાહા..! તેને જ્ઞાન જાણે છે. આહાહા..! તે જ્ઞાન પણ હિંસા થવાની નથી એ અપેક્ષા રાખીને જ્ઞાન ઉત્પન્ન થયું છે એમ પણ નથી. અનંતી પર્યાય એક સમયે ઉત્પન્ન થાય છે એમાં એક પર્યાયને બીજી પર્યાયની પણ અપેક્ષા નથી. આહાહા..! આવું એનું સત્ સ્વરૂપ છે.

૩૨૦ ગાથા... આહા..! ભાઈએ મુક્યું છે ને ? 'જયસેનાચાર્ય'ની ટીકામાં કે ભાઈ ! 'યોગીન્દ્રદેવે' પણ એમ કહ્યું છે કે આત્મા બંધ અને મોક્ષને કરે નહિ. એક ગાથા મૂકી છે ને ? છે ને આમાં છે કે નહિ ? શ્રી 'યોગેન્દ્રદેવે' પણ કહ્યું છે કે '...' જિનવર ત્રણલોકનો નાથ જિનેશ્વર એમ કહે છે. બીજી ભાષા શું કહેવાય ? કહે છે એમ કહેવું (પડે). વાણી વાણીને કારણ આવે છે પણ એ વાણીના નિમિત્ત છે એટલે કહે છે એમ કહેવામાં આવે છે. વાણી છે એટલે ભૂતાર્થ તે સમયની તેની પર્યાય છે, લાયકાતથી તે વાણી આવે. ભગવાન છે માટે આવે છે એમ પણ નથી. આહાહા..! પણ ભાષા શું કહેવાય ? મોટાનું નામ દેવું હોય ત્યારે (એમ કહે) '....' હે યોગી ! યોગી એટલે યોગને આત્મામાં જોડનાર. ***આહાહા..! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, પરમાર્થે જીવ નિર્જરા ને મોક્ષપણે પણ ઊપજતો નથી અને મરતો પણ નથી. આહાહા..! અને બંધ-મોક્ષ કરતો નથી એમ શ્રી જિનવર કહે છે.***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દાખલો જિનવરનો આપ્યો, જિનવર આમ કહે છે. બંધ ને મોક્ષ કરતો નથી એમ જિનવર કહે છે. આહા..!

એનો અર્થ એટલો કે આત્મા જે સ્વભાવ છે તેના તરફ જ્યાં જાણવાનું લક્ષ થયું (ત્યાં) બધું છૂટી ગયું. બસ ! પછી જે છે એ જાણે. એ નિર્જરાને જાણે, મોક્ષને જાણે, સાધક વખતે નિર્જરાને જાણે, સાધ્ય વખતે મોક્ષને જાણે. આહાહા..! તે જાણવાની પર્યાય પણ તેવી જ પોતે તે કાળે તે પ્રકારની પોતાથી ઊપજે છે. ***આહાહા..! જાણવાની પર્યાય પણ બંધને, મોક્ષને, નિર્જરાને, ઉદયને, જિનવર કહે છે કે આત્મા કરતો નથી, જાણે જ છે. જાણે છે એ જ્ઞાનની પર્યાય પણ તે કાળે, તે જ પ્રકારે પોતાની ઉત્પન્ન થવાના કાળે હતો તો થઈ છે. આહાહા..! આકરું કામ છે જરી.***

એમાં એમ આવ્યું છે કે એકદેશ શુદ્ધનયાશ્રિત આ ભાવના.. એ ભાવના એટલે જ્ઞાનની પર્યાય આદિ, શ્રદ્ધાની પર્યાય, ચારિત્રની પર્યાય જે ભાવનારૂપ પ્રગટ થઈ તે અંશે શુદ્ધિરૂપ પરિણતિ છે. તે નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ ક્ષયોપશમિક જ્ઞાનરૂપ હોવાથી. ઇ ક્ષયોપશમ જ્ઞાન છે. વસ્તુ તરીકે ભલે શ્રદ્ધા ઉપશમરૂપ હો, ક્ષયોપશમરૂપ હો, ક્ષાયિકરૂપ હો પણ તેને જાણનારું જ્ઞાન ક્ષયોપશમ જ્ઞાન છે, તેને જાણનારું ક્ષાયિક જ્ઞાન નથી અહીંયા અત્યારે. શું કહ્યું સમાજણું ? આહાહા..! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી એટલે શેમાં ? પર્યાયમાં ઊપજતો નથી ને પર્યાયને વ્યય કરતો નથી. આહાહા..!

'પ્રવચનસાર'માં ૧૦૧ ગાથામાં એમ કહ્યું કે જે પર્યાય ઊપજે છે તેને ધ્રુવની અપેક્ષા નથી. જાણવાની અપેક્ષાથી અહીં જાણે છે, એ એવું જ્ઞેય આવ્યું માટે અહીં જ્ઞાન એવું થાય છે એવી અપેક્ષા નથી. જાણવાના જ્ઞાનમાં જે જણાવા યોગ્ય બરાબર સામે આવ્યું માટે તેને અહીં જાણે છે એટલી અપેક્ષાએ જ્ઞાનની ઉત્પત્તિ થઈ એમ પણ નથી. આહા..! ઇ કીધું અહીં જુઓને ! આહા..!

એકદેશ વ્યક્તિરૂપ છે. ક્ષયોપશમ જ્ઞાનની અપેક્ષાએ. ભલે ક્ષાયિક સમકિત થયું પણ જ્ઞાનની અપેક્ષાએ ક્ષયોપશમ જ્ઞાનરૂપ થયું. તો પણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે સકળનિરાવરણ અખંડ... આહાહા..! ભગવાન આત્મા સકળ નિરાવરણ, સકળ નિરાવરણ - પૂર્ણ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય (છે). અખંડ છે ને એકરૂપ છે. પ્રત્યક્ષ પ્રતિભાસમય (અર્થાત્) જ્ઞાનમાં પ્રત્યક્ષ પ્રતિભાસમય દેખાય, જણાય છે તેવો છે. અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ, શુદ્ધ પારિણામિક સહજ સ્વભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય... આહાહા..! નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. પર તો નહિ, રાગ નહિ, પર્યાય નહિ. આહા..!

પર્યાય એમ જાણે છે કે સકળ નિરાવરણ અખંડ એક જ્ઞાન સ્વરૂપ અવિનશ્વર પરમ પારિણામિકભાવ લક્ષણ નિજ પરમ દ્રવ્ય પરમાત્મ દ્રવ્ય તે હું છું. પર્યાય કહે છે કે હું પર્યાય છું એમ પણ નહિ. આહાહા..! આવી વાત છે. નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે જ હું છું. જે સકળ નિરાવરણ છે તે જ હું છું. એકાંત કરી નાખ્યું. કથંચિત્ આમ ને કથંચિત્ તેમ ન નાખ્યું.

જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય. આહા..! જ્ઞાનની પર્યાયમાં તેવડો જ આખો ભાસે છે. આહાહા..! એ પ્રત્યક્ષ જ્ઞાનમાં જણાય એવો ભગવાન આત્મા અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું, પરંતુ એમ ભાવતો નથી કે ખંડ જ્ઞાન હું છું. ક્ષયોપશમ જ્ઞાનરૂપે પણ હું છું એમ ભાવતો નથી, એમ કહે છે. આહાહા..! અહીં તો કીધું કે ક્ષયોપશમજ્ઞાનમાં કે ક્ષાયિકજ્ઞાનમાં જણાય છે. જે છે તેમ જણાય છે પણ છતાં ધર્મી ક્ષયોપશમજ્ઞાનને પણ ભાવતો નથી. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે. આહાહા..! ૩૨૦ ગાથા વંચાઈ ગઈ છે. ઘણા વ્યાખ્યાન થઈ ગયા છે. આ તો 'યોગીન્દ્રદેવે' પણ એમ કહ્યું છે કે '...' આહાહા..!

એકલો જ્ઞાન સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ પૂર્ણ જ્ઞાન, એને જ્ઞાન પ્રધાનથી આખા આત્માને લીધો. કારણ કે ***તે પર્યાયમાં અનંતી પર્યાય ને દ્રવ્ય ગુણ જણાય છે. તે પર્યાયને પણ ઉત્પન્ન કરું છું એમ નહિ. આહાહા..! એ પણ તે કાળે છે, છે તેને પણ હું જાણું છું. આહાહા..!*** એવું અહીં કીધું.

બંધને, મોક્ષને, કર્મના ઉદયને, નિર્જરાને કેવળ જાણે. નિર્જરા પણ કરતો નથી, મોક્ષ કરતો નથી. ગજબ વાત છે ! એને ઠેકાણે અહીં તો (કહે) પરનું કરવું, દયા પાળવી, પરની દયા પાળવી ને પરને મદદ કરવી ને પરને સહાય કરવી. તદ્દન તત્ત્વ વિરુદ્ધ છે પણ હવે શું થાય ? વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** પ્રભુ એમ કહે છે કે પ્રભુ ! તું એકસ્વરૂપે અંદર બિરાજે છે અને તારી જે પર્યાય છે તે પ્રમાણનો વિષય છે. દ્રવ્ય ને પર્યાય બેનું જ્ઞાન છે તે પ્રમાણ છે પણ નિશ્ચયનો વિષય તો પર્યાય વિનાનું એકલું દ્રવ્ય છે. કોઈ પ્રશ્ન કરે કે દિગંબરો એમ માને છે કે દ્રવ્ય પર્યાયને ન કરે ? તો કહે છે કે સત્ય તો એમ જ છે કે દ્રવ્ય પર્યાયને ન કરે. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી-અડતું નથી તો કરે ક્યાંથી ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ધર્મદશા એને પણ દ્રવ્ય અડતું નથી તો કરે ક્યાંથી ?**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૧૦૯ થી ૧૧૨, શ્લોક-૬૩, પ્રવચન નં. ૨૦૯, તા. ૦૨-૦૩-૧૯૭૯, [૨૦]

'સમયસાર' કળશ-૬૩.

**(वसन्ततिलका)**

**जीवः करोति यदि पुद्गलकर्म नैव**
**कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।**
**एतर्हि तीव्ररयमोहनिवर्हणाय**
**सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।।६३।।**

'**यदि पुद्गलकर्म जीवः न एव करोति**' શિષ્યનો પ્રશ્ન છે. સમજવાનો કામી છે એથી એને સાંભળ એમ કહેશે. '**शृणुत**' કીધું ને ? '**शृणुत**' સાંભળ. '**પુદ્ગલકર્મને જીવ કરતો નથી, જો પુદ્ગલકર્મને જીવ કરતો નથી તો તેને કોણ કરે છે ?**' '**इति अभिशङ्कया एव**' '**એવી આશંકા કરીને,...**' આશંકા એટલે શંકા નહિ પણ મને સમજાણું નથી એનું નામ આશંકા. શંકા એટલે તમારું કહેવું ખોટું છે એમ શંકા એ નહિ. આશંકા કીધી. અમને આ કેમ છે, શું છે એ સમજાતું નથી. '**એવી આશંકા કરીને, હવે...**' '**तीव्र-रय-मोह-निवर्हणाय**' '**તીવ્ર વેગવાળા મોહનો (કર્તાકર્મપણાના અજ્ઞાનનો) નાશ કરવા માટે,...**' આહા..હા..!

'**पुद्गलकर्मकर्तृ सङ्कीर्त्यते**' '**'પુદ્ગલકર્મનો કર્તા કોણ છે' તે કહીએ છીએ;...**' '**शृणुत**' શબ્દ આવ્યો છે આમાં, લ્યો ! '**वंदित्तु**' માં નથી આવ્યું, '**वोच्छामि**' આવ્યું છે. પહેલી ગાથા. કહીશ. અહીં તો સાંભળ એ આવ્યું. કારણ કે વસ્તુ છે ને? આત્મા, એ દ્રવ્ય છે તે કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. દ્રવ્ય તો શુદ્ધ છે. આહા..! એ કર્તા રાગનો કે કર્મનો, ગુણસ્થાનનો કર્તા એ છે જ નહિ. આહા..! જેની દૃષ્ટિમાં મિથ્યાત્વ ગયું છે એ તો ઠીક પણ મિથ્યાત્વ હોય તો પણ કહે છે કે દ્રવ્ય સ્વભાવ છે એ મિથ્યાત્વ આદિ ગુણસ્થાનને કર્મ કરે છે, આત્મા નહિ. આહા..હા..! એ કહે જુઓ !

'**शृणुत**' '**તે (હે જ્ઞાનના ઇચ્છક પુરુષો !) તમે સાંભળો.**' આહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**सामण्णपच्चया खलु चउरो भण्णंति बंधकत्तारो।**
**मिच्छत्तं अविरमणं कसायजोगा य बोद्धव्वा।।१०९।।**
**तेसिं पुणो वि य इमो भणिदो भेदो दु तेरसवियप्पो।**
**मिच्छादिट्ठी आदि जाव सजोगिस्स चरमंतं।।११०।।**
**एदे अचेदणा खलु पोग्गलकम्मुदयसंभवा जम्हा।**
**ते जदि करेंति कम्मं ण वि तेसिं वेदगो आदा।।१११।।**
**गुणसण्णिदा दु एदे कम्मं कुव्वंति पच्चया जम्हा।**
**तम्हा जीवोऽकत्ता गुणा य कुव्वंति कम्माणि।।११२।।**

સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,
-મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.
વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,
-મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.
પુદ્‌ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.
જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.

**ટીકા :– 'ખરેખર પુદ્‌ગલકર્મનો, પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે;...'** આહા..હા..!

શ્રોતા :– પુદ્‌ગલદ્રવ્ય...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બીજી જાત. એ તેર ગુણસ્થાનના અચેતન પરિણામ છે. એ બધા અચેતન પુદ્‌ગલ છે એમ અહીં ઠરાવવું છે. ભગવાન આત્મામાં એ ક્યાં છે? એ તો ૬૮ ગાથામાં આવી ગયું છે. ગુણસ્થાન આત્મામાં નથી.

**'પુદ્‌ગલકર્મનો, પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે;...'** એક વાત. **'તેના વિશેષો...'** ચાર છે. એક તો પુદ્‌ગલ. એના વિશેષ ચાર. **'મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે;...'** પહેલાં એક કર્તા છે કહ્યું પછી એના ભેદ ચાર કીધા. **'તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં...'** એ ચારના ભેદ કરતાં એકના ચાર ને ચારના તેર. આહા..હા..! **'(અર્થાત્ તેમના જ ભેદ પાડવામાં આવતાં), મિથ્યાદૃષ્ટિથી માંડીને સંયોગકેવળી સુધીના તેર કર્તા છે.'** આહા..હા..! અહીંયાં તો એને ત્યાં સુધી સમજાવવું છે કે ભાઈ ! દ્રવ્ય છે ને જે શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય, એનું લક્ષ કર. તો એ મિથ્યાત્વ છે ને એ બધા નાશ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થઈ જશે, એ બધા કર્તા છે એ કર્તાપણું તારામાં નહિ રહે. આહા..હા..!

ચૈતન્ય શુદ્ધ દ્રવ્ય છે એમાં મિથ્યાત્વથી માંડીને તેર ગુણસ્થાન એ એના સ્વરૂપમાં નથી. એ તો પુદ્ગલ કર્મના કારણે થતાં ચાર ને તેર ભેદ પડ્યા છે. એ પુદ્ગલ કર્મ કરે તો કરો, તારે શું છે? આહા..હા..! એમ કરીને જીવ શુદ્ધ દ્રવ્ય છે એ સિદ્ધ કરવું છે. શુદ્ધ જીવ દ્રવ્ય છે એ આના કર્તા નથી. આહા..હા..! તેર છે તે.. આવ્યું ને ?

**'હવે, જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...'** હવે તેર તો નામ આપ્યા. પહેલું પુદ્ગલકર્મ બંધનું કારણ કીધું તેના ચાર ભેદ કીધા–મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, એના તેર ભાગ સયોગી કેવળી સુધી. **'જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...'** તેર પ્રકાર તો પુદ્ગલકર્મનો પાક છે. એમાં ભગવાન આત્માના આનંદનો પાક નથી. આહા..! અત્યારે એને અની અશુદ્ધ પર્યાયો છે એ બધી પુદ્ગલમાં નાખી દીધી છે. છે ?

કહે છે કે **'જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે...'** એ તેરે ગુણસ્થાન અચેતન છે. એ તો ૬૮ ગાથામાં આવી ગયું છે. જડ છે. એ કરે તો કરો. ચૈતન્ય ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ ! આહા..હા..! અહીં તો મિથ્યાત્વથી લીધું છે. સમકિત થાય ને બંધ ન પડે (એ તો બરાબર), પણ અહીં તો મિથ્યાત્વ (લીધું છે). એ વસ્તુનું સ્વરૂપ, વસ્તુ એવી બનેલી છે, વસ્તુ એવી શુદ્ધ ચૈતન્યઘન છે કે મિથ્યાત્વ આદિ પણ એમાં નથી. એ બધું પુદ્ગલકર્મના વિપાકનું ફળ મિથ્યાત્વ આદિ (છે), એમ કહે છે. આહા..હા..! શું કહ્યું ? સમ્યગ્દર્શન પછી તો એમ કહે કે ભાઈ ! એ અચેતન છે અને અચેતન તે કર્તા (છે), પણ અહીં તો હજી મિથ્યાત્વથી માંડીને કહ્યું. ***મિથ્યાત્વ છે એ પુદ્ગલકર્મના વિપાકનું ફળ છે. તારા આત્મામાંથી વિપાક થાય, મિથ્યાત્વ થાય એવી વસ્તુ નથી. આહા..! સમજાણું કાંઈ ?*** એને શુદ્ધની દૃષ્ટિ કરાવવી છે. વસ્તુ શુદ્ધ છે. મિથ્યાત્વ એ પણ પુદ્ગલ કર્મના વિપાકનું ફળ છે, એ ચૈતન્યનું ફળ નથી. આહા..હા..! શુદ્ધ જાણે તે શુદ્ધને અનુભવે, અશુદ્ધ જાણે તે અશુદ્ધને પામે, આવે છે કે નહિ ? આહા..! ઝીણું બહુ.

વસ્તુ છે, દ્રવ્ય જે વસ્તુ છે એ તો સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિકભાવ પરમલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય છે. આહા..હા..! એ દ્રવ્ય કર્મને ક્યાં કરે ? એની પર્યાયના ભેદ પડે છે, પર્યાયના ભેદ, એ પણ પુદ્ગલકર્મનો પાક છે, એમ કહે છે. આહા..હા..! મિથ્યાત્વ છે એ પણ દર્શનમોહનો પાક છે, અવ્રત છે એ ચારિત્રમોહનો પાક છે. એ બધા કર્મના પાકના તેર ભેદ છે. આહા..હા..! ઝીણી વાત છે જરી અંદર. અહીં તો એથી પણ આઘા લઈ જશે.

**'જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...'** કોણ ? મિથ્યાત્વથી માંડીને સયોગી તેર ગુણસ્થાન એ કર્મના **'વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે...'** સયોગી ગુણસ્થાન અચેતન છે. ગુણસ્થાન છે ને ? આહા..હા..! ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ સ્વરૂપ પરમપારિણામિક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વભાવ... આહા..હા..! એમાં આ ક્યાં છે ?

**'પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે એવા આ તેર કર્તાઓ છે...'** એ તેર મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરતિ, વિરતાવિરતી, વિરતી, સપ્તમ, આઠ, નવ, દસ, અગિયાર, બાર, તેર. **'અચેતન છે એવા આ તેર કર્તાઓ...'** અચેતન એવા આ તેર કર્તાઓ. પુદ્‌ગલકર્મનાં પાક એવા જે અચેતન તેર ગુણસ્થાન. આહા..હા..! **'કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરે;...'** એટલે ? કેવળ વ્યાપ્યવ્યાપકભાવે (અર્થાત્) એ વ્યાપક થઈને નવું કંઈ કર્મ–વ્યાપ્ય બંધાય તો એ એમાં જાય છે. વ્યાપ્યવ્યાપક એનામાં (જાય છે). ખરેખર તો પરમાં દરેક દ્રવ્યનું વ્યાપક દ્રવ્ય છે ને પર્યાય વ્યાપ્ય છે, એ અહીં નથી લેવું.

અહીં તો ઇ કહે છે કે તેર ગુણસ્થાન જે છે એ વ્યાપક છે અને નવા કર્મ બાંધે છે એ વ્યાપ્ય છે. એ કર્મ વ્યાપક છે અને નવું કર્મ તે વ્યાપ્ય છે. તેર ગુણસ્થાન છે એ તો કર્મના પાકનું ફળ (છે). હવે ઇ કહે છે કે નવા કર્મ બાંધવામાં ભલે એ બાંધે. વ્યાપ્યવ્યાપક થઈને ઇ વિકારી ભાવ છે એ પ્રસરીને ભલે નવા કર્મ વ્યાપ્યને બાંધે એમ અહીં સંબંધ લેવો છે. આહા..! નહિતર વ્યાપ્યવ્યાપક ભાવ તો એક દ્રવ્યમાં (હોય). કર્તા તે વ્યાપક, કર્મ કાર્ય તે વ્યાપ્ય, એમ હોય. પણ અહીં તો એકદમ તદ્દન શુદ્ધ વસ્તુ લેવી છે. ચૈતન્ય દ્રવ્ય લેવું છે. દ્રવ્ય (ચૈતન્યસ્વરૂપ) છે. તેર ગુણસ્થાન અચેતન છે, ચૈતન્ય નહિ. તેર ગુણસ્થાન અચેતન છે, ચૈતન્ય નહિ. આહા..હા..!

ચૈતન્ય સ્વભાવ જે આત્માનો (છે) એ પોતે તેર ગુણસ્થાનને કેમ કરે? એ (ગુણસ્થાન) તો અચેતન છે. એને તો કરે નહિ પણ નવા કર્મ બાંધે ઇ ક્યાં (છે) ? અચેતન ગુણસ્થાન જ જ્યાં ચૈતન્યના નથી એ તો નવા બાંધું એ તો ત્યાં રહ્યું નહિ. થોડીવાર કેમ કહ્યું છે ? કે જેને આ સાંભળવાની ઇચ્છા હતી અને શુદ્ધ દ્રવ્યના ઉપર આશ્રય કરવાનો ભાવ હોય એને કોઈ મિથ્યાત્વ આદિ હોય તોય અલ્પકાળમાં ટળી જશે, બધું ટળી જશે. આહા..હા..!

**'કરે તો ભલે કરે;...'** એ તેર ગુણસ્થાન પુદ્‌ગલ છે, એ નવા કર્મને કરે તો કરો. એમ કહે છે. આહા..! **'આ તેર કર્તાઓ જ કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરે; તેમાં જીવને શું આવ્યું ?'** દ્રવ્ય જે છે એ તો શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ પ્રભુ છે. એ નવું કર્મ બંધાણું તો ઇ તો કહે છે એ ગુણસ્થાનને કારણે નવું બંધાણું. એ વ્યાપ્યવ્યાપક એમાં ગયું, આત્મા ક્યાંય એમાં આવતો નથી. આહા..હા..! આત્મા તો તેર અચેતન ગુણસ્થાનમાં આવતો નથી તો પછી નવા બંધનમાં એ કેમ (કરે) ? આહાહા..! ઝીણું છે, જરી અટપટુ છે.

'જયસેનાચાર્યે' આમાં નાખ્યું છે ને ? હળદર અને ફટકડી. લાલ રંગ બેથી થાય, એકથી ન થાય એવું નાખ્યું છે. એમ કે દીકરો એકથી ન થાય, બે જણા હોય– આદમી ને બાય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ બેનો દીકરો છે, એકનો દીકરો નથી. એમ કહીને અહીંયાં પુદ્‌ગલકર્મનું કાર્ય છે એમ એને બતાવવું છે. ચૈતન્યની પર્યાય છે એની યોગ્યતા પણ પુદ્‌ગલ ભેગું છે ત્યારે એ કાર્ય થયું છે એમ કહે છે. એ આ ટીકામાં છે. આહા..હા..!

**'તેર કર્તાઓ જ...'** પાછું છે. મિથ્યાત્વ, શાસાદન, મિશ્ર, અવિરતી સમ્યગ્દૃષ્ટિ, વિરતાવિરતી શ્રાવક અને વિરતી મુનિ અપ્રમત સાતમું (ગુણસ્થાન) આદિ તેર, એ તેર ગુણસ્થાન અચેતન છે. એ ૬૮માં આવી ગયા છે. જવથી જવ થાય એમ આવી ગયું છે. પુદ્‌ગલથી પુદ્‌ગલ થાય. **'જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે એવા આ તેર કર્તાઓ જ કેવળ...'** આમાં લ્યે, જોયું ? કર્મને લઈને આ ગુણસ્થાન થયું. અહીં બીજી વાત છે.

એ બધું પુદ્‌ગલ છે. આ અપેક્ષાએ, પેલી અપેક્ષા લેવા જાય તો પર્યાય તો એની છે ને પોતે કરેલી ક્રમબદ્ધમાં (છે). પણ એના સ્વરૂપમાં નથી. ***જેને સ્વરૂપનું લક્ષ કરવું છે તેને ભલે મિથ્યાત્વ આદિ હો છતાં સ્વરૂપના લક્ષે એ બધા તેર કર્તા છે એનો પોતે જ્ઞાતા થઈ જાય છે. એટલે મિથ્યાત્વ ટળી જાય છે ને પેલું પણ ટળી જાય છે. આહા..હા..! ઝીણી વાત છે.***

**'તેમાં જીવને શું આવ્યું ?'** પુદ્‌ગલ કર્મને કરે પુદ્‌ગલ તો કરો, તેરના તેર વ્યાપ્યવ્યાપકથી, કર્તાકર્મથી (કરે તો કરો). ઠીક ! આહા..હા..! તેર ગુણસ્થાન કર્તા અને નવું બંધાય છે તે તેનું કર્મ. આહા..હા..! એ થોડીવાર ચાલે. વસ્તુ જે આમ પૂર્ણ છે એના ઉપર જો એનું લક્ષ ગયું... આહા..હા..! તો એને આ તેર ગુણસ્થાન કર્તા થઈને કરે પણ જીવને શું આવ્યું ? જીવ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એનો આશ્રય વધતાં લક્ષ ત્યાં હશે તો આ મિથ્યાત્વ આદિ પણ ટળી જશે. એ તેર ગુણસ્થાન ટળી જશે ને તેર ગુણસ્થાન એમાં રહેશે નહિ. આહા..હા..! મિથ્યાત્વ પણ નહિ રહે. શુદ્ધ દ્રવ્ય શું કરે ? જ્યારે એને દ્રવ્ય બેસે એમ કહેવું છે. ચૈતન્ય શુદ્ધ દ્રવ્ય વસ્તુ છે એ તો સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય એવું દ્રવ્ય છે એનું જેને લક્ષ થાય એને ભલે કહે છે કે આ તેર છે એ ભલે કરે થોડું-ઘણો કાળ, પણ એમાં જીવને શું આવ્યું ? આહા..હા..! સમજાણું કાંઈ ?

સમ્યગ્દૃષ્ટિ તો કર્તા નથી, ગુણસ્થાનનો પણ કર્તા નથી. તેમ આ છે, એના ગુણસ્થાન છે એને અચેતન કહીને, કર્મના પાક ગણીને જીવ દ્રવ્ય સ્વભાવ છે એનો એ પાક ક્યાં છે ? ભગવાનનો તો આનંદમૂર્તિ પ્રભુ છે, અતીન્દ્રિય આનંદનો સાગર છે. આહા..! સુખ દરિયો, સ્તુતિમાં નહોતું આવ્યું ? 'ગુણ ભરિયો, સુખ દરિયો' આહા..! અતીન્દ્રિય આનંદનો દરિયો છે. સ્તુતિમાં આવ્યું હતું, સ્તુતિમાં. આહા..હા..!

આ પૈસા-બૈસામાં સુખ નથી એમ કહે છે. બાયડી ને છોકરા ને આ મકાન ને આબરુ ને એમાં સુખ નથી એમ કહે છે. સુખ છે અહીં તારામાં. એટલું સુખ ભર્યું છે કે જો તારું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્યાં લક્ષ જાય... આહા..હા..! તો મિથ્યાત્વ આદિ તેર ગુણસ્થાન થોડીવાર કરે તો કરો, તારા જીવને પછી કાંઈ છે નહિ. આહા..હા..! જરી ઝીણી વાત છે, હોં ! આહા..હા..! આત્મા દ્રવ્ય છે આવો જે અસ્તિ, પરમાનંદની મૂર્તિ પ્રભુ (છે). દરેકનો આત્મા, હોં ! એ છે એ મિથ્યાત્વને કેમ કરે ? મિથ્યાત્વ છે એ પુદ્ગલ કર્મનો પાક છે. આહા..હા..! ભાષા એમ લીધી છે. એમ કીધું ને ? સુણો ! એમ કીધું હતું ને ? એમાં અર્થ શું કર્યો હતો ? છે ?

**'હે જ્ઞાનના ઇચ્છક પુરુષો !'** 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, સાંભળ, ભાઈ ! વાત તો એ કે એ જ્ઞાનનો ઇચ્છક છે. એને કહે છે, સાંભળ. આહા..! તું એવી ચીજ છો અંદર જીવદ્રવ્ય કે જેમાં તેર ગુણસ્થાન નથી અને તેથી તે ગુણસ્થાનને, તું પ્રભુ ચૈતન્ય છો તો ગુણસ્થાનને અચેતન કહીએ છીએ. આહાહા..! ઇ અચેતન નવા કર્મને થોડો કાળ કરે તો કરો, જીવને શું આવ્યું ? આહા..હા..!

આ ગાથાઓ જુદી જાતની છે. અશુદ્ધ નિશ્ચયથી જે પર્યાય થાય છે એને વ્યવહાર ગણી અને પુદ્ગલના કર્મનો પાક ગણ્યો. અહીં એકલો દ્રવ્ય સ્વભાવ જે છે ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો કંદ છે, અતીન્દ્રિય આનંદનો રસકંદ વસ્તુ છે. આહા..! એ વસ્તુમાં વળી આ મિથ્યાત્વ ને ગુણસ્થાન-ફુણસ્થાન એમાં ક્યાં છે ? આહા..હા..! માટે તે બધા પુદ્ગલકર્મના વિપાક છે, પુદ્ગલકર્મનું ફળ છે, ચૈતન્યનું નહિ. આહા..હા..! એને લક્ષ ફેરવાવે છે. સાંભળ કરીને લક્ષ ફેરવાવે છે. આહા..! ભગવાન કહે છે, અંદર ભલે મિથ્યાત્વ આદિ ગુણસ્થાન હો. આહા..હા..! આમ અંદરમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદ છે જો તેનું લક્ષ કરવા જાઇશ તો આ તેર ગુણસ્થાન થોડી વાર બંધનનું કર્તા થાય તો થાવ, તારા જીવદ્રવ્યને કાંઈ નથી. આહા..હા..! ઓહો..હો..!

એક બાજુ કહે કે રાગનો કર્તા નિશ્ચયથી જીવ છે. ૮૯ ગાથા, 'પ્રવચનસાર'. નિશ્ચયથી છે, નિશ્ચયનયથી છે. રાગ ને પુણ્ય-પાપના પરિણામનો નિશ્ચયનયથી કર્તા છે. ૮૯ ગાથા. ત્યાં એની પર્યાય એમાં છે એમ બતાવવું છે. પણ અહીં તો વસ્તુ જ્યાં આમ અંદર પૂર્ણાનંદ જ્યાં (છે ત્યાં) અંદર પર્યાય પણ નથી. આહા..હા..! ક્ષાયિકભાવ કે ઉપશમભાવ પણ જેમાં નથી. એવો સહજ પરમપારિણામિક સ્વભાવરૂપ પિંડ પ્રભુ... આહા..! સહજ પરમ સ્વભાવ-ભાવનો પિંડ આત્મા એ શું કરે ? કહે છે. ગુણસ્થાનને શું કરે ? અને એ નવા કર્મને શું કરે ? આહા..હા..! અટપટુ છે થોડું.

શ્રોતા :– આપ ચોખ્ખું કરી દો..

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, આટલું તો કરીએ છીએ. **'शृणु'** એમાંથી છે. હે જ્ઞાનના ઇચ્છક સાંભળ ! એમ કીધું છે ને ? **'वंदित्तु'** માં સાંભળ એમ નથી આવ્યું. ત્યાં **'वोच्छामि'** આવ્યું છે (એટલે કે) કહીશ. અહીં તો 'અમૃતચંદ્રાચાર્ય' પોતે કહે છે કે જો તને આમાં શંકા પડે કે પુદ્ગલકર્મનો કર્તા કોણ ? આત્મા કર્તા નહિ તો આ પુદ્ગલથી કર્મ તો થાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. કહે છે, સાંભળ, સાંભળ. તારે સમજવું હોય તો સમજ કે તે પુદ્‌ગલકર્મ છે-તેર ગુણસ્થાન, એ પુદ્‌ગલકર્મના વિપાક છે તેથી તે અચેતન છે. એ અચેતન થોડા અચેતનને–નવા બંધનને વ્યાપ્યવ્યાપક થઈને કરે (એમાં) જીવદ્રવ્યને શું છે ? આહા..હા..! જીવદ્રવ્ય વ્યાપાક થઈને ગુણસ્થાન કરે એ તો છે નહિ તો પછી નવા કર્મ બાંધે એ તો એમાં દ્રવ્ય સ્વભાવમાં છે જ નહિ. આહા..હા..! કથની જુદી જાતની છે.

**'કેવળ વ્યાપ્યવ્યાપકભાવે...'** જોયું ? **'તેર કર્તાઓ કેવળ વ્યાપ્યવ્યાપકભાવે...'** આત્માને શું સંબંધ છે ? આહા..હા..! **'કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરે;...'** આહા..હા..! **'તેમાં જીવને શું આવ્યું ?'** ભગવાન તો જે ચિદાનંદ ઘન છે એમાં કાંઈ ઓછપ કે ઊણપ છે નહિ. આહા..હા..! એમાંથી પાછું કોઈ એમ કાઢે કે જોયું ? વિકાર થાય છે એ કર્મને લઈને થાય છે. અહીં તો સ્વભાવની સ્થિતિ સિદ્ધ કરવી છે કે ભગવાન ! તારો સ્વભાવ ચૈતન્ય સ્વભાવ છે અને આ તેર ગુણસ્થાનનો અચેતન સ્વભાવ છે. એમ ભિન્ન કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

ત્યાં ૮૯ ગાથામાં શુદ્ધ નિશ્ચયથી કીધું છે. શુદ્ધ નિશ્ચયથી રાગનો કર્તા જીવ છે. એટલે કે રાગની પર્યાયમાં એનું પોતાનું ઊંધું બળ છે. પણ અહીંયાં બીજી અપેક્ષા છે. અહીંયાં તો દ્રવ્ય સ્વભાવ અનાદિઅનંત દ્રવ્યસ્વભાવ એવો દ્રવ્યસ્વભાવ છે કે જેને ગુણસ્થાન અડતા નથી. આહા..હા..! એ ગુણસ્થાન પુદ્‌ગલકર્મના પાક હોવાથી અચેતન છે, પ્રભુ ચૈતન્ય છે. એ અચેતન નવા કર્મના અચેતનને વ્યાપ્યવ્યાપક ભાવથી કરે તો કરો, ચૈતન્યને શું છે ? આહા..હા..! 'ચેતનજી'! એ કહ્યું હતું, તે દિ' કહ્યું હતું, પહેલાં કહ્યું હતું. આહા..હા..! અહીંયાં આશય આવો છે.

(શિષ્ય) કહે છે કે પુદ્‌ગલકર્મને કરે નહિ ત્યારે કરે છે કોણ ? એમ પુછ્યું ને ? છે તો ખરું. પુદ્‌ગલકર્મ બંધાય છે, પુદ્‌ગલકર્મ છે અને તમે કહો છો કે એ કર્મને આત્મા કરે નહિ. ત્યારે છે કોણ કર્તા એનો ? જો તારે સમજવું હોય તો આ રીતે સાંભળ, જ્ઞાનના ઇચ્છક ! **'शृणु'** એક **'शृणु'** પેલામાં આવે છે. ગાથા શ્લોક આવે છે ને ? 'ધવલ' માં.

અહીં તો આ કહેવું છે ને અપેક્ષાએ ! આ મહાપ્રભુ અંદર છે તને ભલે ન બેસે પણ એ મહાપ્રભુ છે અંદર ચૈતન્ય આનંદનો કંદ, કંદ છે. આહા..હા..! તેર ગુણસ્થાન એમાં નથી અને તેર ગુણસ્થાન છે એ આસ્રવો છે, એ પુદ્‌ગલકર્મના પાક છે. એ આસ્રવ છે એ થોડા નવા આસ્રવને કરે તો કરો, દ્રવ્યને શું છે ? આહા..હા..! 'દેવીલાલજી' ! અટપટુ છે. એમાંથી પાછું ઉપાદાનમાં થાય, નિમિત્તથી થાય એ કાઢીને કાઢે તો ઇ અહીં કામ નથી. અહીં તો શુદ્ધ ઉપાદાન પ્રભુ છે, અશુદ્ધ ઉપાદાન તે નિમિત્તને આધીન થાય છે તેથી અશુદ્ધ ઉપાદાનને અહીં અચેતન કરી નાખ્યો છે.

શ્રોતા :– પુદ્‌ગલ કહ્યા...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– પુદ્‌ગલ કહ્યું, અચેતન કીધું ને ? પુદ્‌ગલકર્મ કીધું, એના ભેગા ચાર ભેદ કીધા, એના ભેગા તેર કીધા એ બધા અચેતન છે. આહા..! ચૈતન્ય વસ્તુ જે અંદર ચેતન ચૈતના (છે)... આહા..હા..! જેમાં એકલો શાશ્વત ચૈતન્ય સ્વભાવ પડ્યો છે. શાશ્વત ચૈતન્ય સ્વભાવ એ પોતે કર્મને કેમ કરે ? આહા..હા..! એમ કરીને જે સમજ્યો નથી અને આશંકાથી પૂછે છે એને કહે છે, ભાઈ ! ધ્યાન તો રાખ. હું કહું એ કઈ અપેક્ષાથી છે ? આહા..હા..! પ્રભુ ! તારું દ્રવ્ય જે છે વસ્તુ તને એનો વિશ્વાસ નથી, અવ્યક્તપણે પણ વિશ્વાસ નથી. એને અહીં વિશ્વાસ કરાવે છે. આહા..હા..! એવા તેર ગુણસ્થાન હોવા છતાં અચેતન હોવાથી (તેને કરતો નથી). ચૈતન્ય તો ચૈતન્ય છે, ચૈતન્યમાં અચેતન આવ્યા નથી અને ચૈતન્ય અચેતનમાં આવતો નથી. આહા..હા..! આકરું કામ છે. શું આવ્યું ? **‘કાંઈ જ નહિ.’**

હવે આ સામાવાળાનો **‘અહીં આ તર્ક છે કે પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...’** જીવ પોતે જ વેદે છે ને ? શંકાકાર શિષ્ય કહે છે. **‘પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો) જીવ પોતે જ મિથ્યાદષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે.’** વેદતો. તમે કર્તા ન કહો પણ વેદે છે કોણ ? જડ વેદે ? જીવ પોતે જ મિથ્યાદષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે. વેદતો થકો, હોં ! છે ? **‘પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો...’** જે તેર અચેતન કીધા ને ? એને **‘વેદતો (ભોગવતો) જીવ પોતે જ મિથ્યાદષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે.’ ‘(તેનું સમાધાન :–) આ તર્ક ખરેખર અવિવેક છે,...’** જડને આત્મા ભોગવતો નથી, જડને આત્મા કરતો નથી.

શ્રોતા :– વિકારને કરતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ તો અચેતન આવી ગયું. જડને ભોગવતો નથી. આ વિકાર તે અહીં જડ છે. તેર ગુણસ્થાન જડ કીધા પછી (વિકારની શું વાત ?) તેરમું ગુણસ્થાન તારું નથી, આ આપણે ‘ધીરૂભાઈ’ ગાતા. ‘ધીરૂભાઈ’ નહિ, ‘તલકચંદભાઈ’ ‘લાઠી’વાળા. આહા..!

ચૈતન્ય દ્રવ્ય જે છે, ચૈતન્ય દ્રવ્ય જે છે એ બધા એના ગુણો ચૈતન્ય સ્વરૂપ છે અને તે પણ અખંડ અભેદ પૂર્ણ છે એવું જે જીવદ્રવ્ય... આહા..! એ તેર ગુણસ્થાન કર્મને કરે ને થોડો બંધાય તો ભલે બાંધો. એને વસ્તુને શું છે ? આહા..હા..!

અહીંયાં તો મગજમાં એમ આવ્યું હતું, તે દિ’ કહ્યું હતું કે એવો જીવ લીધો છે કે જે હજી છે મિથ્યાત્વમાં પણ આ પુદ્‌ગલ પુદ્‌ગલને કરે અને જીવ ન કરે એ કેમ છે ? આ શું કહો છો તમે ? મને સમજાતું નથી, શંકા નહિ પણ આશંકા (કરી છે). કે સાંભળ ભાઈ ! આહા..હા..! ઇ અચેતન મિથ્યાત્વાદિ ભાવ છે એ પુદ્‌ગલને કરે તો કરો. ત્યારે શિષ્ય કહે છે, પણ પ્રભુ ! તમે કર્તા એને ન કીધો પણ વેદે કોણ ? જડ વેદે ? અચેતનને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વેદે છે કોણ ? પુદ્‌ગલકર્મના ફળને વેદે છે કોણ ? આત્મા વેદે છે માટે કર્તા એને કહેવો જોઈએ. કહે છે, સાંભળ સાંભળ, એ તારો અવિવેક છે. એ પુદ્‌ગલકર્મને આત્મા વેદે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'આ તર્ક ખરેખર અવિવેક છે, કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...'** પુદ્‌ગલકર્મ ભાવક એનો જે ભાવ્ય આ તેર ગુણસ્થાન આદિ, તેનો અભાવ હોવાથી. **'ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...'** ***ભાવક જે કર્મ એનું જે ભાવ્ય એ તેર ગુણસ્થાન એ પુદ્‌ગલ એના પરિણામ, એવો જે ભાવ.. આહા..! તેનો અભાવ હોવાથી. આત્મામાં તેનો અભાવ છે. આહા..હા..! કર્મના પાકથી થયેલો અચેતન ગુણસ્થાનનો ભેદ એ ખરેખર એ ભાવ્ય છે. એ કર્મ ભાવક છે તેનું એ ભાવ્ય છે. ઇ કર્મ ભોગવે તો ભોગવો, આત્માને શું છે ? આહા..હા..!*** અટપટુ છે.

**'કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...'** પ્રભુ ! ચૈતન્ય દ્રવ્ય છે તેમાં જે આ પુદ્‌ગલ રાગાદિનો ભાવ, કર્મનો ભાવ – વિપાક છે તેને આત્મા કેમ વેદે ? આહા..હા..! કેમકે એ ભાવકનો ભાવ્યનો ભાવ છે. ભગવાન જ્ઞાયક અને એનો એ ભાવ છે એમ નથી. આહા..હા..! આવું ઝીણું છે. આહા..!

ભગવાન અંદર આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભરેલું શાશ્વત, શાશ્વત વજ્ર... આહા..! શાશ્વત હીરલો છે પ્રભુ ! એ અચેતનમાં કેમ આવે ? આહા..હા..! એ અચેતન જે છે એ તો પુદ્‌ગલના કાર્ય છે. અને એનાથી થોડું નવું બંધાય તો ભલે બાંધો. ત્યારે શિષ્ય કહે (છે), પણ તમે કર્મનો કર્તા તો ભલે ઉડાવ્યો પણ વેદે છે કોણ ? જડ વેદે દુઃખને ? સાંભળ સાંભળ કહે છે. એ રાગને વેદે એ ભાવ્યભાવક છે એ પરનો છે. એને આત્મા ન વેદે. એ તો જ્ઞાયકમૂર્તિ પૂર્ણાનંદ છે એ એને વેદે ? આહા..હા..! અહીં તો દ્રવ્યને નિરાળો સિદ્ધ કરવો છે. 'દેવીલાલજી' ! આવું છે.

**'ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...'** એ કર્મ છે એ ભાવક છે અને એનું ભાવ્ય એ કર્મનું છે, એનો તો ભગવાન આત્મામાં અભાવ છે. ભાવકભાવ્યનો ભાવ (અર્થાત્) કર્મ ભાવક છે એનું ભાવ્ય જે દુઃખનું આવવું, દુઃખાદિ કે સુખ કલ્પના, એ બધું ભાવકનું ભાવ્ય છે. એના ભાવનો જીવમાં તો અભાવ છે. આહા..! કઈ અપેક્ષા છે એ અપેક્ષા સમજવી જોઈએ ને ? પછી બધે ઠેકાણે મૂકી દે કે જુઓ ! ઉપાદાનથી થાય અને નિમિત્તથી થાય (એમ કહ્યું છે). ચૌદ ગુણસ્થાન તો નિમિત્ત છે. એના પોતાના ઉપાદાનની અંદર નથી શુદ્ધ ઉપાદાન. કઈ અપેક્ષા છે ? બાપુ !

અહીંયાં તો ભગવાન દ્રવ્ય સકળ નિરાવરળ અખંડ પ્રતિભાસમય પરમાત્મા પોતે (છે). એ પરમાત્મા પોતે ગુણસ્થાનમાં ક્યાં આવે છે ? તેથી આ ચૈતન્ય છે તો એ ગુણસ્થાનને અચેતન કહ્યા. એ અચેતન થોડા નવા કર્મને બાંધે તો બાંધો. આહા..હા..! આમાં તો એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવ્યું કે એનું લક્ષ જે ચૈતન્ય દ્રવ્ય ઉપર જો જાય છે, ભલે હજી મિથ્યાત્વ છે, ભાઈ ! તે દિ' કહ્યું હતું પહેલાં પણ કહ્યું હતું. આહા..! ચૈતન્ય હીરો જ્ઞાનનો રસકંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ... આહા..હા..! આનંદનો ઢગલો છે એ તો. આનંદનો ઢગલો આત્મા, જ્ઞાનનો ઢગલો આત્મા, શાંતિનો ઢગલો એ ધ્રુવ ચીજ છે. આહા..હા..! એ ચૈતન્ય છે, એ ગુણસ્થાન અચેતન કર્મના પાકના ફળને એ કેમ કરે ? આહા..હા..! એ અચેતન ગુણસ્થાન જે છે એ નવા કર્મને વ્યાપ્યવ્યાપક થઈને કરે તો કરો. આહા..! એકકોર પુદ્ગલ નાખી દીધા અને એકકોર સામે ચૈતન્ય રાખ્યો છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

શ્રોતા :– તેથી એમ કહ્યું ને કે આત્મા દુઃખને વેદે નહિ, જાણે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ એની ખોટી વાત. અહીં બીજી વાત (છે), એ બીજી વાત છે. અહીં તો કર્તા નથી કહેવો તો વળી વેદવાનું ક્યાંથી આવ્યું ? આ તો મિથ્યાદૃષ્ટિથી માંડીને તેરવાળાને કર્તા નથી ને ભોક્તા નથી એમ કહેવું છે. એ તો કહે (છે કે) સમકિતી છે એને હવે સુખનું જ વેદન હોય, દુઃખનું વેદન ન હોય. તો રાગ છે એ દુઃખનું વેદન છે, એક સમયમાં બેય છે. એ અપેક્ષા બીજી છે અને આ અપેક્ષા બીજી છે. એ તો પછી સમ્યગ્દૃષ્ટિને જ્યાં હોય ત્યાં એમ લેવાય છે કે એને સુખનું વેદન છે. (એમ કહીને) મુખ્યની વાત લીધી હોય, ગૌણ જે દુઃખનું વેદન છે એ સમ્યગ્દૃષ્ટિના વિષયમાં ન લે. જ્ઞાનનો વિષય જ્યારે ચાલતો હોય ત્યારે બધું ભેગું લે. જ્ઞાનધારા ને કર્મધારા નથી આવી બે ? કર્મધારા એ દુઃખરૂપ છે, જ્ઞાનધારા એ સુખરૂપ છે. આ..હા..હા..!

અહીંયાં (જે કહે) છે (એ) અહીં તો હજી મિથ્યાત્વ પણ જીવમાં નથી અને મિથ્યાત્વ નવા મિથ્યાત્વને થોડું કરે એમાં આત્માને શું આવ્યું ? એ..ઇ..! આહા..હા..! એ પણ આ થોડીવાર છે, હોં ! એને છૂટી જવાનું. જેને આત્મદ્રવ્ય જે છે એ કર્મ કરતો નથી અને અચેતન કરે છે એ ચૈતન્યથી જુદું છે અને એ અચેતન નવા કર્મને કરે તો કરો અને વેદે છે એમ જો તું કહે તો એ તારો અવિવેક છે. વિકારને વેદવું એ જીવનું સ્વરૂપ નથી. આહા..હા..! (વેદે) તો વિકારી દ્રવ્ય થઈ ગયું, દ્રવ્ય તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. આહા..હા..! આવા પ્રકાર હોય. કઈ અપેક્ષાથી કહ્યું છે (એ સમજવું જોઈએ).

દ્રવ્ય સ્વભાવ ભગવાન મહાપ્રભુ બિરાજે છે. આહા..! મહાત્મા છે ઇ, નાનો આત્મા નથી. મહાત્મા છે, મહાત્મા પ્રભુ અંદર છે. આહા..હા..! જેમાં કોટાકોટી સૂર્યના કરતાં પણ ચૈતન્યના પ્રકાશનો પાર નથી. બેહદ ચૈતન્ય ધાતુ આવ્યું હતું ને ભાઈ ? બેહદ ચૈતન્ય ધાતુ ત્યાં રોકાઈ ગઈ છે. રોકાય ગઈ છે એ વસ્તુ નથી રોકાણી, વસ્તુ તો વસ્તુ છે. આહા..હા..! પર્યાય રોકાણી છે. અહીં રોકાણી એ અવસ્થાને અચેતન કહીને ચૈતન્યથી જુદી પાડી છે. આહા..! ઝીણું છે, થોડું અટપટું છે. ધીમેથી તો કહેવાય છે. આમાંથી પછી એમ જ કાઢી નાખે, એકાંત જ કરી નાખે કે મિથ્યાત્વ, મિથ્યાત્વ આત્માને કરે છે એ કર્મ કરાવે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. અહીં તો વસ્તુનું જે ત્રિકાળી સ્વરૂપ છે તેનું લક્ષ કરાવવા એ મિથ્યાત્વ આદિ બધા ગુણસ્થાનો એમાં નથી અને તેથી તે અચેતન છે. ચૈતન્યની સામે તે અચેતન છે અને અચેતન અચેતનને થોડુ કરે તો કરો, દ્રવ્ય સ્વભાવમાં ક્યાં આવ્યું છે ? આહા..હા..!

**'કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ...'** ભાવ્યભાવકભાવનો અભાવ. બધા ભા ભા ભભા (છે). કર્મ જે છે પુદ્‌ગલ, તેર ગુણસ્થાન તે પુદ્‌ગલ છે, એ ભાવક છે અને એનું ભાવ્ય (એટલે કે) નવું કાંઈ કર્મ આવે એને ભાવ્ય કહેવાય. એવા ભાવકનો જે ભાવ્ય, એવો જે ભાવ, ભાવકનો ભાવ્ય એવો જે ભાવ, એનો સ્વરૂપમાં અભાવ છે. શું કહ્યું ?

ભગવાન ચૈતન્ય સ્વરૂપની આગળ જે ગુણસ્થાન છે તે ભાવક છે અને એનું ભાવ્ય નવું બંધાય એ એનું ભાવ્ય છે. અથવા કર્મ ભાવક છે અને તેર ગુણસ્થાન એનું ભાવ્ય છે. આ..હા..હા..! એવા ભાવકનો ભાવ્યનો ભાવ એનો પ્રભુમાં અભાવ છે. આહા..હા..! કહો, 'પંડિતજી'! આ..હા..હા..!

શ્રોતા :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કઈ અપેક્ષાએ કહ્યું જાણવું જોઈએ ને ! તેથી આ 'જયસેનાચાર્યે' એમ (કહ્યું કે) પુત્ર છે એ બેનો થઈને છે. એમ કે પર્યાય આની છે અને બીજું પુદ્‌ગલ કર્મ (છે) એમ એમાં આ ઠેકાણે ટીકામાં નાખ્યું છે. પણ એનો એકાંત લઈ લે તો એમ પણ નથી.

***ખરેખર તો પર્યાય છે તે કાળે વિકૃત અવસ્થા તે તે સમયે, તે તે કાળે ઉત્પન્ન થાય. તે ઉત્પન્ન (તે તે કાળે થાય છે એ) પણ કોને (કહેવાય) ? - કે જેનું લક્ષ દ્રવ્ય છે. ક્રમબદ્ધનું લક્ષ (થયું છે) તેને દ્રવ્ય લક્ષ છે. કર્મબદ્ધના લક્ષવાળો અકર્તા છે ને અકર્તા છે તે માટે જ્ઞાતા-દૃષ્ટા છે અને જ્ઞાતા-દૃષ્ટા છે એ જ્ઞાનને જાણે છે, અંદર જ્ઞાયકને જાણે છે. એને રાગાદિનો ભાવ એનો નથી, એ પરનો છે એમ કરીને કાઢી નાખ્યું છે, એમ. સમજાણું કાંઈ ?*** એને પછી એ રાગ કર્મ જ કરાવે છે (એમ કહ્યું છે). એના કોઈ ગુણમાં એવો કોઈ ગુણ નથી, દ્રવ્ય તો એવું છે પણ દ્રવ્યના અનંત ગુણમાંનો ગુણ નથી કે રાગને કરે, એવો કોઈ એકેય ગુણ નથી. અનંતા અનંતા ગુણો છે. એ અનંતા અનંતા ગુણનો કંદ રસ કંદ પ્રભુ દ્રવ્ય છે. આહા..હા..! ઇ કહે છે કે ગુણસ્થાનને કેમ કરે ? અને ગુણસ્થાન કર્મને કરે તો કરો. આહા..! અને વેદે તો એ વેદવામાં ન્યાં જાય છે. આત્મા એને રાગને, દુઃખને વેદે (એમ છે નહિ). કર્મનું ફળ છે એને આત્મા વેદે નહિ. એ તો કર્મ પર વેદાય છે. આહા..હા..! અહીં તો આનંદનું વેદન છે. અહીં હજી તો સાંભળનારને લક્ષ દ્રવ્ય ઉપર કરાવી અને આ કર્મ કોણ બાંધે છે એ એને સમજાવવું છે. આહા..હા..!

**'પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે.'** એમ શિષ્યે તર્ક કર્યો. **'(તેનું સમાધાન :–) આ તર્ક ખરેખર અવિવેક છે, કારણ કે**

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી આત્મા નિશ્ચયથી પુદ્ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી,...'** આહા..હા..! જીવદ્રવ્ય છે એ મિથ્યાત્વને, રાગને ભોગવે શી રીતે ? વસ્તુ છે ઇ. આ..હા..હા..!

શ્રોતા :– એકે પર્યાયની વાત કરી અને એકે દ્રવ્ય ત્રિકાળની વાત કરી !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ તો વાત એટલી કરે ને ! એને તો આમ વેદાય છે ને ! પણ પેલી વસ્તુ છે એ ક્યાં વેદે છે ? એ એમાં છે જ ક્યાં ? ત્યાં જા ને ! આહા..હા..! રાગ વેદાય છે એ તો પુદ્ગલનું વેદન છે. અરે..રે..! આવું છે. કેમકે પ્રભુ આત્મામાં ક્યાં છે ? રાગનું કરવું નથી તેમ રાગનું વેદવું વસ્તુમાં ક્યાં છે ? આહા..હા..! આવો ચૈતન્ય પ્રભુ મહાત્મા મોટો મહાત્મા મહા આત્મા પોતે અંદર છે એ વિકારને કેમ કરે ને વિકારને કેમ ભોગવે ? આહા..હા..! કઠણ છે (એટલે) જરી હળવે હળવે તો કહેવાય છે. માર્ગ એવો છે, બાપુ ! આ..હા..હા..!

આ તો પરમ સત્ય ત્રિલોકનાથ સર્વજ્ઞ જિનેશ્વર દેવની વાણી છે. આહા..હા..! પ્રભુ ! તું દ્રવ્ય સ્વભાવ છે ને તારો, એમ કહે છે. તારો દ્રવ્ય સ્વભાવ છે એ તો ત્રિકાળ નિરાવરણ છે ને ! એને આવરણ હોય તો તો એને ગુણસ્થાનના ભેદ પડે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એ તો પર્યાયને રાગનો સંબંધ છે, દ્રવ્યને રાગનો સંબંધ છે નહિ. આહા..હા..! સમજાય એટલુ સમજવું, બાપુ ! આ તો વીતરાગ પરમેશ્વર (દ્વારા કહેવાયેલો) ગહન વિષય છે. આહા..!

કહે છે કે પ્રભુ ! ચૈતન્ય દ્રવ્ય જે છે આખું એને હિસાબે તો આ તેર ગુણસ્થાન પુદ્ગલ છે, અચેતન છે, કર્મના પાકના છે. આહા..હા..! ત્યાં પ્રભુનો પાક નહિ. આહા..હા! પ્રભુ તો આનંદનો નાથ છે. એના પાકમાં તો અતીન્દ્રિય આનંદ પાકે. આહા..હા..! એમાં રાગ પાકે એ નહિ. એ તો પુદ્ગલનો પાક છે. માટે તું વેદનારો આત્મા છે તો કર્તા ઇ છે એમ જે તું કહેવા માગે છો તો એ તારો તર્ક ખોટો છે. જેમ કર્તા નથી તેમ એનો વેદક પણ નથી. 'સુજાનમલજી' ! આવી વાત છે. આહા..હા..!

**'નિશ્ચયથી પુદ્ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિ...'** મિથ્યાત્વને તો પુદ્ગલ કીધા. મિથ્યાત્વ પરિણામ, અવ્રત પરિણામ, કષાય પરિણામ... આહા..હા..! સજોગમાં પણ જે જોગ પરિણામ (છે) એ બધા પુદ્ગલ કીધા. પુદ્ગલના પરિણામ પાક તે પુદ્ગલ કીધા. આહા..! એ તો પેલામાં આવે છે ને ? ૭૬--૭૭ (ગાથા). પુદ્ગલ પરિણામ કહીને પછી પુદ્ગલ કહી દીધું. એ પુદ્ગલ દ્રવ્ય (છે). આ..હા..હા..!

તારો નાથ અંદર બિરાજે છે ચૈતન્ય હીરો, ચૈતન્ય સ્ફટિક રત્ન, એ સ્ફટિક રત્નમાં કાળી, લીલી ઝાંય (ઉઠે) એ તારી ક્યાં છે ? આહા..! જ્યારે સિદ્ધ કરવું હોય (ત્યારે એમ કહે), કાળી, રાતી ઝાંય તો એની યોગ્યતા છે તો થઈ છે. ઇ તો પર્યાયને સિદ્ધ કરવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોય ત્યારે (એમ કહે), પણ અહીં જ્યાં દ્રવ્ય જ એકલું સિદ્ધ કરવું છે. આહા..હા..! નહિતર સ્ફટિક મણિમાં કાળા લીલા ફુલ હોય એની ઝાંય પડે છે એ કાંઈ એને લઈને નથી પડતી, એની પોતાની યોગ્યતા છે, પર્યાયની એની પોતાની યોગ્યતા છે. લાકડામાં અહીં રાખશો તો નહિ પડે. એમાં યોગ્યતા નથી. એ દીવાસળીનો દાખલો કહ્યો હતો ને ? બીડી પીવે (તો) આની કોર બળે અને આની કોર ટાઢું હોય. દીવાસળીનો છેડો ટાઢો હોય, (પાછલો ભાગ) ઊનો હોય. અને લોઢું હોય પાંચ હાથનો લાંબો સરિયો (હોય એને) ચાર તસુ અગ્નિમાં મુકો (તો) ઠેઠ સુધી (ગરમી) જાશે.

શ્રોતા :– લાકડામાં નહિ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લાકડાને નહિ લાગે. લાકડાને તો આ બે ત્રણ આંગળની સળી પણ અહીં સળગે તો અહીં ઊનું થાતું નથી. એની પોતાની યોગ્યતા છે; અને લોઢું ત્યાં પાંચ હાથનું હોય ને ચાર તસુ અગ્નિમાં મુકો આટલું આમ (ભૂકો તો) હરડાટ ઊનું ઠેઠ (સુધી થઈ જશે). ઝાલી નહિ શકાય. એ એની પોતાની યોગ્યતા છે. સમજાણું કાંઈ ?

એમ જ્યારે વિકારને એની પર્યાયમાં સિદ્ધ કરવો હોય ત્યારે એની પોતાની યોગ્યતા છે. આહા..હા..! પણ અહીં તો પર્યાય નહિ, આ તો દ્રવ્ય સિદ્ધ (કરવું છે). એકલું દ્રવ્ય અંદર શુદ્ધ (છે). આ..હા..હા..! ચૈતન્ય હીરો સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય આહા..હા..! એવું જે શુદ્ધ પારિણામીક પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું, ખંડ જ્ઞાન તે હું નહિ. આહા..! સમ્યગ્દૃષ્ટિ આમ ભાવે છે. પણ આ તો સમ્યગ્દર્શન પહેલાં પણ એને આ સમજાવે છે. એ..ઇ..! આહા..! પ્રભુ ! તું મોટો મહાપ્રભુ છો ! તું એની વાત તો ભૂલી ગયો અને આનું કરે ને આ કરે ને આ વેદે ને આ કરે. શું છે ? જે રાગને કરે નહિ, ગુણસ્થાનને કરે નહિ અને વેદે નહિ એ વાત અંદર પડી તો પડી રહી આખી ચીજ. આ..હા..હા..! સમજાણું કાંઈ ? 'શાંતિભાઈ' ! આવું તમારે હીરા, માણેકમાં ક્યાંય આવ્યું ન હોય. આહા..! આને લાદીમાં ન આવ્યું હોય.

શ્રોતા :– અમારે વકીલતામાં ન આવ્યું હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તમારે વકીલાતમાં ક્યાંથી આવે ? આહા..હા..!

**'પુદ્ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી, તો પછી પુદ્ગલકર્મનો કર્તા કેમ હોય ?'** જ્યારે તેનો ભોક્તા પણ નથી તો કર્તા કેમ હોય ? આહા..હા..! **'માટે એમ ફલિત થયું...'** એનું ફળ એ આવ્યું કે **'જેથી પુદ્ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો...'** પ્રત્યય કહો કે આસ્રવ કહો. પુદ્ગલદ્રવ્યમય – એક તો એક વાત ન્યાંથી ઉપાડી. પુદ્ગલદ્રવ્યમય. પહેલાં કહ્યું હતું ને ? ખરેખર પુદ્ગલ કર્મનો પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે. એ અહીં લીધું. **'પુદ્ગલદ્રવ્યમય ચાર સામાન્ય પ્રત્યયોના ભેદરૂપ...'** પુદ્ગલદ્રવ્યમય ચાર સામાન્ય એટલે મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ. એ સામાન્ય પ્રત્યે એટલે આસ્રવો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એના ભેદરૂપ તેર વિશેષ આસ્રવો. **'કે જેઓ 'ગુણ' શબ્દથી કહેવામાં આવે છે...'** ગુણ એટલે ગુણસ્થાન, ગુણ એટલે ગુણસ્થાન. આહા..હા..! આવું (સમજવા) ક્યાં નવરાશ છે માણસને ? આહા..! એમાં બાયયુંને બિચારાને છોકરા સાચવવા. એક બે વર્ષનો હોય ને એક ચાર વર્ષનો હોય ને એક છ વર્ષનો ને એક આઠ વર્ષનો હોય. છ, સાત છોકરા સાચવે. અર..ર...! આમાં જિંદગી ચાલી જાય છે. આ..હા..હા..!

પ્રભુ ! તું એક ચૈતન્યરત્ન (છો) એ અચેતનમાં કેમ આવે પ્રભુ ? ચેતન હીરલો એ અચેતન રેતીમાં, ધૂળમાં કેમ આવે ? આહા..હા..! એમ કહે છે. અચેતન કહ્યું ને ? ભાઈ ! ચૈતન્ય રત્ન હીરો પ્રભુ ! એ ગુણસ્થાન અચેતન છે, એ ધૂળમાં હીરો ક્યાંથી આવે ? આહા..હા..! અને જ્યારે વેદનને તું કહેતો હો તો એ પણ કહીએ છીએ કે ભગવાન જે આનંદનો નાથ પ્રભુ છે એ અચેતનના વેદનમાં ક્યાંથી આવે ? આ..હા..હા..!

શ્રોતા :– બન્ને ભિન્ન છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રભુ મોટો મહા દ્રવ્ય, દ્રવ્ય એટલે શું ? બાપા ! આહા..હા..!

અહીં તો તેર ગુણસ્થાનની પર્યાયને પુદ્‌ગલનું કાર્ય છે (એમ કહ્યું છે). આહા..હા..! એ ચૈતન્ય વસ્તુ મહા પ્રભુ મહાત્મા છે, એ મોટો આત્મા મહાપ્રભુ છે. આહા..હા..! આવે છે–મહા પદાર્થ. આહા..હા..! ભાઈ ! એ વસ્તુ મહા પદાર્થ પ્રભુ છે. ભલે તને એમ શંકા પડી કે કર્મ કોણ કરે ? ભાઈ ! મહાપ્રભુ ચૈતન્ય છે એમાં અચેતનપણું ક્યાંથી આવે કે જેથી અચેતનને આત્મા કરે ? આહા..હા..! એ મહાપ્રભુ ચૈતન્ય છે એ અચેતન વેદનમાં ક્યાંથી આવે ? આહા..હા..! એ ભગવાન પૂર્ણાનંદનો નાથ (છે). આ તો મિથ્યાદષ્ટિને પણ મિથ્યાત્વથી માંડીને એનો કર્તા પર છે, આ દ્રવ્ય નથી એમ કીધું છે. સમજાણું કાંઈ ? પણ કોને ? - કે જેને આ શું છે એ જાણવાની ઇચ્છા છે અને લક્ષ દ્રવ્ય ઉપર કરવું છે એને. આહા..!

**'માટે એમ ફલિત થયું કે-જેથી પુદ્‌ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયો...'** મિથ્યાત્વ આદિ ચાર આસ્રવો. **'ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો કે જેઓ 'ગુણ' શબ્દથી કહેવામાં આવે છે (અર્થાત્‌ જેમનું નામ ગુણસ્થાન છે) તેઓ જ કેવળ કર્મોને કરે છે,...'** આહા..હા..! ભગવાન દ્રવ્ય સ્વભાવ ગુણસ્થાનને કરે નહિ તો પુદ્‌ગલકર્મને કેમ કરે ? નવા બાંધે કેમ ? એને બાંધવું બાંધવું ક્યાં (છે) ? આહા..હા..! **'કેવળ કર્મોને કરે છે, તેથી જીવ પુદ્‌ગલકર્મોનો અકર્તા છે, 'ગુણો' જ તેમના કર્તા છે;...'** ગુણો એટલે ગુણસ્થાન, તેર ગુણસ્થાન. **'તેમના કર્તા છે; અને તે 'ગુણો' તો પુદ્‌ગલદ્રવ્ય જ છે;...'** એ તેર ગુણસ્થાન તો પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા, એ પુદ્‌ગલદ્રવ્ય છે. આહા..હા..! એ તો પહેલા પુદ્‌ગલદ્રવ્ય કીધું હતું. આહા..હા..! ખરેખર પુદ્‌ગલ કર્મનો પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા કીધો હતો.

**'તેથી એમ ઠર્યું કે પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે.'** આહા..હા..! તેર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગુણસ્થાનના તે તે પરિણામ એ અચેતન છે અને એ અચેતન અચેતનનો કર્તા (છે) અને નવું થોડું બાંધે કદાચ તોપણ એ અચેતન અચેતનનો કર્તા (છે). આત્મા ચૈતન્ય દ્રવ્ય ભગવાન છે એને કાંઈ લાગે-વળગે નહિ. એવું એ ચૈતન્ય દ્રવ્ય છે, એવું અહીં લક્ષ કરાવવું છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિનો જ છે અને તેઓ પરસ્પર વ્યવહારનો ઉપદેશ પણ કરે છે, અને જિમવાણીમાં પણ વ્યવહારને શુદ્ધનયનો હસ્તાવલંબરૂપ જાણી તેનો ઉપેદશ બહુ કર્યો છે; પણ તેનું ફળ સંસાર જ છે. જેમ કે જ્ઞાનથી મોક્ષ થાય છે, ત્યાં નીચલી દશામાં સાથે રાગની મંદતાનો વિકલ્પરૂપ વ્યવહાર હોય છે તેથી ક્રિયાથી મોક્ષ થાય છે એમ વ્યવહારથી શાસ્ત્રમાં કહ્યું છે. મુનિને શ્રાવક આહાર આપે છે, આહાર શરીર ટકવામાં નિમિત્ત અને શરીર સંયમમાં નિમિત્ત છે; સંયમથી મુનિ મોક્ષ સાધે છે, તેથી મુનિને આહારદાન દેવાથી શ્રાવકે મુનિને મોક્ષ આપ્યો-એમ ઉપચાર-પરંપરાથી કહેવામાં આવે છે. પૂજા, ભક્તિ, વાત્સલ્ય, પ્રભાવના આદિ શુભરાગ શ્રાવકને પરંપરાએ મોક્ષનું કારણ શાસ્ત્રમાં કહ્યું છે; વ્યવહાર સાધન છે અને નિશ્ચય સાધ્ય છે, એવું કથન શાસ્ત્રમાં આવે છે; કેવળી-શ્રુતકેવળીના પાદમૂલે જ ક્ષાયિક સમ્યગ્દર્શન થવાનું કહ્યું છે. સત્‌સંગથી, જિનવાણીથી, ગુરુથી, જિનપ્રતિમાથી, દેવઋદ્ધિદર્શનથી, નારકીને વેદનાથી સમ્યગ્દર્શન થવાનું શાસ્ત્રમાં કથન આવે છે. વ્યવહારથી નિશ્ચય ધર્મ પ્રગટે છે એમ વ્યવહારને શુદ્ધનયનો હસ્તાવલંબ-સહાયક જાણીને અનેક પ્રકારના વ્યવહારના કથનો શાસ્ત્રમાં આવે છે, પણ જો તેને પરમાર્થ માની લે તો તેનું ફળ સંસાર જ છે. કેમ કે જે કોઈ વ્યવહાર છે તે બધો શુભરાગરૂપ હોવાથી તેના આશ્રયથી સંસાર જ ફળે છે. શુદ્ધનયનો પક્ષ તો પ્રાણીઓને કદી આવ્યો નથી ને તેનો ઉપદેશ પણ વિરલ છે. તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ કર્યો છે કે "હે જીવો ! શુદ્ધનય એક જ ભૂતાર્થ, સત્યાર્થ છે અને તેના આશ્રયે જ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. માટે તમે શુદ્ધનયને જ અંગીકાર કરો."**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૧૭ – ૧૮, પ્રવચન નં. ૭૯
## તા. ૦૬-૦૯-૧૯૭૮
## [૨૧]

આ દસલક્ષણી પર્વનો પહેલો દિવસ છે ને? ઉત્તમ ક્ષમા. જે ઉત્તમ ક્ષમા આદિ દસ બોલ છે એ ચારિત્રનો ભેદ છે. ચારિત્ર ખાસ મોક્ષનું કારણ છે. એથી ચારિત્રના દસ પ્રકારના ધર્મ (કહેવામાં આવ્યા છે). આત્માનો અનુભવ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવ થયા હોય અને પછી તેમાં ચારિત્ર–લીનતા થઈ હોય તેને આ દસ પ્રકારનો ધર્મ હોય છે. દસ પ્રકારના ધર્મથી સુખ થાય છે, આનંદ થાય છે. આહા..હા..!

દસ પ્રકારનો ધર્મ કોને કહીએ ? - કે જેમાં અતીન્દ્રિય આનંદ આવતો હોય. આહા...હા..! અને એમાં અતીન્દ્રિય આનંદ છે, આનાથી અતીન્દ્રિય આનંદ છે એ સુખસ્વરૂપ જ છે. દસ પ્રકારનો ધર્મ. આવી વાત છે, ભાઈ ! ઉત્તમ ક્ષમા કહ્યું ને ? સમકિત સહિતની (વાત છે). સમકિત વિના જે કાંઈ છે એ કંઈ ક્ષમા નથી. એ તો રૂંધાયેલો કષાય હોય. આહા..હા..! માથે આવ્યું છે, ભાઈ ! ૩૯૩ શ્લોક.

મુનિધર્મ ક્ષમા આદિ ભાવોથી દસ પ્રકારનો છે. સૌખ્ય સાર. એનાથી સુખ થાય છે. આહા..હા..! આ ચારિત્રધર્મ. જેમાં અતીન્દ્રિય આનંદ આવે. આહા..! એનું નામ દસ પ્રકારનો મુનિનો ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે, બાપા ! બહુ આકરી. છે એમાં ? સૌખ્ય સાર. એનાથી સુખ થાય છે અને સુખ એમાં છે અથવા સુખનો સાર છે. આ દસ પ્રકારના ધર્મ સુખનો સાર, આનંદનો સાર એમાં છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું વેદન વિશેષ થાય એનું નામ અહીંયાં દસ પ્રકારનો ધર્મ છે. આવી વ્યાખ્યા. ૩૯૩ માં છે. હવે ૩૯૪. દસેમાં, હોં ! દસે પ્રકારનો ધર્મ.. આહા..હા..! આ દસ લક્ષણી પર્વ, આ દસ પ્રકારનો ધર્મ ચારિત્રનો ભેદ છે. સમ્યગ્દર્શન સહિત અનુભવમાં ચારિત્ર થયું હોય એમાં વિશેષ આનંદ આવે છે તેને અહીંયાં દસ પ્રકારનો ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે.

સમ્યગ્દર્શનમાં સ્વરૂપની દૃષ્ટિ થવાથી આનંદનો સ્વાદ આવે છે પણ થોડો આવે છે. આહા..હા..! અને ચારિત્રમાં પ્રચુર આનંદ છે. અને એમાં ક્ષમા આદિ હો... આહા..હા..! એ ક્ષમામાં તો મહાઆનંદ આનંદ આવે છે, કહે છે. સમજાણું કાંઈ ? આવી વાત છે. એ દસમાં પહેલો ઉત્તમ (ધર્મ કહ્યો).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– વીતરાગભાવને ધર્મ કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વીતરાગભાવ એ જ આ દસ પ્રકારનો ધર્મ છે. એ તો એના ભેદ બતાવ્યા. બાકી વીતરાગભાવ એ જ ધર્મ ને એ ચારિત્ર અને એ દસ પ્રકારનો ધર્મ વીતરાગભાવ (છે). આવી વાત છે. એ દસ પ્રકારનો ધર્મ વીતરાગભાવ છે. આહા..હા..! ઘણો જ રાગનો અભાવ કરીને અતીન્દ્રિય આનંદના ઉગ્ર અનુભવમાં આનંદ આવે છે, તેને અહીંયાં દસ પ્રકારનો ધર્મ કહેવામાં આવે છે. આ તો ક્ષમા કરી ને ઢીકણું કર્યું - એવી વાત નથી. આ તો ઉત્તમ ક્ષમા અને ઉત્તમ માર્દવ !

અંતરમાં આત્મા આનંદ પ્રભુના અંતર અનુભવમાં અતીન્દ્રિય સ્વાદનું આવવું તેનું નામ તો સમ્યગ્દર્શન છે. આહા..હા..! અને ચારિત્ર (એટલે) વિશેષ આનંદનું આવવું એનું નામ ચારિત્ર છે. એમાં દસ પ્રકારના ધર્મ... આહા..હા..! એ સુખના સ્વાદમાં વૃદ્ધિ થાય.. આહા..હા..! તેનું નામ (દસ પ્રકારના ધર્મ છે). વાત એવી છે.

**कोहेण जो ण तप्पदि सुरणरतिरिएहिं कीरमाणे वि।**
**उवसग्गे वि रउद्दे तस्स खमा णिम्मला होदि।।३९४।।**

જે કોઈ સંત, મુનિ મનુષ્ય, તિર્યંચ, અચેતન આદિ ઉપસર્ગમાં હોવા છતાં પણ તપ્તાયમાન ન થાય, ક્રોધથી તપ્તાયમાન ન થાય પણ આનંદથી ઉગ્ર આનંદના સ્વાદમાં આવી જાય... આહાહા..! તેને અહીંયાં દસલક્ષણી પર્વમાં પ્રથમ ઉત્તમ ક્ષમા ધર્મ કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? શ્રાવકને પંચમ ગુણસ્થાને પણ દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે હોય છે. 'નિયમસાર' માં ભક્તિ આવે છે ને ? દર્શન–સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની શ્રાવક ભક્તિ કરે છે. ભક્તિ (રૂપ) પરિણમન એ કરે છે. આહા..હા..! તેમને પણ આ દસ પ્રકારનો ધર્મનો અંશ છે. મુનિને વિશેષ છે, આમને અંશે છે. પણ એ અંશમાં આનંદનો વિશેષ સ્વાદ આવે છે. સુખસાર ! આહા..હા..!

સીસમનું લાકડું હોય છે ને ? સીસમ.. સીસમ. અંદર એનો ચીકણો કઠણ સાર હોય. એમ આ સુખસાર ! આહા..હા..! ઉત્તમ ક્ષમામાં અતીન્દ્રિય આનંદનો સાર આવે છે. આહા..હા..! તેનું નામ ઉત્તમ ધર્મ કહે છે. તે મુનિને નિર્મળ ક્ષમા હોય છે. પછી દૃષ્ટાંત આપ્યા છે. એવા એવા મુનિ થઈ ગયા છે ને ? શાંત.. શાંત. ઘાણીમાં પીલ્યા. આહા..હા..! આ પાંડવોને લોઢાના દાગીના ઝવેરાત કરીને પહેરાવ્યા. આહા..હા..! અતીન્દ્રિય આનંદની ભરતી આવતી હતી. ઉપસર્ગ અને પરિષહ સહન કરે એમાં સહન એને કહે છે કે જ્ઞાતા-દૃષ્ટા રહીને આનંદનું વિશેષપણું પ્રગટ થાય તેનું નામ પરિષહ સહન કર્યા કહેવામાં આવે છે. આહા..હા..! આવી ચીજ છે, ભાઈ ! વીતરાગના માર્ગની લાઈન આખી ફેર છે. એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એ આ ઉત્તમ ક્ષમાનું કહ્યું. હવે ચાલતો અધિકાર.

અહીંયાં સુધી આવ્યું છે. **'સાધ્ય જે નિષ્કર્મ...'** દશા. મોક્ષની દશા એ સાધ્ય છે. **'અભેદ**

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શુદ્ધસ્વરૂપ તેની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે,...'** આહા..હા..! નિજ ભગવાનના દર્શન કરવા–પ્રતીત કરવી, જ્ઞાન કરવું અને રમણતા કરવી એ નિષ્કર્મ અવસ્થા–મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે. આહા..હા..! **'અન્યથા અનુપપત્તિ છે...'** આ અનેકાંત છે. પેલા અનેકાંતમાં એમ કહે છે ને ? - કે નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી પણ થાય એ અનેકાંત છે. આહા..હા..!

અહીંયાં તો ભગવાન આત્મા.. આહા..હા..! પોતાના નિશ્ચય દર્શન, જ્ઞાન અને ચારિત્રથી નિષ્કર્મ અવસ્થા સાધ્ય થાય છે, અન્યથા નહિ. આનું નામ અનેકાંત છે. વ્યવહારથી કે રાગથી કે નિમિત્તથી નહિ. અનેકાંત એનું નામ કે સ્વથી થાય અને પરથી નહિ. અત્યારે અનેકાંતને ફૂદડીવાદ કરી દીધો છે. આહા..હા..! નિશ્ચયથી પણ થાય, વ્યવહારથી પણ થાય. ઉપાદાનથી પણ થાય, નિમિત્તથી પણ થાય. એ તો ફૂદડીવાદ છે, એકાંત મિથ્યાત્વ છે. ઝીણી વાત બહુ, બાપુ ! આહા..હા..! છે ?

**'એ રીતે ઉપપત્તિ છે, અન્યથા અનુપપત્તિ છે...'** બીજી રીતે મુક્તિની અવસ્થાની ઉત્પત્તિ થતી નથી. આહા..હા..! પોતાના ભગવાન આત્માની અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવી એ એક નિષ્કર્મ અવસ્થા પ્રાપ્તિનો ઉપાય છે. આહા..હા..! બીજો કોઈ ઉપાય નથી. બે મોક્ષમાર્ગ કહે છે એ તો કથનની શૈલી છે. આહા..હા..! મોક્ષમાર્ગ તો આ એક જ છે. આહા..હા..! આ તો જેને ભઈ ભવનો થાક લાગ્યો હોય, ભવની બીક (લાગી હોય કે) ક્યાં જાશું ? આહા..! (એને માટે વાત છે). શરીરમાં એક પીડા આવે તો સહન ન થાય. આહા..હા..! શરીરમાં રહીને પ્રભુ ! અંદર તારું કામ કરવાનું છે. હું તો આનંદકંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન (છું) એની પ્રતીતિમાં આનંદ આવવો, તેનું જ્ઞાન કરવામાં આનંદ આવવો, તેમાં સ્થિરતા કરવામાં આનંદ આવવો.. આહા..હા..! આવો માર્ગ છે. **'બીજી રીતે થતી નથી..'** છે ? **'સાધ્યની સિદ્ધિ એ રીતે થાય છે, બીજી રીતે થતી નથી).'** આહા..હા..!

હવે **'(તે વાત વિશેષ સમજાવે છે :–)' 'જ્યારે આત્માને, અનુભવમાં આવતા..'** શું (કહે છે) ? અનેક પર્યાયમાં રાગ ને દ્વેષ ને વિકલ્પો (થાય છે). આહા..હા..! **'જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો...'** અનુભવ નામ અહીંયાં આનંદના અનુભવની વાત નથી. રાગ અને પુણ્ય ને પાપ એ અનેક પ્રકારના (ભાવ) જે વેદનમાં–અનુભવમાં આવે છે. **'અનેક પર્યાયરૂપ ભેદભાવો તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ...'** આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની સાથે એ પુણ્ય અને પાપના અસંખ્ય પ્રકારના (ભાવ) સાથે મિશ્રિતપણું અનાદિથી થઈ ગયું છે, (એમ) માન્યું છે. આહા..હા..! છે ?

**'મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી...'** આહા..હા..! અંતરમાં રાગથી ભિન્ન કરવામાં પ્રવીણતા. રાગ એ બંધનું લક્ષણ છે, ભગવાનનું લક્ષણ જ્ઞાન છે. એ જ્ઞાનથી રાગને ભિન્ન કરીને. આહા..હા..! આવી વાત (છે). પર્યાયમાં પુણ્ય અને પાપના અનેક વિકાર અનુભવમાં આવવા છતાં પણ, મિશ્રિતપણું હોવા છતાં પણ વસ્તુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો વસ્તુ તરીકે છે. રાગનું મિશ્રિતપણું માન્યું છે. સમજાણું કાંઈ ? આહા..હા..! રાગ અને આત્માની એક મિશ્રિત દશા હોવા છતાં પણ.. આહા..હા..! **'સર્વ પ્રકારે ભેદજ્ઞાન...'** જુઓ ! સર્વ પ્રકારે. એક અંશ પણ રાગનો પોતામાં નથી એમ સર્વ પ્રકારે ભેદજ્ઞાન. આહા..હા..! અંતરમાં ઝુકવાથી રાગથી ભિન્ન થઈ જાય છે. આવી વાતું હવે.

**'સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી...'** સર્વ પ્રકારે, એક અંશ પણ રાગ મારો નથી. આહા..હા..! **'આ અનુભૂતિ છે તે જ હું છું'** આ જાણવાનો અનુભવ થાય છે તે હું છું. રાગ હું નથી. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ હોય, ગુણ-ગુણીના ભેદનો રાગ હોય, પણ રાગથી આત્માને મિશ્રિત માની લીધો છે તો તેને ભેદજ્ઞાન કરીને... આહા..હા..! રાગભાવથી ભગવાન આત્માનું ભેદજ્ઞાન કરવાથી, જુદા પાડવાથી, સર્વ પ્રકારે જુદા પાડવાથી... આહા..હા..! આ ક્રિયા. સમજાણું કાંઈ ?

**'આ અનુભૂતિ છે તે જ...'** ભેદજ્ઞાન કરવાથી જે જ્ઞાનનો અનુભવ રહ્યો તે હું છું. છે ? **'આ અનુભૂતિ છે તે જ હું છું' એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું,...'** આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું. આહા..હા..! ભગવાન આત્મા રાગથી મિશ્રિત અવસ્થામાં હોવા છતાં પણ જુદા પાડવાની ભેદજ્ઞાનની કળાથી, સર્વ પ્રકારે ભેદજ્ઞાન કરવાથી એક જ્ઞાનરૂપ રહ્યો તે હું છું. આહા..હા..! આવી વાત છે. જેને કલ્યાણ કરવું હોય એને આ રસ્તો છે, ભાઈ ! બાકી બધી વાતું છે. આહા..હા..!

**'આ અનુભૂતિ છે તે જ હું છું...'** જાણનાર આત્મા એવી અનુભૂતિ તે હું ! રાગનું મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનથી ભિન્ન કરતાં જે જ્ઞાન છે તે હું છું, અનુભૂતિ, એ આત્મજ્ઞાન. આહા..હા..! અરે..! આવી વાતું. **'પ્રાપ્ત થતું, આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ...'** જાણવામાં આવ્યું કે આ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન છે, આનંદસ્વરૂપી પ્રભુ છે, એમ જ્ઞાનમાં ભેદજ્ઞાનથી અનુભૂતિ–જ્ઞાનની અનુભૂતિ તે હું છું એમ જાણ્યું એવી જ પ્રતીતિ - એ પ્રકારની પ્રતીતિ થઈ. આહા..હા..!

**'પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે...'** આહા..હા..! તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. અરે..! રાગના ભાગથી અંદરમાં ભગવાનને ભિન્ન કરીને જે જ્ઞાનનો અનુભવ રહ્યો તે હું છું અને એ આત્મજ્ઞાન છે. આહા..હા..! એ જ્ઞાનમાં આવો આત્મા જણાયો એવી જ પ્રતીતિ થઈ. આત્માનું જ્ઞાન થયું એવી પ્રતીતિ થઈ કે આ આત્મા ! આહા..હા..! આવી વાતું. **'એવું શ્રદ્ધાન ઉદય થાય છે...'**

**'ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી...'** જ્યારે રાગથી, પુણ્યના વિકલ્પથી જ્ઞાનસ્વરૂપી ભગવાન ભિન્ન હોવાથી, ભિન્નું જ્ઞાન થયું અને ભિન્નની પ્રતીતિ થઈ. આ જાણવામાં આવ્યો તે જ આત્મા, એવી પ્રતીતિ થઈ. પછી અન્યભાવોનો ભેદ થવાથી... **'સમસ્ત અન્યભાવો...'** આહા..હા..! ગુણ-ગુણીના વિકલ્પ ભેદ ઉઠે છે તેનાથી પણ ભેદ કરીને...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! **'સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી નિઃશંક ઠરવાને સમર્થ...'** થાય છે. આહા..હા..! સ્વરૂપમાં નિઃશંકપણે સ્થિર થવાથી ચારિત્ર થાય છે.

રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ છે એવી અનુભૂતિ થઈ તે આત્મજ્ઞાન અને એ આત્મજ્ઞાનમાં જે આત્મા જણાયો એવી પ્રતીતિ થઈ. પ્રતીતિ થયા પછી અન્યભાવથી, રાગાદિથી ભિન્ન પડીને (સ્થિર થવા સમર્થ થયો). છે ? **'નિઃશંક ઠરવાને...'** સ્વરૂપમાં નિઃશંકપણે સ્થિર થવાથી **'આત્માનું આચરણ ઉદય...'** થાય છે. આ આત્માનું આચરણ. રાગથી ભિન્ન શ્રદ્ધા-જ્ઞાન કર્યાં અને પછી રાગથી ભિન્ન થઈને સ્વરૂપમાં ઠરવું. નિઃશંકપણે (ઠરવું કે) હું આ જ છું. રાગ ને દયા, દાનના વિકલ્પ છે એ હું નહિ. આહા..હા..! બહુ કામ (આકરું). શાસ્ત્રનું જે પરલક્ષી જ્ઞાન છે તે પણ હું નહિ કેમ કે એમાં આત્મજ્ઞાન ન થયું. આહા..હા..!

આત્મજ્ઞાન એટલે જે આત્મા છે તેનું જ્ઞાન. રાગથી ભન્ન પડીને (થયેલું) આત્મજ્ઞાન અને એવી પ્રતીતિ (થવી કે) 'આ આત્મા.' જ્ઞાનમાં આવ્યો એવો 'આ આત્મા.' એવી પ્રતીતિ. અને સમસ્ત અન્યભાવોથી ભિન્ન પડીને નિઃશંકપણે ઠરવાનું સામર્થ્ય પ્રગટ થયું. આહા..હા..! રાગાદિ હું નહિ અને મારી ચીજમાં નિઃશંકપણે ઠરવું (ત્યારે) **'આત્માનું આચરણ ઉદય...'** થાય છે. ત્યારે આત્માનું આચરણ (ઉદય થાય છે). ભગવાન આત્મામાં લીન થાય છે, આચરણ નામ સ્વરૂપનું આચરણ થાય છે તે આચરણનો ઉદય નામ ચારિત્ર (પ્રગટ) થયું. આ..હા..! આવી વાત છે.

**'આત્માને સાધે છે.'** એ રીતે અનુભૂતિ–જ્ઞાન તે હું અને તે જ્ઞાનમાં આત્મા જણાયો, એવી પ્રતીતિ થઈ ત્યારે સમસ્ત અન્યભાવોથી ભિન્ન પડીને નિઃશંકપણે સ્વરૂપમાં ઠરવાનું આચરણ–આત્મ - આચરણ પ્રગટ થયું. એ રીતે આત્માની સિદ્ધિ છે. એ રીતે **'આત્માને સાધે છે.'** આહા..હા..! **'આમ સાધ્ય આત્માની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે.'** આ પ્રકારે સાધ્ય જે નિષ્કર્મ દશા–મોક્ષની સિદ્ધિ આ પ્રકારે છે, બીજા પ્રકારે નથી. આહા..હા..! થોડામાં પણ કેટલું ભરી દીધું છે!

રાગ, વિકલ્પ અને ભગવાન વીતરાગ સ્વરૂપ, બેનું જાણે મિશ્રિતપણું થઈ ગયું હોય, એવા મિશ્રિતપણામાં રાગથી ભિન્ન પડીને અનુભૂતિ–આ જાણનાર.. 'જાણનાર જ હું' - એવું જ્ઞાન થયું તે આત્મજ્ઞાન થયું. આહા..હા..! સમજાણું કાંઈ ? લ્યો, આ દસલક્ષણી પર્વનો પહેલો દી'. આહા..હા..!

ભગવાન સુખનો ભંડાર છે ને પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો સાગર છે ને! એને રાગથી ભિન્ન કરીને જ્ઞાનમાં અતીન્દ્રિય સાગરનું જ્ઞાન–આત્મજ્ઞાન થયું અને જેવું જાણવામાં આવ્યું તેવી પ્રતીતિ થઈ અને સમસ્ત રાગથી ભિન્ન પડીને નિઃશંકપણે આત્મ-આચરણ કરવાનો પુરુષાર્થ થયો. આહાહા..! આ ચારિત્ર. ઝીણી વાત, બાપુ! અરે..રે..! અનંતકાળથી ભગવાનને ભૂલી ભ્રમણામાં અનાદિથી પડ્યો છે, ઇ દુઃખને પંથે છે. આહા..હા..! આ રીતે સિદ્ધદશાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપપત્તિ છે. સાધ્ય સિદ્ધ !

આમ હોવા છતાં પણ.. આહા..હા..! હવે આવ્યું. આ શરીર ને પૈસા ને આબરુ એ મસાણનાં હાડકાની ફાસફૂસ છે. આહા..હા..! એની જેને વિસ્મયતા લાગે એને આત્માની વિસ્મયતા નહિ લાગે. જેને આત્મા સિવાય બાહ્ય પદાર્થની અતિશયતા, વિશેષતા ભાસે એને આત્માની ભિન્નતા નહિ ભાસે. આહા..હા..! સમજાણું કાંઈ ? આમ હોવા છતાં પણ..

**'પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા..'** આ..હા..હા..! જ્ઞાનમાં અનુભવસ્વરૂપ ભગવાન આત્મા..! આહા..હા..! **'આબાળગોપાળ...'** આબાળ નામ બાકળથી માંડીને વૃદ્ધ, ગોપાળ નામ વૃદ્ધ, બાળકથી માંડીને વૃદ્ધને બધાને. આહા..હા..! અનુભવમાં **'સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** એની પર્યાયમાં, જ્ઞાનની પર્યાય છે એનો સ્વપરપ્રકાશશક સ્વભાવ છે એ કારણે પર્યાયમાં સ્વસ્વરૂપ જાણવામાં આવે છે. પર્યાયમાં દ્રવ્યસ્વરૂપ ભગવાન જાણવામાં આવે છે. છતાં અજ્ઞાનીને પર તરફના બંધના લક્ષને કારણે, રાગના પ્રેમને કારણે એ અંતરમાં જોઈ શકતો નથી. મારી ચીજ, હું આત્મા પર્યાયમાં જણાઈ રહ્યો છું એમ જોઈ શકતો નથી.

ફરીને, ***આહા..! જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે એ પર્યાયનો સ્વભાવ જ સ્વ-પરપ્રકાશક છે. ચાહે તો અજ્ઞાન હો કે જ્ઞાન હો ! એ પર્યાયમાં આત્મા જ જણાઈ રહ્યો છે કેમ કે સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી જ્ઞાનની પર્યાયમાં સ્વ-વસ્તુ છે એ જ જાણવામાં, અનુભવમાં આવી રહી છે. પર્યાયમાં દ્રવ્ય જ જણાય છે. આહા..હા..હા..! છે ?***

***શ્રોતા :– ક્યારે ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– અત્યારે, સદાય.*** કહ્યું નહિ આ ? અનુભવમાં સદા અને સ્વયં. સદા અને સ્વયં. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં સદા... સ્વયં... આહા..હા..! **'આવતો હોવા છતાં પણ...' 'પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ...'** આહા..હા..! કહે છે કે જ્ઞાનની વર્તમાન દશામાં સદા, સ્વયં જાણવામાં આવે છે એમ હોવા છતાં પણ **'અનાદિ બંધના વશે...'** પણ અનાદિ રાગને વશ. આહા..હા..! રાગ એ ખરેખર પરદ્રવ્ય છે, એ સ્વદ્રવ્ય નહિ. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં સ્વદ્રવ્ય જાણવામાં આવતું હોવા છતાં પણ રાગ જે પરદ્રવ્ય એની સાથે (એકપણાની) દૃષ્ટિને કારણે પર્યાયમાં જણાતો આત્મા એને જણાતો નથી, એને જાણતો નથી. આહા..હા..! ભારે ભાઈ !

ફરીને, **'પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન...'** જ્ઞાનસ્વભાવી **'ભગવાન આત્મા...'** જુઓ ! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી અનુભવ... **'આબાળગોપાળ સૌને...'** બાળકથી (માંડીને) વૃદ્ધ બધાને અનુભવમાં, બધાને અનુભવમાં... સૌને સદા અને સૌને સ્વયં. આહા..હા..! ભાઈ ! આ કાંઈ વાર્તા, કથા નથી. આ તો ભગવત્ (કથા છે). આહા..હા..હા..!

***'આબાળગોપાળ સૌને સદાકાળ...' સર્વને અને સદા અને સ્વયં આત્મા જ જ્ઞાનની***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પર્યાયમાં જાણવામાં આવે છે. આહા..હા..! આરે..! 'આમ હોવા છતાં પણ અનાદિ બંધના વશે...' પણ દૃષ્ટિ રાગ અને વિકલ્પ ઉપર છે. આહા..હા..! એને વશ થઈ જવાથી પર્યાયમાં દ્રવ્ય જણાય છે છતાં એ જાણી શકતો નથી. આહા..હા..! રાગની એકતાની અંધબુદ્ધિમાં પર્યાયમાં જણાતો ભગવાન જાણી શકે છે છતાં એ જાણતો નથી. આહા..હા..!*** આવી વાત છે. અંદર છે કે નહિ ? આહા..હા..!

આવો અનુભૂતિ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળને જ્ઞાનની પર્યાયમાં જાણવામાં આવે છે. સૌને, સદા અને સ્વયં. એ આત્મા જ સદા, સ્વયં પોતાની પર્યાયમાં જાણવામાં આવે છે. આહા..હા..! પણ પોતાના સ્વભાવ તરફ દૃષ્ટિ નહિ હોવાથી અને રાગને વશ થઈને અબંધ સ્વરૂપ જે પર્યાયમાં જણાય છે એ રાગના બંધને (વશ), રાગના બંધને વશ થઈને અબંધ સ્વરૂપ જે પર્યાયમાં જાણવામાં આવે છે તેને જાણી શકતો નથી. આહા..હા..! શું કહ્યું ? આ તો ધીરજના કામ છે, બાપુ ! આહા..હા..!

બાળકથી માંડીને વૃદ્ધ બધા આત્મામાં જે જ્ઞાનની પર્યાય છે એમાં આ અનુભૂતિ(સ્વરૂપ) ભગવાન આત્મા જ જણાય છે. આહા..હા..! આમ હોવા છતાં પણ અનાદિ રાગના સંબંધમાં, એ બંધ કહો કે રાગનો સંબંધ કહો.. આહા..હા..! રાગના સંબંધમાં રોકાવાને કારણે અબંધસ્વરૂપ પર્યાયમાં જણાય છે, એ બંધમાં રોકાવાને કારણે અબંધ જણાય છે તેને જાણતો નથી. આહા..હા..!

ફરીને, ***આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપ (છે) એ પર્યાયમાં અજ્ઞાનીને પણ બાળકથી વૃદ્ધ બધાને સદા સ્વયં આત્મા, એ આત્મા જ પર્યાયમાં અનુભવમાં આવે છે. આહા..હા..! આમ હોવા છતાં પણ અજ્ઞાની રાગના સંબંધમાં રોકાવાથી - રાગના બંધભાવમાં રોકાવાથી પર્યાયમાં અબંધસ્વરૂપી ભગવાન જણાતો હોવા છતાં પણ રાગના સંબંધમાં પડેલાને એ જણાતો નથી.*** કહો, અંદર છે કે નહિ ? આહા..હા..!

નજર તળે આમ ચીજ દેખાતી હોય પણ નજર અને લક્ષ બીજે હોય તો એ દેખાતી નથી. આહા..હા..! અરે..! પ્રભુ ! તું તારી પર્યાયમાં, જ્ઞાનની એક સમયની પર્યાયમાં પ્રભુ ! સદા આબાળ-ગોપાળને અને સ્વયં ભગવાન આત્મા જ જણાય છે. આહા..હા..! કંઈ ટીકા (છે) ! ભરતક્ષેત્રમાં (અજોડ છે) !! આ..હા..હા..હા..! રાગને વશ થઈને પર્યાયમાં અબંધસ્વરૂપ જ્ઞાનમાં આવતો હોવા છતાં પણ રાગના સંબંધમાં રોકાવાથી અબંધસ્વરૂપ જણાતો નથી.

ફરીને, આહા..હા..! ભગવાન આત્મા, એની જ્ઞાનની પર્યાય ભલે અજ્ઞાન છે પણ એ પર્યાયમાં પર્યાયનો સ્વભાવ જ્ઞાન છે ને ? તો એનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. તો પર્યાયમાં સ્વયં આબાળ-ગોપાળને સદા સ્વયં આત્મા જ જણાય છે. આહા..હા...! આમ હોવા છતાં પણ રાગના સંબંધના બંધને વશે એ પર્યાયમાં અબંધ જણાતો હોવા છતાં એને જાણતો નથી, રાગને જાણે છે. અરે..! આ વાત ક્યાં છે ? બાપા ! દિગંબર સંતો છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કેવળજ્ઞાનના વિરહ ભુલાવે એવી વાત છે. આહા..હા..! બીજાને દુઃખ લાગે કે આ અમારો, આ તમારો એક જ (છે). બાપુ ! તમારો, અમારો નથી, આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહા..હા..!

શું કહ્યું ? - કે ***આત્મા પર્યાયમાં અબંધસ્વરૂપ છે એ પર્યાયમાં પર્યાયનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી અજ્ઞાનીની પર્યાયમાં પણ એ દ્રવ્ય જ જાણવામાં આવે છે પણ અજ્ઞાની રાગના સંબંધમાં રોકાવાથી રાગને જાણે છે, જે એનામાં છે નહિ એને જાણે છે અને પર્યાયમાં જે જાણવાવાળી ચીજ છે તેને જાણતો નથી. આહા..હા..!*** કહો, 'સુમનભાઈ' ! ન્યાં ક્યાંય આવું મળે એવું નથી. (એ બધા) રખડવાના રસ્તા છે, બાપા ! આહા..હા..! અરે..! એને સત્ય કાને ન પડે (એ) સત્યને કઈ રીતે શોધે ? આહા..હા..!

ભગવાન ! તારું સ્વરૂપ જે પૂર્ણ અબદ્ધ સ્વરૂપ છે... આહા..હા..! એ તારી પર્યાયમાં સ્વયં અબદ્ધ જ સદા, સૌને જાણવામાં આવે છે. આમ હોવા છતાં પણ રાગના સંબંધમાં, બંધમાં ત્યાં રોકાવાથી પર્યાયમાં અબંધ જણાય છે તેને જાણી શકતો નથી. આહા..હા..! આવી વાત છે. ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ હો કે ચાહે શાસ્ત્રની ભક્તિનો રાગ હો... આહા..હા..! પણ એ રાગનો બંધ, રાગ એ બંધ છે (અને) ભગવાન અબંધસ્વરૂપ છે, તો પર્યાયમાં અબંધસ્વરૂપ જાણવામાં આવે છે, સ્વભાવ જ એવો છે, પર્યાયનો સ્વભાવ જ એવો છે. આહા..હા..! ***જ્ઞાનની પર્યાયનો – અવસ્થાનો ત્રિકાળી અવસ્થાયી પ્રભુ સ્વયં જાણવામાં આવે છે એવો પર્યાયનો ધર્મ છે, સ્વભાવ છે. આમ હોવા છતાં પણ રાગના સંબંધમાં રોકાવાથી અને રાગને જાણવાથી રાગ વિનાની ચીજ પર્યાયમાં જાણવામાં આવે છે તેને જાણતો નથી. આહા..હા..! કહો, આવી વાત છે, બાપુ ! આકરી વાત, ભાઈ ! વીતરાગ માર્ગ (અલૌકિક છે).***

રાગની પર્યાયમાં રોકાવાથી વીતરાગ ભગવાન-આત્મા જિનસ્વરૂપી... આહા..હા..! જિનસ્વરૂપી ભગવાન-આત્મા, એ પર્યાયમાં એ જિનસ્વરૂપી જ જણાય છે. આહા..હા..! આમ હોવા છતાં પણ જિનસ્વરૂપથી વિરુદ્ધ જે રાગ ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રતનો કોઈ પણ વિકલ્પ હો.. આહા..હા..! તેને જોવાથી બંધને વશ થઈને પર્યાયમાં અબંધસ્વરૂપ જણાતું હોવા છતાં પણ તેને જાણતો નથી. આહા..હા..! આવી વાત છે, ભાઈ ! કેટલાકને તો નવી લાગે. આ 'સમયસાર' કંઈ નવું છે ? બે હજાર વર્ષથી તો કરેલું છે. આહા..હા..! વસ્તુનું સ્વરૂપ જ આવું છે ને, પ્રભુ !

જ્યાં સ્વયં સદા પર્યાયમાં – જ્ઞાનની દશામાં જાણવામાં આવતો હોવા છતાં લક્ષ બંધ (–રાગ) ઉપર છે. રાગનો વિકલ્પ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ(નો હો પણ) રાગમાં જ એકાકાર થયો છે, રાગને જોવે છે. રાગને જોવે છે તો પર્યાયમાં અરાગી અબંધસ્વરૂપી જાણવામાં આવે છે તેને જાણતો નથી. આહા..હા..! અરે..! આહા..હા..! બહુ જ ભર્યું છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઓહો..હો..! સંતો તો કરુણા કરીને જગતને આત્માની જાહેરાત કરે છે. ભાઈ ! ભગવાનની જાહેરાત તારી પર્યાયમાં થઈ રહી છે પણ તારી નજર રાગ અને પર્યાયમાં રોકાવાથી... આહા..હા..! એ પર્યાયમાં જાણવાની શક્તિ જણાતી હોવા છતાં પણ જાણતો નથી. આહા..હા..! અહીં તો એકલી જ્ઞાનની ક્રિયાની વાત છે.

**'જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...'** જુઓ ! ***ભગવાન આત્મા..! આહા..હા..! અનંત અનંત આનંદ ને જ્ઞાનની લક્ષ્મીનો ભંડાર ભગવાન (છે). એ આબાળગોપાળ બાળકથી માંડીને વૃદ્ધ બધાને... આહા..હા..! આઠ વર્ષનો બાળક હોય.. આ..હા..! પ્રભુ ! એની જ્ઞાનની પર્યાયમાં એ ભગવાન-આત્મા જણાય છે. આહા..હા..! સૌને સદા સ્વયં પર્યાયમાં ભગવાન જણાતો હોવા છતાં પણ અનાદિ રાગને વશ થઈને રાગના જ્ઞાનમાં રોકાવાથી અબદ્ધ સ્વરૂપનું જ્ઞાન થતું હોવા છતાં તેનું જ્ઞાન કરતો નથી. આહા..હા..!*** આવો ઉપદેશ. પેલું તો વ્રત કરો ને તપ કરો ને પડિમા લઈ લો, જાઓ ! આહા..હા..!

ભાઈ ! તારો નાથ અંદર મોટો પ્રભુ છે ને ! ભગવાન આત્મા કીધો ને ? ભગવાન.. આહા..હા..! અજ્ઞાનીનો આત્મા પણ ભગવાન-આત્મા કહ્યો. આહા..હા..! ભાઈ ! તને તારી ખબર નથી. જેની ખબરું થાય છે તેની તને ખબર નથી, તને ખબર નથી અને રાગની ખબરુંમાં રોકાવાથી ભગવાન રોકાઈ ગયો. આહા..! કહો, 'જુગલજી' ! આવી વાતું છે. આહા..હા..! આ સમજાય એવું છે, હોં ! ભાષા કાંઈ એવી આકરી નથી. ભાષા તો સાદી છે. આહા..હા..! શું સંતોએ કામ કર્યા છે ! આહા..હા..!

આત્માની પ્રસિદ્ધિ.. આ ટીકાનું નામ 'આત્મખ્યાતિ' છે. એ આત્મખ્યાતિની પ્રસિદ્ધિ કરતાં... ***આહા..હા..! પર્યાયમાં આત્મા જણાતો હોવા છતાં પણ... કેમ કે પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક હોવાથી, ભલે તારી નજર ત્યાં ન હોય, પણ એ સ્વ-પરપ્રકાશક સ્વયં જાણવામાં આવે છે. સ્વયં ભગવાન જાણવામાં આવે છે. આહા..હા..!*** **'પણ અનાદિ બંધના વશે...'** જુઓ ! એ રાગના અંશના બંધને વશ પડ્યો. ભગવાન આત્મા પર્યાયમાં જણાતો હોવા છતાં પણ રાગના અંશને વશ પડ્યો. આ..હા..!

**'પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી...'** ***ખરેખર તો એ વિકલ્પ રાગ છે એ પણ પરદ્રવ્ય છે, આહા..હા..! એ સ્વદ્રવ્ય નહિ.*** ભગવાન-આત્મા... આહા..હા..! વ્યવહારના રસિયાને તો આ એવું લાગે કે આ શું કહે છે આ તે ? ભાઈ ! તારા ઘરની વાત છે, પ્રભુ ! અને તારું ઘર તને જણાય છે, જાણવામાં આવતા છતાં તારી નજર ત્યાં નથી. આહા..હા..! કહો, 'હીરાભાઈ' ! આવું છે. આવો કેવો ઉપદેશ ! કરવું શું ? કંઈ હાથ આવતું નથી ? ભાઈ ! કરવાનું ઇ છે, પરના બંધ ઉપરનું લક્ષ છોડી અબંધસ્વરૂપી ભગવાન જણાય છે ત્યાં નજર નાખ. કરવાનું આ છે, બાકી તો બધા થોથાં છે. આહા..હા..!

**'પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી...'** એ શું કહ્યું ? રાગ અને સ્વભાવની એકતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એમ માનવાથી. આહા..હા..! વિભાવનો અધ્યાસ થઈ ગયો છે. એ માટે.. આહા..હા..! **'એકત્વના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને...'** આ..હા..! એક કોર ભગવાન આત્મા કહ્યો (અને અહીંયાં મૂઢ કહ્યો). આહા..હા..! ભાઈ ! આ તો અમૃતના રેલ છે. આહા..હા..! અમૃતનો સાગર ભગવાન તારી પર્યાયમાં ભગવાન આત્મા સદા સ્વયં જણાય છે, પ્રભુ ! એ તારી પર્યાયનો સ્વભાવ છે પણ તેં અનાદિ રાગ ચાહે તો શુભ હો... આહા..હા..! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પમાં રોકાવાથી.. આહા..હા..! મૂઢ અજ્ઞાનીને **'આ અનુભૂતિ છે તે જ હું છું'** જાણનાર જ્ઞાન હું છું **'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** તેથી આત્માનું જ્ઞાન, આત્મજ્ઞાન પ્રગટ થતું નથી. આહા..હા..! આવી વાતું છે.

વીતરાગસ્વરૂપી ભગવાન પર્યાયમાં જણાતો હોવા છતાં પણ રાગને વશ થયો હોવાથી, રાગનું જ્ઞાન કરવાથી સ્વનું જ્ઞાન રોકાઈ ગયું. આહા..હા..! રાગનું, વિકલ્પનું જ્ઞાન કર્યું. અરે..! શાસ્ત્રના જ્ઞાનથી ત્યાં રોકાઈ ગયો. આહા..હા..! મારી પર્યાયમાં ઘણું શાસ્ત્રનું જ્ઞાન થયું. આહા..હા..! ભાઈ ! એ શાસ્ત્રજ્ઞાન કાંઈ તારી ચીજ નથી. આહા..હા..! પણ એમાં રોકાવાથી.. આહા..હા..! એ બંધભાવ છે. આહા..હા..! જ્ઞાનને ત્યાં રોકવાથી જ્ઞાનમાં ભગવાન જણાય છે તેને મૂઢ જાણતો નથી. આહા..હા..!

**'અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું'** જાણનારી ચીજ છે તે જ હું છું **'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** તેને આવું આત્મજ્ઞાન પ્રગટ થતું નથી. રાગનું જ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા..! આવી ગંભીર વાતું ! સાધારણ સમાજ ને (આવો ઉપદેશ) ? પણ સત્ય હોય એ સમાજ પાસે મૂકવું કે અસત્ય મૂકવું ? અને સમાજ આત્મા છે કે નહિ ? પ્રભુ ! ભગવાન આત્મા છે, ભાઈ ! આવો ભગવાન આત્મા પર્યાયમાં જણાતો હોવા છતાં પણ પર્યાયમાં રાગમાં રોકાવાથી... આહા..હા..! એ જાણવામાં આવે છે તેને મૂઢે જાણ્યો નહિ. આહા..હા..!

**'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** તેને તો રાગનું જ્ઞાન થયું. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એકલો જાણનારો તેનું જ્ઞાન ન થયું. જેમાં એ ચીજ નથી એવા રાગનું જ્ઞાન થયું. આહા..હા..! તો આત્મજ્ઞાન ઉદય ન થયું. આહા..હા..હા..! ભગવાન ! **'અને તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી,...'** અજ્ઞાત. જે ચીજ જાણવામાં ન આવી એની શ્રદ્ધા શું ? આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૬, પ્રવચન નં. ૨૧
### તા. ૩૦-૦૬-૧૯૭૮
### [૨૨]

શિષ્યનો પ્રશ્ન એમ હતો કે શુદ્ધ આત્મા જે તમે કહો છે એ છે કોણ ? કેવો છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? અને જાણે તો જ આત્માનું હિત થાય અને અહિત ટળે એ શું ચીજ છે ? ત્યારે કહ્યું કે એ આત્મા અનાદિઅનંત નિત્ય ઉદ્યોતરૂપ સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. ઇ સંસાર અવસ્થામાં પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર દુરંત કષાય ચક્ર એનો જે શુભાશુભભાવ થાય છે પણ એ શુભાશુભપણે જ્ઞાયક થતું નથી. એની અવસ્થામાં થાય છે.

જ્ઞાયકભાવ જે વસ્તુ છે એ શુભાશુભપણે થતી નથી. જો એ પણે થાય તો વસ્તુ જ્ઞાનરસ, જ્ઞાનપ્રકાશસ્વરૂપ છે અને શુભાશુભ અચેતન અંધારાસ્વરૂપ છે. એ રૂપે આત્મા થાય તો આત્મા જડ થઈ જાય. આહા..હા..! તેથી એ શુભ ને અશુભભાવ રૂપે જ્ઞાયક વસ્તુ જે પદાર્થ છે એ એ રૂપે નહિ હોવાથી, શુભાશુભપણે નહિ પરિણમવાથી પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયના ભેદો એનામાં નથી. આહા..હા..! મૂળ ગાથા છે. છઠ્ઠીના લેખ કહે છે ને ! આહા..હા..!

જ્ઞાયક વસ્તુ ચૈતન્ય,... આહા..! જે એકલો જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, વીતરાગરસ સ્વરૂપે બિરાજમાન એ રાગરૂપે કેમ થાય ? આત્મા જિન સ્વરૂપી, વીતરાગ સ્વરૂપી બિરાજમાન જ્ઞાયકભાવ (છે) એ રાગરૂપે કેમ થાય ? આહા..હા..!

શ્રોતા :– ત્યારે રાગરૂપે કોણ થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાયમાં રાગ થાય, વસ્તુમાં રાગ નથી. આહા..હા..!

ચૈતન્ય પ્રકાશનો ચંદ્ર શીતળ... શીતળ... શીતળ... એવો ચૈતન્ય પ્રકાશનો પૂંજ પ્રભુ, એ અશીતળ એવા જે વિકાર ને આકુળતા એ રૂપે કેમ થાય ? આ..હા..! ભગવાન જિનચંદ્ર સ્વરૂપ પ્રભુ આ વસ્તુ શું છે ? ચૈતન્યના રસથી ભરેલો પ્રભુ એ અચેતન એવા શુભાશુભ પરિણામના ભાવપણે જ્ઞાયકભાવ વસ્તુ સ્વભાવ કેમ થાય ? તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. ત્યાં સુધી તો આવ્યું છે. છેલ્લી એક લીટી મુદ્દાની રહી છે.

એને શુદ્ધ કેમ કીધો ? જ્ઞાયકભાવ જે શુભાશુભભાવે પરિણમતો નથી એ ચીજને તમે શુદ્ધ કેમ કીધી ? તો કહે છે, શુદ્ધ તો છે પણ ભિન્નપણે ઉપાસવામાં (આવતા), (ભિન્નતા) કરવામાં આવતા એને શુદ્ધ જણાય છે. શું કહ્યું ? વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ છે. એ તો છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ છે કોને ? આહા..હા..!

**'તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી...'** અનંત દ્રવ્યના ભાવ. કર્મ, કર્મનો રસ આદિ. આહા..! વિકાર આમાં ન લેવો, અહીં તો અન્ય દ્રવ્યના ભાવ લેવા. એ અન્ય દ્રવ્યના ભાવથી ભિન્ન પડતા વિકારથી ભિન્ન પડી જાય છે, ભાવ એમાં એમ કહેવો છે. અન્ય દ્રવ્યના ભાવો એટલે અત્યારે પુણ્ય-પાપના ભાવ એ અહીં નહિ. અન્ય દ્રવ્યનો જે ભાવ, અનુભાગ એની શક્તિ, ભાવ, એનાથી ભિન્ન, એનું લક્ષ છોડી ને એનાથી ભિન્ન. જ્યારે એનું લક્ષ છોડે ત્યારે વિકારનું લક્ષ પણ સાથે છૂટી જાય છે. આહા..હા..! આવો માર્ગ.

**'તે જ સમસ્ત અન્ય દ્રવ્યનો ભાવોથી...'** અન્ય દ્રવ્યના ભાવથી. એ અર્થ 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં કર્યો છે–ભિન્નપણે ઉપાસવામાં આવતા. પોતે આ અર્થ કર્યો છે. શું કહ્યું ? અહીંયાં આત્મા જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય સ્વભાવભાવ ત્રિકાળ (છે) એ પોતે શુભાશુભપણે થયો નથી. એવા શુદ્ધ સ્વભાવને શુદ્ધ કહ્યો કેમ ? છે તો એ શુદ્ધ ત્રિકાળ, પણ જે અન્ય દ્રવ્યના ભાવનું લક્ષ છોડી અને સ્વદ્રવ્યની પર્યાયમાં એનું સેવન કરે. આહા..હા..! એનો અર્થ એ થયો કે અન્ય દ્રવ્યના ભાવથી લક્ષ છૂટ્યું એટલે સ્વ દ્રવ્યના ભાવ તરફની ઉપાસના થઈ એટલે વિકારનું લક્ષ પણ એમાં ભેગું છૂટી ગયું. આ માર્ગ એવો છે, ભાઈ !

આ તો મૂળ દર્શનશુદ્ધિની વ્યાખ્યા છે. આહા..! મૂળ રકમ, મૂળ રકમ છે એ પવિત્ર ને શુદ્ધ જ્ઞાયક છે પણ છે એ કોને ખ્યાલ આવે ? છે એને એ કોને પ્રતીતમાં આવે ? છે એનું જ્ઞાન કોને થાય ? છે તો છે. આહા..હા..! અન્ય દ્રવ્ય ને દ્રવ્યના ભાવનું લક્ષ છોડી જે અન્ય દ્રવ્યના ભાવમાં અસ્તિત્વપણાનું જોર છે એ છોડી દઈ અને એનાથી (લક્ષ) છોડ્યું એટલે અંતર ચૈતન્ય જ્ઞાયકભાવ એ તરફ તેની પર્યાય ગઈ. આહા..! એ પર્યાયે એનું સેવન કર્યું. આહા..હા..! એ પર્યાય જે વર્તમાન જ્ઞાનની ને શ્રદ્ધાની પર્યાય છે એ પરના લક્ષને છોડીને સ્વના ચૈતન્યના જ્ઞાયકભાવના લક્ષમાં જ્યાં આવ્યો ત્યારે એની પર્યાયમાં શુદ્ધતાનું સેવન થયું એટલે કે શુદ્ધતામાં એકાગ્રતા થઈ. એકાગ્રતા થઈ એમાં જણાણું કે આ શુદ્ધ છે. ઝીણી વાત છે બહુ, બાપુ ! આહા..હા..!

ચૈતન્ય ધામ પ્રભુ ! સ્વયં જ્યોતિ સુખધામ, એનું સેવન એટલે પરના આશ્રયનો લક્ષ છોડી દઈ અને સ્વ ચૈતન્ય જ્ઞાયકભાવ તેનું લક્ષ કરતાં એ લક્ષ ક્યારે થાય ? - કે એની પર્યાયમાં તેના તરફનું વલણ થાય ત્યારે. તો એ પર્યાયમાં દ્રવ્યનું સેવન થયું. છે ? **'તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતા...'** વસ્તુ તો શુદ્ધ છે પણ ભિન્નપણે ઉપાસવામાં આવતા એને શુદ્ધ કહેવાય છે. એને શુદ્ધપણું જણાણું. પર્યાયમાં શુદ્ધ દશામાં આ શુદ્ધ છે એમ જણાણું એને શુદ્ધ કહેવાય છે. આહાહા..! સમજાય છે ? છે સામે ?

એકકોર ભગવાન જ્ઞાયકભાવ અને એકકોર બીજા બધા અનંતા દ્રવ્યો. અહીં મુખ્યપણે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્મ છે. એના તરફનું જે લક્ષ છે... આહા..હા..! અહીંથી લક્ષ તો અનાદિથી છૂટી ગયેલું છે એથી એની પર્યાયમાં આ શુદ્ધ છે એવી તો દૃષ્ટિ થઈ નહિ. એથી ભિન્નપણે સેવતા અન્ય દ્રવ્યના ભાવ અને દ્રવ્યથી જુદું પાડતા, જુદું પાડતાનો અર્થ કે દ્રવ્ય ઉપર લક્ષ જતાં, એ લક્ષ ગયું એ વર્તમાનમાં પર્યાયમાં શુદ્ધતા થઈ. એ શુદ્ધતા દ્વારા આ શુદ્ધ છે એમ જણાણું. આહાહા..! એને શુદ્ધ છે. જેને શુદ્ધ છે એ પર્યાયમાં અશુદ્ધતા જણાય છે અને અશુદ્ધતા ઉપર જ જેનો અનુભવ અને પર્યાયબુદ્ધિ ઉપર જેની રુચિ, દૃષ્ટિ છે એને તો શુદ્ધ છે નહિ, વસ્તુ ભલે શુદ્ધ છે પણ એને શુદ્ધ છે નહિ. આહા..હા..! ગજબ વાત છે !

'સમયસાર' એની એક એક ગાથા, એક એક પદ સર્વજ્ઞ અનુસારણી ભાષા છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર, એમણે કહેલી ચીજ જ આ પ્રભુ સંત કહે છે. આહાહા..! અને તે ન્યાયથી તેના ખ્યાલમાં આવી શકે. ન્યાયથી ખ્યાલમાં આવે અને પછી અંદરમાં જાય તો અનુભવ થાય. આહાહા..! એક પદ કાલે બાકી રાખ્યું હતું ને ? કારણ કે એ કાંઈ ઝટ ઉકલે એવું નહોતું. આહા..હા..!

એ જ જ્ઞાયક છે **'તે જ...'** તે જ એટલે ? તે જ. એ તે જ એટલે જ્ઞાયક છે તે જ. તેજ એમ નહિ. તે જ. જે ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ જેમાં કોઈ પર્યાય નથી, જેમાં શુભાશુભ ભાવ નથી, જેમાં પ્રમત્ત-અપ્રમત્ત ભેદ નથી. આહા..હા..! એવી ચીજને... આ..હા..! **'સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...'** અનેરા અનેક. આહા..હા..! તીર્થંકર અહીં તો એ નોકર્મમાં છે, ખરું તો કર્મ જે છે અંદર એના તરફનો ઉદય ભાવ જે છે, એના તરફનું લક્ષ છોડી દઈને. આહા..હા..! પોતે જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. આહા..હા..! પ્રભુ તો ચૈતન્યચંદ્ર છે. આહા..હા..!

વસ્તુ જિન... 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન' આહાહા..! પણ 'મત મદિરા કે પાન સો મતવાલા સમજે નહિ' જેનો અભિપ્રાય જ રાગનો ને રુચિ પરની (છે) એવી રુચિવાળાને આ આ વસ્તુ છે તો જિન સ્વરૂપ, છે તો શુદ્ધ. શુદ્ધ કહો, જિન સ્વરૂપ કહો, જ્ઞાયક કહો, ધ્રુવ કહો, અભેદ કહો, સામાન્ય કહો. આહા..હા..! એવી ચીજ હોવા છતાં અજ્ઞાનીને પર ઉપર લક્ષ છે તેથી તેની સમીપમાં એ દ્રવ્ય પડ્યું (છે) એની એને ખબર નથી. આહા..હા..હા..!

એક સમયની પર્યાયની સમીપમાં પ્રભુ પડ્યો છે. ભગવાન અનાકુળ આનંદનો નાથ, એક સમયની પર્યાય જે જ્ઞાનની જાણવાની છે એ પર્યાયની સમીપ જ પ્રભુ છે. આખો ધ્રુવ ચિદાનંદ પ્રભુ સમીપ જ પડ્યો છે પણ ત્યાં એની નજર ન હોવાથી. આહા..હા..! ૧૭-૧૮માં તો એમ કહ્યું કે એની વર્તમાન જ્ઞાન પર્યાય... ઝીણી વાત છે, બાપા ! આહા..હા..! પ્રભુ ! તારી પ્રભુતાનો પાર ન મળે. આહા..હા..! જેની પ્રભુતાની પૂરણતા(નું) કથન કરવું કઠણ પડે. આ એવો તું સર્વોત્કૃષ્ટ નાથ અંદર બિરાજે છે. આહા..! એને એક સમયની પર્યાયમાં પડેલો, એને એ સમીપમાં છે એ નજરમાં (આવતો નથી). પર્યાયનો સ્વભાવ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવો છે. શું કહ્યું ?

***જ્ઞાનની એક સમયની પર્યાયનો સ્વભાવ તો એવો છે કે આખું દ્રવ્ય જ એ જાણે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એક સમયની જે જ્ઞાનની ઉઘડેલી વર્તમાન પર્યાય છે એમાં એ દ્રવ્ય જ જણાય છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં નથી. આહા..હા..! અનાદિની અજ્ઞાનીની દૃષ્ટિ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ ને કાં એને જાણનારી એક સમયની પર્યાય ત્યાં આગળ એ ઉભો છે, બસ ! આહા..હા..! મિથ્યાદૃષ્ટિ છે, સત્ય દૃષ્ટિથી વિરુદ્ધ દૃષ્ટિ છે.*** સત્ય જે પ્રભુ જ્ઞાયકભાવ કહો, સત્યાર્થ કહો, ભૂતાર્થ કહો, સત્ સાહેબ પૂર્ણાનંદનો પ્રભુ... આહા..હા..! એની ઉપર એની નજર નથી. છે તો પર્યાયમાં જણાય એવી એ ચીજ જણાય જ છે. શું કહ્યું ?

જ્ઞાનની પર્યાયમાં જણાય છે તો એ જ પરમાત્મા, (એમ) કહે છે. પ્રભુ એમ કહે છે. ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એના કેડાયતો સંતો એમ કહે કે તે પ્રભુ એમ કહે છે. પ્રભુ ! એક વાર સાંભળ ! તારી વર્તમાન જે જ્ઞાનની એક સમયની દશા, એનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી ભલે તારી નજર ત્યાં ન હોય પણ પર્યાયમાં દ્રવ્ય જ જણાય છે. આહા..હા..! અરે..રે..! ક્યાં વાત છે ? ક્યાં જાવું છે ? ને કોણ છે ? એની ખબરું ન મળે. આહા..હા..!

***ભગવાન આત્મા ત્રિલોકનાથ એમ કહે પ્રભુ ! તું જેવડો મોટો પ્રભુ છો એવડો તારી એક સમયની પર્યાયમાં અજ્ઞાનમાં પણ પર્યાયમાં જણાય છે. કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે*** તો એ પર્યાયમાં સ્વ પ્રકાશે તો છે પણ તારી નજર ત્યાં નથી. આહા..હા..! તારી નજર કાં દયા કરી ને દયા, વ્રત પાળ્યા ને ભક્તિ કરી ને પૂજાઓ કરીને એવો જે રાગ એના ઉપર તારી નજર છે. એ નજરને લઈને રાગની આગળ જે રાગને જાણનારી જ્ઞાન પર્યાય છે એ જ પર્યાય સ્વને જાણનારી છે, પણ તેમાં તારી નજર નહિ હોવાથી તને રાગ ને પર્યાય જણાય છે તે મિથ્યાબુદ્ધિ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ ?

પણ જેની દૃષ્ટિ પરદ્રવ્ય ને ભાવ ઉપરથી છૂટી જઈ... આહા..હા..! અને ભેદ પર્યાયના પર્યાયમાં નથી તેથી પર્યાયમાંથી લક્ષ છૂટી જઈ... આહા..હા..! અન્ય દ્રવ્યના ભાવથી લક્ષ છૂટી એનો અર્થ જ્યાં અન્યના ભાવના ભાવથી લક્ષ છૂટ્યું તો રાગથી પણ છૂટ્યું અને રાગથી છૂટ્યું તો પર્યાયથી પણ લક્ષ છૂટી ગયું. આહા..હા..! આવી વાત (છે), બાપુ !

સમ્યગ્દર્શનની પહેલી ધર્મની ચીજ એવી ચીજ છે. લોકો એમ ને એમ જિંદગી ગાળીને ચાલ્યા જશે. તત્ત્વની દૃષ્ટિ કર્યા વિના એ તો ચોરાશીના અવતાર કર્યા. બાપા ! ચોરાશીના અવતાર, એ ત્યાં કોઈ તારું નથી અને તું ત્યાં નથી, ત્યાં જઈને અવતરશે. આહા..હા..! તો એકવાર જ્યાં પ્રભુ છે ત્યાં નજર કર ને ! જ્યાં ભગવાન ચૈતન્ય સ્વરૂપ પ્રભુ છે, એકલો અખંડ આનંદનો કંદ, પૂર્ણાનંદ ચૈતન્ય રસથી ભરેલો જિન સ્વરૂપ આત્મા છે, ત્રિકાળ જિન સ્વરૂપી પ્રભુ વીતરાગ છે. પરનું લક્ષ છોડી, રાગનું લક્ષ છોડી, રાગને જાણનારની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય(નું) આમ લક્ષ છૂટ્યું તો એનાથી પણ લક્ષ છૂટી ગયું. આહાહા..! અને એને લક્ષ જ્યાં આત્મા ઉપર ગયું ત્યારે પર્યાયમાં શુદ્ધતા પ્રગટી. છઠ્ઠી ગાથા બહુ મુદ્દાની રકમ છે. આહા..હા..!

**'સમસ્ત અન્યદ્રવ્યોના...'** સમસ્ત લીધું ને ? એમાં તીર્થંકર પણ આવ્યા ને તીર્થંકરની વાણી પણ આવી એના ઉપરથી પણ લક્ષ છોડી દે. આહા..! સમસ્ત અન્ય દ્રવ્ય અને એના ભાવ. આહા..હા..! ભગવાનનો ભાવ તો કેવળજ્ઞાન, કર્મનો ભાવ પુણ્ય-પાપનો રસ, એ બધાથી લક્ષ છોડી દે. આહા..હા..! **'અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે...'** સેવવામાં આવતા. એને જુદો રાગથી, નિમિત્તથી જુદો આત્મા જ્ઞાયક ભગવાન પૂર્ણ સ્વભાવથી ભરેલો જિનચંદ્ર વીતરાગી શીતળ સ્વભાવથી પૂર્ણ ભરેલો ભગવાન (બિરાજે છે) એના ઉપર લક્ષ જતાં એટલે કે એની પર્યાયમાં તેનું લક્ષ થતાં એટલે કે એની પર્યાયમાં દ્રવ્યનું લક્ષ થવું એ એની સેવા છે. આહા..હા..! એ દ્રવ્યની સેવા (છે). આહા..હા..! કેટલું ભર્યું છે એમાં ! આહા..હા..!

***અરે..રે..! જગત ક્યાં પડ્યું છે અને ક્યાં ચાલ્યું જાય છે અનાદિથી રખડતું. આહા..! ચોરાશીના અવતાર કરી કરીને કાગડાના, કુતરાના, નિગોદના ભવ કરી મિથ્યાત્વથી રખડી મરે છે. સાધુ પણ અનંતવાર થયો, દિગંબર સાધુ અનંતવાર થયો પણ દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર છે. આહા..!***

જ્યાં ભગવાન પૂર્ણ સ્વરૂપ છે તેની ઉપાસના (થવી) એનો અર્થ કે એનો સ્વીકાર, એનો સત્કાર એટલે કે એનો આશ્રય. એ **'ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.'** એ રાગ અને પર્યાયનું લક્ષ છોડી સ્વરૂપની સેવા કરનાર એટલે સ્વરૂપનું લક્ષ થતાં તેની પર્યાયમાં શુદ્ધતા જે થાય એ શુદ્ધતાએ દ્રવ્યને સેવી. એટલે શુદ્ધતાએ દ્રવ્યનો સ્વીકાર કર્યો. શુદ્ધતાની પર્યાયએ શુદ્ધ દ્રવ્યનો સ્વીકાર કર્યો. એથી શુદ્ધની પર્યાયમાં શુદ્ધ જણાણું એને શુદ્ધ કહેવામાં આવે છે. આહાહા..! ગંભીર ભાષા છે, ભાઈ !

આ તો ઓગણીસમી વાર વંચાય છે. 'સમયસાર' પહેલેથી તે ઠેઠ કોઈ વાર દોઢ વર્ષ ને કોઈ વાર બે વર્ષ ને કોઈ વાર અઢી વર્ષ ! અઢાર વાર ચાલી ગયું, આ ઓગણીસમી વાર શરૂ થાય છે. આહા..હા..! ગજબ વાત છે !

વીતરાગ ત્રણલોકના નાથ એની વાણી એ સંતો આડતીયા થઈને જાહેરાત કરે છે. પ્રભુ ! તું કોણ છો એ તને ક્યારે ખબર પડે ? તું છો જ્ઞાયક, જેમાં શુભાશુભ ભાવ છે જ નહિ તેથી તેમાં પર્યાયભેદ છે જ નહિ, પણ એ ક્યારે તને ખબર પડે ? શુદ્ધ છે તો છે. આહા..હા..! તું જ્યારે પરના લક્ષને છોડી દઈ અને દ્રવ્યનું ધ્યેય બનાવ અને ધ્યેય બનાવીને જે પર્યાયમાં એનો સત્કાર થયો, ઉપાસના થઈ, શુદ્ધતા પ્રગટી એ સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયમાં આ શુદ્ધ છે એમ જણાય છે. સમજાણું કાંઈ ? આહા..! આવી વાત છે. કઠણ વાત છે, બાપુ ! ***લોકોને વીતરાગ માર્ગ મળ્યો નથી. બહારની પ્રવૃત્તિ એ રાગ માર્ગ,***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***સંસાર માર્ગ છે એમાં અત્યારે પડ્યા પચ્યા છે. પૂજા ને ભક્તિ ને વ્રત ને તપ ને અપવાસ ને... (એ) બધો જ રાગ માર્ગ છે, અન્ય માર્ગ છે, જૈન માર્ગ ઇ નથી. આહા..હા..!***

અહીં પ્રભુ એમ કહે છે, તારી પ્રભુતા કોણ છે એમ તેં પૂછ્યું હતું અને એનું સ્વરૂપ જાણવું જોઈએ એમ તેં પૂછ્યું હતું; તો એનો ઉત્તર આ છે કે ઇ પર ઉપરનું બિલકુલ લક્ષ, સંપૂર્ણ પરદ્રવ્ય અને ભાવનું લક્ષ છોડી દઈ પૂર્ણ જ્ઞાયકભાવ, શુદ્ધભાવ ઉપર જતા જે પર્યાયમાં શુદ્ધતા થાય, સમ્યગ્દર્શન થાય એ જીવને એ શુદ્ધ કહેવામાં આવે છે. પર્યાયની શુદ્ધતાનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું એ અંતરના લક્ષને લઈને, અંતરના આશ્રયને લઈને, અંતરના સત્કાર અને સ્વભાવના સન્માનને લઈને (થયું), ત્યારે તે જીવને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. આકરી વાત છે, બાપા !

આહા..! શું થાય ? આ અનંતકાળ એમ ને એમ ચાલ્યો ગયો. જૈનમાં અનંતવાર જન્મ્યો, અનંતવાર ભગવાનના સમવસરણમાં ગયો. આહા..હા..! પણ અહીં જે જાવું છે ત્યાં ન ગયો. અને એની રીત શું છે એની પણ ખબર ન પડી. આહા..હા..! આ એક લીટીમાં આવો ભાવ ભર્યો છે. એ તો પાર પડે એવું નથી, બાપા ! આહા..! એ ભગવાનની વાણી ને એના ભાવ જે અંતર ભાસે એટલું તો ભાષણમાં આવે નહિ, ભાસે એટલું ભાષણમાં ન આવે. આહા..હા..! સાક્ષાત્ આવી વાણી પડી છે, જુઓ ને ! અંદર આહા..હા..!

તે જ્ઞાયકભાવ પુણ્ય-પાપપણે થયો નથી એટલે પુણ્ય-પાપના થનારા એનું કારણ એવું જે શુભાશુભ ભાવ એ પણે પ્રભુ જ્ઞાયકભાવ તો થયો નથી. તેથી એને લઈને તે પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય એમાં નથી. આહા..હા..! ચૌદ ગુણસ્થાનના ભેદો પણ એમાં નથી. એવો જે અભેદ ભગવાન જ્ઞાયક શુદ્ધ એકરૂપ પ્રભુ એ કોને શુદ્ધ કહેવાય ? કોણ એને શુદ્ધ કહે ? - કે જે શુદ્ધ તરફનો સત્કાર કરી અને પરદ્રવ્યનો જેને આશ્રય ને સત્કાર છૂટી ગયો છે... આ..હા..! ભગવાન પૂર્ણાનંદ સિવાય પર ચીજની કોઈ પણ અધિકતા, વિશેષતા, અચિંત્યતા, ચમત્કાર બધું છૂટી ગયું છે. આહા..! અધિક હોય તો પણ હું, શુદ્ધ હોય તો પણ હું, ચમત્કારીક ચીજ હોય તો પણ હું, પ્રભુ હોય તો પણ હું. સમજાણું કાંઈ ? આહા..હા..! આવું છે.

***અરે..રે..! જિંદગી જગતમાં મજુરી કરીને ચાલી જાય છે. આ બધી મજુરી–બાયડી, છોકરા ને ધંધા, રાગના મજુર મોટા છે. આહા..હા..! અને કદાચિત્ શુભભાવમાં આવ્યો ને શુભ કરે તો એ રાગની મજુરી છે, મજુર (છે). આહા..હા..! શુભરાગ એ મજુરી છે, એ તારી ચીજ નહિ, પ્રભુ ! તારી ચીજમાં તો પર્યાય નથી એવી ચીજને પકડતા જે પર્યાય થાય એ પર્યાય - શુદ્ધતામાં આ શુદ્ધ છે એમ જણાય. આહા..હા..!*** એ દયા, દાન ને વિકલ્પ ને વ્રતના ભાવથી એ જણાય એવો નથી. કારણ કે એ તો રાગ છે, એ તો દુઃખ છે, રાગ છે. વ્રત, તપ, ભક્તિ, પૂજા એ તો રાગ - દુઃખ છે. આહા..હા..! અને ભગવાન તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આનંદ સ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદનો ગાંઠડો છે. આહા..હા..! એની સેવા એટલે એનો સત્કાર, એનો આદર, એનું અધિકપણું બીજી (ચીજી) કરતાં અધિકપણું ભાસતા જે પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય એને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. ગજબ વાત છે ને ! આ પ્રભુના વચનો છે, બાપુ ! આહા..હા..! બાકી બધા થોથાં છે. આહા..હા..!

સમજાણું કાંઈ ? કાંઈ એટલે સમજાય તો તો અલૌકિક વાત છે પણ સમજાણું કાંઈ એટલે કઈ પદ્ધતિથી કહેવાય છે, કઈ રીતથી કહેવાય છે એની ગંધ આવે છે ? એમ. આહા..હા..! અરે..રે..! એને મૂળ વાત મુકીને બીજે પકડીને બેઠો અનાદિથી. આહા..! મૂળ ભગવાન પડ્યો છે ત્યાં જાતો નથી. રાંકા પામર, પુણ્ય ને પાપના ભાવ ભિખારા રાંકા છે, પામર છે. પામરને પકડીને બેઠો. એક સમયની પર્યાય પણ પામર છે. આહા..હા..!

સમ્યગ્દષ્ટિ જીવને પૂર્ણાતાની પ્રાપ્તિ પર્યાયમાં જણાય છતાં એ પર્યાય કેવળજ્ઞાનની પાસે પણ પામર છે. તો જ્યાં હજી પર્યાયમાં શું વસ્તુ છે એ જણાણી નથી ને પરમાં જાણીને બેઠો છે એ તો ભીખારામાં ભીખારી પર્યાય રાંકા પર્યાય છે, રાંક પર્યાય છે. જેમાં ભગવાન આવ્યો નથી, જે પર્યાયમાં પામર, પુણ્ય ને પાપ ને દયા ને દાન ને વ્રત ને રાગ પામર જેમાં આવ્યા છે એ પર્યાય તો ભિખારા (છે)... આહા..હા..! પામર છે.

અહીં તો આવી પર્યાયમાં (જે) અન્ય દ્રવ્યની સેવાથી ભિન્ન પડી અને શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ (છે) એનો આદર થયો ને પર્યાયમાં એનો સત્કાર થયો ત્યારે પર્યાયમાં સમ્યગ્દર્શન થયું એ સમ્યગ્દર્શને આ શુદ્ધ છે એમ જાણ્યું. આહા..! એ સમ્યગ્દર્શન પણ કેવળજ્ઞાનની આગળ પામર છે અને ત્રિકાળી વસ્તુની પાસે પણ એ પામર છે. આહા..હા..!

નિત્ય પ્રભુ ! શુદ્ધ ચૈતન્ય ધાતુ, ચૈતન્ય ધાતુ, ચૈતન્યપણું જ જેણે ધારી રાખ્યું છે, જેમાં પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, વિકલ્પની ગંધ નથી, ચૌદ ગુણસ્થાનની પર્યાય(ની) જેમાં ગંધ નથી. આહા..! તેરમું ગુણસ્થાન સયોગી કેવળી એ પણ જેમાં વસ્તુમાં નથી. કારણ કે એ તો પર્યાય છે. આહા..હા..! એવા ભગવાનને જેણે શોધ્યો, સાધ્યો અને શુદ્ધ છે તેમ પર્યાયમાં અનુભવ થયો તેને એ આત્મા જ્ઞાયક ને શુદ્ધ છે, ભૂતાર્થ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે, બાપુ ! અત્યારે તો મુશ્કેલી પડે એવું છે. અત્યારે તો શ્રદ્ધાના નામના ગોટા મોટા છે. ભલે મોટા વ્રત પાળે ને ભક્તિ કરે ને કરોડો રૂપિયા મંદિરોમાં ખર્ચે એ બધા ગોટા છે.

શ્રોતા :- ફોફા ખાંડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ફોફા ખાંડે છે. ***રાગની કદાચ મંદતા હોય તો એ પુણ્ય પણ થોથા છે. આહા..હા..! એમાં જન્મ-મરણનો અંત નથી, પ્રભુ ! એ બધા તો જન્મ-મરણના બીજડા છે. આહા..હા..! એ શુભભાવ પણ મારો છે ને હું કરું છું એવો મિથ્યાત્વભાવ... આહા..હા..! એ અનંતા ચોરાશીના અવતારનો ગર્ભ છે. એમાંથી અનંતા નિગોદ ને નરક***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***ને પશુ ને*** ઢોરના અવતારો થશે. આહા..હા..! ન્યાં કોઈની સફારશ કામ નહિ આવે કે મેં ઘણાને સમજાવ્યા હતા ને ઘણા(ને) જૈનના વાડામાં ભેગા કર્યા હતા. બાપુ ! એ વસ્તુ જુદી છે. આહા..હા..!

અહીં તો બોલવાનો વિકલ્પ પણ જ્યાં મારો નથી. આહા..હા..! ભગવાન ત્રણલોકના નાથ આત્મા ને એની વાણી પણ મારી નથી. આહા..! એના લક્ષમાં જાઉં તો મને રાગ થાય એ લક્ષ છોડીને ચૈતન્ય ભગવાન જ્ઞાયકભાવ પરમ પિંડ પ્રભુ પડ્યો છે. એક સમયની પર્યાયની પાસે જ પડ્યો છે. ત્યાં નજર કરતાં જે નજરમાં સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય એને આત્મા શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ૬ ને ૧૧ મી ગાથા તો અલૌકિક છે ! આ તો છેલ્લા એક પદની વ્યાખ્યા ચાલે છે. આહા..હા..! પાર નથી એનો !! આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની સંતો આત્માના આનંદના અનુભવીઓ... આહા..હા..! એવા સંતની વાણીનું શું કહેવું !!

**'તે...'** એટલે જ્ઞાયક છે તે પુણ્ય-પાપપણે થયો નથી, પ્રભુ દ્રવ્ય પ્રમત્ત-અપ્રમત્તપણે થયો નથી. **'તે જ...'** તે જ વસ્તુને **'સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...'** એની સેવા કરે તો. એની સેવા એટલે દૃષ્ટિમાં (એનો) સત્કાર ને આદર કરે તો એને એ દ્રવ્ય શુદ્ધ છે. લ્યો ! એટલું ચાલ્યું.

હવે ચોથા પદની વ્યાખ્યા. ઝીણું છે, પ્રભુ ! શું થાય ? પ્રભુનો માર્ગ છે શૂરાનો કાયરના કામ નથી ત્યાં! આહા..હા..! એ પુણ્ય-પાપમાં – પુણ્યમાં ધર્મ ને પાપમાં અધર્મ માનનારા પામરો મિથ્યાદૃષ્ટિ એવા જીવોનું અહીં કામ નથી, કહે છે. આહા..! અહીંયાં તો પુરુષાર્થથી અંતરમાં... આહા..હા..! અંતર સ્વરૂપનો સ્વીકાર કરનારો પુરુષાર્થ છે. એવા પુરુષાર્થવાળાની વાતું છે આ તો. આહા..હા..!

હવે ચોથા પદની વ્યાખ્યા ચાલે છે. **'દાહ્યના (–બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે...'** શું કહે છે ? અગ્નિને બાળનારી કહેવાય છે. એ બળવા યોગ્ય પદાર્થના આકરે થવાથી. એ લાકડાને, છાણાને બાળે ત્યારે આકાર તો એવો થાય ને ? જેવા છાણા ને લાકડા છે એવો આકાર થાય ને એનો ? પણ એ આકાર કાંઈ એને લઈને થયો નથી. એ તો અગ્નિનો આકાર છે. અડાયું છાણું હોય, અડાયું સમજ્યા ? જે અમસ્તુ છાણું હોય, સુકાય ગયું હોય અને આ છાણ ભેગું કરીને છાણા કરે અને છાણ પડ્યું હોય ને સુકાય ગયું હોય ને સુકાયને લઈ જાય એને આપણે કાઠિયાવાડમાં અડાયું કહે છે. તમારી કાંઈ ભાષા હશે. તો એ છાણું જેવું સુકુ હોય એવું અગ્નિ બાળે તો આકાર તો એનો એવો થાય પણ એ આકાર અગ્નિનો છે, એનો (–છાણાનો) નથી. બળવા યોગ્ય વસ્તુને આકારે થઈ માટે જ્ઞેયને આકારે પરાધીન અગ્નિ થઈ, એ બળવા યોગ્યને આકારે પરાધીન થઈ એમ નથી. આહા..હા..! હજી તો દૃષ્ટાંત છે, હોં ! હજી આત્મામાં તો પછી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉતરશે. આહા..હા..! અરે..રે...!

**'દાહ્યના (–બળવાયોગ્ય પદાર્થના) આકારે...'** જે છાણું, લાકડું, કોલસા તેને આકારે અગ્નિ થવાથી **'દહન (--બાળનાર) કહેવાય છે...'** છે ને ? દહન એટલે બાળનાર. **'તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી;...'** બળવા યોગ્ય પદાર્થ જેવો આકાર અહીં થયો માટે તેની અપેક્ષાથી ત્યાં આકાર થયો છે એવી અશુદ્ધતા–પરાધીનતા એને નથી. આહા..! એ અગ્નિનો આકાર થયો છે એ પોતાથી થયો છે. એવે આકારે અગ્નિ પોતાથી થાય છે. એ છાણું ને લાકડું ને કોલસો એવે આકરે અગ્નિ થઈ માટે એ બળવા યોગ્યને આકારે થઈ એવી બાળવા યોગ્ય અગ્નિને પરની પરાધીનતા છે એમ નથી. આહા..હા..! છે ?

બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને બાળનાર કહેવાય છે. બાળનાર (એમ આવ્યું) તો અવાજ એવો આવ્યો કે જે બળવા યોગ્ય છે એને બાળે છે. એટલે એને આકારે થઈ છે, એમ નથી. એ વખતે પણ અગ્નિ પોતાને આકારે થયેલી છે. આહા..હા..! બળવાયોગ્ય પદાર્થને આકારે અગ્નિ થઈ એ અગ્નિ પોતાને આકારે સ્વયં પોતાથી થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? હજી તો આ દૃષ્ટાંત છે પછી સિદ્ધાંત તો અંદર ઉતરશે.

**'તોપણ દાહ્યકૃત...'** બળવા યોગ્ય પદાર્થને આકારે થયેલી હોવાથી અશુદ્ધતા અગ્નિને નથી. એ અશુદ્ધતા અગ્નિને એને લઈને નથી. એ તો અગ્નિ પોતાને આકારે થયેલી છે. એ આકાર (થયો) એ અગ્નિનો આકાર છે. બળવાયોગ્ય પદાર્થનો આકાર એ નથી. આહા..હા..!

**'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી...'** જ્ઞાન સ્વરૂપી પ્રભુ જ્ઞેય જણાવા યોગ્ય પદાર્થનો આકાર અહીંયાં હોવાથી એ જાણે જ્ઞેયકૃત આકાર છે એમ નથી. એ તો જ્ઞાનનો પોતાનો જ આકાર એ રીતે પરિણમ્યો છે.

ફરીને, આ એકદમ સમજાય એવું નથી. જેમ બળવાયોગ્યને આકારે અગ્નિ થવાથી અગ્નિને બળવાયોગ્ય પદાર્થની અશુદ્ધતા એટલે પરાધીનતા નથી, અગ્નિ પોતે જ એ આકારે થઈ છે. એવી રીતે ***જ્ઞેયાકાર જ્ઞાનમાં શરીર, વાણી, મન, મકાન, પૈસા આમ આકાર દેખાય એને આકારે અહીં જ્ઞાન થયું માટે તે જ્ઞેયાકારની અપેક્ષાથી થયું એવું જ્ઞાનની અપેક્ષામાં આકારની પરાધીનતા નથી. એ જ્ઞાન સ્વયં પોતે તે રીતે આકારે થયું છે.***

***પરને જાણવા કાળે, પરચીજ જેવી ચીજ છે તેવે આકારે જ્ઞાન થયું પણ એ જ્ઞાન જાણવા લાયક છે એને કારણે થયું છે એમ નથી. એ જ્ઞાન જ પોતે તે આકારે પોતાથી સ્વતંત્ર પરિણમ્યું છે. આરે.. આરે..!*** *'જ્ઞેયાકાર થવાથી...' એટલે ? હવે જરી સૂક્ષ્મ લઈએ.* ***જે આ રાગ થાય છે ને ? સમકિતીને–જ્ઞાનીને પણ રાગ થાય તો રાગના જેવો અહીં જ્ઞેયાકાર થાય, રાગ જેવી અહીં જ્ઞાનની પર્યાય થાય પણ એથી જ્ઞાનની પર્યાય રાગને લઈને થઈ છે એમ નથી. એ જ્ઞાનની જ પર્યાય તે આકારે પરિણમે એવી સ્વતંત્ર પોતાથી થઈ છે.***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



*આહા..હા..!*

ધર્મી જીવને, આત્મજ્ઞાન થયું છે એને હજી રાગ આવે તો રાગ આકારે અહીં જ્ઞાન થાય. ***પર્યાયમાં જેવો રાગ છે એવું અહીં જ્ઞાન થાય પણ તેથી તે જ્ઞાનાકાર રાગને આકારે થયો માટે પરાધીન છે એમ નથી. એ જ્ઞાનાકાર રાગનું જ્ઞાન થઈને જ્ઞાનાકાર જ્ઞાન પોતે પોતાથી પરિણમ્યું છે, એ જ્ઞેય–રાગને લઈને નહિ.*** કોને આ પડી છે ?

આખી દુનિયા... આહા..હા..! બાવીસ કલાક, ત્રેવીસ કલાક બાયડી, છોકરા, ધંધા પાપ એકલા પાપ. કલાક વખત મળે સાંભળવા જાય ત્યાં બધું ઊંધુ મારે. એનો કલાક લૂંટી લે. તમને અહીં ધર્મ થાશે ને તમને આમ થાશે ને તમને આમ આનાથી થાશે. આહા..હા..! અરે..રે..! જિંદગીઓ ચાલી જાય છે.

પરમાત્માનો પોકાર છે પ્રભુ ! તેં તારા સ્વભાવનો સ્વીકાર કરીને શુદ્ધતા જાણી હવે એ શુદ્ધતા જે પર્યાયમાં આવી થઈ એ જ્ઞાન, તેનામાં રાગાદિ હજી થાય છે, તે રાગનું જ્ઞાન અહીં થાય છે તેથી રાગ જેવો છે તેવું જ અહીં જ્ઞાન થાય માટે જ્ઞેયકૃત અહીં અશુદ્ધતા થઈ, જ્ઞાન એ આકારે થયું માટે જ્ઞેયકૃત અશુદ્ધતા છે એમ નથી. એ જ્ઞાનનો સ્વભાવ જ એ પ્રકારે (થયો છે). રાગ સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી થયેલું છે એવી એની સ્વાધીનતા છે. આહા..હા..! માર્ગ વીતરાગનો ઝીણો, બાપુ ! અરે..! અત્યારે તો ક્યાંય મળતો નથી. ભાઈ ! શું કરીએ ? સાંભળવા મળતું નથી, કરે તો ક્યાં છે ? આહા..હા..!

શું કહે છે ? - કે સમ્યગ્દૃષ્ટિને પોતાની પર્યાયમાં શુદ્ધ ત્રિકાળ છે એવું જણાણું એથી એને શુદ્ધ કહ્યું. હવે આ બાજુમાં, આ બાજુમાં જતાં શુદ્ધની પર્યાય પ્રગટી એમાં શુદ્ધ જણાણું માટે અમે શુદ્ધ કહ્યું. હવે આ બાજુમાં રાગાદિ જણાય છે. હજી રાગ બાકી છે એ રાગ ***જણાય છે માટે તે રાગનો જાણનારો છે તેમ જ્ઞાન છે ? - કે ના. એ રાગ સંબંધીનું જ્ઞાન રાગ આકારે થયું એ જ્ઞાન પોતાને આકારે થયું છે. એ રાગને કારણે થયું નથી. એના સ્વ-પરપ્રકાશક સ્વભાવને કારણે એ પરપ્રકાશકપણે જ્ઞાન થયું છે. આહા..હા..!*** સમજાણું કાંઈ ? ભાષા સમજાય છે ને ? આવો માર્ગ છે, ભાઈ ! શું કરીએ ? આહા..હા..!

અહીં તો સમકિતીને–જ્ઞાનીને આત્માનું જ્ઞાન થયું કે ત્રિકાળ શુદ્ધ છે એવી પર્યાયમાં જ્ઞાન થયું એથી એને શુદ્ધ કહેવામાં આવ્યું. હવે એની પર્યાયમાં રાગ થાય છે અને એની પર્યાયમાં આ શરીર, મકાન આદિ જણાય છે તો જ્ઞાન જેવું તે જ્ઞેય છે તે આકારે અહીં જ્ઞાન થાય છે માટે તે જ્ઞાનની પર્યાય જ્ઞેયને કારણે એટલી પરાધીનતા છે ? - કે ના. એ જ્ઞેયકૃત જ્ઞાન થયું નથી. એ જ્ઞાનનો પોતાનો સ્વભાવ જ પરપ્રકાશનો તે પ્રકારનો છે તે રૂપે થયું છે. આહા..હા..! ગહન વિષય છે, બાપુ !

***અરે..રે..! સત્ય હાથ ન આવે ત્યાં સુધી મરી જવાના છે બિચારા. ચોરાશીના અવતારમાં રખડી રખડીને હોથા નીકળી ગયા છે, બાપુ ! પ્રભુ તો કહે, તારા દુઃખની એક ક્ષણ, તારા***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***નરકના એક ક્ષણના દુઃખો પ્રભુ ! કરોડો ભવ ને કરોડ જીભથી ન કહી શકાય. એવું દુઃખ તેં એક ક્ષણનું જ વેદ્યું. એવા એવા તેત્રીસ સાગર ને એવા અનંત કાળ. આહા..! ભાઈ ! એ મિથ્યાત્વને લઈને એ બધું છે, બાપુ ! આહા..હા..! સમ્યગ્દર્શન વિના એ ચોરાશીના અવતારમાં મરી જઈશ, બાપા ! રખડીને ક્યાંય અંત નહિ આવે, ભાઈ ! આહા..!***

એવું જે સમ્યગ્દર્શન... આહા..! જેણે ત્રિકાળી શુદ્ધને પકડ્યો અને જ્ઞાનની પર્યાયમાં શુદ્ધતા ને આનંદનો સ્વાદ આવ્યો અને સ્વપ્રકાશક જ્ઞાનની પર્યાય થઈ હવે એને પણ હજી પૂર્ણ કેવળજ્ઞાન નથી એથી એને થોડો રાગ આવે છે તો એ રાગનું અહીં જ્ઞાન થાય છે. રાગ જેવો મંદ રાગ હોય તો (મંદ) રાગનું, તીવ્ર હોય તો તીવ્રનું (જ્ઞાન થાય) તો એ રાગ, રાગકૃત જ્ઞાન આકારે થયું છે ? - કે જ્ઞાનની પોતાની, જ્ઞાનકૃત પોતાનો આકાર તે પ્રકારે થવાને કારણે થયું છે ? આહા..હા..! હવે આવું બધું વાણીયાને ક્યાં ધંધા આડે સુઝે ક્યાં ? આહા..હા..! વાણીયાને જૈનધર્મ મળ્યો. આહા..! માર્ગ ઝીણો, ભાઈ !

ઓ..હો..હો..! ગજબ વાત કરે છે ને ! પ્રભુ ! તને કહે છે કે આત્માનું જ્ઞાન થયું પણ હવે એ શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન થયું, પર્યાયમાં શુદ્ધ છે એમ ભાસ્યું પણ હવે એ પર્યાયમાં જે હજી રાગ થાય છે અને તે પર્યાયનું જ્ઞાન હજી છે એમાં પરનું જ્ઞાન શરીરનું, સ્ત્રીનું, કુટુંબનું, જેવા ભાળે એ રીતે અહીં જ્ઞાન થાય છે તો ઇ જ્ઞેય છે તેની અપેક્ષાથી તેવું જ્ઞાન થયું છે ? કે એ જ્ઞાનનો પરપ્રકાશનો સ્વતઃ સ્વભાવ હોવાથી પરની અપેક્ષા વિના પોતે જ્ઞાનકૃત પરનો જાણવાનો ભાવ થયો તે જ્ઞાતાનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

ફરીને, અહીંયાં તો જણાણો એને હવે પર શું જણાય છે એ વાત ચાલે છે. આહા..હા..! જેને આત્માનું જ્ઞાન નથી એની તો વાત છે જ નહિ. એ તો પરાધીન થઈને મિથ્યાત્વમાં પડ્યા રખડી મરવાના. આહા..હા..! પણ જેને એ આત્મા જ્ઞાન સ્વરૂપી પ્રભુ, એ જિન સ્વરૂપી વસ્તુ, એ જિનના પરિણામમાં જિન સ્વરૂપી જણાણું, શુદ્ધ પરિણામમાં શુદ્ધ વસ્તુ જણાણી એને શુદ્ધ કીધું. હવે આ બાજુમાં (શું થાય છે) ? આહા..! કે આ બાજુમાં ***જ્ઞાનની પર્યાય (થાય છે તેમાં) જેવો રાગ થાય, દ્વેષ થાય તે પ્રકારે તે જ્ઞાન તેવું જ જાણે. તેથી તે જ્ઞાન તે જ્ઞેયકૃતને કારણે અશુદ્ધ છે એટલે પરાધીન છે ? - કે ના. એ જ્ઞાનનો તે વખતનો સ્વભાવ જ સ્વને પ્રકાશવાના કાળમાં પરને પ્રકાશવાનો સ્વભાવ સ્વતઃ છે એ સ્વતઃ પણે જ્ઞાન રાગને જાણતું પરિણમે છે. આહા..! એ જ્ઞાયકનું જ્ઞાન છે, એ રાગનું જ્ઞાન નહિ એમ કહે છે. આ..હા..!***

અરે..રે..! જ્યાં હજી આ ચીજ મળે નહિ (ત્યાં) શું કરે ? આહા..! અરે...! અનંત ભવ થયા, જૈન સાધુ થયો, દિગંબર સાધુ અનંતવાર થયો પણ આ રાગની એકતા તોડીને સ્વભાવનું જ્ઞાન કર્યું નહિ. અને સ્વભાવનું જ્ઞાન થવામાં પરની કોઈ અપેક્ષા છે નહિ. હવે અહીં તો (એમ કહે છે) પરનું જ્ઞાન કરવામાં પણ પરની અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ? સમજાય એટલું સમજવું પ્રભુ ! આ તો ત્રણલોકના નાથની વાતું છે, બાપા ! જેને ઇન્દ્રો ને ગણધરો સાંભળે. આહા..હા..! એ વાત બાપુ કંઈ સાધારણ વાત હશે ? આહા..હા..!

**'જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને...'** તે ભાવને એટલે ? જ્ઞેયાકાર થયેલું જે જ્ઞાન. **'તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...'** એ જાણનારો છે એમ પ્રસિદ્ધ છે. પણ એ જાણનારો છે એ શું ? **'તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** રાગ જણાય છે અને તેવું અહીં જ્ઞાન થાય છે માટે રાગની અપેક્ષા રાખીને અહીં જ્ઞાન થયું છે એમ નથી. આહા..હા..! વિશેષ કહેવાશે, વખત થઈ ગયો... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)

*

*** ભરતચક્રવર્તી ને બાહુબલીજી કે જેઓ તદ્‌ભવ મોક્ષગામી હોવા છતાં યુદ્ધે ચઢ્યા અને જ્યારે ત્રણે યુદ્ધમાં ભરતજી હાર પામ્યા ત્યારે ક્રોધાવેશમાં ભાઈને મારવા ચક્ર ફેંક્યું ! જુઓ તો ખરા ! ભાઈને મારી નાખવાનો ક્રોધ ધર્માત્માને આવ્યો ! અને તે છતાં જેમ દરિયો ઉપરની સપાટીએ કદાચિત્ ઉછળતો હોય તોપણ નીચેની અંદરની સપાટીએ તો શાંત ગંભીરપણે રહ્યો છે તેમ જ્ઞાનીને અસ્થિરતાના કારણે કદાચિત્ આવો ક્રોધ આવી જાય તોપણ અંતરમાં જ્ઞાતાદૃષ્ટાનો ગંભીર પ્રવાહ વહે છે. તેથી ક્રોધના સમયે પણ ભરતજી ચક્ર ફેંકવાની ક્રિયાના તથા ક્રોધના પરિણામના માત્ર જ્ઞાતા જ છે, કર્તા નથી. અરે ! બાહુબલીજી પણ એમ જાણે છે કે ચક્ર ફેંકવાની ક્રિયાના કે મારા પ્રત્યેના ક્રોધના કર્તા ભરતજી છે જ નહીં, ભરતજી તો જ્ઞાતાદૃષ્ટા જ છે. જુઓ તો ખરા ધર્મીની લીલા ! બહારમાં ચક્ર ફેંકાતા લોકોમાં હાહાકાર મચી જાય છે અને અંતરમાં બંને ધર્માત્મા માત્ર જ્ઞાતાદૃષ્ટાપણે વર્તી રહ્યા છે. અહીં તો કહે છે કે લડાઈની તે ક્રિયા અને તે વખતના ક્રોધનો, દ્વેષનો વિકલ્પ તેનો કર્તા તો જ્ઞાની નથી, તેમાં નિમિત્ત પણ જ્ઞાની નથી, પણ તે ક્રોધાદિ તેઓ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૬, પ્રવચન નં. ૨૨
તા. ૦૧-૦૭-૧૯૭૮
[૨૩]

'**(–બળવાયોગ્ય) પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન...**' નામ બાળનાર કહેવામાં આવે છે. અગ્નિ બળવા લાયક પદાર્થને આકારે થવાથી તે અગ્નિને બાળનાર એમ કહેવામાં આવે છે. જાણે કે પરને બાળતો હોય એમ કહેવામાં આવે છે. કહેવામાં આવે છે. '**તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી;...**' ***અગ્નિ જે બળવા લાયકરૂપે થઈ પણ એ કાંઈ બળવા લાયક પદાર્થને કારણે અગ્નિ એ આકારે થઈ, એમ નથી. આહા..! આવું છે. એ અગ્નિ પોતે જ પોતાના સ્વભાવથી પોતાને પ્રકાશતી અને પરને પ્રકાશવા રૂપે પોતે જ પરિણમે છે. અગ્નિરૂપે, અગ્નિરૂપે (પરિણમે છે). એ બાળે છે એને આકારે અગ્નિ થઈ માટે એટલી પરાધીનતા થઈ એમ નથી. અગ્નિ પોતે જ પોતે પોતાના આકારે પરિણમેલી છે. જ્ઞેયાકાર થયો એ જ્ઞાનકાર પોતાનો છે.*** આવું છે. છે ને ?

'**દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી; તેવી રીતે જ્ઞેયાકાર થવાથી...**' જ્ઞાયક જાણક સ્વભાવ પોતાને જાણ્યો અને બીજી ચીજના આકારે જ્ઞાન પરિણમ્યું, '**જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને...**' તે જાણકભાવને '**જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...**' જાણનાર છે એવું એ પ્રસિદ્ધ છે '**તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...**' ***જાણનાર જ્ઞાન જણાવા યોગ્યને આકારે થયું છતાં (તે) જણાવા યોગ્યને કારણે એ જ્ઞાનની પર્યાય થઈ એમ નથી. આહા..હા..! એ તો જ્ઞાનાકારરૂપે પરિણમન જ પોતાનું એ જાતનું છે. સ્વને જાણવું છે અને પરને જાણવાનો પર્યાય થયો એ પોતાથી થયો છે. પરવસ્તુ રાગાદિ છે તેથી અહીંયાં રાગનું જ્ઞાન તે પણે થયું એમ નથી. આહા..હા..!*** '**કારણ કે...**' ત્યાં સુધી તો આવ્યું હતું.

'**જ્ઞેયાકાર અવસ્થામાં...**' જે જ્ઞાન છે એ જે જ્ઞેય–જણાવા લાયક પદાર્થને આકારે અવસ્થામાં... એ '**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...**' એ તો જ્ઞાયકપણે જણાયો છે, પરપણે જણાયો છે એમ છે નહિ. આહા..! જાણવાના પ્રકાશભાવે જ્ઞેયને, રાગને જાણતા છતાં તે રાગને આકારે જ્ઞાન થયું એમ નથી. એને કારણે નથી. એ તો પોતાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે, સ્વને પ્રકાશ્યો છે અને રાગને પ્રકાશે છે એ સ્વની પ્રકાશશક્તિને કારણે પ્રકાશે છે. એ રાગને કારણે પરને પ્રકાશે એવો જ્ઞેયાકાર જ્ઞેયને કારણે અશુદ્ધતા પરાધીનતા થઈ એમ નથી. આવું છે. ન્યાયનું તત્ત્વ ઝીણું બહુ. આહા..હા..! છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...'** જોયું ? એ રાગનું જ્ઞાન થયું એમ કહેવું એ વ્યવહાર છે. એ રાગ સંબંધીનું જ્ઞાન જ્ઞાનનું જ્ઞાન પોતાનું થયું છે. આહા..હા..!

શ્રોતા :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભેદ છે, એટલો કર્તાકર્મ સિદ્ધ કરવું છે ને ! અહીં તો કર્તા પર્યાયને સિદ્ધ કરવી છે. સ્વને જાણનારું જ્ઞાન અને પરને જાણનારું જ્ઞાન એવું સ્વ-પરપ્રકાશક જ્ઞાન તે આ જ્ઞાયકનું કાર્ય છે, કર્મ છે, આત્મા તેનો કર્તા છે. રાગ છે એનું અહીં જ્ઞાન થયું માટે રાગ કર્તા છે અને જ્ઞાનાકાર રાગને આકારે જ્ઞાન થયું એ રાગનું કાર્ય છે એમ નથી. બહુ ઝીણી વાત છે, બાપુ ! આહા..હા..! 'શુકનલાલજી' ! આ શુકનની વાતું ચાલે છે. પ્રથમ પ્રથમ. આહા..હા..!

આચાર્યે એમ કહ્યું હતું ને ? - કે મારો ને પરનો મોહ હણાવા માટે હું કહીશ. આહા..હા..! એવું 'અમૃતચંદ્રાચાર્યે' એમાંથી કાઢ્યું. જેમ પોતે ત્રીજા શ્લોકમાં કાઢ્યું કે હું આ ટીકા કરું છું એમાં મારી શુદ્ધતા થજો કેમકે અનાદિની મને અશુદ્ધતા છે. મુનિ છું, આચાર્ય છું પણ હજી અશુદ્ધતાનો અંશ અનાદિનો છે. આ..હા..હા..! તો આ ટીકાના કાળમાં... પાઠ એવો છે 'ટીકાથી'. પણ એનો અર્થ એ છે કે ટીકાના કાળમાં મારું લક્ષ - જોર દ્રવ્ય ઉપર છે એના જોરે અશુદ્ધતા ટળજો. એમ આચાર્ય પોતે કહે છે કે હું જે આ 'સમયસાર' કહીશ એ મારા ભાવ ને દ્રવ્ય સ્તુતિથી કહીશ અને ભાવવચન ને દ્રવ્યવચનથી કહીશ. આહા..! સામાના દ્રવ્યવચન, દ્રવ્યસ્તુતિ નથી કીધી. સામામાં તો અનંત સિદ્ધને સ્થાપ્યા છે. એ સ્થાપ્યા છે એ જે સ્થાપે છે એને આ સ્થાપ્યા છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે, હું આ **'वंदित्तु सव्वसिद्धे'** સર્વ સિદ્ધોને મેં મારી પર્યાયમાં સ્થાપ્યા છે એનું નામ **'वंदित्तु सव्वसिद्धे'**. કેમકે ધ્યેય જે સાધ્ય જે આત્મા એના ધ્યેયના સ્થાને સિદ્ધ છે માટે સિદ્ધને હું નમસ્કાર કરું છે એટલે કે સિદ્ધને જે મારી પર્યાયમાં સ્થાપુ છું એ મારી પર્યાય પોતે સિદ્ધપણાને પામશે અને પર્યાય, મારું જેવું સિદ્ધ સ્વરૂપ (છે) તે તરફ જશે જ; માટે મેં એને વંદન કર્યું છે, માટે મેં મારી પર્યાયમાં એને સ્થાપ્યા છે. આહા..! અને શ્રોતાઓ પણ, બધા શ્રોતાઓએ નહિ, જે શ્રોતાઓ જેની પોતાની જ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધને મેં સ્થાપ્યા એમ કહ્યું પણ એ જ્યારે સ્થાપે (ત્યારે સ્થાપ્યા કહેવાય). આહા..હા..! એની એક સમયની અલ્પજ્ઞ અવસ્થા (છે), એમાં મેં કહ્યું એ એણે સાંભળ્યું, સાંભળીને એની પર્યાયમાં અનંતા સિદ્ધને સ્થાપે એટલે કે રાગથી પૃથક્ થઈને જ્ઞાનની પર્યાયમાં સ્થાપે, એનું લક્ષ (કરે), જેમ અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણનારો પોતાને જાણે એમ કહ્યું, એમ અનંતા સિદ્ધોને જેણે પર્યાયમાં સ્થાપ્યા એણે અનંતા સિદ્ધોને પર્યાયમાં જાણ્યા. આહા..હા..! એક સમયની જ્ઞાનની પર્યાયે અનંતા સિદ્ધોને જાણ્યા. એ તો એક અરિહંતને જાણ્યા કહો કે અનંત અરિહંતને જાણ્યા કહો, એમ અનંત સિદ્ધને જાણ્યા કહો કે એક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સિદ્ધને જાણ્યા બધું એક જ છે. આહા..! એ અનંતા સિદ્ધ જે અલ્પજ્ઞ દશામાં અનંત જે સર્વજ્ઞો છે (એમને) સ્થાપ્યા મેં મારામાં એ તો મારી વાત રહી, મેં સ્થાપ્યા પરમાં પણ એ સ્થાપે ત્યારે પરમાં સ્થાપ્યા એમ વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! એની અલ્પજ્ઞ દશામાં અનંતા સર્વજ્ઞોને વંદે છે એટલે કે સ્થાપે છે. આહા..હા..હા..! એ અનંતા સિદ્ધોને જે પર્યાય જાણે અને સ્થાપે એ પર્યાય વિવેક કરીને દ્રવ્ય તરફ ઢળ્યા વિના રહે નહિ. આહાહા..! આવી વાતું છે. ઘણી ગંભીર ગાથાઓ. જેમ જેમ ઊંડું જાશે એના તળીયા ઝીણા બહુ. આહા..હા..!

એવા શ્રોતાઓ જે છે કે જેણે પર્યાયમાં અનંતા સિદ્ધને પોતે પોતાથી સ્થાપ્યા છે, મેં સ્થાપ્યું છે એ તો નિમિત્તથી. આહા..હા..! એવા શ્રોતાઓને સિદ્ધપણું પોતાનું સ્વરૂપ છે તેની દૃષ્ટિ થાય છે અને તે શ્રુતકેવળી અને કેવળીએ કહેલું છે તો એ જીવ પણ શ્રુતકેવળી થશે જ, શ્રુતકેવળી એટલે સમકિતી. જેણે અનંતા સિદ્ધોને પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં જ્યારે સ્થાપ્યા... બાપુ ! એ કાંઈ વાત છે ! આહા..! જેની એક સમયની અલ્પજ્ઞ પર્યાય, ભલે અસંખ્ય સમયે ઉપયોગ થાય, એમાં અનંતા સિદ્ધોનું જ્ઞાન કરે અને પર્યાયમાં સ્થાપે એટલે રાખે... આહા..હા..! જેની પર્યાયમાં અનંતા સિદ્ધો રહે... આહા..હા..! એવું જેણે પોતે કર્યું એવાને અહીં શ્રોતા (તરીકે) લીધા છે. આહા..હા..! બાકી તો આમ અનંતવાર ભગવાન પાસે સાંભળ્યું એ વાત છે નહિ. નહિ ? ભગવાન પાસે તો અનંતવાર સાંભળ્યું છે. આહા..હા..!

જે શ્રોતા પોતાની એક સમયની અલ્પજ્ઞ અવસ્થા હોવા છતાં અનંતા સર્વજ્ઞો, સિદ્ધોને અલ્પજ્ઞમાં સ્થાપું - રાખું છું. આહા..હા..! એનું લક્ષ અને દૃષ્ટિ દ્રવ્ય ઉપર જશે અને તેના લક્ષે સાંભળશે. એ સાંભળતા તેની અશુદ્ધતા ટળી જશે. લક્ષને કારણે, સાંભળવાને કારણે (ટળશે એમ) નહિ. સમજાણું કાંઈ ?

મારો મોહ પણ... એમ લખ્યું છે ને ? ભાઈ ! અનાદિનો મારો મોહ એમ લખ્યું (છે). પહેલી ગાથામાં એમ લખ્યું છે. જેમ ત્રીજીમાં એમ લખ્યું છે કે અનાદિનો કલુષિત પરિણામ મારામાં છે. આચાર્ય છું તો (પણ) છે. આહા..હા..! એક બાજુ એમ કહેવું કે સમ્યગ્દૃષ્ટિને રાગ છે જ નહિ, દુઃખ છે જ નહિ. ઇ તો કઈ અપેક્ષા છે ? અનંતાનુબંધી અને મિથ્યાત્વની અપેક્ષાએ દુઃખ ને રાગ નથી. આહા..હા..! અહીંયાં તો આચાર્ય પોતે કહે છે, અરે..! 'અમૃતચંદ્રાચાર્ય' અર્થ–ટીકા કરતાં કહે છે કે મારામાં મોહ છે. એ ક્યારનો છે ? અનાદિનો છે. છે ભાઈ ? પહેલી ગાથામાં અનાદિનો છે. આહા..હા..! એ જ વાત ત્રીજા કળશમાં 'અમૃતચંદ્રાચાર્યે' લીધી. આહા..હા..! એ મોહ મારામાં અસ્થિરતાનો (છે), હોં ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો છે. મુનિ છે ને ? આનંદનો અનુભવ છે પણ એની સાથે થોડો રાગ અનાદિનો છે. એ અનાદિનો છે. ગયો હતો અને થયો છે એમ નથી. આહા..હા..!

એ 'કુંદકુંદાચાર્ય'ની ગાથાની ટીકા કરનાર 'અમૃતચંદ્રચાર્ય' એમ કહે છે કે 'કુંદકુંદાચાર્ય'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આમ કહેવા માગે છે. આહા..હા..! પ્રભુ ! તમે ક્યાં એના જ્ઞાનમાં, હૃદયમાં ચાલ્યા ગયા તમે ? એવી વસ્તુની સ્થિતિ છે એમ અમે કહીએ છીએ. આહા..હા..!

પોતાનો ભગવાન અરિહંતના એકના દ્રવ્ય, ગુણ ને પર્યાયને જાણે તો એ જાણનારો આત્માને જાણે એમ કહ્યું તો આ તો અનંતા સિદ્ધને જે પર્યાયમાં જાણે એટલે કે સ્થાપે... આહા..હા..! એને સમ્યગ્દર્શન સ્વના લક્ષે થયા વિના રહે નહિ. અને તે શ્રુતકેવળી એટલે સમકિતી, શ્રુતકેવળી એટલે પેલા નહિ, વિશેષ જ્ઞાન કે એ નહિ પણ એ શ્રુતકેવળી થાય અને પછી કેવળી થશે. આહા..હા..! ગજબ વાત છે ને ! આ સિદ્ધાંત કહેવાય. એક એક શ્લોકનો પાર આવે નહિ. એની ગંભીરતા.. સંતોની દિગંબર મુનિઓ... આહા..હા..! એની વાણી, એ વાણીમાં ગંભીરતા અને ઊંડપનો પાર ન મળે. એ અહીં કહે છે.

જ્યારે આપના આત્માને મેં જ્ઞાયક કહ્યો અને જ્ઞાયકપણે જ્ઞાયક જણાયો તો જાણનારને તો જાણ્યો પણ જાણનાર છે એમ કહેવાય છે તો પરને પણ જાણે છે એવું એમાં થયું. પરને જાણે છે એમ ભલે કહીએ પણ ખરેખર તો પર છે તેને જાણે છે એમ નથી. પર રાગાદિ થયો તેને જાણે છે એ રાગને લઈને જાણે છે એમ નથી, પણ એ જ્ઞાનની પર્યાયનું સ્વ-પરપ્રકાશક સામર્થ્ય જ એવું છે કે પોતે પોતાને જાણે છે. જ્ઞાયક જ્ઞાયકને (જાણે છે), અહીં પર્યાયની વાત છે, હોં ! દ્રવ્યને તો જાણે છે. આહા..હા..! ગજબ વાત છે !

વસ્તુ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ જ્ઞાયકપણે તો જણાયો–લક્ષમાં આવ્યો - દૃષ્ટિમાં આવ્યો પણ એને જાણનારો કહીએ છીએ તો સ્વ-પરપ્રકાશક પરને જાણનારો એમાં આવ્યું. તમે તો સ્વને જાણ્યો, હવે પરને જાણવું એ પણ એમાં આવ્યું. ત્યારે કહે છે, પરને જાણવું એ એમાં નથી આવ્યું. પર સંબંધીનું જ્ઞાન પોતાને પોતાથી થયું છે તેવા જ્ઞાયકને જ્ઞાને, પર્યાયે જ્ઞાનને જાણ્યું, એ જાણનારની પર્યાયને એણે જાણી. સમજાણું કાંઈ ? આકરું કામ બહુ, બાપુ ! એવો માર્ગ છે. વીતરાગ સર્વજ્ઞનો...

**સર્વજ્ઞનનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી,**
**અનાથ એકાંત સનાથ થાશે એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.**

આહા..હા..! અહીંયાં કહે છે કે મારા ને તારા મોહના નાશ માટે... આહા..હા..! કોલ કરાર એટલો બધો ? પ્રભુ ! પોતાના મોહના નાશ માટે ભલે (કહે. કેમ કે) એટલી અસ્થિરતા છે. પણ શ્રોતાને (કેમ) ? શ્રોતાને મેં સિદ્ધ કર્યા ને ! અનંતા સિદ્ધોને એણે પર્યાયમાં સ્થાપ્યા છે ને પોતે ! આહા..હા..! મેં સ્થાપ્યા છે એ તો મેં વાત કરી. આહા..હા..! એક સમયની પર્યાયમાં અલ્પજ્ઞમાં અનંતા સિદ્ધો સ્થાપ્યા. એ પર્યાય અંદર ઝુકીને દ્રવ્ય તરફ જ જાય. એટલી પર્યાયમાં સર્વજ્ઞ, અનંત સર્વજ્ઞોને રાખ્યા. આહા..હા..! એ પર્યાય સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ ! એના ઉપર જ એનું લક્ષ જાય છે.

જેણે એક સમયમાં પર્યાયમાં અનંત સર્વજ્ઞોને સ્થાપ્યા, રાખ્યા, આદર્યા, સત્કાર કર્યો,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વીકાર કર્યો અને તે એક સમયમાં અનંતા સર્વજ્ઞને જાણ્યા. એ સમયની પર્યાય જાણી ને ? એને જાણે છે ને ? આહા..હા..! એનો આત્મા તો એને જ્ઞાયકપણે જણાણો પણ એ જ્ઞાયક છે એટલે જાણનારો છે એમ કહીને પરને જાણે છે એવું જે આવે તો પરના આકારે જ્ઞાન થયું એ પરને લઈને થયું એમ નથી.

ધર્મીને પણ હજી રાગ આવે અને રાગનું જ્ઞાન થાય. બારમામાં કહેશે–જાણેલો પ્રયોજનવાન. ભાષા તો ચારેકોર એક અવિરોધ વાતને સિદ્ધ કરે છે. આહા..હા..! એ જ્ઞાયકપણામાં જે રાગ વ્યવહાર આવ્યો ને જણાયો એ રાગ છે તેને એ જાણે છે અને રાગ છે માટે રાગનું જ્ઞાન અહીંયાં જ્ઞેયાકારે જ્ઞાન થયું એમ નથી. આહા..હા..! આવો માર્ગ સાધારણ માણસને બિચારાને...

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ અનંત જૈન પરમેશ્વરનું આ બધું કથન છે. એક મુનિનું કહો કે અનંતા તીર્થંકરોનું કહો કે અનંતા સંતોનું કહો. આહા..હા..! અને મુનિ તો જેની પર્યાયમાં ત્રણ કષાયનો અભાવ થઈ જિન દશા જેને પ્રગટી છે. આહા..હા..! એને મુનિ કહીએ. એ મુનિ કહે છે કે હું આ 'સમયસાર'ને કહીશ. કહીશ એમાં તો વિકલ્પ છે ને ? વિકલ્પ છે પણ મારું જોર ત્યાં નથી. હું તો સ્વભાવ તરફના જોરને લક્ષે ત્યાં વાત કરીશ (અને) મારું જોર ત્યાં સ્વભાવ ઉપર વધશે અને અશુદ્ધતા ટળી જશે.

એમ સાંભળનારને પણ અનંતા સિદ્ધોને જેણે સ્થાપ્યા તેને, સાંભળતા સ્વલક્ષે સાંભળે છે અને એમાં પૂર્ણ વાત આવશે એથી એનું પણ સ્વલક્ષ થઈને મોહ ટળશે અને અસ્થિરતા પણ એની ટળી અને પહેલા શ્રુતકેવળી થશે એટલે સમકિત થશે. શ્રુતકેવળીએ કહેલું છે અને એ શ્રુતકેવળી પોતે થશે એટલે સમકિત થશે અને પછી કેવળી થશે. આહા..હા..! કહો 'શુકનલાલજી' ! આ ગાથાનો આવો અર્થ છે. પાર પડે નહિ એવું છે. આહા..હા..!

દિગંબર સંતો એટલે કેવળીના કેડાયતો ! બાકી સૌએ બધી કલ્પનાએ વાતું કરી. આના તો એક એક શબ્દની પાછળ ભાવમાં કેટલી ગંભીરતા છે !! એ કહે છે કે ભલે અમે જ્ઞાયક કહીએ છીએ અને જ્ઞાયકને અમે જાણ્યો અને જાણનારે પણ જાણ્યો. હવે એને જાણનારો છે તો પરનો પણ જાણનારો છે એમ ભેગું આવ્યું. સ્વ-પરપ્રકાશક છે ને ? તો પરનો જાણનારો છે માટે પરને જાણે છે એ પર છે તેને આકારે જ્ઞાન થયું, ***જેવું પર છે તે સ્વરૂપે જ્ઞાન થયું તો એટલી તો જ્ઞેયકૃત અશુદ્ધતા આવી કે નહિ ? એટલી જ્ઞેયકૃત-પ્રમેયકૃત પરાધીનતા આવી કે નહિ ? - કે ના. આહા..હા..! એ તો રાગના જ્ઞાન કાળે, શરીરના જ્ઞાન કાળે તે જ્ઞાન જ્ઞાયકપણાની પર્યાયપણે જાણ્યું છે. એ રાગની પર્યાય તરીકે ને રાગથી જ્ઞાન થયું એમ જાણ્યું નથી. આહા..હા..!*** કહો, 'સુરેન્દ્રજી' ! છે આવી વાતું ? આહા..હા..! અરે..! પ્રભુ ! તને ખબર નથી, ભાઈ ! આહા..હા..! તારું દ્રવ્ય અને તેની પર્યાય, એનું સામર્થ્ય કેવું છે ? આહા..હા..! 'દેવીલાલજી' ! ક્યાં બેઠા ત્યાં ? આવો અહીં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવો. સમજાણું કાંઈ ? આહા..!

કહે છે કે રાગ, શરીર કે (બીજું) જે દેખાય એ કાળે એને આકારે જ્ઞાન થયું માટે એને કારણે થયું એમ નથી. અમારો જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે સ્વને જાણતા પરને જાણવાનો પર્યાય મારો પોતાથી પોતામાં થયો છે એને અમે જાણીએ છીએ. આહા..હા..! અરે..! પ્રભુની વાણી તો જુઓ ! આ..હા..! એ સંતોની સાક્ષાત્ (વાણી) મળે અને એ વાણી... આહા..હા..! ગજબ વાતું છે ને !

એ '**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...**' જોયું ? ***જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે–એ જ્ઞાનની પર્યાયપણે જણાણો છે. જ્ઞાનની પર્યાય તરીકે એ જણાણો, પરની પર્યાય તરીકે જણાણો એમ નથી. આહા..હા..! ભાઈ ! માર્ગ બહુ ઝીણો, બાપુ !*** અને જેના ફળ પણ અનંત સંસારનો અંત ! આહા..હા..! અનંત સંસારનો અંત અને અંત વિનાની પર્યાય સાદિ અનંત પ્રગટે !! આહા..હા..! બાપુ ! એ મારગડા કોઈ અલૌકિક હોય છે. આહા..હા..!

એ '**જ્ઞેયાકાર અવસ્થામાં...**' છે ? જ્ઞેય - રાગને જાણવાની અવસ્થામાં પણ '**જ્ઞાયકપણે જે જણાયો...**' છે. એ જ્ઞાયકની પર્યાયપણે એ જણાયો છે. રાગની પર્યાય તરીકે જણાયો છે એમ છે નહિ. આહા..હા..! છે ને ? સામે પુસ્તક છે. આહા..! '**જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...**' એટલે ? ***રાગને અને એ વખતે શરીરની ક્રિયા થાય તે રીતે જ્ઞાન પોતે પરિણમે અને જાણે, છતાં તે જ્ઞેયકૃતની અશુદ્ધતા પરાધીનતા જ્ઞાનના પરિણમનને નથી. આહા..હા..! એ જ્ઞાનનું પરિણમન જે થયું તે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો છે, એ જાણનારો જણાયો છે એમાં. જણાય એવી ચીજ જણાય એ નથી. જે જણાય છે એ ચીજ જણાય નથી, એ જાણનારો જ ત્યાં જણાયો છે. આહા..હા..! ગૂઢ વાતું છે, ભાઈ ! આહા..! અલૌકિક !*** ચૈતન્ય સ્વરૂપ જ અલૌકિક છે ! બાપુ ! આહા..હા..!

એની એક સમયની પર્યાયમાં સર્વજ્ઞને સ્થાપીને આ..હા..! ગજબ કામ કર્યું છે ને ! ઉપાડી લીધા છે. આહા..! જેણે અનંતા સિદ્ધોને સ્થાપ્યા એને સંસારથી ઉપાડી લીધા છે. આહા..! એને, હોં ! એકલા શ્રોતા તરીકે એમ નહિ. આહા..હા..! જેણે અનંતા સિદ્ધોને પોતાની પર્યાયમાં સ્થાપ્યા અને એને જ્ઞાનનું, જ્ઞાયકનું જ્ઞાન થયું તે જ્ઞાન રાગને ને શરીરને જાણે એથી તેને પ્રમેય–જ્ઞેયકૃત અશુદ્ધતા ન થઈ. એ તો જ્ઞાયકની જ પર્યાય (થઈ) તેને એ જાણે છે. એ રાગને જાણવા કાળે રાગ આકારે જ્ઞાન થયું એ રાગને કારણે એને આકારે થયું એમ નથી. તે કાળે જ્ઞાન(નો) જ પોતાનો જ્ઞાનાકારે થવાનો પર્યાયનો સ્વભાવ એ રીતે થયું. તે વખતે રાગ જણાયો નથી, જાણનારાની પર્યાયને એણે જાણી છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

'**તે...**' (અર્થાત્) '**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપપ્રકાશનની (સ્વરૂપને**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**જાણવાની) અવસ્થામાં પણ...'** પોતે જાણાણો છે. શું કીધું ઇ ? - કે આ જ્ઞાયક પ્રભુ પોતાને જ્ઞાયક તરીકે જ્યાં જાણ્યો, સમ્યગ્દર્શન–જ્ઞાનમાં જણાયો તે વખતે જે જ્ઞાનમાં રાગાદિ પરજ્ઞેય જણાય તે કાળે પણ તે રાગને જાણ્યો છે એમ નહિ. રાગ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી થયું છે તેને તે જાણે છે. જ્ઞેયાકારના કાળમાં પણ પોતાની અવસ્થાને જાણે છે અને **'સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ...'** બે વાત લીધી ને ? શું કીધું ? જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે **'સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ, દીવાની જેમ,...'** પોતે જાણાણો છે. આહા..! સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ જેમ જ્ઞેયાકારના જ્ઞાન કાળે પણ જ્ઞાનનો પર્યાય એને જણાયો છે, જાણનારો જે છે તેની પર્યાય જણાણી છે. એમ સ્વરૂપ પ્રકાશનની અપેક્ષાએ પણ... આહા..હા..! દૃષ્ટાંત આપ્યો છે.

**'દીવાની જેમ કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે...'** એટલે ? **'પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ.'** આહા..હા..! આ પર્યાયની વાત છે, હોં ! જાણનારને જાણ્યો અને પ્રમેયને જાણ્યું, એ જાણવાના પર્યાયનું કાર્ય કર્તા જ્ઞાયક એનું એ કાર્ય છે. એ રાગ વ્યવહાર જાણ્યો માટે વ્યવહાર કર્તા અને જાણવાની પર્યાય કર્મ–કાર્ય એમ નથી. આહા..હા..! કેટલું સમાડ્યું છે ! આ પેલો કહે, એકવાર મેં 'સમયસાર' પંદર દિ' માં વાંચ્યું. બાપા ! ભાઈ ! તારો પ્રભુ કોણ છે ? અરે..! એને જાણવા માટે...આહા..હા..! અરે..! અનંત કાળના પરિભ્રમણમાં કોઈ દિ' આ સાચો પ્રયત્ન એણે કર્યો જ નથી. ઊંધે પ્રયત્ને માન્યું કે અમે કાંઈ કરીએ છીએ, ધર્મ કરીએ છીએ. હેરાન થઈને ચાર ગતિમાં રખડે છે. આહા..હા..!

અહીં કહે છે ભગવાન આત્મા જ્યારે સર્વજ્ઞપણે સ્થાપ્યો ને જ્યારે એને સર્વજ્ઞ સ્વભાવીનું ભાન થયું... આહા..હા..! ત્યારે એણે સ્વ જાણનારને તો જાણ્યો પણ એ વખતે પરને જાણ્યું છે એ વખતે પણ જાણનારની પર્યાયને જ એ જાણ્યો છે. જાણનારની પર્યાય તરીકે જાણાયો છે, રાગની પર્યાય છે માટે જાણ્યો એમ નથી. આહા..હા..! આ તો પુસ્તક સામે છે. ક્યા શબ્દનો અર્થ થાય છે ? આહા..હા..! ભગવાન પરમાત્મા, એની વાણી અને મુનિઓની વાણી બેય ફેર નથી. આહા..હા..! મુનિઓ આડતિયા થઈને સર્વજ્ઞની વાણી કહે છે. આહા..હા..! ભાઈ ! તેં સાંભળી નથી. આહા..!

તું કોણ છો ? અને તું કોને જાણનારો છો ? - કે હું જ્ઞાયક છું અને હું મારી પર્યાયને જાણનારો છું. આહા..હા..! એ જ્ઞાનની પર્યાય મારું કાર્ય–કર્મ છે. કર્મ એટલે કાર્ય અને કર્તા હું. ખરેખર તો પર્યાય કર્તા ને પર્યાય કર્મ છે પણ અહીં જ્ઞાયકભાવ કર્તા તરીકે સિદ્ધ કરીને જ્ઞાનપર્યાય તેનું કાર્ય છે એમ સિદ્ધ (કરવું છે). ***આહા..હા..! ખરેખર તો તે જ્ઞાનની પર્યાય એનું કાર્ય છે અને તે વખતનો પર્યાય જે છે તે જ એ પર્યાયનો કર્તા છે. આહા..! આખું દ્રવ્ય છે એ તો ધ્રુવ છે. એ તો કર્તા કહેવું એ તો ઉપચારથી છે. સમજાણું ?***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***ધ્રુવ છે એ તો પરિણમતું નથી, બદલતું નથી. બદલનારી પર્યાય જે જ્ઞાયકને જાણનારી થઈ (એ) પરને જાણવા કાળે પણ પોતાના જ્ઞાનરૂપે પરિણમ્યું એ પોતે જ કર્તા ને પોતે પોતાનું કર્મ છે. રાગ કર્તા ને આ જ્ઞાનની પર્યાય કાર્ય એનું થયું એમ છે નહિ. આહા..હા..!*** જેના એક પદમાંથી બહાર નીકળવું કઠણ પડે એટલી તો ગંભીરતા છે એમાં ! આહા..હા..!

બાપુ ! પ્રભુ ! તું મહાપ્રભુ છો, ભાઈ ! તું મહાપ્રભુ છો અને તારી પર્યાય પણ મહાપ્રભુની છે. આહા..હા..! એ જણાયો છે એની એ પર્યાય છે. આહા..હા..! એ પ્રભુની પર્યાય છે, એ રાગની નહિ. આહા..હા..! આમ જ્ઞાનમાં સ્વ જ્યાં જણાયો અને જ્યાં જાણ્યો તે વખતે આ પરને જાણવું આમ થાય છે ને ? કહે છે, એ પરને જાણવું થયું એ પરને લઈને જાણવું થયું એમ નથી. એ જાણવાનો પર્યાય પોતે પોતાના સ્વ-પરપ્રકાશકપણે પરિણમવાની તાકાતથી તે પરિણમ્યો છે. તેથી તે પર્યાય કર્મ છે ને તે પર્યાય કર્તા અથવા જીવ કર્તા ભલે કહેવામાં આવે. આહા..હા..!

***ખરેખર ષટ્કારકનું પરિણમન પર્યાયમાં છે. દ્રવ્યમાં ષટ્કારકની શક્તિ છે પણ પરિણમન નથી. સમજાણું કાંઈ ? આ..હા..! એથી જે જ્ઞાનની પર્યાયે પોતાને જાણ્યો તે જ પર્યાયે રાગ સંબંધીમાં પોતાની જ્ઞાનની પર્યાયને તેણે જાણી.*** વ્યવહારનો વિકલ્પ ઉઠ્યો છે તેનું જે જ્ઞાન થાય છે એ જ્ઞાનની પર્યાયને પોતે પોતાથી જાણી છે અને તે પોતે પોતાથી થઈ છે, વ્યવહારથી પર્યાય થઈ નથી. એને જાણનારી પર્યાય રાગાદિ વ્યવહાર આવ્યો એનું જ્ઞાન (થયું) માટે એનાથી જ્ઞાન થયું છે (એમ નથી). એમાં જ્ઞાન ક્યાં હતું ? રાગમાં ક્યાં જ્ઞાન હતું ? આહા..હા..! જેમાં જ્ઞાયકમાં પ્રભુમાં જ્ઞાન ભરેલું છે. આહા..! (એ) જ્યાં અંદરમાં જાણનારો જાણે છે તો જાણનારો પોતે ને પોતાને જાણે છે અને જાણનારો પોતાની પર્યાયને જાણે છે. રાગને જાણે છે એ વાત પણ વ્યવહારથી કથન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ ?

**'દીવાની જેમ, કર્તાકર્મનું અનન્યપણું...'** છે, અનેરાપણું નથી. કર્તા છે તે જ કર્મ છે અને કર્મ છે તે જ તેનો કર્તા છે. સમજાણું ? થનારો અને થયું બે અનન્ય છે, જુદા જુદા નથી. આહા..! કર્તા થનારો ને કર્મ થયું તે અનન્ય છે. બે એક જ વસ્તુ છે. આહા..હા..હા..! અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. પોતે જાણનારો તે કર્તા (છે) માટે પોતે કર્તા. આહા..હા..! રાગ સંબંધીનું જ્ઞાન થયું એ જ્ઞાનની પર્યાયનો કર્તા પોતે છે અને એનું કર્મ પણ અનન્ય એનામાં છે. આહા..! એ જ્ઞાન રાગને જાણે છે એમ નથી અને રાગને લઈને જ્ઞાન થયું છે એમ નથી. આહા..હા..! આવી વ્યાખ્યા હવે સાધારણ બિચારા સંપ્રદાયમાં પડ્યા હોય (એને) આખો દિ' વખત મળે નહિ. બે ઘડી મળે કાંઈક બાકી બાવીસ કલાક તો બાયડી, છોકરા ને ધંધામાં, પાપમાં જિંદગી જાય આખી. આહા..! અરે..રે..! એમાં બે ઘડી સાંભળવા જાય ત્યાં મળે એવું કે ઠેકાણા વિનાનું, સત્યથી વિરુદ્ધની વાતું મળે. આહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ **'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે જ સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ...'** જ્ઞાયકપણે જણાયો. **'જ્ઞાયક જ છે...'** છે ને છેલ્લો શબ્દ ? વચમાં આટલું થોડું મુકી દો. **'દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી..' 'સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે...'** એમ. છે ને ? પેલું (દીવાનું) તો દૃષ્ટાંત છે. આહા..હા..! કોઈએ એમ જાણ્યું હોય કે આપણે 'સમયસાર' સાંભળ્યું છે માટે કાંઈ એમાં નવીનતા ન હોય, એમ નથી. પ્રભુ ! આહા..હા..! એ નવી વસ્તુ છે, બાપુ ! ભગવાન ! આહા..હા..!

શું કીધું ? પોતે જાણનારો માટે પોતે કર્તા. એ રાગની, શરીરની ક્રિયા થઈ એનું અહીં જ્ઞાન થયું એ જ્ઞાનનું કાર્ય પોતાનું છે. એ કાર્ય રાગ ને શરીરનું નથી. એથી તે કાર્ય પોતે જ્ઞાનની પર્યાયનું જ્ઞાનનું છે તે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે કર્મ. આહા..હા..! અહીંયાં પર્યાયની વાત છે, હોં ! જણાયો છે પર્યાય એ પર્યાય એનું કાર્ય. જણાયો છે રાગ એમ નથી. તેમ રાગથી અહીં જ્ઞાનનું કાર્ય થયું એમ નથી. એ રાગનું કાર્ય નથી, જ્ઞાયકનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એક સરકારના કાયદા સાધારણ ગહન હોય. આ તો ત્રણલોકના નાથ... આહા..હા..! સર્વજ્ઞ સ્વરૂપ એના નિયમો તો કેવા હોય ? બાપા ! આહા..હા..! એક એક ગાથામાં કેટલી ગંભીરતા છે !

પોતે જાણનારો માટે પોતે કર્તા. કોનો જાણનારો ? પોતાની પર્યાયનો. કેવળી લોકાલોકને જાણે છે એ પણ એમ નહિ. કેવળી પોતાની પર્યાયને જાણે છે. પર્યાય તેનું કાર્ય છે અને કર્તા તેનું જ્ઞાન સ્વરૂપ છે અથવા પર્યાય છે. આહા..હા..! એ લોકાલોક છે માટે અહીં જ્ઞાન– કેવળજ્ઞાન થયું છે એમ નથી. સમજાણું કાંઈ ? આ પ્રશ્ન તો (સંવત) ૧૯૮૩ ની સાલમાં ઉઠેલો. ૮૩, ૧૯૮૩. કેટલા વર્ષ થયા ? ૫૧. ૫૧ વર્ષ પહેલાં પ્રશ્ન ઉઠ્યો હતો. ૫૦ ને ૧. આ લોકાલોક છે માટે કેવળજ્ઞાન છે ? - કે કેવળજ્ઞાન પોતાથી છે લોકાલોકને લઈને નહિ ? એક પ્રશ્ન હતો. શેઠે એમ કહી દીધું કે લોકાલોક છે તો એનું અહીં જ્ઞાન થયું. ત્યાં એને 'વિરજીભાઈ'એ ના પાડી તો હેઠે આવ્યા પછી મને પૂછ્યું. બાપુ ! એમ નથી કીધું. કેવળજ્ઞાન જ્ઞાનથી પોતાથી છે. કેવળજ્ઞાનનું કાર્ય, કાર્ય કર્તા આત્મા ને કાર્ય એનું કેવળ. લોકાલોક કર્તા અને પર્યાય કાર્ય એટલો બધો શબ્દ ત્યાં એ વખતે નહોતો આવ્યો. પણ લોકાલોક છે માટે જ્ઞાનની પર્યાય થઈ છે એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા..!

અરે..રે..! એક પણ વાતને સર્વજ્ઞની ન્યાયથી બરાબર જાણે ને તો એક ભાવ જાણે એ બધા યથાર્થ ભાવ જણાય જાય એને. પણ એકેય ભાવના ઠેકાણા ન મળે. આહા..હા..! અરે..રે..! જિંદગી પૂરી થવા આવી તો એમાં શું કરવું એ એને રહી ગયું. આહા..હા..! કર્યા ધુમાડા એકલા પાપના, પુણ્યના ઠેકાણા ન મળે. કે ભાઈ ! ચાર ચાર કલાક સુધી સાચો સત્સમાગમ કરવો. સત્સમાગમ પણ કહેવો કોને એ હજી સમજણમાં નથી. આહા..હા..! અને સત્ શાસ્ત્રોનું ચાર ચાર કલાક હંમેશાં વાંચન કરવું તો પુણ્ય તો બંધાય. એનાય

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઠેકાણા ન મળે આહા..! ધર્મ તો ન મળે (પણ પુણ્ય પણ ન મળે). આહા..હા..! સત્ શાસ્ત્ર ને સત્સમાગમ બેનો ચોવીસ કલાકમાં ચાર કલાક પરિચય રહે તોપણ એ પુણ્ય બાંધે, ધર્મ નહિ. ધર્મ તો રાગથી પૃથક કરીને સર્વજ્ઞપણાનું સ્વરૂપ મારું છે એવો અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'(જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં દીપક છે...)'** દીવો જે છે ને ? એ ઘટ અને પટ એટલે વસ્ત્ર, એને પ્રકાશવા કાળે પણ દીવો તો દીવો છે. દીવો જેને પ્રકાશે છે એ રૂપે થયો છે ? આહા..હા..! **'(દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં દીપક છે...,)'** શું કહ્યું ઇ ? દીવો ઘટ-પટ આદિની અવસ્થામાં પ્રકાશ કાળે પણ દીવો દીવારૂપે છે. એ ઘટ-પટને પ્રકાશવા કાળે પણ ઘટ-પટની અવસ્થાપણે કાંઈ દીવો થયો નથી. આહા..હા..! અને એ ઘટ-પટને લઈને પ્રકાશે છે એમ નથી. દીવાના પ્રકાશને લઈને પ્રકાશે છે. આહા..હા..!

**'(દીપક ઘટપટાદિને પ્રકાશીત કરવાની અવસ્થામાં દીપક છે અને પોતાને–પોતાની જ્યોતિરૂપ શિખાને–પ્રકાશવાની અવસ્થામાં પણ દિપક જ છે....)'** એમ જ્ઞાયક રાગને, પરને જાણવા કાળે પણ જ્ઞાયકની પર્યાય તો જ્ઞાનની જ છે અને પોતાને પ્રકાશવા કાળે પણ એ જ્ઞાનની જ પર્યાય છે. આહા..! પરને જાણવા કાળે એ પર્યાય પરને લઈને થઈ છે એમ નથી. પ્રકાશ ઘટ-પટને પ્રકાશે છે માટે પ્રકાશ ઘટ-પટને લઈને પ્રકાશ્યો છે એમ નથી. દીવાનો પોતાનો ઘટ-પટને પ્રકાશવાનો પ્રકાશક સ્વભાવ છે. ઘટ-પટને પ્રકાશવા કાળે પણ દીવો તો દીવો જ છે અને પોતાની જ્યોતિને પ્રકાશવા કાળે પણ દીવો તો દીવો જ છે. ભારે ઝીણું, બાપુ ! એક કલાકમાં કેટલું આવું ! આખો દિ' પાપ આદિ નવરાશ ન મળે, ફુરસદ ન મળે અને શરીરના રક્ષણ માટે કરવું હોય તો આખો દિ' જાય, સલવાય આખો દિ'. આનું આમ કરવું ને આનું આમ કરવું ને આનું આમ કરવું ને... છતાં થાવું હોય એ થાય એના કર્યાથી કાંઈ ન થાય. આહા..હા..! અને આ તો પુરુષાર્થથી થાય જ. આહા..હા..!

દીવો, ઘડો અને પટ અને વસ્ત્ર આદિ કે કોયલા કે નાગ, એને પ્રકાશવા કાળે પણ દીવો તો દીવારૂપે રહીને પ્રકાશે છે. પરરૂપે થઈને પ્રકાશે છે ? અને પરને પ્રકાશે છે ? એ તો દીવો દીવાને પ્રકાશે છે અને પોતાના પ્રકાશને પણ પ્રકાશ કાળે પોતે દીવો દીવાને પ્રકાશે છે.

એમ ભગવાન આત્મા જાણનારો જણાય છે તે અવસ્થામાં પણ જ્ઞાયકપણે જ પોતે રહ્યો છે, પરપણે થયો નથી ને પરને લઈને દશા થઈ નથી. આહા..! અને પોતાને જાણવા કાળે પણ પોતે પોતાની પર્યાય થઈ એ તો. આહા..હા..! હવે આવું બધું યાદ રાખવું ? આવો માર્ગ (છે) પ્રભુનો, બાપુ ! અને એ માર્ગ જિનવરદેવ સિવાય ક્યાંય છે નહિ. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ... આહા..હા..! પણ વાતું પ્રભુ બહુ સૂક્ષ્મ છે, પ્રભુ ! આહા..હા..! એ કોઈ પૈસા ખર્ચી નાખે કરોડ, બે કરોડ, પાંચ કરોડ માટે ધર્મ થઈ જાય (એમ નથી). આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શરીરની ક્રિયા કરી નાખે, છ છ મહિનાના અપવાસ (કરી નાખે), શરીરના બળુકા અપવાસ આદિ કરે અને જાણવાના એકલી બુદ્ધિના પ્રકાશ(વાળા), પરના પ્રકાશ કરવાવાળા બુદ્ધિની વાત કેળવે. અંતર શું ચીજ છે ? આહા..! એને કેળવવા જાતો નથી.

**'(અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું).'** તેમ જ્ઞાયકનું સમજવું એટલે જાણનારો ભગવાન સ્વને જાણતા પર્યાયમાં સ્વને જાણ્યો એવી જ પર્યાયમાં પરને પણ જાણ્યું. એ પરને જાણ્યું એ જાણવાની પર્યાય થઈ એ પોતાથી થઈ છે. એટલે ખરેખર તો પોતાની પર્યાયને એણે જાણી છે. આહા..હા..! કારણ કે એ પર્યાયમાં કાંઈ જ્ઞેય આવ્યા નથી. ઘટ-પટને દીવો પ્રકાશે છે તો દીવાના પ્રકાશમાં કાંઈ ઘટ-પટ આવી ગયા નથી, દીવાના પ્રકાશમાં પેઠા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

એમ ભગવાન ચૈતન્ય-દીવો ચંદ્ર પ્રભુ (છું) એવું જેને અંતરમાં રાગથી ભિન્ન થઈને જ્ઞાન થયું, સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે એમ જ્યાં ભાન થયું ત્યાં અલ્પજ્ઞ પર્યાયમાં સર્વજ્ઞ સ્વભાવનું ભાન થયું. એ અલ્પજ્ઞ પર્યાય થઈ એ સર્વજ્ઞ સ્વભાવની છે, એ જ્ઞાયકની પર્યાય છે. એને જાણી ઇ. અને એ પર્યાય પરને જાણે એ પણ જ્ઞાયકની પર્યાય છે. એ પરની પર્યાય છે ને પરને લઈને થઈ છે એમ છે નહિ. આહા..હા..! એકવાર મધ્યસ્થથી સાંભળે. બધા આગ્રહ રાખીને (કહે), આનાથી આમ થાય ને આનાથી આમ થાય ને.. આહા..હા..! વ્રત કરવાથી સંવર થાય ને તપસ્યા કરવાથી નિર્જરા થાય ને... આહા..હા..!

શ્રોતા :– વ્રત કહેવા કોને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ એ વ્રત કોને કહેવું ? નિશ્ચય વ્રત કોને કહેવાય એની ખબર ન મળે. વ્રત કરીએ તો સંવર થાય ને અપવાસ કરીએ તો નિર્જરા થાય. અરે..! ભગવાન ! એ વ્રતના વિકલ્પો વ્યવહારના છે એ તો પુણ્યબંધના કારણ છે અને અપવાસ આદિમાં જે વિકલ્પ છે એ પણ પુણ્યબંધનું કારણ છે, રાગ મંદ કર્યો હોય તો (પણ) ત્યાં સંવર-નિર્જરા નથી. આહા..હા..!

ત્યાં ૩૨૦ ગાથામાં તો એમ પણ કહ્યું છે ને કે ઉદયને જાણવા કાળે પણ જ્ઞાનની પર્યાયને જાણે. એ નિર્જરા કાળે પણ નિર્જરાની પર્યાયને જાણે છે, એ નિર્જરા કરતો નથી. ઉદયને જાણે એમ કહેવું પણ છતાં એ રાગને જાણે છે એ જ્ઞાનની પર્યાય થઈ છે એને એ જાણે છે. નિર્જરાને એ કાળે જાણે છે પણ નિર્જરાની પર્યાય જે છે એની જ્ઞાનરૂપે થઈ છે એને એ જાણે છે. બંધને જાણે. બંધનું જે જ્ઞાન થયું તે જ્ઞાનની પર્યાયને જાણે, મોક્ષની પર્યાય જાણે. મોક્ષને જાણે, બંધને જાણે, ઉદયને જાણે, નિર્જરાને જાણે, વિપાક ને સવિપાક ને અવિપાક ને જાણે. આહા..હા..! ચાર બોલ લીધા છે ને ? સવિપાક, અવિપાક, સકામ, અકામ. આહા..હા..! દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે ! એને સમજનારા વિરલ પાકે. બાકી એવી વાત બીજે ક્યાંય છે નહિ, ભાઈ ! આહા..! એની ઊંડપની વાતું... આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ અહીં કહ્યું લ્યોને. આહા..હા..! અને કર્તા-કર્મનું અનન્યપણું છે એમ કહ્યું. એટલે શું ? - કે કર્તા અન્ય ને કાર્ય અન્ય એમ હોઈ શકે નહિ. કર્તા જ્ઞાનની પર્યાયનો આત્મા અને એ પર્યાયનું કામ રાગાદિ જાણ્યું એનું એ કામ, એમ નથી. કર્તા-કર્મ અનન્ય હોય છે, અનેરા અનેરા નહિ. તે જ કર્તા ને તે જ કર્મ હોય છે. આહા..હા..! તે જ કર્તા અને તે જ એનું કાર્ય હોય છે. આહા..હા..! રાગને જાણવા કાળે જ્ઞાન જ્ઞાનરૂપે થયું તેનો કર્તા પણ જ્ઞાન અને કર્મ પણ જ્ઞાન. રાગનું જ્ઞાન, એ રાગ કર્તા ને રાગનું જ્ઞાન કાર્ય એમ નથી. આહા..હા..!

વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠ્યો તો એનું અહીં જે જ્ઞાન થયું એ એને લઈને થયું (એમ નથી). એમાં ક્યાં જ્ઞાન હતું તે થાય ? જ્ઞાન તો અહીં છે. આહા..! સ્વ-પરપ્રકાશક જ્ઞાન... આવે છે ને ? 'સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી, તાતે વચન ભેદ ભ્રમ ભારી' સ્વ પ્રકાશક જ્ઞેય અને પર પ્રકાશક પર–બે વસ્તુ જ્ઞેય. જ્ઞેય સ્વ ને પર બે. છતાં પણ પરને જાણવા કાળે તો પર્યાય પોતે પોતાથી જાણે છે. આહા..હા..! એ અહીં સિદ્ધ કરવું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** સમયસાર ગાથા ૬મા જ્ઞાયક કહ્યો, ૧૧મી ગાથામાં ભૂતાર્થ કહ્યો તેને જ નિયમસારમાં શુદ્ધભાવ કહ્યો છે, પર્યાયમાત્રને બહિર્તત્ત્વ કહીને પરદ્રવ્ય કહીને હેય કહી છે. મુનિરાજ પરદ્રવ્યથી પરાન્મુખ છે તથા સ્વદ્રવ્યની સન્મુખ છે. તેમણે પર્યાયમાત્રને પરદ્રવ્ય કહીને તેનાથી પરાન્મુખ છે તેમ કહ્યું. પરમ સ્વભાવી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, ભૂતાર્થભાવ, પરમ પારિણામિકભાવ કે જે પર્યાયને સ્પર્શતો નથી, ક્ષાયિકભાવ હો પણ તે વ્યક્ત છે તેને અવ્યક્ત-દ્રવ્ય સ્પર્શતું નથી, તે કારણે પર્યાયમાત્ર દ્રવ્યમાં છે નહિ. સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય જે ધ્રુવ-દ્રવ્યસ્વભાવ, તેમાં ઉદય આદિ ચારેય ભાવો છે નહીં. એક અપેક્ષાએ જયધવલમાં રાગાદિને પારિણામિકભાવ કહ્યો છે, પણ પરમ પારિણામિકભાવ તો તેનાથી રહિત છે.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૧૩, પ્રવચન નં. ૬૦
તા. ૨૭-૦૯-૧૯૬૬
[૨૪]

મુનિને ઉદ્દેશીને દસલક્ષણની વાત છે ને? ચારિત્રનું આરાધન છે. ચારિત્રમાં નવમો બોલ આંકિચન છે. ધર્માત્માને–મુનિને અન્ય પરિગ્રહ તો હોતો નથી. સ્ત્રી, પુત્ર, વસ્ત્ર, પાત્ર હોતા નથી. ફક્ત એમના શિષ્ય, સંઘ અને અચેતન પુસ્તક, પીંછી, કમંડળ ધર્મના ઉપકરણ હોય છે, તેમાં પણ મમત્વ કરતા નથી.

શ્રોતા :– પીંછી હોય ને મમત્વ ન થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરદ્રવ્ય છે એમાં પોતાને શું ?

શ્રોતા :– શિષ્ય...?

પૂજ્ય ગુરુદેવશ્રી :– શિષ્ય ક્યાંથી આવ્યો ? શિષ્ય તો વ્યવહારમાં કહેવામાં છે, નિશ્ચયમાં તો ગુરુ-શિષ્ય છે જ નહિ.

કહે છે કે લોકવ્યવહાર - લોકનો વ્યવહાર - લૌકિક વ્યવહારથી તો વિરક્ત છે જ પણ પોતાના શિષ્ય, સંઘમાં જો મમતા થાય તો તે લોકવ્યવહારને પણ છોડી દે. ચેતનમાં શિષ્ય સંઘ આદિ, અચેતનમાં મોરપીંછી, કમંડળ, પુસ્તક આદિ એમાં મારું કાંઈ નથી. વિકલ્પ હું નથી તો બીજી કઈ ચીજ મારી છે ? ઓહો..! સમજાણું કાંઈ ? જે ચીજ મારાથી જુદી પડી જાય તે મારી નહિ અને મારાથી ન છૂટે તે મારી છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ મારો સ્વભાવ મારાથી છૂટતો નથી. વિકલ્પ, રાગ, શરીરાદિ તો છૂટી જાય છે. એ ચીજ મારી નહિ. 'પંચ મહાવ્રતનો વિકલ્પ પણ મારો નથી' એમ આકિંચન (ધર્મમાં) કહે છે. સમજાણું કાંઈ ? કંઈ પણ મારું નથી.

હું તો શુદ્ધ આનંદ, જ્ઞાનાનંદ શુદ્ધ અનંત સ્વભાવથી ભરેલો સાગર છું. મારામાં વિકલ્પ પણ નથી તો શિષ્ય, સંપ્રદાય, સંઘ, કમંડળ, મોરપીંછી કે પુસ્તક એ મારામાં ક્યાંથી આવ્યા ? એમ અંતરમાં આનંદ સ્વરૂપનો અનુભવ કરતા સહજ પરની મમતાનું છૂટી જવું તેનું નામ આકિંચન ધર્મ કહેવામાં આવે છે. અનંતકાળમાં એણે કદી કર્યો નથી. સમજાણું કાંઈ ? પહેલા શ્રદ્ધામાં તો આ લે કે રાગ પણ મારો નહિ. સમ્યગ્દર્શન થયું ત્યારે શ્રદ્ધામાં લીધું કે રાગ મારો નહિ, શરીર મારું નહિ, ત્રણકાળમાં કોઈ ચીજ મારી નહિ. એ તો સમ્યગ્દર્શન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થવાના કાળે એમ થયું છે. અહીંયાં તો ચારિત્રની વાત છે. સમજાણું કાંઈ ?

સ્વરૂપની સ્થિરતા ચૈતન્યધામ અનંત ગુણનો રામ આતમરામ પ્રભુ એ મારી ચીજ છે એમાં લીનતા કરી પર પદાર્થની મમતા છોડી દે એનું નામ આકિંચન ધર્મ જે સંવર અને નિર્જરાનું કારણ છે, મોક્ષનું કારણ એ છે. એ નવમો આકિંચન ધર્મ (થયો).

ચાલતો અધિકાર–૧૩ મી ગાથા. ક્યાં સુધી આવ્યું ? 'સેઠી' ! ખબર નથી ? ભાવાર્થ ચાલશે ? એટલું યાદ રાખ્યું. નિક્ષેપમાં થોડું બાકી રહ્યું છે. સ્પષ્ટીકરણ બરાબર થયું નથી. અહીંયાં શું કહ્યું ? ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' વાસ્તવિક તત્ત્વનું સ્વરૂપ, અનુભૂતિથી જે ભિન્ન છે, વાસ્તવિક ચીજ છે તેનાથી ભિન્ન ચીજ છે, એ પર્યાયમાં ભલે હો. નવ તત્ત્વના ભેદ વર્તમાનમાં વિકલ્પમાં પર્યાયમાં છે, પણ એ છે એટલું જાણવાલાયક છે. આદરવા લાયક તો એકલો ચૈતન્ય જ્ઞાયક ભૂતાર્થ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની અનુભૂતિમાં એ નવ તત્ત્વના ભેદનો અભાવ છે. સમજાણું કાંઈ ? નવ તત્ત્વ અસત્યાર્થ છે. પર્યાયદૃષ્ટિએ નવ સત્ય છે. અનુભવદૃષ્ટિથી એ નવ અસત્યાર્થ છે. નવ છે એમ સત્યાર્થ (છે), આશ્રય કરવાલાયક છે એમ નહિ.

શ્રોતા :– અસત્યાર્થ થયું તો એ છે કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– છે ને. એમાં નથી એમ નથી. પર્યાય છે, ભેદ છે. અભેદમાં દૃષ્ટિમાં આવતા નથી. સામાન્યમાં લક્ષ કરવાથી થોડો ભેદ તો છે, નથી એમ નથી, સર્વથા અભેદ થઈ જાય તો વીતરાગ થઈ જાય. સમજાય છે કાંઈ ? પણ અંદરમાં અભેદમાં એ ભેદ દેખાતા નથી. પર્યાય છે.

શ્રોતા :– વિકલ્પ મટી ગયા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનો વિકલ્પ મટી ગયો. એકલી ચૈતન્ય અનુભૂતિ સત્યાર્થ છે, એમાં નથી. પર્યાયમાં છે. પહેલા જ્ઞાનમાં લક્ષ કર્યું હતું કે એ છે. સ્વભાવનો અનુભવ કરવામાં એ છે નહિ. સમજાય છે કાંઈ ?

એમ પ્રમાણ : પ્રથમ વિચાર કરવામાં પ્રમાણનું જ્ઞાન હોય છે, વિકલ્પાત્મક છે. છે. પ્રત્યક્ષજ્ઞાન, પરોક્ષજ્ઞાન નિમિત્ત પરોક્ષમાં છે, એ બધું છે. એમ યથાર્થ વસ્તુ સિદ્ધ કરવા જ્ઞાન કરવું. અનુભવ કરવામાં એ પ્રમાણ, પ્રમેય અસત્યાર્થ થઈ ગયા. એક સ્વરૂપ ભગવાન આત્માની અનુભૂતિ કરવામાં એ કોઈ ભેદ સહાયક છે નહિ.

એમ નય : સામાન્ય દ્રવ્યનું જ્ઞાન મુખ્યપણે કરવું, પર્યાયને ગૌણ કરવી. પર્યાયનું મુખ્ય જ્ઞાન, દ્રવ્યને ગૌણ કરવું એમ ક્રમસર, ભેદસહિત પર્યાયથી દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિકનું જ્ઞાન હોય છે. છે એટલું. પણ અનુભવ કરવામાં એ ભેદ છે નહિ. સમજાય છે કાંઈ ?

હવે, નિક્ષેપ : નામ નિક્ષેપ છે. નામ પાડે એમ જ્ઞાન કરવામાં (છે), જેમ કોઈ ભગવાનનું નામ લે તો એમ નામ નિક્ષેપ છે. જ્ઞાન કરવામાં છે, સમ્યગ્દર્શનનું કારણ નથી. એમ ભગવાનની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્થાપના છે અને એમની પૂજાનો શુભભાવ છે. હો. પણ એના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. એ જ કહે છે, એ જ યાદ કરવા કહ્યું. 'ધવલ' માં જે આવ્યું છે કે જિનબિંબ દર્શન કરવાથી.... 'જંબૂપ્રસાદજી' એ ત્યાં બહુ સાંભળ્યું છે, જિનબિંબ દર્શન કરવાથી મિથ્યાત્વના ટુકડા થઈ જાય છે. હાથીને જેમ સિંહ પ્રહાર કરે (તો) ટુકડા થઈ જાય છે, એમ જિનબિંબથી મિથ્યાત્વના ટુકડા થઈ જાય છે, એમ ત્યાં લખ્યું છે. સમજાણું કાંઈ ? એ તો વ્યવહારનયના કથન છે.

અહીં કહે છે કે જિનબિંબ એ સ્થાપના નિક્ષેપ છે. એ સ્થાપના નિક્ષેપ છે. જ્ઞેયના ચાર ભેદમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ, યોગ્યતા વર્તમાન છે, પણ એના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી.

શ્રોતા :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ, લખ્યું એ તો નિમિત્તથી કથન છે. જિનબિંબનું લક્ષ (કરે) છે પછી પોતાના જિનબિંબમાં દૃષ્ટિ થઈ ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :– વ્યવહાર તો હોય છે, મહારાજ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યવહારનો અર્થ શું ? વ્યવહારથી કહેવામાં આવે છે, એમ છે નહિ, એમ છે નહિ. વ્યવહાર ઉપચારથી અન્યથા કહે છે. એમ છે નહિ. વ્યવહાર કહે એમ માની લેવું એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ? 'ટોડરમલજી' એ લીધું છે. એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં ભેળવી દે એ વ્યવહારનું લક્ષણ છે. એક દ્રવ્યના ભાવને બીજા દ્રવ્યમાં ભેળવી દે, એક કારણને બીજા કાર્યમાં ભેળવી દે એમ વ્યવહારના કથન છે પણ એમ માની લે તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? એક દ્રવ્યનો ભાવ બીજામાં ભેળવીને વ્યવહારનય કહે છે. ફક્ત નિમિત્તનું જ્ઞાન કરાવવાની વાત છે. એના આશ્રયે આત્માને લાભ થાય છે એમ નથી. જુઓ ! એ જિનબિંબનું જ યાદ આવ્યું હતું, ભાઈ ! આ સ્થાપના છે, દર્શન છે, શુભભાવ છે (એ) જાણવાલાયક છે, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ ?

શ્રોતા :– જાણવાલાયક છે...?

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ. જ્ઞેય છે, જ્ઞેય તરીકે છે. જ્ઞેયના ચાર ભાગ છે. નામ, સ્થાપના, યોગ્યતા વર્તમાન પ્રગટ, એ પ્રગટ પણ પર્યાય છે, એ પર્યાયનું જાણવું થાય એ બરાબર છે (પણ) આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? સાંભળો.. સાંભળો ! સમજાય છે કાંઈ ?

**'એ ચારેય નિક્ષેપોનો પોતપોતાના લક્ષણભેદથી (વિલક્ષણરૂપે–જુદા જુદા રૂપે) અનુભવ કરવામાં આવતાં તેઓ ભૂતાર્થ છે,...'** અનુભવ એટલે જ્ઞાન. જ્ઞાન કરવામાં નામ, નિક્ષેપ, સ્થાપના, દ્રવ્ય ભાવ છે. **'અને ભિન્ન લક્ષણથી રહિત...'** એ ચાર લક્ષણ જે ભિન્ન પડ્યા એને છોડીને **'એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ જીવસ્વભાવનો અનુભવ કરતાં...'** ભગવાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચૈતન્યસ્વરૂપ એક સ્વભાવ છે તેનો અનુભવ કરવામાં આવતાં એ ચારેય અભૂતાર્થ છે. ચારે નિક્ષેપ સમ્યગ્દર્શનની અનુભૂતિમાં સહાયક નથી. સમજાય છે કાંઈ ?

ચારેય નિક્ષેપથી આત્માનું સમ્યગ્દર્શન થતું નથી એમ કહે છે. ભાવનિક્ષેપ પણ પર્યાય છે, ભાઈ ! સર્વજ્ઞનની પર્યાય હો કે પોતાની પર્યાય હો, એ પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી એમ અહીંયાં કહે છે, ભાવનિક્ષેપ છે, દ્રવ્યનિક્ષેપ યોગ્યતા છે, સ્થાપના છે, નિમિત્ત છે, નામ (છે) એ જાણવાલાયક છે. ભગવાન આત્મા..! વર્તમાન પર્યાયના ચાર ભેદનું લક્ષ છોડીને એકલો ચૈતન્યસ્વરૂપ... જુઓ ! અહીંયાં કહે છે. અહીંયાં કહે છે એનું જૂઠું કરીને ત્યાં ('ધવલ' માં) કહ્યું છે ? - કે ભગવાનના દર્શનથી સમ્યગ્દર્શન થાય છે. તો શું પરલક્ષે થાય છે ? અંતર્મુખ દૃષ્ટિ કર્યા વિના કદી સમ્યગ્દર્શન થતું નથી. બહારના લક્ષમાં તો શુભરાગ છે. સમજાય છે કાંઈ ? 'જંબૂપ્રસાદજી' ! અંતરમાં એકાગ્ર થવું છે ત્યાં બહાર શું લક્ષ કરે ? 'જંબૂપ્રસાદજી' ! નક્કી કરજો, હોં ! ભાઈ ! બહુ દૂરથી આવ્યા છો, ત્યાં ગયા પછી પાછી ગડબડ થશે. બરાબર નક્કી તો કરવું જોઈએ ને ?

ચાર નિક્ષેપ, એનો વિષય જાણવાલાયક છે. વ્યવહારનય નિક્ષેપને જાણે છે. નય છે એ વિષયી છે, નિક્ષેપ વિષય છે. નય એ નિક્ષેપને જાણે છે કે આ વ્યવહાર છે, સ્થાપના છે, આ દ્રવ્ય છે, આ ભાવ છે પણ એ જાણવાલાયક છે પણ અંદર આદરવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એવી ગડબડી છે. શાસ્ત્રમાં એમ આવે કે ભગવાનના દર્શનથી સમ્યગ્દર્શન થાય છે, વેદનાથી સમ્યગ્દર્શન થાય છે, જાતિસ્મણરથી સમ્યગ્દર્શન થાય છે એમ આવે છે. એ તો નિમિત્તના કથન છે એમ છે નહિ. જાતિસ્મરણ થયું એનાથી પરલક્ષે સમ્યગ્દર્શન થાય છે ? સમજાય છે કાંઈ ? પૂર્વ ભવનું જાતિસ્મરણ થયું, લ્યો ! તો શું એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે ? બિલકુલ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! અવધિજ્ઞાન થયું. તો શું અવધિજ્ઞાનની પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે ?

ભગવાન તો 'નિયમસાર' માં તો એમ કહે છે કે પોતાની પર્યાય ક્ષાયિક હો, ક્ષયોપશમ હો કે ઉપશમ હો, તેને તો અમે હેય કહીએ છીએ, પરભાવ કહીએ છીએ અને પરદ્રવ્ય કહીએ છીએ. એમ ત્રણ બોલ લીધા છે. સમજાણું કાંઈ ? 'નિયમસાર' ક્યાં ગયું ? ૫૦મી ગાથા છે. જુઓ ! 'નિયમસાર' ૫૦ મી ગાથા. શું કહે છે ? જુઓ !

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।**

પૂર્વે જે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એમ ચાર ભાવ કહ્યા એ હેય છે. જુઓ ! ટીકામાં છે. '**શુદ્ધનિશ્ચયનયના બળે...**' વિભાવગુણપર્યાયના ભેદો હેય છે. શા કારણે ? '**તેઓ પરસ્વભાવો છે,...**' જરી સૂક્ષ્મ વાત છે. ક્ષાયિક સમકિતની પર્યાયને પણ અહીંયાં પરસ્વભાવ કહી દીધી કારણ કે પર્યાયના આશ્રયે નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



૫૦ મી ગાથા બરાબર લખી લેવી. 'નિયમસાર' ની ૫૦ ગાથા.

**'पुव्वुत्तसयलभावा'** પૂર્વે જે સકળ ભાવ કહ્યા એ બધા હેય છે. પાઠમાં હેય છે. પાઠમાં પહેલા **'परदव्वं'** છે પછી **'परसहाव'** છે પછી **'हेयं'** છે. અર્થમાં પહેલા લીધું છે કે હેય છે કારણ કે પરસ્વભાવ છે, કારણ કે પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ ? પોતાની પર્યાયમાં ક્ષયોપશમ સમકિત થયું, ક્ષાયિક સમકિત થયું તેને પણ અહીંયાં તો હેય કહેવામાં આવ્યું છે. કેમ ? - કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી પર્યાય ઉત્પન્ન થતી નથી એમ પર્યાયમાંથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી તો એ પર્યાયને પણ અહીંયાં પાઠમાં પરદ્રવ્ય કહી દીધી. એમ 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે.

**'सगदव्वमुवादेयं'** એક દ્રવ્ય સામાન્ય જ્ઞાયક અંતર સત્ત્વ પરમાત્મા એ જ પોતાનો **'अप्पा'** અંતર ઉપાદેય છે. સમજાય છે કાંઈ ? જેમ કર્મ અને શરીરનું લક્ષ, આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થતું નથી એમ પર્યાયનું ક્ષયોપશમ જ્ઞાન છે, ઉપશમભાવ હો કે ક્ષાયિક (ભાવ હોય) તેના લક્ષે તેમાંથી નવી પર્યાય આવતી નથી. નવી પર્યાય પ્રગટ થવામાં પોતાનો **'अप्पा'** ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે તેને ઉપાદેય કરીને નવી પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? તો ચાર નિક્ષેપ તો ક્યાંય રહી ગયા.

ભાઈ ! અહીં તો ત્યાં સુધી કહે છે કે ચાર ભાવ, હોં ! (હું) નહિ. વિભાવ.. વિભાવ– ચાર પર્યાય વિશેષ ભાવ છે. ભગવાન આત્મા એક સ્વરૂપે ચૈતન્યબિંબ બિરાજમાન (છે) તેનો આશ્રય કરવાથી, તે જ એક ઉપાદેય છે, તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે, તેના આશ્રયે ચારિત્ર થાય છે, તેના આશ્રયે શુક્લધ્યાન થાય છે, તેના આશ્રયે કેવળજ્ઞાન થાય છે. પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન નહિ, ચારિત્ર નહિ, શુક્લધ્યાન નહિ અને કેવળજ્ઞાન નહિ. પરનો આશ્રય કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? પર્યાયનો આશ્રય કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે કેમ કે પર્યાયમાં પર્યાય નથી. એક સમયની પર્યાયમાં બીજી પર્યાય નથી. એ પર્યાયનો વ્યય થાય છે અને બીજી પર્યાય ઉત્પન્ન થાય છે. એ પર્યાયમાં પર્યાય નથી; તો અહીંયાં આચાર્ય મહારાજ કહે છે કે એ પર્યાયને તો અમે હેય કહીએ છીએ. ચાહે તો ઉદયની રાગની પર્યાય હો, ચાહે ઉપશમની હોય, ચાહે ક્ષયોપશમની, ચાહે તો ક્ષાયિકની હોય. તેને અમે હેય કહીએ છીએ, તેને પરભાવ કહીએ છીએ અને તેને અમે પરદ્રવ્ય કહીએ છીએ. ત્રણ બોલ લીધા. **'हेयं परसहावमिदि परदव्वं'** સમજાય છે કાંઈ ? ઓ..હો..!

શ્રોતા :– ક્ષાયિક સમ્યગ્દર્શન હેય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્ષાયિક સમકિત હેય (છે) કેમ કે સમકિતમાંથી ચારિત્રની પર્યાયની આવતી નથી. શાંતિની ચારિત્ર પર્યાય સ્વભાવના આશ્રયે થાય છે. (પર્યાયના આશ્રયે) ચારિત્ર પ્રગટતું નથી. આ વાત છે. આહા..હા..! વાતમાં આટલો ફેર છે, માર્ગમાં બહુ ફેરફાર થઈ ગયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન ! તારું દ્રવ્ય જ એકસ્વરૂપ છે તેને જ અમે તો પરદ્રવ્ય કહીએ છીએ એમ અહીંયાં આચાર્ય કહે છે. પરદ્રવ્યને તો પરદ્રવ્ય કહીએ જ છીએ, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્થાપના, નિક્ષેપ, સાક્ષાત્ સમવસરણમાં બિરાજમાન પ્રભુ પરદ્રવ્ય છે. તેને આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી.

શ્રોતા :– દિવ્યધ્વનિથી થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દિવ્યધ્વનિ પરદ્રવ્ય છે. અહીં તો કહેવું છે કે દિવ્યધ્વનિ તો પરદ્રવ્ય છે, ભગવાન પરદ્રવ્ય છે, સમવસરણ પરદ્રવ્ય છે, સમ્મેદશીખર પરદ્રવ્ય છે તો તેના આશ્રયે સમ્યગ્દર્શન ત્રણકાળમાં થતું નથી.

અહીં તો કહે છે કે પોતાના ધ્રુવ આત્માના આશ્રયે જે સમ્યગ્દર્શન થયું એ સમ્યગ્દર્શનના આશ્રયે પણ શુદ્ધિની નવી પર્યાય થતી નથી. પોતાના શુદ્ધ (સ્વરૂપના) આશ્રયે નવી શુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! અરે..! ચારિત્રની પર્યાયને અહીંયાં પરદ્રવ્ય કહી દીધું (કે) જે ચારિત્ર પોતાના શુદ્ધ દ્રવ્યના અવલંબને ઉત્પન્ન થયું. સમજાય છે કાંઈ ? ૫૦ મી ગાથા સમજે તો સમજાય એવી છે, હોં ! એવી વાત છે.

'નિયમસાર' 'શુદ્ધભાવ અધિકાર', 'શુદ્ધભાવ અધિકાર'. એ શુદ્ધભાવનો અર્થ પર્યાય નહિ. શુદ્ધભાવ નામ ત્રિકાળ. જે શુભ, અશુભ અને શુદ્ધ પર્યાય છે એ વાત નથી. અહીં 'શુદ્ધભાવ અધિકાર' છે તો અહીંયાં પહેલી જ ગાથામાં લીધું છે કે ભગવાન આત્મા..! પહેલા પણ ૩૮ ગાથામાં લીધું છે. એ જ વાત અહીંયાં ૫૦ (ગાથામાં) લીધી છે. સમજાય છે કાંઈ ? જુઓ ! ૩૮.

'**जीवादिबहित्तच्चं हेयम्**' 'શુદ્ધભાવ અધિકાર' ની ૩૮ મી ગાથા. પેલી ૫૦ છે, આ ૩૮ મી છે. એક જ અધિકાર છે. '**जीवादिबहित्तच्चं हेयम्**' જીવ, અજીવ, વિકલ્પ, પરદ્રવ્ય આદિ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ પર્યાય '**हेयम्**' '**जीवादिबहित्तच्चं हेयम्**' '**उपादेयमप्पणो अप्पा**' એક પોતાનો '**अप्पा**' શુદ્ધ ધ્રુવ સ્વભાવ છે એ જ આદરણીય છે, આશ્રય કરવાલાયક છે. એ ૩૮ મી ગાથા છે, 'શુદ્ધભાવ અધિકાર' ની ૩૮ મી, પેલી 'શુદ્ધભાવ અધિકાર' ની ૫૦ મી. સમજાય છે કાંઈ ? અરે..! પણ શાસ્ત્ર શું કહે છે એ સમજવું નહિ અને પોતાનો ધોકો મૂકવો નહિ, પોતાની પકડ મૂકવી નહિ. નહિ.. નહિ.. નહિ.. પણ સાંભળ તો ખરો.

જ્યાં ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્ય ધ્રુવ પર દૃષ્ટિ હોવાથી સમ્યક્ થયું, સ્થિરતા કરવાથી ચારિત્ર થયું. એ ચારિત્રના આશ્રયે પણ શુક્લધ્યાન થતું નથી કેમ કે એ પર્યાય છે. એ પર્યાયને પણ અહીંયાં હેય કહી દીધી, પરભાવ કહી દીધી, પરદ્રવ્ય કહી દીધી. સ્વદ્રવ્ય શુદ્ધ ધ્રુવને જ સ્વદ્રવ્ય કહ્યું. આહા..હા..! સમજાય છે કાંઈ ? ભગવાન પરમાત્મસ્વરૂપ એક સમયમાં પૂર્ણ છે. શુદ્ધ જ્ઞાયક ચિદાનંદ પ્રભુની અનુભૂતિ કરવાથી, તેનો આશ્રય કરવાથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનુભવ થાય છે. તેનો આશ્રય કરવાથી શુક્લધ્યાન થાય છે, તેનો આશ્રય કરવાથી કેવળજ્ઞાન થાય છે. પર્યાયનો આશ્રય કરવાથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. સમજાય છે કાંઈ ?

ત્રણ બોલ લીધા છે. હેય, પરભાવ, પરદ્રવ્ય. ઓ..હો..હો..! 'કુંદકુંદાચાર્યદેવ' ની સિદ્ધ કરવાની પદ્ધતિ (ગજબ છે) ! ભગવનઆત્મા..! એક સમયની ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય પર્યાય છે ને ? એ તો વ્યવહાર આત્મા છે. શું કહ્યું ? સાંભળો ! વળી બીજી વાત આવી ગઈ. રાગ તો આસ્રવ છે, પણ સમ્યક્ શુદ્ધ ચૈતન્યદ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન, ક્ષાયિક ચારિત્ર પર્યાય ઉત્પન્ન થઈ એ વ્યવહાર આત્મા છે, પર્યાય આત્મા છે, પર્યાયના અંશરૂપ વ્યવહાર આત્મા છે, એ નિશ્ચય આત્મા નહિ. આહા..હા..! 'જંબૂપ્રસાદજી' !

શ્રોતા :– પર્યાયદષ્ટિ કરવાવાળો પર્યાયમૂઢ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં એકાકાર થાય તો મૂઢ છે પણ પર્યાય છે એમ જાણીને દ્રવ્યનો આશ્રય કરે તો જ્ઞાની છે. સમજાય છે કાંઈ ?

અહીં તો થોડું બીજું કહેવું હતું કે ભગવાન આત્મા ધ્રુવ શુદ્ધ વસ્તુ છે તેને ચાર નિક્ષેપના આશ્રયે આ આનંદની ઉત્પત્તિ કે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થતી નથી. હવે એ શુદ્ધ ભગવાન આત્મા એક સ્વભાવના આશ્રયે જે દશા થઈ એ દશાને પણ આચાર્ય અહીંયાં કહે છે કે અમે તેને હેય કહીએ છીએ, પરભાવ કહીએ છીએ, પરદ્રવ્ય કહીએ છીએ. વ્યવહારથી આત્મા (કહીએ છીએ). શુદ્ધપર્યાયને વ્યવહારથી આત્મા (કહીએ છીએ). ન્યાય સાંભળો !

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગની પર્યાય સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થઈ એ મોક્ષમાર્ગની પર્યાયને અમે વ્યવહાર આત્મા કહીએ છીએ. વ્યવહાર આત્માનો અર્થ એ નિશ્ચય આત્મા નહિ. નિશ્ચય આત્માનો અર્થ–એ પરદ્રવ્ય છે. આહા..હા..! ગજબ વાત છે. 'રાજબહાદુરજી' ! બહુ સૂક્ષ્મ છે, ભાઈ ! વ્યવહાર છે ને ? ભાઈ ! વ્યવહાર અન્યથા કહે છે, વાસ્તવિક દ્રવ્યને (કહેતો નથી). આહા..હા..! ગજબ શૈલી છે !

કહે છે કે આશ્રય કરવાલાયક નથી પણ એને અહીંયાં પરદ્રવ્ય કેમ કહ્યું એ સિદ્ધ કર્યું. ક્ષાયિકભાવ થયો સ્વભાવના આશ્રયે, ચારિત્ર થયું સ્વભાવના આશ્રયે, છઠ્ઠે ગુણસ્થાને ચારિત્ર આદિ એ પર્યાયને અહીંયાં હેય કહી, પરભાવ કહી, પરદ્રવ્ય કહી. વ્યવહારથી એ ચારિત્ર પર્યાય સહિત શુદ્ધ નિર્મળ પર્યાય છે એ વ્યવહાર આત્મા છે. નિશ્ચય આત્મા એક સમયની પર્યાય વિના ત્રિકાળી ધ્રુવ એ નિશ્ચય આત્મા છે. આહા..હા..!

ફરીને કહીએ છીએ. ઓ..હો..હો..! 'કુંદકુંદાચાર્યદેવ' ની કથનપદ્ધતિ કોઈ ગજબ શૈલી છે ! આ તો ભાઈ ! બીજી રીતે કહ્યું કે આત્મા એક સમયનો શુદ્ધ ધ્રુવ ત્રિકાળ ચૈતન્યમૂર્તિ એ નિશ્ચય આત્મા છે અને તેને આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય ઉત્પન્ન થઈ. રાગ તો અનાત્મા છે એને એક કોર રાખો, હજી રાગ બાકી છે ને ? પર્યાયમાં પૂર્ણ વીતરાગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી તો (રાગ છે), એ તો અનાત્મા છે, આસ્રવમાં ગયો પણ શુદ્ધ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થઈ તેને એક સમયનો અંશ કહીને વ્યવહાર આત્મા કહ્યો. એક સમયની પર્યાય છે ને ? શું કહ્યું સમજાયું ?

પ્રગટ જે છે એ તો એક સમયની પર્યાય છે, બીજે સમયે બીજી થાય છે, ત્રીજે સમયે ત્રીજી થાય છે. આહા..હા..! કેવળજ્ઞાન છે એ એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન બે સમય નથી રહેતું. બીજે સમયે બીજું (થાય છે). એવું જ પણ બીજું (થાય છે). 'જંબૂપ્રસાદજી' ! કેવળજ્ઞાન પર્યાય છે, ગુણ નહિ. ગુણ છે એ ત્રિકાળ સદશ રહે છે, પર્યાય વિસદશ (છે). એક સમયની કેવળજ્ઞાન પર્યાય થઈ એ બીજે સમયે તે જ નથી રહેતું, એવું જ થાય છે પણ એ નહિ, પર્યાય બીજી છે. તો કેવળજ્ઞાન પણ એક સમયનો અંશ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. ઓહો..હો..! ગજબ વાત છે ! સદ્ભુત વ્યવહારનયનો વિષય છે તો એને વ્યવહાર આત્મા કહ્યો. ઓ..હો..હો..! ગજબ શૈલી છે ! સમજાય છે કાંઈ ?

કહે છે કે નીચે સાધકદશામાં કેવળજ્ઞાન નથી. ક્ષાયિક સમકિત હોય, ચારિત્ર પર્યાય હોય, એક સમયના ત્રિકાળ ધ્રુવને સત્યાર્થ આત્મા કહે છે, સત્યાર્થ આત્મા કહે છે. એક સમયની પર્યાયને અસત્યાર્થ કહે છે. ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ કહે છે અને વ્યવહારની અપેક્ષાએ તેને વ્યવહાર આત્મા કહે છે. એ.. 'હિંમતભાઈ' ! ધીરે સમજો, ભાઈ ! ફરી કહીશું, એકદમ નહિ મુકી દઈએ. આહા..હા..!

શ્રોતા :– એમ લાગે છે કે એક જ છે, પણ દરેક સમયે બીજી પર્યાય થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રત્યેક સમયે બીજી છે. એ તો ઉત્પાદ થાય છે ને ! સમય સમયનો ઉત્પાદ નવો નવો છે.

અહીં તો બીજી વાત કહેવી છે કે આત્મામાં જે પર્યાય ઉત્પન્ન થાય છે, શુદ્ધ પર્યાય, શુદ્ધ પર્યાય. એ શુદ્ધ પર્યાય શુદ્ધ દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થઈ છે પણ એ શુદ્ધ પર્યાયને નિશ્ચય આત્મા કહેતા નથી, વ્યવહાર આત્મા કહીએ છીએ. કેમ કે અંશ છે. એક સમયની પર્યાય, ચારિત્ર મોક્ષમાર્ગની પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય વ્યવહાર આત્મા (છે). કેમ કે અંશ છે, ત્રિકાળનો એક ભેદ છે. ત્રિકાળને નિશ્ચય આત્મા કહે છે અને અંશને વ્યવહાર આત્મા કહે છે. વ્યવહાર કહ્યો તો નિશ્ચયથી તેને પરદ્રવ્ય કહી દીધું. આ..હા..હા..!

શ્રોતા :– ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રગટ થઈ તો પર ભિન્ન છે, ભિન્ન છે. ધ્રુવથી ભિન્ન છે. ઉત્પાદ રૂપ છે. ધ્રુવ તો ભિન્ન રહી ગયો. ઉત્પાદ રૂપ થઈ તો એટલી પર્યાયને–શુદ્ધ પર્યાયને નિશ્ચય આત્મા કહેતા નથી. નિશ્ચય તો કાયમ રહે એને નિશ્ચય આત્મા કહે છે. અરે..! અહીં તો બીજું લેવું છે. અહીં પરદ્રવ્ય કહ્યું ને ? વ્યવહારે આત્મા અને નિશ્ચયથી પરદ્રવ્ય. આ..હા..હા..! ગજબ વાત છે, ભાઈ ! હજી કહીશું, કહીશું. એમ નહિ ચલાવી લઈએ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***આત્મા છે એ એક સમયમાં ધ્રુવ સદશ ચિદાનંદ અનાદિઅનંત એકરૂપ વસ્તુ છે. એમાં ઉત્પાદ-વ્યય નથી, ઉત્પાદ-વ્યય નથી. ઉત્પાદ-વ્યય રહિત જે ધ્રુવ સ્વરૂપ છે તેને અહીંયાં નિશ્ચય આત્મા કહે છે. સમજાય છે કાંઈ ?*** 'પરમાત્મ પ્રકાશ' છે ? 'પરમાત્મ પ્રકાશ' ની ૪૩ ગાથામાં એમ લીધું છે. પહેલો અધિકાર અને બીજો અધિકાર બન્નેમાં ૪૩ (ગાથા છે).

***ઉત્પાદ-વ્યય વિનાનો ધ્રુવ એ જ યથાર્થ વાસ્તવિક આત્મા છે,*** એમ લખ્યું છે. આમાં આપણે આવ્યું ને ? 'નિયમસાર' માં આવી ગયું, 'નિયમસાર' માં આવી ગયું. શું કહે છે ? 'નિયમસાર' માં વાસ્તવિક આત્મા ક્યાં આવ્યું ? આવ્યું હતું ને ? શુદ્ધભાવમાં આવ્યું કે શેમાં આવ્યું ? શુદ્ધભાવ. આ આવ્યું, લ્યો ! અનાદિઅનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળો સહજ પરમપારિણામિક જેનો સ્વભાવ કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે. ***અનાદિનિધન અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવ શુદ્ધ સહજ પરમપારિણામિક ભાવસ્વભાવ કારણપરમાત્મા જ આત્મા છે. તેને જ આત્મા કહે છે. ત્રિકાળ ધ્રુવને વાસ્તવિક આત્મા કહ્યો. ઉત્પાદ-વ્યયને વાસ્તવિક આત્મા (કહ્યો) નથી. આહા..હા..!*** સમજાય છે કાંઈ ? જુઓ ! ખરેખર એ આત્મા છે. અહીં ટીકામાં પાઠ છે ને ? ***એક સમયનો ધ્રુવ ખરેખર આત્મા છે. ખરેખર કહો કે સાચો આત્મા કહો. એક સમયની પર્યાય ખરેખર આત્મા નથી, વાસ્તવિક આત્મા નથી. એ પર્યાયરૂપ વ્યવહાર આત્મા છે. આહા..હા..!*** શેઠ ! બહુ ઝીણું છે.

ફરીને, અહીં તો એમ ને એમ કેવ જવા દઈએ ? બરાબર પાકું કરવું જોઈએ ને ! ***એક સમયનો જે ધ્રુવ છે તેને અહીંયાં વાસ્તવિક આત્મા કહ્યો છે. વાસ્તવિક. એક સમયની પર્યાય જે છે, ચારિત્રની મોક્ષમાર્ગની પર્યાય એ વાસ્તવિક આત્મા નહિ. ભાઈ ! વાસ્તવિક નહિ તો અવાસ્તવિક આત્મા ઠર્યો. અવાસ્તવિક એટલે વ્યવહાર આત્મા થયો. આહા..હા..! ગજબ વાત છે !*** સંતોની કથની...! સમજાય છે કાંઈ ? એવી વાત દુનિયાને સાંભળવી કઠણ (પડે) એવી વાત છે. સમજાય છે કાંઈ ?

કહે છે કે એક સમયનો ભગવાન આત્મા, ઉત્પાદ-વ્યય કાઢી નાખો, ઉત્પાદ નહિ, ઉત્પાદ-વ્યય એક સમયની પર્યાય છે. ચાહે તો સિદ્ધ હો પણ એ ઉત્પાદ-વ્યય પર્યાય છે. શું (કહ્યું) ? ***સિદ્ધ પણ એક સમયની પર્યાય છે. દ્રવ્ય ત્રિકાળી કાયમ છે. તો એક સમયની પર્યાય એ ઉત્પાદ-વ્યય છે. વર્તમાન પર્યાય વ્યવહારનયનો વિષય થયો અને ત્રિકાળ સ્વરૂપ જે ભગવાન એકસ્વરૂપ છે તે નિશ્ચય–વાસ્તવિક આત્મા છે. આહા..હા..!*** એ પરિણમન વ્યવહાર આત્મા થઈ ગયો. પર્યાય છે કે નહિ ? એ પર્યાય છે. પરની ક્રિયા તો ક્યાંય જડમાં રહી ગઈ, એ તો વ્યવહાર છે જ નહિ. દયા, દાનનો રાગ આવ્યો એ વ્યવહાર નથી, એ તો પર વિકાર છે પણ અહીંયાં તો વ્યવહાર આત્મા કોને કહે છે ? આ..હા..હા..!

ભગવાન આત્મા એક સમયમાં અનંત ગુણનું એકસ્વરૂપ ધ્રુવ ચૈતન્યપ્રભુ, તેને વાસ્તવિક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્મા સર્વજ્ઞ પરમેશ્વર કહે છે. બપોરે એ ચાલે છે. અકારણકાર્યની શક્તિ એમાં પડી છે. એ આત્માને વાસ્તવિક આત્મા કહ્યો અને એ આત્માના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે પર્યાય ઉત્પન્ન થઈ... સમજાય છે કાંઈ ? પોતાના સ્વભાવના આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થઈ એ એક સમયનો અંશ છે, ઉત્પાદ-વ્યય અંશ છે, એ વાસ્તવિક ત્રિકાળ નથી તો એને વ્યવહાર આત્મા કહ્યો, અવાસ્તવિક આત્મા કહ્યો. સમજાય છે કાંઈ ? ***આહા..હા..! અવાસ્તવિક આત્મા કહો.. પર્યાય હોં ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય કે જે ત્રિકાળ આત્માને આશ્રયે પ્રગટ થઈ છે તે પર્યાયને ભગવાન વાસ્તવિક આત્મા કહેતા નથી. કેમ કે એક સમયની પર્યાય છે, એ વ્યવહારનો વિષય થઈ ગયો. વ્યવહાર છે એ અભૂતાર્થ છે. એ ત્રિકાળ ભૂતાર્થથી ભિન્ન છે.*** એક સ્વરૂપ ત્રિકાળ છે તેને ભૂતાર્થ આત્મા કહે છે, સત્યાર્થ આત્મા કહે છે. એક સમયની પર્યાયને, અનિત્યપણાને વ્યવહાર આત્મા કહે છે. એ વ્યવહાર આત્માને ૫૦ ગાથામાં કહ્યું કે હેય છે, પરભાવ છે, પરદ્રવ્ય છે. આહા..હા..! ગજબ વાત ! સમજાય છે કાંઈ ?

જુઓ ! આ 'પરમાત્મ પ્રકાશ'. બન્ને અધિકારમાં ૪૩ છે. જુઓ ! ૪૩. '**આગે યદ્યપિ પર્યાયાર્થિકનયકર ઉત્પાદવ્યયકર સહિત હૈ, તો ભી દ્રવ્યાર્થિકનયકર ઉત્પાદવ્યયરહિત હૈ, સદા ધ્રુવ (અવિનાશી) હી હૈ, વહી પરમાત્મા...**' એ જ પરમાત્મા (એટલે) પોતાનો (આત્મા) '**નિર્વિકલ્પ સમાધિ કે બલ સે તીર્થંકરદેવોં ને દેહ મેં ભી દેખ લિયા હૈ,...**' શું કહે છે ? ફરીને. પોતાની પર્યાયમાં જે ઉત્પાદ-વ્યય થાય છે, પર્યાયમાં, કર્મ જુદા, શરીર જુદું, ... જુદા. આખું 'પરમાત્મ પ્રકાશ' રેકોર્ડિંગમાં ઊતરી ગયું છે, બધું રેકોર્ડિંગમાં ઊતરી ગયું છે.

જુઓ ! પાઠ છે. '**अथोत्पादव्ययपर्यायार्थिकनयेन संयुक्तोऽपि यः द्रव्यार्थिकनयेन उत्पादव्ययरहितः स एव परमात्मा निर्विकल्पसमाधिबलेन जिनवरैर्देहेऽपि द्दष्ट इति निरूपयति-**' ભગવાન આત્મા એક સમયમાં અનંત ગુણનો પુંજ છે. એમાં ગુણ તો અનંત છે. એવો ધ્રુવ ઉત્પાદ-વ્યયની પર્યાયરહિત ભગવાન તીર્થંકરદેવે દેહમાં દેહનો સ્પર્શ કર્યા વિના આત્મા રહે છે. ઓ..હો..! એને દેહનો તો સ્પર્શ નથી પણ એને ઉત્પાદ-વ્યયનો સ્પર્શ નથી. સાંભળો ! ઉત્પાદ-વ્યયનો તદાત્મ્ય સ્પર્શ નથી. ***એક સમયની પર્યાય ઉત્પાદ-વ્યય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ જે મોક્ષનો માર્ગ, હોં ! શુદ્ધ દ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થયા એ એક સમયની પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. આ..હા..!*** એ વળી આવી ગઈ, ૧૭૨ ગાથા, 'પ્રવચનસાર' ૧૭૨ ગાથામાં કહે છે કે પર્યાયને દ્રવ્ય આલિંગન કરતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ !

શુદ્ધ ચૈતન્યધાતુ દ્રવ્ય વસ્તુ જેમાં અનંત ગુણ પડ્યા છે. અકાર્યકારણ ગુણ આદિ, જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણનું ધામ એને સર્વજ્ઞ પરમેશ્વર વાસ્તવિક આત્મા કહે છે. એવા આત્માને, દેહના સ્પર્શ વિના ભગવાન એમાં રહે છે, તો ભગવાન તીર્થંકરદેવે ઉત્પાદ-

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યય વિનાનો આખો આત્મા દેહથી ભિન્ન જોઈ લીધો છે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

એવો ભગવાન આત્મા ઉત્પાદવ્યયકર પર્યાયથી સહિત છે તોપણ દ્રવ્યાર્થિકનયકર ઉત્પાદ-વ્યય રહિત છે, સદા અવિનાશી જ છે. તે જ પરમાત્મા, તે જ વાસ્તવિક આત્માની અંતર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. પ્રથમમાં પ્રથમ ધર્મની શરૂઆત ત્યાં થાય છે. માથા ફોડીને મરી જાય, ક્રિયાકાંડ કરીને, વ્રત પાળીને (મરી જાય) પણ એને સમ્યગ્દર્શન બીજી રીતે થતું નથી. સમજાય છે કાંઈ ? મરી જાય, અપવાસ કરી કરીને શરીરનો ભુક્કો થઈ જાય, મહિના, બે મહિનાના માસખમણ કરીને, દયાના ભાવ કરીને મરી જાય, ચૂરો થઈ જાય (તો પણ) એમાં ધર્મ બિલકુલ નથી. ભગવાન આત્મા એક સમયનો ધ્રુવ ચૈતન્યપ્રભુને પકડવાથી–એનો આશ્રય ધર્મ થાય છે કરવાથી ધર્મ થાય છે, બીજી કોઈ રીત છે નહિ.

અહીં તો કહે છે કે જે ધર્મ પ્રગટ્યો એ પણ ઉત્પાદ-વ્યયવાળી પર્યાય (છે જે) વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! જેને રાગથી મુક્તિ થાય છે એ તો વ્યવહાર છે, એમ છે નહિ. પણ નિશ્ચય મોક્ષમાર્ગથી મુક્તિ થાય છે એ નિશ્ચય મોક્ષમાર્ગ તો રાગની અપેક્ષાએ કહ્યો, પણ ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય વ્યવહાર છે, કેમ કે અંશ ભેદ છે. સમજાય છે કાંઈ ? અરે..! સર્વજ્ઞે શું જોયું અને શું કહ્યું એની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય. ધૂળમાંય ધર્મ નથી. મરી ગયો અનંતકાળથી. ચોરાશીના અવતાર (કર્યા). જૈનનો દિગંબર સાધુ નિવૃત્તિ લઈને અનંત વાર પડ્યો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો !' ભગવાન આત્મા એક સમયમાં અખંડાનંદ પૂર્ણ અનંત ગુણનો પિંડ (છે), એની અંતરદૃષ્ટિ કરવાથી, એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. લાખ વાર ચાર નિક્ષેપથી, ભગવાનની મૂર્તિથી અને ભગવાનના દર્શનથી સમ્યગ્દર્શન ત્રણકાળમાં થતું નથી. સમજાય છે કાંઈ ? 'જંબૂપ્રસાદજી' ! આહા..હા..! ભારે વાત, ભાઈ !

ભાઈ ! શું કહ્યું ? - કે પ્રભુ આત્મા તો એક સમયનો અનાદિઅનંત ધ્રુવ, જેમાં અનંતા પરમાત્મા પડ્યા છે. શેમાં ? - કે દ્રવ્યમાં. દ્રવ્ય જે એક સમયનું છે એમાં તો અનંત સિદ્ધ પરમાત્મા પડ્યા છે. અનંતા સિદ્ધ ! કેમ કે સિદ્ધ એ પર્યાય છે. એવી અનંતી પર્યાય, સિદ્ધની અનંતી પર્યાય આત્મદ્રવ્યમાં અનંતી પર્યાય પડી છે. એવો ભગવાન આત્મા પરમાત્મા પોતે છે તેનો અનુભવ કરીને તેનો આશ્રય કરવો એ સમ્યગ્દર્શન છે. એ સિવાય ક્રિયાકાંડ કરીને મરી જાય, લાખ બીજું કરે અને એમાં ધર્મ માને તો મહામિથ્યાત્વ સેવે છે. મિથ્યાત્વ-પાપ ક્ષણે ક્ષણે (થાય છે). મહાપાપ તો એ છે. મિથ્યાત્વ જેવું કોઈ પાપ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? રાગથી ધર્મ થાય છે ને દયાથી ધર્મ થાય છે ને હું પરની દયા પાળી શકું છું.. મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. પાપી છે, પાપી મહામોટો પાપી છે. મિથ્યાત્વ જેવું (મોટું પાપો કોઈ નથી). સાત વ્યસનના પાપ કરતાં મિથ્યાત્વનું પાપ અનંતગુણું છે. સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ.. 'શોભાલાલજી' ! અહીંયાં કઠણ વાત છે.

શ્રોતા :- સરળ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- સરળ છે ? શેઠ પણ હવે રાજી થઈ ગયા, લ્યો !

ભગવાન આત્મા..! અહીં ૪૩ ગાથામાં તો એમ કહેવું છે કે ઉત્પાદ-વ્યય રહિત જે આત્મા એ આત્મા છે, એ વાસ્તવિક આત્મા છે. અહીં પણ એ કહ્યું કે ખરેખર આત્મા, કારણ પરમાત્મા, એક સમયમાં અનંત ગુણનો પિંડ એકરૂપ તે જ ખરેખર વાસ્તવિક આત્મા છે. પર્યાય જે છે એ વાસ્તવિક આત્મા નહિ. શરીર તો.. આહા..હા..! જુઓ ! મગજમાં બીજો પ્રશ્ન આવ્યો. શરીરનો પ્રશ્ન થયો હતો ને ? પંડિતજી ! 'જયપુર.. જયપુર' ! પંડિતજીની હયાતીમાં ત્યાં 'જયપુર' માં શરીરનો પ્રશ્ન થયો હતો. જીવિત શરીરથી ધર્મ થાય છે કે નહિ ? એવો પ્રશ્ન (થયો હતો). ભગવાન ! સાંભળ તો ખરો ! આત્મામાં એક એવો ગુણ છે કે સ્વધર્મવ્યાપક છે. રાગ, શરીરમાં તો આત્મા કદી વ્યાપ્યો જ નથી. આત્મામાં એક સ્વધર્મવ્યાપક નામનો ગુણ છે. ૪૭ શક્તિમાં એક ગુણ છે. સમજ્યા ? ૪૭ શક્તિ છે ને ? આ 'સમયસાર' માં પાછળ છે. સમજાય છે કાંઈ ? પોતાના અનંત ગુણમાં સ્વધર્મમાં વ્યાપક છે. કદી શરીરમાં, રાગમાં આત્મા વ્યાપ્યો નથી. આહા..હા..! એનો આત્મા કહે છે. આહા..હા..! અહીં તો કહે છે, પ્રભુ !

આ દસલક્ષણીનું વ્યાખ્યાન છે. આ મોક્ષમાર્ગનું વ્યાખ્યાન છે. અકિંચનનું છે ને ? આ ઉત્પાદ-વ્યય મારા નહિ, ધ્રુવ મારો છે, એમ છે લ્યો ! ***શરીર તો મારું નહિ, વાણી મારી નહિ, ખાવું-પીવું બધી જડની ક્રિયા છે, મારી નહિ. અને અંદરમાં દયા, દાનનો રાગ આવે એ મારો નહિ. એ તો નહિ પણ ઉત્પાદ-વ્યયની પર્યાય મારા ત્રિકાળમાં છે એવી પર્યાય મારામાં નથી. મારી હોય તો કાયમ રહે. એક સમયની છે. એક સમયની વ્યવહાર છે, એક સમયની છે.*** એક સમયની છે, ત્રિકાળ નહિ. એ અપેક્ષાએ તો અગિયારમી ગાથામાં અભૂતાર્થ કહી દીધી. '**ववहारोऽभूदत्थो**' પર્યાય અસત્યાર્થ છે. આ અપેક્ષાએ, હોં ! ત્રિકાળમાં નથી એ અપેક્ષાએ. પર્યાય તો પર્યાય છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! અરે..! એને સત્યની ખબર ન મળે અને ધર્મ થાય છે ને કલ્યાણ થાશે. મરી જઈશ હવે. ચોરાશીના અવતારમાં અનંતવાર ઘોદા ખાદા. નિગોદના રસ્તે હોય અને માને કે અમે કાંઈક ધર્મને રસ્તે છીએ.

અહીં તો કહે છે, એકવાર સાંભળ તો ખરો ! ચૈતન્ય ભગવાન એક સમયમાં ધ્રુવ બિરાજમાન (છે) તેને અમે નિશ્ચય આત્મા, વાસ્તવિક આત્મા કહીએ છીએ. કેમ ? - કે એને આશ્રયે જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટ થાય છે. એને આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટ થયો એ પણ ઉત્પાદ-વ્યયની પર્યાય છે. એ ઉત્પાદ-વ્યયની પર્યાયના આશ્રયે નવી શુદ્ધિ ઉત્પન્ન થતી નથી. માટે, નિશ્ચય મોક્ષમાર્ગને પણ અમે વ્યવહાર આત્મા કહીએ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છીએ. નિશ્ચયથી એને પરદ્રવ્ય કહીએ છીએ. આહા..હા..હા..! ગજબ વાત છે ! ક્યાંની ક્યાં વાત આવી ગઈ ! કહો, 'જિનેશ્વરદાસજી' ! યાદ રહેવું જરી કઠણ છે, બોલ થોડો સૂક્ષ્મ આવી ગયો છે ને !

અહીં તો કહે છે કે પ્રમાણ, નય, નિક્ષેપ ચાર. ભગવાન હો, સ્થાપના હો, યોગ્યતા પોતાની પર્યાયમાં ભાવનિક્ષેપ હો, ભગવાનની પર્યાયમાં કેવળજ્ઞાન ભાવનિક્ષેપ છે, એના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. ભાવનિક્ષેપ પર્યાય છે. વર્તમાન પ્રગટ પર્યાયને ભાવનિક્ષેપ કહે છે. એને આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. તો ભગવાનના દર્શનથી અને બહારથી સમ્યગ્દર્શન થાય છે એમ ત્રણકાળમાં નથી. વ્યવહાર છે ખરો, શુભભાવ છે, હો, પણ એને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે કે જ્ઞાન થાય છે કે ચારિત્ર થાય છે એમ ત્રણકાળમાં નથી. કહો, સમજાય છે કાંઈ ? 'દાસબહાદુરજી' ! એ.. 'વેણીપ્રસાદજી' ! ગજબ વાત છે ! પ્રભુ ! તારી એવી લીલા છે એની તને ખબર નથી. હજી ખબર નથી. બેખબરો અજ્ઞાની મૂઢ (છે) અને માને છે કે અમને ધર્મ થાય છે. ક્યાં છે તારો ધર્મ ? સમજાય છે કાંઈ ?

એક સમયમાં ભગવાન આત્મા.. અહીં તો કહે છે કે કોઈ એમ કહે કે ભગવાનના દર્શનથી સમકિત થાય છે તો અહીં કહે છે કે વિલક્ષણ વ્યવહારનયના વિષયમાં ગયું. તેનાથી સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા..! **'એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ જીવસ્વભાવનો અનુભવ કરતાં...'** સમ્યગ્દર્શન થાય છે. અનુભૂતિ પોતાના આશ્રયે થાય છે. કોઈ વિકલ્પથી કે પરના આશ્રયે થતી નથી. સાક્ષાત્ પરમેશ્વર સમવસરણમાં બિરાજમાન હો તો એના આશ્રયે પણ સમ્યગ્દર્શન થતું નથી. દિવ્યધ્વનિના આશ્રયે થતું નથી. પહેલા એ આવતું ને ? દિવ્યધ્વનિથી લાભ નહિ ? સાંભળ તો ખરો. દિવ્યધ્વનિ સાંભળે છે તો એ વિકલ્પ શુભરાગ છે. કેમ કે એ પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ ? એનાથી સમ્યગ્દર્શન થતું નથી. રાગ મંદ કરીને સાંભળે છે, જ્ઞાનનો ક્ષયોપશમ છે તેના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા..!

દ્રવ્યના આશ્રયે થાય છે. પોતાના આશ્રયે (થાય છે). (બીજા બધા) નિમિત્તના કથન છે. (ભગવાનની પ્રતિમાના દર્શનથી સમ્યગ્દર્શન થયું) એમ કહ્યું પરંતુ એમ છે નહિ, છે નહિ, પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું. છે નહિ (તેને કહ્યું). વ્યવહારનો વિષય જ એવો જ છે કે છે નહિ તેને કહેવું તેનું નામ વ્યવહાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

ભાઈ ! તેં તારો આત્મા સર્વજ્ઞે જોયો એવો તેં કદી માન્યો નહિ. માને તો તો સમ્યગ્દર્શન થઈ જાય અને જન્મ-મરણનો અંત આવી જાય. ચાહે તો છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો હોય. સમજાય છે કાંઈ ? આવે છે ને ? છન્નુ હજાર. આમાં ચોરાશી હજાર છે. એમાં પડ્યો હોય તો શું છે ? ભોગની વાસના હોય તો રાગદોષ છે. અંતરમાં રાગથી ભિન્ન મારી ચીજ અખંડાનંદ પ્રભુ છે તેના આશ્રયે સમ્યગ્દર્શન થયું છે તો બંધ છે જ નહિ, ચાલ ! સમજાય છે કાંઈ ? મિથ્યાત્વથી બંધ પડે તેને જ બંધ કહેવામાં આવ્યો છે. બપોરે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ ચાલે છે. આહા..હા..! હજી તો રાગ મંદ કરે ને આમ કરે ને તેમ કરે... મંદ કરવો પડે, કરવો પડે. શું કરવું પડે ? મંદ રાગ કરવો એવી કર્તાબુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન આત્મા રાગથી ભિન્ન છે. રાગ કરવો પડે ને ! કરવો તો પડે ને ! મૂઢ છે. ચૈતન્યનું ખુન કરનારો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? બીજાની હિંસા કરે, ન કરે પોતાની મહાન હિંસા કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

અહીં તો કહે છે, આપણે તો એ વિષય જરી સૂક્ષ્મ (ચાલે છે) કે ઉત્પાદ-વ્યય પર્યાયને પણ નિશ્ચયથી ન કહ્યો. વ્યવહાર આત્મા કહ્યો. પર્યાય છે કે નહિ ? પર્યાયને વ્યવહાર કહો, દ્રવ્યને નિશ્ચય કહો. તો એક સમયની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય પ્રગટ થઈ એ પર્યાય છે તો પર્યાયનો વિષય વ્યવહારનયનો વિષય થઈ ગયો. તો વ્યવહાર આત્મા થયો, નિશ્ચય આત્મા ન થયો. આ ભારે ગજબ વાત ! તો દયા, દાનના વિકલ્પ તો ક્યાંય રહી ગયા, એ તો ધૂળમાં ગયા. એ રાગ તો આસ્રવતત્ત્વમાં છે. આહા..હા..! બહુ સત્ય વાત છે, પણ એ જ સત્ય છે, એ જ સત્ય છે. શરૂઆતનું સત્ય આ જ છે. ત્રણકાળ ત્રણલોકમાં બીજું કોઈ સત્ યથાર્થ છે જ નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા..!

શ્રોતા :– ઊંડું સ્વરૂપ..

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંદરમાં ઊંડું સ્વરૂપ ભગવાન આત્મા છે ત્યાં ગોથા ખાવા પડશે... ત્યાં અંદર વારંવાર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થશે, બીજો કોઈ ઉપાય નથી. લાખ ક્રિયાકાંડ કરીને મરી જાય, અપવાસ ને દયા ને દાન ને વ્રત ને... આહા..હા..! 'દાસબહાદુરજી' ! શું આમાં એકલો નિશ્ચયાભાસ નથી થતો ? અરે..! સાંભળ તો ખરો ! તેં નિશ્ચય શું છે તે (સાંભળ્યું નથી).

ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, એ જ વાસ્તવિક આત્મા છે. એના આશ્રયે અનુભવ કરવાથી અનુભૂતિ થાય છે. ભગવાનના નિક્ષેપથી અને સામે પરમાત્મા તીર્થંકર ભાવનિક્ષેપ હોય તોપણ એને આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. સમજાય છે કાંઈ ? તો વળી દયા, દાનના પરિણામથી સમ્યગ્દર્શન થાય છે અને હું પરની ક્રિયા કરી દઉં... સમજાય છે ? (એમ માનનાર) મહા મોટો પાપી મૂઢ છે. પરદ્રવ્યમાં હું કાંઈક સંસ્કાર પાડું છું, પરદ્રવ્યમાં હું કાંઈક સુધાર કરું છું (એમ માનનાર) મોટો પાપી મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

શ્રોતા :– બહુ દૂરની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બહુ દૂરની વાત રહી. હા, બહુ સ્થૂળ મિથ્યાત્વ છે. એ તો મોટું સ્થૂળ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ ?

અહીં તો (કહે છે), રાગના વિકલ્પથી મને લાભ થશે (માનનાર) પાપી, મિથ્યાદૃષ્ટિ તારી જૂઠી દૃષ્ટિ છે. એ સત્યનું ખુન કરનારો છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! એ તો ઠીક પણ કહે છે કે પર્યાયને આશ્રયે લાભ થશે એમ માનનાર મૂઢ છે, અહીં તો રાગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક કોર રહી ગયો. ક્ષયોપશમ જ્ઞાન છે, ક્ષયોપશમ જ્ઞાન છે, ક્ષયોપશમ દર્શન છે, ક્ષયોપશમ વીર્ય છે. પર્યાયમાં છે ને ? એને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે (એમ માનનાર) પર્યાયમૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ ? આ બધું નિક્ષેપમાંથી આવી ગયું. અહીં તો ભાવનિક્ષેપ ખ્યાલમાં હતો ને ! ભાવનિક્ષેપ પણ કેવળજ્ઞાન છે તેને આશ્રયે પણ નહિ. આહા..હા..!

પર્યાય તો એક સમયની દશા છે. એનો આશ્રય કરે તો વિકલ્પ થાય છે. એક સમયની પર્યાયમાં બીજી પર્યાય રહે છે ? એક સમયની પર્યાયમાં બીજી પર્યાય રહે છે ? અનંતી શુદ્ધ પર્યાય તો દ્રવ્યમાં રહે છે. દ્રવ્યસ્વભાવ ત્રિકાળ ભગવાન આત્માની રુચિ કરવાથી, અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ ? ઓ..હો..!

**'આ રીતે આ પ્રમાણ-નય-નિક્ષેપોમાં ભૂતાર્થપણે એક જીવ જ પ્રકાશમાન છે.'** નવ તત્ત્વમાં, પ્રમાણ, નય, નિક્ષેપમાં ભગવાન આત્મા એકલો સત્ય પ્રભુ, સત્ય પ્રભુ, સચ્ચિદાનંદ ધ્રુવ પ્રભુ જ બિરાજમાન છે. એને સત્ય આત્મા કહે છે. સમજાય છે કાંઈ ?

**ભાવાર્થ :– 'આ પ્રમાણ, નય, નિક્ષેપોનું વિસ્તારથી વ્યાખ્યાન તે વિષયના ગ્રંથમાંથી જાણવું; તેમનાથી દ્રવ્યપર્યાયરૂપ વસ્તુની સિદ્ધિ થાય છે.'** કારણ કે જાણવાથી દ્રવ્ય શું છે, પર્યાય શું છે તેનો બોધ થાય છે. બોધ (એટલે અહીંયાં) યથાર્થ જ્ઞાનની વાત નથી. સાધારણ બોધ થાય છે, એમ. **'તેઓ સાધક અવસ્થામાં તો સત્યાર્થ જ છે...'** પ્રમાણથી, નયથી વાસ્તવિક વસ્તુની લક્ષમાં સિદ્ધિ કરવી એ પ્રથમ અવસ્થામાં સાચું છે. **'કારણ કે તે જ્ઞાનના જ વિશેષો છે. તેમના વિના વસ્તુને ગમે તેમ સાધવામાં આવે...'** પોતાની કલ્પનાથી (સાધવા જાય અને) ભગવાને કહ્યા એવા નય, નિક્ષેપથી, પ્રમાણથી વસ્તુની સિદ્ધિ ન કરે તો વિપરીત થઈ જાય, વિપરીત થઈ જાય.

**'અવસ્થા અનુસાર વ્યવહારના અભાવની ત્રણ રીતિ છે : પહેલી અવસ્થામાં પ્રમાણાદિથી યથાર્થ વસ્તુને જાણી જ્ઞાનશ્રદ્ધાનની સિદ્ધિ કરવી;...'** પ્રમાણથી કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોવે છે. એમ પર્યાયને પહેલા વિકલ્પથી નક્કી કરવી. મતિ-શ્રુત પરોક્ષ છે, અવધિજ્ઞાન, મનઃપર્યય જ્ઞાન દેશપ્રત્યક્ષ છે એમ વિકલ્પથી બરાબર નક્કી કરવું. એમ નક્કી કરી પછી તેને છોડી એકલા જ્ઞાયકભાવનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થાય છે. આ ધર્મની પહેલી સીઢી અને પહેલી શરૂઆત. સમજાય છે કાંઈ ? એ વિના ત્રણકાળ ત્રણલોકમાં કોઈ ક્ષેત્રમાં બીજી રીતે ધર્મ થતો નથી.

**'જ્ઞાનશ્રદ્ધાન સિદ્ધ થયા પછી શ્રદ્ધાન માટે તો પ્રમાણાદિની કાંઈ જરૂર નથી.'** સમ્યગ્દર્શન-જ્ઞાનમાં વસ્તુની પ્રાપ્તિ થઈ પછી પ્રમાણની કંઈ જરૂર નથી. **'પણ હવે એ બીજી અવસ્થામાં પ્રમાણાદિના આલંબન દ્વારા વિશેષ જ્ઞાન થાય છે...'** સમ્યગ્દર્શન થયા પછી પણ વિશેષ જ્ઞાન કરવાથી ક્રમે ક્રમે સ્વરૂપમાં સ્થિરતા કરવાથી **'રાગ-દ્વેષ-મોહકર્મના સર્વથા અભાવરૂપ યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે;...'** કેમ કે પ્રમાણનું જ્ઞાન કરવું છે ને ? દ્રવ્ય સામાન્ય ત્રિકાળ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે અને પર્યાય એક સમયની છે. એમાં આવી ગયું કે દ્રવ્યના આશ્રયે લાભ થાય છે. દ્રવ્યના આશ્રયે લાભ થયો એમ વિશેષ જ્ઞાન કરવાથી દૃષ્ટિ પહેલા તો જાણે છે, તો વિશેષ જ્ઞાનથી **'રાગ-દ્વેષ-મોહકર્મના સર્વથા અભાવરૂપ યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે; તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે;...'**

**'કેવળજ્ઞાન થયા પછી પ્રમાણાદિનું આલંબન રહેતું નથી. ત્યાર પછી ત્રીજી સાક્ષાત્ સિદ્ધ અવસ્થા છે ત્યાં પણ કાંઈ આલંબન નથી. એ રીતે સિદ્ધ અવસ્થામાં પ્રમાણ-નય-નિક્ષેપોનો અભાવ જ છે.'** ટૂંકામાં શું કહે છે ? પહેલા પ્રમાણથી આખી ચીજ દ્રવ્ય અને પર્યાય શું છે એ નક્કી કરવું. નયથી એક એક ધર્મ અને એક એક ગુણ કે એક એક પર્યાયને નક્કી કરવી. અને નિક્ષેપથી નામ, સ્થાપના, યોગ્યતા અને ભાવ શું છે એ નક્કી કરવું. બસ એટલું. એ નક્કી કર્યા પછી એનું લક્ષ છોડી દેવું અને નિજ ચૈતન્યનો આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરવા. પછી પ્રમાણ, નય, નિક્ષેપની શ્રદ્ધા–જ્ઞાનમાં જરૂર નથી. પછી ચારિત્ર માટે વિશેષ સિદ્ધ કરવું હોય તો ચારિત્ર સ્વભાવના આશ્રયે થાય છે, રાગના આશ્રયે થતું નથી. સંઘયણ મજબુત શરીર હોય તો ચારિત્ર થાય છે એમ છે નહિ. એમ નક્કી કરી ચારિત્ર પ્રગટ કરવું. પછી પ્રમાણ, નય, નિક્ષેપની જરૂર નથી. પછી કેવળજ્ઞાન થયું ત્યાં જરૂર નથી, સિદ્ધ થયા પછી જરૂર નથી. એનો કળશ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** ભગવાન આત્માને શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિથી જોવે તો તારું દ્રવ્ય ત્રિકાળી શુદ્ધ છે, જેમાં રાગ અને એક સમયની પર્યાય પણ નથી, જે ઘડ્યા વિનાનો ઘાટ છે અર્થાત્ રાગ અને વિકલ્પથી રહિત ટંકોત્કીર્ણ ભગવાન આત્મા છે. અનંતગુણોનો અમૂર્તિક પદાર્થ છે, જ્ઞાયકસ્વભાવ છે, જાણન...જાણન...જાણન જેનો સ્વભાવ છે, ત્યાં મતિ લગાડવી. વીતરાગી જ્ઞાયકસ્વભાવ કે જેમાં દેવ-શાસ્ત્ર-ગુરુનો રાગ પણ નથી, દેહ-વાણી-મન પણ જેમાં નથી, એવો સદા આનંદકંદ પ્રભુ છે. મતિ ત્યાં લગાવ, તો તારું કલ્યાણ થશે. એ સિવાય કલ્યાણ થશે નહીં.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૭૨, પ્રવચન નં. ૧૪૦
## તા. ૨૬-૦૯-૧૯૬૬
## [૨૫]

'સમયસાર' 'કર્તા-કર્મ અધિકાર' ચાલે છે. ૭૨ ગાથા. અમારી બોંતેર અમારી ભાષા છે, તમારી બહત્તર કે જે હોય ઇ. અમને હિન્દી એવું નથી આવડતું. જુઓ ! છેલ્લો ત્રીજો બોલ છે. ૭૨ માં આવ્યું ને ? **'णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं'** ૭૨ છે ને ? ૭૦ + ૨. આ ટીકા ચાલે છે, જુઓ ! બે બોલ તો આવી ગયા. બીજો બોલ પણ આવી ગયો પણ વિશેષ સ્પષ્ટતા માગે છે. પહેલા શું કહે છે ? **'णादूण आसवाणं असुचित्तं तदो णियत्तिं कुणदि जीवो।'** આવા શબ્દો છે. જે કોઈ પ્રાણી પુણ્ય-પાપના વિકલ્પને મલિન જાણીને ભગવાન આત્મા સદા અતિ નિર્મળ છે (એમ જાણે છે). ઇચ્છા માત્ર, ચાહે તો વ્રતની ઇચ્છા હો, ભક્તિની હો, પૂજાની હો, દયાની હો કે કોઈ પણ હો, ઇચ્છામાત્ર દુઃખરૂપ છે, ઇચ્છામાત્ર મલિન છે અને ભગવાન આત્મા સદા અતિ નિર્મળ છે. એમ **'णादूण आसवाणं असुचित्तं णियत्तिं कुणदि जीवो।'** અંતરમાં એ રાગથી નિવૃત્ત થઈને પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય છે તેને સમ્યગ્દર્શન અને આત્માની અનુભૂતિ થાય છે. અહીંથી ધર્મ શરૂ થાય છે. સમજાય છે કાંઈ ?

બીજો બોલ. **'णादूण आसवाणं विवरीयभावं'** જે રાગ ઉત્પન્ન થાય છે– દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, પૂજા આદિ કે કામ, ક્રોધ એ બધા વિપરીત ભાવ છે. ચૈતન્યથી વિપરીત જડ છે. સમજાય છે કાંઈ ? ચૈતન્યપ્રકાશનો સૂર્ય (છે), રાગમાં ચૈતન્યનો અંશ નથી. એ કારણથી શુભ દયા, દાન, વ્રતાદિના ભાવ છે એ પણ જડ છે. જડનો અર્થ રજકણ નહિ, પણ એમાં ચૈતન્ય સૂર્યપ્રકાશમૂર્તિ પ્રભુનું ચૈતન્ય કિરણ એ રાગમાં નથી, એ કારણે રાગને વિપરીત જડ કહેવામાં આવ્યો છે.

**'णादूण आसवाणं विवरीयभावं'** એ આસ્રવ વિપરીત ભાવ છે. ભગવાન ચૈતન્યસ્વભાવ પોતાનો રાખે છે. એમ બે વચ્ચે તફાવત જાણીને પોતાના આત્મામાં, અનુભૂતિમાં એ વિપરીત ભાવને છોડે છે, (રાગથી) વિપરીત ભાવરૂપ પરિણમન કરે છે તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ?

હવે ત્રીજો બોલ ચાલે છે. **'णादूण आसवाणं दुक्खस्स कारणं'** જે કોઈ વિકલ્પ, વૃત્તિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉઠે છે એ બધી દુઃખરૂપ છે. શુભભાવ કે અશુભભાવ દુઃખરૂપ છે. **'णादूण दुक्खस्स कारणं तदो णियत्तिं कुणदि जीवो।'** અંતરમાં એ વિકારને દુઃખરૂપ જાણીને આસ્રવ આકુળતાને ઉત્પન્ન કરનારા છે. માટે દુઃખના કારણ છે. વૃત્તિમાત્ર શુભ અને અશુભ દુઃખકારણ છે, દુઃખરૂપ છે, ઝેર છે. સમજાય છે કાંઈ ? 'સેઠી' ! ઝેર કહો, દુઃખરૂપ કહો.

**'ભગવાન આત્મા તો સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમ કોઈનું કારણ નહિ હોવાથી,...'** કાલે આ વાત વિશેષ ચાલી હતી. શું (કહે છે) ? જુઓ ! આજે વિશેષ ચાલે છે, કાલે આવ્યું હતું. આત્મા અનંત ગુણસંપન્ન છે. અનંત ગુણસંપન્ન ! વસ્તુ એક, એમાં અનંતાનંત ગુણસંપન્ન છે. એમાં એક ગુણ એવો છે કે અકાર્યકારણ નામનો આત્મામાં અનાદિઅનંત એક ગુણ છે. જેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, શ્રદ્ધાસ્વરૂપ છે એમ અકાર્યકારણસ્વરૂપ આત્મા છે. આત્મામાં એ અકાર્યકારણ નામની શક્તિ, ગુણ, સ્વભાવ અનાદિઅનંત છે. તો એ આત્મા જે રાગ, વિકાર ઉત્પન્ન થાય છે એ વિકારનું કાર્ય પણ નથી અને વિકારનું આત્મા કારણ પણ નથી. સમજાય છે કાંઈ ? દેહ, વાણીની ક્રિયાની વાત નથી એ તો જડ છે, પર છે. એની ક્રિયા તો અજ્ઞાની આત્મા પણ કરી શકતો નથી. આ દેહ, વાણી, હાલવું, ચાલવું, આમ બોલવું એ ક્રિયા તો આત્માની ત્રણકાળમાં અજ્ઞાનીની પણ નથી. સમજાય છે કાંઈ ? શું કહ્યું ?

પરદ્રવ્યની પર્યાય એ તો પરદ્રવ્યનું કાર્ય છે કેમ કે પ્રત્યેક પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્ય યુક્તં છે. તો પ્રત્યેક રજકણ, એક એક પોંઈટ પોતાનું ધ્રુવપણું કાયમ રાખીને પોતાના ઉત્પાદપણે પર્યાયનું કાર્ય કરે છે. એનું કાર્ય બીજો કરે એવું ત્રણકાળ ત્રણલોકમાં બનતું નથી. સમજાય છે કાંઈ ?

આજે એક તો પ્રશ્ન એવો મગજમાં આવ્યો હતો, પેલું ક્રમવર્તીનું બહુ આવે છે ને ? ક્રમવર્તી. ક્રમવર્તી પર્યાય ક્રમવર્તી છે ને ? પર્યાય આત્મદ્રવ્યમાં ક્રમવર્તી (છે). એક પછી એક પછી એક પછી એક (પર્યાય છે) અને ગુણ અક્રમ છે. સાંભળો ! તો પર્યાય જે ક્રમવર્તી વ્યવસ્થિત થાય છે અને ગુણ અક્રમ છે તો આત્મામાં એક ક્રમઅક્રમ નામનો ગુણ પડ્યો છે. ક્રમવર્તી-અક્રમવર્તી નામનો એક ગુણ પડ્યો છે. જુઓ ! (૧૮ મી શક્તિ). આ તો જરી ક્રમવર્તીમાં બીજો વિચાર આવી ગયો. શું આવ્યું ? ક્રમવર્તી છે ને ? ક્રમવર્તી. ક્યાં આવ્યું ?

**'ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે...'** જરી સાંભળો ! એમાં ક્રમવર્તીનો ખુલાસો આવે છે. શું કહે છે ? જુઓ ! આજે બપોરે વળી વિચારમાં આવ્યું. જુઓ ! સાંભળો ! છે ? **'ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવશક્તિ.'** ક્રમવૃત્તિરૂપ પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ છે, અક્રમવૃત્તિરૂપ ગુણ ધ્રુવરૂપ છે, એવો આત્મામાં એક ગુણ છે, ભાઈ ! સાંભળો ! આત્મામાં એક ઉત્પાદવ્યયધ્રુવ હોય એવો એક ગુણ છે. સમજાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કાંઈ ? ક્રમવૃત્તિરૂપ પર્યાયમાં થવું અને અક્રમરૂપ ગુણરૂપ રહેવું એવો આત્મામાં એક ગુણ છે. ઉત્પાદવ્યયધ્રુવત્વ નામની એક શક્તિ છે.

જેમ આનંદ નામની શક્તિ આત્મામાં છે એમ ઉત્પાદવ્યયધ્રુવ – ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિ નામનો એક ગુણ અંદર છે. એ ગુણને કારણે ક્રમરૂપ વર્તે છે અને અક્રમ (ગુણ છે). એ ગુણ આત્મામાં છે તો એ આત્માની દૃષ્ટિ (થવાથી)... અહીં તો એ કાઢવું છે, ભાઈ ! કે ક્રમવૃત્તિરૂપ થાય છે એનું ફળ શું ? સાંભળો ! ***થોડી સૂક્ષ્મ વાત છે. આત્મામાં ક્રમસર અવસ્થા થાય છે. પરમાં પણ ક્રમસર થાય છે, આઘીપાછી કોઈની પર્યાય થતી નથી. અનંત પરમાણુ હો કે અનંત આત્મા હો, જે સમયે જ્યાં પર્યાય થવાની છે તે થાય છે, એમાં કોઈ આઘીપાછી થાય છે એવું ત્રણકાળમાં નથી.***

એમ આત્મામાં પણ ક્રમસર વ્યવસ્થિત પર્યાય જે થાય છે અને અક્રમ જે ગુણ છે એ ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિરૂપ એક ઉત્પાદવ્યયધ્રુવત્વ નામનો ગુણ આત્મામાં છે. સમજાય છે કાંઈ ? એ ગુણનો ધરનારો આત્મા છે. તો જ્યારે ક્રમવર્તી પર્યાય છે તેનો નિર્ણય કરનાર.. માણસ એમ કહે છે કે ક્રમસર થાય છે તો અમારે પુરુષાર્થ શું કરવો ? સમજાય છે કાંઈ ? જરી શાંતિથી સાંભળો ! આ તો અંતરની મૂળ વાત છે, જે એણે અનંતકાળમાં એણે દૃષ્ટિમાં લીધી નથી.

ક્રમવર્તી - ક્રમસર ક્રમબદ્ધ પર્યાયનું થવું અને અક્રમ રહેલા ગુણ. એકસાથે અનંત ગુણ એમાં સીધા પડ્યા છે, આમ (તીરછા) વિસ્તારમાં છે અને ક્રમ પર્યાય આમ ઊર્ધ્વ વિસ્તાર છે. પર્યાયમાં વ્યવસ્થિત ઊર્ધ્વ ક્રમ પડ્યો છે અને ગુણમાં આમ અનંત ગુણ (તીરછા) પડ્યા છે. એ બધામાં એક ગુણ એવો છે કે ઉત્પાદવ્યયધ્રુવ યુક્તં ક્રમવર્તી-અક્રમવર્તી નામનો એક ગુણ છે. ક્રમવર્તી પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ નિર્ણય કરનારને ઉત્પાદવ્યયધ્રુવ જે ગુણ અંદર છે, એને ધરનાર દ્રવ્ય છે એની દૃષ્ટિ થવાથી તેને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..!

ફરીને.. ફરીને કહીએ છીએ, હોં ! જુઓ ! પ્રભુ ! આ વાત એવી છે આ તો અંતરની ચીજ છે. જેણે અંદરમાં કદી ચીજ શું છે ? આત્માની પ્રતીત ક્યારે થાય છે ? આત્મા છે એવી પ્રતીતિ ક્યારે થાય છે ? - કે આત્મામાં જેટલા ગુણ છે એ ગુણ સહિત જે દ્રવ્ય છે એની પ્રતીતિ થાય છે તો આત્માની પ્રતીતિ છે. તો આત્મામાં એક ક્રમવર્તી અને અક્રમવર્તી નામનો ગુણ છે. સમજાય છે કાંઈ ? શું ? આ ૧૮ મો ગુણ, ૧૮ મી શક્તિ. ક્રમવર્તીરૂપ અને અક્રમવર્તીરૂપ વર્તન–વર્તના. આત્મામાં ક્રમે ક્રમે વર્તવું અને અક્રમે રહેવું એવો આત્મામાં એક ગુણ છે. તો ક્રમવર્તીમાં માણસ કહે છે કે જે ક્રમબદ્ધ થાય છે તો એમાં અમારે પુરુષાર્થ શું કરવો ? ક્રમે થશે, ક્રમે ક્રમે (થશે). પ્રભુ ! પણ સાંભળ તો ખરો ! સમજાય છે કાંઈ ? 'રાજબહાદુરજી' ! જરી ખ્યાલ રાખજો !

ક્રમવર્તી જે ક્રમબદ્ધ પર્યાય થાય છે અને અક્રમ ગુણ જે છે એ બેનો એક ગુણ અંદરમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. ક્રમવર્તી થવું અને અક્રમવર્તી રહેવું એવો એક ધ્રુવ ગુણ છે. ગુણ એવો છે કે ક્રમે વર્તવું અને અક્રમે રહેવું એવો એક ગુણ છે.

શ્રોતા :– આડુંઅવળું થાય એવો.. ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એવો કોઈ ગુણ નથી. અનંત ગુણનું એકસાથે રહેવું અને ક્રમે ક્રમે ક્રમબદ્ધ અવસ્થા થવી એવો એક ગુણ છે. એકસાથે રહે છે તેનું નામ અક્રમ. આત્મામાં ગુણ એકસાથે રહે છે કે નહિ ? જ્ઞાન, દર્શન, આનંદ એકસાથે વિસ્તારમાં રહે છે અને જે પર્યાય છે એ આમ ક્રમસર રહે છે. મારે તો અહીં બીજું કહેવું છે કે ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી ગુણ એ બે થઈને એક ગુણ આત્મામાં છે, જેને અહીંયાં ઉત્પાદવ્યયધ્રુવ નામનો ગુણ કહ્યો છે. એ ગુણ જ્યારે નિશ્ચય દૃષ્ટિમાં આવે તો ગુણનો ધરનાર આત્મા છે, તો આત્મા ઉપર જ્યારે દૃષ્ટિ પડે છે તો ગુણની પ્રતીતિ પણ થઈ ગઈ. એ વખતે ક્રમસર થાય છે અને અક્રમ ગુણ છે (એમ પ્રતીત થઈ જાય છે). તો ક્રમવર્તી પર્યાય તો જે થવાની છે તે થાય છે. પણ ક્રમવર્તી થાય છે અને અક્રમ રહે છે એવો ગુણ જે આત્મામાં છે એ ગુણનો ધરનાર દ્રવ્ય છે, એ દ્રવ્યની દૃષ્ટિ થઈ તો તેમાં ક્રમવર્તી અને અક્રમવર્તીનું તાત્પર્ય એમાં આવી ગયું. 'જંબૂપ્રસાદજી' !

ફરી.. ફરી (લઈએ), આ (વાત) ઉપરથી તો કહેતા હતા પણ આજે ગુણમાંથી કાઢ્યું. ભાઈ ! આ શક્તિમાંથી કાઢ્યું. ઉપરથી તો કહેતા હતા કે જુઓ ! ક્રમબદ્ધ છે, ક્રમબદ્ધ છે, આત્મામાં ક્રમબદ્ધ અવસ્થા (થાય છે). પણ ક્રમબદ્ધ છે એ ક્રમબદ્ધ દ્રવ્યમાં થાય છે. તો એની દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય કે હું જ્ઞાયક ચિદાનંદ છું. તો એ ક્રમબદ્ધનું ફળ આવ્યું. એની દૃષ્ટિ પર્યાય ઉપર રહે તો ક્રમબદ્ધ જેમાંથી થાય છે એની દૃષ્ટિ તો થઈ નહિ. પર્યાયબુદ્ધિ રહી. ઉત્પાદવ્યયધ્રુવ રહેવું એવો એક ગુણ છે. ક્રમે વર્તવું અને અક્રમ (ગુણ રહેવા). પાઠ જુઓ તો એક એક શબ્દમાં ઘણી ગંભીરતા ભરી છે. આ તો અંતરના પેટ છે.

ક્રમરૂપ, ક્રમપ્રવૃત્તિ - ક્રમવૃત્તિ, ક્રમવૃત્તિ (અર્થાત્) ક્રમે પરિણમવું, ક્રમે પરિણમવારૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન - વર્તવું જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવ નામની શક્તિ. સમજાય છે કાંઈ ? આત્મામાં ક્રમે વર્તવું અને અક્રમરૂપ રહેવું એવો એક ગુણ છે. ક્રમબદ્ધ છે એમ નિર્ણય કરનારે ઉત્પાદવ્યયધ્રુવ ગુણનો નિર્ણય કરવો પડશે અને ગુણનો નિર્ણય દ્રવ્યના આશ્રયે થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એકલા ગુણભેદથી નિર્ણય થતો નથી. એ તો રાગ ઉત્પન્ન કરે છે. આ એક ઉત્પાદવ્યયધ્રુવ ક્રમવર્તન અને અક્રમવર્તન એવો ગુણ છે એમ એક ગુણનું લક્ષ કરવાથી ગુણની પ્રતીતિ થતી નથી, કેમ કે ભેદ થઈ ગયો. એવો ગુણ છે કે ક્રમે પ્રવર્તે છે, અક્રમે ગુણ રહે છે એવો એક ગુણ છે. તો એ ગુણનો ધરનાર આત્મા (છે) એ આત્મા ઉપર અંદર દૃષ્ટિ જાય છે તો એના ગુણની પ્રતીતિ થઈ અને દ્રવ્યની પ્રતીતિ થઈ. જે ક્રમે થવાવાળી થાય છે અને અક્રમે ગુણ રહે છે એમ પ્રતીતિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થઈ ગઈ. આહા..હા..! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ ! હજી તો ક્યાં વાત લઈ જાવી હતી ? બીજે વાત લઈ જવી હતી.

અહીંયાં તો વસ્તુ આત્મા પદાર્થ છે. પદાર્થ છે ? અસ્તિ છે ? અસ્તિ છે એ તો દ્રવ્ય થયું. તો દ્રવ્ય છે તો શક્તિ છે કે નહિ ? કોઈ શક્તિ વિના દ્રવ્ય હોય ? સ્વભાવ વિના દ્રવ્ય હોય ? તો દ્રવ્ય છે એની શક્તિ કેટલી છે ? જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, આનંદશક્તિ, અસ્તિત્વશક્તિ, વસ્તુત્વશક્તિ (છે) એમ ઉત્પાદવ્યયધ્રુવ શક્તિ (છે). એવી શક્તિ સંખ્યાએ અનંત છે. એક આત્મામાં આવી સંખ્યાએ.. સંખ્યાએ... સંખ્યા સમજો છો ને ? એક, બે, ત્રણ એવી અનંતાનંત શક્તિ છે. એમાં એક શક્તિ એવી છે કે ક્રમે વર્તવું.. શું શબ્દ છે? જુઓ !

**'ક્રમવૃત્તિ...'** ક્રમવૃત્તિ–ક્રમે ક્રમે થવું અને **'અક્રમવૃત્તિ...'** એકસાથે રહેવું. એવો ઉત્પાદવ્યયધ્રુવ નામનો એક ગુણ આત્મામાં છે. સમજાય છે કાંઈ ? તો ક્રમબદ્ધ થાય છે એમ જ્યારે નિર્ણય કરવા જાય છે તો ક્રમબદ્ધ અને અક્રમ રહેનારા જે ગુણો અંદર છે એ ગુણનો ધરનાર દ્રવ્ય છે, એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જવાથી ક્રમબદ્ધ અને અક્રમનું સમ્યગ્દર્શન થઈ ગયું. જરી ઝીણી વાત, ભારે સૂક્ષ્મ ! આ તો ક્રમ ક્રમના બહુ પોકાર કરતા હતા ને ? તો વળી વિચારમાં, મનન કરતા કરતા બપોરે આ શક્તિ ખ્યાલમાં આવી ગઈ. નહિતર તો ખુલાસો કરતા હતા કે ભાઈ ! જેમાંથી ક્રમવર્તી પર્યાય છે તે દ્રવ્યની દૃષ્ટિ થવાથી તારા પુરુષાર્થમાં ક્રમબદ્ધનો નિર્ણય થયો. પુરુષાર્થથી નિર્ણય થયો તો ચૈતન્યમૂર્તિ ઉપર દૃષ્ટિ ગઈ તો સ્વભાવમાં એકત્વ થયું અને રાગથી પૃથક્ થયો, પરના કાર્યથી પૃથક્ થયો. પોતાના અનુભવમાં પ્રતીતિ થઈ ત્યારે ક્રમબદ્ધનું તાત્પર્ય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એને થયું. એમ તો ઘણી વાર કહ્યું હતું પરંતુ આ વાત આજે શક્તિમાંથી કાઢી. આગમઆધાર.. આગમઆધાર (છે). ભગવાન ! તારી ચીજ એવી છે, પ્રભુ ! આહા..હા..!

પ્રભુઆત્મા ! આ એક પોતાનો આત્મા, હોં ! એમાં અનંત ગુણ સંખ્યાએ (છે). એ તો કહ્યું હતું ને ? જેટલા આકાશના પ્રદેશ છે, અમાપ.. અમાપ.. અમાપ.. છે.. છે.. છે ને ? આકાશ છે એમાં ક્યાંય નથી એમ આવશે ? નથી એવું ક્યાં આવશે ? આકાશ એમ ને એમ છે. અલોક (છે) ત્યાં નથી એમ આવશે ? છે.. છે.. એમ આવશે. છે.. છે.. છે.. છે.. તો કેટલું છે ? તો એટલા આકાશના પ્રદેશની જેટલી સંખ્યા છે એના કરતાં એક આત્મામાં અનંતગુણા ગુણ છે. આહા..હા..! એમાં એક ગુણ એવો છે કે ઉત્પાદ ક્રમવૃત્તિરૂપ-અક્રમવૃત્તિરૂપ જેનું વર્તન છે એવો એક ગુણ આત્મામાં છે. એ ગુણનો ધરનાર ગુણી આત્મા છે. ગુણી ઉપર દૃષ્ટિ જવાથી સમ્યગ્દૃષ્ટિને પ્રતીતમાં આવી ગયું કે પર્યાય ક્રમવર્તી થાય છે અને ગુણ અક્રમવર્તી છે એવું મારું દ્રવ્ય છે એમ એને પ્રતીતિ થઈ ગઈ. આહા..હા..! ભાઈ ! સમજાણું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ફરી.. ફરીને, જુઓ ! ભાઈ ! આ તો ? અંતર દ્રવ્ય, ગુણ અને પર્યાય (છે). તો આત્મામાં ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ એવા ગુણની વ્યાખ્યા (લઈએ), બીજા ૪૭ તો બાકી રહ્યા. અનંત ગુણ આત્મામાં છે. જેમ આત્મા જ્ઞ-સ્વભાવ, આનંદ સ્વભાવ, અસ્તિત્વ સ્વભાવ, વસ્તુત્વ સ્વભાવ, પ્રમેયત્વ સ્વભાવ (સ્વરૂપ છે) એમ ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે, જેનું સ્વરૂપ છે, એવો ઉત્પાદવ્યયધ્રુવ નામનો એક ગુણ છે. એ ગુણનો ધરનાર દ્રવ્ય છે. તો જ્યારે દ્રવ્યની દૃષ્ટિ થઈ, દ્રવ્યની દૃષ્ટિ થઈ કે હું જ્ઞાયક છું અને એમાં આ ગુણ છે, તો દ્રવ્યની દૃષ્ટિમાં પ્રતીતમાં આવી ગયું કે આ એક ગુણ અનંત ગુણને નિમિત્ત છે. તો અનંત ગુણ પણ ક્રમવર્તી જ પ્રવર્તન કરે છે, ભાઈ ! આહા..હા..! અરે..! ભગવાન ! સાંભળો ભાઈ ! વાત કોઈ અંદરથી આવી ગઈ છે. અહીંયાં તો આગમપ્રમાણથી સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ ?

જુઓ ! આત્મા કોને પ્રતીતિમાં આવ્યો કહેવામાં આવે છે ? - કે એ આત્મા અનંત ગુણરૂપ છે. એમાં એક ઉત્પાદવ્યયધ્રુવરૂપ, ક્રમવૃત્તિરૂપ, અક્રમવૃત્તિરૂપ વર્તના જેનું સ્વરૂપ છે એવો એક ગુણ છે, તો એ ગુણનો ધરનાર ભગવાન આત્મા છે, એ આત્માની જ્યાં પર્યાયનું લક્ષ છોડીને, ગુણભેદનું લક્ષ છોડીને દ્રવ્યનું લક્ષ કરીને એકત્વબુદ્ધિ થઈ, અનુભૂતિ થઈ, સમ્યગ્દર્શન થયું તો સમ્યગ્દર્શનમાં એ ગુણની પ્રતીતિ આવી કે ક્રમવર્તી અને અક્રમે વર્તવું એનો ગુણ છે, એ ગુણનો ધરનારું દ્રવ્ય છે (તો તેની પ્રતીતિ થઈ ગઈ). એક ગુણ નહિ એવા અનંતા ગુણ, બધા અનંતા ગુણ ક્રમવર્તીરૂપ પરિણમે છે અને અક્રમવર્તીરૂપ ગુણરૂપે રહે છે એવા ગુણને ધરનાર દ્રવ્ય અનાદિ એ રીતે આખું વર્તન કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ દૃષ્ટિ થઈ ત્યારે, હોં ! ત્યાં સુધી એની ખબર નથી.

શ્રોતા :– છે તો ખરું, પણ માનતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– માનતો નથી. આહા..હા..!

શ્રોતા :– આ જ અનંત પુરુષાર્થ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનંત પુરુષાર્થ થયો અને એના ખ્યાલમાં આવી ગયું કે ક્રમે પરિણમવું અને અક્રમે રહેવું એવો મારો સ્વભાવ છે.

શ્રોતા :– ક્રમબદ્ધમાં પુરુષાર્થ કઈ રીતે આવે તેનો આ ખુલાસો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનો ખુલાસો છે. એ.. 'હિંમતભાઈ' ! આ સમજાય છે ? આ રીતે નહોતું આવ્યું પણ 'જિનેશ્વરદાસજી'એ કહ્યું હતું ને કે શક્તિનું થોડું કહો. તો મગજમાં આ આવી ગયું. કાલે કહ્યું હતું ને ?

ભાઈ ! તારી રમતું એવી છે, પ્રભુ ! આહા..હા..! એની એને ખબર ન મળે અને ધર્મ થાય. ધૂળમાંય ધર્મ નથી. સમજાય છે કાંઈ ? એને પુણ્યના પણ ઠેકાણા નથી. મંદ કષાયથી કોઈ પાપાનુબંધી પુણ્ય બાંધે. ધર્મ-બરમ નહિ, એને ત્રણકાળમાં જન્મ-મરણનો અંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવતો નથી.

ભગવાન આત્મા અનંત ગુણસંપન્ન એકરૂપ છે. એમાં એક ગુણ એવો છે કે ક્રમ વર્તનરૂપ અને અક્રમ વર્તનરૂપ એવો એક ગુણ છે. એ ગુણને ધરનાર દ્રવ્ય છે. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ તો પ્રતીતમાં આવી ગયું, અનુભૂતિમાં આવી ગયું કે આ દ્રવ્યની દરેક ગુણની પર્યાય ક્રમસર થાય છે, ગુણ અક્રમે રહે છે. એમ અનુભવમાં પ્રતીતમાં આવી ગયું. 'જંબૂપ્રસાદજી' ! આહા..હા..! અરે..! ભગવાન ! ઝીણું પડી ગયું, લ્યો ! મેં કીધું આ બહુ સાધારણ છે, આજે બપોરે વળી આવ્યું હતું ને ? નવી વાત છે. પહેલા આ રીતે મૂકી નથી, બીજી રીતે ઘણી રીતે મૂકી હતી. પણ આ રીતે અત્યારે મૂકી છે. કાલે ભાઈએ પૂછ્યું હતું ને ?

ભાઈ ! જુઓ ! આત્માની પ્રતીતિ કરવી છે ને ? જેવો આત્મા છે એવી પ્રતીતિ કરવી છે ને ? તો એ સમ્યક્ કહેવાય ને ? સમ્યગ્દર્શન. સમ્યક્ નામ જેવો આત્મા છે એવી પ્રતીતિ કરે તો. આત્મા કેવો છે ? - કે અનંત ગુણસંપન્ન. એમાં એક ગુણ એવો છે કે ક્રમ વર્તનરૂપ અને અક્રમ વર્તનરૂપ એનો એક ગુણ છે. ૧૮ મી શક્તિ. ક્રમવૃત્તિરૂપ–ક્રમ વર્તનારૂપ, અક્રમ વર્તનારૂપ વર્તન - રહેવું જેનું સ્વરૂપ છે એવો એક ઉત્પાદવ્યયધ્રુવ અક્રમવર્તી ગુણ છે. આહા..હા..! ગજબ વાત કરે છે ને !

'અમૃતચંદ્રાચાર્યે' તો એવું કાઢ્યું છે કે આત્મા એને કહીએ કે જેમાં ક્રમે વર્તવું અને અક્રમે ગુણ રહેવા એવો એક ગુણ છે. એ ગુણ સહિત આત્માને પ્રતીત કર્યો ત્યારે પ્રતીત કરવામાં અનુભૂતિ થઈ. જ્યારે રાગથી પૃથક્ થયો, પરના કાર્યનો કર્તા નહિ, રાગ આવે તેનો હું કર્તા નથી અને મારી પર્યાય નિર્મળ થાય છે, એનો વિકલ્પ આવ્યો નવી કરું તો એમ પણ નથી. કેમ કે દ્રવ્ય જ ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ ગુણને ધરનારું છે. એવા દ્રવ્યની દૃષ્ટિ થઈ તો ગુણનું કાર્ય અથવા અનંત ગુણનું જે કાર્ય છે (એ ક્રમરૂપ અને અક્રમ રહેવારૂપ થાય છે એવી પ્રતીતિ થાય છે). એ ગુણ સર્વ ગુણમાં વિભૂ છે. એક ગુણ બધા ગુણમાં વિભૂ છે. વિભૂ સમજ્યા ? વ્યાપક. આહા..હા..! સમજાય છે કાંઈ ?

જ્યાં જ્ઞાન ગુણ છે ત્યાં આનંદ ગુણ છે, ત્યાં આ ઉત્પાદવ્યયધ્રુવ નામનો અક્રમવર્તી ગુણ સાથે છે. સમજાય છે કાંઈ ? ઓ..હો..હો..! કહે છે, પ્રભુ ! તારો આત્મા એવો છે. એવા આત્મામાં ક્રમવર્તનરૂપ અને અક્રમવર્તનરૂપ એવો એક ગુણ છે. એ ગુણની પ્રતીતિ ક્યારે થાય છે ? એ ગુણને ધરનારું દ્રવ્ય છે તો દ્રવ્યની પ્રતીતિ થઈ તો આખું દ્રવ્ય, એક ગુણમાં નહિ, અનંત ગુણમાં ક્રમવર્તી પર્યાય થાય છે અને અક્રમ ગુણ રહે છે એવી પ્રતીતિ સમકિતીને આવી ગઈ. આહા..હા..હા..! 'રાજબહાદુરજી' ! 'અમરચંદભાઈ' ! અરે..! ભગવાન !

એ સમયે રાગ આવે છે ને એ પણ ક્રમસર આવે છે, પણ એ જાણનાર-દેખનારની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય(માં જણાય છે). ***દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તો દ્રવ્યનો ગુણ એવો છે કે ક્રમે વર્તવું અને અક્રમે વર્તવું, એવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તો રાગ એના કાળે આવશે, પણ એને જાણવાનું જ્ઞાન ક્રમે આવશે. જાણવાનું જ્ઞાન ક્રમે આવશે. એ જ રાગને જાણનારું જ્ઞાન ક્રમે આવશે.*** એમાં ક્રમવર્તી અને અક્રમવર્તીની એને પ્રતીતિ થઈ ગઈ. આહા..હા..! અરે..! ભગવાન ! 'હિંમતભાઈ' ! આ રીતે મુકાણું નથી. આ 'જિનેશ્વરદાસજી' એ કાલે પ્રશ્ન કર્યો કે થોડું કહો, થોડું કહો. આહા..હા..!

શ્રોતા :– આધાર આપ્યો..

પૂજ્ય ગુરુદેવશ્રી :– આધાર, બસ ! અહીં તો આધાર આપવો હતો. સર્વજ્ઞએ જોયું છે એ આધારનું હવે અહીંયાં કામ નથી. સર્વજ્ઞે જોયું છે માટે ક્રમબદ્ધ થાય છે એનું અહીં કામ નથી. દ્રવ્યનો સ્વભાવ એવો છે.

અહીંયાં તો એવી વાત છે, પ્રભુ ! આ તો અંતરની વાત છે. આ ભાઈ કહે છે, સુંદર વાત છે. બરાબર છે. આ તો વસ્તુની સ્થિતિ એવી છે, પ્રભુ ! શું કહીએ ? એનો ખ્યાલ આવ્યા વિના.. એ વસ્તુ એવી છે. આ વસ્તુ છે એવી સર્વ વસ્તુ છે. બધી વસ્તુમાં પણ એવો એક ગુણ પડ્યો છે કે એ પણ પોતાના ક્રમ અને અક્રમે પ્રવર્તન કરે છે, પણ એ જ્ઞાન વિના એને ખબર નથી. આ જ્ઞાતા છે તો એને ખબર પડે છે. સમજાય છે કાંઈ ? ભાઈ ! આ તો પાછું બધામાં નાખ્યું. બધામાં છે. સાંભળો ! ભાઈ ! આપણે તો અત્યારે આત્મા સિદ્ધ કરવો છે.

આત્મા એને કહીએ, આત્મા એને કહીએ કે જેમાં એક ગુણ એવો છે કે ક્રમવર્તી-રૂપ પર્યાય વર્તે અને અક્રમવર્તી ગુણ (રહે) એવો ગુણ છે. એ ગુણનો ધરનાર આત્મા એને માનવાવાળાને ક્રમબદ્ધ પર્યાય થાય છે અને અક્રમ ગુણ રહે છે એવી પ્રતીતિ આવી ગઈ છે. કેમ કે દ્રવ્યની શ્રદ્ધા થઈ છે. બધા ગુણની (પ્રતીતિ આવી ગઈ). આખું દ્રવ્ય ક્રમબદ્ધ પર્યાય અને અક્રમ ગુણ રાખે છે એવી શ્રદ્ધા થઈ ગઈ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ ? કંઈ સમજાણું કે નહિ ? થોડું.

આ વાત ખ્યાલમાં ન આવે એવી તો નથી. વાત એવી કોઈ નથી. એના ખ્યાલમાં આ આમ કહે છે અને આ આમ છે એમ ખ્યાલમાં ન આવે એવી વાત નથી. ભગવાન આત્મા એક સમયમાં મોજૂદગી રાખે છે તો એમાં અનંત ગુણની મોજૂદગી છે તો એક ગુણ એવી મોજૂદગી રાખે છે કે ક્રમે પ્રવર્તે અને અક્રમે વર્તે એવો ગુણ એની મોજૂદગીમાં અંદર પડ્યો છે. આહા..હા..હા..!

શ્રોતા :– આ શક્તિને ન માને તો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ શક્તિને ન માને તો દ્રવ્યને પણ માન્યું નહિ, ગુણને પણ માન્યું નહિ અને પર્યાયને પણ માન્યું નહિ. એણે આત્માને માન્યો નથી. આત્માને જ એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માનતો નથી. સમજાય છે કાંઈ ? આહા..હા..! એ.. શેઠ ! કંઈ સમજાય છે કે નહિ ? નથી, બરાબર નથી આવ્યું હજી.

જુઓ ! ભગવાન - આગમ - 'અમૃતચંદ્રાચાર્ય' શું વર્ણવે છે ? - કે સર્વજ્ઞ પરમાત્માએ આવો આત્મા જોયો કે એ આત્મામાં અનંત ગુણ જોયા. અનંત ગુણમાં ભગવાને એવો એક ગુણ જોયો કે ક્રમે પ્રવર્તે, ક્રમસર થાય, કોઈ દ્રવ્યની આઘીપાછી પર્યાય થતી નથી. આઘીપાછી સમજો છો ? હિન્દીમાં આઘીપાછીને શું કહેવાય ? અમને બહુ હિન્દી નથી આવડતું. આઘીપાછી ન થાય અને ગુણ એકસાથે રહે અને ક્રમસર પર્યાય થાય એવો દ્રવ્યમાં ગુણ છે. એ ગુણનો ગુણ શું ? એ ગુણનો ગુણ શું ? ગુણનો ગુણ એનો અર્થ ગુણનું કાર્ય શું ? એ ગુણનું કાર્ય શું ? - કે ધ્રુવરૂપે અક્રમ રહેવું અને પર્યાયમાં ક્રમ રહેવો એ ગુણનો ગુણ નામ કાર્ય છે. આહા..હા..! અરે..! ભગવાન ! એણે વાત સાંભળી નથી કે શું છે ? આત્મા.. આત્મા તો બધા પોકાર કરે છે પણ આત્મા કેવો છે એની પ્રતીતિ નથી. સમજાય છે કાંઈ ? એ.. 'શોભાલાલજી' !

લક્ષમાંથી રજકણ છોડી દે, કર્મ લક્ષમાંથી છોડી દે. એ તારામાં છે જ નહિ. સમજાય છે કાંઈ ? અને રાગાદિ થાય છે એ તારામાં નથી. સાંભળ ! રાગ તો આસ્રવ છે. આ 'કર્તા-કર્મ અધિકાર' ચાલે છે ને ? શરીર, કર્મ છે એ તો અજીવતત્ત્વ છે, એ આત્મામાં નથી. એક (વાત). હવે આસ્રવ પુણ્ય-પાપના વિકલ્પ છે એ આસ્રવતત્ત્વ છે, દુઃખરૂપ છે. એ આસ્રવતત્ત્વ આત્મામાં નથી. (જો આત્મામાં હોય તો) બે તત્ત્વ ભિન્ન રહેતા નથી. સમજાય છે કાંઈ ? આસ્રવતત્ત્વ આત્મામાં નથી. એક વાત. તો એમાં છે શું ? એમાં અનંત ગુણ છે. જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણ છે. એમાં એક ગુણ એવો છે કે પ્રત્યેક ગુણ ક્રમસર પ્રવર્તે અને ગુણ એકસાથે રહે એવો એક ગુણ (છે). અનંત ગુણમાં એવો ગુણ છે, અનંત ગુણની તાકાત એવી છે અને અનંત ગુણની તાકાત (એવી છે) તો દ્રવ્યની તાકાત પણ એવી છે. આહા..હા..!

શ્રોતા :– જો એવી તાકાતને ન માને તો દ્રવ્યને જ માનતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્રણે માનતો નથી, એ આત્માને માનતો જ નથી. આમ તો આત્મા આત્મા કરે પણ આત્મા આવો છે એમ ન માને તો એ નાસ્તિક છે. આમ આત્મા આત્મા કરે શું કામ આવે ? સમજાય છે કાંઈ ? સારી વાત નીકળી ગઈ, હોં ! તમે દૂરથી આવ્યા છો ને ! આ તો આગમસાક્ષી નીકળી, 'જંબૂપ્રસાદજી' ! ભાઈ !

સર્વજ્ઞે જોયું છે માટે થાય છે એમ નહિ. વસ્તુનું સ્વરૂપ એવું છે. નહિતર વસ્તુનો, ગુણનો નાશ થઈ જાય છે. વસ્તુના ગુણમાં એક ગુણ એવો છે–ક્રમવર્તનરૂપ, અક્રમવર્તનરૂપ. ગુણોનું એકસાથે રહેવું અને ક્રમસર વ્યવસ્થિત પર્યાય થવી, આઘીપાછી નહિ. એવો ગુણ છે. એ દ્રવ્યની પ્રતીત કરે છે તો એ ગુણની પ્રતીતિ આવી જાય છે અને આવી પ્રતીતિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ન કરે તો એને ગુણની પ્રતીતિ નથી, દ્રવ્યની પ્રતીતિ નથી.

બીજી વાત, ભગવાન આત્મામાં જે આ ઉત્પાદવ્યયધ્રુવ ગુણ પડ્યો છે એ ગુણનું પરિણમન.. ભાઈ ! હવે ગુણ છે એનું કાર્ય શું આવ્યું ? કાર્ય શું ? એ તો ગુણ કહ્યો, શક્તિ કહી, ત્રિકાળી શક્તિ કહી. તો ત્રિકાળી શક્તિનું પર્યાયમાં કાર્ય શું ? સમજાય છે કાંઈ ? ત્રિકાળી શક્તિનું કાર્ય એ આવ્યું કે ધ્રુવરૂપ રહ્યો અને ક્રમે પ્રવર્તન થયું એ ત્રિકાળી શક્તિનું કાર્ય છે. સમજાય છે કાંઈ ? ભારે વાત, ભાઈ !

શ્રોતા :– દરેક વખતે નવી નવી વાત આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નવા શબ્દ આવે તો નવું આવે ને ! વાત એવી છે. એનું સ્પષ્ટીકરણ નવા તર્કથી આવ્યું. આહા..હા..! અરે..! ભગવાન !

અહીં સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે આત્મા છે એમ જાણ્યું અને એ ભગવાન એવા આત્માને જાણ્યો કે એમાં અનંત ગુણમાં એક ગુણ એવો પડ્યો છે કે જે ક્રમે વર્તે અને અક્રમે વર્તે એમ ભગવાને જાણ્યું. એવો આત્મા જાણ્યો. એવો આત્મા જે પ્રતીતમાં લ્યે છે, આવો આત્મા છે તો રાગ દુઃખરૂપ છે, હું આત્મા આનંદરૂપ છું એમ દુઃખ અને આનંદ વચ્ચે ભેદજ્ઞાન કરીને જ્ઞાયક તરફ ઝુકે છે તો પ્રતીતમાં આવી ગયું કે આ દ્રવ્ય-ગુણ આવા છે. ક્રમે ક્રમે અવસ્થા થવી અને અક્રમે ગુણ રહેવા એવો એનો ગુણ જ છે. આહા..હા..! એ.. 'હિંમતભાઈ' ! આ તો સાક્ષી અંદરથી કાઢી. આહા..હા..!

સદૃશ-વિસદૃશ વળી બીજો એક ગુણ છે. એ વળી પછી. એ તો વિચાર આવ્યો હતો ને ? વિરુદ્ધ, અવિરુદ્ધ શક્તિનું આપણે આવ્યું હતું ને ? વિરુદ્ધ-અવિરુદ્ધ શક્તિ આવી હતી ને ? ત્રીજી ગાથા. વિરુદ્ધ-અવિરુદ્ધ શક્તિથી વિશ્વને અનુગ્રહ કરે છે. તો ત્યાં પણ સદૃશ-વિસદૃશ શક્તિ કાયમ પડી છે. એમાં એ વખતે વિસ્તાર કર્યો હતો. આ બતાવીને નહોતો કર્યો. સમજાય છે કાંઈ ?

અહીંયાં ભગવાન આત્મા.. ઓ..હો...! એને આત્મા કહે છે કે જે જ્ઞાન ધારણ કરે છે. એને આત્મા કહે છે કે જે આનંદ ધારણ કરે છે. એને આત્મા કહે છે કે જે અસ્તિત્વ ગુણ ધારણ કરે છે. એને આત્મા કહે છે ચૈતન્યના ભાવપ્રાણ ધારણ કરે છે. એને આત્મા કહે છે કે રાગના અભાવરૂપ પરિણમન કરવાવાળો એક અકર્તા નામનો આત્મામાં ગુણ છે. અહીંયાં એ વાત ચાલે છે ને ? સમજાય છે કાંઈ ? કર્મના નિમિત્તે થવાવાળો વિકૃત ભાવ તેનાથી ઉપરમસ્વરૂપ, ઉપરમસ્વરૂપ.. એ ગાથા છે. સમજાય છે કાંઈ ? છે કે નહિ ? ક્યાં આવ્યું ? આ આવ્યું, જુઓ !

૨૧ શક્તિ. **'સમસ્ત કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ (તે પરિણામોના કરવાની નિવૃત્તિસ્વરૂપ) અકર્તૃત્વશક્તિ.'** ૨૧ મી શક્તિ. અહીં તો આત્મા પ્રતીત કરવો છે તો કહે છે કે એમાં **'કર્મથી કરવામાં**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો...'** થયા, રાગને જાણનાર એવા પરિણામ થયા, રાગને જાણનાર–જેવો એ રાગ છે એનાથી ઉપરમ–નિવૃત્તસ્વરૂપ. જુઓ ! '**પરિણામોના કરણના ઉપરસ્વરૂપ (તે પરિણામોના કરવાની નિવૃત્તિસ્વરૂપ) અકર્તૃત્વશક્તિ. (જે શક્તિથી આત્મા જ્ઞાતાપણાના સિવાયના, કર્મથી કરવામાં આવતા પરિણામોનો કર્તા થતો નથી, એવી અકર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે).**' ૨૧મી શક્તિ. એમાં જુઓ !

જેમ આત્મામાં ક્રમવર્તનરૂપ પર્યાય, અક્રમરૂપ ધ્રુવ એવો ગુણ (છે). એવો એક ગુણ, હોં ! ત્રણે મળીને એક ગુણ. એ ગુણની જ્યારે પ્રતીતિ થઈ તો એની ક્રમવર્તી પર્યાય છે, અક્રમવર્તી ગુણ છે એવી પ્રતીતિ સમ્યગ્દર્શનમાં થઈ. ત્યારે દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા થઈ. નહિતર આ ગુણને કાઢીને એકલા દ્રવ્યની શ્રદ્ધા કરે તો દ્રવ્યની શ્રદ્ધા સાચી નથી.

બીજી વાત. હવે જ્યારે ક્રમવર્તી પરિણામ છે, ભાઈ ! આપણે પેલા રાગને કાઢી નાખવો છે. ક્રમવર્તી પર્યાય છે, અક્રમવર્તી ગુણ છે એવા દ્રવ્યની દૃષ્ટિ કરી. તો આત્મામાં સાથે એવો એક ગુણ છે કે નિમિત્તના લક્ષે જે વિકલ્પ ઉઠ્યો છે એનાથી ઉપરમસ્વરૂપ–એનાથી નિવૃત્તસ્વરૂપ આત્મામાં અકર્તા નામનો ગુણનું જ્ઞાતૃત્વ પરિણામ એના થયા. જે સમયે રાગ થયો છે તે જ સમયે (રાગથી) ઉપરમસ્વરૂપ, તેનાથી નિવૃત્તસ્વરૂપ આત્મામાં જ્ઞાતૃ પરિણામ થયા તે અકર્તૃત્વગુણનું કાર્ય છે.

ફરીને, '**સમસ્ત કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ...**' એ રાગાદિ આવ્યા એનાથી નિવૃત્તસ્વરૂપ. એવો આત્મામાં અકર્તૃત્વ નામનો ગુણ છે. સમજો, ફરીને. 'જંબૂપ્રસાદિજી' ! કાલે 'જિનેશ્વરદાસજી' એ કહ્યું હતું ને ? થોડી શક્તિ કહો. શક્તિ ચાલતી હોય ત્યારે ચાલે. અહીં તો સાધારણ આધાર આપીએ છીએ. જ્યારે એક એક શક્તિ ચાલતી હોય ત્યારે તો એની ઉપર કેટલાય બોલ ઉતારીએ છીએ. (રેકોર્ડિંગ)માં ઊતરી ગઈ છે, પણ હવે છપાય ત્યારે ખરી. લ્યો 'રામજીભાઈ' કહે છે, જલ્દી છપાશે. કહો, સમજાય છે કાંઈ ?

શું કહ્યું ? આત્મામાં એક અકર્તૃત્વ નામનો એક અનાદિઅનંત ગુણ છે. શું (કહ્યું) ? આત્મામાં જેમ ક્રમવર્તી અને અક્રમવર્તી થવું એવો એક ગુણ છે, એવો આત્મામાં એક અકર્તા નામનો ગુણ ત્રિકાળ પડ્યો છે. એ ગુણ...

ત્રિકાળ શક્તિ રહેનારી છે. આ ત્રિકાળની વાત છે. પ્રત્યેક સમય છે. આત્માની દૃષ્ટિ થઈ તો કર્મના ઉપરમસ્વરૂપ અકર્તાપણું થયું, કર્મની સાથે સંબંધ જ ન રહ્યો. અજ્ઞાની, જેને શક્તિનું ભાન નથી અને શક્તિવાનનું ભાન નથી તે રાગનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ ? એ જ સમયે રાગ તો આવે છે પણ અકર્તૃત્વશક્તિ ધરનારનું ભાન નથી તો એ રાગનો કર્તા થાય છે. કેમ કે દ્રવ્યનું ભાન નથી. પણ જેને દ્રવ્યનું ભાન છે એ દ્રવ્યમાં અકર્તૃત્વ નામનો ગુણ પડ્યો છે, એનું પણ ભાન થયું તો રાગથી નિવૃત્તરૂપ પરિણામ થવા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ અકર્તૃત્વ ગુણનું ફળ છે. આહા..હા..!

શ્રોતા :– સમ્યગ્દૃષ્ટિ રાગનો અકર્તા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમ્યગ્દૃષ્ટિ રાગનો અકર્તા છે. સમ્યગ્દૃષ્ટિ રાગનો કર્તા નથી, રાગના જ્ઞાતા રહીને જ્ઞેય તરીકે જાણે છે.

અહીંયાં તો જરી બીજી વાત સિદ્ધ કરવી છે. પેલા ક્રમ સાથે, ભાઈ ! એ ક્રમ સાથે જે રાગ આવે છે તે પણ ક્રમે થાય છે, તેનું અહીં લક્ષ કરવું નથી. અહીં અકર્તૃત્વ નામનો આત્મામાં ગુણ પડ્યો છે. એ અકર્તૃત્વ ગુણને ધરનારું દ્રવ્ય છે. આખા ગુણનું અકર્તૃત્વ છે કે રાગનો કર્તા નથી. એવા દ્રવ્યની દૃષ્ટિ થઈ તો એ સમયે જે રાગ થાય છે એના અભાવસ્વરૂપ પરિણમન કરવું એ અકર્તૃત્વ ગુણનું ફળ છે. આહા..હા..! ભારે વાત, ભાઈ ! આ બધું આવી ગયું છે, હોં !

અનંત વાત એક સમયમાં છે. આ તો એક એક ગુણનું કાર્ય ભિન્ન ભિન્ન બતાવવું છે. બધું છે એક સમયમાં. બધા ગુણ એકસાથે અને કાર્ય પણ એક સમયમાં સાથે છે. શક્તિનું વર્ણન કર્યું છે એમાં બહુ આવ્યું છે. અહીં તો થોડા આધાર માટે લઈએ છીએ. શું કહ્યું સમજાય છે કાંઈ ? થોડું પણ જેમ છે તેમ સત્ય સમજે તો એનો નિવેડો આવે. એમ ને એમ અગિયાર અંગ ભણી ગયો, નવ પૂર્વ ભણી ગયો, ભણી ભણીને ભણ્યો, કાઢ્યું નહિ કાંઈ. રાગ કાઢ્યો અને રાગ કરવો એ કાઢ્યું. એ તો અનાદિથી કરે છે, એમાં તને શું મળ્યું ? સમજાય છે કાંઈ ? હું પરનું ભલું દઉં છું, હું પરનું ભલું કરી દઉં છું, શું ધૂળ કરી શકે છે ત્રણકાળમાં ? ***પરનું કરવું એવો કોઈ તારામાં ગુણ નથી. એ તો નથી પણ રાગનો કર્તા એવો તારામાં ગુણ નથી. આહા..હા..!***

વ્યવહાર રત્નત્રયના વિકલ્પનું કર્તાપણું એવો કોઈ ગુણ આત્મામાં નથી. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્ર, સર્વજ્ઞે કહ્યા એવા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ અને શાસ્ત્રજ્ઞાન પર સન્મુખનો વિકલ્પ એ કરવા એવો આત્મામાં ગુણ નથી. એ વિકલ્પથી નિવૃત્ત થવું એવો આત્મામાં અકર્તૃત્વ નામનો ગુણ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ તો શાંતિથી સમજવાની ચીજ છે, ભાઈ ! આ એવી કોઈ (સાધારણ) ચીજ નથી.

આ તો સત્ય સ્વરૂપ છે. સચ્ચિદાનંદ પ્રભુ આવો છે. સર્વજ્ઞે જોયું છે એવો છે. કેવો છે ? - કે આત્મા જ્યારે માનવામાં આવ્યો તો આત્મામાં અકર્તૃત્વ નામનો ગુણ પડ્યો છે. એ અકર્તૃત્વગુણને ધરવાવાળા દ્રવ્યની શ્રદ્ધા થઈ તો પર્યાયમાં અકર્તૃત્વ ગુણનું પરિણમન થયું. દ્રવ્ય અને ગુણમાં તો અકર્તૃત્વ વ્યાપક છે પણ જ્યાં દૃષ્ટિ થઈ તો અકર્તૃત્વગુણ પર્યાયમાં વ્યાપી ગયો. પર્યાયમાં વ્યાપી ગયાનો અર્થ રાગથી નિવૃત્ત થવું એ પર્યાયનું પરિણમન છે. આહા..હા..! ભારે વાત, ભાઈ ! સમજાય છે કાંઈ ?

જે સમયે રાગ છે તે સમયે પણ અકર્તૃત્વગુણનું કાર્ય રાગથી ઉપરમસ્વરૂપ થઈને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરિણમવું એ અકર્તૃત્વ ગુણનું કાર્ય છે. આહા..હા..! ભારે ભાઈ ! આત્મા એટલે તો... એમ આત્મા.. આત્મા માને એમ ન ચાલે. સમજાય છે કાંઈ ? એ ચીજ શું છે ? એ શક્તિઓ કેવી છે ? અને શક્તિનું કાર્ય શું છે ? દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે. અકર્તૃત્વગુણ શક્તિ છે. શક્તિનો ધરનાર ભગવાન આત્મા છે. તો જ્યારે એ આત્મા માનવામાં આવ્યો તો પર્યાયમાં અકર્તૃત્વ ગુણનું પરિણમન થયું. શું (પરિણમન થયું) ? - કે રાગના અભાવસ્વરૂપ પરિણમન થયું. એ અકર્તૃત્વગુણનું પર્યાયરૂપી કાર્ય છે. ત્યારે એણે આત્મા જાણ્યો, માન્યો, અનુભવ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ.. 'ન્યાલભાઈ' ! ભારે વાત, ભાઈ ! આ તો ન્યાલની વાત છે, હોં ! અનંતકાળમાં આ વાત એણે યથાર્થપણે સાંભળી જ નથી. સાંભળી નથી, યથાર્થપણે સાંભળી નથી. રુચે તો ક્યાંથી ? સમજાય છે કાંઈ ? આહા..હા..!

કહે છે કે ભગવાન આત્મામાં તો એક ગુણ એવો છે ને કે જે કર્મના નિમિત્તે જે રાગ થયો એનાથી ઉપરમસ્વરૂપ રહેવું એવો એનો ગુણ છે, એનાથી નિવૃત્તસ્વરૂપ પરિણમવું એનો ગુણ છે. સમજાય છે કાંઈ ?

રાગના અભાવરૂપ પરિણમન થાય છે. રાગનો નાશ થાય છે (ત્યારે) કર્મ પણ એના કારણે નાશ પામે છે. આહા..હા..! અરે..! ભગવાન ! નાશ કરવો પડતો નથી, રાગનો નાશ કરવો પડતો નથી કેમ કે રાગનો નાશ કરવો એવો કોઈ ગુણ આત્મામાં નથી. રાગને ગ્રહણ કર્યો નથી. એ તો વળી એક ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. રાગનો ત્યાગ અને રાગના ગ્રહણથી શૂન્ય એવી શક્તિ આત્મામાં છે. એનાથી શૂન્ય છે. રાગનો ત્યાગ કરવો એવો પણ આત્મામાં ગુણ નથી. રાગને ગ્રહણ કર્યો છે ? - કે નહિ કરવો એવી આત્મામાં શક્તિ છે. આહા..હા..! અરે..! એક શક્તિ, આત્મા શું છે (એની ખબર ન મળે). સમજાય છે કાંઈ ? આમ તો કહે કે અમે માનીએ છીએ, માનીએ છીએ. બાપા ! માનીએ છીએ, આત્મા માનવો એ તો કોઈ અપૂર્વ દૃષ્ટિ છે ! સમજાય છે કાંઈ ?

અનંતકાળમાં એ ચીજ શું છે એ શ્રુત, પરિચિત, અનુભૂતા નથી. શ્રુતમાં આવી નથી, પરિચયમાં ક્યાંથી આવે ? અનુભવમાં તો આવે જ ક્યાંથી ? અનાદિથી રાગ કરવો ને રાગ અનુભવવો એ સાંભળ્યું છે, એ અભ્યાસ છે અને અનાદિથી એ કરે છે. એ તો અનાદિની નિગોદ દશા જેવી જગતની દશા છે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

અહીં તો કહે છે કે આત્મામાં.. અહીં તો પેલું દુઃખ છે ને ? એ દુઃખના વિરામસ્વરૂપ આત્મા અહીં બતાવે છે ને ? શું કહ્યું ? '**णादूण दुक्खस्स कारणं तदो णियत्तिं कुणदि जीवो।**' આ એમાંથી કાઢ્યું, એમાં છે. રાગાદિ વિકલ્પ ઉઠે છે એ દુઃખ છે અને આત્મા આનંદસ્વરૂપ છે. એમ જ્યાં બે વચ્ચે ભેદ કર્યો તો અંદર નિવૃત્તિ થઈ ગઈ. અકર્તા નામનો ગુણ પણ દ્રવ્યમાં છે તો રાગથી ઉપરમસ્વરૂપ નિવૃત્તિ થઈને પોતાના આનંદની પરિણતિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અંદર થઈ. તેનું નામ દ્રવ્યની પર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! એ ક્યાંનું ક્યાં નીકળ્યું !

ભાઈ ! પ્રભુ ! તું કેવડો છો ? ક્યાં છો ? તેની તને ખબર નથી. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની એક સમયમાં જેણે ત્રણકાળ ત્રણલોક જોયા, એણે આત્મા આવો જોયો છે. આવો આત્મા તને પ્રતીતમાં આવે ત્યારે આત્મા માન્યો એમ કહેવાય. નહિતર નાસ્તિક છે, આત્માને માનતો નથી. છે નહિ તેને માનવું, આત્મા છે નહિ એવો માનવું એ આત્માને માનતો જ નથી. સમજાય છે કાંઈ ? આ..હા..!

આત્માને રાગ થાય છે ને ? રાગ અહીંયાં દુઃખરૂપ કહ્યો ને ? તો ખરેખર આત્મામાં એક ગુણ એવો છે કે સ્વસ્વામીસંબંધ નામનો એક ગુણ છે. આત્મામાં એવો એક ગુણ પડ્યો છે કે રાગના સ્વામી થવું, રાગ મારો એમ સ્વામી થવું એવો કોઈ ગુણ નથી. પણ રાગથી ઉપરમસ્વરૂપ જે અકર્તાગુણથી પરિણમ્યો અને ક્રમસર જે પર્યાય પરિણમે છે એવા ઉત્પાદવ્યયધ્રુવની શક્તિના ધરનારની પ્રતીતિ થઈ... સમજાય છે ? તો સાથે.. શું કહ્યું ? અકર્તૃત્વ ગુણનું જ્યારે પરિણમન થયું તો સાથે.. સાંભળો ! એ વ્યવહાર રત્નત્રયનો સ્વામી ન રહ્યો. સ્વામી ન રહ્યો. કેમ કે આત્મામાં એક સ્વસ્વામીસંબંધ નામનો એક ગુણ પડ્યો છે. એ ગુણને ધરનારા આત્માની પ્રતીતિ થઈ તો શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વામી છે, એ રાગનો આત્મા સ્વામી નથી. સમકિતી સ્વામી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ તો રાડ પાડે છે ને ? એ.. વ્યવહાર રત્નત્રય પહેલા, પછી નિશ્ચય રત્નત્રય (હોય). અરે..! પ્રભુ ! તને ખબર નથી આત્મા કોણ છે ? ભાઈ ! આત્મા કેવો છે એની તને ખબર નથી અને માને છે કે અમે આત્મા માનીએ છીએ, આત્મા માનીએ છીએ. માન્યા..!!

શ્રોતા :– છ દ્રવ્ય માન્યા..

પૂજ્ય ગુરુદેવશ્રી :– છ દ્રવ્ય ક્યાં માન્યા છે ? આત્મા શું છે એ માન્યું જ નથી.

આત્માને માન્યો એને કહેવાય કે જે રાગ દુઃખનું કારણ છે... અહીંયાં તો કર્તા-કર્મ બતાવવું છે ને ? તો એનાથી નિવૃત્ત કરવો છે. નિવૃત્ત. '**णियत्तिं कुणदि जीवो**' '**णियत्तिं कुणदि**' કેમ ? આત્મા આનંદસ્વરૂપ છે. અકર્તા સ્વરૂપ છે, ક્રમબદ્ધ પરિણમન કરવું એવું એનું સ્વરૂપ છે. આવા ગુણને ધરનાર દ્રવ્યનું લક્ષ કરવાથી, રુચિ કરવાથી એ રાગ જે આવ્યો તેના અકર્તા ગુણના પરિણામમાં ઉપરમસ્વરૂપે પરિણમન થયું. રાગના અભાવસ્વરૂપે પરિણમન થયું, ક્રમસર પરિણમન થયું, ગુણ અક્રમ રહ્યા અને રાગનો સ્વામી ન રહ્યો. આ રાગના અભાવસ્વરૂપ પરિણમન છે તેનો સ્વામી રહ્યો. આહા..હા..! ભારે વાત, ભાઈ !

પ્રભુ ! તારી તો લીલા છે. આ તો લોકો કહે, 'ઈશ્વરલીલા રે લીલા..' એવો કોઈ ઈશ્વર છે નહિ. સમજાય છે કાંઈ ? ઈશ્વર તું છે. અનંત શક્તિનો ધણિ. શક્તિ વિના આત્મા રહેતો નથી. સમજાય છે કાંઈ ?

શ્રોતા :– શક્તિની લીલાનું વર્ણન છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– એ લીલા છે તેનું વર્ણન છે. 'મોરબી' પાસે એક 'શનાળા' છે. ત્યાં અમે ગયા હતા. ત્યાં એક શક્તિનું મંદિર છે. એ કાઠી લોકો માને છે. શક્તિનું મંદિર (હતું). અમે સાંજે ભોજન કરીને ફરતા હતા ત્યારે એક બાવો કહે, પધારો.. પધારો ! મેં કીધું, આ શક્તિ નહિ. આ દેવી શક્તિ નહિ. આત્મામાં અનંત શક્તિ (છે) એ શક્તિ વિના ભગવાનને નહિ ચાલે. એ કહેતો હતો, શક્તિ વિના ઈશ્વર ન ચાલે. શક્તિ વિના ઈશ્વરને પણ ન ચાલે. કીધું, સાચી વાત છે. આ અનંત શક્તિ વિના દ્રવ્યને ન ચાલે એ ઈશ્વર છે. એ કહેતો હતો કે અમારી દેવી શક્તિ છે એના વિના ઈશ્વરને ન ચાલે. કીધું, આ તારી દેવી નહિ.

આ દૈવી શક્તિ, જે આ અકર્તૃત્વ છે, ઉત્પાદવ્યયધ્રુવ છે, સમજ્યા ? અકર્તા ગુણ છે એવી અનંત શક્તિ વિના દ્રવ્યને ન ચાલે, દ્રવ્ય નહિ રહે. આહા..હા..! એ ઈશ્વરને અનંત શક્તિની જરૂર પડી છે, અંદર છે. ઓ..હો..હો..હો..!

અહીં તો '**णियत्तिं कुणदि**' આવ્યું ને ? ભાઈ ! ક્રમ આવ્યું, અકર્તા ગુણ છે, આનંદ ગુણ છે. આ આનંદસ્વરૂપ આત્મા છે એમ જ્યાં દૃષ્ટિ થઈ તો રાગથી નિવૃત્તરૂપ પરિણમન થયું. સમ્યગ્દર્શનની વાત ચાલે છે, હોં ! સમજાય છે કાંઈ ? રાગ બાકી છે એ જ્ઞેયમાં રહી ગયો, જ્ઞેયમાં રહી ગયો. પોતાનું પરિણમન એનાથી ઉપરમસ્વરૂપ થયું. અકર્તાપણાનું પરિણમન થયું તો રાગના અભાવરૂપ પરિણમન થયું એનું નામ ભેદજ્ઞાન કહેવામાં આવે છે. એ ભેદજ્ઞાન અહીંયાં બતાવે છે. અરે..! ભગવાન ! સમજાય છે કાંઈ ?

શું કહ્યું ? જુઓ ! '**નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે...**' સાંભળો ! ભગવાન આત્મા(માં) અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે તે કારણે રાગનું આત્મા કારણ નહિ અને આત્માની નિર્મળ પર્યાય થઈ એ રાગથી થઈ એમ નહિ. સમજાય છે કાંઈ ? રાગની મંદતા છે, વ્યવહાર છે તો સમ્યગ્દર્શન થયું એમ વસ્તુમાં નથી. ભાઈ ! અહીં તો સિદ્ધ કરવું છે કે વસ્તુમાં એમ નથી. આજે થોડી ગડબડ આવી છે, એમાં આવી છે. એમાં લખ્યું છે કે કોઈ વખતે વ્યવહાર પહેલો હોય. નીચે આમ હોય છે. કોઈ 'સાગર'વાળા 'પન્નાલાલ' છે એણે લખ્યું છે, લેખ લખ્યો છે. ભાઈ ! ભગવાન ! આ માર્ગ સમજ્યા વિના લેખ લખ્યા કરે. પહેલા, પછી કોને કહેવું ?

અહીંયાં તો ભગવાન આત્મા વિકલ્પના અભાવસ્વભાવ સ્વરૂપ છે. હવે રાગ પહેલા, વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી એમ આવ્યું ક્યાં ? સમજાય છે કાંઈ ? અહીં તો (કહ્યું છે), '**णियत्तिं कुणदि**' રાગ છે એ દુઃખરૂપ છે, આત્મા આનંદરૂપ છે. એક (વાત). એમાં અકર્તા નામનો ગુણ છે તો રાગથી નિવૃત્તરૂપ પરિણમવું એનો ગુણ છે. અહીંયાં આત્માની દૃષ્ટિ થઈ તો રાગથી નિવૃત્તરૂપ પરિણમન થયું. ત્યારે રાગ છે એ જ્ઞેયમાં રહી ગયો, પોતાની પર્યાયમાં ન આવ્યો. એ વ્યવહાર જ્ઞેય થઈ ગયો. વ્યવહારનો સ્વામી નહિ, વ્યવહાર પોતાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયમાં નહિ. આહા..હા..! ગજબ વાત છે ને ! સમજાય છે કાંઈ ? આજે તો એક કલાક એમાં ગયો. એ તો વાત ચાલે ત્યારે ચાલે. ભાઈ ! ત્રિકાળ સત્ય છે, ત્રિકાળ સત્ય છે. એમાં કંઈ ફેરફાર કરે તો મિથ્યાદૃષ્ટિ થશે. દ્રવ્યને માનનારો નહિ રહે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

**'નિરાકુળતા-સ્વભાવને લીધે...'** ભગવાન **'કોઈનું કાર્ય...'** નથી અર્થાત્ એ રાગથી તો નિવૃત્તરૂપ કાર્ય છે તો રાગ એનું કાર્ય છે એમ નથી અને રાગથી અહીંયાં સમ્યગ્દર્શનની પર્યાય થઈ એમ નથી કેમ કે આત્મા રાગનું કારણ નથી. રાગ છે તો કારણ નહિ, કાર્ય નહિ. (કારણ-કાર્ય) આત્મામાં છે જ નહિ. આત્મામાં રાગનું કારણ નહિ અને રાગનું કાર્ય નહિ એવો અનાદિઅનંત અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે. એ અનાદિઅનંત ગુણ-દ્રવ્ય છે. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવાથી રાગનું કારણ નહિ અને રાગનું કાર્ય આત્મા નહિ. એવી પ્રતીત અનુભવમાં આવે છે ત્યારે તેણે આત્મા માન્યો કહેવામાં આવે છે. નહિતર એ આત્મા માનતો નથી. આહા..હા..!

એના જેવા ગુણ છે એવું દ્રવ્ય માને તો યથાર્થ માન્યું કહેવાય ને ! ગુણ આવા છે અને માને બીજું. એમાં ગુણ કાંઈક છે અને માને બીજું કાંઈક (એને) આત્મા જ નથી. આત્માના ગુણની શ્રદ્ધા નથી. 'રાજબહાદૂરજી' ! **'આ પ્રમાણે વિશેષ (–તફાવત) દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થા છે,...'** નિવૃત્તનો અર્થ વિકારરૂપ પરિણમન ન રહ્યું. સ્વભાવની દૃષ્ટિમાં વિકારરૂપ પરિણમન ન રહ્યું એનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને આનંદ કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** વિદ્યમાન નથી છતાં ભૂત-ભવિષ્યની પર્યાયો જ્ઞાનમાં સીધી જણાય છે, 'છે'- એમ સીધી જ્ઞાનમાં જણાય છે. પ્રભુ ! તારા ચૈતન્યસ્વભાવની પર્યાયનો સ્વભાવ તો જો ! વર્તમાનમાં જે પર્યાય થાય તેને જાણે છે એમ નહિ પણ ભવિષ્યની પર્યાયને વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે ! આહાહા ! આવા કેવળજ્ઞાનની પર્યાયનો નિર્ણય કરવા જાય તેનું લક્ષ દ્રવ્યસ્વભાવ તરફ જ જાય, ત્યારે જ તેનો નિર્ણય થાય.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

please inform us of any errors on rajesh@AtmaDharma.com